नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૫

# ભગવતી

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ–૧


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૫

**नमो नमो निम्मलदंसणस्स**

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૫) ભગવતી

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ-૧

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૫ 'ભગવતી ભાગ-૧'

## અંગસૂત્ર- ૫ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | ભાગ-૧- અનુક્રમણિકા | | ૬ | શતક ૬ | ૧૦૧ |
| ૧ | શતક ૧ | ૦૦૬ | ૭ | શતક ૭ | ૧૧૮ |
| ૨ | શતક ૨ | ૦૩૬ | ૮ | શતક ૮ | ૧૩૭ |
| ૩ | શતક ૩ | ૦૫૪ | ૯ | શતક ૯ | ૧૭૪ |
| ૪ | શતક ૪ | ૦૭૯ | ૧૦ | શતક ૧૦ | ૨૦૫ |
| ૫ | શતક ૫ | ૦૮૧ | ૧૧ | શતક ૧૧ | ૨૧૪ |
| | ભાગ-૨- અનુક્રમણિકા | | | | |
| ૧૨ | શતક ૧૨ | | ૨૭ | શતક ૨૭ | |
| ૧૩ | શતક ૧૩ | | ૨૮ | શતક ૨૮ | |
| ૧૪ | શતક ૧૪ | | ૨૯ | શતક ૨૯ | |
| ૧૫ | શતક ૧૫ | | ૩૦ | શતક ૩૦ | |
| ૧૬ | શતક ૧૬ | | ૩૧ | શતક ૩૧ | |
| ૧૭ | શતક ૧૭ | | ૩૨ | શતક ૩૨ | |
| ૧૮ | શતક ૧૮ | | ૩૩ | શતક ૩૩ | |
| ૧૯ | શતક ૧૯ | | ૩૪ | શતક ૩૪ | |
| ૨૦ | શતક ૨૦ | | ૩૫ | શતક ૩૫ | |
| ૨૧ | શતક ૨૧ | | ૩૬ | શતક ૩૬ | |
| ૨૨ | શતક ૨૨ | | ૩૭ | શતક ૩૭ | |
| ૨૩ | શતક ૨૩ | | ૩૮ | શતક ૩૮ | |
| ૨૪ | શતક ૨૪ | | ૩૯ | શતક ૩૯ | |
| ૨૫ | શતક ૨૫ | | ૪૦ | શતક ૪૦ | |
| ૨૬ | શતક ૨૬ | | ૪૧ | શતક ૪૧ | |
| | | | | | |
| | | | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૫] ભગવતી
## અંગસૂત્ર–૫– ગુજરાતી ભાવાનુવાદ ભાગ–૧

## શતક-૧
### ઉદ્દેશો-૧ 'ચલણ'

સૂત્ર–૧

અરહંતોને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ, સર્વે સાધુને નમસ્કાર થાઓ.

સૂત્ર–૨

બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ.

સૂત્ર–૩

રાજગૃહીમાં – ચલન, દુઃખ, કાંક્ષાપ્રદોષ, પ્રકૃતિ, પૃથ્વી, યાવત્ નૈરયિક, બાલ, ગુરુક અને ચલણા આ દશ ઉદ્દેશકો કહ્યા..

સૂત્ર–૪

શ્રુતને નમસ્કાર થાઓ.

સૂત્ર–૫

તે કાળે તે સમયે (આ અવસર્પિણી કાળમાં ચોથા આરામાં ભગવાન મહાવીરના સમયે) રાજગૃહ નામે નગર હતું. તેનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું. તે રાજગૃહની બહાર નગરના ઈશાન ખૂણામાં ગુણશીલ નામે ચૈત્ય હતું. ત્યાં શ્રેણિક રાજા હતા અને ચેલ્લણા રાણી હતા.

સૂત્ર–૬

તે કાળે, તે સમયે આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિ, લોકમાં ઉત્તમ, લોકનાં નાથ, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, ધર્મ ઉપદેશક, ધર્મસારથી, ધર્મવરચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શનના ધારક, છદ્મતા(ઘાતિકર્મના આવરણ) રહિત, જિન(રાગદ્વેષ વિજેતા) અન્યને રાગદ્વેષ જિતવામાં પ્રેરક, સ્વયં સંસાર સાગરને તરેલા, બીજાને પણ સંસારથી તારનારા, સ્વયં બોધ પામેલા, બીજાને બોધ પમાડનારા, પોતે કર્મબંધનથી મુક્ત,બીજાને કર્મબંધનથી મુકાવનારા, સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણકારી–અચલ–રોગરહિત–અનંત–અક્ષય–વ્યાબાધ રહિત–પુનરાગમનરહિત એવી સિદ્ધિ ગતિ નામક સ્થાનની પ્રાપ્તિની ઇચ્છાવાળા યાવત્ સમોસરણ (અહી ઉવવાઈ સૂત્ર અનુસાર સમોસરણ સુધીનું વર્ણન જાણવું), એવા શ્રમણ ભગવંત મહાવીર હતા.

સૂત્ર–૭

પર્ષદા દર્શન કરવા નીકળી, ભગવંતે ધર્મોપદેશ આપ્યો, ઉપદેશ સાંભળી પર્ષદા પાછી ગઈ.

સૂત્ર–૮

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે ઉભડક પગે રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ, તેમના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ અણગાર, ગૌતમગોત્રીય, સાત હાથ ઊંચા, સમચોરસ સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી, તેના શરીરનો વર્ણ સુવર્ણની રેખા સમાન અને પદ્મ પરાગ સમાન ગૌર હતો, તેઓ ઉગ્ર

તપસ્વી, દીપ્તતપસ્વી, તપ્તતપસ્વી, મહાતપસ્વી, ઉદાર, ઘોર–પરિષહ તથા ઈન્દ્રિય આદિ પર વિજય પ્રાપ્ત કરવામાં કઠોર, ઘોરગુણવાળા,, ઘોરતપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર સંસ્કાર ત્યાગી, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા, ચૌદપૂર્વી, ચાર જ્ઞાન સંપન્ન,, સર્વાક્ષર સંનિપાતી લબ્ધિના ધારક હતા.

સૂત્ર–૯

ત્યારપછી ગૌતમસ્વામી જાત શ્રદ્ધ(અર્થતત્વ જાણવાની ઈચ્છા), જાત સંશય(જાણવાની જિજ્ઞાસા), જાત કુતૂહલ, ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ, સંજાત શ્રદ્ધ, સંજાત સંશય, સંજાત કુતૂહલ, સમુત્પન્ન શ્રદ્ધ, સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ (જેમને શ્રદ્ધા–સંશય–કુતૂહલ જન્મ્યા છે–ઉત્પન્ન થયા છે–પ્રબળ બન્યા છે તેવા ગૌતમ) ઉત્થાન વડે ઊભા થાય છે, ઉત્થાન વડે ઊભા થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી વંદે છે, નમે છે, નમીને ન અતિ નજીક, ન અતિ દૂર એ રીતે સન્મુખ, વિનય વડે અંજલી જોડી, ભગવંતના વચનને શ્રવણ કરવાને, નમતા અને પર્યુપાસતા આમ બોલ્યા –

હે ભગવન્ ! શું –૧. ચાલતું તે ચાલ્યું? ૨. ઉદીરાતું તે ઉદીરાયું? ૩. વેદાતુ તે વેદાયુ? ૪. પડતું તે પડ્યું? ૫. છેદાતું તે છેદાયું? ૬. ભેદાતું તે ભેદાયું? ૭. બળતું તે બળ્યું? ૮. મરતું તે મર્યું? ૯. નિર્જરાતુ તે નિર્જરાયુ? એમ કહેવાય ?.

હા, ગૌતમ ! 'ચાલતું તે ચાલ્યું યાવત્ નિર્જરાતું તે નિર્જરાયું' એમ કહેવાય.

સૂત્ર–૧૦

આ નવ પદો, હે ભગવન્ ! શું એકાર્થક, વિવિધ ઘોષ અને વિવિધ વ્યંજનવાળા છે ? કે વિવિધ અર્થ, વિવિધ ઘોષ અને વિવિધ વ્યંજનવાળા છે ?

હે ગૌતમ ! ચાલતું ચાલ્યુ, ઉદીરાતુ ઉદીરાયુ, વેદાતુ વેદાયુ, પડતુ પડ્યુ આ ચારે પદો ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એકાર્થક, વિવિધ ઘોષ, વિવિધ વ્યંજનવાળા છે. આ ચારે પદો છદ્મસ્થ આવરક કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, તેથી ઉત્પત્તિ પદની અપેક્ષાએ આ ચારે પદને એકાર્થક કહ્યા છે.

છેદાતું–છેદાયુ આદિ પૂર્વોક્ત પાંચ પદ વિગતપક્ષની અપેક્ષાએ વિવિધ અર્થ–ઘોષ–વ્યંજનવાળા છે. કેમ કે છેદાતું–છેદાયુ પદ સ્થિતિના ઘાતની અપેક્ષાએ છે, ભેદાતું–ભેદાયું પદ રસના ઘાતની અપેક્ષાએ છે. (આ કર્મગ્રંથનો વિષય છે) આ રીતે પાંચે પદોનો વિષય અલગ હોવાથી તેને ભિન્ન અર્થવાળા કહ્યા છે.

સૂત્ર–૧૧

૧. ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાળની છે?

ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ.

૨. નૈરયિકો કેટલા કાળે શ્વાસ લે છે? મૂકે છે? ઉચ્છ્વાસ–નિઃશ્વાસ કરે છે?

ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના ઉચ્છ્વાસ પદ' મુજબ અહીં જાણવું.

૩. હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? પ્રજ્ઞાપના સૂત્રના આહાર ઉદ્દેશકમાં કહ્યા મુજબ જાણવું.

સૂત્ર–૧૨

૧૨. નૈરયિકોની સ્થિતિ, ઉચ્છ્વાસ, આહાર, વિષયક કથન કરવું જોઈએ.

શું તેઓ આહાર કરે ? સર્વ આત્મપ્રદેશોથી આહાર કરે ? તે કેટલામો ભાગ આહાર કરે ? અથવા સર્વ દ્રવ્યનો આહાર કરે ? તે આહાર દ્રવ્યોને કેવા રૂપે પરિણમાવે ?

સૂત્ર–૧૩

હે ભગવન્ ! નૈરયિકોને

૧. પહેલા આહાર કરેલા પુદ્ગલો પરિણામ પામ્યા છે ?

૨. આહારેલ તથા આહારાતા પુદ્‌ગલો પરિણામ પામ્યા છે ?

૩. અનાહારિત તથા જે આહારાશે તે પુદ્‌ગલો પરિણામ પામ્યા છે ?

૪. અનાહારિત તથા આહારાશે નહીં તે પુદ્‌ગલો પરિણામ પામ્યા છે ?

હે ગૌતમ ! નૈરયિકોને

૧. પહેલા આહાર કરેલા પુદ્‌ગલો પરિણામને પામ્યા છે.

૨. આહારેલા પુદ્‌ગલો પરિણામ પામ્યા તથા આહારાતા પુદ્‌ગલો પરિણામ પામે છે.

૩. નહીં આહારેલા પુદ્‌ગલો પરિણામને પામ્યા નથી તથા જે પુદ્‌ગલો આહારાશે તે પરિણામને પામશે.

૪. નહીં આહારેલા પુદ્‌ગલો પામ્યા નથી તથા નહીં આહારાશે તે પુદ્‌ગલો પરિણામ પામશે નહીં.

સૂત્ર–૧૪

હે ભગવન્ ! નૈરયિકોને પૂર્વે આહારિત પુદ્‌ગલો ચય પામ્યા છે ? વગેરે પ્રશ્નો કરવા

હે ગૌતમ ! જે રીતે પરિણામ પામ્યામાં કહ્યું, તે રીતે ચયને પામ્યામાં ચારે વિકલ્પો કહેવા. એ રીતે ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરાના ચાર ચાર વિકલ્પો જાણવા.

સૂત્ર–૧૫

ગાથા – પરિણત, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત અને નિર્જિર્ણ એ એક એક પદમાં ચાર પ્રકારના પુદ્‌ગલો અર્થાત પ્રશ્ન–ઉત્તરો જાણવા.

સૂત્ર–૧૬

ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્‌ગલો ભેદે છે ?

ગૌતમ ! કર્મદ્રવ્ય વર્ગણાને આશ્રીને બે પ્રકારે પુદ્‌ગલો ભેદે છે – સૂક્ષ્મ, બાદર.

ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્‌ગલોનો ચય કરે છે ? ગૌતમ ! આહાર દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના પુદ્‌ગલો નો ચય કરે છે, તે આ – સૂક્ષ્મ અને બાદર. એ પ્રમાણે ઉપચયમાં જાણવું.

કેટલા પુદ્‌ગલો ઉદીરે છે ? કર્મ દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના – સૂક્ષ્મ અને બાદર.

બાકી પદો પણ આ રીતે કહેવા – વેદે છે, નિર્જરે છે, અપવર્તન પામ્યા, અપવર્તન પામે છે, અપવર્તન પામશે, સંક્રમાવ્યા, સંક્રમાવે છે, સંક્રમાવશે, નિધત્ત થયા, નિધત્ત થાય છે, નિધત્ત થશે, નિકાચિત થયા, નિકાચિત થાય છે, નિકાચિત થશે.

આ સર્વે પદમાં કર્મદ્રવ્ય વર્ગણાનો અધિકાર કરીને આ ગાથા મૂકેલ છે –

સૂત્ર–૧૭

ભેદાયા, ચય પામ્યા, ઉપચય પામ્યા, ઉદીરાયા, વેદાયા, નિર્જરાયા, અપવર્તન–સંક્રમણ–નિધત્તન–નિકાચન ત્રણે કાળમાં કહેવું.

સૂત્ર–૧૮

હે ભગવન્ ! જે પુદ્‌ગલોને તૈજસ–કાર્મણપણે ગ્રહણ કરે છે તેને અતીતકાલે કે વર્તમાનકાળે કે ભાવિકાલે ગ્રહણ કરે છે ? ગૌતમ ! અતીત કે ભાવિ કાળે ગ્રહણ કરતા નથી, વર્તમાનકાળે ગ્રહણ કરે છે.

નૈરયિકો તૈજસ–કાર્મણપણાથી ગૃહીત પુદ્‌ગલો ઉદીરે તે શું અતીતકાળના કે વર્તમાનના કે આગામી કાળના પુદ્‌ગલોની ઉદીરણા કરે?

ગૌતમ ! અતીતકાળમાં ગૃહીત પુદ્‌ગલોને ઉદીરે, વર્તમાન અને ભાવિ કાળના નહીં. એ રીતે વેદે છે, નિર્જરે છે.

સૂત્ર–૧૯

૧૯. ભગવન્ ! ૧. નૈરયિકો જીવપ્રદેશથી ચલિત કર્મ બાંધે કે અચલિત કર્મને બાંધે ? ગૌતમ ! અચલિત કર્મ

બાંધે, ચલિત કર્મ નહીં. (જે આકાશ પ્રદેશમાં જીવ પ્રદેશ સ્થિત છે, એ જ આકાશ પ્રદેશમાં કર્મ દલિકો સ્થિત ન હોય તેવા કર્મોને ચલિત અને તેથી વિપરીત કર્મને અચલિત કહે છે.)

૨. ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને ઉદીરે કે અચલિત કર્મને ઉદીરે ?

ગૌતમ ! અચલિત કર્મ ઉદીરે, ચલિત કર્મનહીં.

એ પ્રમાણે – ૩. વેદન કરે, ૪. અપવર્તન કરે, ૫. સંક્રમણ કરે, ૬. નિધત્ત કરે છે, ૭. નિકાચિત કરે છે. એ સર્વ પદોમાં અચલિત કર્મ યોજવું. ચલિત નહીં.

૮. ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને નિર્જરે કે અચલિત કર્મને ? ગૌતમ ! ચલિત કર્મ નિર્જરે, અચલિત કર્મ નિર્જરે નહીં.

**સૂત્ર–૨૦**

ઉપરોક્ત વિષયોને રજૂ કરતી ગાથા આ પ્રમાણે– બંધ, ઉદય, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્ત, નિકાચનને વિશે અચલિત કર્મ હોય, નિર્જરામાં ચલિત કર્મ હોય.

**સૂત્ર–૨૧**

એ રીતે સ્થિતિ અને આહાર કહેવા. સ્થિતિ, સ્થિતિ પદ મુજબ કહેવી. સર્વે જીવોનો આહાર, પન્નવણાના આહારોદ્દેશક મુજબ કહેવો.

ભગવન્ ! નૈરયિક આહારાર્થી છે ? યાવત્ વારંવાર દુઃખપણે પરિણમે છે ? ગૌતમ ! ત્યાં સુધી આ સૂત્ર કહેવા.

ભગવન્ ! અસુરકુમારોની સ્થિતિ કેટલો કાળ છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ કાળ.

ભગવન્ ! અસુરકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકરૂપ અને ઉત્કૃષ્ટથી સાધિક એક પક્ષે શ્વાસ લે છે – મૂકે છે.

ભગવન્ ! અસુરકુમારો આહારાર્થી છે ? હા, આહારાર્થી છે.

અસુરકુમારને કેટલા કાળે આહારેચ્છા થાય છે ? ગૌતમ ! અસુરકુમારને આહાર બે ભેદે છે – આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા અવિરહિતપણે નિરંતર થાય છે. આભોગ નિર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચતુર્થભક્તે અને ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ વર્ષ પછી થાય છે.

ભગવન્ ! અસુરકુમાર શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી અનંતપ્રદેશિક દ્રવ્યોનો, ક્ષેત્ર–કાળ–ભાવ સંબંધે પ્રજ્ઞાપના સૂત્રના પાઠ વડે પૂર્વવત્ જાણવું. બાકી બધું નૈરયિકો માફક જાણવું. યાવત્ –

ભગવન્ ! અસુરકુમારોએ આહારેલ પુદ્‌ગલ કેવા રૂપે વારંવાર પરિણમે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિયથી સ્પર્શન ઈન્દ્રિય સુધીની પાંચ ઇન્દ્રિય રૂપે; સુરુપપણે, સુવર્ણપણે,ઈષ્ટપણે, ઈચ્છિતપણે, મનોહરપણે તથા ઉર્ધ્વપણે– અધોપણે નહીં, સુખપણે–દુઃખપણે નહીં, એ રીતે પરિણમે છે.

ભગવન્ ! અસુરકુમારને પૂર્વે આહારિત પુદ્‌ગલો પરિણમે છે ? અસુરકુમારનો સર્વ આલાપક નૈરયિકોની જેમ કહેવું યાવત્ અચલિત કર્મ ન નિર્જરે.

ભગવન્ ! નાગકુમારોને કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન બે પલ્યોપમ.

ભગવન્ ! નાગકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકે, ઉત્કૃષ્ટ થકી મુહૂર્ત પૃથક્ત્વે.

ભગવન્ ! નાગકુમારો આહારાર્થી છે ? ગૌતમ ! હા, આહારાર્થી છે.

ભગવન્ ! નાગકુમારોને કેટલા કાળે આહારેચ્છા થાય ? ગૌતમ ! તેઓને બે પ્રકારનો આહાર કહ્યો છે.

આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા નિરંતર થાય છે. આભોગ નિર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચોથભક્તે, ઉત્કૃષ્ટથી દિવસ પૃથક્ત્વે થાય છે.

શેષ સર્વે અસુરકુમાર મુજબ યાવત્ અચલિતકર્મને નિર્જરતા નથી. એ રીતે સુવર્ણકુમારોને યાવત્ સ્તનિતકુમારોને પણ જાણવા.

હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલો કાળ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષની છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો કેટલે કાળે શ્વાસ લે છે અને છોડે છે ? ગૌતમ ! તેઓ વિવિધ કાળે શ્વાસ લે છે અર્થાત તેમનો શ્વાસોચ્છ્વાસ કાળ નિશ્ચિત નથી.

ભગવન્ ! પૃથ્વીકાયિકો આહારાર્થી છે? હા, ગૌતમ ! તેઓ આહારાર્થી છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલે કાળે આહારેચ્છા થાય છે ? ગૌતમ ! તેઓને નિરંતર આહારેચ્છા રહે છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી નૈરયિકની માફક યાવત્ વ્યાઘાત ન હોય તો છ એ દિશામાંથી આહાર કરે છે. વ્યાઘાત હોય તો ત્રણ-ચાર કે પાંચ દિશામાંથી કરે. વર્ણથી કાળા-નીલા-પીળા-લાલ-અને શુક્લ દ્રવ્યનો આહાર કરે છે. ગંધથી સુગંધી-દુર્ગંધી, રસથી બધા રસ, સ્પર્શથી આઠે સ્પર્શવાળાનો આહાર કરે છે. બાકી બધું પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! તેઓ કેટલો ભાગ આહારે છે ? કેટલો ભાગ આસ્વાદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભાગ આહારે, અનંત ભાગ ચાખે અર્થાત સ્પર્શપણે અનુભવે છે. (યાવત્)

ભગવન્ ! તેણે આહાર કરેલા પુદ્‌ગલો કેવા રૂપે વારંવાર પરિણમે છે ? ગૌતમ ! સ્પર્શેન્દ્રિયરૂપે વિવિધ પ્રકારે પરિણમે, બાકી નૈરયિક માફક જાણવું. યાવત્ અચલિત કર્મને નિર્જરતા નથી. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક જાણવું. વિશેષ એ કે જેની જેવી સ્થિતિ હોય તે કહેવી. અને સર્વેનો ઉચ્છ્વાસ વિમાત્રાએ જાણવો.

બેઇન્દ્રિયોની સ્થિતિ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર કહેવી, તેમનો ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો.

બેઇન્દ્રિયોના આહાર વિષયક પ્રશ્ન - ગૌતમ ! અનાભોગ નિર્વર્તિત આહાર પૂર્વવત્ જાણવો. આભોગ નિર્વર્તિત આહારની ઇચ્છા વિમાત્રાએ અસંખ્યેય સામયિક અંતર્મુહૂર્તે થાય છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ અનંત ભાગને આસ્વાદે છે.

હે ભગવન્ ! બેઇન્દ્રિય આહારપણે જે પુદ્‌ગલો ગ્રહણ કરે તે શું સર્વેને આહારે કે સર્વને ન આહારે ?

હે ગૌતમ ! બેઇન્દ્રિયોનો આહાર બે રીતે - લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્‌ગલોને લોમાહારપણે ગ્રહણ કરે છે, તે બધા સંપૂર્ણપણે ખાય છે. જે પ્રક્ષેપાહારપણે પુદ્‌ગલો લેવાય છે તેમાંનો અસંખ્યાત ભાગ ખાવામાં આવે છે, બીજા અનેક હજાર ભાગો ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.

હે ભગવન્ ! તે ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્‌ગલોમાં કયા કયા પુદ્‌ગલો અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? ગૌતમ ! ન ચખાયેલા પુદ્‌ગલો સૌથી થોડા છે અને ન સ્પર્શાયેલા અનંતગુણ છે.

ભગવન્ ! બેઇન્દ્રિયો જે પુદ્‌ગલોને આહાર પણે લે છે, તે પુદ્‌ગલો કેવા રૂપે વારંવાર પરિણમે છે ? ગૌતમ ! તે પુદ્‌ગલો વિવિધ પ્રકારે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વારંવાર પરિણમે છે.

હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોને પૂર્વે આહારેલા પુદ્‌ગલો પરિણમ્યા છે ? હે ગૌતમ ! એ બધું પૂર્વવત્ કહેવું યાવત્ ચલિતકર્મને નિર્જરે છે.

ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળાની સ્થિતિમાં ભેદ છે શેષ સંપૂર્ણ વર્ણન પૂર્વવત જાણવું યાવત્ અનેક હજાર ભાગો સૂંઘાયા, ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.

ભગવન્ ! એ ન સૂંઘાયેલા, ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્‌ગલોમાં કયા કોનાથી થોડા, બહુ, તુલ્ય કે

વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ન સૂંઘાયેલા પુદ્‌ગલો છે, તેથી અનંતગુણ ન આસ્વાદેલા, તેથી અનંતગુણ ન સ્પર્શાયેલા પુદ્‌ગલો છે.

ત્રણ ઈન્દ્રિયવાળા જીવોએ ગ્રહણ કરેલ આહાર ઘ્રાણ–જીભ–સ્પર્શ ઈન્દ્રિયપણે વારંવાર પરિણત થાય છે. ચઉરિન્દ્રિયોએ ખાધેલો આહાર ઘ્રાણ–જીભ–સ્પર્શ–ચક્ષુ ઈન્દ્રિયપણે વારંવાર પરિણમે છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિનું કથન કરીને તેનો ઉચ્છ્‌વાસ વિમાત્રાએ(અનિયતકાલે)કહેવો. અનાભોગ નિર્વર્તિત આહાર તેમને પ્રતિસમય અવિરહિત હોય છે. આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી છઠ્ઠ ભક્તે હોય છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ ચલિત કર્મને નિર્જરે છે.

મનુષ્યોના સંબંધોમાં પણ એમ જ જાણવું. વિશેષ એ કે – તેઓને આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ ભક્તે અર્થાત ત્રણ દિવસે હોય છે. તે આહાર શ્રોત્રેન્દ્રિયાદિપણે વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ નિર્જરે છે.

વાણવ્યંતરોની સ્થિતિમાં ભિન્નતા છે. બાકી બધું નાગકુમારોની જેમ જાણવું.

એ રીતે જ્યોતિષ્કોને જાણવા. વિશેષ એ કે – ઉચ્છ્‌વાસ જઘન્યથી મુહૂર્ત પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પણ મુહૂર્ત પૃથક્ત્વ છે. આહાર જઘન્યથી દિવસ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પણ દિવસ પૃથક્ત્વ. બાકી પૂર્વવત્.

વૈમાનિકોની સ્થિતિ ઔઘિક કહેવી. ઉચ્છ્‌વાસ જઘન્યે મુહૂર્ત પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી ૩૩–પક્ષે. આહાર આભોગ નિર્વર્તિત જઘન્યથી દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે. બાકી બધું પૂર્વવત્ યાવત્ નિર્જરાવે છે.

### સૂત્ર–૨૨

હે ભગવન્ ! જીવો શું આત્મારંભી છે, પરારંભી છે કે તદુભયારંભી છે કે અનારંભી છે ? ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભી છે, પરારંભી છે કે તદુભયારંભી છે, પણ અનારંભી નથી. કેટલાક જીવો આત્મારંભી છે, પરારંભી છે કે તદુભયારંભી નથી, પણ અનારંભી છે.

હે ભગવન્ ! એમ કેમ કહો છો કે કેટલાક જીવો આત્મારંભી છે ઇત્યાદિ –

ગૌતમ ! જીવો બે ભેદે કહ્યા – સંસારી અને સિદ્ધ. તેમાં આ અસંસાર સમાપન્નક–સિદ્ધ છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે અને જે સંસારી છે તે બે ભેદે છે – સંયત, અસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે – પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત. તેમાં જે અપ્રમત્ત સંયત છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે. જે પ્રમત્ત સંયત છે, તે શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી યાવત્ અનારંભી છે, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. જેઓ અસંયત છે, તે અવિરતિ અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. તેથી આ કહ્યું.

ભગવન્ ! નૈરયિકો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી કે અનારંભી છે ? ગૌતમ ! નૈરયિકો આત્મારંભી છે યાવત્ અનારંભી નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિ અપેક્ષાએ કહ્યું.

એ રીતે અસુરકુમાર પર્યન્ત – યાવત્ – પંચેન્દ્રિય તિર્યંચયોનિક પર્યન્ત, મનુષ્યોને સામાન્ય જીવો માફક જાણવા, માત્ર સિદ્ધોનું કથન છોડી દેવું. વાણવ્યંતરથી વૈમાનિક પર્યન્ત નૈરયિકની જેમ જાણવા.

લેશ્યાવાળાને ઔઘિક(સામાન્ય જીવો)માફક જાણવા. કૃષ્ણ–નીલ–કાપોત લેશ્યાવાળાને ઔઘિકવત જાણવા, વિશેષ એ કે– પ્રમત્ત, અપ્રમત્તનું અહીં કથન ન કરવુ. તેઉ–પદ્મ–શુક્લ લેશ્યાવાળાને સામાન્ય જીવોની જેવા જાણવા. વિશેષ એ કે – તેમાં સિદ્ધોનું કથન ન કરવું.

### સૂત્ર–૨૩

ભગવન્ ! જ્ઞાન ઈહભવિક છે, પરભવિક છે, કે તદુભયભવિક છે ? ગૌતમ ! ઈહભવિક પણ છે, પરભવિક પણ છે, તદુભયભવિક પણ છે. દર્શન પણ એમ જ જાણવું.

ભગવન્ ! ચારિત્ર ઈહભવિક છે, પરભવિક છે કે તદુભયભવિક ? હે ગૌતમ ! તે ઈહભવિક છે. પરભવિક કે

તદુભયભવિક નહીં. એ રીતે તપ, સંયમ જાણવા.

સૂત્ર–૨૪

ભગવન્ ! શું અસંવૃત્ત(અર્થાત હિંસા આદિ આશ્રવદ્ધારોને પૂર્ણ રીતે રોકેલ નથી તે) અણગાર સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિર્વાણપ્રાપ્ત અને સર્વ દુઃખનો અંતકર થાય છે ?

ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! કયા કારણથી આમ કહ્યું ? ગૌતમ ! અસંવૃત્ત અનગાર આયુને છોડીને શિથિલબંધનવાળી સાત કર્મ–પ્રકૃતિઓને ઘન બંધનવાળી કરે છે. હ્રસ્વકાલની સ્થિતિને દીર્ઘકાલસ્થિતિક કરે છે, મંદાનુભાવવાળીને તીવ્ર અનુભાવવાળી કરે છે. અલ્પપ્રદેશીક કર્મને બહુપ્રદેશીક કરે છે. આયુઃકર્મને કદાચિત્ બાંધે છે અને કદાચિત્ બાંધતો નથી. અશાતા વેદનીય કર્મને વારંવાર એકઠું કરે છે તથા અનાદિ, અનંત, દીર્ઘ–માર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારમાં પર્યટન કરે છે.

ગૌતમ ! તે કારણથી અસંવૃત્ત–અણગાર સિદ્ધ થતો નથી યાવત્ – સર્વ દુઃખોનો અંત કરતો નથી.

ભગવન્ ! સંવૃત્ત અણગાર સિદ્ધ થાય યાવત્ સર્વ દુખોનો અંત કરે ? હા, સિદ્ધ થઈને યાવત્ અંત કરે છે.

એવું કેમ કહ્યું? ગૌતમ ! સંવૃત્ત અણગાર આયુ વર્જીને ઘન બંધનવાળી સાત કર્મપ્રકૃતિને શિથિલ બંધનવાળી કરે છે. દીર્ઘકાલ સ્થિતિકને હ્રસ્વકાલ સ્થિતિક કરે છે, તીવ્રાનુભાવને મંદ અનુભાવવાળી કરે છે. બહુ પ્રદેશીકને અલ્પ પ્રદેશીક કરે છે. આયુ કર્મને બાંધતો નથી. અશાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય ન કરે, અનાદિ અનંત દીર્ઘ માર્ગવાળા ચાતુરંત સંસારકાંતારને ઉલ્લંઘતો નથી. હે ગૌતમ ! તે કારણથી સંવૃત્ત અણગાર સિદ્ધ થાય છે. આદિ કહેવું.

સૂત્ર–૨૫

હે ભગવન્ ! અસંયત, અવિરત, જેણે પાપકર્મનું હનન અને પચ્ચક્ખાણ કર્યા નથી એવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે ? ગૌતમ ! કેટલાક દેવ થાય છે અને કેટલાક દેવ થતા નથી.

ભગવન્ ! એવું કેમ કહ્યું કે – કેટલાક દેવ થાય અને કેટલાક દેવ ન થાય?

ગૌતમ ! જે આ જીવો ગામ, આકર(ખાણ), નગર, નિગમ(વ્યાપાર કેન્દ્ર), રાજધાની, ખેડ(જેની ચારે બાજુ ધૂળથી બનાવેલ કિલ્લો હોય), કર્બટ(કુનાગર), મડંબ(ચારે તરફ અઢી કોસ પર્યંત વસતિ રહિત સ્થાન) , દ્રોણમુખ (જલમાર્ગ અને સ્થળમાર્ગ યુક્ત સ્થાન), પટ્ટણ(પાટણ), આશ્રમ, સંનિવેશમાં અકામ તૃષ્ણા વડે, અકામ ક્ષુધા વડે, અકામ બ્રહ્મચર્યવાસથી, અકામ શીત–આતપ–ડાંસ–મચ્છર–અસ્નાન–કાદવ –જલ્લ–મલ્લ–પંક–પરિદાહ વડે, થોડો કે વધુ કાળ આત્માને ક્લેશિત કરે, ક્લેશિત કરીને મૃત્યુ કાળે મૃત્યુ પામી કોઈ વાણવ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! વાણવ્યંતર દેવોના દેવલોકો કેવા પ્રકારે કહ્યા છે ?

ગૌતમ ! જેમ અહીં મનુષ્યલોકમાં સદા કુસુમિત, મયૂરિત(પુષ્પ વિશેષથી યુક્ત), લવકિત(કૂંપળો યુક્ત), સ્તવકિત(પુષ્પગુચ્છયુક્ત), ગુલયિત(લતાસમૂહ યુક્ત), ગુચ્છિત(પત્રગુચ્છ યુક્ત), યમલીય(સમાન શ્રેણીના વૃક્ષ યુક્ત), યુવલિય(યુગલવૃક્ષ યુક્ત), વિનમિત(ફૂલના ભારથી નમેલ), પ્રણમિત(ફૂલના ભારથી નમવાની તૈયારીમાં), સુવિભક્ત, વિભિન્ન મંજરીઓરૂપ મુગટને ધારણ કરતા...

અશોકવન, સપ્તવર્ણવન, ચંપકવન, ચૂતવન, તિલકવન, અલાબુવન, ન્યગ્રોધવન, છત્રૌઘવન, અશનવન, શણવન, અતસિવન, કુસુંભવન, સિદ્ધાર્થવન, બંધુજીવક વન, અતિ–અતિ શોભા વડે શોભતુ હોય છે.

એ પ્રમાણે તે વાણવ્યંતર દેવોના દેવલોક જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિક અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ સ્થિતિક, ઘણા વ્યંતર દેવો અને દેવીથી વ્યાપ્ત, વિશેષ વ્યાપ્ત, પરસ્પર આચ્છાદિત,, સંસ્તૃત, સ્પૃષ્ટ, અતિ અવગાઢ થયેલા, અત્યંત ઉપશોભિત થઈ રહેલા છે.

ગૌતમ ! તે વ્યંતર દેવોના સ્થાન આવા પ્રકારે કહ્યા છે. તે કારણથી કહ્યું કે યાવત્ દેવ થાય છે.

હે ભગવન્ ! એમ જ છે, એમ જ છે. એમ કહી શ્રમણ ભગવન્ મહાવીરને વંદે છે, નમે છે, વાંદીને–નમીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

## શતક-૧, ઉદ્દેશા-૧નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

# શતક-૧, ઉદ્દેશો-૨ 'દુઃખ'

### સૂત્ર–૨૬

રાજગૃહ નગરમાં સમોસરણ થયું, દર્શન વંદનાદિ માટેપર્ષદા નીકળી યાવત્ આ રીતે બોલ્યા –

એક જીવ સ્વયંકૃત દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલુંક વેદે છે, કેટલુંક નથી વેદતા.

ભગવન્ ! આ પ્રમાણે કેમ કહો છો ? કેટલુંક વેદે છે, કેટલુંક નથી વેદતા.

ગૌતમ ! ઉદીર્ણ–(ઉદયમાં આવેલા)ને વેદે છે, અનુદીર્ણ–(ઉદયમાં ન આવેલા)ને વેદતા નથી. માટે એ પ્રમાણે કહ્યું – કેટલાક વેદે છે અને કેટલાક વેદતા નથી. એ પ્રમાણે ૨૪–દંડકમાં વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! અનેક જીવો સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલાક વેદે છે, કેટલાક વેદતા નથી.

ભગવન્ ! એમ કેમ ખો છો ? ગૌતમ ! ઉદીર્ણ ને વેદે છે, અનુદીર્ણને વેદતા નથી. માટે તેમ કહ્યું. આ પ્રમાણે વૈમાનિક સુધી ચોવીસે દંડકમાં કહેવું.

ભગવન્ ! જીવ સ્વયંકૃત્ આયુને વેદે છે ? ગૌતમ ! કેટલાક વેદે છે, કેટલાક વેદતા નથી. જેમ દુઃખમાં બે દંડક કહ્યા તેમ આયુના પણ બે દંડક એકવચન અને બહુવચનથી વૈમાનિક સુધી કહેવા.

### સૂત્ર–૨૭, ૨૮

૨૭. ભગવન્ ! નૈરયિકો બધા, સમાન આહારી, સમાન શરીરી, સમાન ઉચ્છ્વાસ–નિઃશ્વાસવાળા છે ?

ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! એવું શા હેતુથી કહો છો?

ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે છે. મહાશરીરી, અલ્પશરીરી. તેમાં મહાશરીરી ઘણા પુદ્ગલોને આહારે છે, ઘણા પુદ્ગલોને પરિણમાવે છે, ઘણા પુદ્ગલોને ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે, વારંવાર આહારે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે.

જે અલ્પશરીરી છે તે થોડા પુદ્ગલો આહારે છે, થોડા પરિણમાવે છે, થોડા પુદ્ગલોનો ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. કદાચિત્ આહારે છે – પરિણમાવે છે – ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે.

માટે હે ગૌતમ ! એમ કહ્યું કે બધા નૈરયિકો સમાહાર, સમશરીરાદિ નથી.

ભગવન્ ! બધા નૈરયિકો સમાન કર્મવાળા છે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! નૈરયિકો બે ભેદે – પૂર્વોપપન્નક–(પહેલા ઉત્પન્ન થયેલા), પશ્ચાદુપપન્નક–(પછી ઉત્પન્ન થયેલા). પૂર્વોપપન્નક અલ્પ કર્મવાળા છે, પશ્ચાદુપપન્નક મહા કર્મવાળા છે, તેથી એમ કહ્યું.

નૈરયિકો બધા સમવર્ણી છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! એવું કેમ કહ્યું?

ગૌતમ ! જે પૂર્વોપપન્નક છે તે વિશુદ્ધ વર્ણવાળા છે, જે પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધવર્ણવાળા છે.

ભગવન્ ! નૈરયિકો બધા સમલેશ્યી છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્ ! એવું કેમ કહો છો?

ગૌતમ ! તેમાં જે પૂર્વોપપન્નક છે, તે વિશુદ્ધ લેશ્યાવાળા છે, પશ્ચાદુપપન્નક અવિશુદ્ધ લેશ્યાવાળા છે.

ભગવન્ ! નૈરયિકો સર્વે સમવેદનાવાળા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્ !એવું કેમ કહો છો?

ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે – સંજ્ઞિભૂત, અસંજ્ઞિભૂત. તેમાં સંજ્ઞિભૂત મહાવેદનાવાળા છે, અસંજ્ઞિભૂત અલ્પ

વેદનાવાળા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે.

ભગવન્ ! બધા નૈરયિકો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! એ કથન યોગ્ય નથી. ભગવન્ !એમ કેમ કહો છો?

ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારે છે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેમને ચાર ક્રિયાઓ હોય છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન ક્રિયા. જે મિથ્યાદૃષ્ટિ છે, તેઓને પાંચ ક્રિયાઓ હોય છે – ઉક્ત ચાર અને મિથ્યાદૃષ્ટિ પ્રત્યયા. એ રીતે મિશ્રદૃષ્ટિને પણ જાણવા. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે.

ભગવન્ ! બધા નૈરયિકો સમાન આયુવાળા અને સમાન કાળે ઉત્પન્ન થયેલા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્ ! એમ કેમ કહો છો ?

ગૌતમ ! નૈરયિકો ચાર ભેદે – કેટલાક સમઆયુ–સમકાલોત્પન્ન, કેટલાક સમઆયુ–વિષમકાલોત્પન્ન, કેટલાક વિષમઆયુ–સમકાલઉત્પન્ન અને કેટલાક વિષમઆયુ–વિષમકાલોત્પન્ન. તેથી એમ કહ્યું.

ભગવન્ ! અસુરકુમારો સર્વે સમ આહારી, સમ શરીરી છે ? નૈરયિકો માફક બધુ જાણવું. વિશેષ એ કે – અસુર કુમારોના કર્મ, વર્ણ, લેશ્યામાં નૈરયિકોથી વિપરીત વર્ણન કરવું જોઈએ. તેમાં જે પૂર્વે ઉત્પન્ન છે, તે મહા કર્મવાળા, અવિશુદ્ધ વર્ણવાળા અને અશુદ્ધ લેશ્યાવાળા હોય છે. શેષ પૂર્વવત. એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત કહેવું.

પૃથ્વીકાયિક જીવોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા નૈરયિકવત્ છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો બધા સમવેદનાવાળા છે ? હા, સમવેદનાવાળા છે. એમ કેમ કહ્યું?

ગૌતમ ! પૃથ્વીકાયિકો સર્વે અસંજ્ઞી છે, અસંજ્ઞીભૂત વેદનાને અનિર્ધારિતરૂપે વેદે છે. તેથી એમ કહ્યું.

ભગવન્ ! સર્વે પૃથ્વીકાયિકો સમાન ક્રિયાવાળા છે ? હા, છે. એવું કેમ કહ્યું ?

ગૌતમ ! સર્વે પૃથ્વીકાયિકો માયી મિથ્યાદૃષ્ટિ છે, તેઓને નિયમ થી પાંચ ક્રિયાઓ છે – આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા. હે ગૌતમ! તેથી એ પ્રમાણે કહ્યું છે.

નૈરયિકોની જેમ પૃથ્વીકાયિક જીવોમાં પણ સમઆયુ સમોપપન્નક આદિ ચાર ભંગ કહેવા.

જેમ પૃથ્વીકાયિકો છે, તેમ અપ્કાય આદિ એકેન્દ્રિય, બે–ત્રણ–ચાર ઈન્દ્રિયો છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પણ નૈરયિક માફક જાણવા. માત્ર ક્રિયામાં ભેદ છે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બધા સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી.

હે ભગવન્! એમ કેમ કહો છો ? ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે છે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે બે ભેદે છે – અસંયત, સંયતાસંયત. તેમાં સંયતાસંયતો ત્રણ ક્રિયાઓ કરે છે – આરંભિકા, પરિગ્રહિકા, માયાપ્રત્યયા. અસંયતોને ચાર, મિથ્યાદૃષ્ટિને પાંચ અને મિશ્રદૃષ્ટિને પાંચ ક્રિયાઓ હોય છે.

મનુષ્યોને નૈરયિકવત્ જાણવા. વિશેષ એ કે – જે મોટા શરીરવાળા છે, તે ઘણા પુદ્ગલોને આહારે છે, અને કદાચિત્ આહારે છે. જેઓ નાના શરીરવાળા છે, તેઓ થોડા પુદ્ગલોને આહારે છે અને વારંવાર આહારે છે. બાકી નૈરયિકો માફક 'વેદના' સુધી જાણવું.

હે ભગવન્ ! બધા મનુષ્યો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્ ! શા માટે ?

ગૌતમ ! મનુષ્યો ત્રણ પ્રકારે છે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ ભેદે છે – સંયત, અસંયત, સંયતાસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે છે – સરાગ સંયત, વીતરાગ સંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ અક્રિય છે. જે સરાગ સંયત છે, તેઓ બે ભેદે છે – પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત.

જેઓ અપ્રમત્ત સંયત છે, તેઓ એક માયાપ્રત્યયા ક્રિયા કરે છે. જેઓ પ્રમત્ત સંયત છે તેઓ બે ક્રિયાઓ કરે છે – આરંભિકા અને માયાપ્રત્યયા. જે સંયતાસંયત છે તેમને ત્રણ ક્રિયાઓ છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા. અસંયતો ચાર ક્રિયાઓ કરે છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા અને અપ્રત્યાખ્યાન ક્રિયા.

મિથ્યાદષ્ટિને પાંચે ક્રિયાઓ છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન, મિથ્યાદર્શન પ્રત્યયા. મિશ્રદષ્ટિઓને પણ પાંચે ક્રિયાઓ છે.

વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને અસુરકુમારની જેમ જાણવા. વિશેષ એ કે વેદનામાં ભેદ છે. જ્યોતિષ્ક, વૈમાનિકમાં માયિ મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન થાય તે અલ્પવેદના છે અને અમાયિ સમ્યગ્દષ્ટિરૂપે ઉત્પન્ન થયેલાને મહાવેદનાવાળા જાણવા.

ભગવન્ ! સલેશ્યક નૈરયિકો બધા સમાન આહારવાળા છે ?

ગૌતમ ! સામાન્ય જીવો, સલેશ્ય અને શુક્લ લેશ્યાવાળા જીવો, આ ત્રણેનો એક સમાન આલાવો કહેવો. કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાવાળાનું વર્ણન સામાન્ય જીવ સમાન કહેવું. વિશેષ આ – વેદનાથી માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થયેલાનો ભેદ જાણવો. મનુષ્યોને ક્રિયામાં સરાગ–વીતરાગ–પ્રમત્ત–અપ્રમત્ત સંયત આદિ ભેદ ન કહેવા.

કાપોતલેશ્યાવાળામાં પણ આ જ આલાવો છે. વિશેષ એ કે નૈરયિકોને ઔઘિક દંડકની જેમ કહેવા. જેઓને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા હોય તેમને સામાન્ય દંડકની જેમ કહેવા. વિશેષ એ કે તેમાં સરાગ, વીતરાગ ન કહેવા.

૨૮. કર્મ અને આયુ જો ઉદીર્ણ હોય તો વેદે છે. આહાર, કર્મ, વર્ણ, લેશ્યામાં સમપણું પૂર્વે કહ્યા મુજબ જાણવું.

સૂત્ર–૨૯

ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? ગૌતમ ! લેશ્યા છ કહી છે– કૃષ્ણ લેશ્યા યાવત્ શુક્લ લેશ્યા. તે પન્નવણા સૂત્રના ૧૭માં લેશ્યાપદનો ઉદ્દેશો–૨, ના 'ઋદ્ધિ'ની વક્તવ્યતા સુધી કથન કરવું.

સૂત્ર–૩૦

ભગવન્ ! અતીતકાળની અપેક્ષાએ જીવનો સંસાર સંસ્થાન કાળ કેટલા ભેદે કહ્યો છે ?

ગૌતમ ! સંસાર સંસ્થાન કાળ ચાર પ્રકારે કહ્યો. નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ–સંસાર સંસ્થાનકાળ.

ભગવન્ ! નૈરયિક સંસાર સંસ્થાનકાળ કેટલા પ્રકારે કહ્યો ? ગૌતમ ! ત્રણ પ્રકારે – શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્ર–કાળ.

તિર્યંચયોનિક સંસારનો પ્રશ્ન – ગૌતમ ! બે પ્રકારે છે – સર્વથી થોડો અશૂન્યકાળ, અને તેથી અનંતગુણો મિશ્રકાળ છે. મનુષ્ય અને દેવોનો સંસાર સંસ્થાનકાળ નૈરયિકવત્ જાણવા.

નૈરયિક સંસારસંસ્થાનકાળમાં શૂન્ય, અશૂન્ય, મિશ્રમાં કોણ કોનાથી ઓછો, વધુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડો અશૂન્યકાળ, તેનાથી મિશ્રકાળ અનંતગુણ, તેનાથી શૂન્યકાળ અનંતગુણ છે. તથા તિર્યંચયોનિક સંસાર સંસ્થાનકાળમાં અશૂન્યકાળ થોડો, મિશ્રકાળ તેનાથી અનંતગુણ છે. મનુષ્યો અને દેવોના સંસાર–સંસ્થાનકાળની ન્યૂનાધિકતા નૈરયિકવત્ જાણવી.

ભગવન્ ! નૈરયિકથી દેવ પર્યન્ત સંસાર સંસ્થાનકાળમાં યાવત્ કોણ વિશેષ છે? ગૌતમ ! સૌથી ઓછો મનુષ્ય સંસાર સંસ્થાનકાળ છે, નૈરયિક તેનાથી અસંખ્યાતગુણ, તેનાથી દેવનો અસંખ્યાત ગુણ, તિર્યંચયોનિકોનો તેનાથી અનંતગુણ છે.

સૂત્ર–૩૧

ભગવન્ ! શું જીવ અંતક્રિયા કરે ?

ગૌતમ ! કોઈ કરે છે, કોઈ નથી કરતા, તે માટે પ્રજ્ઞાપના સૂત્રનું 'અંતક્રિયા' નામે ૨૦મું પદ જાણવું.

સૂત્ર–૩૨

હે ભગવન્ ! ૧.અસંયત ભવ્યદ્રવ્યદેવ, ૨.અવિરાધિત સંયત, ૩.વિરાધિત સંયત, ૪.અવિરાધિત સંયતા–

સંયત, ૫.વિરાધિત સંયતાસંયત, ૬.અસંજ્ઞી, ૭.તાપસ, ૮.કાંદર્પિક, ૯.ચરકપરિવ્રાજક, ૧૦.કિલ્બિષિક, ૧૧.તિર્યંચો, ૧૨.આજીવિકો, ૧૩.આભિયોગિકો, ૧૪.શ્રદ્ધાભ્રષ્ટ વેશધારકો, આ ચૌદ જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો કોનો ક્યાં ઉપપાદ કહ્યો છે ?

ગૌતમ ! અસંયત ભવ્યદ્રવ્યદેવ જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી ઉપરિમ ગ્રૈવેયકમાં ઉપજે. અવિરાહિત સંયમી જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાને ઉપજે. વિરાધિત સંયમી જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પે ઉપજે. અવિરાધિત દેશવિરત જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે ઉપજે. વિરાધિત સંયમી જઘન્ય થી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી જ્યોતિષ્કમાં ઉપજે. અસંજ્ઞી જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી વાણવ્યંતરમાં ઉપજે.

બાકીના સર્વે જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી આ પ્રમાણે – તાપસો જ્યોતિષ્કોમાં, કાંદર્પિકો સૌધર્મ કલ્પમાં, ચરક પરિવ્રાજકો બ્રહ્મલોક કલ્પમાં, કિલ્બિષિકો લાંતક કલ્પે, તિર્યંચો સહસ્રાર કલ્પે, આજીવિકો અચ્યુત કલ્પે, આભિયોગિકો અચ્યુત કલ્પે, દર્શનભ્રષ્ટ વેષધારીઓ ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય.

સૂત્ર–૩૩

ભગવન્ ! અસંજ્ઞીનું આયુ કેટલા ભેદે છે ?

ગૌતમ ! અસંજ્ઞીનું આયુ ચાર ભેદે છે – નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ–અસંજ્ઞીઆયુ.

ભગવન્ ! અસંજ્ઞી જીવ નૈરયિકનું આયુ કરે કે તિર્યંચ નું આયુ કરે, મનુષ્ય નું આયુ કરે, દેવનું આયુ કરે ?

હા, ગૌતમ ! નૈરયિકાદિ ચારેનું આયુ પણ કરે.

નૈરયિક આયુ કરતો અસંજ્ઞી જીવ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યેય ભાગ આયુ કરે. તિર્યંચોનું આયુ કરતો જઘન્યે અંતમુહૂર્તનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યાત ભાગ આયુ કરે. મનુષ્યાયુ પણ એ જ પ્રમાણે છે. દેવાયુ નૈરયિકવત્ જાણવું.

ભગવન્ ! નૈરયિક અસંજ્ઞી, તિર્યંચ અસંજ્ઞી, મનુષ્ય અસંજ્ઞી, દેવ અસંજ્ઞી આયુમાં કયુ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! દેવ અસંજ્ઞી આયુ સૌથી થોડું છે, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુ અસંખ્યેય ગુણ છે, તેનાથી તિર્યંચનું અસંખ્યાત ગુણ, તેનાથી નૈરયિક અસંજ્ઞી આયુ અસંખ્યેયગુણ છે. હે ભગવન્ ! એમ જ છે, એમજ છે. યાવત્ વિહરે છે.

શતક-૧, ઉદ્દેશા-૨નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૩ 'કાંક્ષા પ્રદોષ'

સૂત્ર–૩૪

ભગવન્ ! શું જીવોનું કાંક્ષા મોહનીય કર્મ જીવ કૃત્ છે ? હા, ગૌતમ ! તે જીવ કૃત્ છે.

ભગવન્ ! શું તે દેશથી દેશકૃત્ છે ? દેશથી સર્વકૃત્ છે ? સર્વથી દેશકૃત્ છે ? કે સર્વથી સર્વકૃત્ છે ?

ગૌતમ ! તે દેશથી દેશકૃત, દેશથી સર્વકૃત્ કે સર્વથી દેશકૃત નથી, પણ સર્વથી સર્વકૃત્ છે.

ભગવન્ ! નૈરયિકોનું કાંક્ષા મોહનીયકર્મ જીવ કૃત છે ? હા, તે જીવ કૃત છે. યાવત્ સર્વથી સર્વકૃત છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું.

સૂત્ર–૩૫, ૩૬

૩૫. ભગવન્ ! જીવોએ કાંક્ષા મોહનીય કર્મ ઉપાર્જન કર્યુ છે ? હા, કર્યુ છે.

ભગવન્ ! તે શું દેશથી દેશે કર્યુ ? ઇત્યાદિ પૂર્વોક્ત અભિલાપથી વૈમાનિક પર્યન્ત કહેવું. એ પ્રમાણે 'કરે છે' આ દંડક વૈમાનિક સુધી કહેવો. એ પ્રમાણે 'કરશે' દંડક વૈમાનિક સુધી ૨૪ દંડકમાં કહેવું.

એ જ પ્રમાણે 'ચય' - ચય કર્યો છે – કરે છે – કરશે. ... ઉપચય' ઉપચય કર્યો છે – કરે છે – કરશે. ...ઉદીર્યુ – ઉદીરે છે – ઉદીરશે. ... વેદ્યુ – વેદે છે – વેદશે. ... નિર્જર્યુ – નિર્જરે છે – નિર્જરશે. આ બધા અભિલાપ કહેવા.

૩૬. કૃત્, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત, નિર્જરિત – તેમા આદિ ત્રણના પ્રત્યેકના ચાર–ચાર ભેદનું કથન છે– સામાન્ય ક્રિયા, ભૂતકાળની ક્રિયા, વર્તમાનકાળની ક્રિયા, ભાવિકાળની ક્રિયા. પાછલા ત્રણના ત્રણ–ત્રણ ભેદ છે, તેમાં સામાન્ય ક્રિયાનું કથન નથી.

સૂત્ર–૩૭

ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે.

ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? ગૌતમ ! તે તે કારણો વડે શંકા–કાંક્ષા–વિચિકિત્સા વાળા અને ભેદ સમાપન્ન, કલુષ સમાપન્ન થઈને એ રીતે જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે.

સૂત્ર–૩૮

ભગવન્ ! તે જ નિઃશંક, સત્ય છે જે જિનવરે કહ્યું છે ? હા, ગૌતમ ! તે જ નિઃશંક, સત્ય છે, જે જિનવરે કહ્યું છે

સૂત્ર–૩૯

ભગવન્ ! ઉપર મુજબ મનમાં ધારણા કરતો, તે પ્રમાણે આચરણા કરતો, તે પ્રમાણે કથન કરતો, તે પ્રમાણે સંવર કરતો જીવ આજ્ઞાનો આરાધક થાય ?

હા, ગૌતમ ! તે પ્રમાણે જીવ આજ્ઞાનો આરાધક થાય.

સૂત્ર–૪૦

ભગવન્ ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? હા, ગૌતમ ! યાવત્ પરિણમે છે.

ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, તે શું પ્રયોગ–જીવના વ્યાપારથી પરિણત થાય કે વિસ્રસા–સ્વભાવથી ? ગૌતમ ! તે બંનેથી પરિણત થાય છે.

ભગવન્ ! જેમ તમારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, તેમજ નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે? અને જેમ તમારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, તેમજ તમારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે ?

હા ગૌતમ ! જેમ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે તેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. જેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તેમજ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે.

ભગવન્ ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે? ગૌતમ ! જેમ પરિણમે છે ના બે આલાપક છે, તેમ ગમનીયના પણ બે આલાપક કહેવા. યાવત્ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે.

સૂત્ર–૪૧

ભગવન્ ! જેમ આપના મતમાં અહીં વસ્તુ સ્વાત્મામાં ગમનીય છે, તેમ આપનું પરાત્મામાં પણ વસ્તુ ગમનીય છે ? જેમ આપનું પરાત્મામાં ગમનીય છે, તેમ આપનું સ્વાત્મામાં પણ ગમનીય છે ? ગૌતમ ! હા, જેમ મારું અહીં ગમનીય છે તેમ પરાત્મામાં પણ ગમનીય છે, ઈત્યાદિ કહેવું.

સૂત્ર–૪૨

ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ બાંધે ? હા, બાંધે.

ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રમાદરૂપ હેતુ અને યોગરૂપ નિમિત્તથી બાંધે.

ભગવન્ ! તે પ્રમાદ શાથી થાય છે ? ગૌતમ ! યોગથી. ભગવન્ ! યોગ શાથી થાય છે ? ગૌતમ ! વીર્યથી. ભગવન્ ! વીર્ય, શાથી પેદા થાય ? ગૌતમ ! શરીરથી. ભગવન્ ! શરીર શાથી પેદા થાય ? ગૌતમ ! જીવથી અને તેમ થવામાં જીવના ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, અને પુરુષકાર પરાક્રમ છે.

સૂત્ર–૪૩

ભગવન્ ! શું જીવ પોતાની મેળે જ કાંક્ષા મોહનીય કર્મને ઉદીરે છે ? આપમેળે જ ગર્હે છે ? આપમેળે જ સંવરે છે ? હા, ગૌતમ ! જીવ સ્વયં તેની ઉદીરણા, ગર્હા અને સંવર કરે છે.

ભગવન્ ! જે તે આપમેળે જ ઉદીરે છે, ગર્હે છે અને સંવરે છે, તો શું ઉદીર્ણ(ઉદયમાં આવેલા)ને ઉદીરે છે? અનુદીર્ણ(ઉદયમાં ન આવેલા)ને ઉદીરે છે ? અનુદીર્ણ અને ઉદીરણા યોગ્યને ઉદીરે છે ? કે ઉદયાનંતર પશ્ચાત્કૃત કર્મને ઉદીરે છે ?

ગૌતમ ! તે ઉદીર્ણ, અનુદીર્ણ કે ઉદયાનંતર પશ્ચાત્ કર્મને નથી ઉદીરતો પણ અનુદીર્ણ અને ઉદીરણા યોગ્ય કર્મને ઉદીરે છે.

ભગવન્ ! જો તે અનુદીર્ણ–ઉદીરણાયોગ્ય કર્મને ઉદીરે છે, તો તે શું ઉત્થાનથી, કર્મથી, બલથી, વીર્યથી, પુરુષકાર પરાક્રમથી ઉદીરે છે કે અનુત્થાનથી, અકર્મથી, અબલથી, અવીર્યથી અને અપુરુષકાર પરાક્રમથી ઉદીરે છે?

ગૌતમ ! તે જીવ ઉત્થાનથી, કર્મ–બલ–પુરુષકાર પરાક્રમથી અનુદીર્ણ–ઉદીરણા યોગ્ય કર્મને ઉદીરે છે. અનુત્થાન, અકર્મ, અબલ, અવીર્યાદિથી નહીં. તેથી જીવને ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે, પુરુષકાર પરાક્રમ છે.

ભગવન્ ! શું જીવ તે આપમેળે જ ઉપશમાવે, આપમેળે જ ગર્હે, આપમેળે જ સંવરે ? હા, ગૌતમ ! અહીં પણ તેમજ કહેવું. પણ વિશેષ આ – અનુદીર્ણ કર્મને ઉપશમાવે છે, બાકી ત્રણે વિકલ્પોનો નિષેધ કરવો.

ભગવન્ ! જો તે અનુદીર્ણને ઉપશમાવે તે શું ઉત્થાનથી યાવત્ પુરુષકાર પરાક્રમથી ? કે અનુત્થાન આદિથી ઉપશમાવે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! પોતાની જ મેળે વેદે અને ગર્હે ? ગૌતમ ! પૂર્વોક્ત પરિપાટી જાણવી, વિશેષ આ – ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને નહીં. એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી વેદે છે.

ભગવન્ ! તે આપમેળે જ નિર્જરે અને ગર્હે ? અહીં પણ પૂર્વોક્ત પરિપાટી જાણવી. વિશેષ એ કે – ઉદયાનંતર પશ્ચાત્કૃત કર્મને નિર્જરે છે અને એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી નિર્જરે.

સૂત્ર–૪૪

ભગવન્ ! શું નૈરયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ?

હા, ગૌતમ! વેડે છે. જેમ સામાન્ય જીવો કહ્યા, તેમ નૈરયિક યાવત્ સ્તનિતકુમારો કહેવા.

ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? હા, વેદે છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીય કર્મ કઈ રીતે વેદે છે ?

ગૌતમ ! તે જીવોને એવો તર્ક–સંજ્ઞા–પ્રજ્ઞા–મન–વચન હોતા નથી કે અમે કાંક્ષા મોહનીય કર્મ વેદીએ છીએ, પણ તે વેદે તો છે.

ભગવન્ ! શું તે જ નિઃશંક, સત્ય છે, જે જિનોએ કહ્યું છે ? હા. બાકી પૂર્વવત્ યાવત્ પુરુષકાર પરાક્રમ વડે નિર્જરે છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય જીવો પર્યંત જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો યાવત્ વૈમાનિકોને સામાન્ય જીવોની માફક કહેવા.

સૂત્ર–૪૫

હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે.

શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને કઈ રીતે વેદે છે?

ગૌતમ ! તે તે જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાંતર, પ્રવચનાંતર, પ્રાવચનિકાંતર, કલ્પાંતર, માર્ગાંતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર, પ્રમાણાંતર વડે શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થઈને, એ રીતે શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે.

ભગવન્ ! તે જ નિઃશંક સત્ય છે, જે જિનોએ જણાવેલ છે ?

હા, ગૌતમ ! તેમજ છે. યાવત્ પુરુષકાર પરાક્રમ કરે છે – ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

શતક-૧, ઉદ્દેશા-૩નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૪ 'કર્મપ્રકૃતિ'

સૂત્ર–૪૬

ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કર્મ પ્રકૃતિઓ કહી છે. પન્નવણા સૂત્રનો 'કર્મપ્રકૃતિ' પદનો પહેલો ઉદ્દેશો અનુભાગ સમાપ્ત થાય ત્યાં સુધી કહેવો.

સૂત્ર–૪૭

કર્મ પ્રકૃતિ કેટલી છે ?, જીવ કઈ રીતે કર્મ બાંધે ?, કેટલા સ્થાનેથી કર્મ પ્રકૃતિ બાંધે ? કેટલી કર્મપ્રકૃતિ વેદે ? કઈ કર્મ પ્રકૃતિનો કેટલો અનુભાગ–રસ છે ? આ બધું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જોવું.

સૂત્ર–૪૮

ભગવન્ ! પૂર્વકૃત્ મોહનીયકર્મ ઉદયમાં આવેલ હોય ત્યારે જીવ પરલોકની ક્રિયા(ઉર્ધ્વ ગમન) કરે ? ગૌતમ ! હા, તે ઉર્ધ્વગમન કરે.

ભગવન્ ! તે ઉપસ્થાપન સવીર્યતાથી થાય કે અવીર્યતાથી ? ગૌતમ ! સવીર્યતાથી ઉપસ્થાપન થાય, અવીર્યતાથી નહીં.

ભગવન્ ! જો સવીર્યતાથી થાય તો તે ઉપસ્થાપન બાલવીર્યતાથી થાય, પંડિત વીર્યતાથી થાય કે બાલપંડિત વીર્યતાથી ? ગૌતમ ! તે બાલવીર્યતાથી થાય, પંડિત કે બાલપંડિત વીર્યતાથી ન થાય.

ભગવન્ પૂર્વકૃત મોહનીયકર્મ ઉદયમાં આવે ત્યારે જીવ અપક્રમણ કરે અર્થાત અધોગમન કરે ? હા, કરે.

ભગવન્ ! તે અપક્રમણ બાલવીર્યથી કરે, પંડિતવીર્યથી કરે કે બાલપંડિતવીર્ય થી કરે ? હે ગૌતમ ! બાલવીર્યતાથી અપક્રમણ કરે, કદાચ બાલપંડિત વીર્યતાથી કરે, પણ પંડિતવીર્યતાથી ન કરે.

જે રીતે 'ઉદીર્ણ'ના બે આલાવા કહ્યા, તેમ 'ઉપશાંત' સાથે પણ બે આલાવા કહેવા. વિશેષ એ કે – ત્યાં પંડિત વીર્યતાથી ઉપસ્થાપન અને બાલપંડિતવીર્યતાથી અપક્રમણ થાય.

ભગવન્ ! તે અપક્રમણ આત્માથી થાય કે અનાત્માથી? ગૌતમ! અપક્રમણ આત્માથી થાય, અનાત્માથી નહીં

ભગવન્ ! મોહનીય કર્મને વેદતો જીવ તે આ પ્રકારે અપક્રમણ શામાટે કરે ? ગૌતમ ! પહેલા તેને એ પ્રમાણે જિન કથિત તત્ત્વ રુચતુ હતુ, હવે તેને મોહનીયકર્મના ઉદયે રુચતુ નથી માટે અપક્રમણ કરે છે.

સૂત્ર–૪૯

ભગવન્ ! શું નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવે જે પાપકર્મ કર્યું છે, તેને વેદ્યા વિના શું મોક્ષ નથી ? હા, ગૌતમ ! કરેલ પાપકર્મ વેદ્યા વિના નૈરયિક આદિનો મોક્ષ નથી.

ભગવન્ ! એવું કેમ કહો છો કે – પાપકર્મ વેદ્યા વિના નૈરયિક આદિનો મોક્ષ નથી ?

ગૌતમ ! નિશ્ચિતપણે મેં કર્મના બે પ્રકાર કહ્યા છે – પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. તેમાં જે પ્રદેશ કર્મ છે, તે નિયમા વેદવું પડે, જે અનુભાગકર્મ છે તેમાં કેટલુક વેદાય છે, કેટલુંક નથી વેદાતુ.

ગૌતમ ! અરહંત દ્વારા એ જ્ઞાત છે, સ્મૃત છે, વિજ્ઞાત છે કે આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદના વડે વેદશે. આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદનાથી વેદશે. તે કર્મને અનુસારે, નિકરણોને–દેશકાળની મર્યાદા અનુસારે જે–જે રીતે ભગવંત જોયેલ છે, તે–તે રીતે વિપરિણમશે. માટે હે ગૌતમ ! એમ કહ્યું કે – યાવત્ કૃતકર્મ વેદ્યા વિના નૈરયિકાદિને મોક્ષ નથી.

સૂત્ર–૫૦

ભગવન્ ! શું આ પુદ્‌ગલ અતીત, અનંત અને શાશ્વતકાળે હતું તેમ કહેવાય ? હા, ગૌતમ ! આ પુદ્‌ગલ અતીત, અનંત, શાશ્વત કાળે હતું એમ કહેવાય.

ભગવન્ ! પુદ્‌ગલ વર્તમાન શાશ્વત કાળે છે, એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય.

ભગવન્ ! એ પુદ્‌ગલ અનાગત અનંત શાશ્વત કાળે રહેશે એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય. એ રીતે સ્કંધ સાથે અને જીવ સાથે પણ ત્રણ–ત્રણ આલાવા કહેવા.

સૂત્ર–૫૧

ભગવન્ ! શું અતીત અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમથી, સંવરથી, બ્રહ્મચર્યવાસથી કે પ્રવચનમાતાથી સિદ્ધ થયો, બુદ્ધ થયો મુક્ત થયો, પરિનિવૃત્ત થયો અને સર્વ દુઃખોનો નાશ કરનાર થયો ?

ગૌતમ ! આ કથન યોગ્ય નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો કે યાવત્ અંતકર થયો નથી ? ગૌતમ ! જે કોઈ અંત કરે કે અંતિમ શરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો, કરે છે કે કરશે તે બધા ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરિહંત જિન કેવલી થઈને પછી સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત થઈને સર્વે દુઃખોનો નાશ કર્યો છે – કરે છે – કરશે. માટે હે ગૌતમ ! ઉપર મુજબ કહ્યું છે.

વર્તમાનકાળમાં પણ એમ જ કહેવું, વિશેષ એ કે – 'સિદ્ધ થાય છે' કહેવું. ભાવિમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે – 'સિદ્ધ થશે' એમ કહેવું.

છદ્મસ્થ માફક આધોવધિક અને પરમાધોવધિક જાણવા. તેમના ત્રણ–ત્રણ આલાપકો કહેવા.

ભગવન્ ! અતીત અનંત શાશ્વતકાળમાં કેવલીએ યાવત્ સર્વે દુઃખોનો નાશ કર્યો? હા, સિદ્ધ થયા યાવત્ સર્વે દુઃખોનો અંત કર્યો. અહીં છદ્મસ્થ માફક ત્રણ આલાપકો કહેવાય. સિદ્ધ થયા – થાય છે – થશે.

ભગવન્ ! અતીત અનંત શાશ્વતકાળમાં, વર્તમાન શાશ્વત સમયમાં, અનાગત અનંત શાશ્વતકાળમાં જે કોઈ અંત કરે, અંતિમ શરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો છે – કરે છે – કરશે તેઓ ઉત્પન્ન જ્ઞાન–દર્શન–ધર અરહંત, જિન, કેવલી થઈને સિદ્ધ થાય છે. યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે ? હા, ગૌતમ ! યાવત્ તેઓ અંત કરશે.

ભગવન્ ! ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત જિન કેવલી અલમસ્તુ–પૂર્ણ છે, એમ કહેવાય ? હા, ગૌતમ ! હા તે ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર અરહંત જિન કેવલી પૂર્ણ છે તેમ કહેવાય. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

શતક-૧, ઉદ્દેશા-૪નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૫ 'પૃથ્વી'

સૂત્ર–૫૨ થી ૬૦

૫૨. ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! સાત પૃથ્વીઓ(નરકભૂમિઓ) કહી છે. તે આ – રત્નપ્રભા યાવત્ તમસ્તમા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે ? ગૌતમ ! ૩૦ લાખ નરકાવાસ.

૫૩. સાતે નરકના નરકાવાસોની સંખ્યા આ પ્રમાણે– પહેલી નરકમાં ૩૦ લાખ નારાકાવાસ છે, એ પ્રમાણે– બીજીથી સાતમી નરકમાં અનુક્રમે– ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, એક લાખમાં પાંચ ઓછા અને સાતમી નરકમાં ૫–અનુત્તર નિરયાવાસ કહેલા છે.

૫૪. ભગવન્ ! અસુરકુમારોના આવાસ કેટલા લાખ છે?

૫૫. અસુરકુમારના ૬૪ લાખ, નાગકુમારના ૮૪ લાખ, સુવર્ણકુમારના ૭૨ લાખ, વાયુકુમારના ૯૬ લાખ,

૫૬. તથા દ્વીપ–દિશા–ઉદધિ–વિદ્યુત્–સ્તનિત–વાયુ એ છ એ કુમારોના યુગલના ૭૬ લાખ આવાસો છે.

૫૭. ભગવન્ ! પૃથ્વીકાયિકોના કેટલા લાખ આવાસો છે ? ગૌતમ ! પૃથ્વીકાયિકોના અસંખ્યેય લાખ આવાસો કહ્યા છે. એ પ્રમાણે હે ગૌતમ ! યાવત્ જ્યોતિષ્કના અસંખ્યાત લાખ આવાસો છે.

ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનવાસો છે ? ગૌતમ ! ૩૨–લાખ વિમાનાવાસ છે. એ રીતે ક્રમશઃ વિમાનાવાસો હવેની ગાથામાં જણાવે છે –

૫૮. સૌધર્મકલ્પમાં ૩૨–લાખ, ઈશાનમાં ૨૮–લાખ, સનત્કુમારમાં ૧૨–લાખ, માહેન્દ્રમાં ૮–લાખ, બ્રહ્મ લોકમાં ૪–લાખ, લાંતકમાં ૫૦,૦૦૦, મહાશુક્રમાં ૪૦,૦૦૦, સાહસ્રારમાં ૬૦૦૦ વિમાનાવાસો છે.

૫૯. આનત–પ્રાણત કલ્પે ૪૦૦, આરણઅચ્યુત કલ્પે ૩૦૦, એમ કુલ ૭૦૦ છે.

૬૦. નીચલી ગ્રૈવેયકે ૧૧૧, મધ્યમે ૧૦૭ અને ઉપલીમાં ૧૦૦ તથા અનુત્તરમાં ૫–વિમાનાવાસો છે.

## સૂત્ર–૬૧

પૃથ્વી(નરકભૂમિ) આદિ આવાસોમાં – સ્થિતિ, અવગાહના, શરીર, સંઘયણ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ એ દશ સ્થાનો પર વિચારણા કરી છે.

## સૂત્ર–૬૨

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક–એક નરકાવાસમાં નૈરયિકોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ? ગૌતમ ! અસંખ્ય સ્થિતિ સ્થાનો છે. તે આ – જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે, તે એક સમયાધિક, બે સમયાધિક યાવત્ અસંખ્યેય સમયાધિક તથા તેને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એ પ્રમાણે છે.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક–એક નરકવાસમાં વસનાર જઘન્યસ્થિતિક નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? કે માન–માયા–લોભ ઉપયુક્ત છે ?

ગૌતમ ! ૧. તે બધા ક્રોધોપયુક્ત છે, અથવા ૨. ઘણા ક્રોધી અને એક માની, અથવા ૩. ઘણા ક્રોધી અને માની છે, અથવા ૪. ઘણા ક્રોધી અને એક માયી છે, અથવા ૬. ઘણા ક્રોધી અને એક લોભી છે અથવા ૭. ઘણા ક્રોધી અને ઘણા લોભી છે –

અથવા ૧. ઘણા ક્રોધી, એક માની, એક માયી છે. અથવા ૨. ઘણા ક્રોધી, એક માની, ઘણા માયી છે. અથવા ૩. ઘણા ક્રોધી, ઘણા માની, એક માયી છે. અથવા ૪. ઘણા ક્રોધી, ઘણા માની, ઘણા માયી છે.

આ પ્રમાણે ક્રોધ–માન–લોભ વડે ચાર ભેદ, આ પ્રમાણે ક્રોધ–માયા–લોભ વડે ચાર ભેદ. પછી માન, માયા, લોભની સાથે ક્રોધ વડે ભંગ કરવા તે ચતુષ્ક સંયોગી આઠ ભંગ થશે. આ રીત ક્રોધને છોડ્યા સિવાય ૨૭–ભંગ કહેવા.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક–એક નરકાવાસોમાં એક સમયાધિક જઘન્યસ્થિતિ વર્તીત નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? કે માન–માયા–લોભોપયુક્ત છે ? ગૌતમ ! એક ક્રોધી, એક માની, એક માયી, એક લોભી હોય છે અથવા ઘણા ક્રોધી, ઘણા માની, ઘણા માયી, ઘણા લોભી હોય છે

અથવા કોઈ એક ક્રોધી અને માની હોય અથવા કોઈ એક ક્રોધી અને ઘણા માની હોય એ રીતે ૮૦ ભેદ થયા.

એ પ્રમાણે યાવત્ સંખ્યેય સમયાધિક સ્થિતિવાળા નૈરયિક માટે જાણવું.

અસંખ્યેય સમયાધિક સ્થિતિને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૨૭–ભાંગા કહેવા.

## સૂત્ર–૬૩

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક–એક નરકાવાસમાં નૈરયિકોના અવગાહના સ્થાન કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત અવગાહના સ્થાનો છે. તે આ – જઘન્ય અવગાહના, પ્રદેશાધિક જઘન્ય અવગાહના, દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના યાવત્ અસંખ્યાત પ્રદેશાધિક જઘન્યાવગાહના, તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં જઘન્યાવગાહનામાં વર્તતો નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૮૦ ભંગ જાણવા એ પ્રમાણે યાવત્ સંખ્યેયપ્રદેશાધિક જઘન્ય અવગાહના, અસંખ્યેય પ્રદેશાધિક જઘન્ય અવગાહનાએ વર્તતા તદુચિત ઉત્કૃષ્ટ અવગાહના વડે વર્તતા નૈરયિકોના અર્થાત્ તે બંનેના ૨૭ ભંગ જાણવા.

ભગવન્ ! આ રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં વસતા નૈરયિકોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીર કહ્યા છે – વૈક્રિય, તૈજસ, કાર્મણ.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક – એક નરકાવાસમાં વસતા અને વૈક્રિયશરીર નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭–ભંગ કહેવા. આ જ આલાવા વડે ત્રણ શરીરો કહેવા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ વસતા નૈરયિકોના શરીરનું કયું સંઘયણ છે ? ગૌતમ ! તેઓને છમાંથી એક પણ સંઘયણ નથી, તેમને શિરો અને સ્નાયુ નથી. તથા જે પુદ્‌ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોમ છે, તે પુદ્‌ગલો તેમના શરીર સંઘાતપણે પરિણમે છે.

ભગવન્ ! રત્નપ્રભામાં વસતા અને અસંઘયણી એવા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ?

ગૌતમ ! શરીર બે ભેદે–ભવ ધારણીય અને ઉત્તરવૈક્રિય. જે ભવધારણીય છે તે હુંડક સંસ્થાનવાળા છે અને જે ઉત્તરવૈક્રિય પણ હુંડક સંસ્થાન છે.

ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ હુંડક સંસ્થાનવાળા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭ ભંગ કહેવા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! એક કાપોતલેશ્યા.

ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ કાપોતલેશ્યાવાળા ક્રોધોપયુક્ત છે ? ૨૭ ભંગ કહેવા.

સૂત્ર–૬૪, ૬૫

૬૪. રત્નપ્રભાના આ નૈરયિકો યાવત્ શું સમ્યગ્‌દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ છે ? તે ત્રણે છે. તેમાં સમ્યગ્‌દૃષ્ટિમાં વર્તતા નૈરયિકના પૂર્વોક્ત રીતે. ૨૭ ભંગ અને મિથ્યાદૃષ્ટિ તથા મિશ્રદૃષ્ટિમાં ૮૦–૮૦ ભાંગા કહેવા.

ભગવન્ ! આ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બંને છે. જ્ઞાનીને નિયમા ત્રણ જ્ઞાન હોય છે, અજ્ઞાનીને ત્રણ અજ્ઞાનની ભજના(વિકલ્પથી હોય) છે.

આ નૈરયિકોને યાવત્ આભિનિબોધિકમાં વર્તતા પૂર્વોક્ત રીતે ક્રોધોપયુક્ત આદિ ૨૭–ભંગ જાણવા. એ પ્રમાણે ત્રણ જ્ઞાનવાળા અને ત્રણ અજ્ઞાનવાળાઓને પણ કહેવા.

ભગવન્ ! રત્નપ્રભાના આ નૈરયિકો શું મનોયોગી છે, વચનયોગી છે કે કાયયોગી છે ? તેઓ ત્રણે છે.

મનોયોગમાં વર્તતા તેઓ શું ક્રોધોપયુક્ત હોય ? તેના ૨૭ ભંગ જાણવા. એ પ્રમાણે વચનયોગ અને કાયયોગમાં પણ કહેવું.

ભગવન્ ! રત્નપ્રભાના આ નૈરયિકો શું સાકારોપયોગયુક્ત છે કે અનાકારોપયોગયુક્ત છે ? ગૌતમ ! બંને છે.

તેઓ સાકારોપયોગમાં વર્તતા શું ક્રોધોપયુક્ત છે ? ૨૭ ભંગો જાણવા. એ રીતે અનાકારોપયોગના પણ ૨૭ ભંગ જાણવા. એ પ્રમાણે સાતે પૃથ્વીઓને જાણવી. માત્ર લેશ્યામાં વિશેષતા છે, તે નીચે ગાથામાં બતાવે છે –

૬૫. પહેલી બે નારકીમાં કાપોત, ત્રીજામાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મિશ્ર, છટ્ઠીમાં કૃષ્ણ, સાતમીમાં પરમકૃષ્ણ લેશ્યા હોય છે.

સૂત્ર–૬૬

ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના એક એક અસુરકુમારાવાસમાં વસતા અસુરકુમારોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ? ગૌતમ ! અસંખ્ય. જઘન્યસ્થિતિ આદિ સર્વ વર્ણન નૈરયિક મુજબ જાણવું. વિશેષ એ –

ભાંગા ઊલટા ક્રમે કહેવા. દેવોમાં લોભનું બાહુલ્ય હોવાથી લોભ પહેલા કહેવો. જેમ કે– તેઓ બધા લોભોપયુક્ત હોય અથવા ઘણા લોભી, એક માયી હોય અથવા ઘણા લોભી, ઘણા માયી હોય. આ આલાવાથી જાણવુ યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. વિશેષ એ કે ભિન્નત્વ પણ. જાણવું.

સૂત્ર–૬૭

ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્ય લાખ આવાસોમાં એક–એક આવાસમાં પૃથ્વીકાયિકોના સ્થિતિ સ્થાનો કેટલા છે ? હે ગૌતમ ! અસંખ્ય. તે આ રીતે – જઘન્યસ્થિતિ યાવત્ તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ.

ભગવન્ ! પૃથ્વીકાયિકોના અસંખ્ય લાખ આવાસોમાં એક–એક આવાસમાં વર્તતા પૃથ્વીકાયિકો શું ક્રોધોપયુક્ત યાવત્ લોભોપયુક્ત છે ? ગૌતમ ! તેઓ ક્રોધાદિ ચારેથી યુક્ત છે.

આ પ્રમાણે પૃથ્વીકાયિકોના બધા સ્થાનો અભંગક છે. વિશેષ આ – તેજોલેશ્યામાં ૮૦ ભંગ છે. આ પ્રમાણે અપ્કાય–તેઉકાય–વાયુકાયના સર્વસ્થાનો પણ અભંગક છે. વનસ્પતિકાયિકો પૃથ્વીકાયિકવત્ છે.

સૂત્ર–૬૮

જે સ્થાનો વડે નૈરયિકના ૮૦ ભંગો છે, તે સ્થાનો વડે બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોને પણ ૮૦ ભંગો છે. વિશેષ એ – સમ્યક્ત્વ, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાનમાં પણ ૮૦ ભંગો છે. તથા જે સ્થાનમાં નૈરયિકોને ૨૭ ભંગો છે, તે સ્થાનોમાં બેઇન્દ્રિયાદિને અભંગક છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો નૈરયિકવત્ જાણવા. વિશેષ એ – નૈરયિકોને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવું અને તેમને જ્યાં ૮૦ ભંગો કહ્યા, ત્યાં અહીં પણ ૮૦ ભંગો કહેવા.

જે સ્થાને નૈરયિકોને ૮૦ ભંગ કહ્યા, ત્યાં મનુષ્યોને પણ ૮૦ ભંગો કહેવા. તેમને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવા. વિશેષ આ – મનુષ્યોને જઘન્ય સ્થિતિ અને આહારકમાં ૮૦ ભંગો છે.

વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને ભવનવાસી માફક જાણવા. વિશેષમાં તેમનું જે જુદાપણું છે તે જાણવુ. યાવત્ અનુત્તરવાસી. .....

હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે –

## શતક-૧, ઉદ્દેશા-૫નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૬ 'યાવંત'

સૂત્ર–૬૯

ભગવન્ ! જેટલા અવકાશાંતરથી ઊગતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે, તેટલા જ અવકાશાંતરથી આથમતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે ? હા, ગૌતમ ! જેટલે દૂરથી ઉદય થતો સૂર્ય જોવાય છે તેટલા દૂરથી અસ્ત થતો સૂર્ય દેખાય છે

ભગવન્ ! ઊગતો સૂર્ય પોતાના તાપથી જેટલા ક્ષેત્રને ચારે બાજુથી પ્રકાશિત–ઉદ્યોતિત–તાપિત–પ્રભાસિત કરે છે, તેટલા જ ક્ષેત્રને ચારે બાજુથી આથમતો સૂર્ય પોતાના તાપ દ્વારા પ્રકાશિત–ઉદ્યોતિત–તાપિત–પ્રભાસિત કરે છે ? હા, ગૌતમ ! યાવત્ પ્રભાસિત કરે છે.

ભગવન્ ! સૂર્ય સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને ? સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે યાવત્ છ એ દિશામાં પ્રકાશિત કરે છે. એ રીતે તેને ઉદ્યોતિત–તાપિત–પ્રભાસિત કરે છે.

ભગવન્ ! સ્પર્શ કરવાના કાળ સમયે સૂર્ય સાથે સંબંધવાળા જેટલા ક્ષેત્રને સર્વ દિશાઓમાં સૂર્ય સ્પર્શે તેટલું સ્પર્શાતુ તે ક્ષેત્ર સ્પર્શાયેલુ એમ કહેવાય ? હા, ગૌતમ ! યાવત્ તેમ કહેવાય.

ભગવન્ ! સૂર્ય સ્પર્શાયેલ ક્ષેત્રને સ્પર્શે કે અસ્પર્શાયેલ ક્ષેત્રને સ્પર્શે ? સ્પર્શાયેલા ક્ષેત્રને સ્પર્શે યાવત્ નિયમા છ દિશાઓને સ્પર્શ કરે છે, ત્યાં સુધી કહેવું જોઈએ.

સૂત્ર–૭૦

ભગવન્ ! લોકાંત અલોકાંતને સ્પર્શે અને અલોકાંત લોકાંતને સ્પર્શે ? હા, ગૌતમ ! લોકાંત અલોકાંતને અને અલોકાંત લોકાંતને સ્પર્શે છે.

ભગવન્ ! જે સ્પર્શાય છે તે સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ? ગૌતમ! યાવત્ નિયમા છ દિશાને સ્પર્શે છે.

ભગવન્ ! દ્વીપાંત સાગરાંતને સ્પર્શે અને સાગરાંત દ્વીપાંતને સ્પર્શે ? હા, ગૌતમ! સ્પર્શે યાવત્ નિયમા છ એ દિશાને સ્પર્શે. એ રીતે આ આલાવાથી પાણીનો છેડો વહાણના છેડાને સ્પર્શે, છિદ્રાંત વસ્ત્રાંતને સ્પર્શે , છાયાંત આતપાંતને સ્પર્શે, યાવત્ છ એ દિશાઓમાં સ્પર્શે છે.

સૂત્ર–૭૧

ભગવન્ ! જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? હા, ગૌતમ ! કરે છે.

ભગવન્ ! તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ? ગૌતમ! તે ક્રિયા સ્પૃષ્ટ છે યાવત્ વ્યાઘાત ન હોય તો છ એ દિશામાં અને વ્યાઘાત હોય તો કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ દિશાને સ્પર્શે છે.

ભગવન્! જે ક્રિયા કરાય છે તે શું કૃત કરાય કે અકૃત ? ગૌતમ ! કૃત કરાય, અકૃત ન કરાય.

ભગવન્ ! તે ક્રિયા આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ? ગૌતમ ! આત્મકૃત છે, પરકૃત કે ઉભયકૃત નથી.

ભગવન્ ! તે ક્રિયા આનુપૂર્વી (અનુક્રમ)કૃત છે કે અનાનુપૂર્વી (ક્રમ વિના) કરાય છે ? ગૌતમ ! આનુપૂર્વીકૃત છે, અનાનુપૂર્વીકૃત નથી. જે ક્રિયા કૃત છે – કરાય છે – કરાશે તે આનુપૂર્વી કૃત છે, પણ અનાનુપૂર્વી કૃત નથી.

ભગવન્ ! નૈરચિકો પ્રાણાતિપાત ક્રિયા કરે ? હા, કરે.

જે ક્રિયા કરાય તે શું સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ? - યાવત્ – નિયમા છ એ દિશામાં કરાય છે

ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે કૃત છે કે અકૃત છે ? ગૌતમ ! પૂર્વવત જાણવું યાવત્ અનાનુપૂર્વી કૃત નથી.

નૈરચિકો માફક એકેન્દ્રિય સિવાયના યાવત્ વૈમાનિક સુધીના જીવો કહેવા અને એકેન્દ્રિયજીવોનું કથન સામાન્ય જીવોની માફક કરવું જોઈએ.

પ્રાણાતિપાત ક્રિયા માફક મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્ય સુધીના આ અઢારે સ્થાનોના વિષયમાં ૨૪–દંડક કહેવા જોઈએ.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, કહી ગૌતમ શ્રમણ વિચરે છે.

સૂત્ર–૭૨ થી ૭૬

**૭૨.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય **'રોહ'** નામક **અણગાર** હતા, જેઓ સ્વભાવથી ભદ્રક, સ્વભાવથી મૃદુ, સ્વભાવથી વિનીત, સ્વભાવથી ઉપશાંત, અલ્પ ક્રોધ–માન–માયા–લોભવાળા, નિરહંકારતા સંપન્ન, ગુરુઆશ્રિત(ગુરુભક્તિમાં લીન), કોઈને ન સંતાપનાર, વિનયી હતા.

તેઓ ભગવંત મહાવીરની અતિ દૂર નહીં– અતિસમીપ નહીં એ રીતે ઉભડક બેસી, મસ્તક ઝુકાવી, ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશી, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.

ત્યારે તે રોહ અણગાર જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા –

ભગવન્ ! પહેલા લોક અને પછી અલોક કે પહેલા અલોક અને પછી લોક? રોહ! લોક અને અલોક પહેલા પણ છે, પછી પણ છે. આ બંને શાશ્વત ભાવો છે. તેમાં પહેલો કે પછી ક્રમ નથી.

ભગવન્ ! પહેલા જીવ પછી અજીવ કે પહેલા અજીવ પછી જીવ ? જેમ લોક–અલોકમાં કહ્યું, તેમ જીવ–અજીવમાં જાણવુ. એ પ્રમાણે ભવસિદ્ધિક–અભવસિદ્ધિક, સિદ્ધિ–અસિદ્ધિ, સિદ્ધ–અસિદ્ધ પણ જાણવા.

ભગવન્ ! પહેલા ઇંડુ પછી કુકડી કે પહેલા કુકડી પછી ઇંડુ ?

રોહ ! તે ઇંડુ ક્યાંથી થયું ? ભગવન્ ! કુકડીથી. કુકડી ક્યાંથી થઈ ? ભગવન્ ! ઇંડાથી. એ રીતે હે રોહ! ઇંડુ

અને કુકડી પહેલા પણ છે, પછી પણ છે. એ શાશ્વત ભાવ છે. તે બેમાં કોઈ જાતનો ક્રમ નથી.

ભગવન્ ! પહેલા લોકાંત, પછી અલોકાંત કે પહેલા અલોકાંત, પછી લોકાંત? રોહ! લોકાંત અને અલોકાંત, યાવત્ કોઈ જ ક્રમ નથી.

ભગવન્ ! પહેલા લોકાંત, પછી સાતમું અવકાશાંતરનો પ્રશ્ન. રોહ! લોકાંત અને સાતમું અવકાશાંતર બંને છે, યાવત્ કોઈ ક્રમ નથી. એ પ્રમાણે લોકાંત અને સાતમો તનુવાત, એ રીતે ઘનવાત, ઘનોદધિ અને સાતમી પૃથ્વી. એ પ્રમાણે એક એકની સાથે આ સ્થાનો જોડવા. (આ વાતને નીચેની ગાથાઓ દ્વારા જણાવે છે–)

**૭૩.** અવકાશાંતર, ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, વર્ષક્ષેત્ર, નૈરયિકાદિ ચોવીશ દંડકના જીવ, અસ્તિકાય, સમય, કર્મ અને લેશ્યા. (તથા)

**૭૪.** દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્યપ્રદેશ, પર્યવો, કાળ,

**૭૫.** ભગવન્ ! શું પહેલા લોકાંત, પછી સર્વકાળ છે ? જેમ લોકાંત સાથે એ બધા સ્થાનો જોડ્યા, તેમ અલોકાંત સાથે પણ જોડવા.

ભગવન્ ! પહેલા સાતમું અવકાશાંતર, પછી સાતમો તનુવાત છે ? એ રીતે સાતમું અવકાશાંતર બધા સાથે જોડવું યાવત્ સર્વકાળમાં આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! પહેલા સાતમો તનુવાત, પછી સાતમો ઘનવાત ? આ પણ તેમજ જાણવું. યાવત્ સર્વકાળ.

આ રીતે ઉપરના એકૈકને સંયોજતા અને નીચે–નીચેનાને છોડતા પૂર્વવત્ જાણવુ. યાવત્ અતીત, અનાગતકાળ પછી સર્વકાળનો યાવત્ હે રોહ ! તેમાં કોઈ જાતનો ક્રમ નથી.

ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે, એ પ્રમાણે કહી રોહ અણગાર તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

**૭૬.** ભગવન્ ! એ પ્રમાણે સંબોધન કરી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન આદિ કરી આ પ્રમાણે પૂછ્યું – ભગવન્ ! લોકની સ્થિતિ કેટલા પ્રકારે કહી છે ?

ગૌતમ ! લોકની સ્થિતિ આઠ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે– વાયુ આકાશને આધારે રહેલ છે, ઘનોદધિ વાયુને આધારે રહેલ છે, એ રીતે... ઘનોદધિને આધારે પૃથ્વી, પૃથ્વીને આધારે ત્રસ અને સ્થાવર જીવો રહેલા છે. જીવના આધારે અજીવો છે, કર્મવાળા જીવો કર્મને આધારે રહેલા છે. અજીવોને જીવોએ સંઘરેલા છે અને જીવોને કર્મોએ સંઘરેલા છે.

હે ભગવન્ ! એમ કેમ કહો છો કે લોકની સ્થિતિ આઠ પ્રકારે છે? ઈત્યાદિ ?

ગૌતમ ! જેમ કોઈ પુરુષ ચામડાની મસકને પવનથી ફૂલાવે, ફૂલાવીને તેનું મુખ બાંધે, મધ્યમાં ગાંઠ બાંધે, મુખ ખોલી દે, ઉપરના ભાગે પાણી ભરે, ભરીને મુખ બાંધી દે, વચ્ચેની ગાંઠ છોડી નાંખે, તો ભરેલું પાણી વાયુના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. તે કારણે એમ કહેલ છે કે યાવત્ જીવો કર્મ સંગૃહીત છે.

અથવા હે ગૌતમ ! કોઈ પુરુષ મસકને ફૂલાવીને પોતાની કેડે બાંધે, બાંધીને અથાગ, તરી ન શકાય તેવા, માથોડાથી ઊંડા જળમાં પ્રવેશે, તો તે પુરુષ પાણીના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. એ રીતે આઠ ભેદે લોક સ્થિતિ યાવત્ જીવ કર્મ સંગૃહીત કહ્યા.

## સૂત્ર–૭૭

ભગવન્ ! જીવો અને પુદ્‌ગલો પરસ્પર બદ્ધ છે ? સ્પૃષ્ટ છે ? અવગાઢ છે ? – સ્નેહ પ્રતિબદ્ધ છે ? – ઘટ્ટ થઈને રહે છે ? હા, ગૌતમ ! જીવ અને પુદ્ગલ પરસ્પર એ રીતે રહે છે.

ભગવન્ ! એમ કેમ કહો છો કે જીવ અને પુદ્ગલ પરસ્પર એ રીતે રહે છે ?

ગૌતમ ! જેમ કોઈ એક દ્રહ છે, તે પાણીથી ભરેલો છે, છલોછલ ભરેલો, છલકાતો, પાણીથી વધતો, ભરેલા

ઘડા માફક રહે છે. કોઈ પુરુષ તે દ્રહમાં એક ૧૦૦ નાના છિદ્રવાળી અને ૧૦૦ મોટા છિદ્રવાળી નાવને નાંખે, તો હે ગૌતમ ! તે નાવ તે છિદ્રોથી ભરાતી, વધારે ભરાતી, છલકાતી, પાણીથી વધતી અને ભરેલા ઘડા સમાન થઇ જાય?

હા, તેમ થઇ જાય. તેથી જ હે ગૌતમ ! યાવત્ એમ કહ્યું કે જીવો અને પુદ્ગલ તે પ્રમાણે રહે છે.

સૂત્ર–૭૮

ભગવન્ ! સદા સૂક્ષ્મ સ્નેહકાય પાણી. સદા પરિમિત પડે છે ? હા, પડે છે.

ભગવન્ ! તે ઊર્ધ્વ પડે, નીચે પડે કે તિર્છું પડે ? ગૌતમ ! ઉર્ધ્વ–અધો–તિર્છું ત્રણે પડે.

ભગવન્ ! તે સૂક્ષ્મ અપ્કાય આ સ્થૂળ અપ્કાય માફક પરસ્પર સમાયુક્ત થઈને લાંબો કાળ રહે ?

ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે સૂક્ષ્મ અપ્કાય શીઘ્ર જ નાશ પામે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧, ઉદ્દેશા-૬નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૭ 'નૈરયિક'

સૂત્ર–૭૯

ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પદ્યમાન શું એક ભાગથી એક ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, એક ભાગથી સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, કે સર્વથી દેશ ભાગે ઉપજે કે સર્વથી સર્વ ભાગે ઉપજે ?

ગૌતમ ! દેશથી દેશ, દેશથી સર્વ કે સર્વથી દેશ ભાગે ઉત્પન્ન ન થાય, પણ સર્વથી સર્વ ભાગે ઉપજે. આ પ્રમાણે નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવું.

સૂત્ર–૮૦

ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પદ્યમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ? દેશથી સર્વનો આહાર કરે ? સર્વથી દેશનો આહાર કરે ? કે સર્વથી સર્વનો આહાર કરે ?

ગૌતમ ! દેશથી દેશનો કે દેશથી સર્વનો આહાર ન કરે. સર્વથી દેશનો કે સર્વથી સર્વનો આહાર કરે. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું.

ભગવન્ ! નૈરયિકોથી ઉદ્વર્તતો નૈરયિક શું દેશથી દેશે ઉદ્વર્તે ? આદિ પ્રશ્ન. ઉત્પદ્યમાનની જેમ ઉદ્વર્તમાનનો દંડક કહેવો.

ભગવન્ ! નૈરયિકથી ઉદ્વર્તમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ? આદિ પ્રશ્ન. ગૌતમ ! તે સર્વથી દેશને આશ્રીને આહાર કરે અને સર્વથી સર્વનો આહાર કરે. એમ વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન નૈરયિક શું દેશથી દેશે ઉત્પન્ન થાય? આદિ પ્રશ્ન. ગૌતમ ! સર્વથી સર્વ ભાગે ઉત્પન્ન થાય. ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાનના ચાર દંડક માફક ઉપપન્ન અને ઉદ્વર્તનના પણ ચાર દંડક જાણવા. સર્વથી સર્વ ઉપપન્ન, સર્વથી દેશનો આહાર, સર્વથી સર્વનો આહાર. આ અભિલાપ વડે ઉપપન્ન અને ઉદ્વર્તન જાણવું.

ભગવન્ ! નૈરયિકોમાં ઉપજતો શું અર્ધભાગ વડે અર્ધને આશ્રીને ઉત્પન્ન થાય ? અર્ધથી સર્વ ઉપજે ? સર્વથી અર્ધ ઉપજે ? કે સર્વથી સર્વ ઉપજે ?

ગૌતમ ! જેમ પ્રથમ સાથે આઠ દંડક કહ્યા તેમ અર્ધ સાથે આઠ દંડક કહેવા. વિશેષ આ – દેશને સ્થાને અદ્ધ શબ્દ કહેવો. કુલ ૧૬ દંડક થયા.

સૂત્ર–૮૧

ભગવન્ ! શું જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! થોડો વિગ્રહ ગતિને અને થોડો અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવો વિગ્રહ ગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને? ગૌતમ ! બંને.

ભગવન્ ! નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ?

ગૌતમ ! તે બધા અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે અથવા ઘણા અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે અને એક વિગ્રહગતિને પ્રાપ્ત છે અથવા ઘણા અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે, ઘણા વિગ્રહ ગતિને. એ પ્રમાણે સર્વત્ર ત્રણ ભંગ છે માત્ર જીવ અને એકેન્દ્રિયમાં નહીં.

સૂત્ર–૮૨

ભગવન્ ! મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન, મહાબલવાન, મહાયશવાન, મહા સુખસંપન્ન, મહાનુભાવ(અચિંત્ય શક્તિવાળા), મરણકાળે ચ્યવતો દેવ લજ્જા–દુગંછા–પરીષહને કારણે થોડો સમય આહાર કરતો નથી, પછી આહાર કરે છે અને ગ્રહણ કરાતો આહાર પરિણમે પણ છે, છેવટે તેનું આયુ સર્વથા નષ્ટ થાય છે, તેથી તે દેવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાંનું આયુ અનુભવે. તો શું તે તિર્યંચયોનિકનું કે મનુષ્યનું આયુ જાણવુ ?

હે ગૌતમ ! તે મહર્દ્ધિક દેવનું આયુ યાવત્ તિર્યંચયોનિકનું કે મનુષ્યનું પણ જાણવું.

સૂત્ર–૮૩

ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સેન્દ્રિય ઉત્પન્ન થાય કે અનિન્દ્રિય ? ગૌતમ ! ઇન્દ્રિયવાળો પણ ઉત્પન્ન થાય, ઇન્દ્રિય વિનાનો પણ.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયોની અપેક્ષાએ અનિન્દ્રિય અને ભાવેન્દ્રિય અપેક્ષાએ ઇન્દ્રિય વાળો ઉત્પન્ન થાય, તેથી એ પ્રમાણે કહ્યું.

ભગવન્ ! ગર્ભમાં ઉપજતો જીવ સશરીરી ઉત્પન્ન થાય કે અશરીરી ? ગૌતમ ! શરીરવાળો અને શરીર વિનાનો એમ બંને ઉત્પન્ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઔદારિક, વૈક્રિય, આહારક અપેક્ષાએ શરીર રહિત અને તૈજસ, કાર્મણની અપેક્ષાએ શરીર સહિત ઉત્પન્ન થાય.

ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતાં જ જીવ પહેલા શું ખાય ? ગૌતમ ! માતાનું આર્તવ અને પિતાનુ વીર્ય, તદુભય સંસૃષ્ટ કલુષ અને કિલ્વિષનો સૌ પહેલાં આહાર કરે છે.

ભગવન્ ! ગર્ભમાં ગયેલ જીવ શું ખાય ? ગૌતમ ! માતાએ ખાધેલ અનેકવિધ રસ વિગઈના આહારના અંશ રૂપ ઓજનો આહાર કરે છે.

ભગવન્ ! શું ગર્ભમાં રહેલા જીવને મળ, મૂત્ર, કફ, નાકનો મેલ, વામન કે પિત્ત હોય છે ? ગૌતમ ! એ કથન યોગ્ય નથી. ભગવન્ ! એમ કેમ કહો છો?

ગૌતમ ! ગર્ભમાં રહેલ જીવ જે આહાર કરે, તે આહાર તેને શ્રોત્રેન્દ્રિય થી સ્પર્શનેન્દ્રિય સુધીની પાંચ ઇન્દ્રિય રૂપે, અસ્થિ, મજ્જા, કેશ, દાઢી, મૂછ, રોમ અને નખના રૂપે પરિણત થાય છે. તે કારણથી હે ગૌતમ! એમ કહ્યું કે ગર્ભમાં રહેલ જીવને મળ, મૂત્ર આદિ હોતા નથી.

ભગવન્ ! ગર્ભગત જીવ મુખેથી કવલાહાર લઈ શકે ? ગૌતમ ! ન લઈ શકે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! ગર્ભમાં રહેલ જીવ સર્વાત્મપ્રદેશ(સંપૂર્ણ શરીર) વડે આહાર કરે છે. પરિણમાવે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, વારંવાર– આહાર કરે છે. પરિણમાવે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, કદાચિત આહાર કરે છે. પરિણમાવે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, બાળકના જીવને રસ પહોંચાડવા અને માતાને રસ લેવામાં કારણભૂત નાડી માતાના જીવ સાથે પ્રતિબદ્ધ અને પુત્ર જીવ સાથે સ્પૃષ્ટ છે, તેનાથી આહાર લે, પરિણમાવે છે. બીજી પણ એક નાડી પુત્રના જીવ સાથે સંબદ્ધ, માતાના જીવને સ્પર્શેલ છે, તેનાથી આહારનો ચય, ઉપચય કરે છે,

હે ગૌતમ ! તે કારણથી એમ કહ્યું કે ગર્ભગત જીવ મુખેથી કવલાહાર ન કરે.

ભગવન્ ! માતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ–માંસ, લોહી, માથાનું ભેજું.

ભગવન્ ! પિતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ – હાડકા, મજ્જા, કેશ–દાઢી–રોમ–નખ.

ભગવન્ ! તે માતાપિતાના અંગો સંતાનના શરીરમાં કેટલો કાળ રહે ? ગૌતમ ! જેટલો કાળ ભવધારણીય શરીર રહે તેટલો કાળ તે અંગો રહે. સમયે સમયે હીન થતાં છેવટે તે શરીર નષ્ટ થતાં તે અંગો પણ નષ્ટ થાય.

સૂત્ર–૮૪

ભગવન્ ! ગર્ભગત જીવ નૈરયિકમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! તે સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, વીર્યલબ્ધિ અને વૈક્રિય લબ્ધિ વડે શત્રુસૈન્ય આવેલ સાંભળીને, અવધારીને આત્મ–પ્રદેશોને બહાર ફેંકે છે, ફેંકીને વૈક્રિય સમુદ્‌ઘાત વડે ચાતુરંગિણી સેના વિકુર્વે, વિકુર્વીને ચાતુરંગિણી સેના વડે શત્રુસૈન્ય સાથે સંગ્રામ કરે.

તે જીવ અર્થ–રાજ્ય–ભોગ–કામની કામનાથી તથા અર્થ–રાજ્ય–ભોગ–કામની કાંક્ષાથી, અર્થાદિની તૃષ્ણાથી તચ્ચિત્ત, તમ્મન, તલ્લેશ્યા, તેના અર્પિત અધ્યવસાય, તીવ્ર અધ્યવસાય, તેમાં પ્રયત્નવાળો, તેમાં અર્પિત કરવા અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો નૈરયિકમાં ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે કોઈ ઉપજે, કોઈ ન ઉપજે.

ભગવન્ ! ગર્ભગત જીવ દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે. એમ કેમ કહ્યું ?

ગૌતમ ! તે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત થયેલો તથારૂપ શ્રમણ કે માહણ પાસે એક પણ આર્ય અને ધાર્મિક સુવચન સાંભળી, અવધારીને તુરંત સંવેગથી શ્રદ્ધાળુ બની તીવ્ર ધર્માનુરાગરક્ત થઈ, તે જીવ ધર્મ–પુણ્ય–સ્વર્ગ–મોક્ષની કામના કરતો–કાંક્ષા કરતો–તૃષિત થઈ તેમાં જ ચિત્ત–મન–લેશ્યા–અધ્યવસાય–તીવ્ર અધ્યવસાયવાળો થઈ તેમાં પ્રયત્નવાળો થઈ, સાવધાનતાથી ક્રિયાનો ભોગ આપતો અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો દેવલોક ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે, કોઈ જીવ દેવ થાય અને કોઈ જીવ ન થાય.

ભગવન્ ! શું ગર્ભગત જીવ ચત્તો–પડખાભેર–કેરી જેવો કુબ્જ–ઊભેલો–બેઠેલો કે સૂતેલો પડખા ફેરવતો હોય ? તથા માતા સૂતી હોય ત્યારે સૂતો, જાગતી હોય તો જાગતો, માતાના સુખે સુખી, દુઃખે દુઃખી હોય ? હા, ગૌતમ ! ગર્ભગત જીવ યાવત્ માતાના દુઃખે દુઃખી હોય.

હા, ભગવન્ ! ગર્ભમાં રહેલ જીવની દરેક સ્થિતિ માતાની સર્વ સ્થિતિ પ્રમાણે હોય છે. તેમજ માતા દુખિત હોય ત્યારે તે દુખી થાય છે. ત્યાર પછી પ્રસવકાળ સમયે તે ગર્ભમાં રહેલ જીવ માથા અથવા પગ દ્વારા બહાર આવે તો સરખી રીતે આવે, તિર્છો આવે તો મરણ પામે. જીવના કર્મો જો અશુભ રીતે બદ્ધ–સ્પૃષ્ટ–નિધત્ત–કૃત–પ્રસ્થાપિત–અભિનિવિષ્ટ–અભિસમન્વાગત હોય, ઉદીર્ણ હોય પણ ઉપશાંત ન હોય, તો તે જીવ દુરૂપ, દુર્વર્ણ, દુર્ગન્ધ, દુરસ, દુઃસ્પર્શ, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાંતસ્વર, અપ્રિયસ્વર, અશુભસ્વર, અમનોજ્ઞસ્વર, અમણામસ્વર, અનાદેય વચનવાળો થાય અને જો તે જીવના કર્મો અશુભ રીતે બદ્ધ ન હોય તો બધું પ્રશસ્ત જાણવું યાવત્ તે જીવ આદેય વચન થાય છે.

હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

### શતક-૧, ઉદ્દેશા-૭નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૮ 'બાલ'

સૂત્ર–૮૫

રાજગૃહમાં સમોસરણ થયું યાવત્ એ પ્રમાણે બોલ્યા કે – ભગવન્ ! એકાંતબાલ–મનુષ્ય શું નૈરયિકનું આયુ બાંધે કે તિર્યંચનું બાંધે,, મનુષ્યાયુ બાંધે અથવા દેવાયુ બાંધે ?

નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચઆયુ બાંધી તિર્યંચમાં ઉપજે, મનુષ્યાયુ બાંધી મનુષ્યમાં ઉપજે કે

દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ?

ગૌતમ ! એકાંતબાલ મનુષ્ય નૈરયિકાદિ ચારે આયુ બાંધે. નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચ–મનુષ્ય–દેવનું આયુ બાંધી ક્રમશઃ. તિર્યંચ–મનુષ્ય–દેવલોકમાં ઉપજે.

સૂત્ર–૮૬

ભગવન્ ! એકાંત પંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ?

ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યઆયુ બાંધે અથવા ન બાંધે. જો બાંધે તો નૈરયિક–તિર્યંચ–મનુષ્યાયુ ન બાંધે, દેવાયુ જ બાંધે. નૈરયિક–તિર્યંચ કે મનુષ્યમાં ન ઉપજે, દેવાયુ બાંધીને દેવોમાં જ ઉપજે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે દેવાયુનો બંધ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યની માત્ર બે ગતિઓ જ કહી છે, અંતક્રિયા(મોક્ષગતિ) અને કલ્પોપપત્તિકા(વૈમાનિક દેવગતિ). માટે આમ કહ્યું છે.

ભગવન્ ! બાલપંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવોમાં ઉપજે ? ગૌતમ ! તે નૈરયિકાયુ ન બાંધે અને યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! બાલપંડિત મનુષ્ય તથારૂપ શ્રમણ કે માહણ પાસે એકાદ ધાર્મિક આર્ય સુવચન સાંભળી, અવધારી દેશથી વિરમે છે અને દેશથી નથી વિરમતો,દેશ પચ્ચક્ખાણ કરે અને દેશ પચ્ચક્ખાણ ન કરે. તેથી તે દેશવિરતિ, દેશપચ્ચક્ખાણથી નૈરયિકાયુ ન બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે. માટે આમ કહ્યું.

સૂત્ર–૮૭ થી ૯૧

૮૭. ભગવન્ ! મૃગવૃત્તિક–(મૃગ વડે આજીવિકા ચલાવનાર), મૃગોનો શિકારી, મૃગોના શિકારમાં તલ્લીન એવો કોઈ પુરુષ મૃગ–(હરણ)ને મારવા માટે કચ્છ(નદીથી ઘેરાયેલા ઝાડીવાળા સ્થાન)માં, દ્રહ(જળાશય)માં, ઉદકમાં, ઘાસાદિના સમૂહમાં, વલય(ગોળાકાર નદીના જળથી યુક્ત સ્થાન)માં, અંધકારયુક્ત પ્રદેશમાં, ગહન વનમાં, ગહન–વિદુર્ગમાં, પર્વતમાં, પર્વત વિદુર્ગમાં, વનમાં, વનવિદુર્ગમાં, 'એ મૃગ છે' એમ કરી કોઈ એક મૃગના વધ માટે ખાડા અને જાળ રચે, તો ભગવન્! તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ?

ગૌતમ ! યાવત્ તે પુરુષ ત્રણ–ચાર કે કદાચ પાંચ ક્રિયાવાળો થાય. ભગવન્ ! એમ કેમ કહો છો ?

ગૌતમ ! જ્યાં સુધી તે જાળને ધારણ કરે, પણ મૃગોને બાંધે કે મારે નહીં, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી એ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ છે. જે જાળને ધારણ કરી, મૃગોને બાંધે છે પણ મારતો નથી, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી ચાર ક્રિયાને સ્પર્શે. જે પુરુષ જાળને ધારણ કરે, મૃગોને બાંધે અને મારે તે પુરુષ કાયિકી આદિ પાંચે ક્રિયાને સ્પર્શે છે, માટે એ પ્રમાણે કહેલ છે.

૮૮. ભગવન્ ! કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં કોઈ પુરુષ તૃણને ભેગું કરીને તેમાં આગ મૂકે તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તરણા ભેગા કરે ત્યાં સુધી ત્રણ ક્રિયા, ભેગા કરીને અગ્નિ મૂકે પણ બાળે નહીં ત્યાં સુધી ચાર, તૃણ ભેગું કરી – અગ્નિ મૂકી – બાળે ત્યારે તે પુરુષને યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે છે.

૮૯. ભગવન્ ! મૃગવૃત્તિક, મૃગસંકલ્પ, મૃગપ્રણિધાન, મૃગવધને માટે કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં જઈ 'એ મૃગ છે' એમ વિચારી કોઈ હરણને મારવા બાણ ફેંકે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જ્યાં સુધી તે બાણ ફેંકે પણ મૃગને વીંધતો કે મારતો નથી ત્યાં સુધી ત્રણ, બાણ ફેંકે અને વિંધે પણ મારે નહીં ત્યાં સુધી ચાર, બાણ ફેંકે–વીંધે–મારે એટલે પાંચ ક્રિયાઓ લાગે.

૯૦. ભગવન્ ! કચ્છમાં યાવત્ કોઈ એક મૃગના વધને માટે પૂર્વોક્ત કોઈ પુરુષ, કાન સુધી લાંબા કરેલા બાણને પ્રયત્ન પૂર્વક ખેંચીને ઊભો રહે, બીજો પુરુષ પાછળથી આવીને પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથુ

કાપી નાંખે, પણ તે બાણ પૂર્વના ખેંચાણ થકી ઉછળીને તે મૃગને વિંધે, તો હે ભગવન્ ! તે પુરુષ મૃગના વૈરથી સ્પૃષ્ટ છે કે પુરુષના વૈરથી ?

ગૌતમ ! જે મૃગને મારે છે, તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે છે, તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે નિશ્ચિત છે – કરાતું કરાયું, સંધાતુ સંધાયુ, વળાતુ વળાયુ, ફેંકાતુ ફેંકાયુ કહેવાય ? હા, ભગવન્ ! તેમ કહેવાય. માટે હે ગૌતમ ! જે મૃગને મારે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે. મરનાર જો છ માસમાં મરે તો મારનાર કાયિકી આદિ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ કહેવાય. જો છ માસ પછી મરે તો મારનાર કાયિકી યાવત્ પારિતાપનિકી એ ચાર ક્રિયાથી સ્પૃષ્ટ કહેવાય.

૯૧. ભગવન્ ! કોઈ પુરુષ બીજા પુરુષને બરછીથી મારે, અથવા પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથુ કાપી નાખે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! જ્યાં સુધીમાં તે પુરુષ બીજા પુરુષને બરછી મારે કે તલવારથી છેદે ત્યાં સુધીમાં તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાત એ પાંચ ક્રિયાને સ્પર્શે.

આસન્નવધક–(અત્યંત નજીકથી માર મારનાર) તથા અનવકાંક્ષ પ્રત્યયિક–(અન્યના પ્રાણની પરવા ન કરનાર) પુરુષ વૈરથી સ્પૃષ્ટ થાય છે.

### સૂત્ર–૯૨

ભગવન્ ! સરખા, સરખી ત્વચાવાળા, સમાન ઉંમરવાળા, સરખા દ્રવ્ય તથા ઉપકરણવાળા કોઈ બે પુરુષ, પરસ્પર લડાઈ કરે તેમાં એક પુરુષ હારે અને એક પુરુષ જીતે. ભગવન્ ! આવું કઈ રીતે થાય?

ગૌતમ ! જે પુરુષ સવીર્ય હોય તે જીતે છે અને જે અલ્પ વીર્ય હોય તે હારે છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જેણે વીર્યરહિત કર્મો બાંધ્યા નથી, સ્પર્શ્યા નથી યાવત્ પ્રાપ્ત કર્યા નથી, તેના કર્મો ઉદીર્ણ નથી, પણ ઉપશાંત છે, તે પુરુષ જીતે છે અને જે પુરુષે વીર્યરહિત કર્મો બાંધ્યા છે યાવત્ ઉદીર્ણ છે અને ઉપશાંત નથી, તે પુરુષ પરાજય પામે છે માટે એમ કહ્યું છે.

### સૂત્ર–૯૩

ભગવન્ ! જીવો વીર્યવાળા છે કે વીર્ય વિનાના ? ગૌતમ ! વીર્યવાળા પણ છે અને વીર્ય વિનાના પણ છે –

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવો બે પ્રકારે – સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. તેમાં જે અસંસાર સમાપન્નક છે, તે સિદ્ધ છે. સિદ્ધો અવીર્ય છે. સંસારસમાપન્ન છે તે બે પ્રકારે – શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. જે શૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધિવીર્ય વડે સવીર્ય છે, કરણવીર્ય વડે અવીર્ય છે. જે અશૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધિવીર્ય–(સામર્થ્યરૂપ વીર્ય)થી સવીર્ય હોય પણ કરણ વીર્ય–(સામર્થ્યરૂપ વીર્ય જ્યારે ઉત્થાન, બલ, કર્મ દ્વારા ક્રિયાત્મક બને તે) વડે સવીર્ય પણ હોય અને અવીર્ય પણ હોય. માટે ગૌતમ ! એમ કહ્યું.

ભગવન્ ! નૈરયિકો સવીર્ય છે કે અવીર્ય છે ? ગૌતમ ! લબ્ધિવીર્યથી નૈરયિકો સવીર્ય છે. કરણવીર્યથી સવીર્ય પણ છે, અવીર્ય પણ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું?

ગૌતમ ! જે નૈરયિકોને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ છે, તેઓ લબ્ધિ અને કરણ બંને વીર્યથી સવીર્ય છે. જે નૈરયિકોને ઉત્થાન યાવત્ પરાક્રમ નથી તે નૈરયિકો લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય છે, માટે એમ કહ્યું.

એ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધીના જીવો નૈરયિકવત્ જાણવા. મનુષ્યોને ઔઘિક(સામાન્ય) જીવ પેઠે જાણવા. તેમાં સિદ્ધોને ગણવા નહીં. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.

હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.

## શતક-૧, ઉદ્દેશા-૮નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૯ 'ગુરુત્વ'

સૂત્ર-૯૪

ભગવન્ ! જીવો ગુરુ–(ભારે)પણુ કઈ રીતે શીઘ્ર પામે છે ?

ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શન શલ્યથી. એ રીતે ગૌતમ ! જીવો ગુરુત્વને–(ભારેપણાને) શીઘ્ર પામે છે.

ભગવન્ ! જીવો લઘુ–(હળવા)પણુ કેવીરીતે શીઘ્ર પામે છે ?

ગૌતમ ! પ્રાણાતિપાતથી વિરમવાથી યાવત્ મિથ્યાદર્શનશલ્યથી અટકવાથી, એ રીતે ગૌતમ ! લઘુપણુ પામે. એ રીતે સંસારને ઘટાડે છે, ટૂંકો કરે છે, સંસારને ઓળંગી જાય છે.

પ્રાણાતિપાતાદિના સેવનથી સંસારને લાંબો કરે છે, વધારે છે અને વારંવાર ભ્રમણ કરે છે.

અહીં લઘુપણુ, સંસારને ઘટાડવો, સંસાર ટુંકો કરવો, સંસારને ઓળંગી જવો એ ચાર પ્રશસ્ત છે,

ગુરુપણું, સંસારને વધારવો, સંસાર લાંબો કરવો, પુન: પુન: ભાવભ્રમણ એ ચાર અપ્રશસ્ત છે.

સૂત્ર-૯૫

ભગવન્ ! શું સાતમો અવકાશાંતર ગુરુ(ભારે) છે, લઘુ(હલકો) છે, (ગુરુ–લઘુ)ભારે–હલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! તે ભારે, હલકો કે ભારે–હલકો નથી, પણ અગુરુલઘુ છે.

ભગવન્ ! સાતમો તનુવાત શું ભારે છે, હલકો છે, ભારે–હલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! ભારે, હલકો કે અગુરુલઘુ નથી, પણ ભારે હલકો છે. એ પ્રમાણે સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ, સાતમી પૃથ્વી વિશે જાણવુ.

સાતમા અવકાશાંતરમાં કહ્યું તેમ બધા અવકાશાંતરો વિશે સમજવું. તનુવાતના વિષયમાં જેમ કહ્યું, તેમજ બધા ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર અને ક્ષેત્રોના વિષયમાં પણ જાણવું.

ભગવન્ ! નૈરયિકો શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી, પણ ગુરુલઘુ અને અગુરુલઘુ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! વૈક્રિય અને તૈજસ શરીર અપેક્ષાએ ગુરુ કે લઘુ નથી અને અગુરુલઘુ નથી, પણ ગુરુલઘુ છે. જીવ અને કર્મની અપેક્ષાએ ગુરુ, લઘુ કે ગુરુલઘુ નથી, પણ અગુરુલઘુ છે. તેથી એમ કહ્યું છે. આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું. વિશેષ એ – શરીરનો ભેદ જાણવો.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાયને અગુરુલઘુ જાણવા.

ભગવન્ ! શું પુદ્‌ગલાસ્તિકાય ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ગૌતમ ! ગુરુ કે લઘુ નથી. પણ ગુરુ લઘુ અને અગુરુ લઘુ છે. ભગવન્ ! તેનું શું કારણ ?

ગૌતમ ! ગુરુલઘુ દ્રવ્યોને આશ્રીને ગુરુ કે લઘુ નથી, ગુરુલઘુ છે, અગુરુલઘુ નથી. અગુરુલઘુ દ્રવ્યોને આશ્રીને લઘુ, ગુરુ કે લઘુગુરુ નથી પણ અગુરુલઘુ છે.

સમય અને કર્મો–(કાર્મણ શરીર) અગુરુલઘુ છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યા શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી પણ ગુરુલઘુ કે અગુરુલઘુ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું? ગૌતમ ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ગુરુલઘુ, ભાવલેશ્યાથી અગુરુલઘુ. એ રીતે શુક્લલેશ્યા સુધી જાણવું. તથા દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞાને અગુરુલઘુ જાણવા.

નીચેના ચાર શરીર ગુરુલઘુ જાણવા. કાર્મણ શરીરને અગુરુ લઘુ જાણવું. મનયોગ, વચનયોગ અગુરુલઘુ છે, કાયયોગ ગુરુલઘુ છે. સાકાર અને અનાકાર ઉપયોગ અગુરુલઘુ છે.

સર્વ પ્રદેશો, સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો પુદ્‌ગલાસ્તિકાય માફક જાણવા. અતીત, અનાગત, સર્વકાળ અગુરુલઘુ જાણવો.

સૂત્ર–૯૬

ભગવન્ ! લાઘવ, અલ્પ ઈચ્છા, અમૂર્છા, અગૃદ્ધિ–(અનાસક્તિ), અપ્રતિબદ્ધતા, એ બધું શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! અક્રોધત્વ, અમાનત્વ, અમાયાત્વ, અલોભત્વ શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! કાંક્ષાપ્રદોષ ક્ષીણ થતાં શ્રમણ નિર્ગ્રન્થ અંતઃકર અને અંતિમ શરીરી થાય ? અથવા પૂર્વઅવસ્થામાં બહુ મોહયુક્ત થઈને વિચરણ કરે પછી સંવૃત્ત–(સંવરયુક્ત) થઈને અર્થાત મોહકર્મનો ક્ષય કરીને કાળ કરે, તો શું તે પછી સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, પરમ નિર્વાણને પામે, સર્વ દુઃખનો અંત કરે ?

હા, ગૌતમ ! કાંક્ષા પ્રદોષ ક્ષીણ થયા પછી યાવત્ જીવ સર્વ દુઃખોનો અંત કરે છે.

સૂત્ર–૯૭

ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે – ભાષે છે – જણાવે છે – પ્રરૂપે છે કે – એક જીવ એક સમયે બે આયુને વેદે છે, તે આ – આ ભવનું આયુ અને, પરભવનુ આયુ. જે સમયે જીવ આ ભવનુ આયુ વેદે છે, તે સમયે પરભવનુ આયુ પણ વેદે છે, જે સમયે પરભવનુ આયુ વેદે છે તે સમયે આ ભવનુ આયુ પણ વેદે છે.

આ ભવનુ આયુ વેદન કરતા પરભવના આયુનું વેદન કરે છે, પરભવનુ આયુ વેદન કરતા આ ભવનુ આયુ વેદન કરે છે. એ રીતે એક જીવ એક સમયે બે આયુનું વેદન કરે છે, ભગવન્ ! શું તે કથન યોગ્ય છે ?

ગૌતમ ! અન્યતીર્થિકો, જે એ પ્રમાણે કહે છે કે એક જીવ એક સમયમાં બે આયુંનું વેદન કરે છે– આ ભવનું આયુ અને પરભવનુ આયુ. જે આમ કહે છે, તે મિથ્યા કહે છે.

ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે જીવ એક સમયે એક આયુ વેદે છે અને તે આ ભવનુ આયુ અથવા પરભવનુ આયુ. જે સમયે પરભવનુ આયુ વેદે છે, તે સમયે આ ભવનુ આયુ નથી વેદતો, આ ભવનુ આયુ વેદે છે, તે સમયે પરભવનુ આયુ વેદતો નથી. આ ભવનુ આયુ વેદવાથી પરભવનુ આયુ નથી વેદતો. પરભવનુ આયુ વેદવાથી આ ભવનુ આયુ નથી વેદતો. એ પ્રમાણે એક જીવ એક સમયે એક આયુ વેદે છે

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, યાવત્ વિચરે છે.

સૂત્ર–૯૮

તે કાળે તે સમયે પાર્શ્વાપત્યીય–(ભગવંત પાર્શ્વનાથની પરંપરાના શિષ્યાનુશિષ્ય) કાલાશ્યવેષિપુત્ર નામક અણગાર જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં જાય છે, જઈને સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહે છે –

હે સ્થવિરો! તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી, પચ્ચક્ખાણ જાણતા નથી, પચ્ચક્ખાણનો અર્થ જાણતા નથી. સંયમ જાણતા નથી, સંયમનો અર્થ જાણતા નથી. સંવર જાણતા નથી, સંવરનો અર્થ જાણતા નથી, વિવેક જાણતા નથી, વિવેકનો અર્થ જાણતા નથી, વ્યુત્સર્ગ જાણતા નથી, વ્યુત્સર્ગનો અર્થ જાણતા નથી.

ત્યારે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું – હે આર્ય! અમે સામાયિકને જાણીએ છીએ, સામાયિકના અર્થને જાણીએ છીએ. યાવત્ અમે વ્યુત્સર્ગના અર્થને જાણીએ છીએ.

ત્યારે તે કાલાશ્યવેષિ અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો! જો તમે સામાયિકને અને સામાયિક ના અર્થને જાણો છો યાવત્ વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો હે આર્યો! તમારું સામાયિક શું છે ? તમારા સામાયિકનો યાવત્ વ્યુત્સર્ગનો અર્થ શો છે ?

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું – અમારો આત્મા સામાયિક છે, આત્મા અમારા સામાયિકનો અર્થ છે યાવત્ આત્મા વ્યુત્સર્ગનો અર્થ છે.

ત્યારે કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો! જો આત્મા એ સામાયિક છે,

આત્મા એ સામાયિકનો અર્થ છે અને યાવત્ આત્મા એ વ્યુત્સર્ગનો અર્થ છે, તો તમે ક્રોધાદિ ચારનો ત્યાગ કરી તેને કેમ નિંદો છો ? હે કાલાશ્યવેષિ પુત્ર ! સંયમને માટે અમે ક્રોધને નીંદીએ છીએ.

હે ભગવંતો! શું ગર્હા કરવી એ સંયમ છે કે અગર્હા કરવી એ સંયમ છે ?

હે કાલાશ્યવેષિ પુત્ર! ગર્હા સંયમ છે, અગર્હા નહીં. ગર્હા બધા દોષોનો નાશ કરે છે. સર્વ મિથ્યાત્વને જાણીને અમારો આત્મા સંયમે સ્થાપિત છે. એ રીતે અમારો આત્મા સંયમમાં પુષ્ટ છે. એ રીતે સંયમે ઉપસ્થિત–સ્થિર છે.

આમ સાંભળી કાલાશ્યવેષિ પુત્ર અણગાર બોધ પામીને, સ્થવિર ભગવંતોને વાંદી, નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવંતો! પૂર્વે આ પદોને ન જાણવાથી, ન સાંભળવાથી, બોધ ન હોવાથી, અભિગમ ન હોવાથી, દષ્ટિ–વિચારિત કે સાંભળેલ ન હોવાથી, વિશેષરૂપે ન જાણેલ હોવાથી, કહેલ નહીં હોવાથી, અનિર્ણિત–ઉદ્ધૃત – અવધારિત ન હોવાથી, આ અર્થની શ્રદ્ધા–પ્રતીતિ–રુચિ કરેલ ન હતી, પણ હવે આ પદોને જાણવા–સાંભળવા–બોધ થવા–અભિગમ–દષ્ટ–શ્રુત–ચિંતિત–વિજ્ઞાન થવાથી, આપે કહેવાથી, નિર્ણીત–ઉદ્ધૃત થવાથી આ અર્થોની શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, રુચિ કરું છું. હે ભગવન્ ! તમે જે કહો છો તે યથાર્થ છે.

ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્રને કહ્યું – હે આર્ય ! અમે જે કહ્યું તેની શ્રદ્ધા કરો, પ્રતીતિ કરો, રુચિ કરો. ત્યારે કાલાશ્યવેષિપુત્રે તે સ્થવિરોને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – હું તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.

હે દેવાનુપ્રિય! જેમ સુખ ઉપજે તેમ કરો, પણ વિલંબ ન કરો. પછી કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિરોને વંદના, નમસ્કાર કર્યા, કરીને ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરે છે – ત્યાર પછી તે કાલાશ્યવેષિપુત્ર અણગારે ઘણા વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, જે પ્રયોજનથી નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનત્વ, અદંતધાવન, અછત્રત્વ, જોડાનો ત્યાગ, ભૂમિશય્યા, ફલક શય્યા, કાષ્ઠ શય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરઘરપ્રવેશ, મળે– ન મળે–ઓછું મળે, ગ્રામ કંટક બાવીશ પરિગ્રહ–ઉપસર્ગો સહેવા એ બધું કર્યું. તે પ્રયોજનને તેણે આરાધ્યું. છેલ્લા ઉચ્છ્વાસ–નિઃશ્વાસે સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત અને સર્વ દુઃખથી ક્ષીણ થયા.

સૂત્ર–૯૯

ભગવન્ ! એમ કહી ગૌતમ, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કરે છે. કરીને આમ કહ્યું –

ભગવન્ ! શું શેઠ, દરિદ્ર, લોભી, ક્ષત્રિય એ બધા એક સાથે અપ્રત્યાખ્યાન ક્રિયા કરે–(અપ્રત્યાખ્યાન જન્ય કર્મબંધ સમાન હોય) ? હા, ગૌતમ ! શેઠ યાવત્ ક્ષત્રિયને અપ્રત્યાખ્યાન જન્ય કર્મબંધ સમાન હોય .

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિ ભાવની સમાનતાનેઆશ્રીને એમ કહ્યું કે– શેઠ યાવત્ ક્ષત્રિયને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાનરૂપે લાગે છે.

સૂત્ર–૧૦૦

આધાકર્મી દોષયુક્ત આહાર કરતો શ્રમણ નિર્ગ્રન્થ શું બાંધે ? શું કરે છે ? શું ચય કરે છે ? શું ઉપચય કરે છે ?

ગૌતમ ! આધાકર્મી દોષયુક્ત આહાર કરતો શ્રમણ આયુકર્મ સિવાયની શિથિલબંધન બદ્ધ સાતે કર્મપ્રકૃતિને દૃઢ બંધન બદ્ધ કરે છે યાવત્ સંસારમાં ભમે છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! આધાકર્મી દોષયુક્ત આહાર કરતો શ્રમણ આત્મધર્મને ઓળંગે છે, આત્મધર્મ ઓળંગતો તે પૃથ્વીકાય યાવત્ ત્રસકાયના જીવની દરકાર નથી કરતો. તથા જે જીવોના શરીર તે ખાય છે, તે જીવોની પણ દરકાર નથી કરતો. તેથી આમ કહ્યું.

ભગવન્ ! પ્રાસુક અને એષણીય આહાર આદિનો ઉપભોગ કરનાર શ્રમણ નિર્ગ્રંથ શું બાંધે છે ? યાવત્ શેનો ઉપચય કરે છે ? ગૌતમ ! પ્રાસુક, એષણીયને આહાર આદિનો ઉપભોગ કરનાર શ્રમણ નિર્ગ્રંથ આયુકર્મ સિવાયની સાત કર્મપ્રકૃતિ જે દૃઢ બંધનબદ્ધ છે, તેને શિથિલ બંધનબદ્ધ કરે છે તેને સંવૃત્ત જેવો જાણવો. વિશેષ એ – આયુકર્મને

કદાચિત બાંધે, કદાચિત ન બાંધે. યાવત્ સંસારને ઓળંગી જાય છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પ્રાસુક, એષણીય આહાર આદિનો ઉપભોગ કરનાર શ્રમણ નિર્ગ્રન્થ આત્મધર્મને ઓળંગતો નથી. આત્મધર્મ ન ઓળંગીને પૃથ્વીકાય યાવત્ ત્રસકાયની તથા જે જીવોના શરીરોનો તે આહાર કરે છે તેનું જીવન પણ તે ઈચ્છે છે, તેથી એમ કહ્યું કે યાવત્ સંસારને ઓળંગી જાય છે.

સૂત્ર–૧૦૧

ભગવન્ ! શું અસ્થિર પદાર્થ (કર્મ) બદલાય છે ? સ્થિર (જીવ)નથી બદલાતો ? અસ્થિર પદાર્થ (અસ્થિર કર્મ) ભાંગે છે ? સ્થિર (સ્થિર જીવ) નથી ભાંગતો ? બાળક (અસંયત જીવ)શાશ્વત છે ? બાળકપણું (અસંયત પણું)અશાશ્વત છે ? પંડિત (સંયત જીવ)શાશ્વત છે ? પંડિતપણું (સંયતપણું) અશાશ્વત છે ?

હા, ગૌતમ ! અસ્થિર પદાર્થ બદલાય છે. યાવત્ પંડિતત્વ અશાશ્વત છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

### શતક-૧, ઉદ્દેશા-૯નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧, ઉદ્દેશો-૧૦ 'ચલન'

સૂત્ર–૧૦૨

ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે, ૧. ચાલતું એ ચાલ્યુ યાવત્ નિર્જરાતુ એ નિર્જરાયુ ન કહેવાય.

૨. તે અન્યતીર્થિકો કહે છે– બે પરમાણુ પુદ્ગલો એકમેકને ચોંટતા નથી કેમ ચોંટતા નથી ? તેનું કારણ એ છે કે– બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ નથી, માટે એકમેકને ચોંટતા નથી તેથી બે પરમાણુનો સ્કંધ થતો નથી.

૩. ત્રણ પરમાણુ પુદ્ગલ પરસ્પર ચોંટે છે. અર્થાત એક સ્કંધરૂપે પરિણત થાય છે, ક્યાં કારણથી ત્રણ પરમાણુ ચોંટે છે ? ત્રણ પરમાણુ પુદ્ગલોમાં ચિકાશ હોય છે, માટે પરસ્પર ચોંટી જાય છે. વળી જો તેના ભાગ કરવામાં આવે તો તેના બે ભાગ કે ત્રણ ભાગ પણ થઈ શકે છે. જો તેના બે ભાગ કરવામાં આવે તો એક તરફ દોઢ પરમાણુ પુદ્ગલ અને બીજી તરફ દોઢ પરમાણુ પુદ્ગલ આવે છે. જો તેના ત્રણ ભાગ કરવામાં આવે તો ત્રણે પરમાણુ પુદ્ગલ જુદા જુદા થઈ જાય છે. એ પ્રમાણે ચાર પરમાણુ પુદ્ગલોમાં જાણવું.

પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે અર્થાત એક સ્કંધરૂપે પરિણત થાય છે. ચોંટીને કર્મપણે થાય છે. આ કર્મ શાશ્વત છે, હંમેશા સારી રીતે ઉપચય અને અપચયને પામે છે.

૪. બોલવાના સમયની પૂર્વે જે ભાષા, તે ભાષા છે. બોલતા સમયની ભાષા, તે અભાષા છે. બોલાયા પછીની ભાષા તે ભાષા છે. હવે જો પૂર્વની ભાષા ભાષા છે, બોલાતી ભાષા અભાષા છે, બોલાયેલી ભાષા ભાષા છે, તો શું તે બોલનારની ભાષા છે કે ન બોલનારની ભાષા છે ? ન બોલનારની તે ભાષા છે પણ બોલનારની ભાષા નથી.

૫. પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી. કરાયા પછીની ક્રિયા તે દુઃખહેતુ છે. હવે જો પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી અને કરવાના સમય પછીની ક્રિયા દુઃખહેતુ છે, તો શું તે કરણથી દુઃખહેતુ છે કે અકરણથી દુઃખહેતુ છે ? તે અકરણથી દુઃખહેતુ છે, પણ કરણથી દુઃખહેતુ નથી.

૬. અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે, અક્રિયમાણકૃત દુઃખ છે, તેને ન કરીને પ્રાણ-ભૂત-જીવ-સત્વો વેદના વેદના ભોગવે છે એ પ્રમાણે કહેવું જોઈએ..

ભગવન્ ! શું આવું તે અન્યતીર્થિકોનું મંતવ્ય સત્ય છે ?

ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ વેદના વેદે છે એવું વક્તવ્ય છે, તે કથન મિથ્યા છે. ગૌતમ ! હું એમ કહું છું કે – ચાલતું ચાલ્યુ યાવત્ નિર્જરાતુ નિર્જરાયુ કહેવાય.

બે પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. કેમ કે બંને પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ(સ્નિગ્ધતા) છે. તેથી બે

પરમાણુ એક સ્કંધ રૂપે પરિણમે છે, તેનો ભેદ કરવાથી પરમાણુ પુદ્ગલનાં બે ભાગ થાય છે. તે ભાગ કરાતા એક તરફ એક અને બીજી તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે.

ત્રણ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. કેમ કે ત્રણ પરમાણુ પુદ્ગલમાં ચીકાશ છે. તેનો ભેદ કરતા બે અથવા ત્રણ ભાગ થઈ શકે છે. જો બે ભાગ કરાય તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે, બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ આવે છે. જો ત્રણ ભાગ કરાય તો ત્રણ પરમાણુ પુદ્ગલ થાય છે. એ રીતે ચાર પરમાણુ પણ જાણવા.

પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે, ચોંટીને એક સ્કંધરૂપ થાય છે. તે સ્કંધ અશાશ્વત છે, હંમેશા ઉપચય અને અપચયને પામે છે અર્થાત તે વધે છે કે ઘટે છે.

પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે.

જે તે પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે, તો શું તે બોલતા પુરુષની ભાષા છે, ન બોલતા પુરુષની ભાષા છે ?

તે બોલનાર પુરુષની જ ભાષા છે, નહી બોલનાર પુરુષની ભાષા નથી જ.

પૂર્વની ક્રિયા દુઃખ હેતુ નથી ઇત્યાદિ ભાષા પેઠે જાણવી. યાવત્ કરણથી તે દુઃખહેતુ છે, અકરણથી દુઃખહેતુ નથી એમ કહેવું.

કૃત્ય દુઃખ છે, સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયમાણ કૃત દુઃખ છે, તેને કરીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વ વેદના વેદે છે, એ પ્રમાણે કહેવું જોઈએ.

સૂત્ર–૧૦૩

ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે કે – યાવત્ એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે – ઐર્યાપથિકી, સાંપરાયિકી. જે સમયે ઐર્યાપથિકી કરે છે તે સમયે સાંપરાયિકી કરે છે, જે સમયે સાંપરાયિકી ક્રિયા કરે છે, તે સમયે ઐર્યાપથિકી કરે છે. ઐર્યાપથિકી ક્રિયા કરવાથી સાંપરાયિકી ક્રિયા થાય છે, સાંપરાયિકી ક્રિયા કરવાથી ઐર્યાપથિકી ક્રિયા થાય છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે – ઐર્યાપથિકી અને સાંપરાયિકી. ભગવન્ ! આ કથન કેવી રીતે શક્ય થાય ?

ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે યાવત્ જે તેઓએ એમ કહ્યું છે, તે મિથ્યા છે. ગૌતમ ! હું એમ કહું છું કે નિશ્ચે એક જીવ એક સમયે એક જ ક્રિયા કરે છે. અહીં પરતીર્થિકની માન્યતા અને તથા સ્વસિદ્ધાંતની વક્તવ્યતા જાણવી. યાવત્ ઐર્યાપથિકી અથવા સાંપરાયિક ક્રિયા કરે છે.

સૂત્ર–૧૦૪

ભગવન્ ! નરકગતિ કેટલો કાળ ઉપપાત વિનાની કહી છે ? જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૧૨–મુહૂર્ત. એ રીતે પન્નવણા સૂત્રનું. આખું વ્યુત્ક્રાંતિ પદ કહેવું.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. યાવત્ ગૌતમ સ્વામી. વિચરે છે.

## શતક-૧, ઉદ્દેશા-૧૦નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

# શતક-૨

## ઉદ્દેશો-૧ 'ઉચ્છ્વાસ, સ્કંદક'

### સૂત્ર–૧૦૫

શતક–૨–માં દશ ઉદ્દેશા છે. ૧.ઉચ્છ્વાસ અને સ્કંદક, ૨.સમુદ્ઘાત, ૩.પૃથ્વી, ૪.ઈન્દ્રિય, ૫. અન્યતીર્થિક, ૬. ભાષા, ૭. દેવ, ૮. ચમરચંચા, ૯. સમયક્ષેત્ર, ૧૦. અસ્તિકાય.

### સૂત્ર–૧૦૬

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. નગરીનું વર્ણન 'ઉવવાઈ' સૂત્રાનુસાર જાણવું. ભગવંત મહાવીર સ્વામી સમોસર્યા(પધાર્યા), પર્ષદા ધર્મોપદેશ સાંભળવા નીકળી, ભગવંતે ધર્મ કહ્યો. પછી પર્ષદા પાછી ફરી.

તે કાળે તે સમયે ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ, ભગવંતની પર્યુપાસના કરતા બોલ્યા–

ભગવન્ ! જે આ બે–ત્રણ–ચાર–પાંચ ઈન્દ્રિયવાળા જીવો છે, તેઓના અંદરના–બહારના ઉચ્છ્વાસ–નિઃશ્વાસને જાણીએ છીએ, જોઈએ છીએ, પણ જે આ પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય જીવો છે, તેઓના અંદર–બહારના ઉચ્છ્વાસ–નિઃશ્વાસને જાણતા નથી, દેખતા નથી. ભગવન્ ! આ જીવો અંદર–બહારના ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે ? હા, ગૌતમ ! પૃથ્વીકાય આદિ જીવો પણ શ્વાસોચ્છ્વાસ લે છે.

### સૂત્ર–૧૦૭

ભગવન્ ! જીવો કેવા પ્રકારના દ્રવ્યોને શ્વાસમાં લે છે અને મૂકે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યો, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ, કાળથી કોઈ પણ સ્થિતિક, ભાવથી વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળા દ્રવ્યોને અંદર–બહારના શ્વાસોચ્છ્વાસ માં લે છે – મૂકે છે –

ભગવન્ ! તેઓ શું એક વર્ણવાળા દ્રવ્યોને શ્વાસ–ઉચ્છ્વાસમાં લે છે – મૂકે છે. ગૌતમ ! અહીં પ્રજ્ઞાપનાના ૨૮માં આહાર પદ મુજબ બધું જાણવું, યાવત્ ત્રણ–ચાર–પાંચ દિશાથી શ્વાસના પુદ્ગલોનું ગ્રહણ કરે છે.

ભગવન્ ! નૈરયિક કેવા પુદ્ગલ દ્રવ્યોને બાહ્ય અભ્યંતર શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ છ એ દિશામાંથી પુદ્ગલ દ્રવ્યોને ગ્રહણ કરે છે.

સામાન્ય જીવો અને એકેન્દ્રિયોને જો વ્યાઘાત ન હોય તો સર્વ દિશામાંથી અને જો વ્યાઘાત હોય તો કદાચિત ત્રણ કે ચાર કે પાંચ દિશામાંથી શ્વાસોચ્છવાસના પુદ્ગલો લે છે. બાકીના સર્વે જીવો નિયમા છ દિશામાંથી શ્વાસોચ્છવાસના પુદ્ગલો ગ્રહણ કરે છે.

ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયોને જ અંદર-બહારના શ્વાસમાં લે છે - મૂકે છે ? હા, ગૌતમ ! વાયુકાય, વાયુકાયોને જ અંદર-બહારના શ્વાસમાં લે છે - મૂકે છે

### સૂત્ર–૧૦૮

ભગવન્ ! શું વાયુકાય વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને ફરી ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! વાયુકાય વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને ફરી ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય.

ભગવન્ ! વાયુકાય શસ્ત્રથી સ્પૃષ્ટ થઈને મરણ પામે કે અસ્પૃષ્ટથી ? ગૌતમ ! સ્પૃષ્ટ થઈને જ મરણ પામે, અસ્પૃષ્ટ–(સ્પૃષ્ટ થયા વિના મરણ પામતા નથી.

ભગવન્ ! વાયુકાય મરે છે, ત્યારે શું સશરીરી બીજી ગતિમાં જાય કે અશરીરી ? ગૌતમ ! કથંચિત્ સશરીરી જાય અને કથંચિત્ અશરીરી જાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે વાયુકાય જીવ કથંચિત્ શરીર સહિત નીકળે અને કથંચિત્ શરીર રહિત નીકળે ?

ગૌતમ ! વાયુકાયને ચાર શરીરો છે – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. તેમાં ઔદારિક, વૈક્રિયને છોડીને અને તૈજસ–કાર્મણની સાથે બીજી ગતિમાં જાય છે, માટે કહ્યું કે મરીને કથંચિત્ સશરીરી અને કથંચિત્ અશરીરી જાય.

સૂત્ર–૧૦૯

ભગવન્ ! જેણે સંસાર અને સંસારના પ્રપંચોનો નિરોધ કર્યો નથી, જેનો સંસાર અને સંસાર–વેદનીય કર્મ ક્ષીણ થયેલ નથી, જેનો સંસાર અને સંસાર–વેદનીય કર્મનો વિચ્છેદ થયો નથી, જે નિષ્ઠિતાર્થ–(સિદ્ધ પ્રયોજન) નથી, જેનું કાર્ય પૂર્ણ થયું નથી, તેવા પ્રાસુકભોજી–(નિર્દોષ આહાર કરનાર). નિર્ગ્રન્થ, ફરીને મનુષ્યાદિ ભવોમાં શીઘ્ર ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! તે ફરીને મનુષ્યાદિ ભવોમાં શીઘ્ર ઉત્પન્ન થાય.

સૂત્ર–૧૧૦

ભગવન્ ! તે પૂર્વોક્ત નિર્ગ્રંથ જીવને કયા શબ્દોથી વર્ણવાય ? ગૌતમ ! તેને કદાચ પ્રાણ, કદાચ ભૂત, કદાચ જીવ, કદાચ સત્ત્વ, કદાચ વિજ્ઞ, કદાચ વેદ તથા કદાચ પ્રાણ–ભૂત–જીવ–સત્વ–વિજ્ઞ–વેદ કહેવાય.

ભગવન્ ! તે પ્રાણ, ભૂત યાવત્ વેદ સુધીના શબ્દોથી કેમ વર્ણવાય છે ? ગૌતમ ! તે અંદર–બહાર શ્વાસ–નિઃશ્વાસ લે છે, માટે પ્રાણ કહેવાય. તે થયો છે – થાય છે – થશે માટે ભૂત કહેવાય. તે જીવ હોવાથી જીવે છે, જીવત્વ અને આયુકર્મ અનુભવે છે માટે જીવ કહેવાય. શુભ–અશુભ કર્મોથી બદ્ધ છે, માટે સત્ત્વ કહેવાય. તે કડવા, કષાયેલા, ખાટા, મીઠા રસોને જાણે છે માટે વિજ્ઞ કહેવાય. સુખ–દુઃખને વેદે છે માટે વેદ કહેવાય. તેથી તેને યાવત્ પ્રાણ યાવત્ વેદ કહેવાય છે.

સૂત્ર–૧૧૧

ભગવન્ ! જેણે સંસારને રોક્યો છે, સંસારના પ્રપંચોને રોક્યા છે યાવત્ જેના કાર્યો પૂર્ણ થયા છે, તે ફરીને મનુષ્ય આદિ ચાર ગતિક સંસારને પામતો નથી ? હા, ગૌતમ ! તે પૂર્વોક્ત સ્વરુપવાળો સંસાર પામતો નથી.

ભગવન્ ! તેવા નિર્ગ્રંથને કયા શબ્દોથી બોલાવાય ? ગૌતમ ! તે સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પારગત–પરંપરગત કહેવાય તથા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત, અંતકૃત્, સર્વદુઃખપ્રક્ષીણ કહેવાય.

ભગવન્ ! તે "એમ જ છે, એમ જ છે" એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને યાવત્ વિચરે છે.

સૂત્ર–૧૧૨ અધૂરુ.

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહી નગર પાસે આવેલ ગુણશીલ ચૈત્યથી નીકળ્યા. નીકળીને બહાર જનપદમાં વિહાર કર્યો.

તે કાળે તે સમયે કૃતંગલા નામે નગરી હતી. ઉવવાઈ સૂત્રાનુસાર નગરીનું વર્ણન જાણવું. તે કૃતંગલા નગરીની બહાર ઈશાન ખૂણામાં છત્રપલાશક નામે ચૈત્ય હતું. ઉવવાઈ સૂત્રાનુસાર ઉદ્યાનનું વર્ણન જાણવું. ત્યારે ઉત્પન્ન કેવળજ્ઞાન–કેવળદર્શનધર શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા યાવત્ સમોસરણ થયું. પર્ષદા નીકળી.

તે કૃતંગલા નગરી નજીક શ્રાવસ્તી નામે નગરી હતી. (વર્ણન).

તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલીનો શિષ્ય સ્કંદક નામનો કાત્યાયન ગોત્રનો પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પાંચમો ઈતિહાસ, છઠ્ઠો નિઘંટુ એ છ નો સાંગોપાંગ, રહસ્યસહિત, સારક(સ્મરણ કરાવનાર)–વારક(અશુદ્ધ ઉચ્ચારણ કરનારને રોકનાર)–ધારક(ભણેલને નહિ ભૂલનાર)–પારક(શાસ્ત્ર પારગામી) અને છ અંગનો જ્ઞાતા હતો. ષષ્ઠીતંત્ર વિશારદ, સંખ્યા–શિક્ષાકલ્પ–વ્યાકરણ–છંદ–નિરુક્ત–જ્યોતિષ અને બ્રાહ્મણ તથા પરિવ્રાજક સંબંધી બીજા ઘણા શાસ્ત્ર અને નયોમાં સુપરિનિષ્ઠિત હતો.

તે શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પીંગલ નામે નિર્ગ્રન્થ વસતા હતા. ત્યારે તે વૈશાલિક શ્રાવક પીંગલ સાધુ અન્ય કોઈ દિવસે જ્યાં કાત્યાયન ગોત્રીય સ્કંદક હતો ત્યાં આવ્યો. આવીને સ્કંદકને આ પ્રમાણે પૂછ્યું –

હે માગધ ! ૧. શું લોક સાંત છે કે અનંત છે ? ૨. જીવ સાંત છે કે અનંત ? ૩. સિદ્ધિ સાંત છે કે અનંત ?, ૪.સિદ્ધો સાંત છે કે અનંત ? ૫.કયા મરણ વડે મરતા જીવનો સંસાર વધે કે ઘટે છે ? આટલા પ્રશ્નોનો ઉત્તર કહે.

વૈશાલિક શ્રાવક પીંગલ નિર્ગ્રન્થે તે સ્કંદકને આ પ્રમાણે પૂછ્યું ત્યારે તે સ્કંદક શંકિત, કાંક્ષિત, વિચિકિત્સક, ભેદ પ્રાપ્ત, ક્લેશપ્રાપ્ત થયો. વૈશાલિક શ્રાવક પીંગલ સાધુને તે કંઈ ઉત્તર ન આપી શકતા મૌન થઈને બેઠો. ત્યારે પીંગલ સાધુએ સ્કંદકને બે–ત્રણવાર આક્ષેપપૂર્વક પૂછ્યું – હે માગધ! લોક સાંત છે યાવત્ ક્યા મરણે મરવાથી જીવનો સંસાર વધે કે ઘટે? તે કહે. ત્યારે તે સ્કંદક, પિંગલ સાધુના બે–ત્રણવાર આમ પૂછવાથી શંકિત, કાંક્ષિત, વિચિકિત્સક, ભેદપ્રાપ્ત, ક્લેશપ્રાપ્ત થયો. પણ પિંગલ સાધુને કંઈ ઉત્તર ન આપી શકવાથી મૌન થઈને રહ્યો.

તે વખતે શ્રાવસ્તી નગરીમાં શૃંગાટક યાવત્ મહામાર્ગોમાં મોટા જનસંમર્દ, જનવ્યૂહવાળી પર્ષદા નીકળી. ત્યારે તે સ્કંદકે ઘણા લોકો પાસે આ પ્રમાણે સાંભળી, અવધારી, આવા પ્રકારે અભ્યર્થિક–ચિંતિત–પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે –

શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક ચૈત્યમાં સંયમથી, તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હું ત્યાં જઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદુ–નમું, શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને, નમીને, સત્કાર–સન્માન આપીને, કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ તેઓની પર્યુપાસના કરીને આવા અર્થો–હેતુ–પ્રશ્નો–કારણોને પૂછું.

એ પ્રમાણે વિચારીને સ્કંદક જ્યાં પરિવ્રાજક મઠ છે, ત્યાં આવીને, ત્યાં ત્રિદંડ, કુંડિક, કાંચનિક(માળા), કરોટિક(માટીનું વાસણ), આસન, કેસરિકા(વાસણ સાફ કવાનું કપડું), છન્નાલક, અંકુશક, પવિત્રક, ગણેત્રિક, છત્રક, ઉપાનહ, પાવડી, ધાતુરક્ત વસ્ત્રો લઈને નીકળે છે, નીકળીને પરિવ્રાજક વસતીથી નીકળે છે. નીકળીને ત્રિદંડ, કુંડિક, કાંચનિક, કરોટિક, ભિસિત, કેસરિકા યાવત્ ધાતુ રક્ત વસ્ત્રો પહેરીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળી, જ્યાં કૃત્તંગલા નગરી છે, જ્યાં છત્રપલાશક ચૈત્ય છે, શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવા નીકળે છે.

હે ગૌતમ ! એ પ્રમાણે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને આમ કહ્યું –

તું તારા પૂર્વ સંબંધીને જોઈશ. ભગવન્ ! હું કોને જોઈશ ? સ્કંદકને.

ભગવન્ ! તેને ક્યારે, કેવી રીતે, કેટલા કાળે જોઈશ ? ગૌતમ ! એ રીતે – તે કાળે તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી (વર્ણન). તે શ્રાવસ્તીમાં ગર્દભાલીના શિષ્ય સ્કંદક નામે કાત્યાયનગોત્રીય પરિવ્રાજક વસતો હતો. તે બધું પૂર્વવત્ જાણવું – યાવત્ – તે મારી પાસે આવવાને નીકળ્યો છે. તે બહુ નજીક છે, ઘણો માર્ગ ઓળંગી ગયા છે, માર્ગ મધ્યે છે. ગૌતમ ! તું તેને આજે જ જોઈશ.

ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! શું તે કાત્યાયન ગોત્રીય સ્કંદક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ, ઘરને છોડીને અનગાર પ્રવ્રજ્યા લેવા સમર્થ છે ? હા, સમર્થ છે.

જ્યારે શ્રમણ ભગવંત મહાવીર ગૌતમસ્વામીને આ વાત કરતા હતા. તેટલામાં કાત્યાયન ગોત્રીય સ્કંદક તે સ્થાને શીઘ્ર આવી પહોંચ્યા.

ત્યારે ગૌતમસ્વામી સ્કંદકને નજીક આવેલ જાણીને જલદી ઊભા થયા, જલદી તેની સામે ગયા. જ્યાં સ્કંદક હતો, ત્યાં આવ્યા. આવીને કાત્યાયન ગોત્રીય સ્કંદકને આ પ્રમાણે કહ્યું – હે સ્કંદક! તમારું સ્વાગત છે, સુસ્વાગત છે. સ્કંદક! તમારું આગમન અનુરૂપ છે, સ્કંદક! તમારું સ્વાગત–અન્વાગત છે. હે સ્કંદક! તમને શ્રાવસ્તી નગરીમાં વૈશાલિય શ્રાવક પીંગલ સાધુએ આ રીતે પૂછ્યું હતું કે – હે માગધ! લોક સાંત છે કે અનંત? એ બધુ પૂર્વવત્ યાવત્ તમે તેથી શીઘ્ર અહીં આવ્યા છો. હે સ્કંદક! શું આ વાત બરાબર છે ? હા, છે.

ત્યારે સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! એવા તથારૂપ જ્ઞાની કે તપસ્વી કોણ છે ? જેણે મારી આ

રહસ્યકૃત્ વાત તમને તુરંત કહી ? જેથી તમે જાણો છો.

ત્યારે ગૌતમ સ્વામીએ સ્કંદકને કહ્યું – હે સ્કંદક! મારા ધર્માચાર્ય ધર્મોપદેશક, ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અરહંત, જિન, કેવલી, ભૂત–વર્તમાન–ભાવિના જ્ઞાતા, સર્વજ્ઞ, સર્વદર્શી, શ્રમણ ભગવંત મહાવીર છે, જેણે મને તમારી આ ગુપ્ત વાત શીઘ્ર કહી. તેથી હે સ્કંદક ! હું તે જાણું છું. ત્યારે તે કાત્યાયનગોત્રીય સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું–

**સૂત્ર–૧૧૨ અધૂરેથી આગળ.**

હે ગૌતમ ! ચાલો, તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈએ, તેમને વંદન, નમન યાવત્ ઉપાસના કરીએ.

હે દેવાનુપ્રિય! તમને સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. પછી તે ગૌતમ સ્વામીએ કાત્યાયનગોત્રીય સ્કંદક સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં જવાનો સંકલ્પ કર્યો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃત્તભોજી હતા. તે વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું શરીર ઉદાર, શૃંગાર–કલ્યાણ–શિવ–ધન્ય–મંગલરૂપ, અલંકારો વિના શોભતું, લક્ષણ–વ્યંજન–ગુણ વડે યુક્ત, શોભાવાળુ અતિ અતિ શોભાયમાન હતું.

પછી તે સ્કંદક, વ્યાવૃત્તભોજી–(પ્રતિદિન આહાર લેનાર) શ્રમણ ભગવંત મહાવીરના ઉદાર યાવત્ અતિ શોભતા શરીરને જોઈને હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમ સૌમનસ્ય, હર્ષના વશ વિકસિત હૃદયી થઈ, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસના કરે છે.

હે સ્કંદક! એમ આમંત્રી, શ્રમણ ભગવંત મહાવીરે સ્કંદકને આ પ્રમાણે કહ્યું – હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં પીંગલ સાધુએ તને આક્ષેપપૂર્વક આમ પૂછ્યું હતું કે – હે માગધ ! લોક સાંત છે કે અનંત ? ઇત્યાદિ અને તું જલદી મારી પાસે આવ્યો છે. સ્કંદક ! શું આ વાત યોગ્ય છે ?

હા, ભગવાન ! તે વાત સત્ય છે.

હે સ્કંદક ! તારા મનમાં આવા પ્રકારે સંકલ્પ થયેલો કે – શું લોક સાંત છે કે અનંત ? તો તેનો અર્થ આ છે –

હે સ્કંદક! મેં લોકને ચાર પ્રકારે કહ્યો છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યલોક એક અને સાંત છે.

ક્ષેત્ર લોક અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો–પહોળો છે, તથા તેની પરિધિ અસંખ્યાત કોડાકોડી યોજન છે અને તે સાંત છે.

કાળલોક કદી ન હતો એમ નથી, કદી ન હોય એમ નથી, કદી નહીં હોય એમ નથી. તે હંમેશા હતો – છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તે અનંત છે.

ભાવલોક–અનંતવર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યવરૂપ છે. અનંત સંસ્થાન–ગુરુલઘુપર્યવ–અગુરુ લઘુ પર્યવરૂપ છે અને કાળ તથા ભાવથી અંત વગરનો છે.

વળી તને જે થયું કે જીવ સાંત છે કે અનંત ? તેનો આ ઉત્તર છે – યાવત્ – દ્રવ્યથી જીવ એક અને અંતવાળો છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશિક, અસંખ્ય પ્રદેશાવગાઢ અને સાંત છે. કાળથી જીવ કદી ન હતો તેમ નથી યાવત્ નિત્ય છે અને તે અનંત છે. ભાવથી જીવ અનંત – જ્ઞાન, દર્શન, અગુરુલઘુ પર્યાયરૂપ છે, તે અનંત છે.

તેથી જીવ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે. કાળ અને ભાવથી અનંત છે.

વળી હે સ્કંદક! તને જે આ વિકલ્પ થયો – યાવત્ – સિદ્ધિ સાંત છે કે અનંત ? તેનો ઉત્તર આ – મેં 'સિદ્ધિ' ચાર પ્રકારે કહી છે – દ્રવ્યથી સિદ્ધિ એક અને અંતવાળી છે, ક્ષેત્રથી સિદ્ધિ લંબાઈ પહોળાઈ–૪૫ લાખ યોજન છે, તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષાધિક છે. તથા તેનો અંત છે. કાળથી સિદ્ધિ કદી ન હતી તેમ નથી ઇત્યાદિ પૂર્વવત્. ભાવથી સિદ્ધિ ભાવલોક માફક કહેવી. એ રીતે દ્રવ્યસિદ્ધિ, ક્ષેત્રસિદ્ધિ સાંત છે. કાળસિદ્ધિ,

ભાવસિદ્ધિ અનંત છે.

હે સ્કંદક! તને જે એમ થયું કે – યાવત્ – સિદ્ધો અંતવાળા છે કે અંતરહિત ? એ પ્રમાણે યાવત્ દ્રવ્યથી સિદ્ધ એક અને સાંત છે, ક્ષેત્રથી સિદ્ધ અસંખ્યપ્રદેશિક, અસંખ્યપ્રદેશાવગાઢ છે. તે સાંત છે, કાળથી સિદ્ધિ સાદિ અનંત છે. તેનો અંત નથી. ભાવથી સિદ્ધો અનંત જ્ઞાનપર્યવરૂપ, અનંત દર્શનપર્યવરૂપ યાવત્ અનંત અગુરુલઘુપર્યવરૂપ છે અને અનંત છે. દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત, કાળ અને ભાવથી અનંત છે.

હે સ્કંદક ! તને એવો જે સંકલ્પ થયો કે – કયા મરણે મરતા તેનો સંસાર વધે કે ઘટે ? તેનો ખુલાસો આ છે –

હે સ્કંદક ! મેં બે ભેદે મરણ કહ્યું છે – બાળમરણ, પંડિતમરણ.

તે બાળમરણ શું છે ? બાળ મરણ બાર ભેદે છે – વલય(ગળું મરડીને)મરણ, વશાર્ત્ત(રીબાઈને)મરણ, અંતોશલ્ય(તિક્ષ્ણ શસ્ત્રથી)મરણ, તદ્‌ભવ(પુનઃ તે જ ભવમાં જન્મ લેવા)મરણ , ગિરિપતન(પર્વતથી પડીને) મરણ, તરુપતન(વૃક્ષથી પડીને)મરણ, જલપ્રવેશ, અગ્નિપ્રવેશ, વિષભક્ષણ, શસ્ત્ર વડે, વેહાયસ(ગળામાં ફાંસો ખાઈને) મરણ અને ગૃદ્ધપૃષ્ઠ(ગીધ આદિ પક્ષીઓને શરીરનું માંસ ખવડાવીને) મરણ.

હે સ્કંદક! આ બાર પ્રકારના બાળમરણથી મરતા જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી આત્માને જોડે છે. તિર્યંચ–મનુષ્ય–દેવગતિરૂપ અનાદિ–અનંત, દીર્ઘકાળ ચતુર્ગતિક સંસારરૂપ વનમાં ભમે છે. તેથી તે મરણે મરતા સંસાર વધે છે, તે બાળમરણ છે.

તે પંડિત મરણ શું છે ? બે ભેદે છે. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન.

તે પાદપોપગમન(પાદપ એટલે વૃક્ષ. આજીવન ચારે આહારનો ત્યાગ કરીને વૃક્ષની જેમ નિશ્ચેષ્ટ બનીને મૃત્યુ સુધી સ્થીર રહેવું) આ મરણ બે ભેદે – નિર્હારિમ(જેની અંત્યેષ્ઠી ક્રિયા કરાય) અને અનિર્હારિમ(જેની અંત્યેષ્ઠી ક્રિયા ન કરાય). આ બંને નિયમા અપ્રતિકર્મ (શરીર સંસ્કાર, સેવાદિ કોઈ પ્રતિકર્મ નથી), તે પાદપોપગમન કહ્યું.

તે ભક્તપ્રત્યાખ્યાન(આજીવન ત્રણ કે ચાર આહારનો ત્યાગ) મરણ બે ભેદે – નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને નિયમા સપ્રતિકર્મ(શરીર સંસ્કાર અને સેવા આદિની જેમાં છૂટ છે તે). આ ભક્તપ્રત્યાખ્યાન મરણ કહ્યું.

હે સ્કંદક! બંને જાતના પંડિત મરણથી મરતો જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી પોતાના આત્માને જુદો કરે છે યાવત્ સંસારને ઓળંગી જાય છે. તે રીતે મરતો સંસારને ઘટાડે છે. આ પંડિત મરણ કહ્યું.

હે સ્કંદક! આ રીતે બંને મરણ મરતો સંસાર વધારે કે ઘટાડે.

સૂત્ર–૧૧૩

તે કાત્યાયન ગોત્રીય સ્કંદક બોધ પામ્યો. શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! હું આપની પાસે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવા ઇચ્છુ છું.

હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર. પછી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને અને મહામોટી પર્ષદાને ધર્મ કહ્યો. અહીં. ધર્મકથા કહેવી.

ત્યારે તે સ્કંદક, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ વિકસિત હૃદયી થઈ, ઊભો થયો. શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને આ પ્રમાણે કહ્યું – આ નિર્ગ્રન્થ પ્રવચનમાં હું શ્રદ્ધા રાખું છું, પ્રીતિ રાખું છું, મને તે રુચે છે, હું તેનો સ્વીકાર કરું છું.

હે ભગવન્ ! એ એમ જ છે, એ તે રીતે જ છે. સત્ય છે – સંદેહરહિત છે – ઇષ્ટ છે – પ્રતીષ્ટ છે – ઇષ્ટ પ્રતીષ્ટ છે, જે રીતે આપે કહેલ છે.

એમ કરીને તે સ્કંદક ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, પછી ઈશાન ખૂણામાં જઈ ત્રિદંડકને, કુંડિકાને યાવત્ વસ્ત્રોને એકાંતે મૂકે છે. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું –

જરા, મરણના દુઃખથી આ લોક સળગેલો છે, વધુ સળગેલો છે, આલિત્ત–પલિત્ત છે. જેમ કોઈ ગૃહસ્થ હોય, તેનું ઘર સળગતુ હોય, તે ઘરમાં તેનો બહુ મૂલ્યવાન પણ અલ્પ વજનવાળો સામાન હોય, તે સામાનને લઈને એકાંતમાં જાય છે, કેમ કે તે વિચારે છે કે – આ મને આગળ હિત–સુખ–ક્ષેમ –કલ્યાણ અને પરંપરાએ કુશળ થશે. તેમ હે દેવાનુપ્રિય! મારો આત્મા એક સામાનરૂપ છે, મને ઈષ્ટ–કાંત–પ્રિય–મનોજ્ઞ–મણામ–સ્થૈર્ય–વિશ્વાસપાત્ર–સંમત–બહુમત–અનુમત–ઘરેણાના કરંડીયા જેવો છે.

– માટે તેને ઠંડી, તાપ, ભૂખ, તરસ, ચોર–વાઘ કે સર્પ, ડાંસ–મચ્છર, વાત–પિત્ત–સળેખમ–સંનિપાત, વિવિધ રોગાંતક, પરીષહ–ઉપસર્ગ નુકસાન ન કરે અને જો હું તેને બચાવી લઉં તો તે પરલોકમાં હિત–સુખ–ક્ષેમ–પરંપરાએ કલ્યાણરૂપ થશે.

તેથી હે દેવાનુપ્રિય! હું ઈચ્છું છું કે આપની પાસે હું સ્વયમેવ–મુંડિત થાઉં, ક્રિયા શીખું, સૂત્ર–અર્થ ભણું, આચાર–ગોચર–વિનય–વિનયનું ફળ–ચરણ–કરણ–સંયમ યાત્રા–સંયમ નિર્વાહક આહારના નિરૂપણને અર્થાત્ આવા પ્રકારના ધર્મને કહો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને સ્વયમેવ દીક્ષા આપી યાવત્ ધર્મ કહ્યો – હે દેવાનુપ્રિય! આ પ્રમાણે જવું–વ્હાલવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે બેસવું, આ પ્રમાણે સૂવું, આ પ્રમાણે ખાવું, આ પ્રમાણે બોલવું, આ રીતે ઉઠીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વોને વિશે સંયમથી વર્તવું. આ બાબતે જરા પણ પ્રમાદ ન કરવો. ત્યારે તે સ્કંદક મુનિએ ભગવંત મહાવીરનો આ આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકાર્યો.

ભગવંતની આજ્ઞા મુજબ સ્કંદક મુનિ ચાલે છે – રહે છે – બેસે છે – સૂવે છે – ખાય છે – ઉઠીને પ્રાણ, ભૂત, સત્ત્વોનો સંયમ પાળે છે. આ બાબતમાં જરા પણ પ્રમાદ કરતા નથી.

હવે તે સ્કંદક અણગાર થયા. ઈર્યા–ભાષા–એષણા–આદાન ભાંડ માત્ર નિક્ષેપણા–ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા, મન, વચન, કાયા એ આઠે સમિતિથી સમિત થયા. મન–વચન–કાયાથી ગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, લજ્જાળુ, ધન્ય, ક્ષમાવાન, જિતેન્દ્રિય, શોધક(શુદ્ધિપૂર્વક આચરણ કરનાર), અનિદાન(નિયાણા રહિત), આકાંક્ષા રહિત, ઉતાવળરહિત, અબહિર્લેશ્ય(ચિત્તને સંયમભાવની ભાર ન રાખનાર), સુશ્રામણ્યરત, દાંત થયા અને આ નિર્ગ્રન્થ પ્રવચનને સન્મુખ રાખીને વિચરવા લાગ્યા.

સૂત્ર–૧૧૪

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીના છત્રપલાશક ચૈત્યથી નીકળીને બહારના જનપદમાં વિચરે છે.

ત્યારે તે સ્કંદક અણગાર, ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧–અંગોને ભણે છે. પછી જ્યાં ભગવંત મહાવીર છે, ત્યાં આવીને ભગવંતને વંદન–નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા હોય તો હું માસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છું છું –

હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો.

ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પ્રાપ્ત થતા હર્ષિત થઈ યાવત્ નમીને માસિકી ભિક્ષુ–પ્રતિમા સ્વીકારીને વિચરે છે. ત્યારે તે સ્કંદક અણગાર માસિકી ભિક્ષુપ્રતિમાને સૂત્ર અનુસાર,, કલ્પ–આચાર અનુસાર,, માર્ગ અનુસાર,, યથાતથ્ય, સમ્યક્ પ્રકારે કાયાને સ્પર્શે છે, પાલન કરે છે, શોભાવે(શુદ્ધતાપૂર્વક આચરે) છે, સમાપ્ત કરે છે, પૂર્ણ કરે છે, કીર્તન કરે છે, અનુપાલન કરે છે, આજ્ઞા વડે આરાધી, કાયા વડે સ્પર્શીને યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે.

– ભગવંત પાસે આવીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું દ્વિમાસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છું છું.

હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. શેષ પૂર્વવત્ જાણવું

એ પ્રમાણે ત્રિમાસિકી, ચાતુર્માસિકી, પંચમાસિકી, છ માસિકી, સપ્ત માસિકી, પહેલી સાત રાત્રિદિવસની, બીજી સાત રાત્રિદિવસની, ત્રીજી સાત રાત્રિ દિવસની, અહોરાત્રિદિનની, તથા એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા સૂત્રાનુસાર યાવત આજ્ઞાપૂર્વક સમ્યક્ આરાધી, પછી સ્કંદક મુનિ એક રાત્રિદિનની ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવી, યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું –

ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.

હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને યાવત્ નમીને ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરે છે.

તેમાં પહેલા માસમાં નિરંતર ચોથભક્ત કરે, દિવસે ઉત્કટુક આસને સૂર્યાભિમુખ થઈ આતાપનાભૂમિમાં આતાપના લેતા અને રાત્રે ઉઘાડા શરીરે વીરાસને બેસે. એ રીતે બીજા માસે નિરંતર છઠ્ઠ તપ કરીને, ત્રીજે માસે અઠ્ઠમના નિરંતર તપથી, ચોથે માસે ચાર–ચાર ઉપવાસ વડે, પાંચમાં માસે પાંચ–પાંચ ઉપવાસથી, છઠ્ઠે–છ–છ, સાતમે સાત–સાત, આઠમે આઠ–આઠ – × - યાવત્ – × - સોળમે માસે નિરંતર સોળ–સોળ ઉપવાસ કરતા, ઉત્કટુક આસને બેસી, સૂર્યાભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતા, રાત્રે અપ્રાવૃત્ત થઈ વીરાસને બેસી, તે સ્કંદક અણગારે ગુણરત્નસંવત્સર તપોકર્મની યથાસૂત્ર, યથાકલ્પ યાવત્ આરાધના કરી, જ્યાં ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા. આવી વાંદી–નમીને ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, ચાર–પાંચ ઉપવાસ વડે, માસક્ષમણ, અર્ધમાસક્ષમણરૂપ વિચિત્ર તપથી આત્માને ભાવના વિચરે છે.

ત્યારપછી તે સ્કંદક અણગાર તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ, શોભાયુક્ત, ઉદગ્ર(ઉત્તરોત્તર વૃદ્ધિયુક્ત), ઉદાત્ત(ઉજ્જ્વલ), ઉત્તમ(સુંદર), ઉદાર, મહાપ્રભાવશાળી તપોકર્મથી શુષ્ક, રૂક્ષ, નિર્માંસ(માંસ રહિત), અસ્થિચર્માવૃત્ત(શરીરમાં માત્ર હાડકા અને ચામડા જ રહેલાં), ચાલતા હાડકાં ખખડે તેવા, કૃશ, શરીરની નાડી દેખાતી હોય તેવા થયા. પોતાના આત્મબળ માત્રથી – ચાલે છે, ઊભે છે, બોલ્યા પછી–બોલતા અને બોલવાનું થશે તેમ વિચારતા પણ ગ્લાનિ પામે છે.

જેમ કોઈ લાકડા કે પાંદડા કે તલ, સામાન કે એરંડના લાકડા કે કોલસાની ભરેલી ગાડી હોય, તે બધી ધૂપમાં સારી રીતે સૂકવી ઢસડતા અવાજ કરતી – જાય છે, ઊભી રહે છે, તેમ સ્કંદક અણગાર ચાલે કે ઊભે ત્યારે અવાજ થાય છે. તેઓ તપથી પુષ્ટ છે, પણ માંસ અને લોહીથી ક્ષીણ છે. રાખના ઢેરમાં દબાયેલ અગ્નિ માફક, તપ અને તેજથી તથા તપ–તેજરૂપ લક્ષ્મીથી અતિ શોભી રહ્યા છે.

### સૂત્ર–૧૧૫

તે કાળે તે સમયે રાજગૃહનગરમાં સમવસરણ થયું (ભગવાન મહાવીર પધાર્યા), યાવત્ પર્ષદા પાછી ગઈ.

ત્યારે તે સ્કંદક અણગાર અન્યદા ક્યારેક રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકાથી જાગતા હતા ત્યારે તેમના મનમા આવો સંકલ્પ યાવત્ થયો કે – હું આ ઉદાર તપકર્મથી શુષ્ક, રુક્ષ, કૃશ થયો છું, યાવત્ બધી નાડીઓ બહાર દેખાય છે, આત્મબળથી જ ચાલુ છું, ઊભું છું યાવત્ ગ્લાન છું. એમ જ ચાલુ કે ઊભું ત્યારે કડકડ અવાજ થાય છે...

તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે, જ્યાં સુધી મારા ધર્માચાર્ય ધર્મોપદેશક–શ્રમણ ભગવંત મહાવીર, જિન, સુહસ્તી વિચરે છે, ત્યાં સુધીમાં મારા માટે શ્રેયસ્કર છે કે આવતીકાલે પ્રકાશવાળી રાત્રિ થયા પછી, કોમળ કમળ ખીલ્યા પછી, પાંડુર પ્રભાત થયા પછી, રાતા અશોક જેવા પ્રકાશવાળો, કેસુડા–પોપટની ચાંચ–ચણોઠીનો અર્ધભાગ સદશ, કમળના સમૂહને વિકસાવનાર, સહસ્રરશ્મિ, તેજથી ઝળહળતો સૂર્ય ઊગે ત્યારે શ્રમણ ભગવંત મહાવીરને વંદીને યાવત્ પર્યુપાસીને, ભગવંત મહાવીરની અનુજ્ઞા મેળવીને...

સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપી, શ્રમણ–શ્રમણીઓને ખમાવી તથારૂપ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર

ધીમે–ધીમે ચડીને મેઘના સમૂહ જેવા, દેવોને ઊતરવાના સ્થાનરૂપ પૃથ્વીશિલાપટ્ટકનું પડિલેહણ કરીને, દર્ભનો સંથારો, આત્માને સંલેહણા–જોષણાથી યુક્ત કરી, ભોજન–પાનનો ત્યાગ કરી, વૃક્ષ પેઠે સ્થિર થઈ, કાળની આકાંક્ષા કર્યા વિના વિચરવું જોઈએ.

એ પ્રમાણે વિચરી, પ્રાતઃકાળ થયા પછી યાવત્ સૂર્ય ઉગ્યા પછી જ્યાં ભગવંત મહાવીર છે યાવત્ ત્યાં જઈને તેઓની પર્યુપાસના કરે છે.

હે સ્કંદક ! એમ કહી, શ્રમણ ભગવંત મહાવીરે સ્કંદક અણગારને આમ કહ્યું – હે સ્કંદક! શું રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકા કરતા યાવત્ તને આવો સંકલ્પ થયેલો કે – હું આવા પ્રકારના ઉદાર વિપુલ આદિ પૂર્વવત્ યાવત્ કાળની આકાંક્ષા ન કરતા વિચરું અને એમ વિચારીને યાવત્ સૂર્ય ઊગ્યા પછી, તું જલદી આવેલ છે.

હે સ્કંદક! આ વાત યોગ્ય છે ? હા, ભગવન્ તે સત્ય છે. હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો વિલંબ ન કરો.

સૂત્ર–૧૧૬

પછી તે સ્કંદક અણગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને હૃષ્ટ–તુષ્ટ થઈ યાવત્ વિકસિત હૃદય થઈને ઊભા થયા. થઈને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરીને યાવત્ નમીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપે છે. પછી શ્રમણો–શ્રમણીઓને ખમાવે છે પછી તથારૂપ યોગ્ય સ્થવિરો સાથે ધીમે ધીમે વિપુલ પર્વત ચડે છે, મેઘઘન સદશ, દેવના રહેઠાણરૂપ પૃથ્વીશિલા પટ્ટકને પડિલેહે છે. પછી ઉચ્ચાર–પ્રસ્રવણભૂમિ પડિલેહે છે, દર્ભનો સંથારો પાથરે છે. પૂર્વ દિશાભિમુખ રહીને પર્યંકાસને બેસીને, દશ નખ સહિત બંને હાથ જોડી, મસ્તકે અંજલિ જોડી આમ બોલે છે –

અરહંત ભગવંતોને યાવત્ મોક્ષ સંપ્રાપ્ત થયેલને નમસ્કાર થાઓ. અચળ સ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ, ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો હું વાંદુ છું, ત્યાં રહેલ ભગવંત મને જુઓ. એમ કરી વાંદી, નમીને આમ બોલ્યા–

પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે સર્વે હિંસાના પચ્ચક્ખાણ યાવજ્જીવ માટે કર્યા છે – યાવત્ – મિથ્યા દર્શનશલ્યના પચ્ચક્ખાણ કર્યા છે. હાલ પણ હું ભગવંત પાસે સર્વ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યનો જાવજ્જીવ માટે ત્યાગ કરું છું. તથા સર્વે અશન–પાનાદિ ચાર આહારના પણ જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ કરું છું. વળી જ્યાં સુધી આ શરીર ઇષ્ટ, કાંત, પ્રિય છે યાવત્ સ્પર્શ છે તેને પણ મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવું છું. એમ કરી સંલેખના, ઝૂષણા કરી, ભોજન–પાનનો ત્યાગ કર્યો, (પાદપોપગમન અનશન કરીને (વૃક્ષની પેઠે સ્થિર થઈને) કાળની આકાંક્ષા ન કરતા વિચરે છે.

હવે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિક આદિ અગિયાર અંગોને ભણીને પ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનામાં આત્માને જોડીને ૬૦ ભક્ત અનશનને છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, અનુક્રમે કાળધર્મને પામ્યા.======

સૂત્ર–૧૧૭

ત્યારે તે સ્થવિર ભગવંતો સ્કંદક અણગારને કાળધર્મ પામેલા જાણીને પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો, કરીને તેમના વસ્ત્ર, પાત્ર ગ્રહણ કર્યા. વિપુલ પર્વત ઉપરથી ધીમે ધીમે ઊતર્યા. ઊતરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને ભગવંતને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું –

એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક નામે અણગાર, જે પ્રકૃતિથી ભદ્રક, વિનીત, ઉપશાંત, પાતળા ક્રોધ માન માયા લોભવાળા, મૃદુ–માર્દવતા સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત, તે આપ દેવાનુપ્રિયની અનુજ્ઞા પામીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપીને, શ્રમણ–શ્રમણીઓને ખમાવીને, અમારી સાથે વિપુલ પર્વતે ચડ્યા ઇત્યાદિ – યાવત્ – અનુક્રમે કાળધર્મ પામ્યા. આ તેમના વસ્ત્ર–પાત્રો છે.

ભગવન્ ! એમ કહી ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું – આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક અણગાર મૃત્યુ અવસરે કાળ કરીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો?

શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિને આમ કહ્યું – હે ગૌતમ ! મારો શિષ્ય સ્કંદક અણગાર, જે પ્રકૃતિભદ્રક હતો યાવત્ મારી આજ્ઞાથી સ્વયમેવ પંચમહાવ્રત ઉચ્ચરીને ઈત્યાદિ પૂર્વવત્ જાણવું યાવત્ આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, મૃત્યુવેળા કાળ કરીને અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની ૨૨–સાગરોપમ સ્થિતિ છે, ત્યાં સ્કંદક દેવની પણ ૨૨–સાગરોપમ સ્થિતિ છે.

ભગવન્ ! સ્કંદક દેવ, તે દેવલોકથી આયુ–ભવ–સ્થિતિનો ક્ષય કરીને અનંતર ચ્યવીને ક્યાં જશે? ક્યાં ઉપજશે? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–દુઃખાંતકર થશે.

શતક-૨, ઉદ્દેશા-૧નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૨ 'સમુદ્‌ઘાત'

સૂત્ર–૧૧૮

ભગવન્ ! સમુદ્‌ઘાતો કેટલા કહ્યા ? ગૌતમ ! સાત સમુદ્‌ઘાત. તે આ– વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત, આહારક સમુદ્‌ઘાત, કેવલી સમુદ્‌ઘાત,

અહીં પ્રજ્ઞાપનાસૂત્રનું ૩૬મુ સમુદ્‌ઘાત પદ કહેવું. પણ છાદ્મસ્થિક સમુદ્‌ઘાતનું વર્ણન ન કરવું.

શતક-૨, ઉદ્દેશા-૨નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૩ 'પૃથ્વી'

સૂત્ર–૧૧૯ થી ૧૨૧

૧૧૯. ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? જીવાભિગમમાં કહેલો નૈરયિકોનો બીજો ઉદ્દેશો જાણવો.

૧૨૦. પૃથ્વી અર્થાત નરકભૂમિ, નરકાવાસનું અંતર, સંસ્થાન, બાહલ્ય, વિષ્કંભ, પરિક્ષેપ, વર્ણ, ગંધ અને સ્પર્શનું અહી વર્ણન કરવું

૧૨૧. ભગવન્ ! શું સર્વે જીવો નરક પૃથ્વીમાં પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! સર્વે જીવો રત્નપ્રભા આદિ નરક પૃથ્વીઓમાં અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.

શતક-૨, ઉદ્દેશા-૩નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૪ 'ઈન્દ્રિય'

સૂત્ર–૧૨૨

ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! ઈન્દ્રિયો પાંચ કહી છે, તે આ પ્રમાણે– શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય. અહી પ્રજ્ઞાપનાસૂત્રના ૧૫મા ઈન્દ્રિયપદનો પહેલો ઉદ્દેશો કહેવો.

ઈન્દ્રિયોનું સંસ્થાન, જાડાઈ, પહોળાઈ યાવત્ અલોક સુધીના દ્વારોનું વર્ણન જાણવું.

શતક-૨, ઉદ્દેશા-૪નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૫ 'અન્યતીર્થિક'

સૂત્ર–૧૨૩

ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાખે છે, જણાવે છે અને પ્રરૂપે છે કે – નિર્ગ્રન્થ, મર્યા પછી દેવ

થાય અને તે ત્યાં બીજા દેવો કે બીજા દેવોની દેવી સાથે આલિંગન કરીને પરિચારણા(કામભોગ સેવન) કરતા નથી. પોતાની દેવીઓને વશ કરીને પરિચારણા કરતા નથી. પણ પોતે જ પોતાને વિકુર્વીને પરિચારણા કરે છે. એ રીતે એક જીવ એક જ સમયે બે વેદને વેદે છે – સ્ત્રીવેદ અને પુરુષવેદ. એ પ્રમાણે પરતીર્થિક વક્તવ્યતા કહેવી. યાવત્ સ્ત્રીવેદ, પુરુષવેદ. ભગવન્ ! શું આ કથન આ રીતે હોઈ શકે ?

ગૌતમ ! જે અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે – યાવત્ – એક જીવ એક સમયમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ એમ બે વેદનો અનુભવ કરે છે. તેઓનું એ કથન ખોટું છે. ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છે કે – નિર્ગ્રન્થ મર્યા પછી કોઈ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. જે મોટી ઋદ્ધિ યાવત્ મોટા પ્રભાવવાળા છે, દૂરગમનની શક્તિસંપન્ન અને ચિરકાલની સ્થિતિ સંપન્ન છે. તે સાધુ ત્યાં મહર્દ્ધિક યાવત્ દશ દિશા અજવાળતો, શોભાવતો યાવત્ પ્રતિરૂપ દેવ થાય છે.

તે દેવ ત્યાં અન્ય દેવ તથા અન્ય દેવોની દેવીને વશ કરીને પરિચારણા કરે છે. પોતાની દેવીઓને વશ કરીને પરિચારણા કરે છે, પણ પોતે પોતાનું રૂપ વૈક્રિય લબ્ધિથી વિકુર્વીને પરિચારણા નથી કરતો.

એક જીવ એક સમયે એક જ વેદને વેદે છે – સ્ત્રી વેદ કે પુરુષ વેદ. જ્યારે તે સ્ત્રી વેદને વેદે છે, ત્યારે પુરુષવેદને ન વેદે. પુરુષવેદના ઉદયમાં સ્ત્રીવેદને ન વેદે. એક જીવ એક સમયે એક વેદને વેદે છે – સ્ત્રીવેદ કે પુરુષવેદ. સ્ત્રી, સ્ત્રી વેદના ઉદયે પુરુષને પ્રાર્થે છે, પુરુષ વેદના ઉદયે પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે. અર્થાત્ તે બંને પરસ્પર પ્રાર્થે છે. તે આ રીતે – સ્ત્રી પુરુષને અથવા પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે.

## સૂત્ર–૧૨૪

ભગવન્ ! ઉદક ગર્ભ, કેટલો કાળ ઉદકગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ.

ભગવન્! તિર્યંચયોનિક ગર્ભ કેટલો કાળ તિર્યંચયોનિક ગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી આઠ વર્ષ.

ભગવન્ ! માનુષી ગર્ભ કેટલો કાળ માનુષી ગર્ભરૂપે રહે? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૧૨–વર્ષ.

## સૂત્ર–૧૨૫, ૧૨૬

૧૨૫. ભગવન્ ! કાયભવસ્થ કેટલો કાળ કાયભવસ્થ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૨૪ વર્ષ સુધી કાયભવસ્થ, તે જ ગર્ભ સ્થાનમાં બે જન્મ મરણ કરતાં કાયભવસ્થ રૂપે રહે છે..

૧૨૬. ભગવન્ ! માનુષી અને પંચેન્દ્રિય તિર્યંચણીને યોનિગત બીજ કેટલો કાળ સુધી યોનિભૂત રૂપે રહે? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૧૨–મુહૂર્ત રહે.

## સૂત્ર–૧૨૭ થી ૧૨૯

૧૨૭. ભગવન્ ! એક જીવ, એક ભવની અપેક્ષાએ કેટલા જીવોનો પુત્ર થઇ શકે? ગૌતમ ! એક જીવ એક ભવમાં જઘન્યથી એક જીવનો,, બે કે ત્રણ જીવોનો અને ઉત્કૃષ્ટથી શત પૃથક્ત્વ જીવનો પુત્ર થાય.

૧૨૮. ભગવન્ ! એક જીવને એક ભવમાં કેટલા જીવ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ જીવ. ઉત્કૃષ્ટ થી લાખ પૃથક્ત્વ જીવો પુત્ર રૂપે ઉત્પન્ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત ઉત્કૃષ્ટ લાખો જીવો પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે સ્ત્રી? ગૌતમ ! સ્ત્રી અને પુરુષના કર્મકૃત્ યોનિમાં જ્યારે મૈથુનવૃત્તિક નામે સંયોગ ઉત્પન્ન થાય, પછી તે બંને વીર્ય અને લોહીનો સંબંધ કરે છે. તેમાં જઘન્ય એક, બે અને ઉત્કૃષ્ટથી લાખ જીવ પુત્રપણે ઉત્પન્ન થઇ શકે છે. તેથી ઉપર પ્રમાણે કહ્યું.

૧૨૯. ભગવન્ ! મૈથુન સેવતા મનુષ્યને કેવા પ્રકારે અસંયમ હોય ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ તપ્ત સુવર્ણની કે લોખંડની સળી વડે રૂ અથવા નળીને કે બૂરની ભરેલી વાંસની નળીને બાળી નાંખે, હે ગૌતમ ! તેવા પ્રકારના મૈથુનને સેવતા મનુષ્યને અસંયમ થાય છે.. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.

સૂત્ર–૧૩૦

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહનગરના ગુણશીલ ચૈત્યથી નીકળ્યા, નીકળીને બહારના જનપદોમાં વિહાર કરતાં વિચરે છે.

તે કાળ તે સમયે તુંગિકા નામે નગરી હતી. (વર્ણન). તે તુંગિકા નગરીની બહાર ઈશાન ખૂણામાં પુષ્પવતી નામે ચૈત્ય હતું. (વર્ણન). ... બંને વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર સમજી લેવું.

તે તુંગિકા નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતા. તેઓ આઢ્ય(સંપત્તિશાળી), દિપ્ત(પ્રભાવશાળી), વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન આદિ, બહુ–ધન, ઘણુ સોનુ–રૂપુ, આયોગ–પ્રયોગ(વ્યાજ વટાવ અને અન્ય કલાઓનો વ્યવસાય કરવામાં) કુશલ હતા. તેઓને ત્યાં વિપુલ માત્રામાં ભોજન–પાન તૈયાર થતા હતા. તેઓને ઘણા દાસ, દાસી, ગાય, પાડા, ઘેટા વગેરે રહેતા ઘણા લોકોથી તેઓ અપરિભૂત હતા.

તેઓ જીવ, અજીવના જ્ઞાતા, પુન્ય–પાપને જાણતા, આશ્રવ–સંવર–નિર્જરા–ક્રિયા–અધિકરણ–બંધ–મોક્ષ તત્ત્વોમાં કુશળ હતા. તેમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેયને સમ્યક્પ્રકારે જાણતા હતા. જીન પ્રવચનમાં દઢ હોવાને કારણે દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ગરુલ, ગંધર્વ, મહોરગાદિ દેવગણ પણ તેઓને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવા સમર્થ ન હતા.

તેઓ નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા–કાંક્ષા–વિચિકિત્સા રહિત હતા. તેઓ લબ્ધાર્થ(શાસ્ત્રના અર્થોને મેળવેલા), ગૃહીતાર્થ(શાસ્ત્રના અર્થોને ચોક્કસપણે ગ્રહેલ હતા), પૃચ્છિતાર્થ(શાસ્ત્રના અર્થમાં સંદેહવાળા સ્થાનોને પૂછીને નિર્ણિત કરેલા), અભિગતાર્થ(શાસ્ત્રના અર્થોને પૂર્ણપણે આત્મશાત કરેલા),વિનિશ્ચિતાર્થ(શાસ્ત્રના અર્થોના રહસ્યો નિશ્ચિત કરેઆ)હતા. નિર્ગ્રન્થ પ્રવચનનો રાગ તેમને હાડોહાડ વ્યાપેલો હતો.

તેઓ કહેતા કે. હે આયુષ્યમાન્! નિર્ગ્રન્થપ્રવચન જ અર્થ અને પરમાર્થરૂપ છે, બાકી બધું અનર્થ છે.

તેમના ઘરનો આગળીયો ઊંચો રહેતો, દ્વાર ખુલ્લા રહેતા, જેના અંતઃપુરમાં જાય તેને પ્રીતિ ઉપજાવનારા, ઘણા શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ ઉપવાસ વડે ચૌદશ, આઠમ, પૂનમ, અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધની સારી રીતે આચરણા કરતા હતા.

તેઓ શ્રમણ–નિર્ગ્રન્થોને પ્રાસુક અને એષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે તથા વસ્ત્ર–પાત્ર–કંબલ–રજોહરણ–પીઠ ફલક–શય્યા–સંથારા વડે, ઔષધ–ભૈષજ વડે પ્રતિલાભતા તથા યથાપ્રતિગૃહીત તપકર્મથી આત્માને ભાવતા વિચરતા હતા.

સૂત્ર–૧૩૧

તે કાળે તે સમયે પાર્શ્વનાથના શિષ્યો સ્થવિર ભગવંતો(ભગવંત પાર્શ્વનાથના શિષ્ય–પ્રશિષ્યો) કે જેઓ – જાતિ સંપન્ન, કુળ સંપન્ન, બળ સંપન્ન, રૂપ સંપન્ન, વિનય સંપન્ન, જ્ઞાન સંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન, લજ્જા સંપન્ન, લાઘવ સંપન્ન હતા તેમજ એ બધાને કારણે ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી હતા, જેમણે ક્રોધ–માન–માયા–લોભ–નિદ્રા–ઈન્દ્રિય–પરીષહને જીત્યા છે, જીવવાની દરકાર કે મરણના ભયથી રહિત યાવત્ કુત્રિકાપણરૂપ, બહુશ્રુત, બહુપરિવાર વાળા હતા, તેઓ ૫૦૦ સાધુ સાથે પરિવૃત્ત થઈ, યથાક્રમે વિચરતા ગ્રામાનુગામ જતા, સુખે સુખે વિહાર કરતા જ્યાં તુંગિકા નગરીનું પુષ્પવતી ચૈત્ય હતું ત્યાં આવ્યા. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા વિહરે છે.

સૂત્ર–૧૩૨

ત્યારે તુંગિકાનગરીના શૃંગાટક(સિંઘોડા આકારનો ત્રિકોણ માર્ગ), ત્રિક(ત્રણ રસ્તા ભેગા થાય તે), ચતુષ્ક (ચાર રસ્તા ભેગા થાય તે), ચત્વર(અનેક માર્ગો ભેગા થતા હોય તે), મહાપથ(રાજમાર્ગ), પથો(સામાન્ય માર્ગ)માં યાવત્ એક દિશામાં રહીને તે સ્થવિરોને વંદન કરવા પર્ષદા નીકળી.

ત્યારે તે શ્રાવકો આ વાત જાણીને હૃષ્ટ–તુષ્ટ થયેલા યાવત્ પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિયો! પાર્શ્વનાથના શિષ્યો–સ્થવિર ભગવંતો, જાતિસંપન્નાદિ છે યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

હે દેવાનુપ્રિયો ! તથારૂપ સ્થવિર ભગવંતોનું નામ કે ગોત્ર પણ સાંભળવાથી મોટું ફળ છે, તો તેમની સન્મુખ જવાથી, વંદન–નમસ્કાર–પ્રતિપૃચ્છા–સેવા કરવાથી યાવત્ ગ્રહણતા વડે કલ્યાણ થાય જ તેમાં શું આશ્ચર્ય! હે દેવાનુપ્રિયો ! આપણે ત્યાં જઈએ, સ્થવિર ભગવંતોને વંદન–નમન યાવત્ સેવા કરીએ. તે આપણને આ ભવમાં અને પરભવમાં યાવત્ પરંપરાએ કલ્યાણરૂપ છે.

આ પ્રમાણે વાત કરી પરસ્પર આ અર્થને સ્વીકાર કરે છે, પછી પોતપોતાના ઘેર જાય છે. જઈને સ્નાન કરી, બલિકર્મ–કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ કરી પ્રવેશ યોગ્ય શુદ્ધ–મંગલ વસ્ત્રોને ઉત્તમતાપૂર્વક પહેરી, અલ્પ પણ મૂલ્યવાન અલંકાર થી શરીર શણગારી, પોત–પોતાના ઘેરથી નીકળ્યા. એક સ્થાને ભેગા થયા, પગે ચાલીને તુંગિકા નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યા. પુષ્પવતી ચૈત્યે આવ્યા. સ્થવિર ભગવંતોને પાંચ પ્રકારના અભિગમથી અભિગમે છે–

તે આ – ૧.સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, ૨.અચિત્ત દ્રવ્યોને સાથે રાખવા, ૩.એકશાટિક ઉત્તરાસંગ કરવું, ૪.જોતાની સાથે જ અંજલિ જોડવી અને ૫.મનને એકાગ્ર કરવું.

આ રીતે પાંચ પ્રકારના અભિગમને ધારણ કરીને, તે શ્રમણોપાકો સ્થવિર ભગવંતો પાસે આવીને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે યાવત્ ત્રણ પર્યુપાસનાથી પર્યુપાસે છે.

સૂત્ર–૧૩૩

ત્યારે તે સ્થવિર ભગવંતોએ, તે શ્રાવકોને અને તે મહા–મોટી પર્ષદાને ચતુર્યામ ધર્મ કહ્યો. કેશીસ્વામીની માફક યાવત્ તે શ્રાવકોએ પોતાના શ્રાવકપણાથી તે સ્થવિરોની આજ્ઞાનું આરાધન કર્યું –યાવત્– ધર્મકથા પૂર્ણ થઈ

ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસે ધર્મ સાંભળીને, અવધારીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ વિકસિતહૃદયી થયા. ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારે પર્યુપાસના કરતા, આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! સંયમનું ફળ શું ? તપનું ફળ શું ?

ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને કહ્યું – હે આર્યો ! સંયમનું ફળ આસ્રવરહિતતા છે અને તપનું ફળ વ્યવદાન–(કર્મોનો વિશેષરૂપે નાશ કરવો તે) છે અથવા કર્મશુદ્ધિ. છે.

ત્યારે શ્રાવકોએ સ્થવિરોને પૂછ્યું – જો સંયમનું ફળ તે આશ્રવરહિતતા છે, તપનું ફળ વ્યવદાન છે, તો દેવો દેવલોકે ઉત્પન્ન થાય છે, તેનું શું કારણ?

ત્યારે કાલિકપુત્ર સ્થવિરે તે શ્રાવકોને કહ્યું – પૂર્વના તપ વડે હે આર્ય! દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે, મેહિલ સ્થવિરે કહ્યું – હે આર્ય ! પૂર્વના સંયમથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આનંદરક્ષિત સ્થવિરે શ્રાવકોને કહ્યું – હે આર્યો ! કર્મીપણાથી દેવો દેવલોકમાં ઉપજે છે. કાશ્યપ સ્થવિરે શ્રાવકોને કહ્યું કે – સંગીપણાથી હે આર્યો ! દેવો દેવલોકમાં ઉપજે છે. અર્થાત્ હે આર્યો ! પૂર્વના તપથી, પૂર્વના સંયમથી, કર્મીપણાથી, સંગીપણાથી દેવો દેવલોકે ઉપજે છે. આ કથન સાચું છે, અમારા અભિમાનથી કહેતા નથી.

ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસેથી આ આવા પ્રકારના ઉત્તરો સાંભળીને હૃષ્ટ–તુષ્ટ થઈ સ્થવિર ભગવંતો ને વાંદી–નમીને બીજા પણ પ્રશ્નો પૂછ્યા, અર્થો ગ્રહણ કર્યા, ઊઠીને સ્થવિર ભગવંતોને ત્રણ વખત વંદન–નમસ્કાર કર્યા, સ્થવિરો પાસેથી અને પુષ્પવતી ચૈત્યથી નીકળી, જ્યાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા. તે સ્થવિરો પણ અન્ય કોઈ દિવસે તુંગિકા નગરીના પુષ્પવતી ચૈત્યથી નીકળી બહારના જનપદમાં વિહાર કર્યો.

સૂત્ર–૧૩૪

તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ ધર્મોપદેશ સાંભળી પર્ષદા પાછી ફરી,

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ નામે અણગાર યાવત્ સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા, નિરંતર છટ્ઠનો તપકર્મપૂર્વક સંયમ અને તપ વડે આત્માને ભાવતા યાવત્ વિચરતા હતા.

ત્યારે તે ગૌતમસ્વામી છટ્ઠના પારણા દિને પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે છે, બીજી પોરિસીમાં ધ્યાન કરે છે, ત્રીજી પોરિસીમાં ત્વરારહિત, ચપળતા રહિત, અસંભ્રાંત થઈ મુહપત્તિ પડિલેહી, વસ્ત્ર–પાત્ર પડિલેહે છે. પાત્રો પ્રમાર્જી, પાત્રો લઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવી, ભગવંતને વંદન–નમસ્કાર કરી આમ બોલ્યા – ભગવન્ ! આજે છટ્ઠના પારણાદિને આપની અનુજ્ઞા પામીને રાજગૃહીના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાથી ફરવા ઇચ્છું છું – ભગવંતે કહ્યું, હે દેવાનુપ્રિય ! જેમ આપને સુખ ઉપજે તેમ કરો પણ વિલંબ ન કરો.

ત્યારે તે ગૌતમસ્વામી, શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંત પાસેથી, ગુણશીલ ચૈત્યથી નીકળ્યા. ત્વરા–ચપળતા–સંભ્રાંતતા રહિત, યુગંતર ભૂમિ જોતા, દૃષ્ટિથી ઈર્યા સમિતિ શોધતા રાજગૃહ નગરમાં આવ્યા. આવીને રાજગૃહ નગરના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યા માટે ફરે છે.

ત્યારે તે ગૌતમ સ્વામીને રાજગૃહમાં યાવત્ ફરતા ઘણા લોકોનો અવાજ સાંભળ્યો. હે દેવાનુપ્રિયો! તુંગિકા નગરી બહાર પુષ્પવતી ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો–સ્થવિર ભગવંતોને શ્રાવકોએ આ આવા પ્રકારના પ્રશ્નો પૂછ્યા – સંયમનું અને તપનું ફળ શું ? ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને એમ કહ્યું –

હે આર્યો ! સંયમથી અનાશ્રવપણું, તપથી વ્યવદાનનું ફળ છે. યાવત્ પૂર્વતપ–પૂર્વસંયમ–કર્મિતા–સંગીતા થી હે આર્યો દેવો દેવલોકે ઉપજે છે. આ અર્થ સત્ય છે, પણ અમારા અભિમાનથી કહ્યો નથી. આ વાત કેમ મનાય?

ત્યારે ગૌતમે આ કથા સાંભળતા તેઓ તેમાં – જિજ્ઞાસામાં શ્રદ્ધાવાળા યાવત્ કુતૂહલવાળા થયા. તેઓ યથાપર્યાપ્ત ગૌચરી લઈને રાજગૃહ નગરથી નીકળીને ત્વરારહિત યાવત્ ઈર્યાસમિતિ શોધતા, ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવ્યા.

ભગવંત મહાવીરની સમીપે ગમનાગમન પ્રતિક્રમણ કર્યું. એષણીય–અનેષણીયની આલોચના કરી, આહાર–પાણી દેખાડીને ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા મેળવી રાજગૃહ નગરના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાર્થે ફરતા ઘણા લોકોના શબ્દો સાંભળ્યા. હે દેવાનુપ્રિયો! તુંગિકા નગરીની બહાર પુષ્પવતી ચૈત્યમાં ભ૦ પાર્શ્વનાથના શિષ્યોએ યાવત્ પૂર્વવત્ કહેવું.

હે ભગવન્ ! શું તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવાને સમર્થ છે ? કે અસમર્થ છે ? ભગવન્ ! તેઓ શ્રાવકોને આવો જવાબ આપવાને સમિત છે કે અસમિત છે ? ભગવન્ ! તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવા ઉપયોગવાળા છે કે નથી ? આવો જવાબ દેવાને વિશિષ્ટ જ્ઞાની છે કે નથી ? કે પૂર્વતપ, પૂર્વ સંયમ, કાર્મિતા, સંગિતાથી દેવો દેવલોકે ઉપજે છે, ઇત્યાદિ.

હે ગૌતમ ! તે સ્થવિરો શ્રાવકોને તેવો જવાબ દેવાને સમર્થ છે – અસમર્થ નથી. શેષ તેમજ જાણવું. યાવત્ સમર્થ છે, સમિત છે, અભ્યાસવાળા છે, વિશિષ્ટ જ્ઞાની છે યાવત્ તે વાત સાચી છે, આત્માની મોટાઈ દેખાડવા કહેલ નથી. ગૌતમ ! હું પણ એમ જ કહું છું – ભાખું છું – જણાવુ છું – પ્રરૂપું છું કે પૂર્વતપ – પૂર્વ સંયમ – કર્મિતા – સંગિતાથી દેવો દેવલોકમાં ઉપજે છે. આ અર્થ સત્ય છે પણ અમારી મોટાઈ દેખાડવા કહ્યો નથી.

### સૂત્ર–૧૩૫, ૧૩૬

૧૩૫. ભગવન્ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનારને પર્યુપાસનાનું ફળ શું ?

ગૌતમ ! પર્યુપાસનાનું ફળ શાસ્ત્ર શ્રવણ છે.

ભગવન્ ! શ્રવણનું ફળ શું? – ગૌતમ! શ્રવણનું ફળ જ્ઞાન છે.

ભગવન્ ! જ્ઞાનનું શું ફળ છે? – ગૌતમ! જ્ઞાનનું ફળવિજ્ઞાન છે.

ભગવન્ ! વિજ્ઞાનનું ફળ શું છે? – ગૌતમ! વિજ્ઞાનનું ફળ પચ્ચક્ખાણ છે.

ભગવન્ ! પચ્ચક્ખાણનું ફળ શું છે ? ગૌતમ! પચ્ચક્ખાણનું ફળ સંયમ છે.

ભગવન્ ! સંયમનું શું ફળ છે? ગૌતમ! સંયમનું ફળ અનાશ્રવ છે.

એ પ્રમાણે અનાશ્રવનું ફળ તપ. તપનું ફળ વ્યવદાન, વ્યવદાનનું ફળ – અક્રિયા. ભગવન્ ! અક્રિયાનું ફળ શું ? અક્રિયાનું ફળ સિદ્ધિ છે સિદ્ધિ અંતિમ ફળ છે.

૧૩૬. ઉપરોક્ત પ્રશ્નો ગાથા રૂપે જણાવે છે– 'પર્યુપાસનાથી શ્રવણ, શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પચ્ચક્ખાણ, પચ્ચક્ખાણથી સંયમ' ઈત્યાદિ પૂર્વવત્ જાણવું..

સૂત્ર–૧૩૭

અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે – ભાખે છે – જણાવે છે – પ્રરૂપે છે – રાજગૃહનગરની બહાર, વૈભાર પર્વતની નીચે, પાણીનો એક મોટો દ્રહ છે, તે અનેક યોજન લાંબો–પહોળો છે, અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે સશ્રીક છે – યાવત્ – પ્રતિરૂપ છે. તેમાં ઘણા ઉદાર મેઘ સંસ્વેદે છે, સંમૂર્છે છે અને વરસે છે. તદુપરાંત તેમાં સદા ગરમ–ગરમ પાણી ઝર્યા કરે છે. ભગવન્ ! શું આ કથન સત્ય છે?

ગૌતમ ! જે અન્યતીર્થિકો આમ કહે છે, યાવત્ જે તે પ્રરૂપે છે તે ખોટું કહે છે યાવત્ બધું જાણવું યાવત્ હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું –

રાજગૃહ નગર બહાર વૈભાર પર્વતની પાસે મહાતપોપતીર પ્રભવ નામે ઝરણું છે, તે લંબાઈ–પહોળાઈથી ૫૦૦ ધનુષ છે, તેનો અગ્રભાગ અનેક જાતના વૃક્ષખંડોથી શોભિત છે, સશ્રીક–દર્શનીય–પ્રાસાદીય–અભિરૂપ–પ્રતિરૂપ છે. તેમાં ઘણા ઉષ્ણયોનિક જીવો અને પુદ્‌ગલો પાણીપણે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ચય–ઉપચય પામે છે. તદુપરાંત તેમાંથી સદા સમિત ઉષ્ણ જળ ઝર્યા કરે છે. હે ગૌતમ ! મહાતપોતીરપ્રભવ ઝરણું છે, એ જ એનો અર્થ છે.

ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે, કહી ગૌતમસ્વામી ભગવંત મહાવીરને વંદે છે નમે છે.

શતક-૨, ઉદ્દેશા-૫નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૬ 'ભાષા'

સૂત્ર–૧૩૮

ભગવન્ ! શું ભાષા, અવધારિણી છે–(પદાર્થનું જ્ઞાન કરાવનારી છે) એમ હું માનું ?

ગૌતમ ! અહી પ્રજ્ઞાપના સૂત્રનું ૧૧મુ ભાષાપદ કહેવું.

શતક-૨, ઉદ્દેશા-૬નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૭ 'દેવ'

સૂત્ર–૧૩૯

ભગવન્ ! દેવો કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે, તે આ – ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.

ભગવન્ ! ભવનપતિ દેવોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે છે,ઈત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના 'સ્થાન પદ'માં દેવોની વક્તવ્યતા છે, તે કહેવી. વિશેષ એ કે– ભવનો કહેવા, તેમનો ઉપપાત લોકના અસંખ્ય ભાગમાં થાય છે, એ બધું કહેવું – યાવત્ – સિદ્ધ ગંડિકા પૂરી કહેવી.

કલ્પોનું પ્રતિષ્ઠાન, જાડાઈ–ઊંચાઈ–સંસ્થાન, એ જીવાભિગમ સૂત્રમાં કહેલ 'વૈમાનિક' ઉદ્દેશો પ્રમાણે બધું વર્ણન કરવું.

શતક-૨, ઉદ્દેશા-૭નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૮ 'ચમરચંચા'

સૂત્ર–૧૪૦

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની સુધર્માસભા ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે તીર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રો ગયા પછી અરુણવરદ્વીપના વેદિકાના બાહ્ય છેડાથી અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમરનો તિગિચ્છિકકૂટ નામે ઉત્પાતપર્વત છે. તે ૧૭૨૧ યોજન ઊંચો છે, ૪૦૦ યોજન અને એક કોશ તેનો ઉદ્વેધ છે. તેનું માપ ગોસ્તુભ આવાસ પર્વત પ્રમાણે જાણવું. વિશેષ આ – ઉપરનું પ્રમાણ વચલા ભાગનું સમજવું અર્થાત્ તિગિચ્છિકકૂટ પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૨૨ યોજન વચ્ચે ૪૨૪ યોજન છે. ઉપરનો વિષ્કંભ ૭૨૩ યોજન છે. તેનો પરિક્ષેપ મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક વિશેષ ઉન છે. વચલો પરિક્ષેપ ૧૩૪૧ યોજનથી કંઈક વિશેષોણ છે. ઉપલો પરિક્ષેપ ૨૨૮૬ યોજનથી વિશેષાધિક છે. તે મૂળમાં વિસ્તૃત, મધ્યે સાંકડો અને ઉપર વિશાળ છે.

તેનો વચલો ભાગ ઉત્તમ વજ્ર જેવો છે, મોટા મુકુંદના સંસ્થાને સંસ્થિત છે. આખો રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે તે ઉત્તમ કમળની એક વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટળાએલ છે. પદ્મવર વેદિકા અને વનખંડનું વર્ણન અહી જાણવુ જોઈએ.

તે તિગિચ્છિક કૂટ ઉત્પાતપર્વતનો ઉપરનો ભાગ ઘણો સમરમણીય છે. તેનું વર્ણન જાણવું. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગે એક મોટો પ્રાસાદાવતંસક છે, તેની ઊંચાઈ ૨૫૦ યોજન છે, વિષ્કંભ ૧૨૫ યોજન છે. અહી તે પ્રાસાદનું વર્ણન કરવું જોઈએ. તેની ઉપરી ભાગનું વર્ણન કરવું જોઈએ. તે પ્રાસાદમાં આઠ યોજનની મણિપીઠિકા છે. ત્યાં ચમરનું સિંહાસન પરિવાર સહિત કહેવું જોઈએ.

તે તિગિચ્છિકૂટ પર્વતની દક્ષિણે અરુણોદય સમુદ્રમાં ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન તીર્છું ગયા પછી નીચે રત્નપ્રભા પૃથ્વીનો ૪૦ હજાર યોજન ભાગ ગયા પછી અહીં અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમરની ચમરચંચા રાજધાની છે. તેનો આયામ–વિષ્કંભ એક લાખ યોજન છે. તે જંબૂદ્વીપ પ્રમાણ છે. તેનો પ્રાકાર ૧૫૦ યોજન ઊંચો છે, તેનો વિષ્કંભ મૂળમાં ૫૦ યોજન, ઉપરના ભાગનો વિષ્કંભ ૧૩॥ યોજન છે. તેના કાંગરાની લંબાઈ અડધો યોજન છે. પહોળાઈ એક કોશ છે. ઊંચાઈ કંઈક ન્યૂન અડધો યોજન છે. વળી એક–એક બાહામાં ૫૦૦–૫૦૦ દ્વારો છે. દ્વારની ઊંચાઈ ૨૫૦ યોજન, વિષ્કંભ ૧૨૫ યોજન છે. ઉપરિતલયન ૧૬,૦૦૦ યોજન આયામ–વિષ્કંભથી છે, પરિક્ષેપ ૫૦,૫૯૭ યોજનથી કંઈક વિશેષોન છે. સર્વ પ્રમાણ વડે વૈમાનિકના પ્રમાણથી અહીં બધું અડધું પ્રમાણ જાણવું.

સુધર્માસભા, ઈશાનકોણના જિનગૃહ, પછી ઉપપાતસભા, હ્રદ, અભિષેક, અલંકારસભા એ બધું વિજયદેવ માફક. સંકલ્પ, અભિષેક, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, સિદ્ધાયતન આ બધાનો આલાવો, ચમરનો પરિવાર, તેની ઋદ્ધિ સમ્પન્નતા આદિ વર્ણન અહી સમજવું.

શતક-૨, ઉદ્દેશા-૮નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૯ 'સમયક્ષેત્ર'

સૂત્ર–૧૪૧

ભગવન્ ! ક્યા ક્ષેત્રને સમયક્ષેત્ર કહે છે ? ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર એટલું એ સમયક્ષેત્ર કહેવાય. તેમાં આ જંબૂદ્વીપ છે તે બધા દ્વીપ–સમુદ્રોની વચ્ચોવચ્ચ છે. એ પ્રમાણે બધુ જીવાભિગમ સૂત્ર મુજબ કહેવું યાવત્ અભ્યંતર–પુષ્કરાર્ધદ્વીપ. પણ તેમાં જ્યોતિષ્કની હકીકત ન કહેવી.

શતક-૨, ઉદ્દેશા-૯નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૧૦ 'અસ્તિકાય'

સૂત્ર–૧૪૨, ૧૪૩

**૧૪૨.** ભગવન્ ! અસ્તિકાયો કેટલા કહ્યા છે ? ગૌતમ ! પાંચ અસ્તિકાય કહ્યા છે. તે આ– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય.

ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ? ગૌતમ ! તેમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ નથી, તે અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોકદ્રવ્ય છે.

તે સંક્ષેપથી પાંચ પ્રકારે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ગુણથી. દ્રવ્યથી–ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, ક્ષેત્રથી તે લોક પ્રમાણમાત્ર છે, કાળથી તે કદી ન હતું એમ નથી – નથી એમ નથી – યાવત્ – તે નિત્ય છે. ભાવથી તે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ રહિત છે, ગુણથી તે ગતિગુણવાળો છે.

અધર્માસ્તિકાય પણ એમ જ છે. વિશેષ એ કે તે સ્થિતિ ગુણવાળો છે.

આકાશાસ્તિકાય એમ જ છે. વિશેષ આ – આકાશાસ્તિકાય ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ, અનંત યાવત્ અવગાહના ગુણવાળો છે.

ભગવન્ ! જીવાસ્તિકાયને કેટલા – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ? ગૌતમ ! તે વર્ણરહિત યાવત્ અરૂપી છે, તે જીવ છે, શાશ્વત. અવસ્થિત લોકપ્રમાણ દ્રવ્ય છે.

તે સંક્ષેપથી પાંચ ભેદે છે – દ્રવ્યથી યાવત્ ગુણથી. દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત જીવદ્રવ્ય રૂપ છે. ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે. કાળથી કદી ન હતો તેમ નહીં યાવત્ નિત્ય છે. ભાવથી વર્ણ–ગંધ–રસ–સ્પર્શરહિત છે. ગુણથી ઉપયોગ ગુણવાળો છે.

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયમાં કેટલા – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળો, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોકદ્રવ્ય છે.

તે સંક્ષેપથી પાંચ ભેદે છે – દ્રવ્ય યાવત્ ગુણથી. દ્રવ્યથી પુદ્‌ગલાસ્તિકાય અનંત દ્રવ્ય છે, ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે, કાળથી કદી ન હતો તેમ નથી યાવત્ નિત્ય છે, ભાવથી–વર્ણાદિયુક્ત છે, ગુણથી ગ્રહણગુણી છે.

**૧૪૩.** ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ તે ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એ રીતે બે, ત્રણ, ચાર યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત ધર્માસ્તિકાય પ્રદેશને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એક પ્રદેશોન પણ ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો ? એક ધર્માસ્તિકાય પ્રદેશ ધર્માસ્તિકાય ન કહેવાય યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાય ધર્માસ્તિકાય ન કહેવાય ? ગૌતમ ! ચક્રનો ભાગ ચક્ર કહેવાય કે સકલ ચક્ર ? ભગવન્ ! આખું ચક્ર ચક્ર કહેવાય, તેનો ખંડ નહીં. એ રીતે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્ર, શસ્ત્ર, મોદકનાં દૃષ્ટાંતને પણ જાણવા. એ રીતે હે ગૌતમ ! એક ધર્માસ્તિકાય પ્રદેશ યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય ન કહેવાય.

તો ભગવન્ ! ધર્માસ્તિકાય શું કહેવાય? ગૌતમ ! ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશ છે. તે સર્વે પૂર્ણ, પ્રતિપૂર્ણ, નિરવશેષ, એવા એક જ શબ્દથી કહી શકાય તો ધર્માસ્તિકાય કહેવાય.

એ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશા–સ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાયને જાણવા. વિશેષ એ – ત્રણ અનંતપ્રદેશિક જાણવા. બાકી બધું તે જ પ્રમાણે સમજવું.

સૂત્ર–૧૪૪

ભગવન્ ! ઉત્થાન–કર્મ–બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમી જીવ આત્મભાવ(પોતાના ઉત્થાનાદિ પરિણામો) થી જીવ ભાવને દેખાડે છે એમ કહેવાય ? હે ગૌતમ ! હા, એમ કહેવાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવ અનંત આભિનિબોધિક જ્ઞાન પર્યાયોના, એ રીતે શ્રુત–અવધિ–

મનઃપર્યવ–કેવળજ્ઞાનના અનંત પર્યાયોના, મતિ–શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનના પર્યાયોના, ચક્ષુ–અચક્ષુ–અવધિ–કેવલદર્શનના અનંત પર્યાયોના ઉપયોગને પામે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. તેથી એમ કહેવાય કે જીવ સઉત્થાનાદિથી યાવત્ જીવભાવ(ચૈતન્ય સ્વરૂપ)ને દેખાડે છે.

સૂત્ર–૧૪૫

ભગવન્ ! આકાશ કેટલા પ્રકારે છે? ગૌતમ ! બે ભેદે – તે આ – લોકાકાશ અને અલોકાકાશ.

ભગવન્ ! શું લોકાકાશ એ જીવ છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે, અજીવ છે, અજીવદેશ છે, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! તે જીવ પણ છે, જીવદેશ પણ છે, જીવપ્રદેશ પણ છે, અજીવ પણ છે, અજીવદેશ પણ છે, અજીવપ્રદેશ પણ છે. જે જીવો છે તે નિયમા એક–બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયો અને અનિન્દ્રિયો છે. જે જીવદેશો છે તે નિયમા એકેન્દ્રિય દેશો યાવત્ અનિન્દ્રિય દેશો છે. જે જીવપ્રદેશો છે, તે નિયમા એકેન્દ્રિયપ્રદેશો યાવત્ અનિન્દ્રિયપ્રદેશો છે.

અજીવો બે ભેદે છે. તે આ રૂપી અને અરૂપી. રૂપી ચાર ભેદે છે, તે આ – સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્ગલો. અરૂપી પાંચ ભેદે છે તે આ – ધર્માસ્તિકાય, નોધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાય પ્રદેશો, અધર્માસ્તિકાય, નોઅધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, અદ્ધાસમય.

સૂત્ર–૧૪૬

ભગવન્ ! શું અલોકાકાશ એ જીવો છે ? વગેરે પૂર્વવત્ પૃચ્છા, હે ગૌતમ ! તે જીવો નથી યાવત્ અજીવના પ્રદેશો પણ નથી, તે એક અજીવદ્રવ્ય દેશ છે. અગુરુલઘુ તથા અગુરુલઘુરૂપ અનંત ગુણોથી સંયુક્ત છે અને અનંત ભાગ ન્યૂન સર્વાકાશરૂપ છે.

સૂત્ર–૧૪૭

ધર્માસ્તિકાય, ભગવન્ ! કેટલો મોટો છે ? ગૌતમ ! તે લોકરૂપ છે, લોકમાત્ર છે, લોકપ્રમાણ છે, લોકસ્પૃષ્ટ છે, લોકને જ સ્પર્શીને રહ્યો છે.

એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશ, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય એ પાંચે સંબંધે એક સરખો જ આલાવો છે.

સૂત્ર–૧૪૮

ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા ભાગને અધોલોક સ્પર્શે છે ? ગૌતમ ! સાતિરેક અર્ધાભાગને.

ભગવન્ ! તીર્છાલોક નો પ્રશ્ન – ગૌતમ ! અસંખ્યેય ભાગને સ્પર્શે છે. ભગવન્ ! ઉર્ધ્વલોકનો પ્રશ્ન – ગૌતમ ! દેશોન અર્ધભાગને સ્પર્શે છે.

સૂત્ર–૧૪૯, ૧૫૦

૧૪૯. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી શું ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે કે અસંખ્યાત ભાગને કે સંખ્યાત ભાગોને કે અસંખ્યાત ભાગોને કે તેને આખાને સ્પર્શે છે ? ગૌતમ ! તે સંખ્યાત ભાગને નથી સ્પર્શતી, પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે, સંખ્યાત ભાગો કે અસંખ્યાત ભાગો કે આખાને સ્પર્શતી નથી.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના અવકાશાંતર, ઘનોદધિની ધર્માસ્તિકાય વિશે પૃચ્છા – શું સંખ્યાતભાગને સ્પર્શે છે ? ઇત્યાદિ. જેમ રત્નપ્રભા વિશે કહ્યું, તેમ ઘનોદધિ, ઘનવાત, તનુવાતને કહેવા.

ભગવન્ ! આ રત્નપ્રભાનું અવકાશાંતર ધર્માસ્તિકાયના શું સંખ્યાત ભાગને સ્પર્શે છે? ઇત્યાદિ. ગૌતમ ! સંખ્યાત ભાગને સ્પર્શે પણ અસંખ્યાત ભાગને, સંખ્યાત ભાગોને, અસંખ્યાત ભાગોને, બધાને ન સ્પર્શે.

એ રીતે રત્નપ્રભા પૃથ્વીમાં કહ્યું તેમ બધા અવકાશાંતર જાણવા. યાવત્ સાતમી પૃથ્વી સુધી સમજવું. તથા જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણાદિ સમુદ્રો, સૌધર્મકલ્પ યાવત્ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી, તે બધાં પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે. બાકીની સ્પર્શનાનો નિષેધ કરવો. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશને કહેવા.

૧૫૦. એક ગાથા દ્વારા પૂર્વોક્ત કથનોને જણાવે છે– પૃથ્વી, ઉદધિ, ઘનવાત, તનુવાત, કલ્પો, ગ્રૈવેયક, અનુત્તરો, સિદ્ધિ એ બધાના અંતરો તે સાત અવકાશાંતર. તેમાં અંતરો ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે અને બાકી બધા સ્થાનો અસંખ્યાત ભાગને સ્પર્શે છે.

**શતક-૨, ઉદ્દેશા-૧૦નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

**શતક-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

# શતક-3

સૂત્ર–૧૫૧

ત્રીજા શતકમાં દશ ઉદ્દેશકો કહ્યા છે – ૧. ચમરની વિકુર્વણા શક્તિ, ૨. ચમરોત્પાત, ૩. ક્રિયા, ૪. યાન, ૫. સ્ત્રી, ૬. નગર, ૭. લોકપાલ, ૮. દેવાધિપતિ, ૯. ઈન્દ્રિય, ૧૦. પર્ષદા.

## શતક-3, ઉદ્દેશો-૧ 'ચમર વિકુર્વણા'.

સૂત્ર–૧૫૨

તે કાળે તે સમયે મોકા નામે નગરી હતી. નગરીનું વર્ણન ઉવાવાઈ સૂત્ર અનુસાર જાણવું. તે મોકા નગરી બહાર ઈશાનકોણમાં નંદન નામે ચૈત્ય હતું (વર્ણન કરવું) તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા(પધાર્યા), પર્ષદા ધર્મશ્રવણ માટે નીકળી, ધર્મ સાંભળી પર્ષદા પાછી ફરી.

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના બીજા શિષ્ય ગૌતમ ગોત્રના અગ્નિભૂતિ નામે અણગાર, સાત હાથ ઊંચા આદિ વિશેષણો યુક્ત યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા–

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર કેવી મહાઋદ્ધિવાળો છે ? કેવી મહાદ્યુતિવાળો છે ? કેવા મહાબલવાળો છે ? કેવા મહાયશવાળો છે ? કેવા મહાસૌખ્યવાળો છે ? કેવા પ્રભાવવાળો છે ? કેટલી વિકુર્વણા કરવા સમર્થ છે ?

ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાઋદ્ધિવાળો યાવત્ મહા પ્રભાવવાળો છે. તે ત્યાં ૩૪ લાખ ભવના–વાસો ઉપર, ૬૪,૦૦૦ સામાનિક દેવો ઉપર, ૩૩ સામાનિક દેવો ઉપર સત્તા ભોગવતો યાવત્ વિચરે છે. આવી મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવવાળો છે. તેની વિકુર્વણા શક્તિ પણ આટલી છે –

જેમ કોઈ યુવાન પોતાના હાથ વડે યુવતિને પકડે અથવા જેમ ચક્રની ધરીમાં આરાઓ સંલગ્ન હોય, એ રીતે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે આ – રત્નો યાવત્ રિષ્ટ રત્નોના સ્થૂળ પુદ્ગલોને અલગ કરે છે, સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે, બીજીવાર પણ વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થાય છે.

વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણા અસુરકુમાર દેવો અને દેવી સાથે આખા જંબૂદ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરે છે.

વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણા અસુરકુમાર દેવ–દેવી સાથે તિર્છા લોકમાં અસંખ્ય દ્વીપ–સમુદ્રને આકીર્ણ, વ્યતિકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરી શકે છે.

હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવા પ્રકારની શક્તિ–વિષય માત્ર છે. પણ કોઈ વખતે તેણે સંપ્રાપ્તિ વડે રૂપે વિકુર્વ્યા નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.

સૂત્ર–૧૫૩ થી ૧૫૫

**૧૫૩.** ભગવન્ ! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમર એવી મોટી ઋદ્ધિવાળો યાવત્ એવી વિકુર્વણાવાળો છે, તો ભગવન્ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવોની કેવી મોટી ઋદ્ધિ યાવત્ વિકુર્વણા શક્તિ છે ?

ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવો મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તેઓ ત્યાં પોત–પોતાના ભવનો ઉપર–સામાનિકો ઉપર–પટ્ટરાણી ઉપર યાવત્ દિવ્ય ભોગોને ભોગવતા વિચરે છે. આવા ઋદ્ધિવાન છે યાવત્ તેમની વિકુર્વણા શક્તિ આટલી છે – જેમ કોઈ યુવાન પોતાના હાથે યુવતિનો હાથ પકડે, જેમ ચક્રની નાભિ આરાયુક્ત હોય તેમ હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવ વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈને યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાત કરીને હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક ઘણા અસુરકુમાર દેવ–દેવી વડે સંપૂર્ણ જંબૂદ્વીપને આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવાને સમર્થ છે.

વળી હે ગૌતમ ! તે સામાનિક દેવ તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્રોને ઘણા અસુરકુમાર દેવ–દેવી વડે આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવા સમર્થ છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવની આવા પ્રકારની શક્તિ–વિષય માત્ર કહ્યો છે, પણ સંપ્રાપ્તિથી વિકુર્વેલ નથી–વિકુર્વતા નથી–વિકુર્વશે નહીં.

ભગવન્ ! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવોની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોની કેટલી મહાઋદ્ધિ છે ? ત્રાયસ્ત્રિંશક દેવોને સામાનિક દેવો જેવા જાણવા. લોકપાલોને વિશે પણ એમ જ કહેવું. વિશેષ એ કે – તેઓમાં સંખ્યાત દ્વીપ સમુદ્રોને ઘણા અસુરકુમાર દેવ–દેવી વડે આકીર્ણ યાવત્ વિકુર્વશે નહીં તેમ કહેવું.

ભગવન્ ! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરના લોકપાલો એવી મોટી ઋદ્ધિવાળા યાવત્ આટલી વિકુર્વણા કરવા સમર્થ છે, તો અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષી દેવી કેટલી ઋદ્ધિવાળા અને વિકુર્વણા કરવા સમર્થ છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષીઓ મહાઋદ્ધિ યાવત્ મહાનુભાગ છે તેઓ તેમના પોત–પોતાના ભવનો, ૧૦૦૦ સામાનિક દેવો, મહત્તરિકાઓ, પર્ષદાનું સ્વામીત્વ ભોગવે છે, તેમની આટલી મહાઋદ્ધિ છે, બાકી બધું લોકપાલો સમાન જાણવું જોઈએ.

**૧૫૪.** હે ભગવન્ ! તે એ પ્રમાણે જ છે**,** એ પ્રમાણે જ છે**,** એમ કહી દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગાર શ્રમણ ભગવન્ મહાવીરને વાંદી, નમી, જ્યાં ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર છે, ત્યાં આવે છે અને વાયુભૂતિને આ પ્રમાણે કહે છે – હે ગૌતમ ! નિશ્ચિત છે કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલી મોટી ઋદ્ધિવાળો છે. ઈત્યાદિ બધું અગ્રમહિષી સુધીનું અણપૂછ્યે વૃત્તાંત રૂપે અહીં કહેવું.

ત્યારે તે વાયુભૂતિ અણગારને, અગ્નિભૂતિ અણગારે આ પ્રમાણે કહેલ–ભાખેલ–જણાવેલ–પ્રરૂપેલ વાતમાં શ્રદ્ધા–પ્રતીતિ–રૂચિ થતી નથી. આ વાતની શ્રદ્ધા–પ્રતીતિ–રૂચિ ન કરતા આસનેથી ઊઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે. યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! અગ્નિભૂતિ અણગારે મને આ પ્રમાણે કહ્યું યાવત્ પ્રરૂપ્યું કે હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમર આટલી મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ છે, ત્યાં ૩૪ લાખ ભવનાવાસ ઉપર આધિપત્ય ભોગવે છે, ઈત્યાદિ બધું અગ્રમહિષીઓ પર્યન્તનું કહેવું. ભગવન્ ! તો એ તે પ્રમાણે કેવી રીતે છે ?

હે ગૌતમ ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીર વાયુભૂતિ અણગારને આમ કહે છે – ગૌતમ ! જેમ તને અગ્નિભૂતિ અણગારે આ કહ્યું યાવત્ પ્રરૂપ્યું, તો નિશ્ચે હે ગૌતમ ! ચમરની મહાઋદ્ધિ યાવત્ અગ્રમહિષી પર્યન્તની વક્તવ્યતા સંમત્ત છે. એ સત્ય છે. હે ગૌતમ ! હું પણ આમ જ કહું છું યાવત્ પ્રરૂપું છું કે હે ગૌતમ ! ચમરની યાવત્ આટલી મહાઋદ્ધિ છે આદિ આખો આલાવો કહેવો યાવત્ અગ્રમહિષી. આ અર્થ સત્ય છે.

હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વંદી–નમી અગ્નિભૂતિ અણગાર પાસે આવી, તેમને વંદન–નમસ્કાર કરી, ઉક્ત અર્થને માની, વિનયપૂર્વક તેમને વારંવાર ખમાવે છે.

**૧૫૫.** પછી તે ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર, બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર સાથે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા યાવત્ પર્યુપાસતા આમ કહ્યું – ભગવન્ ! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિ કેવી મોટી ઋદ્ધિવાળો યાવત્ કેટલી વિકુર્વણા શક્તિવાળો છે ? ગૌતમ ! વૈરોચનેન્દ્ર બલિ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે. તે ૩૦ લાખ ભવનો, ૬૦ હજાર સામાનિકોનો અધિપતિ છે બાકી બધું ચમર માફક બલિનું જાણવું. વિશેષ આ – સાતિરેક જંબૂદ્વીપક્ષેત્રને પરિપૂર્ણ કરી શકે છે તેમ કહેવું. બાકીનું સંપૂર્ણ ચમરવત જાણવું. ભવનો, સામાનિકોમાં ભેદ છે,

હે ભગવન્ ! તે એમ જ છે – એમ જ છે યાવત્ વાયુભૂતિ વિચરે છે.

ભગવન્ ! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વંદી–નમીને આ પ્રમાણે

કહ્યું – ભગવન્ ! જો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ? ગૌતમ ! નાગેન્દ્ર ધરણની આવી મહાઋદ્ધિ યાવત્ તે ૪૪–લાખ ભવનાવાસો, ૬૦૦૦ સામાનિક દેવો, ૩૩–ત્રાયસ્ત્રિંશક દેવો, ૪–લોકપાલો, સપરિવાર છ અગ્રમહિષીઓ, ૩–પર્ષદા, ૭–સૈન્યો, ૭–સૈન્યાધિપતિઓ, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજાનું આધિપત્ય કરતો યાવત્ વિચરે છે.

તેની વિકુર્વણા શક્તિ આટલી છે – જેમ કોઈ યુવાન યુવતિને યાવત્ સંપૂર્ણ જંબૂદ્વીપને યાવત્ તિર્છા સંખ્યાત દ્વીપસમુદ્રોને ઘણા નાગકુમારો વડે યાવત્ તે વિકુર્વશે નહીં. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષીઓ વિશે ચમરવત કહેવું. ચમરની જેમ ધરણની આવી મહાઋદ્ધિ છે. વિશેષ એ કે– સંખ્યાત દ્વીપસમુદ્રો કહેવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્કોને પણ જાણવા. વિશેષ આ – દક્ષિણના ઇન્દ્રો વિશે બધું અગ્નિભૂતિ પૂછે છે, ઉત્તરના ઇન્દ્રો વિશે બધું વાયુભૂતિ પૂછે છે.

ભગવન્ ! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર ભગવંત મહાવીરને વાંદી–નમીને આમ પૂછ્યું – ભગવન્ ! જો જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્કરાજની આવી મહાઋદ્ધિ છે યાવત્ આવી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજ શક્રની કેવી મહા–ઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ?

ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તે ૩૨–લાખ વિમાન, ૮૪,૦૦૦ સામાનિક યાવત્ ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને બીજાનું આધિપત્ય કરતો વિચરે છે આવી મહાઋદ્ધિ યાવત્ આવું વિકુર્વણા સામર્થ્ય છે. એ ચમર માફક કહેવું. વિશેષ એ કે – બે સંપૂર્ણ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવા સમર્થ છે, બાકીનું પૂર્વવત્ જાણવું. ગૌતમ ! આ દેવેન્દ્ર શક્રનો શક્તિ–વિષયમાત્ર છે. સંપ્રાપ્તિથી કદી તેણે તેમ વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.

### સૂત્ર–૧૫૬

ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્રની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો તેઓના તિષ્યક નામના સામાનિક દેવ, જે આપના તિષ્યક નામના અણગાર હતા. તેઓ પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત નિરંતર છઠ્ઠ–છઠ્ઠના તપોકર્મપૂર્વક આત્માને ભાવતા, પ્રતિપૂર્ણ આઠ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, માસિક સંલેખના વડે આત્માને સંયોજી ૬૦ ભક્તનું અનશનથી છેદન કરીને, આલોચના–પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત, કાળ માસે કાળ કરીને આપ દેવાનુપ્રિયનો શિષ્ય તિષ્યક નામે અણગાર સૌધર્મ કલ્પમાં, પોતાના વિમાનમાં, ઉપપાતસભાના દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી દેવેન્દ્ર શક્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયો છે.

તે નવીન ઉત્પન્ન તિષ્યક દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત ભાવને પામે છે. તે આ – આહાર, શરીર, ઇન્દ્રિય, આનપ્રાણ, ભાષામનઃપર્યાપ્તિ. ત્યારે તે તિષ્યક દેવ પર્યાપ્તિભાવ પામ્યા પછી, સામાનિક પર્ષદાના દેવો, તેને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય–વિજય વડે વધાવે છે. વધાવીને આમ કહે છે –

અહો દેવાનુપ્રિયે! આપે દિવ્ય–દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ લબ્ધ, પ્રાપ્ત અભિસન્મુખ કર્યો છે. જેવી દિવ્ય–દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ આપ દેવાનુપ્રિયે લબ્ધ–પ્રાપ્ત–અભિસન્મુખ કર્યો છે, તેવી દિવ્ય–દેવર્દ્ધિ, દેવદ્યુતિ, યાવત્ અભિસન્મુખ દેવરાજ શક્રે પણ યાવત્ આણી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ શક્રે લબ્ધ કરી છે, તેવી યાવત્ આપે પણ સામે આણેલી છે તો હે ભગવન્ ! તિષ્યક દેવ મહાઋદ્ધિકાદિ છે ?

ગૌતમ ! તિષ્યક દેવ મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવી છે. તે ત્યાં પોતાના વિમાન, ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણા

દેવ–દેવીઓ ઉપર આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. આવી મોટી ઋદ્ધિવાળો યાવત્ આટલા વિકુર્વણા સામર્થ્યવાળો–જેમ કોઈ યુવાન યુવતિના હાથને દૃઢ પકડે યાવત્ શક્રના જેવી વિકુર્વણા શક્તિવાળો યાવત્ ગૌતમ ! તિષ્યક દેવની આ શક્તિ–વિષય માત્ર કહી છે. પણ સંપ્રાપ્તિ વડે યાવત્ વિકુર્વશે નહીં.

ભગવન્ ! જો તિષ્યક દેવ મહાઋદ્ધિક યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજના બાકીના સામાનિક દેવો કેવા મહાઋદ્ધિક છે ? ગૌતમ ! બધુ તેમજ જાણવુ યાવત્ હે ગૌતમ ! શક્રના સામાનિક દેવોનો આ વિષય માત્ર કહ્યો. સંપ્રાપ્તિથી કોઈએ વિકુર્વેલ નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં. શક્રના ત્રાયસ્ત્રિંશક, લોકપાલ અને અગ્રમહિષી વિશે ચમર માફક કહેવું. વિશેષ એ કે – સંપૂર્ણ બે જંબૂદ્વીપ ભરવામાં સમર્થ છે. બાકી બધું પૂર્વવત્.

ભગવન્ ! તે એ પ્રમાણે જ છે, એ પ્રમાણે જ છે એમ કહી યાવત્ અગ્નિભૂતિ ગૌતમ વિચરે છે.

## સૂત્ર–૧૫૭

ભગવન્ ! એમ કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારે ભગવંત મહાવીરને યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્ર આવો મહર્દ્ધિક યાવત્ આટલી વિકુર્વણા સામર્થ્યવાળો છે, ભગવન્ ! તો દેવેન્દ્ર દેવરાજ ઈશાન કેવો મહાઋદ્ધિક છે ? તેમજ જાણવુ. વિશેષ એ કે – સાધિક બે સંપૂર્ણ જંબૂદ્વીપ ભરવામાં સમર્થ છે. બાકી પૂર્વવત્.

## સૂત્ર–૧૫૮, ૧૫૯

**૧૫૮.** ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ ઈશાનની આવી મહાઋદ્ધિ અને આવું વિકુર્વણા સામર્થ્ય છે તો – આપ દેવાનુપ્રિયના શિષ્ય પ્રકૃતિ ભદ્રક યાવત્ વિનિત કુરુદત્તપુત્ર નામે સાધુ કે જે નિરંતર અઠ્ઠમ અઠ્ઠમ અને પારણે આયંબિલ સ્વીકારીને એ પ્રકારે કઠિન તપોકર્મથી આત્માને ભાવિતકરતા, ઊંચે હાથ રાખીને સૂર્યાભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતા છ માસ શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિક સંલેખનાથી આત્માને જોડીને, ૩૦ ભક્તને અનશન વડે છેદી, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત થઈ, કાળ માસે કાળ કરી, ઈશાન કલ્પે પોતાના વિમાનમાં જે તિષ્યકની વક્તવ્યતા હતી, તે સર્વે અપરિશેષ કુરુદત્ત પુત્રની જાણવી.

વિશેષ એ કે – સાતિરેક પરિપૂર્ણ બે જંબૂદ્વીપ ભરવામાં સમર્થ છે. બાકી પૂર્વવત્.

સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી યાવત્ હે ગૌતમ ! ઈશાનેન્દ્રના પ્રત્યેક અગ્રમહિષી દેવીની આટલી શક્તિ–વિષયમાત્ર કહ્યો. પણ સંપ્રાપ્તિથી તેટલી વિકુર્વણા યાવત્. કરશે નહીં.

**૧૫૯.** એ પ્રમાણે સનત્કુમાર જાણવા. વિશેષ એ કે– સનત્કુમાર દેવલોકના દેવ સંપૂર્ણ ચાર પરિપૂર્ણ જંબૂદ્વીપ તથા તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્રો જેટલા ક્ષેત્રને વિકુર્વણા વડે વ્યાપ્ત કરવામાં સમર્થ છે, એ રીતે સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી બધા અસંખ્યાત દ્વીપસમુદ્રો સુધી વિકુર્વી શકે.

સનત્કુમારથી આરંભીને ઉપરના બધા લોકપાલો અસંખ્ય દ્વીપ–સમુદ્ર સુધી વિકુર્વણા કરી શકે. એ રીતે માહેન્દ્રમાં પણ જાણવુ. વિશેષ–સાતિરેક પરિપૂર્ણ ચાર જંબૂદ્વીપ કહેવા. એ રીતે બ્રહ્મલોકે પણ જાણવુ. વિશેષ–સંપૂર્ણ આઠ જંબૂદ્વીપ કહેવા. લાંતકે પણ વિશેષ એ કે–સાતિરેક આઠ જંબૂદ્વીપ કહેવા.

મહાશુક્રે ૧૬–જંબૂદ્વીપ. સહસ્રારે સાતિરેક–૧૬. પ્રાણતે ૩૨–જંબૂદ્વીપ. અચ્યુતે સાતિરેક ૩૨–પરિપૂર્ણ જંબૂદ્વીપ કહેવા. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, એ પ્રમાણે કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમી યાવત્ વિચરે છે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે મોકા નગરીના નંદન ચૈત્યથી નીકળી, બાહ્ય જનપદ વિહારે વિચરે છે.

## સૂત્ર–૧૬૦ અધૂરું.

તે કાળે તે સમયે રાજગૃહી નામે નગરી હતી. નગરી વર્ણન 'ઉવાવાઈ' સૂત્ર મુજબ જાણવું. ભગવાન મહાવીર પધાર્યા, પરિષદ(સભા)ધર્મ શ્રવણ માટે નીકળી યાવત પરિષદ ભગવંતને પર્યુપાસે છે.

તે કાળે તે સમયે દેવેન્દ્ર દેવરાજ, શૂલપાણી, વૃષભવાહન, ઉત્તરાર્ધ–લોકાધિપતિ, ૨૮ લાખ વિમાનાવાસ અધિપતિ, આકાશસમ નિર્મલ વસ્ત્રધારી, માળાથી સુશોભિત, મુકુટધારી, સુવર્ણના નવીન–સુંદર–વિચિત્ર–ચંચલ–કુંડલોથી ગાલોને ઝગમગાવતો, યાવત્ દશે દિશાઓને ઉદ્યોતિત, પ્રકાશિત કરતો ઈશાનેન્દ્ર, ઈશાનકલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં 'રાયપસેણીય' ઉપાંગમાં કહ્યા મુજબ યાવત્ દિવ્ય દેવઋદ્ધિને અનુભવતો હતો, તે ભગવંતને દર્શન કરવા આવ્યો. યાવત્ જે દિશામાંથી પ્રગટ થયો, તે દિશામાં ચાલ્યો ગયો.

ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદી, નમી આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! અહો આ દેવેન્દ્ર દેવરાજ ઈશાન મહાઋદ્ધિક છે. ભગવન્ ! તેની દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ક્યાં પ્રવેશી ? ગૌતમ ! તે તેના શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે તે દેવ ઋદ્ધિ તેના શરીરમાં પ્રવેશી ગઈ ? ગૌતમ ! જેમ કોઈ કૂટાગાર શાળા, બંને બાજુથી લિપ્ત, ગુપ્ત, ગુપ્તદ્વાર, નિર્વાત, નિર્વાતગંભીર હોય, કૂટાગારશાલાનું દૃષ્ટાંત કહેવું.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ કેવી રીતે – લબ્ધ થયો, પ્રાપ્ત થયો, અભિસન્મુખ થયો ? તે પૂર્વભવે કોણ હતો ? તેનું નામ, ગોત્ર શું હતા ? કયા ગામ, નગર, યાવત્ સંનિવેશનો હતો ? તેણે શું સાંભળ્યું ? શું આપ્યું ? શું ખાધું ? શું કર્યું ? શું આચર્યું ? કયા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એવું એક પણ આર્ય–ધાર્મિક–વચન સાંભળીને અવધાર્યુ ? જેથી દેવેન્દ્ર, દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સન્મુખ આણી ?

ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નામે નગરી હતી. વર્ણન. તે તામ્રલિપ્તી નગરીમાં **તામલી** નામે **મૌર્યપુત્ર** ગાથાપતિ હતો. જે આઢ્ય, દિપ્ત યાવત્ ઘણા લોકોથી અપરિભૂત હતો.

ત્યારે તે તામલિ મૌર્યપુત્રએ અન્ય કોઈ દિવસે મધરાતે કુટુંબ ચિંતાર્થે જાગરણ કરતા, તેને આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો. મારા પૂર્વકૃત્, જૂના, સુઆચરિત, સુપરાક્રમયુક્ત, શુભ, કલ્યાણરૂપ કૃત કર્મોનો કલ્યાણ-ફળ-વૃત્તિ વિશેષ છે, જેનાથી હું ઘણા-હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, પુત્ર, પશુથી વૃદ્ધિ પામ્યો છું. વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શલ-પ્રવાલ-રક્ત-રત્ન-સારરૂપ ધનાદિ ઘણા ઘણા વધી રહ્યા છે તો શું હું પૂર્વકૃત્, જૂના, સુઆચરિત યાવત્ કૃત કર્મોનો નાશ થઇ રહ્યો છે, તેને જોવા છતાં પણ જો હું તેની ઉપેક્ષા કરું અર્થાત એકાંત સૌખ્યની ઉપેક્ષા કરતો રહું ? ( તે મારા માટે શ્રેયસ્કર નથી.)

તો જ્યાં સુધી હું હિરણ્ય, સુવર્ણ આદિ દ્વારા થી વૃદ્ધિ પામી રહ્યો છું યાવત્, જ્યાં સુધી મારા મિત્ર, જ્ઞાતિ, નિજક, સંબંધી, પરિજન મારો આદર કરે છે, સત્કાર–સન્માન કરે છે, મને કલ્યાણ–મંગલ–દેવરૂપ જાણી ચૈત્યની માફક વિનયથી સેવા કરે છે ત્યાં સુધીમાં મારે મારું કલ્યાણ કરવું શ્રેયસ્કર છે.

કાલે પ્રકાશવાળી રાત્રિ થયા બાદ યાવત્ સૂર્ય ઊગ્યા પછી, મારી મેળે કાષ્ઠપાત્ર લઈ, વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરાવી, મારા મિત્ર, જ્ઞાતિજન, સ્વજન આદિને આમંત્રીને તે મિત્ર, જ્ઞાતિજન આદિને વિપુલ અશનાદિ જમાડી, વસ્ત્ર–ગંધ–માળા–અલંકાર વડે સત્કારીને, સન્માનીને તે જ મિત્ર, જ્ઞાતિજન આદિની આગળ મારા મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, તે મિત્ર, જ્ઞાતિજન આદિ તથા મોટા પુત્રને પૂછીને મેળે જ કાષ્ઠપાત્ર ગ્રહણ કરી, મુંડિત થઈ 'પ્રાણામા' દીક્ષાએ દીક્ષિત થાઉં.

દીક્ષા લઈને હું આવો અભિગ્રહ સ્વીકારીશ કે – મને યાવજ્જીવ નિરંતર છઠ્ઠ–છઠ્ઠના તપોકર્મથી, ઊંચા હાથ રાખી, સૂર્ય અભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચરીશ. છઠ્ઠના પારણે આતાપના ભૂમિથી ઊતરી, આપ મેળે કાષ્ઠપાત્ર લઈ તામ્રલિપ્તી નગરીના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમાદાન ભિક્ષાચર્યાએ ફરીશ. શુદ્ધોદન ગ્રહણ કરી, તેને ૨૧–વખત પાણીથી ધોઈ, પછી આહાર કરીશ.

એ પ્રમાણે વિચારી કાલે પ્રભાત થતાં યાવત્ સૂર્ય ઝળહળતો થયા પછી આપમેળે કાષ્ઠપાત્ર કરાવીને, વિપુલ

અશનાદિ તૈયાર કરાવી પછી સ્નાન–બલિકર્મ–કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કર્યા, પ્રવેશ યોગ્ય શુદ્ધ, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મહામૂલ્ય આભરણથી શરીર અલંકૃત કર્યું. ભોજન વેળાએ ભોજનમંડપમાં સારા આસને બેઠો.

ત્યારપછી મિત્ર, જ્ઞાતિજન આદિ સાથે તે વિપુલ અશન આદિ આસ્વાદતો, વિસ્વાદતો, પરસ્પર ખવડાવતો–ખાતો વિચરે છે તે જમ્યો, પછી કોગળા કર્યા, ચોખ્ખો થયો, પરમ શુદ્ધ થયો. તે મિત્ર યાવત્ પરિજનને વિપુલ અશનાદિ થી, પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકારથી સત્કારાદિ કર્યા. તે મિત્ર, જ્ઞાતિ આદિ સન્મુખ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, તે મિત્રાદિ અને મોટા પુત્રને પૂછીને, મુંડ થઈને 'પ્રાણામા' પ્રવ્રજ્યા લીધી.

પ્રવ્રજ્યાલઈને આવો અભિગ્રહ કર્યો કે જાવજ્જીવ નિરંતર છઠ્ઠ–છઠ્ઠ તપ કરવો. બાહાઓ ઊંચી રાખી, સૂર્યાભિમુખ થઈ, આતાપના ભૂમિમાં આતાપના લેતા વિચરવું. છઠ્ઠના પારણે આતાપના ભૂમિથી ઊતરી, આપમેળે કાષ્ઠપાત્ર લઈ, તામ્રલિપ્તીમાં ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી ફરે છે. શુદ્ધ ઓદનને લે છે. ૨૧–વખત પાણીથી ધુએ છે. પછી તેનો આહાર કરે છે.

ભગવન્ ! તેને 'પ્રાણામા' પ્રવ્રજ્યા કેમ કહી ? ગૌતમ ! પ્રાણામા પ્રવ્રજ્યા લીધી હોય તે જેને જ્યાં જોવે તેને – ઇન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્યા કોટ્ટકિરિયા, રાજા યાવત્ સાર્થવાહ, કાગડો–કૂતરો–ચાંડાલને, ઊંચાને જોઈને ઉચ્ચ અને નીચાને જોઈને નીચ પ્રણામ કરે છે. જેને જ્યાં જુએ તેને ત્યાં પ્રણામ કરે. તેથી પ્રાણામા પ્રવ્રજ્યા કહી.

## સૂત્ર–૧૬૦ અધૂરેથી ૧૬૩

**(૧૬૦ અધુરે થી)** ત્યારે તે તામલિ મૌર્યપુત્ર, તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત બાલતપોકર્મથી શુષ્ક, રુક્ષ યાવત્ નાડી દેખાતા હોય તેવા થઈ ગયા ત્યારે તે તામલિ બાલતપસ્વીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ અનિત્ય જાગરિકાથી જાગતા આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત યાવત્ સંકલ્પ થયો.

હું આ ઉદાર, વિપુલ યાવત્ ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, મહાનુભાગ તપોકર્મ થી શુષ્ક, રૂક્ષ યાવત્ નસો દેખાતો થઈ ગયો છું. તો જ્યાં સુધી મને ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ છે, ત્યાં સુધીમાં મારું શ્રેય એ છે કે કાલે યાવત્ સૂર્ય ઊગે પછી તામ્રલિપ્તી નગરીમાં જઈ મેં દેખીને બોલાવેલા, પાખંડીઓ, ગૃહસ્થો, પૂર્વપરિચિત, પશ્ચાત્ પરિચિત, પર્યાસસંગતિને પૂછીને તામ્રલિપ્તીની મધ્યેથી નીકળીને પાદુકા કુંડિકાદિ ઉપકરણ, કાષ્ઠપાત્ર એકાંતમાં મૂકીને તામ્રલિપ્તી નગરીના ઈશાનકોણમાં નિર્વર્તનિક મંડલને આલેખીને, સંલેખના તપમાં આત્માને જોડીને, ભોજન–પાનનો ત્યાગ કરી, વૃક્ષ માફક સ્થિર થઈ, કાળની આકાંક્ષા સિવાય વિચરવું.

એમ વિચારી કાલે યાવત્ સૂર્ય ઊગ્યા પછી યાવત્ પૂછીને તામ્રલિપ્તીમાં એકાંતે જઈને યાવત્ આહાર પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સ્વીકાર્યું. તે કાળે બલિચંચા રાજધાની ઇન્દ્ર, પુરોહિત રહિત હતી.

**૧૬૧.** ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવ–દેવીઓએ તામલિ બાલતપસ્વીને અવધિ વડે જોયો. પછી પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! બલિચંચા રાજધાની ઇન્દ્ર, પુરોહિત રહિત છે હે દેવાનુપ્રિયો ! આપણે ઇન્દ્રાધીન અને ઇન્દ્રાધિષ્ઠિત છીએ. ઇન્દ્રના તાબે કાર્ય કરીએ છીએ. હે દેવાનુપ્રિયો ! આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી–નગરી બહાર ઈશાનખૂણામાં નિર્વર્તનિક મંડલને આલેખીને સંલેખના તપ સ્વીકારી, ભોજન–પાનને ત્યજીને, પાદપોપગમન અનશને રહ્યો છે. હે દેવાનુપ્રિયો ! એ શ્રેય છે કે આપણે તામલી બાલતપસ્વીને બલિચંચા રાજધાનીનો સ્થિતિ સંકલ્પ કરાવીએ –

એમ કરીને, પરસ્પર એકબીજા સંમત થઈને, બલીચંચાની ઠીક મધ્યેથી નીકળીને જ્યાં રુચકેન્દ્ર ઉત્પાત પર્વત છે ત્યાં આવીને વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈ યાવત્ ઉત્તરવૈક્રિયરૂપોને વિકુર્વે છે. પછી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ, ચંડ, જયવતી, નિપુણ, સિંહ જેવી, શીઘ્ર, ઉદ્‌ભૂત અને દિવ્ય દેવગતિ વડે તિર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોની વચ્ચે જે જંબૂદ્વીપ દ્વીપ છે, ત્યાં આવીને, ભરતક્ષેત્રમાં જ્યાં તામ્રલિપ્તી નગરી છે, જ્યાં તામલિ મૌર્યપુત્ર છે, ત્યાં આવે છે.

ત્યાં આવીને તામલિ બાલતપસ્વીની ઉપર, બંને બાજુ, ચારે દિશાએ રહીને દિવ્ય–દેવઋદ્ધિ, દેવદ્યુતિ,

દેવાનુભાવ, બત્રીશવિધ નાટ્યવિધિ દેખાડે છે. પછી તામલી બાલતપસ્વીને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદી, નમી, આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! અમે બલીચંચા રાજધાનીમાં રહેતા ઘણા અસુરકુમાર દેવ–દેવીઓ આપ દેવાનુપ્રિયને વંદન–નમસ્કાર યાવત્ પર્યુપાસના કરીએ છીએ.

હે દેવાનુપ્રિય! અમારી બલીચંચા રાજધાની હાલ ઇન્દ્ર, પુરોહિત રહિત છે. અમે બધા ઇન્દ્રાધીન, ઇન્દ્રિધિષ્ઠિત, ઇન્દ્રાધીનકાર્યા છીએ. દેવાનુપ્રિય! તમે બલીચંચા રાજધાનીનો આદર કરો, સ્વામિત્વ સ્વીકારો, મનમાં લાવી, તે સંબંધે નિદાન કરો, કે તમે કાળમાસે કાળ કરીને બલીચંચા રાજધાનીમાં ઇન્દ્રરૂપે. ઉત્પન્ન થશો. ત્યારે તમે અમારા ઇન્દ્ર થશો. ત્યારે તમે અમારી સાથે દિવ્ય ભોગોને ભોગવતા વિચરશો.

ત્યારે તે તામલી બાલતપસ્વીએ તે બલીચંચા રાજધાનીના રહીશો ઘણા અસુરકુમાર દેવ–દેવીઓએ આમ કહ્યું ત્યારે આ અર્થનો આદર ન કર્યો, સ્વીકારી નહીં, મૌન રહ્યો. ત્યારે તે બલીચંચાના રહીશ ઘણા અસુરકુમાર દેવ–દેવીઓએ તામલી મૌર્યપુત્રને બે–ત્રણ વખત ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ હે દેવાનુપ્રિય! અમારી બલીચંચા ઇન્દ્રરહિત છે યાવત્ તમે તેના સ્વામી થાઓ. યાવત્ બે–ત્રણ વાર આમ કહેવા છતાં યાવત્ તામલી મૌન રહ્યો. ત્યારે તે બલીચંચાના ઘણા અસુરકુમાર દેવ–દેવીઓનો તામલીએ અનાદર કરતા, તેમની વાત ન સ્વીકારતા જે દિશામાંથી આવ્યા હતા, ત્યાં પાછા ગયા.

**૧૬૨.** તે કાળે, તે સમયે ઈશાનકલ્પ ઇન્દ્ર, પુરોહિત રહિત હતો. ત્યારે તે તામલી બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૬૦,૦૦૦ વર્ષનો પર્યાય પાળીને, દ્વિમાસિક સંલેખનાથી આત્માને જોડીને ૧૨૦ ભક્ત અનશન વડે છેદીને કાળ માસે કાળ કરી ઈશાન કલ્પે ઈશાનાવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં, દેવદૂષ્યથી આવરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી, ઈશાન દેવેન્દ્રના વિરહકાળ સમયે ઈશાન દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો.

ત્યારે તે ઈશાન દેવેન્દ્ર દેવરાજ જે તુરંત જન્મેલ, તેણે પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તિભાવ પૂર્ણ કર્યો. તે આ – આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામન પર્યાપ્તિ.

ત્યારે તે બલીચંચા રાજધાનીના રહીશો ઘણા અસુર કુમાર દેવ–દેવીઓએ તામલી બાલતપસ્વીને કાલગત જાણી ઈશાન કલ્પે દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો જોઈને ઘણા ક્રોધિત–કુપિત–ચંડિક થઈ ગુસ્સામાં ધમધમતા બલીચંચા રાજધાનીની વચ્ચેથી નીકળીને ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી ભરતક્ષેત્રના તામ્રલિપ્તી નગરમાં તામલી બાલતપસ્વીના શરીર પાસે આવ્યા.

તામલીના મૃતકને. ડાબે પગે દોરડી બાંધી. તેના મુખમાં ત્રણ વાર થૂંકી, તામ્રલિપ્તીના શૃંગાટક–ત્રિક–ચતુષ્ક–ચત્વર–મહાપથ–પથોમાં મુડદાને ઢસડતા મોટા શબ્દથી ઉદ્દ્ઘોષણા કરતા આ પ્રમાણે બોલ્યા–પોતાની મેળે તપસ્વીનો વેશ પહેરી, પ્રાણામા પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત તે તામલી બાલતપસ્વી કોણ ?

ઈશાનકલ્પે થયેલ દેવેન્દ્ર દેવરાજ ઈશાન કોણ ? એમ કરી, તામલીના શરીરની હીલણા–નિંદા–ખિંસા–ગર્હા–અવમાનના–તર્જના–તાડના–પરિવધ–કદર્થના કરે છે. શરીરને આડુ–અવળુ ઢસડે છે. એ રીતે હીલના યાવત્ આકડવિકડ કરીને એકાંતમાં નાંખી ચાલ્યા ગયા.

**૧૬૩.** ત્યારે તે ઈશાન કલ્પવાસી ઘણા વૈમાનિક દેવો દેવીઓએ જોયું – બલીચંચાના રહીશ ઘણા અસુર કુમાર દેવ–દેવીઓએ તામલી બાલતપસ્વીના શરીરની હીલણા–નિંદા યાવત્ આકડવિકડ કરે છે. તે જોઈને ક્રોધિત થઈ યાવત્ ગુસ્સાથી ધમધમતા જ્યાં ઈશાનેન્દ્ર છે, ત્યાં જઈને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ જોડી, જય–વિજયથી વધાવી આમ કહ્યું –

હે દેવાનુપ્રિય! બલીચંચાના રહીશ ઘણા અસુરકુમાર દેવ–દેવીઓ આપ દેવાનુપ્રિયને કાલગત જાણીને, ઈશાન કલ્પે ઇન્દ્રપણે ઉત્પન્ન થયેલ જોઈને ક્રોધપૂર્વક યાવત્ એકાંતમાં આપનુ શરીર ફેંકીને પાછા ગયા.

ત્યારે તે ઈશાનેન્દ્રએ તે ઈશાનકલ્પવાસી ઘણા દેવ–દેવી પાસે આ અર્થ જાણી, અવધારી ક્રોધથી યાવત્

ધમધમતા તે ઉત્તમ દેવશય્યામાં રહીને ભ્રૂકૂટીને ત્રણ વળ દઈ, ભવા ચડાવી બલીચંચા સામે, નીચે, સપક્ષ, સપ્રતિદિશ(બરાબર સામે એકીટશે) જોયું. ત્યારે તે બલીચંચાને ઈશાનેન્દ્રએ આ રીતે જોતાં, તેમના દિવ્યપ્રભાવથી બલીચંચા અંગારા જેવી, આગના કણિયા જેવી, રાખ જેવી, તપ્ત વેણુકણ જેવી, તપીને લ્હાય જેવી થઈ ગઈ.

ત્યારે બલીચંચાના રહીશ ઘણા અસુરકુમાર દેવ–દેવીઓએ બલીચંચા રાજધાનીને અંગારા જેવી યાવત્ લ્હાય જેવી તપેલી જોઈ, તેનાથી ભય પામ્યા–ત્રાસ્યા–ઉદ્વેગ પામ્યા–ભયભીત થઈ ચારે બાજુ દોડવા–ભાગવા–એકબીજાની સોડમાં ભરાવા લાગ્યા.

જ્યારે તે બલીચંચાના રહીશો એ એમ જાણ્યુ કે ઈશાનેન્દ્ર કોપેલ છે, ત્યારે તેઓ ઈશાનેન્દ્રની દિવ્ય–દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ, તેજોલેશ્યાને સહન ન કરતા બધા સપક્ષ અને સપ્રતિદિશામાં રહીને, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ જોડી, ઈશાનેન્દ્રને જય–વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું

અહો ! આપ દેવાનુપ્રિયને દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણેલી છે. આપ દેવાનુપ્રિયની તે દિવ્ય–દેવઋદ્ધિ યાવત્ લબ્ધ, પ્રાપ્ત અને સામે આણેલી છે તે અમે જોઈ. અમે આપની ક્ષમા માંગીએ છીએ. હે દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. ફરી વાર અમે એમ નહીં કરીએ. એ રીતે સારી રીતે, વિનયપૂર્વક વારંવાર ખમાવે છે. બલીચંચા રહીશ ઘણા અસુરકુમાર દેવ–દેવીઓએ પોતાના અપરાધ બદલ ઈશાનેન્દ્રની સમ્યક્ વિનય–પૂર્વક વારંવાર ક્ષમા માંગી ત્યારે ઈશાનેન્દ્રે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ તેજોલેશ્યાને સંહરી લીધી.

હે ગૌતમ ! ત્યારથી તે બલીચંચા રહીશ ઘણા અસુરકુમાર દેવ–દેવીઓ ઈશાનેન્દ્રનો આદર કરે છે યાવત્ પર્યુપાસે છે. દેવેન્દ્ર ઈશાનની આજ્ઞા–સેવા–આદેશ–નિર્દેશમાં રહે છે. એ રીતે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ મેળવેલી છે.

ભગવન્ ! ઈશાનેન્દ્રની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! સાતિરેક બે સાગરોપમ.

દેવેન્દ્ર ઈશાન તે દેવલોકથી આયુ ક્ષય થતા યાવત્ ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

## સૂત્ર–૧૬૪ થી ૧૬૯

**૧૬૪.** ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાનો કરતા શું દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વિમાનો કિંચિત્ ઉચ્ચતર, કિંચિત્ ઉન્નતતર છે ? શું ઈશાનેન્દ્રના વિમાનોથી શક્રેન્દ્રના વિમાનો કંઈક નીચા કે નિમ્નતર છે ? ગૌતમ ! હા, તે એમ જ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેમ હથેળીનો કોઈ ભાગ ક્યાંક ઊંચો, ક્યાંક ઉન્નત હોય અને ક્યાંક નીચો, ક્યાંક નિમ્ન હોય, તેમ હે ગૌતમ ! શક્રેન્દ્રના અને ઈશાનેન્દ્રના વિમાનોના વિષયમાં જાણવું.

**૧૬૫.** ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાન પાસે જવાને સમર્થ છે ? હા, છે.

ભગવન્ ! તે તેમનો આદર કરતો આવે કે અનાદર કરતો ? ગૌતમ ! આદર કરતો આવે. અનાદર કરતો નહી

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન, દેવેન્દ્ર દેવરાજ શક્ર પાસે આવવા સમર્થ છે ? હા, છે.

ભગવન્ ! તે તેનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? ગૌતમ ! ઈશાનેન્દ્ર, શકેન્દ્રની પાસે આદર કરતો પણ જાય અને અનાદર કરતો પણ જાય.

ભગવન્ ! ઈશાનેન્દ્રની સપક્ષ, સપ્રતિદિશ(બરાબર સામે એકીટશે) જોવાને શક્રેન્દ્ર સમર્થ છે ? ગૌતમ ! પાસે આવવા માફક અહીં પણ બે આલાવા છે.

ભગવન્ ! શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર સાથે વાતચીત કરવાને સમર્થ છે ? હા, છે. પાસે આવવા સંબંધે કહ્યું તેમ અહીં પણ બે આલાવા કહેવા.

ભગવન્ ! તે શક્રેન્દ્ર–ઈશાનેન્દ્ર વચ્ચે કોઈ કૃત્ય, કરણીય(કોઈ કાર્ય–પ્રયોજન) સમુત્પન્ન થાય ? હા, થાય.

ત્યારે તે કેવો વ્યવહાર કરે ? ગૌતમ ! ત્યારે શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર પાસે જાય છે. ઈશાનેન્દ્ર, શક્રેન્દ્ર પાસે જાય છે, તેઓ પરસ્પર આ રીતે બોલાવે છે–. ઓ ! દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ દેવરાજ દેવેન્દ્ર શક્ર ! અથવા ઓ ! ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ! એ રીતે પરસ્પર કૃત્ય, કરણીયને અનુભવતા વિચરે છે.

**૧૬૬.** ભગવન્ ! તે દેવેન્દ્ર દેવરાજ શક્ર–ઈશાન વચ્ચે પરસ્પર વિવાદ થાય છે ? હા, થાય છે.

ત્યારે તેઓ શું કરે છે ? ગૌતમ ! ત્યારે તે શક્ર–ઈશાન, દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારને યાદ કરે છે. ત્યારે તે સનત્કુમારેન્દ્ર, શક્ર–ઈશાનેન્દ્રએ યાદ કરતા જલદીથી તેઓની પાસે આવે છે. તે જે કહે તેને બંને ઈન્દ્રો માન્ય કરે છે. તે બંને ઈન્દ્રો તેમની આજ્ઞા–સેવા–વચન–નિર્દેશમાં રહે છે.

**૧૬૭.** ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદષ્ટિ ? પરિત્તસંસારી છે કે અપરિત્તસંસારી? સુલભબોધિ છે કે દુર્લભબોધિ? આરાધક છે કે વિરાધક? ચરમ છે કે અચરમ ?

ગૌતમ! સનત્કુમારેન્દ્ર ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. આ રીતે તે સમ્યગ્દૃષ્ટિ છે, પરિત્તસંસારી છે, સુલભબોધિ છે, આરાધક છે, ચરમ છે**,** અચરમ નથી. અર્થાત સર્વ પ્રશસ્તપદનું ગ્રહણ કરવું. મિથ્યાદષ્ટિ આદિ નહીં.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર**,** ઘણા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓના હિતકામી**,** સુખકામી**,** પથ્યેચ્છુ છે, અનુકંપા કરનાર, નિઃશ્રેયસ–કલ્યાણકામી છે**,** હિત સુખ અને કલ્યાણના કામી છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે સનતકુમારેન્દ્ર ભાવસિદ્ધિક આદિ છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! સાત સાગરોપમ સ્થિતિ છે.

ભગવન્ ! તે**,** તે દેવલોકથી આયુક્ષય થતા યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે. ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે.

**૧૬૮.** તિષ્યક શ્રમણ છટ્ઠ–છટ્ઠનું તપ કરતા હતા. તેમણે એક માસનું અનશન કર્યું, તેમનો શ્રમણપર્યાય આઠ વર્ષ હતો. કુરુદત્ત શ્રમણ અઠ્ઠમ–અઠ્ઠમનું તપ કરતા હતા, તેઓએ અર્ધ માસનું અનશન કરેલું. તેમનો શ્રમણ પર્યાય છ માસ હતો.

**૧૬૯.** આ ઉદ્દેશામાં ઉપર કહેલ વિષય ઉપરાંત વિમાનોની ઊંચાઈ, પ્રાદુર્ભાવ, જોવું, સંલાપ(પરસ્પર) વાત કરવી**,** તેનું કાર્ય, વિવાદની ઉત્પત્તિ, તેનું સમાધાન**,** સનત્કુમારનું ભવ્યપણું વગેરે વિષયો કહ્યા.

### શતક-૩, ઉદ્દેશા-૧નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૨ 'ચમરોત્પાત'

**સૂત્ર–૧૭૦**

તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ભગવંત મહાવીર પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

તે કાળે તે સમયે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં ચમર નામે સિંહાસન ઉપર બેઠેલો, ૬૪,૦૦૦ સામાનિક દેવોથી વીંટળાયેલો ચમરેન્દ્ર ભગવંતના વંદનાર્થે આવ્યો યાવત્ ભગવંતને નૃત્યવિધિ દેખાડીને જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં પાછો ગયો.

ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે અસુરકુમાર દેવો વસે છે ? ગૌતમ ! આ વાત યોગ્ય નથી. યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં જાણવું. સૌધર્મકલ્પની નીચે યાવત્ બીજા કલ્પોની નીચે પણ અસુરકુમારો રહેતા નથી..

ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી નીચે અસુરકુમાર દેવો રહે છે ? આ વાત યોગ્ય નથી.

ભગવન્ ! ત્યારે એવું ખ્યાત સ્થાન કયું છે કે જ્યાં અસુરકુમાર દેવો રહે છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ યોજનની જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વી મધ્યે રહે છે. એ રીતે અસુરકુમારો સંબંધી બધી વક્તવ્યતા કહેવી યાવત્ તેઓ

દિવ્ય ભોગ ભોગવતા રહે છે.

ભગવન્ ! શું અસુરકુમાર દેવોનું અધઃગતિ સામર્થ્ય છે ? હા, ગૌતમ ! તેમ છે.

ભગવન્ ! તે અસુરકુમાર દેવો સ્વસ્થાનથી કેટલે નીચે જઈ શકે છે ? ગૌતમ ! અધઃસપ્તમી પૃથ્વી સુધી તેઓ જઈ શકે છે પરંતુ ત્રીજી પૃથ્વી સુધી તેઓ ગયા છે, જાય છે અને જશે.

ભગવન્ ! અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે, તેનું શું કારણ ?

ગૌતમ ! પૂર્વે વૈરીને વેદના દેવા અને જૂના મિત્રની વેદના ઉપશાંત કરવા અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે.

અસુરકુમાર દેવોનું તિર્છા ગમન સામર્થ્ય છે ? હા, ગૌતમ ! તેવું સામર્થ્ય છે.

ભગવન્ ! તેમનું તિર્છું ગમન સામર્થ્ય કેટલું છે ? ગૌતમ ! અસુરકુમાર દેવ પોતાના સ્થાનથી અસંખ્ય દ્વીપસમુદ્ર સુધી તિર્છું ગમન કરવામાં સમર્થ છે પરંતુ તેઓ નંદીશ્વરદ્વીપ સુધી ગયા છે અને જશે.

ભગવન્ ! કયા કારણે અસુરકુમાર દેવો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે ?

ગૌતમ ! જે આ અરિહંત ભગવંતો છે, તેઓના જન્મ–નિષ્ક્રમણ–જ્ઞાનોત્પાદ–પરિનિર્વાણ મહોત્સવો છે, તેને માટે અસુરકુમારો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે.

ભગવન્ ! અસુરકુમાર દેવોનું ઉર્ધ્વ ગતિ સામર્થ્ય છે ? હા, ગૌતમ ! તેઓ ઉર્ધ્વ ગમન કરી શકે છે.

ભગવન્ ! તે સામર્થ્ય ક્યાં સુધી છે ? ગૌતમ ! તેઓ અચ્યુતકલ્પ સુધી જવા સમર્થ છે, પરંતુ સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે.

ભગવન્ ! અસુરકુમાર શા માટે સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે?

ગૌતમ ! તેઓને ભવ પ્રત્યયિક વૈરાનુબંધ છે. વૈક્રિયરૂપ બનાવતા અને ભોગો ભોગવતા તેઓ આત્મરક્ષક દેવોને ત્રાસ પમાડે છે તથા યથોચિત નાના–નાના રત્નોને લઈને એકાંતમાં ચાલ્યા જાય છે.

ભગવન્ ! તે દેવો પાસે યથોચિત નાના રત્નો છે ? હા, છે. જ્યારે તેઓ રત્નો ઊપાડી જાય ત્યારે વૈમાનિકો શું કરે ? પછી વૈમાનિકો તેમને કાયિક વ્યથા પહોંચાડે.

ભગવન્ ! અસુરકુમારો ઉપર જઈને, ત્યાં રહેલ અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ છે ? ના, તેમનું એવું સામર્થ્ય નથી. તેઓ ત્યાંથી પાછા વળી સ્વ–સ્થાને આવે છે. જો કદાચ અપ્સરા તેમનો આદર કરે, સ્વીકારે, તો તે અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ બને, પણ જો તે અપ્સરા તેમનો આદર અને સ્વીકાર ન કરે, તો અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવી રહેવા સમર્થ ન બને.

ગૌતમ ! એ રીતે અસુરકુમાર દેવ સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે.

સૂત્ર–૧૭૧

ભગવન્ ! કેટલો સમય વીત્યા પછી અસુરકુમાર દેવો ઊંચે જાય છે તથા સૌધર્મકલ્પે ગયા છે અને જશે?

ગૌતમ ! અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી વીત્યા પછી લોકમાં આશ્ચર્યરૂપ આ ભાવ સમુત્પન્ન થાય છે, જે અસુરકુમાર સૌધર્મકલ્પ સુધી ઊંચે જાય.

ભગવન્ ! કોનો આશ્રય કરીને અસુરકુમારો સૌધર્મકલ્પ સુધી ઊંચે જાય છે ?

હે ગૌતમ ! જેમ કોઈ શબર–બર્બર–ટંકણ–ભુત્તઅ–પણ્હય–પુલિંદ જાતિના લોકો એક મોટા જંગલ–ખાડો–દુર્ગ–ગુફા વિષમ–પર્વતનો આશ્રય કરી, સારા મોટા ઘોડા–હાથી–યોધા–ધનુષ્યવાળા સૈન્યને હંફાવે, તેમ અસુરકુમારો પણ અરિહંત–અરિહંતચૈત્ય–ભાવિતાત્મા અણગારની નિશ્રાએ સૌધર્મકલ્પે જાય.

ભગવન્ ! શું બધા અસુરકુમારો ઊંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી જાય છે ? ગૌતમ ! એવું નથી, મહર્દ્ધિક અસુર–કુમારો ઊંચે યાવત્ સૌધર્મકલ્પે જાય છે.

ભગવન્ ! એ રીતે અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર કોઈવાર પૂર્વે ઉપર યાવત્ સૌધર્મકલ્પે ગયેલો છે ?

હા, ગૌતમ ! ગયેલ છે.

ભગવન્ ! અહો! આ ચમરેન્દ્ર કેવા મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન છે યાવત્ ભગવન્ ! તેની ઋદ્ધિ ક્યાં ગઈ ?

ગૌતમ ! અહી પૂર્વોક્ત કૂટાગારશાલાનું દૃષ્ટાંત જાણવું.

સૂત્ર–૧૭૨

અસુરેન્દ્ર અસુરરાજ ચમરે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ ક્યાં લબ્ધ–પ્રાપ્ત–અભિસન્મુખ કરી ?

ગૌતમ ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં બેભેલ નામે સંનિવેશ હતું. તેનું વર્ણન ઉવાવાઈ સૂત્રાનુસાર ચંપાનગરી મુજબ જાણવું.

તે બેભેલ સંનિવેશે પૂરણ નામે ગૃહસ્થ રહેતો હતો, તે આઢ્ય, દિપ્ત યાવત્ તામલીની વક્તવ્યતા મુજબ જાણવો. વિશેષ એ કે – પૂરણ ગાથાપતિએ પ્રવ્રજ્યા અંગીકાર કરી ત્યારે– ચાર ખાનાવાળુ કાષ્ઠમય પાત્ર તૈયાર કરાવ્યું યાવત્ તેને પણ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવીને સ્વજનોને જમાડ્યા. યાવત્ સ્વયં જ ચાર ખાનાવાળુ કાષ્ઠમય પાત્ર લઈને, મુંડ થઈને 'દાનામા' પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થઈને, તે જ પ્રમાણે આતાપના ભૂમિથી ઊતરીને આપમેળે જ ચાર ખાનાવાળુ કાષ્ઠપાત્ર લઈને બેભેલ સંનિવેશના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યાએ ફરતા,...

જે મને પાત્રના પહેલા ખાનામાં આવે તે મારે માર્ગમાં પથિકોને દેવું કલ્પે, જે મને પાત્રના બીજા ખાનામાં આવે તે મારે કાગડા–કુતરાને દેવું કલ્પે. જે મને પાત્રના ત્રીજા ખાનામાં આવે તે મારે મત્સ્ય–કાચબાને દેવું કલ્પે, જે મને પાત્રના ચોથા ખાનામાં આવે તે મને મારા પોતાના આહાર માટે કલ્પે. એવું વિચારી, કાલે પ્રભાત થયા પછી, તે બધું સંપૂર્ણ યાવત્ – જે ચોથા ખાનામાં પડે તેનો પોતે આહાર કરે છે. શેષ સર્વ કથન તામલી મુજબ જાણવું..

ત્યારે તે પૂરણ બાલતપસ્વી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત બાલ તપકર્મ વડે એ બધું તામલી મુજબ કહેવું. યાવત્ બેભેલ સંનિવેશની વચ્ચોવચ્ચથી નીકળે છે. નીકળીને પાદુકા, કુંડિકા આદિ ઉપકરણ, ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્રને એકાંતમાં મૂકે છે. બેભેલ સંનિવેશથી અગ્નિખૂણામાં અર્ધનિર્વર્તનિક મંડળને આલેખે છે. સંલેખના ઝૂસણાથી ઝૂસિત(યુક્ત) થઈને, ભોજન–પાનનો ત્યાગ કરીને, પાદપોપગમન અનશન કરી તે પૂરણ દેવગત થયો.

ભગવંત કહે છે કે– તે કાળે તે સમયે હે ગૌતમ ! હું છદ્મસ્થાવસ્થામાં હતો. ૧૧ વર્ષનો દીક્ષાપર્યાય હતો. નિરંતર છટ્ઠ–છટ્ઠના તપોકર્મ થી સંયમ–તપ વડે આત્માને ભાવતો પૂર્વાનુપૂર્વીથી વિચરતો, ગ્રામાનુગ્રામ વિચરતો જ્યાં સુંસમારપુર નગર છે, જ્યાં અશોક વનખંડ ઉદ્યાન છે, જ્યાં પૃથ્વીશિલાપટ્ટક છે ત્યાં આવ્યો.

ઉત્તમ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકાર્યું. બંને પગ ભેગા કરી, હાથની નીચે લાંબા કરી, એક પુદ્ગલ ઉપર દૃષ્ટિ રાખી, અનિમેષ નયને, જરા શરીરને આગળના ભાગે નમતું મેલીને, યથાસ્થિત ગાત્રો વડે, સર્વેન્દ્રિયથી ગુપ્ત થઈને, એકરાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને રહેલો હતો.

તે કાળે તે સમયે ચમરચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત હતી. ત્યારે તે પૂરણ બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૧૨ વર્ષનો પર્યાય પાળીને, માસિકી સંલેખનાથી આત્માને જોડીને, ૬૦ ભક્તને અનશન વડે છેદીને કાળમાસે કાળ કરીને ચમરચંચા રાજધાનીમાં ઉત્પાત સભામાં યાવત્ ઈન્દ્રપણે ઉત્પન્ન થયો.

ત્યારે તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, જે તાજો જ ઉત્પન્ન થયેલો, તેણે પાંચ પ્રકારે પર્યાપ્તિને પૂર્ણ કરી. તે આ – આહાર પર્યાપ્તિથી પર્યાપ્તિભાવ પામીને અવધિજ્ઞાન વડે સ્વાભાવિક ઊંચે યાવત્ સૌધર્મકલ્પે દેવેન્દ્ર, દેવરાજ, મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ, વજ્રપાણી, પુરંદર યાવત્ દશ દિશાઓને ઉદ્યોતિત, પ્રદ્યોતિત કરતો, સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં શક્ર સિંહાસન ઉપર યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતા શક્રેન્દ્રને. જોયો.

તેને જોઈને ચમરેન્દ્રને આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉત્પન્ન થયો – આ

કોણ મરણનો ઇચ્છુક, દુરંતપ્રાંતલક્ષણ, હ્રી–શ્રી વગરનો(લજ્જા અને શોભાથી રહિત), હીનપુણ્ય ચૌદશીયો છે જે મારી આ આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દેવાનુભાવ મળ્યા છે, પ્રાપ્ત થયા છે,અભિસન્મુખ થયા છે છતાં મારી ઉપર ગભરાટ વિના દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે ?

એમ વિચારી ચમરે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો! આ કોણ મરણનો ઇચ્છુક યાવત્ વિચરે છે?

ત્યારે તે સામાનિક દેવો, ચમરેન્દ્રએ આમ કહ્યું ત્યારે હર્ષિત–સંતુષ્ટ થઈને યાવત્ હર્ષિત હૃદયે, હાથ જોડીને, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ કરી, આવર્ત કરી, જય–વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય! આ દેવેન્દ્ર દેવરાજ શક્ર છે યાવત્ વિચરી રહ્યો છે.

ત્યારે તે ચમરેન્દ્રએ તે સામાનિકપર્ષદા ઉત્પન્ન દેવો પાસે આ કથન સાંભળી, અવધારી, ક્રોધિત થઈ, રોષિત થઈ, કોપી, ચંડ બની, ક્રોધથી ધમધમતા, તે સામાનિક દેવોને આ પ્રમાણે કહ્યું –

દેવેન્દ્ર દેવરાજ શક્ર બીજો છે અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર બીજો છે. ભલે તે શક્રેન્દ્ર મહાઋદ્ધિવાળો છે, ભલે આ ચમરેન્દ્ર અલ્પ બુદ્ધિવાળો છે, તો પણ હે દેવાનુપ્રિયો! હું મારી પોતાની જ મેળે તે શક્રેન્દ્રની શોભાને ભ્રષ્ટ કરવા ઇચ્છું છું. એમ કરીને તે ચમર ગરમ થયો, ઉષ્ણીભૂત થયો.

ત્યારે તે ચમરેન્દ્રએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. મને અવધિજ્ઞાન વડે જોયો, જોઈને તેને આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ થયો. શ્રમણ ભગવંત મહાવીર, જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુંસુમારપુર નગરમાં અશોક વનખંડ ઉદ્યાનમાં ઉત્તમ અશોકવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકારીને એક રાત્રિકી મહાપ્રતિમા ગ્રહણ કરીને રહેલા છે. તો એ શ્રેયસ્કર છે, હું ભગવંત મહાવીરની નિશ્રા લઈ, શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા જાઉં.

એમ વિચારી દેવશય્યાથી ઊઠીને દેવદૂષ્ય પહેરી ઉપપાત સભાથી પૂર્વ દિશાના દ્વારેથી નીકળ્યો. જે તરફ સુધર્માસભા હતી, જ્યાં ચતુષ્પાલ શસ્ત્રભંડાર હતો, ત્યાં ગયો. જઈને પરિઘ રત્ન નામે હથિયાર લીધુ. પછી તે એકલો, કોઈને સાથે લીધા વિના પરિઘ રત્નને લઈને મહારોષને ધારણ કરતો ચમરચંચા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળી, તિગિચ્છિકૂટ ઉત્પાત પર્વતે આવ્યો.

ત્યાં વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ, સંખ્યાત યોજન સુધીના યાવત્ ઉત્તરવૈક્રિયરૂપ બનાવી, ઉત્કૃષ્ટ યાવત્ ગતિ વડે પૃથ્વીશિલાપટ્ટક ઉપર, મારી પાસે આવી, મને ત્રણ વાર પ્રદક્ષિણા યાવત્ નમસ્કાર કરીને તે ચમર આ પ્રમાણે બોલ્યો–

હે ભગવન્ ! આપનો આશ્રય લઈ હું મારી જાતે જ શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઇચ્છું છું. એમ કરીને ઈશાન કોણની દિશા તરફ ગયો. જઈને વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ, યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈ એક મહા ઘોર ઘોરાકાર, ભયંકર, ભયંકરાકાર, ભાસ્વર, ભયાનક, ગંભીર, ત્રાસદાયી કાળી અર્ધરાત્રિ અને અડદના ઢગલા જેવું કાળું તથા લાખ યોજન ઊંચું, મોટું શરીર બનાવ્યું.

તેમ કરીને આસ્ફાટન–વલ્ગન–ગર્જન–ઘોડા જેવો હણહણાટ–હસ્તિવત્ કિલકિલાટ–રથવત્ ધણધણાટ કરતો, પગ પછાડતો–ભૂમિ ઉપર પાટુ મારતો–સિંહનાદ કરતો ઉછળે છે, પછડાય છે, ત્રિપદીને છેદે છે, ડાબો હાથ ઊંચો કરે છે, જમણા હાથની તર્જની અને અંગૂઠાના નખ વડે પોતાના મુખને વિડંબે છે, મોટા–મોટા કલકલ શબ્દોથી અવાજ કરે છે. એકલો, કોઈને સાથે લીધા વિના, પરિઘરત્નને લઈને ઊંચે આકાશમાં ઊડ્યો. જાણે અધોલોકને ખળભળાવતો, ભૂમિતલને કંપાવતો, તિર્છાલોકને ખેંચતો, ગગનતલને ફોડતો હોય તેવો એ પ્રમાણે ચમર. ક્યાંક ગાજે છે ક્યાંક વિદ્યુતવત્ ઝળકે છે. ક્યાંક વરસાદ પેઠે વરસે છે, ક્યાંક ગાજે છે, ક્યાંક ધૂળવર્ષા કરે છે, ક્યાંક અંધકાર કરે છે

એમ કરતો વ્યંતરને ત્રાસ પમાડતો, જ્યોતિષ્ક દેવોનો જાણે બે ભાગ કરતો, આત્મરક્ષક દેવોને ભગાડતો, પરિઘરત્ન આકાશતલમાં ફેરવતો, શોભાવતો ઉત્કૃષ્ટ ગતિથી યાવત્ અસંખ્ય તિર્છા દ્વીપ સમુદ્રની વચ્ચોવચ્ચથી

નીકળતો સૌધર્મકલ્પે, સૌધર્માવતંસક વિમાને, જ્યાં સુધર્માસભા છે ત્યાં આવી એક પગ પદ્મવર વેદિકામાં અને બીજો પગ સુધર્માસભામાં મૂક્યો. પરિઘરત્ન વડે મોટા મોટા અવાજ કરતા તેણે ઇન્દ્રકીલને ત્રણ વાર કૂટ્યો, કૂટીને ચમરેન્દ્ર. આ પ્રમાણે બોલ્યો–

અરે! દેવેન્દ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? ક્યાં છે તે ૮૪,૦૦૦ સામાનિક દેવો ? યાવત્ – ક્યાં છે ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો ? ક્યાં છે તે કરોડો અપ્સરાઓ ? આજે હણું છું, આજે વધ કરું છું, તે બધી અપ્સરાઓ જે મારા તાબે નથી, તે આજે તાબે થઈ જાઓ. એમ કરીને તેવા પ્રકારના અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, કઠોર વાણી કાઢે છે ત્યારે તે શક્રેન્દ્ર, તેવી અનિષ્ટ યાવત્ અમણામ પૂર્વે ન સાંભળેલી, કઠોર વાણી સાંભળીને, અવધારીને ક્રોધિત યાવત્ ગુસ્સાથી ધમધમતો, કપાળમાં ત્રણ વલી પડે તેમ ભવા ચઢાવી, ચમરેન્દ્રને કહ્યું –

હે, અરે, ચમર ! મરણની ઇચ્છાવાળા, યાવત્ હીન પુન્ય ચૌદશીયા! આજે તું નહીં રહે, હતો ન હતો થઈ જઈશ. તને સુખ નહીં થાય. એમ કરી ઉત્તમ સિંહાસનેથી વજ્ર લીધું.

તે ઝળહળતું, સ્ફુટતું, તડતડાટ કરતું, હજારો ઉલ્કાપાતને મૂકતું, હજારો જ્વાલાને છોડતું, હજારો અંગારાને ખેરવતું, અગ્નિના કણિઆ અને જ્વાલાઓની માળાથી ભમાવતું, આંખોને આંજી દેતું, આગ કરતા પણ વધુ તેજથી દીપતું, અતિ વેગવાળુ, ફૂલેલા કેસુડા જેવું લાલ, મહાભયરૂપ, ભયંકર વજ્ર ચમરને હણવા મૂક્યું.

તે ઝળહળતા યાવત્ ભયંકર વજ્રને સામે આવતું જોઈ, તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, આ શું ? એવું વિચારે છે 'મારે આવું શસ્ત્ર હોત તો' એવી સ્પૃહા કરે છે, ફરી પણ સ્પૃહા કરે છે. એટલામાં તે મુગટથી ખરી ગયેલ છોગાવાળો, લટકતા હાથના ઘરેણાવાળો, પગ ઊંચા અને માથુ નીચું કરીને, જાણે કાંખમાં પરસેવો વળ્યો હોય એમ પરસેવાને ઝરાવતો ઝરાવતો તે ચમર ઉત્કૃષ્ટ યાવત્ તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્રોની વચ્ચોવચ્ચ જતા જતા જે તરફ જંબૂદ્વીપ છે યાવત્ જ્યાં ઉત્તમ અશોકનું વૃક્ષ છે તથા જ્યાં હું છું તે તરફ આવીને, બીધેલો, ભયથી ગર્ગર સ્વરે ભગવન્ ! તમે મારું શરણ છો એમ બોલતો મારા બંને પગની વચ્ચે વેગથી પડ્યો.

સૂત્ર–૧૭૩

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. અસુરેન્દ્ર અસુરરાજ ચમર સમર્થ નથી. આટલો શક્તિવાળો નથી આટલો તેનો વિષય પણ નથી કે પોતાના બળથી યાવત્ સૌધર્મકલ્પ સુધી ઊંચે આવે. જો તેણે અરિહંત, અરિહંતચૈત્ય કે ભાવિતાત્મા અનગારનો આશરો લીધો હોય, તો તે ઊંચે યાવત્ સૌધર્મકલ્પે આવી શકે.

જો તેમ હોય તો. તથારૂપ અરહંત ભગવંત કે અણગારની અતિ આશાતના થશે, જે મહાદુઃખરૂપ છે, એમ વિચારી શક્રેન્દ્રએ અવધિનો પ્રયોગ કર્યો. હા હા! હું મરાઈ ગયો, એમ કરી ઉત્કૃષ્ટ યાવત્ દિવ્ય દેવગતિથી વજ્રના માર્ગે પાછળ જતા જતા તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર મધ્યે યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ હતું, જ્યાં હું હતો, ત્યાં પાસે આવીને મારાથી માત્ર ચાર આંગળ દૂર વજ્રને સંહરી લીધું.

સૂત્ર–૧૭૪

હે ગૌતમ ! શક્રે વજ્ર સંહર્યુ ત્યારે એવા વેગથી મુઠ્ઠી વાળેલી કે મારા કેશાગ્ર વીંઝાયા. દેવેન્દ્ર દેવરાજ શક્રે વજ્રને સંહરી લઈને મને ભગવાન મહાવીરને. ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્ ! આપનો આશરો લઈને અસુરેન્દ્ર અસુરરાજ ચમરે મને મારી શોભાથી ભ્રષ્ટ કરવા ધારેલ. તેથી મેં કુપિત થઈને ચમરેન્દ્રના વધને માટે વજ્ર મૂક્યું. ત્યારપછી મને આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે ચમર પોતે સમર્થ નથી યાવત્ અવધિજ્ઞાન પ્રયોજ્યું. અવધિજ્ઞાન વડે મેં આપ દેવાનુપ્રિયને જોયા, ત્યારે હા હા! હું મર્યો એમ વિચારી તે ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી આપ દેવાનુપ્રિય પાસે આવ્યો. દેવાનુપ્રિયથી ચાર આંગળ દૂરથી મેં વજ્રને સંહરી લીધું. વજ્રને લેવા માટે હું અહીં આવ્યો છું – સમોસર્યો છું – સંપ્રાપ્ત થયો છું – અહીં જ ઉપસંપન્ન થઈને

વિચરું છું.

હે દેવાનુપ્રિય! હું આપની ક્ષમા માંગુ છું, આપ પણ મને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. હું ફરીવાર આવુ નહીં કરું, એમ કરી મને વંદન, નમસ્કાર કરી, ઈશાનખૂણામાં ગયો. જઈને ભૂમિ ઉપર ત્રણ વખત ડાબો પગ પછાડ્યો અને ચમરેન્દ્રને આમ કહ્યું – હે ચમર ! શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવે તું બચી ગયો છે. અત્યારે તને મારાથી જરા પણ ભય નથી. એમ કરીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં તે પાછો ગયો.

સૂત્ર–૧૭૫

ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને આમ કહ્યું – ભગવન્ !શું દેવ મહાઋદ્ધિ, મહાદ્યુતિ યાવત્ મહાનુભાગ છે કે જેથી પૂર્વે પુદ્‌ગલ ફેંકીને, તેની પાછળ જઈને ગ્રહણ કરવા સમર્થ છે ?

હા, છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પુદ્‌ગલ ફેંકવામાં આવે ત્યારે પહેલા શીઘ્ર ગતિ હોય છે, પછી મંદગતિ થાય છે. મોટી ઋદ્ધિવાળો દેવ પહેલા અને પછી પણ શીઘ્ર હોય છે. શીઘ્રગતિવાળા, ત્વરિત અને ત્વરિતગતિવાળા હોય છે. તેથી એમ કહ્યું.

ભગવન્ ! જો મહર્દ્ધિક દેવ યાવત્ પાછળ જઈને પકડી શકે તો શક્રેન્દ્ર પોતાના હાથે ચમરેન્દ્ર કેમ પકડી ન શક્યો ? ગૌતમ ! અસુરકુમારોનો નીચે જવાનો ગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે. ઉપર જવાનો વિષય અલ્પ, અલ્પ ગતિક, મંદ અને મંદગતિક હોય છે.

વૈમાનિક દેવોનો ઉર્ધ્વગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે, અધઃગતિનો વિષય અલ્પ અને મંદ હોય છે. શક્રેન્દ્રને જેટલું ક્ષેત્ર એક સમયમાં ઉપર જાય, તેટલું ક્ષેત્ર વજ્ર બે સમયે જાય, ચમરને ત્રણ સમય લાગે. શક્રનું ઊંચે જવાનું કાલમાન સૌથી થોડું છે અને નીચે જવાનું કાલમાન તેનાથી સંખ્યેયગુણ છે. એક સમયમાં ચમરેન્દ્ર જેટલો ભાગ નીચે જઈ શકે, તેટલું નીચે જવામાં શક્રને બે અને વજ્રને ત્રણ સમય લાગે. ચમરેન્દ્રનું અધોલોક કંડક સૌથી થોડું છે, ઉર્ધ્વલોક કંડક તેનાથી સંખ્યેયગણું છે. હે ગૌતમ ! તેથી શક્રેન્દ્ર, ચમરેન્દ્રને પકડી ન શક્યો.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના ઉર્ધ્વ, અધો કે તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! એક સમયે શક્રેન્દ્ર સૌથી થોડો ભાગ નીચે જાય છે, તે કરતા તિર્છું સંખ્યેય ભાગ જાય, ઉપર પણ સંખ્યેય ભાગ જાય છે.

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ઊર્ધ્વ, અધો કે તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ચમરેન્દ્ર એક સમયે સૌથી થોડો ભાગ ઉપર જાય છે, તિર્છું તે કરતા સંખ્યેય ભાગ જાય અને અધો પણ સંખ્યેય ભાગ જાય છે. વજ્ર સંબંધી ગતિવિષય શક્ર માફક જાણવો. માત્ર ગતિ વિષય વિશેષાધિક કહેવો.

ભગવન્ ! શક્રનો નીચે જવાનો કાળ અને ઉપર જવાનો કાળ, એ બેમાં કયો કાળ, કોનાથી થોડો, વધુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઉપર જવાનો કાળ સૌથી થોડો અને નીચે જવાનો કાળ સંખ્યેયગુણ છે. ચમરેન્દ્રનું પણ એમજ જાણવુ. વિશેષ એ કે તેનો નીચે જવાનો કાળ સૌથી અલ્પ, ઉપર જવાનો સંખ્યેયગુણ છે.

ભગવન્ ! વજ્રનો પ્રશ્ન. ગૌતમ ! વજ્રનો ઊંચે જવાનો કાળ સૌથી અલ્પ, નીચે જવાનો કાળ વિશેષાધિક છે.

ભગવન્ ! વજ્ર, શક્રેન્દ્ર, ચમરેન્દ્ર એ ત્રણેના નીચે જવાના અને ઉપર જવાના કાળમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન, વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઊર્ધ્વગમનકાળ અને ચમરનો અધોગમનકાળ બંને સમાન અને સૌથી અલ્પ છે. શક્રનો અધોગમન કાળ અને વજ્રનો ઊર્ધ્વગમન કાળ, એ બંને સરખા અને સંખ્યેયગુણા છે. ચમરનો ઊર્ધ્વગમન કાળ અને વજ્રનો અધોગમનકાળ બંને સરખા વિશેષાધિક છે.

સૂત્ર–૧૭૬

ત્યારે અસુરેન્દ્ર અસુરરાજા ચમર વજ્રના ભયથી મુક્ત થયેલો, દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા મહા અપમાનથી અપમાનિત થઈ હણાયેલા મનો સંકલ્પવાળો, ચિંતા અને શોકરૂપ સાગરમાં પ્રવિષ્ટ, મુખને હથેલી ઉપર ટેકવી,

આર્તધ્યાનને પામેલ, ભૂમિમાં દૃષ્ટિ રાખી, તે ચમરેન્દ્ર ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં ચમર નામક સિંહાસન ઉપર બેસી વિચાર કરે છે. પછી હણાયેલ મનો સંકલ્પવાળા અને યાવત્ વિચારમાં પડેલા તે ચમરેન્દ્રને જોઈને સામાનિક સભામાં ઉત્પન્ન દેવોએ હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! તમે આજે હણાયેલા મનોસંકલ્પવાળા થઈ યાવત્ શું વિચારો છો ? ત્યારે ચમરેન્દ્રએ તે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને કહ્યું – હે દેવાનુપ્રિયો! મેં મારી મેળે જ શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઈ, શક્રેન્દ્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ. ત્યારે શક્રે કુપિત થઈ મને મારવા મારી પાછળ વજ્ર ફેંક્યું.

હે દેવાનુપ્રિયો ! ભલું થાઓ ભગવંત મહાવીરનું, કે જેના પ્રભાવથી હું અક્લિષ્ટ, અવ્યથિત, અપરિતાપિત અહીં આવ્યો છું, સમોસર્યો છું, સંપ્રાપ્ત થયો છું – ઉપસંપન્ન થઈને વિચરું છું. તો હે દેવાનુપ્રિયો ! આપણે બધા ત્યાં જઈએ અને ભગવંત મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસના કરીએ.

એમ કરી તે ૬૪,૦૦૦ સામાનિક દેવો સાથે યાવત્ સર્વ ઋદ્ધિપૂર્વક યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ છે, જ્યાં હું મહાવીર (પ્રભુ) છું, તે તરફ આવીને, મને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આમ કહ્યું–

હે ભગવન્ ! મેં મારી જાતે જ આપનો આશરો લઈને દેવેન્દ્ર શક્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ યાવત્–આપ દેવાનુપ્રિયનું ભલું થાઓ કે આપના પ્રભાવે હું અક્લિષ્ટ યાવત્ વિચરું છું. હે દેવાનુપ્રિય! હું તે સંબંધે આપની ક્ષમા માંગુ છું – યાવત્ – ઈશાન દિગ્ભાગમાં જઈને યાવત્ બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડી, જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

હે ગૌતમ ! એ પ્રમાણે ચમરેન્દ્રને તે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ થઈ. ચમરેન્દ્રની સ્થિતિ ત્યાં એક સાગરોપમ છે. ત્યાંથી ચ્યવીને, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

### સૂત્ર–૧૭૭

ભગવન્ ! અસુરકુમાર દેવો ઊંચે યાવત્ સૌધર્મકલ્પે જાય છે, તેનું શું કારણ ?

ગૌતમ ! તે તાજા ઉત્પન્ન અથવા મરવાની તૈયારીવાળા દેવોને આવો અધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થાય છે કે – અહો! અમે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત યાવત્ અભિસન્મુખ કરી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણી છે, તેવી દેવેન્દ્ર, દેવરાજ શક્રે પણ યાવત્ – સામે આણી છે અને જેવી દિવ્ય દેવઋદ્ધિ શક્રેન્દ્રે સામે આણી છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ યાવત્ અમે પણ સામે આણી છે.

તો જઈએ અને શક્રેન્દ્રની પાસે પ્રગટ થઈએ અને શક્રેન્દ્રએ યાવત્ સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને જોઈએ તથા શક્રેન્દ્ર પણ અમારી સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જુએ. આપણે શક્રેન્દ્રએ સામે આણેલી યાવત્ દેવઋદ્ધિને જાણીએ અને શક્રેન્દ્ર પણ અમે સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણે. હે ગૌતમ ! એ કારણે અસુરકુમાર દેવો ઊંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી જાય છે.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૩, ઉદ્દેશા-૨નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૩ 'ક્રિયા'

### સૂત્ર–૧૭૮

તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ભગવંત મહાવીર પધાર્યા યાવત્ પર્ષદા ધર્મ સાંભળી પાછી ફરી.

તે કાળે તે સમયે યાવત્ ભગવંતના મંડિત પુત્ર અણગાર શિષ્ય, જે પ્રકૃતિભદ્રક હતા યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું – ભગવન્ ! ક્રિયાઓ(કર્મબંધનમાં કારણરૂપ ચેષ્ટાઓ) કેટલી કહી છે ? મંડિતપુત્ર ! ક્રિયાઓ પાંચ કહી છે. તે આ – કાયિકી(કાયાથી અથવા કાયામાં થતી), અધિકરણિકી(શસ્ત્ર આદિથી થતી ક્રિયા), પ્રાદ્વેષિકી(દ્વેષથી થતી ક્રિયા), પારિતાપનિકી(પીડા પહોચાડવાથી લાગતી) અને પ્રાણાતિપાત(પ્રાણના નાશથી લાગતી) ક્રિયા.

ભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે–અનુપરતકાય ક્રિયા અને દુષ્પ્રયુક્ત કાય ક્રિયા.

ભગવન્ ! અધિકરણિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે– સંજોયણાધિકરણ ક્રિયા અને નિર્વર્તનાધિકરણ ક્રિયા. ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર! બે – જીવ પ્રાદ્વેષિકી અને અજીવ પ્રાદ્વેષિકી.

પારિતાપનિકી ક્રિયા ભગવન્ ! કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે છે– સ્વહસ્ત પારિતાપનિકી અને પરહસ્ત પારિતાપનિકી. ભગવન્ ! પ્રાણાતિપાત ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે ભેદે – સ્વહસ્ત પ્રાણાતિપાત ક્રિયા અને પરહસ્ત પ્રાણાતિપાત ક્રિયા.

સૂત્ર–૧૭૯, ૧૮૦

૧૭૯. ભગવન્ ! પહેલા ક્રિયા અને પછી વેદના કે પહેલા વેદના અને પછી ક્રિયા ? મંડિતપુત્ર! પહેલા ક્રિયા પછી વેદના થાય, પણ પહેલા વેદના અને પછી ક્રિયા ન થાય.

૧૮૦. શ્રમણ નિર્ગ્રન્થોને ક્રિયા હોય ? હા, હોય. શ્રમણ નિર્ગ્રન્થો કેવી રીતે ક્રિયા કરે છે ? મંડિતપુત્ર ! પ્રમાદને લીધે અને યોગ(એટલે કે મન, વચન, કાયાની પ્રવૃત્તિ) નિમિત્તે.

સૂત્ર–૧૮૧

ભગવન્ ! શું જીવ હંમેશા સમિત અર્થાત કંઇક કંપે છે, વિશેષ પ્રકારે કંપે છે, ચાલે છે (એક સ્થાનેથી બીજે સ્થાને જાય છે)–સ્પંદન કરે છે(થોડું ચાલે છે)? ઘટ્ટિત થાય છે(સર્વ દિશાઓમાં જાય)? ક્ષોભને પામે છે? ઉદીરિત થાય છે? અને તે તે ભાવે પરિણમે છે તે ? હા, મંડિતપુત્ર ! એમ જ છે.

ભગવન્ ! જ્યાં સુધી તે જીવ હંમેશા કંઈક કંપે યાવત્ પરિણમે છે, ત્યાં સુધી તે જીવની મરણ સમયે અંતક્રિયા (મુક્તિ) થાય? મંડિતપુત્ર ! ના, તે શક્યનથી.

ભગવન્ !એમ કેમ કહ્યું ? મંડિતપુત્ર ! જ્યાં સુધી તે જીવમાં સતત પરિમિત રૂપે, કંપન આદિ ક્રિયાથી લઈ તે તે ભાવે પરિણામવારૂપ ક્રિયા થતી હોય ત્યાં સુધી તે જીવ આરંભ–સંરંભ–સમારંભ કરે છે, આરંભ–સંરંભ–સમારંભમાં પ્રવર્તે છે, આરંભ–સંરંભ–સમારંભ કરતો કેઆરંભાદિમાં પ્રવર્તતો તે જીવ ઘણા પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વને દુઃખ પહોચાડવામાં, શોક કરાવવામાં, ઝૂરાવવામાં, આંસુ પડાવવામાં, પીડિત કરવામાં, ત્રાસ ઉપજાવવામાં અને પરિતાપ આપવામાં પ્રવૃત્ત રહે છે. તે કારણે મંડિતપુત્ર ! એમ કહ્યું કે– પરિમિત રૂપે કંપે યાવત તે ભાવે પરિણમે ત્યાં સુધી જીવ અંત સમયે અંતક્રિયા કરી શકતો નથી.

ભગવન્ ! શું જીવ, સદા પરિમિત રૂપે કંપતો નથી ? યાવત તે તે ભાવે પરિણમતો નથી? અર્થાત જીવ નિષ્ક્રિય હોય? હા, મંડિતપુત્ર ! એ પ્રમાણે જીવ નિષ્ક્રિય પણ હોય.

ભગવન્ ! જ્યારે જીવ, સતત પરિમિત રૂપે કંપતો નથી યાવત તે તે ભાવે પરિણમતો નથી ત્યારે તે જીવોને મરણ સમયે અંતક્રિયા (મુક્તિ) થાય ? હા, મંડિત આવા જીવની મુક્તિ થાય. ભગવન્ ! એમ શામાટે કહો છો?

મંડિતપુત્ર ! જ્યારે તે જીવમાં સતત પરિમિત રૂપે, કંપતો નથી યાવત તે તે ભાવે પરિણમતો નથી ત્યારે તે જીવ આરંભ–સંરંભ–સમારંભ કરતો નથી, આરંભ–સંરંભ–સમારંભમાં પ્રવર્તતો નથી, આરંભ–સંરંભ–સમારંભ ન કરતો કે આરંભાદિમાં ન પ્રવર્તતો તે જીવ ઘણા પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વને દુઃખ પહોચાડવામાં, શોક કરાવવામાં, યાવત પરિતાપ આપવામાં નિમિત્ત બનતો નથી તે કારણે મંડિતપુત્ર ! એમ કહ્યું કે–જે જીવ હલન–ચલન આદિ ક્રિયા કરતો નથી તે જીવ અંત સમયે અંતક્રિયા કરી મુક્તિ પામી શકે છે.

જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખે કે તુરંત બળી જાય. એ બરાબર છે ? હા, બરાબર છે. જેમ કોઈ પુરુષ જલબિંદુને તપેલા લોઢાના કડાયા ઉપર નાંખે, તો હે મંડિતપુત્ર ! તેનો તુરંત નાશ થાય ? હા, થાય.

જેમ કોઈ દ્રહ હોય તે પાણીથી ભરેલો, છલોછલ ભરેલો, છલકાતો, વૃદ્ધિ પામતો હોય, ભરેલા ઘડા માફક બધે સ્થાને પાણીથી વ્યાપ્ત હોય, તેમાં કોઈ પુરુષ સેંકડો નાના કાણાવાળી અને સેંકડો મોટા કાણાવાળી નાવને પ્રવેશાવે,

તો હે મંડિતપુત્ર ! તે નાવ પાણીથી ભરાતા પૂર્ણ, પૂર્ણ પ્રમાણ યાવત્ ભરેલા ઘડા જેવી થઈ જાય ? હા, થાય.

કોઈ પુરુષ તે નાવના બધા કાણા પૂરી દે, નૌકાનું પાણી ઉલેચાવી નાંખે, તો બધું પાણી ઉલેચાયા બાદ તે નાવ શીઘ્ર જ ઉપર આવે ? હા, આવે.

હે મંડિતપુત્ર! એ રીતે આત્મામાં સંવૃત્ત થયેલ ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, સાવધાનીથી ચાલતા–ઉભતા–બેસતા–સૂતા, સાવધાનીથી વસ્ત્ર–પાત્ર–કંબલ–પાદપ્રોંછન લેતા–મૂકતા અણગારને યાવત્ આંખ પટપટાવતા પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને પ્રથમ સમયે બદ્ધ સ્પૃષ્ટ, બીજા સમયે વેદાયેલી, ત્રીજા સમયે નિર્જરા પામેલી તે ક્રિયા ભવિષ્યકાળે અકર્મ થાય છે. તેથી મંડિતપુત્ર ! એમ કહ્યું કે – યાવત્ તે જીવને અંતક્રિયા–મુક્તિ થાય છે.

**સૂત્ર–૧૮૨**

ભગવન્ ! પ્રમત્ત સંયમમાં વર્તતા સંયમીનો બધો મળીને પ્રમત્ત સંયતકાળ કેટલો થાય છે ? હે મંડિતપુત્ર! એક જીવને આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી, અનેક જીવને આશ્રીને સર્વકાળ.

ભગવન્ ! અપ્રમત્ત સંયમને પાળતા અપ્રમત્ત સંયમીનો બધો મળીને અપ્રમત્ત સંયમકાળ કેટલો થાય છે ? મંડિતપુત્ર ! એક જીવને આશ્રીને જઘન્યે અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી. અનેક જીવને આશ્રીને સર્વકાળ.

હે ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે. એમ કહી મંડિતપુત્ર અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમી યાવત વિચરે છે.

**સૂત્ર–૧૮૩**

ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમીને આમ કહ્યું – ભગવન્ ! લવણ સમુદ્રની વેળા(પાણી) ચૌદશ, આઠમ, પૂનમ અને અમાસે વધારે કેમ વધે છે કે ઘટે છે ? જીવાભિગમમાં જેમ લવણસમુદ્ર વક્તવ્યતા છે તે લોક–સ્થિતિ સુધી અહીં જાણવી. જ્યાં સુધી લવણસમુદ્ર જંબૂદ્વીપને ન ડૂબાડે કે લોકાનુભાવથી એકોદકં ન કરે ત્યાં સુધીનું વર્ણન કરવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે કહી યાવત્ વિચરે છે.

### શતક-૩, ઉદ્દેશા-૩નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૪ 'યાન'

**સૂત્ર–૧૮૪**

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલ અને યાનરૂપે ગતિ કરતા દેવને જાણે, અને જુએ ? ગૌતમ ! કોઈ દેવને જુએ પણ યાનને ન જુએ, કોઈ યાનને જુએ પણ દેવને ન જુએ. કોઈ દેવ અને યાન બંનેને જુએ. કોઈ દેવ કે યાન બંનેને ન જુએ.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલી અને યાનરૂપે ગતિ કરતી દેવીને જાણે અને જુએ ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલા અને યાનરૂપે ગતિ કરતા એવા દેવીવાળા દેવને જાણે અને જુએ ? ગૌતમ ! કોઈ દેવીવાળા દેવને જુએ, યાનને ન જુએ ઈત્યાદિ ચાર ભંગ કહેવા.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૃક્ષના અંદરના ભાગને જુએ કે બહારના ભાગે જુએ ? ગૌતમ ! પૂર્વવત ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલને જુએ કે સ્કંદને જુએ? અહીં પણ ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલ અને બીજનો સંયોગ કરવો. એ રીતે કંદ સાથે પણ જોડવું યાવત્ બીજ. એ રીતે યાવત્ પુષ્પની સાથે બીજનો સંયોગ કરવો.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર વૃક્ષનું ફળ જુએ કે બીજ જુએ ? ગૌતમ ! પૂર્વવત ચાર ભંગ કહેવા.

**સૂત્ર–૧૮૫, ૧૮૬**

**૧૮૫.** ભગવન્ ! વાયુકાય, એક મોટું સ્ત્રીરૂપ, પુરુષરૂપ, હસ્તિરૂપ, યાનરૂપ, એ પ્રમાણે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યંદમાનિકા એ બધાનું રૂપ વિકુર્વી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ વિકુર્વણા કરતો વાયુકાય એક મોટી પતાકા આકાર જેવું રૂપ–વિકુર્વી શકે છે.

ભગવન્ ! વાયુકાય, એક મોટું પતાકા આકાર રૂપ વિકુર્વીને અનેક યોજનો સુધી ગતિ કરવાને સમર્થ છે ? હા, ગૌતમ !છે. ભગવન્ ! શું તે વાયુકાય આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ? ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે, પરઋદ્ધિથી નહીં. આત્મઋદ્ધિ માફક આત્મકર્મથી અને આત્મપ્રયોગથી ગતિ કરે છે. એ પ્રમાણે કહેવું.

ભગવન્ ! શું તે વાયુકાય, ઊંચી પતાકા પેઠે ગતિ કરે છે કે પતિત પતાકા પેઠે ? ગૌતમ ! તે બંને પ્રકારે ગતિ કરે છે. ભગવન્ ! શું તે એક દિશામાં એક પતાકારૂપે ગતિ કરે છે, કે બે દિશામાં–બે પતાકારૂપે ગતિ કરે છે ? ગૌતમ ! એક પતાકા રૂપે ગતિ કરે છે, બે પતાકારૂપે નહીં.

ભગવન્ ! શું વાયુકાય પતાકા છે ? ગૌતમ !નાં, તે પતાકા નથી, તે વાયુકાય જ છે.

**૧૮૬.** ભગવન્ ! બલાહક એક મોટું સ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકારૂપ પરિણમાવવા સમર્થ છે ? હા, છે.

ભગવન્ ! બલાહક, એક મોટું સ્ત્રીરૂપ કરીને અનેક યોજન જવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ? ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી, પણ પરઋદ્ધિથી ગતિ કરે છે. એ પ્રમાણે આત્મકર્મ અને આત્મ–પ્રયોગથી પણ ગતિ કરતો નથી. પણ પરકર્મ અને પરપ્રયોગથી ગતિ કરે છે અને તે ઊંચી થયેલ કે પડી ગયેલ ધજાની માફક ગતિ કરે છે.

ભગવન્ ! શું તે બલાહક, સ્ત્રી છે ? હે ગૌતમ ! બલાહક સ્ત્રી નથી, પણ તે બલાહક છે. એ પ્રમાણે પુરુષ, ઘોડો અને હાથીમાં જાણવું, તે બલાહક પુરુષ નથી પણ તે બલાહક જ છે..

ભગવન્ ! બલાહક, એક મોટા યાનનું રૂપ પરિણમાવી અનેક યોજનો સુધી ગતિ કરી શકે છે ? જેમ સ્ત્રીરૂપ વિશે કહ્યું તેમ યાન વિશે કહેવું. વિશેષ એ કે – એક તરફ પૈડું રાખીને પણ ચાલે, બન્ને તરફ પૈડું રાખીને પણ ચાલે. એ જ રીતે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા અને સ્યંદમાનિકાના રૂપ સંબંધે જાણવું.

### સૂત્ર–૧૮૭

ભગવન્ ! જે જીવ નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાવાળામાં તે ઉત્પન્ન થાય છે. તે આ – કૃષ્ણ, નીલ કે કાપોતલેશ્યામાં.

એ રીતે જે જેની લેશ્યા હોય, તે તેની લેશ્યા કહેવી. યાવત્ હે ભગવન્ ! જે જીવ જ્યોતિષ્કોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તેનો પ્રશ્ન – ગૌતમ ! જે લેશ્યાના દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય. તે તેજોલેશ્યા.

ભગવન્ ! જે જીવ વૈમાનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય તે આ – તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

### સૂત્ર–૧૮૮

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલોનું ગ્રહણ કર્યા સિવાય, વૈભારગિરિને ઓળંગી કે પ્રલંઘી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બહારના પુદ્‌ગલોનું ગ્રહણ કરીને વૈભારગિરિ ઓળંગી કે પ્રલંઘી શકે ? ગૌતમ ! હા, તેમ કરી શકે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કર્યા સિવાય, જેટલા રૂપો રાજગૃહનગરમાં છે એટલા રૂપો વિકુર્વીને, વૈભારગિરિમાં પ્રવેશી, તે સમ પર્વતને વિષમ કે વિષમ પર્વતને સમ કરી શકે ? ગૌતમ ! આ અર્થ સમર્થ

નથી. એ રીતે બીજો આલાવો કહેવો. વિશેષ એ કે –બાહ્ય પુદ્‌ગલોનું ગ્રહણ કરીને તેમ કરી શકે.

ભગવન્ ! તે વિકુર્વણા માયી કરે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વણા કરે, પણ અમાયી ન કરે.

ભગવન્ ! એમ કેમ કહ્યું? ગૌતમ ! માયી, પ્રણીત પાન–ભોજન કરી વમન કરે છે. તે પ્રણીત પાન–ભોજનથી તેના અસ્થિ, અસ્થિમજ્જા ઘન થાય છે. માંસ લોહી પાતળા થાય છે, યથા બાદર પુદ્‌ગલોનું તેને તે રૂપે પરિણમન થાય છે. તે આ – શ્રોત્રેન્દ્રિયપણે યાવત્ સ્પર્શેન્દ્રિયપણે તથા હાડ, મજ્જા, કેશ, શ્મશ્રુ, રોમ, નખ, વીર્ય, લોહીપણે.

અમાયી લૂખુ પાન–ભોજન કરે છે. વમન કરતો નથી. તેનાથી તેના હાડ, મજ્જાદિ પાતળા થાય છે, લોહી–માંસ ઘટ્ટ થાય છે, યથાબાદર પુદ્‌ગલોનું પરિણમન ઉચ્ચાર, મૂત્ર યાવત્ લોહીપણે થાય છે. તેથી અમાયી ન વિકુર્વે.

માયી, કરેલ પ્રવૃત્તિનું આલોચન, પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે છે, માટે તેને આરાધના નથી, અમાયી તેવા સ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે, માટે તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

### શતક-૩, ઉદ્દેશા-૪નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૫ 'સ્ત્રી'

**સૂત્ર–૧૮૯, ૧૯૦**

**૧૮૯.** ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્‌ગલો લીધા સિવાય એક મોટા સ્ત્રીરૂપને યાવત્ સ્યંદમાનિકા–રૂપને વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો લઈને એક મહાસ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકા રૂપને વિકુર્વવા સમર્થ છે ? હા, ગૌતમ ! સમર્થ છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેટલા સ્ત્રીરૂપો વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન, યુવતિના હાથને, હાથ વડે દૃઢ પકડે અથવા જેમ પૈડાની ધરી આરાઓથી વ્યાપ્ત હોય, તેમ ભાવિતાત્મા અણગાર પણ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈ યાવત્ હે ગૌતમ ! ભાવિતાત્મા અણગાર આખા જંબૂદ્વીપને ઘણા સ્ત્રીરૂપો વડે આકીર્ણ, વ્યતીકીર્ણ યાવત્ કરી શકે. હે ગૌતમ ! આ તેમની શક્તિ–વિષય માત્ર છે, સંપ્રાપ્તિથી એવી વિકુર્વણા કરી નથી – કરતા નથી – કરશે નહીં. આ જ ક્રમે યાવત્ સ્યંદમાનિકારૂપ સુધી જાણવું.

ભગવન્ ! જેમ કોઈ પુરુષ તલવાર અને ઢાલ લઈને ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ તલવાર, ઢાલવાળા પેઠે ઊંચે આકાશમાં ઊડે ? હા, ઊડે. ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, તલવાર અને ઢાલ વડે કેટલા રૂપો વિકુર્વી શકે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન યુવતિના હાથને હાથ વડે દૃઢ પકડી આદિ પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! જેમ કોઈ પુરુષ એક પતાકા કરીને ગતિ કરે, તેમ ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા કરી ઊંચે આકાશમાં ઊડે '? હા, ગૌતમ ! ઊડી શકે છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા લઈ કેટલા રૂપો વિકુર્વી શકે ? પૂર્વવત્ યાવત્ વિકુર્વશે નહીં. એ રીતે બે પતાકામાં પણ જાણવું.

ભગવન્ ! જેમ કોઈ પુરુષ એક તરફ જનોઈ પહેરીને ગમન કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ આકાશમાં ઊડે ? હા, ઊડી શકે છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર એ રીતે કેટલા રૂપો વિકુર્વી શકે ? હે ગૌતમ ! પૂર્વવત્. પણ યાવત્ વિકુર્વણા કરશે નહીં. એ પ્રમાણે બે તરફ જનોઈવાળા પુરુષની જેવા રૂપો સંબંધે સમજવું.

ભગવન્ ! જેમ કોઈ પુરુષ એક તરફ પલાઠી કરીને બેસે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર કરી શકે ? પૂર્વવત્ જાણવું. એ રીતે બંને તરફ પલાઠીમાં પણ સમજવું. એ પ્રમાણે બંને પલ્યંકાસન જાણવા.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના એક મોટા ઘોડા–હાથી–સિંહ–વાઘ–

નાર–દીપડો–રીંછ–નાનો વાઘ – કે – શરભના રૂપને અભિયોજવા સમર્થ છે ? ના, તે શક્ય નથી. પણ એ પ્રમાણે બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને ભાવિતાત્મા અણગાર તેમ કરવા સમર્થ છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર એક મહા અશ્વરૂપ અભિયોજી અનેક જોજન જવા સમર્થ છે ? હા, ગૌતમ ! તે પ્રમાણે કરી શકે છે.

ભગવન્ ! શું તે ભાવિતાત્મા અણગાર, આત્મ–ઋદ્ધિએ જાય કે પરઋદ્ધિથી જાય ? ગૌતમ ! તે આત્મઋદ્ધિથી જાય, પરઋદ્ધિથી નહીં. એ પ્રમાણે આત્મકર્મથી, પરકર્મથી નહીં. આત્મપ્રયોગથી, પરપ્રયોગથી નહીં. તે સીધો પણ જઈ શકે છે અને વિપરીત પણ જઈ શકે છે.

ભગવન્ ! તે અણગાર અશ્વ કહેવાય ? ના, તે અશ્વ ન કહેવાય. તે અણગાર જ છે. એ પ્રમાણે યાવત્ પારાશરના રૂપ સુધી જાણવું.

ભગવન્ ! શું તે વિકુર્વણા માયી કરે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વણા કરે, અમાયી નહીં.

ભગવન્ ! માયી, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના ક્યાં ઉપજે ? ગૌતમ ! કોઈ એક જાતના આભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે.

અમાયી તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરી કાળ કરે તો ક્યાં ઉપજે ? ગૌતમ ! કોઈ એક અનાભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે. ભગવન્ ! તે એમ જ છે.

**૧૯૦.** અહી સંગ્રહણી ગાથામાં બતાવે છે– સ્ત્રી, તલવાર, પતાકા, જનોઈ, પલોંઠી, પર્યંકાસન, આભિયોગિક વિકુર્વણા, માયી, અમાયી – સંબંધી હકીકત આ ઉદ્દેશામાં કહી.

### શતક-૩, ઉદ્દેશા-૫નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૬ 'નગર'

### સૂત્ર–૧૯૧, ૧૯૨

**૧૯૧.** ભગવન્ ! રાજગૃહ નગરમાં રહેલ માયી, મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય–વૈક્રિય–વિભંગજ્ઞાન લબ્ધિથી વાણારસી નગરીની વિકુર્વણા કરીને, તેમાંના રૂપોને જાણે, જુએ ? હા, જાણે અને જુએ,

ભગવન્ ! તે તથાભાવે જાણે અને જુએ કે અન્યથા ભાવે જાણે અને જુએ ? ગૌતમ ! તથાભાવે ન જાણે –ન જુએ, પણ અન્યથા ભાવે જાણે અને જુએ.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે – વાણારસીમાં રહીને મેં રાજગૃહ નગરની વિકુર્વણા કરી, તેના રૂપોને જાણુ છું અને જોઉં છું. એવું તેનું વિપરીત દર્શન હોય છે. માટે એમ કહ્યું કે – યાવત્ – તે અન્યથા ભાવે જાણે છે – જુએ છે.

ભગવન્ ! વાણારસીમાં રહેલ માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર યાવત્ રાજગૃહ નગરનું વિકુર્વણા કરીને તેમાના રૂપોને જાણે–જુએ ? હા, જાણે અને જુએ. બધું પૂર્વવત્ યાવત્ તેને એમ થાય કે રાજગૃહ નગરમાં રહેલો હું વાણારસીની વિકુર્વણા કરીને તેમાંના રૂપોને જાણુ છું – જોઉં છું, એવુ તેનું દર્શન વિપરીત હોય છે, તેથી એમ કહ્યું.

ભગવન્ ! માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર, વીર્ય–વૈક્રિય–વિભંગજ્ઞાન લબ્ધિથી વારાણસી અને રાજગૃહ નગરી મધ્યે એક મોટા જનપદ સમૂહની વિકુર્વણા કરીને તે વાણારસી અને રાજગૃહનગરી મધ્યે એક મોટા જનપદ સમૂહને જાણે અને જુએ ? હા, ગૌતમ ! તે જનપદને જાને અને જુએ.

ભગવન્ ! શું તે જનપદને તથાભાવે જાણે અને જુએ કે અન્યથા ભાવે જાને અને જુએ ? ગૌતમ ! તે જનપદ વર્ગને તથાભાવે જાણતા અને જોતા નથી, પણ અન્યથા ભાવે જાને અને જુએ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એવું થાય છે કે આ વારાણસી છે, આ રાજગૃહ છે. તેની વચ્ચે આવેલ આ એક મોટો જનપદ સમૂહ છે. પણ તે મારી વીર્ય–વૈક્રિય–વિભંગજ્ઞાન લબ્ધિથી નથી, પણ મારા લબ્ધ–પ્રાપ્ત–અભિસન્મુખ ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય કે પુરુષકાર પરાક્રમ નથી. એવું વિપરીત દર્શન તેને થાય છે. માટે કહ્યું કે યાવત્ તે અન્યથા ભાવે જાને છે અને જુએ છે.

**૧૯૨.** ભગવન્ ! શું વાણારસીમાં રહેલ અમાયી, સમ્યગ્દૃષ્ટિ, ભાવિતાત્મા અણગાર વીર્ય–વૈક્રિય–અવધિ જ્ઞાન લબ્ધિ વડે રાજગૃહ નગરી વિકુર્વીને તેમાના રૂપોને જાણે – જુએ ? હા. ભગવન્ ! તે તથાભાવે જાણે – જુએ કે અન્યથા ભાવે ? ગૌતમ ! તથાભાવે જાણે – જુએ, અન્યથા ભાવે નહીં.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે વારાણસીમાં રહેલો હું રાજગૃહને વિકુર્વીને તેમાંના રૂપોને જાણુ છું – જોઉં છું. તેનું દર્શન વિપરિતતા રહિત હોય છે. તેથી ગૌતમ ! એમ કહ્યું. બીજો આલાવો પણ એ રીતે જ કહેવો. વિશેષ આ – વિકુર્વણા વાણારસીની કહેવી અને રાજગૃહમાં રહીને રૂપોનું જાણવુ–જોવુ–સમજવુ.

ભગવન્ ! અમાયી, સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય–વૈક્રિય–અવધિજ્ઞાન લબ્ધિથી રાજગૃહ અને વાણારસી વચ્ચે એક મોટો જનપદસમૂહ વિકુર્વે, પછી તે જનપદસમૂહને જાણે – જુએ ? હા, જાણે – જુએ. ભગવન્ ! તે તેને યથાભાવે જાણે – જુએ કે અન્યથાભાવે ? ગૌતમ ! તે યથાભાવે જાણે – જુએ. અન્યથાભાવે નહીં.

ભગવન્ ! તેનું શું કારણ? ગૌતમ ! તેને એમ થાય છે કે તે રાજગૃહ કે વાણારસી કે તેની વચ્ચેનો જનપદસમૂહ નથી, પણ એ મારી વીર્ય–વૈક્રિય–અવધિજ્ઞાન લબ્ધિ છે, મેં લબ્ધ–પ્રાપ્ત–સન્મુખ કરેલ ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે. તેનું દર્શન અવિપરીત હોય છે, તે કારણથી હે ગૌતમ ! પૂર્વવત્ કહેલું છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો લીધા સિવાય એક મોટા ગામ–નગર યાવત્ સંનિવેશના રૂપને વિકુર્વવા સમર્થ છે ? ના, સમર્થ નથી. એ પ્રમાણે બીજો આલાવો પણ કહેવો. વિશેષ એ કે – બાહ્ય પુદ્‌ગલો લઈને તેવા રૂપ વિકુર્વવાને સમર્થ છે.

ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેવા ગ્રામાદિરૂપ વિકુર્વવા સમર્થ છે ? જેમ કોઈ યુવાન, યુવતિના હાથને હાથ વડે દૃઢ ગ્રહણ કરે આદિ પૂર્વવત્, યાવત્ એ રીતે વિકુર્વશે નહીં. એમ સંનિવેશરૂપ સુધી જાણવું.

સૂત્ર–૧૯૩

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના કેટલા હજાર આત્મરક્ષક દેવો છે ? ગૌતમ ! ૨,૫૬,૦૦૦. આત્મરક્ષક દેવોનું વર્ણન, રાયપ્પસેણિય સૂત્ર મુજબ કહેવું. એ રીતે બધા ઈન્દ્રોના, જેના જેટલા આત્મરક્ષક દેવો છે તે કહેવા. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૩, ઉદ્દેશા-૬નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૭ 'લોકપાલ'

સૂત્ર–૧૯૪

રાજગૃહનગરમાં યાવત્ પર્યુપાસના કરતા આ રીતે કહ્યું – ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રને કેટલા લોકપાલ છે? ગૌતમ ! ચાર. તે આ – સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.

એ ચાર લોકપાલને કેટલા વિમાનો છે ? ગૌતમ ! ચાર, તે આ – સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજલ, વલ્ગુ.

ભગવન્ ! શક્રેન્દ્રના સોમ લોકપાલનું સંધ્યાપ્રભ નામક મહાવિમાન ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઊંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તરારૂપોથી ઘણા યોજન ઊંચે યાવત્ પાંચ અવતંસકો છે. તે આ – અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક, મધ્યે સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વે સૌધર્મ–

કલ્પ છે. તેમાં અસંખ્ય યોજન દૂર ગયા પછી શક્રેન્દ્રના સોમ લોકપાલનું સંધ્યાપ્રભ નામે મહાવિમાન કહ્યું છે.

આ વિમાનની લંબાઈ–પહોળાઈ ૧૨॥ લાખ યોજન છે, તેનો ઘેરાવો સાધિક–૩૯,૫૨,૮૪૮ યોજન છે. અહીં સૂર્યાભદેવની વિમાન વક્તવ્યતા માફક અભિષેક સુધીબધુ જ કહેવું વિશેષ એ કે – સૂર્યાભને બદલે સોમદેવ કહેવો.

સંધ્યાપ્રભ મહાવિમાનની નીચે સપક્ષ–સપ્રતિદિશ અસંખ્ય હજાર યોજન અવગાહ્યા પછી શક્રના સોમ લોકપાલ ની સોમા નામે રાજધાની છે. તે લંબાઈ–પહોળાઈથી એક લાખ યોજન એટલે જંબૂદ્વીપ જેટલી છે. કિલ્લા આદિનું પ્રમાણ વૈમાનિકોના કિલ્લા આદિના પ્રમાણથી અડધુ કહેવું યાવત્ પીઠબંધ સુધી કહેવું. પીઠબંધની લંબાઈ–પહોળાઈ ૧૬,૦૦૦ યોજન, ઘેરાવો ૫૦,૫૯૭ યોજનથી કંઈક ન્યૂન છે. પ્રાસાદોની ચાર પરિપાટી કહેવી, બીજી નથી.

શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા–ઉપપાત–વચન–નિર્દેશમાં આ દેવો રહે છે – સોમકાયિકો, સોમદેવ–કાયિકો, વિદ્યુત્કુમાર, વિદ્યુત્કુમારી, અગ્નિકુમાર, અગ્નિકુમારી, વાયુકુમાર, વાયુકુમારી, ચંદ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારાઓ. તેવા પ્રકારના બીજા પણ બધા દેવો તેમની ભક્તિમાં–પક્ષમાં–તાબામાં રહે છે. આ બધા દેવો શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા યાવત્ નિર્દેશમાં રહે છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – ગ્રહદંડો, ગ્રહમુસલો, ગ્રહગર્જિતો, એ પ્રમાણે ગ્રહયુદ્ધો, ગ્રહ શૃંગાટકો, ગ્રહાપસવ્યો, અભ્રો, અભ્રવૃક્ષો, સંધ્યા, ગાંધર્વનગરો, ઉલ્કાપાતો, દિગ્દાહો, ગર્જારવો, વિજળી, ધૂળવૃષ્ટિ, યૂપો, યક્ષાલિપ્તો, ધૂમિકા, મહિકા, રજોદ્ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્રપરિવેષો, સૂર્યપરિવેષો, પ્રતિચંદ્રો, પ્રતિસૂર્યો, ઇન્દ્રધનુષ, ઉદકમત્સ્ય, કપિહસિત, અમોઘ, પૂર્વવાયુ, પશ્ચિમવાયુ યાવત્ સંવર્તક વાયુ, ગ્રામ દાહો યાવત્ સંનિવેશદાહો, પ્રાણક્ષય, જનક્ષય, ધનક્ષય, કુલક્ષય વગેરે વ્યસનભૂત, અનાર્ય તથા તેવા પ્રકારના બીજા, તે બધા શક્રેન્દ્રના સોમ લોકપાલથી અજ્ઞાત, અદૃષ્ટ, અશ્રુત, અસ્મૃત, અવિજ્ઞાત નથી અથવા તે બધા સોમકાયિક દેવોથી અજાણ્યા નથી.

શક્રેન્દ્રના સોમ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે – અંગારક, વિકાલક, લોહીતાક્ષ, શનૈશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરુ, રાહુ

શક્રેન્દ્રના સોમ લોકપાલની ત્રિભાગસહ પલ્યોપમની સ્થિતિ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. સોમ લોકપાલ આવી મહાઋદ્ધિવાળો છે.

## સૂત્ર–૧૯૫ થી ૧૯૮

**૧૯૫.** ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામે મહાવિમાન ક્યાં આવેલ છે ?

ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનની દક્ષિણે સૌધર્મકલ્પથી અસંખ્ય હજાર યોજન ગયા પછી શક્રેન્દ્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામક મહાવિમાન છે. તે ૧૨॥ લાખ યોજન લાંબુ–પહોળું છે, ઇત્યાદિ 'સોમ'ના વિમાન માફક યાવત્ અભિષેક, રાજધાની, પ્રાસાદ પંક્તિ સંબંધે પણ એ જ રીતે સમજવું.

શક્રેન્દ્રના યમ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે. તે આ – યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારી, કંદર્પ, નરકપાલ, અભિયોગો અને તેવા બીજા બધા દેવો તેની ભક્તિવાળા, પક્ષવાળા, અધીન રહેનારા છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – ડિંબ, ડમર, કલહ, બોલ, ખારો, મહાયુદ્ધ, મહા–સંગ્રામ, મહાશસ્ત્રપતન, એ પ્રમાણે મહાપુરુષના મરણ, મહારુધિરનિપાત, દુર્ભૂત, કુલરોગ, ગ્રામ રોગ, મંડળ રોગ, નગર રોગ, શીર્ષવેદના, અક્ષીવેદના, કર્ણ–નખ–દંત વેદના, ઇન્દ્રગ્રાહ, સ્કંદગ્રાહ, કુમારગ્રાહ, યક્ષગ્રાહ, ભૂતગ્રાહ, એક–બે–ત્રણ કે ચાર દિવસે આવતો તાવ, ઉદ્વેગો, ખાંસી, શ્વાસ, સોસ, તાવ, દાહ, કચ્છકોહણ, અજીર્ણ, પાંડુરોગ, હરસ, ભગંદર, હૃદય શૂળ, મસ્તક–યોનિ–પડખા–કુક્ષી શૂળ, ગામ–નગર–ખેડ–કર્બટ–દ્રોણમુખ–મડંબ–પટ્ટણ–આશ્રમ–સંબાહ–સંનિવેશની મરકી, પ્રાણ–ધન–જન–કુલનો ક્ષય, વ્યસનંભૂત અનાર્ય અને તેવા પ્રકારના બીજા

બધા પણ, તે શક્રેન્દ્રનો યમ લોકપાલ કે યમકાયિક દેવોથી યાવત્ અજાણ્યા નથી.

શક્રેન્દ્રના યમ લોકપાલને આ (**નીચે ગાથા ૧૯૬, ૧૯૭માં જણાવેલ**) દેવો અપત્યરૂપ અભિમત છે.

**૧૯૬.** અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ,

**૧૯૭.** અસિપત્ર, ધનુષ, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ એ પ્રમાણે પંદર છે.

**૧૯૮.** દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ લોકપાલનું આયુષ્ય ત્રિભાગ સહિત એક પલ્યોપમ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. એવી મહાઋદ્ધિવાળો યાવત્ યમ લોકપાલ છે.

## સૂત્ર–૧૯૯

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ લોકપાલનું સ્વયંજલ નામક મહાવિમાન ક્યાં આવેલ છે ?

ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનની પશ્ચિમે સૌધર્મકલ્પ છે, ત્યાંથી અસંખ્ય યોજન ગયા પછી યાવત્ બધું સોમ લોકપાલ જેમ જાણવું. તેમજ વિમાન, રાજધાની, યાવત્ પ્રાસાદાવતંસકો વિશે સમજવું, માત્ર નામમાં ફેરફાર છે.

શક્રના વરુણ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે – વરુણકાયિક, વરુણદેવકાયિક, નાગકુમાર, નાગકુમારી, ઉદધિકુમાર, સ્તનિતકુમાર, સ્તનિતકુમારી અને બીજા પણ તેવા પ્રકારના દેવો, તેની ભક્તિવાળા યાવત્ અધીનસ્થ દેવો તેની આજ્ઞામાં રહે છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્‌ભેદ, ઉદકોત્પીલ, અપવાહ, પ્રવાહ, ગામવાહ યાવત્ સન્નિવેશવાહ, પ્રાણક્ષય વગેરે યાવત્ તે બધા વરુણદેવ કે વરુણ–કાયિક દેવોથી અજાણ્યા નથી.

શક્રેન્દ્રના વરુણ લોકપાલને આ દેવો યાવત્ અપત્યરૂપ અભિમત છે તે આ – કર્કોટક, કર્દમક, અંજન, શંખ–પાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ, કાતરિક.

શક્રેન્દ્રના વરુણ લોકપાલનું આયુ દેશોન બે પલ્યોપમ છે. તેના અપત્યરૂપ દેવોની આયુ એક પલ્યોપમ છે. આવો મહર્દ્ધિક યાવત્ વરુણ લોકપાલ છે.

## સૂત્ર–૨૦૦

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ લોકપાલનું વલ્ગુ નામે મહાવિમાન ક્યાં છે ?

ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાન ની ઉત્તરે છે. બધી વક્તવ્યતા સોમલોકપાલના વિમાન, રાજધાની માફક અહીં જાણવી. યાવત્ પ્રાસાદાવતંસક.

શક્રના વૈશ્રમણ લોકપાલની આજ્ઞા–ઉપપાત–વચન–નિર્દેશમાં આ દેવો રહે છે – વૈશ્રમણકાયિક, વૈશ્રમણ દેવ–કાયિક, સુવર્ણકુમાર, સુવર્ણકુમારી, દ્વીપકુમાર–કુમારી, દિશાકુમાર–કુમારી, વ્યંતર, વ્યંતરી, આવા બધા દેવો યાવત્ તેની ભક્તિ**,** પક્ષ**,** અધીનસ્થ**;** તે સર્વે તેની આજ્ઞામાં રહે છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – લોઢુ–તાંબુ–કલાઈ–સીસું–સોનું–રૂપું–વજ્ર તે બધાની ખાણો, વસુધારા, હિરણ્ય–સુવર્ણ–રત્ન–વજ્ર–આભરણ–પત્ર–પુષ્પ–ફળ–બીજ–માળા–વર્ણ–ચૂર્ણ–ગંધ–વસ્ત્રની વર્ષા, હિરણ્યથી વસ્ત્ર સુધીની તથા ભાજન અને ક્ષીરની વૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, સોંઘુ, મોંઘુ, સુભિક્ષ, દુર્ભિક્ષ, ખરીદ–વેચાણ, સંનિધિ, સંચય, નિધિ, નિધાન. ઘણા જૂના નષ્ટ સ્વામીવાળા–સંભાળનાર ક્ષીણ થયા હોય, માર્ગ ક્ષીણ થયો હોય – ગોત્રના ઘર નાશ પામ્યા હોય–સ્વામી, સંભાળનાર, ગોત્રના ઘરનો ઉચ્છેદ થયો હોય એવા શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, ગલી, નગરની ખાળ, શ્મશાન, પર્વતની કંદરા, શાંતિગૃહ, પહાડને કોતરી બનાવેલ ઘર, સભાસ્થાનોમાં દાટેલા નિધાનો – આ બધું શક્રેન્દ્રના વૈશ્રમણ લોકપાલથી અજ્ઞાત–અદષ્ટ–અશ્રુત–અવિજ્ઞાત હોતું નથી.

શક્રના વૈશ્રમણ લોકપાલને આ દેવો અપાત્યરૂપ અભિમત છે – પૂર્ણભદ્ર, માણિભદ્ર, શાલિભદ્ર, સુમનોભદ્ર,

ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વયશા, સર્વકામ, સમૃદ્ધ, અમોઘ, અસંગ.

શક્રના વૈશ્રમણ લોકપાલનું આયુ બે પલ્યોપમ છે અને તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. વૈશ્રમણ લોકપાલ યાવત્ આવી મહાઋદ્ધિવાળો છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૩, ઉદ્દેશા-૭નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

## શતક-૩, ઉદ્દેશો-૮ 'દેવાધિપતિ'

### સૂત્ર–૨૦૧ થી ૨૦૪

**૨૦૧.** રાજગૃહ નગરમાં ભગવંત મહાવીર પધાર્યા યાવત્ પર્યુપાસના કરતા ગૌતમસ્વામીએ આમ કહ્યું કે –

ભગવન્ ! અસુરકુમાર દેવો ઉપર કેટલા દેવો આધિપત્ય કરતા યાવત્ વિચરે છે ?

ગૌતમ ! દશ દેવો યાવત્ આધિપત્ય કરતા વિચરે છે. તે આ – અસુરેન્દ્ર અસુરરાજ ચમર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.

ભગવન્ ! નાગકુમાર દેવો ઉપર કેટલા દેવો આધિપત્ય કરતા યાવત્ વિચરે છે ?

ગૌતમ ! દશ દેવો તેમનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. તે આ – નાગકુમારેન્દ્ર નાગ કુમાર રાજા ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલવાલ, શંખવાલ, નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શંખવાલ, શેલવાલ.

જેમ નાગકુમારેન્દ્ર સંબંધે આ વક્તવ્યતાથી જણાવ્યુ તેમ આ દેવો સંબંધે પણ જાણવું –

સુવર્ણકુમારના અધિપતિઓ – વેણુદાલી, ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ છે – વિદ્યુત્કુમારના અધિપતિઓ – હરિકાંત, હરિસ્સહ, પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.

અગ્નિકુમારના અધિપતિઓ – અગ્નિસિંહ, અગ્નિમાનવ, તેજ, તેજસિંહ, તેજકાંત, તેજપ્રભ. દ્વીપકુમારના અધિપતિઓ – પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, સુરૂપ, રૂપકાંત, રૂપપ્રભ.

ઉદધિકુમારના અધિપતિઓ – જલકાંત, જલપ્રભ, જલરૂપ, જલકાંત, જલપ્રભ. દિશાકુમારના અધિપતિઓ – અમિતગતિ, અમિતવાહન, ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમગતિ.

વાયુકુમારના અધિપતિઓ – વેલંબ, પ્રભંજન, કાલ, મહાકાલ, અંજન, રિષ્ટ–સ્તનિત કુમારના અધિપતિઓ – ઘોષ, મહાઘોષ, આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત. એ પ્રમાણે અસુરકુમાર માફક કહેવું.

દક્ષિણ ભવનપતિના ઈન્દ્રોના પ્રથમ લોકપાલોના નામો આદ્યાક્ષર પ્રમાણે આ છે – સોમ, કાલવાલ, ચિત્ર, પરભ, તેજસ, રુપ, જલ, ત્વરીત ગતિ, કાલ, આવર્ત.

પિશાચકુમાર સંબંધી પ્રશ્ન – બે દેવો આધિપત્ય કરે છે.

**૨૦૨.** કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ભીમ અને મહાભીમ.

**૨૦૩.** કિંનર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ.

**૨૦૪.** ઉક્ત બધા દેવો વાણવ્યંતરોના ઈન્દ્રો છે.

જ્યોતિષ્ક દેવોના અધિપતિ બે દેવો વિચરે છે – ચંદ્ર અને સૂર્ય.

ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પે આધિપત્ય કરતા યાવત્ કેટલા દેવો વિચરે છે ? ગૌતમ ! દશ. તે આ – દેવેન્દ્ર દેવરાજ શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, દેવેન્દ્ર દેવરાજ ઈશાન, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ. આ વક્તવ્યતા બધા કલ્પોમાં કહેવી. જેના જે ઈન્દ્ર છે, તે કહેવા. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૩, ઉદ્દેશા-૮નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

## શતક-૩, ઉદ્દેશો-૯ 'ઇન્દ્રિય'

સૂત્ર–૨૦૫

રાજગૃહમાં ભગવંત મહાવીર પધાર્યા યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું –

ભગવન્ ! ઇન્દ્રિયવિષયો કેટલા કહ્યા છે ? ગૌતમ ! પાંચ, તે આ – શ્રોત્રેન્દ્રિય વિષય ઇત્યાદિ. આ સંબંધે જીવાભિગમ સૂત્રનો આખો જ્યોતિષ્ક ઉદ્દેશો જાણવો.

શતક-૩, ઉદ્દેશા-૯નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૧૦ 'પરિષદ'

સૂત્ર–૨૦૬

રાજગૃહમાં ભગવંત મહાવીર પધાર્યા યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું –

–ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની કેટલી પર્ષદાઓ છે ? ગૌતમ ! ત્રણ. તે આ છે– સમિતા, ચંડા, જાતા. એ પ્રમાણે યથાનુપૂર્વીએ યાવત્ અચ્યુતકલ્પ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

શતક-૩, ઉદ્દેશા-૧૦નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

**શતક-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી ભાવાનુવાદ**

# શતક–૪

**સૂત્ર–૨૦૭**

ચોથા શતકના દશ ઉદ્દેશા છે, તેમાં ચાર વિમાનસંબંધી, ચાર રાજધાની સંબંધી, એક નૈરયિક અને એક લેશ્યાનો ઉદ્દેશો છે.

## શતક–૪, ઉદ્દેશો–૧ થી ૪ 'વિમાન'

**સૂત્ર–૨૦૮ / ૨૦૯**

**૨૦૮.** રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે પૂછ્યું – ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનને કેટલા લોકપાલો છે ? ગૌતમ ! ચાર. તે આ – સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.

ભગવન્ ! આ લોકપાલોને કેટલા વિમાનો છે ? ગૌતમ ! ચાર. તે આ – સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ, સુવલ્ગુ.

ભગવન્ ! ઈશાનેન્દ્રના સોમ લોકપાલનું સુમન નામે મહાવિમાન ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે, આ રત્નપ્રભા પૃથ્વીનાસમતલથી અસંખ્ય યોજન ઉપર જતાં યાવત્ ઈશાન નામે કલ્પ છે. તેમાં યાવત્ પાંચ અવતંસકો કહ્યા છે. તે આ – અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાતરૂપાવતંસક. તેની વચ્ચે પાંચમું ઈશાનાવતંસક. તે ઈશાનાવતંસક મહાવિમાનની પૂર્વે તિર્છા અસંખ્યેય હજાર યોજન ગયા પછી ઈશાનેન્દ્રના સોમ લોકપાલનું સુમન નામક મહાવિમાન છે.

તે વિમાનની લંબાઈ–પહોળાઈ સાડા ૧૨ લાખ યોજન છે. આદિ વક્તવ્યતા ત્રીજા શતકમાં કહેલ શકેન્દ્રના લોકપાલ સોમના મહાવિમાનની વક્તવ્યતા મુજબ અર્ચનિકા સુધી અહીં કહેવી.

ચારે લોકપાલના વિમાનનો એક એક ઉદ્દેશો જાણવો. ચારે વિમાનના ચાર ઉદ્દેશા છે. માત્ર સ્થિતિમાં ભેદ જાણવો. તે આ પ્રમાણે (નીચેની ગાથામાં કહેલ છે).

**૨૦૯.** પહેલા બે લોકપાલ સોમ અને યમની સ્થિતિ ત્રિભાગ ઉણ બે પલ્યોપમ છે, વૈશ્રમણની સ્થિતિ બે પલ્યોપમ છે, વરુણની સ્થિતિ ત્રિભાગસહિત બે પલ્યોપમ છે તથા અપત્યરૂપ દેવોની એક પલ્યોપમ સ્થિતિ છે.

**શતક–૪ ઉદ્દેશા–૧ થી ૪ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક–૪, ઉદ્દેશો–૫ થી ૮ 'રાજધાની'

**સૂત્ર–૨૧૦**

ઈશાનેન્દ્રના ચાર લોકપાલની રાજધાનીઓના ચાર ઉદ્દેશા કહેવા. પ્રત્યેક રાજધાનીનો એક ઉદ્દેશ ગણતા ચાર રાજધાનીના ઉદ્દેશક– ૫, ૬, ૭, ૮ થશે. તેમાં આઠમા ઉદ્દેશામાં વરુણ લોકપાલ સુધીનું વર્ણન આવશે, તે આટલી મોટી ઋદ્ધિવાળો અને વિકુર્વણા શક્તિસંપન્ન વરુણ લોકપાલ છે.

**શતક–૪ ઉદ્દેશા–૫ થી ૮ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક–૪, ઉદ્દેશો–૯ 'નૈરયિક'

**સૂત્ર–૨૧૧**

ભગવન્ ! શું નૈરયિક, નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય ?

ગૌતમ ! અહી પન્નવણા સૂત્રના લેશ્યાપદ નો ત્રીજા ઉદ્દેશાનું' જ્ઞાન'ના વર્ણન સુધીનું કથન કરવું જોઈએ.

**શતક–૪ ઉદ્દેશા–૯ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક–૪, ઉદ્દેશો–૧૦ 'લેશ્યા'

**સૂત્ર–૨૧૨ થી ૨૧૪**

**૨૧૨.** ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાનો સંયોગ પામીને તે રૂપે અને તે વર્ણે પરિણમે ?

ગૌતમ ! પન્નવણા સૂત્રના લેશ્યા પદનો ચોથો ઉદ્દેશો અહી નીચે આપેલ ગાથા મુજબના દ્વાર સુધી કહેવો

**૨૧૩.** પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાહના, વર્ગણા, સ્થાન અને અલ્પબહુત્વ. એ દ્વારો લેશ્યાના સંબંધમાં કહેવા.

**૨૧૪.** ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક–૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# શતક–૫

**સૂત્ર–૨૧૫**

પાંચમા શતકમાં દશ ઉદ્દેશાઓ છે – સૂર્ય, વાયુ, જાલગ્રંથિ, શબ્દ, છદ્મસ્થ, આયુ, પુદ્‌ગલકંપન, નિર્ગ્રન્થ, રાજગૃહ, ચંપાચંદ્રમા.

## શતક–૫, ઉદ્દેશો–૧ 'સૂર્ય'

**સૂત્ર–૨૧૬**

તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. (વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવું) . તે ચંપાનગરી બહાર પૂર્ણભદ્ર ચૈત્ય હતુ (ચૈત્ય વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવું). કોઈ વખતે ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. ભગવંતના વંદનાર્થે પર્ષદા નીકળી, ધર્મ શ્રવણ કરી પર્ષદા પાછી ગઈ.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ નામે અણગાર યાવત્ આમ બોલ્યા – ભગવન્ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં સૂર્ય ઈશાનમાં ઊગીને અગ્નિમાં આથમે છે ? અગ્નિમાં ઊગીને નૈઋતમાં આથમે છે ? નૈઋતમાં ઊગીને વાયવ્યમાં આથમે છે ? વાયવ્યમાં ઊગીને ઈશાનમાં આથમે છે ?

હા, ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્યો ઈશાન ખૂણામાં ઊગી અગ્નિખૂણામાં આથમે છે યાવત્ વાયવ્ય ખૂણામાં ઉગી ઈશાનખૂણામાં આથમે છે.

**સૂત્ર–૨૧૭**

*ભગવન્ ! જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુની પૂર્વ–પશ્ચિમે રાત્રિ હોય છે ?

હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં પણ દિવસ હોય ત્યારે યાવત્ પૂર્વ પશ્ચિમમાં રાત્રિ હોય છે.

*ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે, જ્યારે પશ્ચિમમાં દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની ઉત્તર–દક્ષિણે રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય છે.

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ઉત્કૃષ્ટ ૧૮–મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં ઉત્કૃષ્ટ ૧૮–મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ–પશ્ચિમે જઘન્યા ૧૨–મુહૂર્તની રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે.

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મેરુની પૂર્વે ઉત્કૃષ્ટ ૧૮–મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮–મુહૂર્તનો દિવસ હોય અને જંબૂદ્વીપના પશ્ચિમ ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપમાં મેરુની ઉત્તર–દક્ષિણે જઘન્યા ૧૨–મુહૂર્ત રાત્રિ હોય ? હા,ગૌતમ ! તે પ્રમાણે હોય છે.

*ભગવન્ ! જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં ૧૮–મુહૂર્તાંતર દિવસ હોય, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૮–મુહૂર્તાન્તર દિવસ હોય અને જ્યારે ઉત્તરાર્ધમાં ૧૮–મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ–પશ્ચિમે સાતિરેક ૧૨–મુહૂર્તા રાત્રિ હોય ? હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે.

*ભગવન્ ! જંબૂદ્વીપમાં પૂર્વમાં ૧૮–મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે પશ્ચિમમાં ૧૮–મુહૂર્તાન્તર દિવસ હોય અને પશ્ચિમમાં ૧૮ મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની ઉત્તર–દક્ષિણે સાતિરેક ૧૨–મુહૂર્તા રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે.

આ પ્રમાણે આ ક્રમ વડે ઘટ–વધ કરવી. ૧૭–મુહૂર્ત રાત્રિ, ૧૩–મુહૂર્ત દિવસ, ૧૭–મુહૂર્તાન્તર રાત્રિ, સાતિરેક, ૧૩–મુહૂર્ત દિવસ હોય છે. એ રીતે ગણતા – ૧૬ અને ૧૪, ૧૬ મુહૂર્તાન્તર અને સાતિરેક–૧૪, ૧૫ અને ૧૫, ૧૫ મુહૂર્તાન્તર અને સાતિરેક–૧૫ યાવત્ ૧૩–મુહૂર્તા દિવસ અને ૧૭ મુહૂર્તની રાત્રિ. ૧૩–મુહૂર્તાન્તર દિવસ

સાતિરેક ૧૭ મુહૂર્ત્તા રાત્રિ હોય છે.

*જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય, અને ઉત્તરાર્ધમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમ ઉત્કૃષ્ટા ૧૮–મુહૂર્ત્તા રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે. એમ જ કહેવું.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે જઘન્ય ૧૨ મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે શું પશ્ચિમમાં પણ એ પ્રમાણે જ હોય, અને જ્યારે પશ્ચિમમાં આ પ્રમાણે ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપના મેરુની ઉત્તર–દક્ષિણે ઉત્કૃષ્ટા ૧૮–મુહૂર્ત્તની રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય છે.

સૂત્ર–૨૧૮

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય અને ઉત્તરાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ–પશ્ચિમે તે સમય પછી તુરંત જ વર્ષાનો આરંભ થાય ? હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય.

*ભગવન્ ! જંબૂદ્વીપના મેરુની પૂર્વે વર્ષાનો પ્રથમ સમય હોય, ત્યારે પશ્ચિમે પણ વર્ષાનો પ્રથમ સમય હોય અને પશ્ચિમે વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે મેરુની ઉત્તર દક્ષિણે એક સમય પૂર્વે ત્યાં વર્ષાનો આરંભ થાય ? હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય.

જેમ વર્ષાઋતુના પ્રથમ સમયનો આલાવો કહ્યો, તેમ વર્ષાઋતુના પ્રથમ આવલિકાનો પણ કહેવો, એ રીતે આનાપાન, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ એ બધામાં 'સમય'ની માફક આલાવા કહેવા.

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં હેમંત ઋતુનો પ્રથમ સમય હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ હેમંત ઋતુનો પ્રથમ સમય હોય ? ઇત્યાદિ. આ રીતે વર્ષાઋતુના આલાવા માફક હેમંત ઋતુનો અને ગ્રીષ્મ ઋતુનો આલાવો ઋતુપર્યન્ત કહેવો. આ રીતે હેમંત, ગ્રીષ્મ અને વર્ષાઋતુ ત્રણે મળીને કુલ ૩૦ આલાવા થાય.

*ભગવન્ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જ્યારે પહેલું અયન હોય ત્યારે શું ઉત્તરાર્ધમાં પણ પહેલું અયન હોય ? સમયની જેમ અયનનો આલાવો પણ કહેવો યાવત્ અનંતર પશ્ચાત્કૃત સમયમાં પ્રથમ અયન હોય. અયનની જેમ સંવત્સરનો આલાવો પણ કહેવો.

એ રીતે યુગ, શતવર્ષ, સહસ્રવર્ષ, લક્ષવર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, એ જ પ્રમાણે અડડ, અવવ, હૂહૂક, ઉત્પલ, પદ્મ, નલિન, અક્ષનિપુર, અયુત, નયુત, પ્રયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ પણ કહેવા.

ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં પહેલી અવસર્પિણી હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલી અવસર્પિણી હોય, ત્યારે મેરુની પૂર્વ–પશ્ચિમે અવસર્પિણી કે ઉત્સર્પિણી ન હોય, કેમ કે ત્યાં અવસ્થિતકાળ છે ? હા, ગૌતમ ! તેમ જ છે.

અવસર્પિણી માફક ઉત્સર્પિણીનો આલાવો પણ કહેવો.

સૂત્ર–૨૧૮

ભગવન્ ! લવણસમુદ્રમાં સૂર્ય ઈશાન ખૂણામાં ઊગીને અગ્નિ ખૂણામાં અસ્ત થાય છે? ઇત્યાદિ.

ગૌતમ ! જેમ જંબૂદ્વીપનાં સૂર્યના સંબંધમાં કહ્યું તેમ બધું જ કથાન લવણ સમુદ્રનાં સૂર્યના સંબંધમાં પણ કહેવું. વિશેષ એ કે– આ વક્તવ્યતામાં જંબૂદ્વીપ શબ્દને સ્થાને લવણ સમુદ્ર શબ્દ કહેવો. તે આલાવો આમ કહેવો – ભગવન્ ! લવણસમુદ્રના દક્ષિણાર્ધમાં જ્યારે દિવસ હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોયઅને ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ–પશ્ચિમે રાત્રિ હોય છે. આ આલાવા વડે બધું જ કથન કરવું. અંતે આ પ્રશ્ન કરવો કે–

ભગવન્ ! જ્યારે લવણસમુદ્રમાં દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણીકાળ હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અવસર્પિણીકાળ હોય, અને જ્યારે ઉત્તરાર્દ્ધમાં અવસર્પિણીકાળ હોય અને લવણસમુદ્રમાં પૂર્વ–પશ્ચિમમાં અવસર્પિણી કે ઉત્સર્પિણી એક પણ કાળ ન હોય, તો હે આયુષ્યમાન્ ! શું ત્યાં અવસ્થિત અર્થાત અપરિવર્તનીય કાલ હોય?

હા, ગૌતમ ! એ પ્રમાણે જ છે.

ભગવન્ ! ધાતકીખંડદ્વીપમાં સૂર્ય ઈશાન ખૂણામાં ઊગીને શું અગ્નિ ખૂણામાં અસ્ત થાય છે ?, ઈત્યાદિ.

ગૌતમ ! જંબૂદ્વીપ માફક ધાતકીખંડની સર્વ વક્તવ્યતા કહેવી. પણ આલાવો આ રીતે કહેવો –

ભગવન્ ! જ્યારે ધાતકીખંડદ્વીપમાં દક્ષિણાર્ધમાં દિવસ હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય અને ત્યારે શું ધાતકીખંડદ્વીપના બંને મેરુની પૂર્વ–પશ્ચિમે રાત્રિ હોય છે ?

હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય છે. આ આલાવા વડે કથન કરતા અંતે કહેવું કે –

ભગવન્ ! જ્યારે ધાતકીખંડ દ્વીપના મેરુ પર્વતની પૂર્વે દિવસ હોય, ત્યારે પશ્ચિમે પણ દિવસ હોય, પશ્ચિમે દિવસ હોય ત્યારે ધાતકીખંડ દ્વીપના મેરુ પર્વતની ઉત્તર–દક્ષિણે રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! યાવત્ હોય છે.

એ રીતે આ આલાવા વડે જાણવું યાવત્ ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં પહેલી અવસર્પિણી હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલી અવસર્પિણી હોય અને ધાતકીખંડના મેરુની પૂર્વ–પશ્ચિમે હે આયુષ્યમાન્ ! અવસર્પિણી કે ઉત્સર્પિણી ન હોય પરંતુ હે આયુષ્યમાન શ્રમણ ! શું ત્યાં અવસ્થિત કાલ હોય ? હા, ગૌતમ તેમ જ છે.

લવણસમુદ્રમાં જેવી વક્તવ્યતા કહી તેવી વક્તવ્યતા કાલોદધિમાં પણ કહેવી.

ભગવન્ ! અભ્યંતર પુષ્કરાર્ધદ્વીપમાં સૂર્ય ઈશાનમાં ઊગીને અગ્નિખૂણામાં અસ્ત થાય છે ? ઈત્યાદિ પ્રશ્ન પૂછવા.ગૌતમ ! ધાતકીખંડની વક્તવ્યતા કહી તે મુજબ જ અહીં અભ્યંતર પુષ્કરાર્ધદ્વીપની વક્તવ્યતા કહેવી.વિશેષ એ કે– ધાતકીખંડનાં સ્થાને આભ્યંતર પુષ્કરાર્ધ નામ કહેવું. યાવત્ શું આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં મેરુની પૂર્વ–પશ્ચિમે અવસર્પિણી–ઉત્સર્પિણી કાળ નથી,પણ સદા અવસ્થિત કાળ હોય છે ? ગૌતમ ! એ જ પ્રમાણે હોય છે.

**શતક–૫, ઉદ્દેશા–૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક–૫, ઉદ્દેશો–૨ 'વાયુ'

**સૂત્ર–૨૨૦**

રાજગૃહનગરે યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! શું ઈષત્ પુરોવાત, પથ્યવાત, મંદવાત, મહાવાત વાયુ વાય છે ? હા, ગૌતમ ! તે બધા વાયુ વાય છે.

ભગવન્ ! પૂર્વમાં ઈષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત, મહાવાત છે ? હા, ગૌતમ ! તેમ છે.

એ રીતે પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્યમાં પણ જાણવું.

ભગવન્ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત આદિ ચારે વાયુ વાય છે, ત્યારે પશ્ચિમમાં પણ તે વાય છે? જેમ પશ્ચિમમાં ઈષત્પુરોવાત આદિ ચારે વાયુ વાય છે તેમ પૂર્વમાં પણ તે વાયુ વાય છે ?

હા, ગૌતમ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત આદિ ચારે વાયુ વાતા હોય ત્યારે પશ્ચિમમાં પણ ઈષત્પુરોવાત આદિ ચારે વાયુ વાય છે અને જ્યારે પશ્ચિમમાં ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા હોય ત્યારે તે વાયુ પૂર્વમાં પણ વાય છે. આ રીતે સર્વ દિશાઓ અને વિદિશાઓમાં પણ આ પ્રમાણે સમજવું.

ભગવન્ ! ઈષત્ પુરોવાતાદિ દ્વીપમાં અને સમુદ્રમાં હોય છે ? હા, ગૌતમ ! હોય છે.

ભગવન્ ! જ્યારે દ્વીપમાંથી ઈષત્ પુરોવાતાદિ વાયુ વાતા હોય ત્યારે શું સમુદ્રમાંથી પણ ઈષત્ પુરોવાતાદિ વાયુ વાતા હોય છે ? અને જ્યારે સમુદ્રમાંથી ઈષત્ પુરોવાતાદિ વાયુ વાતા હોય ત્યારે શું દ્વીપમાંથી પણ ઈષત્ પુરોવાતાદિ વાયુ વાતા હોય છે ? ગૌતમ ! એ વાત શક્ય નથી.

ભગવન્ ! એમ શામાટે કહ્યું? ગૌતમ ! તે સર્વ વાયુ પરસ્પર વિપરીત છે, તે વાયુઓ અન્યોન્ય સાથે નહીં પણ જુદા સંચરે છે, લવણસમુદ્રની વેળાને અતિક્રમતા નથી. માટે એમ કહ્યું કે તે વાયુઓ પૂર્વોક્ત રીતે વાય છે.

*ભગવન્ ! ઈષત્પુરોવાતાદિ ચારે વાયુ વાય છે ? હા, બધા વાયુ વાય છે.

ભગવન્ ! તે વાયુ ક્યારે વાય છે ? ગૌતમ ! જ્યારે વાયુકાય સ્વાભાવિક ગતિ કરે છે, ત્યારે ઈષત્પુરોવાતાદિ વાયુઓ વાય છે.

ભગવન્ ! શું ઈષત્પુરોવાતાદિ વાયુઓ છે ? હા,ગૌતમ ! તે બધા વાયુ વાય છે.ભગવન્ ! ઈષત્પુરોવાતાદિ વાયુ ક્યારે વાય છે ? ગૌતમ ! જ્યારે વાયુકાય ઉત્તરવૈક્રિય શરીર બનાવીને ગતિ કરે છે, ત્યારે ઈષત્પુરોવાતાદિ વાયુ વાય છે.

ભગવન્ ! ઈષત્પુરોવાતાદિ વાયુ છે ? હા, ગૌતમ ! તે બધા વાયુ છે.

ભગવન્ ! આ વાયુઓ ક્યારે વાય છે ? જ્યારે વાયુકુમાર અને વાયુકુમારીઓ સ્વ માટે, પર માટે અથવા બંને માટે વાયુકાયને ઉદીરે છે, ત્યારે ઈષત પુરોવાત આદિ વાયુ વાય છે.

ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયને જ શ્વાસમાં લે છે અને મૂકે છે ? હા ગૌતમ ! ભગવતી સૂત્ર શતક–૨ ના 'સ્કંદક' ઉદ્દેશામાં માં કહ્યા મુજબ ચારે આલાવા જાણવા. યાવત્ તે અનેક લાખ વાર મરીને તેમાં જ ઉત્પન્ન થાય છે, તે સ્વકાય પરકાય શસ્ત્રથી આહત થઈને મરે છે, મૃત્યુ પામીને તે શરીર સહિત નીકળે છે.

સૂત્ર–૨૨૧

ભગવન્ ! ચોખા, અડદ અને મદિરા આ ત્રણે ક્યા જીવોના શરીરો કહેવાય ?

ગૌતમ ! તેમાં જે ધન દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપના અપેક્ષાએ વનસ્પતિ જીવ શરીરો છે. ત્યારપછી જ્યારે તે ચોખા આદિ દ્રવ્ય શસ્ત્ર દ્વારા સ્પર્શ થતા, શસ્ત્ર દ્વારા પરિણત થતા, અગ્નિથી સ્પર્શિત, અગ્નિથી આતાપિત, અગ્નિ સેવિત, અગ્નિ પરિણામિત થઈને તે અગ્નિજીવના શરીર કહેવાય છે તથા મદિરામાં જે પ્રવાહી દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપના આશ્રીને અપ્કાય જીવનું શરીર છે, ત્યારપછી તે શસ્ત્રાતીત યાવત્ અગ્નિકાય શરીર કહેવાય છે.

ભગવન્ ! અસ્થિ, અગ્નિથી બીજા પર્યાયને પ્રાપ્ત થયેલ અસ્થિ, ચર્મ, બળેલ ચર્મ, રોમ, શૃંગ, ખૂર, નખ, અગ્નિ વડે પ્રજવલિત રોમ આદિ કોના શરીર કહેવાય ?

ગૌતમ ! અસ્થિ, ચર્મ, રોમ, શ્રુંગ આદિ બધા ત્રસ જીવોના શરીર છે અને બળેલા અસ્થિ આદિ પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી ત્રસ પ્રાણ જીવ શરીર, બળીને અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

ભગવન્ ! અંગારો, રાખ, ભૂંસુ, છાણુ એ કોના શરીર છે ? ગૌતમ ! તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી એકેન્દ્રિય જીવના શરીરો કહેવાય યાવત્ પંચેન્દ્રિય જીવના શરીર પણ કહેવાય. ત્યાર પછી શસ્ત્રાતીત યાવત્ અગ્નીકાય પરિણામિત થતા તે અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

સૂત્ર–૨૨૨

ભગવન્ ! લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ (ચારે તરફની પહોળાઈ)કેટલો કહ્યો છે ? લવણ સમુદ્રનું સંપૂર્ણ વર્ણન લોકસ્થિતિ, લોકાનુભાવ સુધી જીવાભિગમ સૂત્ર અનુસાર જાણવું.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે કહી ગૌતમ સ્વામી યાવત્ વિચરે છે.

### શતક–૫, ઉદ્દેશા–૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૩ 'જાલગ્રંથિકા'

સૂત્ર–૨૨૩

ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે, ભાખે છે, જણાવે છે, પ્રરૂપે છે કે –

જેમ કોઈ જાલગ્રંથિકા હોય, ક્રમપૂર્વક ગાંઠો દીધેલી હોય, અનંતર ગ્રથિત, પરંપર ગ્રથિત, અન્યોન્ય ગ્રથિત હોય, પરસ્પર ગાંઠોના કારણે વિસ્તૃત થતી, પરસ્પર ગાંઠોના કારણે સમાન ભારવાળી, પરસ્પર ગાંઠોના કારણે વિસ્તાર અને સમાન ભારવાળી, પરસ્પર ગાંઠના કારણે સમુદાયરૂપ લાગતી હોય તેવી...

એ રીતે અનેક જીવોના, અનેક હજાર ભવોના, અનેક હજાર આયુથી અનુક્રમે ગ્રથિત થઈ રહે છે. તેમાંનો એક જીવ એક સમયે બે આયુને અનુભવે છે, તે આ – આ ભવનુ આયુ અને પરભવનુ આયુ. જે સમયે આ ભવનુ આયુ વેદે છે, તે સમયે પરભવનું આયુ વેદે છે અને જે સમયે પરભવનું આયુ વેદે છે, તે સમયે આ ભવનું આયુ વેદે છે. ભગવન્ ! તે કેવી રીતે બને ?

ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કહે છે યાવત્ એક સમયમાં બે ભવનું આયુ વેદે છે યાવત્ પરભવાયુ, જેઓ આમ કહે છે, તે ખોટું છે.

હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે જેમ કોઈ જાલ–ગાંઠ હોય યાવત્ અન્યોન્ય સમુદાયપણે રહે છે. તે રીતે પ્રત્યેક જીવને ઘણા હજારો જન્મો, ઘણા હજાર આયુઓ, અનુક્રમે ગ્રથિત થઈ યાવત્ રહે છે અને એક જીવ એક સમયે એક આયુ વેદે છે, તે આ – આ ભવનુ આયુ અથવા પરભવાયુ. જે સમયે આ ભવનું આયુ વેદે છે. તે સમયે પરભવાયુ ન વેદે, પરભવાયુ વેદે તે સમયે આ ભવનું આયુ ન વેદે. આ ભવના આયુને વેદવાથી પરભવાયુ વેદાતુ નથી, પરભવાયુ વેદવાથી, આ ભવનુ આયુ વેદાતુ નથી. એ રીતે એક જીવ એક સમયે એક આયુને વેદે છે – આ ભવનું કે પરભવનું આયુ.

સૂત્ર–૨૨૪

ભગવન્ ! જે જીવ નરકે જવાને યોગ્ય હોય, ભગવન્ ! શું તે જીવ, અહીંથી નરક આયુના ઉદય સહિત નરકે જાય કે આયુ ઉદય રહિત ? ગૌતમ ! તે જીવ નરક આયુના ઉદય સહિત જાય, આયુરહિત નહીં.

ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થનાર તે જીવે તે આયુ ક્યાં બાંધ્યુ ? અને તે આયુ બંધાય તેવું આચરણ ક્યાં કર્યુ ? ગૌતમ ! તે જીવે તે આયુ પૂર્વ ભવે બાંધ્યુ અને પૂર્વ ભવે આચરણ કર્યા. એ પ્રમાણે વૈમાનિક સુધી બધે કહેવું.

ભગવન્ ! જે જીવ, જે યોનિમાં ઉપજવા યોગ્ય હોય, તે જીવ, તે યોનિનું આયુ બાંધે ? જેમ કે – નૈરયિકાયુ યાવત્ દેવાયુ ? હા, ગૌતમ ! જે જીવ જે યોનિમાં ઉપજવા યોગ્ય હોય તેનું આયુ બાંધે, તે આ – નૈરયિકયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ કે દેવાયુ.

જો નરકનું આયુ બાંધે તો સાત પ્રકારે બાંધે – રત્નપ્રભા નરકનું અથવા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકાયુ. તિર્યંચયોનિક આયુ બાંધતો પાંચ પ્રકારે બાંધે – એકેન્દ્રિય તિર્યંચયોનિક આયુ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક આયુ આ રીતે તિર્યંચના બધા ભેદો કહેવા. એ જ રીતે મનુષ્યાયુ બે ભેદે કહ્યુ– સંમૂર્છિમ અને ગર્ભજ મનુષ્યાયુ. દેવાયુ બાંધે તો તે ચાર ભેદમાંથી એક ભેદે બાંધે તે આ– ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક કે વૈમાનિક.

હે ભગવન્ ! આપ કહો છો તે એમ જ છે, એમ જ છે.

## શતક–૫, ઉદ્દેશા–૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૪ 'શબ્દ'

સૂત્ર–૨૨૫

ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય વગાડાતા શબ્દોને સાંભળે છે ? તે આ – શંખ, શૃંગ, શંખલી, ખરમુખી, કાહલી, પરિપિરિય, પ્રણવ, પટહ, ભંભા, હોરંભ, ભેરી, ઝલ્લરી અને દુંદુભિના શબ્દોને, તત–વિતત–ઘન–ઝુસીર શબ્દોને ?

હા, ગૌતમ ! છદ્મસ્થ મનુષ્યો તે વગાડવામાં આવતા આ શબ્દોને સાંભળે છે.

ભગવન્ ! તે સ્પૃષ્ટ શબ્દોને સાંભળે કે અસ્પૃષ્ટ શબ્દોને ? ગૌતમ ! છદ્મસ્થ મનુષ્યો તે વાદ્યોના કાન સાથે સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે, અસ્પૃષ્ટ શબ્દોને નહીં યાવત્ નિયમા છ દિશાથી આવેલ સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે

ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય આરગત(ઇન્દ્રિય વિષયક્ષેત્રની મર્યાદામાં રહેલ)શબ્દોને સાંભળે કે પારગત (ઇન્દ્રિય વિષયક્ષેત્રની મર્યાદાથી દૂર રહેલ)શબ્દોને ? ગૌતમ ! તે આરગત શબ્દો સાંભળે, પારગતને નહીં.

ભગવન્ ! જો છદ્મસ્થ મનુષ્ય આરગત શબ્દો સાંભળે પારગત શબ્દોને નહીં, તો કેવલી મનુષ્ય આરગત શબ્દ સાંભળે કે પારગત શબ્દ સાંભળે ?

ગૌતમ ! કેવલી મનુષ્ય આરગત, પારગત, સર્વે દૂર કે નીકટના અનંત શબ્દોને જાણે અને જુએ છે.

ભગવન્ ! કેવલી આ સર્વે શબ્દોને જાણે અને જુએ એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૂર્વ દિશાની મર્યાદિત અને અમર્યાદિત વસ્તુને પણ જાણે છે અને જુએ છે. એ રીતે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉર્ધ્વ અને અધોદિશાની પણ મર્યાદિત અને અમર્યાદિત સર્વ વસ્તુને જાણે છે અને જુએ છે.

કેવલિ બધું જુએ છે અને બધું જાણે છે. સર્વકાલે અને સર્વભાવે બધું જુએ છે અને જાણે છે. કેવલિને અનંત જ્ઞાન, અનંત દર્શન છે. કેવલિના જ્ઞાન, દર્શન નિરાવરણ છે, તેથી કહ્યું કે યાવત્ તેઓ શબ્દને જુએ છે–જાણે છે.

## સૂત્ર–૨૨૬

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય હસે તથા કંઈ લેવાને ઉત્સુક થાય ? ગૌતમ ! હા, તેમ થાય.

ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્ય હસે અને કંઈ લેવાને ઉત્સુક થાય, તેમ કેવલિ હસે અને ઉત્સુક થાય?

ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે કેવલિ, છદ્મસ્થની જેમ હશે નહિ અને કંઈ લેવા ઉત્સુક ન થાય ?

ગૌતમ ! જીવો ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી હસે છે અને ઉત્સુક થાય છે. પણ કેવલિને આ કર્મનો ઉદય નથી, માટે એમ કહ્યું કે – કેવલિ હસે નહી કે ઉત્સુક ન થાય.

ભગવન્ ! હસતો કે ઉત્સુક થતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ?

ગૌતમ ! હસતો કે ઉત્સુક થતો જીવ સાત કે આઠ પ્રકારે કર્મપ્રકૃત્તિ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી સમજવુ.

ઘણા જીવોને આશ્રીને આ પ્રશ્ન પૂછાય ત્યારે જીવ અને એકેન્દ્રિયને છોડીને તેમાં બાકીના સર્વે જીવોનાં કર્મબંધ સંબંધી ત્રણ ભાંગા આવે, ૧.સર્વે જીવો સાત ભેદે કર્મો બાંધે, ૨. અનેક જીવ સાત ભેદે કર્મ બાંધે અને એક જીવ આઠ ભેદે કર્મ બાંધે, ૩. અનેક જીવ સાત ભેદેકર્મ બાંધે અને અનેક જીવ આઠ ભેદે કર્મ બાંધે.

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય નિદ્રા કે પ્રચલા નિદ્રા લે ? ગૌતમ ! હા, તેમ કરે.

હસવા આદિમાં કહ્યું, તેમ અહીં પણ કહેવું. વિશેષ એ કે– દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા કે પ્રચલાનિદ્રા હોય. તે કેવલિને નથી. બાકી પૂર્વવત્.

ભગવન્ ! નિદ્રા કે પ્રચલા લેતા જીવ કેટલા કર્મ બાંધે ? ગૌતમ ! સાત કે આઠ. એ રીતે વૈમાનિક સુધી કહેવું. બહુવચન સૂત્રમાં જીવ, એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ કહેવા.

## સૂત્ર–૨૨૭

ભગવન્ ! શક્રનો દૂત હરિણેગમેષી દેવ, સ્ત્રીના ગર્ભનું સંહરણ કરતો ૧. શું એક સ્ત્રીનાં ગર્ભાશયમાંથી ગર્ભને લઈને બીજી સ્ત્રીના ગર્ભમાં સંહરે ? કે ૨. ગર્ભથી યોનિ માર્ગે સંહરે, કે ૩. યોનિથી ગર્ભમાં સંહરે ? કે ૪. યોનિ દ્વારા ગર્ભને બહાર કાઢીને બીજી સ્ત્રીની યોનિ દ્વારા ગર્ભાશયમાં સંહરે–મૂકે.?

હે ગૌતમ ! તે ગર્ભથી ગર્ભમાં ન સંહરે, ગર્ભથી યોનિમાં ન સંહરે, યોનિથી યોનિ દ્વારા ન સંહરે. પણ પોતાના હાથે ગર્ભને સ્પર્શી, ગર્ભને પીડા ન થાય તે રીતે યોનિ દ્વારા ગર્ભને બહાર કાઢીને બીજી સ્ત્રીના ગર્ભાશયમાં મૂકે.

ભગવન્ ! શક્રનો દૂત હરિણેગમેષી સ્ત્રીના ગર્ભને નખની ટોચથી કે રુંવાળાના છિદ્ર વાટે અંદર મૂકવા કે બહાર કાઢવા સમર્થ છે ? હા, સમર્થ છે. તે ગર્ભને કંઈપણ ઓછી કે વધુ પીડા દેતો નથી. તે ગર્ભનો છેદ કરી, ઘણો સૂક્ષ્મ કરી અંદર મૂકે કે બહાર કાઢે છે.

## સૂત્ર–૨૨૮

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય અતિમુક્ત નામના કુમારશ્રમણ પ્રકૃતિભદ્રક યાવત્

વિનિત હતા. તે અતિમુક્ત કુમારશ્રમણ અન્યદા કોઈ દિવસે ભારે વરસાદ પડ્યા પછી, **કાંખમાં રજોહરણ** અને પાત્ર લઈને બહાર સ્થંડિલ ભૂમિએ – જવા નીકળ્યા.

ત્યારે તે અતિમુક્ત કુમારશ્રમણે પાણીનુ ખાબોચીયુ જોયુ, જોઈને ફરતી માટીની પાળ બાંધી, 'આ મારી નાવ છે – નાવ છે' એમ નાવિકની માફક પાત્રને નાવરૂપ કરી, પાણીમાં વહાવી છે. એ રીતે રમત રમે છે. તે સ્થવિરોએ જોયું, જોઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા, આવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય! આપના અતિમુક્ત નામે કુમારશ્રમણ શિષ્ય છે, તો હે ભગવન્ ! તે અતિમુક્ત કુમારશ્રમણ કેટલા ભવો કરીને સિદ્ધ થશે યાવત્ અંત કરશે ?

શ્રમણ ભગવંત મહાવીરે તે સ્થવિરોને આ પ્રમાણે કહ્યું – હે આર્યો ! મારો શિષ્ય અતિમુક્ત કુમારશ્રમણ પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત છે, તે અતિમુક્ત કુમારશ્રમણ આ જ ભવમાં સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે. તેથી હે આર્યો ! તમે અતિમુક્ત શ્રમણની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના કરશો નહીં.

હે દેવાનુપ્રિયો ! તમે અતિમુક્ત શ્રમણને ગ્લાનિ રાખ્યા સિવાય – સાચવો, સહાય કરો, ભક્ત–પાનથી વિનય સહિત વૈયાવચ્ચ કરો. તે અતિમુક્ત કુમારશ્રમણ અંતકર(આ ભવમાં સર્વ કર્મોનો અંત કરનાર) અને અંતિમ શરીરી છે. ત્યારે તે સ્થવિરોએ, ભગવંત મહાવીર પાસેથી આમ સાંભળીને ભગવંત મહાવીરને વંદી, નમી અતિમુક્ત કુમારશ્રમણની યાવત્ વૈયાવચ્ચ કરવા લાગ્યા.

સૂત્ર–૨૨૯

તે કાળે, તે સમયે મહાશુક્ર કલ્પથી, મહાસર્ગ મહાવિમાનથી, મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ બે દેવો શ્રમણ ભગવંત મહાવીર પાસે પ્રગટ થયા. તે દેવોએ ભગવંત મહાવીરને મનથી વાંદી–નમીને, મનથી જ આવા પ્રશ્નો પૂછ્યા–

ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે યાવત્ અંત કરશે ? ત્યારે, તે દેવોએ મનથી પ્રશ્નો પૂછ્યા પછી, ભગવંત મહાવીરે મનથી જ તેમને આ આવા પ્રકારનો ઉત્તર આપ્યો કે – હે દેવાનુપ્રિયો ! મારા ૭૦૦ શિષ્યો સિદ્ધ થશે યાવત્ દુઃખાંત કરશે.

ત્યારે તે દેવો, ભગવંત મહાવીરને મનથી પૂછેલ અને મનથી જ આવા પ્રકારે ઉત્તર સાંભળી હૃષ્ટ, તુષ્ટ યાવત્ હર્ષિત હૃદય થઈને ભગવંત મહાવીરને વાંદી, નમી, મનથી જ શુશ્રુષા, નમન કરતા અભિમુખ થઈને યાવત્ પર્યુપાસના કરવા લાગ્યા.

તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ નીકટમાં યાવત્ વિચરતા હતા. ત્યારે તે ગૌતમસ્વામીને ધ્યાનાંતરિકામાં વર્તતા આવા પ્રકારે યાવત્ સંકલ્પ ઉપજ્યો કે –

આ બે મહર્દ્ધિક યાવત્ મહાનુભાવ દેવો ભગવંત મહાવીર પાસે આવ્યા, હું તે દેવોને જાણતો નથી કે ક્યા કલ્પ, સ્વર્ગ કે વિમાનથી, ક્યા કારણથી અહીં શીઘ્ર આવ્યા ? ભગવંત મહાવીર પાસે જઈ વાંદુ, નમુ, યાવત્ પર્યુપાસતા આ આવા પ્રશ્નને પૂછીશ, એમ કરી ઊભા થઈ, ભગવંત મહાવીર પાસે આવ્યા યાવત્ ભગવંતને પર્યુપાસે છે.

હે ગૌતમાદિ શ્રમણો ! એમ આમંત્રી ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! ધ્યાનમાં પ્રવૃત્ત એવા તમારા મનમાં આવો અધ્યવસાય અને મનોગત સંકલ્પ થયો યાવત્ મારી પાસે શીઘ્ર આવ્યો. હે ગૌતમ ! આ વાત યોગ્ય છે ? ગૌતમસ્વામીએ કહ્યું, ભગવન ! હા, તેમ જ છે.

તો હે ગૌતમ ! તું એ દેવો પાસે જા, તેઓ તને એ સંબંધે પૂરા પ્રશ્નોત્તર કહેશે.

ત્યારે ગૌતમસ્વામી, ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંતને વાંદી, નમી, જ્યાં તે દેવો હતા, ત્યાં જવા સંકલ્પ કર્યો. ત્યારે તે દેવો ગૌતમ સ્વામીને પાસે આવતા જોઈને હૃષ્ટ યાવત્ હર્ષિત હૃદય થઈને જલદીથી ઊઠીને સામે ગયા – ગૌતમસ્વામી પાસે આવ્યા, આવીને યાવત્ નમીને આમ કહ્યું –

હે ભદંત! અમે મહાશુક્ર કલ્પના મહાસર્ગ મહા–વિમાનથી મહર્દ્ધિક એવા બે દેવો આવ્યા. ત્યારે અમે

ભગવંતને વાંદી, નમી, મનથી જ આ પ્રશ્ન પૂછ્યો–

ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે યાવત્ સર્વ દુખોનો અંત કરશે ? ત્યારે ભગવંતે અમારા મનથી પૂછેલા પ્રશ્નનો અમને મનથી જ આ ઉત્તર આપ્યો કે – મારા ૭૦૦ શિષ્યો યાવત્ દુઃખાંત કરશે.

ત્યારે અમે ભગવંતને મનથી જ પૂછેલા પ્રશ્નનો ભગવંતે મનથી જ આવો ઉત્તર આપેલો સાંભળીને ભગવંતને વાંદી, નમી યાવત્ પર્યુપાસતા હતા, એમ કહીને ગૌતમને વાંદી, નમી, જ્યાંથી આવ્યા હતા, ત્યાં પાછાગયા.

સૂત્ર–૨૩૦

ભગવન્ ! એમ કહી ગૌતમ શ્રમણે, ભગવંત મહાવીરને આમ કહ્યું – ભગવન્ ! દેવો સંયત કહેવાય?

ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, આ અભ્યાખ્યાન છે.

ભગવન્ ! દેવો અસંયત કહેવાય ? ના, એમ ન કહેવાય, આ નિષ્ઠુર વચન છે.

ભગવન્ ! દેવો સંયતા–સંયત કહેવાય ? ગૌતમ ! ના, આ અસદ્‌ભુત(અસત્ય)વચન છે.

ભગવન્ ! તો પછી દેવોને કેવા કહેવા ? ગૌતમ ! દેવો, 'નોસંયત' કહેવાય.

સૂત્ર–૨૩૧

ભગવન્ ! દેવો કઈ ભાષા બોલે ? દેવો દ્વારા બોલાતી ભાષાઓમાં કઈ ભાષા વિશિષ્ટરૂપ છે ? ગૌતમ ! દેવો અર્ધમાગધી ભાષા બોલે છે, બોલાતી ભાષામાં અર્ધમાગધી ભાષા જ વિશિષ્ટરૂપ છે.

સૂત્ર–૨૩૨

ભગવન્ ! શું કેવલિ, કર્મોના અંતકર કે અંતિમશરીરીને જુએ, જાણે ? હા, ગૌતમ ! જુએ, જાણે.

ભગવન્ ! જેમ કેવલિ અંતકર, અંતિમશરીરીને જાણે, જુએ તેમ છદ્મસ્થ તેઓને જાણે, જુએ? ગૌતમ! આ અર્થ યોગ્ય નથી. તો પણ તેઓ કોઈ પાસે સાંભળીને કે પ્રમાણ દ્વારા કર્મોના અંત કરનારને કે અંતિમ શરીરીને જાણે–જુએ

ભગવન્ ! તે કોની પાસેથી સાંભળીને જાની–દેખી સકે છે ?

ગૌતમ ! કેવલિ પાસેથી, કેવલિના શ્રાવક–કેવલિની શ્રાવિકા પાસેથી, કેવલીના ઉપાસક કે ઉપાસિકા પાસેથી, કેવલી પાક્ષિક સ્વયંબુદ્ધ કે સ્થવિર બહુશ્રુત વગેરે પાસેથી, કેવલીપાક્ષિકના શ્રાવક, શ્રાવિકા, ઉપાસક કે ઉપાસિકા પાસેથી સાંભળીને છદ્મસ્થ મનુષ્ય અંતકરને કે અંતિમ શરીરીને જાણે–જુએ.

સૂત્ર–૨૩૩

ભગવન્ ! પ્રમાણ શું છે ? ગૌતમ ! પ્રમાણ ચાર પ્રકારે છે – પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, આગમ. અનુયોગ–દ્વાર સૂત્રમાં કહ્યા મુજબ પ્રમાણ જાણવુ. યાવત્ તે અર્થરૂપ બોધ પ્રશિષ્યોને માટે આત્માગમ નથી, અનંતરાગમ નથી, પરંતુ પરંપરાગમ છે.

સૂત્ર–૨૩૪

ભગવન્ ! કેવલિ, છેલ્લા કર્મ કે છેલ્લી નિર્જરાને જાણે, જુએ ? હા, ગૌતમ ! જાણે, જુએ.

ભગવન્ ! જે રીતે કેવલિ, છેલ્લા કર્મને અથવા છેલ્લી નિર્જરાને જાણે–જુએ છે, તે રીતે શું છદ્મસ્થ પણ છેલ્લા કર્મ કે છેલ્લી નિર્જરાને જાણે, જુએ ? ગૌતમ ! એ કથન યોગ્ય નથી. પરંતુ સાંભળીને કે પ્રમાણથી જાણે–જુએ. એ રીતે જેમ

અંતકરના આલાવામાં કહ્યું તે પ્રમાણે બધું જ અહી કહેવું.

સૂત્ર–૨૩૫

ભગવન્ ! શું કેવલિ પ્રકૃષ્ટ મન અને પ્રકૃષ્ટ વચનને ધારણ કરે છે ? હા, ધારણ કરે છે.

ભગવન્ ! કેવલિ, જે પ્રકૃષ્ટ મન કે વચનને ધારણ કરે છે, શું તેને વૈમાનિક દેવો જાણે, જુએ ?

ગૌતમ ! કેટલાક જાણે, જુએ. કેટલાક ન જાણે, ન જુએ. ભગવન્ !એમ કેમ કહ્યું ?

ગૌતમ ! વૈમાનિક દેવો બે ભેદે છે – માયી મિથ્યાદષ્ટિ રૂપે ઉત્પન્ન, અમાયી સમ્યગ્‌દષ્ટિ રૂપે ઉત્પન્ન. તેમાં જે માયી મિથ્યાદષ્ટિ રૂપે ઉત્પન્ન છે તે ન જાણે, ન જુએ. તેમાં જે અમાયી સમ્યગ્‌દષ્ટિ રૂપે ઉત્પન્ન છે તે જાણે, જુએ.

ભગવન્ ! અમાયી સમ્યગ્‌દષ્ટિ રૂપે ઉત્પન્ન ન જાણે,–જુએ, એમ કેમ કહ્યું?

ગૌતમ ! અમાયિ સમ્યગ્‌દષ્ટિ બે પ્રકારે – અનંતરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાં અનંતરોપપન્નક ન જાણે, ન જુએ. પરંતુ જે પરંપરોપપન્નક છે, તેમાંથી કોઈ જાણે–જુએ અને કોઈ જાણતા–દેખતા નથી.

ભગવન્ ! પરંપરોપપન્નક યાવત્ જાણે, એમ કેમ કહ્યું ? ગૌતમ ! પરંપરોપપન્નક બે પ્રકારે – પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં પર્યાપ્ત જાણે, અપર્યાપ્ત ન જાણે.

ભગવન્ ! એમ શામાટે કહ્યું કે– યાવત્ કોઈ પર્યાપ્ત દેવ જાણતા–દેખાતા નથી. ગૌતમ ! પર્યાપ્ત દેવના બે પ્રકાર– ઉપયોગ યુક્ત અને ઉપયોગ રહિત. તેમાં જે ઉપયોગરહિત છે, તે ન જાણે–ન દેખે. ઉપયોગયુક્તવૈમાનિક દેવ જ કેવળીના પ્રકૃષ્ટ મન અને વચનને જાણે અને દેખે.

ગૌતમ ! તેથી એમ કહ્યું કે કેટલાક વૈમાનિક જાણે–દેખે અને કેટલાક વૈમાનિક ન જાણે–ન દેખે.

### સૂત્ર–૨૩૬

ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો ત્યાં ઉત્પન્ન થઈને કેવલિ સાથે આલાપ–સંલાપ કરી શકે ? હા, કરી શકે.

ભગવન્ !એમ કેમ કહ્યું કે અનુત્તરોપપાતિક દેવો કેવલિ સાથે આલાપ–સંલાપ કરી શકે ?

ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવો ત્યાં રહીને અર્થ, હેતુ, પ્રશ્ન, વ્યાકરણ કે કારણને પૂછે છે, ત્યારે અહીં રહેલ કેવલિ, તે અર્થ યાવત્ કારણનો ઉત્તર આપે છે, તેથી પૂર્વવત્ કહ્યું છે.

ભગવન્ ! જ્યારે અહીં રહેલ કેવલિ અર્થ યાવત્ ઉત્તર આપે, ત્યારે અનુત્તરોપપાતિક દેવો ત્યાં રહીને જાણે, જુએ ? હા, ગૌતમ ! તે દેવો ત્યાં રહીને જાણે અને જુએ.

ભગવન્ !એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે દેવોને અનંત મનોદ્રવ્યવર્ગણા લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ હોય છે. તેથી જ્યારે અહીં રહેલ કેવલિ જે કહે તેને યાવત્ તેઓ જાણે અને જુએ.

### સૂત્ર–૨૩૭

ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવ ઉદીર્ણમોહી છે, ઉપશાંતમોહી છે કે ક્ષીણમોહી છે ? ગૌતમ ! તે ઉદીર્ણ મોહવાળા નથી, ક્ષીણ મોહવાળા નથી, પણ ઉપશાંત મોહવાળા છે.

### સૂત્ર–૨૩૮

ભગવન્ ! કેવલી ભગવંત આદાન(ઇન્દ્રિયો) વડે જાણે, જુએ ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે કેવલી ઇન્દ્રિયો વડે ન જાણે, ન જુએ ?

ગૌતમ ! કેવલિ પૂર્વદિશામાં પરિમિતને પણ જાણે અને અપરિમિતને પણ જાણે છે. એ પ્રમાણે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉર્ધ્વ, અધોદિશામાં પરિમિતને પણ જાણે અને અપરિમિતને પણ જાણે છે. એ પ્રમાણે સર્વ પદાર્થોને, સર્વ ક્ષેત્રને, સર્વ કાળને અને સર્વ ભાવને પણ જાણે અને જુએ. આ રીતે કેવલીનું જ્ઞાન અને દર્શન આવરણરહિત અને અનંત છે. ગૌતમ ! તેથી એમ કહ્યું કે કેવળી ઇન્દ્રિયોથી ન જાણે, ન જુએ.

### સૂત્ર–૨૩૯

ભગવન્ ! કેવલિ, આ સમયમાં જે આકાશપ્રદેશમાં હાથ, પગ, બાહુ, ઉરુને અવગાહીને રહે, તે પછીના ભવિષ્યકાળના–સમયમાં હાથને યાવત્ અવગાહીને રહેવા સમર્થ છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

હે ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! કેવલિ સશરીરી હોવાથી સવીર્ય અને સયોગી છે. જીવદ્રવ્ય હોવાથી તેના ઉપકરણ–હાથ વગેરે અંગોપાંગ ચલસ્વભાવી હોય છે, તે ઉપકરણ ચલ હોવાથી કેવલિ આ સમયમાં જે આકાશપ્રદેશ ઉપર પોતાના હાથ

યાવત્ રહે છે, ત્યાંથી ઉપાડીને તે જ આકાશપ્રદેશમાં પછીના ભવિષ્યકાળમાં હાથ વગેરે અવગાહીને યાવત્ રહેવા સમર્થ નથી. તેથી ઉપર મુજબ કહ્યું છે.

સૂત્ર–૨૪૦

૨૪૦. ભગવન્ ! ચૌદપૂર્વી ઘડામાંથી હજાર ઘડાને, પટમાંથી હજાર પટને, કટમાંથી કટને, રથમાંથી રથને, છત્રમાંથી છત્રને, દંડમાંથી હજાર દંડને બનાવીને દેખાડવા સમર્થ છે ? હા, ગૌતમ ! તે પ્રમાણે સમર્થ છે.

ભગવન્ ! એમ કહ્યું તેનું શું કારણ છે ? ગૌતમ ! ચૌદપૂર્વી ઉત્કરિકા ભેદ વડે ભેદાતા અનંત દ્રવ્યોનું ભેદન કરવાની લબ્ધી લબ્ધ, પ્રાપ્ત, સન્મુખ હોય છે. તેથી પૂર્વવત્ કહ્યું છે.

ભગવન્ ! આપે કહ્યું, તે એમ જ છે, એમ જ છે.

## શતક–૫, ઉદ્દેશા–૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૫ 'છદ્મસ્થ'

સૂત્ર–૨૪૧ થી ૨૪૩

**૨૪૧.** ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય, વીતી ગયેલા શાશ્વતા અનંતકાળમાં માત્ર સંયમ વડે, સંવર વડે, બ્રહ્મચર્ય વડે અને માત્ર અષ્ટ પ્રવચનમાતા દ્વારા સિદ્ધ થયા છે ? –

ગૌતમ ! તેમ શક્ય નથી. જેમ પહેલા શતકના ચોથા ઉદ્દેશાના આલાવા છે, તેમ યાવત્ 'અલમસ્તુ' કહ્યું ત્યાં સુધી જાણવું.

**૨૪૨.** ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે – સર્વે પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ એવંભૂત વેદના વેદે છે. તે કેવી રીતે ? ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ વેદે છે, તે મિથ્યા કહે છે.

ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું – કેટલાક પ્રાણ, ભૂત, જીવ, સત્વ એવંભૂત વેદના વેદે અર્થાત જીવ જે પ્રકારે કર્મો બાંધે છે તે પ્રકારે કર્મો ભોગવે છે. કેટલાક પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વો અનેવંભૂત વેદના વેદે અર્થાત બાંધેલ કર્મોમાં સ્થિતિઘાત, રસઘાત, સંક્રમણ, અપવર્તન, ઉદ્વર્તન આદિ પરિવર્તન કરીને ભોગવે છે – એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જે પ્રાણ, ભૂત, જીવ, સત્વો કરેલા કર્મો પ્રમાણે વેદના વેદે છે, તેઓ એવંભૂત વેદના વેદે છે. જેઓ કરેલા કર્મો પ્રમાણે નથી વેદતા તે અનેવંભૂત વેદના વેદે છે. તેથી એ પ્રમાણે કહ્યું છે.

ભગવન્ ! નૈરયિકો, એવંભૂત વેદના વેદે. કે અનેવંભૂત ? ગૌતમ ! તેઓ બંને વેદના વેદે છે .

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે નારકો કરેલા કર્મ પ્રમાણે વેદના વેદે છે તે એવંભૂત વેદના વેદે છે. જે નૈરયિકો કરેલા કર્મ પ્રમાણે વેદના વેદે છે. તે હેતુથી એમ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક સુધી સંસારમંડલ જાણવું.

**૨૪૩.** ભગવન્ ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં કેટલા કુલકરો થયા ? ગૌતમ ! સાત. એ રીતે તીર્થંકર, તીર્થંકરના માતા, પિતા, પહેલા શિષ્યા, ચક્રવર્તી માતા, સ્ત્રીરત્ન, બલદેવ, વાસુદેવ, વાસુદેવના માતા, પિતા, પ્રતિશત્રુ આદિ સમવાયના ક્રમે જાણવુ. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૫, ઉદ્દેશા–૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૬ 'આયુ'

સૂત્ર–૨૪૪

ભગવન્ ! જીવો અલ્પાયુષ્કતાનું કર્મ કઈ રીતે બાંધે ?

ગૌતમ ! ત્રણ કારણેજીવ અલ્પાયુના કારણભૂત કર્મ બાંધે – હિંસા કરીને, જૂઠ બોલીને, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક, અનેષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વડે પ્રતિલાભીને.

ભગવન્ ! જીવો દીર્ઘાયુષ્કતાનું કર્મ કઈ રીતે બાંધે?

ગૌતમ ! ત્રણ કારણે જીવો દીર્ઘાયુષ્કતાનું કર્મ બાંધે – હિંસા ન કરીને, જૂઠ ન બોલીને, તથારૂપ શ્રમણ, માહણને પ્રાસુક, એષણીય અશનાદિથી પ્રતિલાભીને દીર્ઘાયુષ્ક કર્મ બાંધે.

ભગવન્ ! જીવો અશુભ દીર્ઘાયુષ્કતાનું કર્મ કઈ રીતે બાંધે?

ગૌતમ ! હિંસા કરીને, જૂઠું બોલીને, તથારૂપ શ્રમણ કે માહણની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના કરીને, એવા કોઈ અપ્રીતિના કારણરૂપ અમનોજ્ઞ અશનાદિ પ્રતિલાભીને અશુભ દીર્ઘાયુષ્કતા કર્મ બાંધે.

ભગવન્ ! જીવો શુભ દીર્ઘાયુષ્કતા કર્મ કઈ રીતે બાંધે ?

ગૌતમ ! હિંસા ન કરીને, જૂઠ ન બોલીને, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને વંદી, નમી યાવત્ પર્યુપાસીને, અન્ય કોઈ પ્રીતિકારણરૂપ મનોજ્ઞ અશનાદિ પ્રતિલાભીને જીવો શુભ દીર્ઘાયુષ્કતા કર્મ બાંધે છે.

## સૂત્ર–૨૪૫

ભગવન્ ! કરિયાણુ વેચતા કોઈ ગૃહસ્થનું કરિયાણુ કોઈ ચોરી જાય, તો હે ભગવન્ ! તે કરિયાણાનું અનુગવેષણ–કર્તાને શું આરંભિકી ક્રિયા લાગે કે પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાની કે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા લાગે ? ગૌતમ ! તેને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શનક્રિયા કદાચ લાગે, કદાચ ન લાગે. ગવેષણ કરતા ચોરાયેલુ કરિયાણુ પાછુ મળે તો બધી ક્રિયા પાતળી પડે.

ભગવન્ ! કરિયાણુ વેચતા ગૃહસ્થનું કરિયાણુ ખરીદ્યુ તેને માટે બાનુ આપ્યુ, પણ હજી કરિયાણુ લઈ જવાયુ નથી. ભગવન્ ! વેચનાર ગૃહપતિને તે કરિયાણાથી આરંભિકી આદિ ક્રિયા લાગે ? ગૌતમ ! તે ગૃહપતિને કરિયાણાથી આરંભિકીથી અપ્રત્યાખ્યાની ક્રિયા લાગે. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ લાગે, કદાચ ન લાગે. ખરીદનારને તે બધી ક્રિયા અલ્પ પ્રમાણમાં હોય છે.

ભગવન્ ! ભાંડને વેચતા ગૃહપતિને યાવત્ તે ભાંડ ખરીદકર્તાએ પોતાને ત્યાં આણ્યુ. ભગવન્ ! ત્યારે ખરીદ કરનારને તે કરિયાણાથી આરંભિકી આદિ ક્રિયા લાગે ? વેચનારને પણ તેથી આરંભિકી આદિ ક્રિયા લાગે ?

ગૌતમ ! ખરીદકર્તાને નીચેની ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શન ક્રિયાની ભજના, ગૃહપતિને પાંચે પ્રતનુ હોય.

ભગવન્ ! કરિયાણુ વેચનાર પાસેથી ગૃહસ્થે કેટલોક માલ ખરીદી લીધો પણ જ્યાં સુધી તે વિક્રેતાને તે માલનું મૂલ્યરૂપ ધન પ્રાપ્ત ન થયુ હોય, ત્યાં સુધી તે ખરીદનારને અને વેચનારને ધન સંબંધી આરંભિકી આદિ કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! ખરીદનારને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા વિકલ્પે લાગે અને વિક્રેતાને તે ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

ભગવન્ ! કરિયાણુ વેચનાર પાસેથી ગૃહસ્થે કેટલોક માલ ખરીદી લીધો અને મૂલ્યરૂપ ધન પણ આપી દીધું તો વેચનાર અને ખરીદનાર બંનેને ધન સંબંધી કેટલી ક્રિયા લાગે? ગૌતમ ! ખરીદનારને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા વિકલ્પે લાગે અને વિક્રેતાને તે ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

ભગવન્ ! તત્કાલ પ્રજ્વલિત અગ્નિકાય, મહાકર્મવાળો યાવત્ મહાક્રિયાવાળો, મહાઆશ્રવવાળો, મહાવેદનાવાળો હોય છે, તે સમયે સમયે ઓછો થતો હોય અને છેલ્લે અંગાર–મુર્મુર–છારિય રૂપ થયો. પછી શું તે અલ્પકર્મવાળો, અલ્પક્રિયાવાળો, અલ્પાશ્રવી, અલ્પ વેદનાવાળો થાય ? હા, ગૌતમ ! થાય.

## સૂત્ર–૨૪૬, ૨૪૭

**૨૪૬.** ભગવન્ ! પુરુષ, ધનુષને ગ્રહણ કરે, કરીને બાણને ગ્રહણ કરે, કરીને સ્થાને બેસે, બેસીને ધનુષને કાન સુધી ખેંચે, ખેંચીને ઉંચે આકાશમાં બાણને ફેંકે, પછી ઊંચે આકાશમાં ફેંકાયેલ બાણ, ત્યાં પ્રાણ, ભૂત, જીવ કે સત્વોને હણે – શરીર સંકોચે – શ્લિષ્ટ કરે – સંઘટ્ટે – સંઘાત કરે – પરિતાપે – ક્લાંત કરે – એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય કે જીવિતથી ચ્યુત કરે. તો તેને કેટલી ક્રિયા લાગે ?

ગૌતમ ! યાવત્ તે પુરુષ ધનુષને ગ્રહણ કરે, યાવત્ બાણ ફેંકે ત્યાં સુધી તે પુરુષ કાયિકી આદિ પાંચે ક્રિયાને કરે. જે જીવોના શરીર દ્વારા ધનુષ બનેલ છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયા સ્પર્શે. એ રીતે ધનુપૃષ્ઠને, જીવાને, સ્નાયુને, બાણને, શર–પત્ર–ફળ આદિ બધાને પાંચે પાંચ ક્રિયાઓ સ્પર્શે છે.

**૨૪૭.** ભગવન્ ! હવે તે બાણ, પોતાની ગુરુતાથી, ભારેપણુથી તથાગુરુતા અને ભારેપણુથી – તે બાણ સ્વભાવથી નીચે પડતું હોય ત્યારે ત્યાં પ્રાણોને યાવત્ જીવિતથી ચ્યુત કરે ત્યારે તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! યાવત્ તે બાણ પોતાની ગુરુતાથી યાવત્ જીવિતથી ચ્યુત કરે ત્યારે તે પુરુષ કાયિકી આદિ ચાર ક્રિયાને સ્પર્શે. જે જીવોના શરીરથી ધનુષ બનેલ છે, તે જીવો પણ ચાર ક્રિયાને સ્પર્શે. જીવા, સ્નાયુ ચાર ક્રિયાને અને બાણ, શર, પત્ર, ફળ પાંચે ક્રિયાને સ્પર્શે. બાણના અવગ્રહમાં જે જીવો આવે, તે જીવો પણ કાયિકી આદિ પાંચ ક્રિયાને સ્પર્શે.

### સૂત્ર–૨૪૮ થી ૨૫૦

**૨૪૮.** ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે – જેમ કોઈ યુવતિને યુવાન હાથ વડે હાથ ગ્રહીને પકડે અથવા આરાઓથી ભીડાયેલ ચક્રની નાભિ હોય, એ રીતે યાવત્ ૪૦૦/૫૦૦ યોજન સુધી મનુષ્યલોક મનુષ્યોથી ઠસોઠસ ભરેલો છે, શું તેઓનું આ કથન સત્ય છે ?

ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કહે છે તે ઉપર કહેલ કથન ખોટું છે. હું એમ કહું છું યાવત્ પ્રરુપણા કરું છું કે જેમ કોઈ યુવતિને યુવાન હાથ વડે હાથ ગ્રહીને પકડે અથવા આરાઓથી ભીડાયેલ ચક્રની નાભિ હોય, એ રીતે નરક લોકનું ક્ષેત્ર નારકના જીવોથી ૪૦૦/૫૦૦ યોજન જેટલું ઠસોઠસ ભરેલું છે.

**૨૪૯.** ભગવન્ ! શું નૈરયિક જીવ એક કે બહુ રૂપની વિકુર્વવા કરવા સમર્થ છે ? ગૌતમ ! નૈરયિક જીવ એક રૂપની વિકુર્વણા પણ કરે છે અને બહુ રૂપની વિકુર્વણા પણ કરે છે. એ રીતે જીવાભિગમ સૂત્રમાં પ્રતીપત્તિ ૩ ના ઉદ્દેશા–૨ માં જે રીતે આ આલાવો કહ્યો છે, તેમ અહી પણ જાણવો યાવત્ તેઓની પરસ્પર વેદના દુસહ્ય છે.

**૨૫૦.** જે સાધુના મનમાં આધાકર્મ અનવદ્ય(નિષ્પાપ)છે' એવી સમજ હોય. તે જો તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, જો તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કરીને કાળ કરે, તો તેને આરાધના છે.

આ આલાવા મુજબ જાણવું કે–ક્રીતકૃત(ખરીદેલ), સ્થાપના કરેલ , રચિત(સંસ્કારિત), કાંતારભક્ત, દુર્ભિક્ષ–ભક્ત, વર્દલિકાભક્ત, ગ્લાનભક્ત, શય્યાતર પિંડ, રાજપિંડ વગેરે દોષોમાં પણ, તેને નિર્દોષ હોવાની ધારણા મનમાં રાખનારને યાવત્ વિરાધના અને તેની આલોચના–પ્રતિક્રમણ કરનારને આરાધના થાય તેમ જાણવું.

આધાકર્મ અનવદ્ય(નિષ્પાપ)છે, એમ સમજીને જે સાધુ સ્વયં આધાકર્મી આહારાદિનું સેવન કરે અને તેની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના ન થાય, પણ આલોચના–પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના થાય છે. આ પ્રમાણે ક્રીત દોષથી રાજપિંડ સુધી બધા દોષોમાં સમજવું.

આધાકર્મ અનવદ્ય(નિષ્પાપ)છે, એમ સમજીને જે સાધુ પરસ્પર એકબીજા સાધુઓને તે આહાર આપે૦ વગેરે પાઠ ઉપર મુજબ જાણવો. આધાકર્મ અનવદ્ય(નિષ્પાપ)છે એવી પ્રરુપણા અનેકલોકો વચ્ચે કરે અને તે પ્રરુપણાની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો વિરાધક અને આલોચના–પ્રતિક્રમણ કરી લે તો આરાધક. આ આલ્વા પ્રમાણે ક્રીત દોષથી રાજપિંડ સુધી બધા દોષો માટે જાણવું.

### સૂત્ર–૨૫૧, ૨૫૨

**૨૫૧.** ભગવન્ ! સ્વવિષયમાં(વાચના પ્રદાન આદિમાં) ગણને અગ્લાનપણે(ખેદ વિના) સ્વીકારતા અને સહાય કરતા આચાર્ય, ઉપાધ્યાય કેટલા ભવો કરીને સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાક તે જ ભવે સિદ્ધ થાય. કેટલાક બે ભવ કરીને સિદ્ધ થાય, પણ ત્રીજા ભવને અતિક્રમે નહીં.

**૨૫૨.** ભગવન્ ! જે બીજાને અસત્ય, અસદ્ભુત, અભ્યાખ્યાન વડે દૂષિત કહે, તે કેવા પ્રકારના કર્મો બાંધે ?

ગૌતમ ! તે તેવા પ્રકારના જ(અભ્યાખ્યાન ફળવાળા) કર્મો બાંધે, તે જ્યાં જાય–જન્મ ધારણ કરે, ત્યાં તે કર્મોને વેદે, અર્થાત દોષ–આક્ષેપને પ્રાપ્ત થાય, તે કર્મોને ભોગવે, પછી તે કર્મ નિર્જરે.

હે ભગવાન ! આપ કહો છો તેમજ છે, તેમજ છે.

## શતક–૫, ઉદ્દેશા–૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૫, ઉદ્દેશો–૭ 'પુદ્‌ગલકંપન'

### સૂત્ર–૨૫૩, ૨૫૪

**૨૫૩.** ભગવન્ ! શું પરમાણુ પુદ્‌ગલ કંપે, વિશેષ કંપે, સ્પંદિત થાય, અન્ય પદાર્થને સ્પર્શે, ક્ષુભિત થાય, અન્ય પદાર્થમાં મળી જાય, તે તે ભાવે પરિણમે ?

ગૌતમ !કદાચ કંપે યાવત્ પરિણમે. કદાચ ન કંપે યાવત્ ન પરિણમે.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કંપે યાવત્ પરિણમે ?

ગૌતમ ! કદાચ કંપે યાવત્ પરિણમે, કદાચ ન કંપે યાવત્ ન પરિણમે. કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે.યાવત્ ક્યારેક એક દેશથી પરિણત થાય અને એક દેશ પરિણત ન થાય.

ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કંપે યાવત્ પરિણમે ?

ગૌતમ ! કદાચ કંપે કદાચ ન કંપે. કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે, કદાચ એક ભાગ કંપે, બહુ ભાગ ન કંપે, કદાચ બહુ ભાગ કંપે અને એક ભાગ ન કંપે.

ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધ કંપે યાવત્ પરિણમે ?

ગૌતમ ! કદાચ કંપે – કદાચ ન કંપે, કદાચ એક ભાગ કંપે – એક ભાગ ન કંપે. કદાચ એક ભાગ કંપે, બહુ ભાગ ન કંપે, કદાચ બહુ ભાગો કંપે અને એક ભાગ ન કંપે. કદાચ બહુ ભાગો કંપે અને બહુ ભાગો ન કંપે. જેમ ચતુષ્પ્રદેશિક સ્કંધ કહ્યો, તેમ પંચપ્રદેશિક યાવત્ અનંતપ્રદેશિક સ્કંધો માટે જાણવું.

**૨૫૪.** ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો તલવારની ધાર કે અસ્ત્રાની ધાર પર રહી શકે ? હા, ગૌતમ ! રહી શકે.

ભગવન્ ! તે ધાર પર રહેલ પરમાણુ પુદ્ગલ ત્યાં છેદાય, ભેદાય ?

ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. તેમાં શસ્ત્રક્રમણ ન કરી શકે. એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશિક સ્કંધ માટે સમજવુ. ભગવન્ ! અનંતપ્રદેશિક સ્કંધ અસિધાર કે ખુરધાર પર રહી શકે ? હા, ગૌતમ ! રહી શકે. તે ત્યાં છેદાય, ભેદાય ? ગૌતમ ! કોઈક છેદાય, ભેદાય અને કોઈક ન છેદાય, ન ભેદાય.

એ પ્રમાણે ૧.અગ્નિકાયની વચ્ચોવચ્ચ પ્રવેશે, ત્યાં બળે ? એ પ્રમાણે ૨. પુષ્કરસંવર્ત નામક મહામેઘની વચ્ચોવચ્ચ પ્રવેશે, ત્યાં ભીનો થાય ? એ પ્રમાણે ૩. ગંગા મહાનદીના પ્રવાહમાં વહેતા વિનષ્ટ થાય ? ઉદકાવર્ત કે ઉદકબિંદુમાં પ્રવેશ કરે. તે ત્યાં નાશ પામે ?. આટલા પ્રશ્નોત્તર કરવા.

### સૂત્ર–૨૫૫

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે ? કે અનર્ધ, અમધ્ય, અપ્રદેશ છે ? ગૌતમ ! તે અનર્ધ, અમધ્ય, અપ્રદેશ છે, સાર્ધ, સમધ્ય, સપ્રદેશ નથી.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ ? સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે ? કે અનર્ધ, અમધ્ય, અપ્રદેશ છે ?

ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કંધ, સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે, અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી.

ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ, પ્રશ્ન. ગૌતમ ! તે અનર્ધ, સમધ્ય, સપ્રદેશ છે, પણ સાર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી.

દ્વિપ્રદેશિક સ્કંધ માફક બેકી સંખ્યાવાળા સ્કંધો કહેવા. ત્રિપ્રદેશિક સ્કંધ માફક એકી સંખ્યાવાળા સ્કંધો કહેવા.

ભગવન્ ! સંખ્યાતપ્રદેશિક સ્કંધ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ સાર્ધ, અમધ્ય, સપ્રદેશ હોય. કદાચ અનર્ધ, સમધ્ય, સપ્રદેશ હોય. સંખ્યેય પ્રદેશ માફક અસંખ્યાત પ્રદેશિક સ્કંધ, અનંત પ્રદેશિક સ્કંધના વિષયમાં પણ જાણવું.

સૂત્ર–૨૫૬

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલને સ્પર્શતો પરમાણુ પુદ્‌ગલ ૧–શું એક દેશથી એક દેશને સ્પર્શે ? ૨–શું એક દેશથી ઘણા દેશને સ્પર્શે ? ૩–શું એક દેશથી સર્વને સ્પર્શે ? ૪–શું ઘણા દેશથી એક દેશને સ્પર્શે ? ૫–શું ઘણા દેશથી ઘણા દેશને સ્પર્શે ? ૬–શું ઘણા દેશથી સર્વને સ્પર્શે ? ૭–શું સર્વથી એક દેશને સ્પર્શે ? ૮–શું સર્વથી ઘણા દેશને સ્પર્શે ? કે ૯–શું સર્વથી સર્વને સ્પર્શે?

ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલને સ્પર્શતો પરમાણુ પુદ્‌ગલ ૧–એક દેશથી એક દેશને ન સ્પર્શે, ૨–એક દેશથી ઘણા દેશને ન સ્પર્શે, ૩–એક દેશથી સર્વને ન સ્પર્શે, ૪–ઘણા દેશથી એક દેશને ન સ્પર્શે, ૫–ઘણા દેશથી ઘણા દેશને ન સ્પર્શે, ૬–ઘણા દેશથી સર્વને ન સ્પર્શે, ૭–સર્વથી એક દેશને ન સ્પર્શે, ૮–સર્વથી ઘણા દેશને ન સ્પર્શે. પણ ૯–સર્વથી સર્વને સ્પર્શે છે.

એ પ્રમાણે દ્વિપ્રદેશિકને સ્પર્શતો પરમાણુ પુદ્‌ગલ છેલ્લા ત્રણ ભંગથી સ્પર્શે. ત્રિપ્રદેશિકને સ્પર્શતા પરમાણુ પુદ્‌ગલ માફક યાવત્ અનંતપ્રદેશિકની સ્પર્શના જાણવી.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્‌ગલને કઈ રીતે સ્પર્શે ? ત્રીજા, નવમા ભંગથી સ્પર્શે. જો તે દ્વિપ્રદેશિક સ્કંધને સ્પર્શે તો પહેલા, ત્રીજા, સાતમા, નવમા ભંગથી સ્પર્શે. જો તે ત્રિપ્રદેશિક સ્કંધને સ્પર્શે તો પહેલા અને છેલ્લા ત્રણ વિકલ્પોથી સ્પર્શે અને વચલા ત્રણનો નિષેધ કરવો. જેમ દ્વિપ્રદેશિકની ત્રિપ્રદેશિક સ્કંધ સાથે સ્પર્શના કહી, તે રીતે યાવત્ અનંતપ્રદેશિક સ્કંધની સ્પર્શના કરાવવી.

ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્‌ગલને કેવી રીતે સ્પર્શે ? ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્‌ગલને ત્રીજા, છટ્ઠા, નવમા ભંગથી સ્પર્શે. તે દ્વિપ્રદેશિકને સ્પર્શે તો પહેલા, ત્રીજા, ચોથા, છટ્ઠા, સાતમા, નવમા ભંગથી સ્પર્શે. તે ત્રિપ્રદેશિકને સ્પર્શે તો સર્વે સ્થાનોમાં સ્પર્શે. આ ત્રિપ્રદેશિક સ્કંધના ત્રિપ્રદેશિક સાથેની સ્પર્શના માફક યાવત્ અનંતપ્રદેશિક સાથે સંયોજવો. જેમ ત્રિપ્રદેશિક સ્કંધમાં કહ્યું એ રીતે યાવત્ અનંતપ્રદેશિક કહેવા.

સૂત્ર–૨૫૭

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ, પરમાણુ પુદ્‌ગલ રૂપે જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. એ પ્રમાણે યાવત્ અનંત પ્રદેશિક સ્કંધમાં જાણવું.

ભગવન્ ! એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ જ્યાં હોય તે સ્થાને કે બીજે સ્થાને કાળથી ક્યાં સુધી સકંપ રહે ? ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશ અવગાઢ પુદ્‌ગલ માટે જાણવું.

ભગવન્ ! એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ કાળથી ક્યાં સુધી નિષ્કંપ રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ. એ રીતે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ માટે જાણવું.

ભગવન્ ! એકગુણ કાળુ પુદ્‌ગલ, કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. એ પ્રમાણે અનંતગુણ કાળા માટે જાણવું. એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ યાવત્ અનંતગુણરૂક્ષ પુદ્‌ગલ માટે જાણવું. એ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પરિણત પુદ્‌ગલ જાણવા.

ભગવન્ ! શબ્દ પરિણત પુદ્‌ગલ કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ, અશબ્દ પરિણત પુદ્‌ગલ, એક ગુણ કાળા પુદ્‌ગલની જેમ સમજવા.

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધને કાળથી કેટલુ અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ. એ રીતે અનંતપ્રદેશિક સુધી જાણવું.

ભગવન્ ! એક પ્રદેશાવગાઢ સકંપ પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશ સ્થિત સ્કંધો માટે પણ જાણવું.

ભગવન્ ! એક પ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. એ રીતે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધ માટે જાણવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સૂક્ષ્મપરિણત, બાદર પરિણત માટે તેઓના સંચિટ્ઠણા(સંસ્થિતિ) કાળ મુજબ અંતરકાળ જાણવો.

ભગવન્ ! શબ્દ પરિણત પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ.

ભગવન્ ! અશબ્દપરિણત પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ.

સૂત્ર–૨૫૮, ૨૫૯

**૨૫૮.** ભગવન્ ! એ દ્રવ્ય સ્થાનાયુ, ક્ષેત્ર સ્થાનાયુ, અવગાહના સ્થાનાયુ, ભાવ સ્થાનાયુ એ બધામાં કયુ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી થોડું ક્ષેત્ર સ્થાનાયુ છે, તેનાથી અવગાહના સ્થાનાયુ અસંખ્યગુણ છે, તેનાથી દ્રવ્ય સ્થાનાયુ અસંખ્યગુણ છે, તેનાથી ભાવ સ્થાનાયુ અસંખ્યગુણ છે.

**૨૫૯.** અહી એક ગાથામાં અલ્પ–બહુત્વને જણાવે છે– ક્ષેત્ર, અવગાહના, દ્રવ્ય અને ભાવસ્થાન આયુનું અલ્પબહુત્વ કહેવું, તેમાં સૌથી અલ્પ ક્ષેત્ર સ્થાનાયુ છે. બાકીના ત્રણ સ્થાનાયુ ક્રમશ: અસંખ્યાત ગુણા છે.

સૂત્ર–૨૬૦

ભગવન્ ! નૈરયિકો શું સારંભ, સપરિગ્રહ છે કે અનારંભ, અપરિગ્રહ ? ગૌતમ ! નારકો સારંભ, સપરિગ્રહ છે, પણ અનારંભ અને અપરિગ્રહી નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! નૈરયિકો પૃથ્વીકાય યાવત્ ત્રસકાયનો સમારંભ કરે છે. તેથી તે સારંભી છે. તેઓએ શરીરને પરિગૃહિત કર્યું છે, કર્મો પરિગૃહિત કર્યા છે. તેમજ સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યો પરિગૃહીત કર્યા છે, તેથી ગૌતમ ! એમ કહ્યું છે કે નૈરયિક સારંભી અને સપરિગ્રહી છે. અનારંભ અને અપરિગ્રહી નહીં

ભગવન્ ! અસુરકુમાર વિશે પ્રશ્ન. ગૌતમ ! તેઓ સારંભા, સપરિગ્રહા છે. અનારંભા, અપરિગ્રહા નથી.

ભગવન્ ! એમ શા કારણે કહ્યું ? ગૌતમ ! તેઓ પૃથ્વી યાવત્ ત્રસકાયનો સમારંભ કરે છે. તેઓ શરીર–કર્મ–ભવનોનો પરિગ્રહ કર્તા છે. દેવો, દેવી, મનુષ્યો, મનુષી, તિર્યંચો, તિર્યંચિણીનો પરિગ્રહકર્તા છે. આસન, શયન, ભાંડ, માત્રક, ઉપકરણો તથા સચિત્તાદિ દ્રવ્યોના પરિગ્રહકર્તા છે, માટે તેમ કહ્યું. એ રીતે સ્તનિતકુમાર પર્યંત જાણવા.

નૈરયિકની જેમ એકેન્દ્રિયો જાણવા.

ભગવન્ ! બેઇન્દ્રિયો શું સારંભ, સપરિગ્રહ છે ? પૂર્વવત્. યાવત્ શરીર, તથા બાહ્ય ભાંડ, માત્ર, ઉપકરણો પરિગૃહીત કર્યા છે. એ રીતે ચઉરિન્દ્રિય સુધી કહેવું.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું સમારંભી છે ? પૂર્વવત્ કહેવું યાવત્ કર્મો પરિગૃહીત કર્યા છે. શિખર, કૂટ, પર્વતો, શિખરી પહાડો તથા જલ, સ્થલ, બિલ, ગુફા, લયન તથા ઉર્ઝર, નિર્ઝર, ચિલ્લલ, પલ્લલ, વાપી તથા અગડ, તગડ, દ્રહ, નદી. વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલપંક્તિ તથા આરામ, ઉદ્યાન, કાનન, વન, વનખંડ, વનરાજી તથા દેવકુલ, સભા, પ્રપા, સ્તુભ, ખાડ, પરિખા તથા પ્રાકાર, અટ્ટાલગ, ચરિકા, દ્વાર, ગોપુર તથા પ્રાસાદ, ઘર, ઝૂંપડા, લયન, હાટો તથા શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ તથા શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, ડોળી, સ્યંદમાનિકા તથા લોઢી, લોઢાનું કડાયુ, કડછા તથા ભવન, તથા દેવ, દેવી,

મનુષ્ય, માનુષી, તિર્યંચયોનિક, તિર્યંચયોનિની, આસન, શયન, ખંડ, ભાંડ, સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યો એ બધાનો પરિગ્રહ કરે છે. તેથી એમ કહ્યું કે તિર્યંચો આરંભી, પરિગ્રહી છે.પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી.

તિર્યંચો માફક મનુષ્યો પણ કહેવા. વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકને ભવનવાસી માફક જાણવા.

સૂત્ર–૨૬૧

પાંચ હેતુઓ અર્થાત આશ્રવ કે કર્મબંધના કારણો કહ્યા છે. તે આ –

૧.હેતુને જાણે, હેતુને જુએ, હેતુને સમજે, હેતુને સારી રીતે પ્રાપ્ત કરે, હેતુવાળુ છદ્મસ્થ મરણ મરે.

૨. પાંચ હેતુ કહ્યા – હેતુ વડે જાણે યાવત્ હેતુ વડે છદ્મસ્થ મરણ મરે.

૩. પાંચ હેતુ કહ્યા – હેતુને ન જાણે યાવત્ હેતુવાળા અજ્ઞાન મરણે મરે.

૪. પાંચ હેતુ કહ્યા – હેતુએ ન જાણે યાવત્ હેતુએ મરણે મરે.

પાંચ અહેતુ અર્થાત સંવર, પાપોનો ત્યાગ, આશ્રવોનો ત્યાગ કહેલ છે, તે આ –

૧. અહેતુને જાણે યાવત્ અહેતુએ કેવલિ મરણે મરે.

૨. પાંચ અહેતુ કહ્યા – અહેતુએ જાણે યાવત્ અહેતુએ કેવલિ મરણે ન મરે.

૩. પાંચ અહેતુ કહ્યા – અહેતુ ન જાણે યાવત્ અહેતુ છદ્મસ્થ મરણે મરે.

૪. પાંચ અહેતુ કહ્યા – અહેતુ વડે ન જાણે યાવત્ અહેતુ વડે છદ્મસ્થ મરણે મરે.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

શતક–૫, ઉદ્દેશા–૭નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૮ 'નિર્ગ્રન્થીપુત્ર'

સૂત્ર–૨૬૨

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. ભગવંત મહાવીર ત્યાં પધાર્યા. પર્ષદા દર્શનાર્થે નીકળી યાવત્ ધર્મ શ્રવણ કરી પર્ષદા પાછી ગઈ.

તે કાળે ભગવંત મહાવીરના નારદપુત્ર નામના શિષ્ય, જે પ્રકૃતિ–ભદ્રક યાવત્ વિચરતા હતા. તે કાળે ભગવંતના શિષ્ય નિર્ગ્રન્થીપુત્ર અણગાર યાવત્ વિચરતા હતા. ત્યારે તે નિર્ગ્રન્થીપુત્ર, જ્યાં નારદપુત્ર હતા ત્યાં આવે છે. આવીને નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું –

હે આર્ય ! શું તમારા મતે સર્વે પુદ્‌ગલો શું સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય, અપ્રદેશ છે ? – હે આર્ય! કહી નારદપુત્રે નિર્ગ્રન્થીપુત્ર અણગારને કહ્યું – મારા મતે સર્વે પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી.

ત્યારે નિર્ગ્રન્થી પુત્ર અણગારે નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું – હે આર્ય ! તમારા મતે જો બધા પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે, અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. તો હે આર્ય ! શું તે દ્રવ્યની અપેક્ષાએ, ક્ષેત્ર અપેક્ષાએ, કાલ અપેક્ષાએ કે ભાવ અપેક્ષાએ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી ?

ત્યારે નારદપુત્ર અણગારે, નિર્ગ્રંથીપુત્ર અણગારને આમ કહ્યું કે– હે આર્ય ! મારા મતે દ્રવ્યાદેશથી પણ સર્વે પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. તે પ્રમાણે જ ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવાદેશથી પણ છે.

ત્યારે નિર્ગ્રન્થીપુત્ર અણગારે, નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું – હે આર્ય ! જો દ્રવ્યાદેશથી સર્વે પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી, તો તમારા મતે પરમાણુ પુદ્‌ગલ પણ સાર્ધ, સમધ્ય,

સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી ?

હે આર્ય! જો ક્ષેત્રાદેશથી પણ સર્વે પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે, તો શું એકપ્રદેશાવગાઢ પુદ્ગલ પણ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે ?

હે આર્ય ! જો કાલાદેશથી સર્વે પુદ્ગલો સાર્ધ સમધ્ય, સપ્રદેશ હોય તો શું એક સમય સ્થિતિક પુદ્ગલો પણ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે ?

વળી હે આર્ય ! ભાવાદેશથી સર્વે પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ હોય તો, એ રીતે તમારા મતે એક ગુણ કાળા પુદ્ગલ પણ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે ?

હવે જો તમારા મતે તેમ ન હોય તો તમે જે કહો છો કે – દ્રવ્યાદેશ વડે બધા પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી તેમજ ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવાદેશથી પણ તેમજ છે, આ પ્રકારનું તમારું કથન મિથ્યા છે.

ત્યારે તે નારદપુત્રે, નિર્ગ્રન્થીપુત્રને આમ કહ્યું – દેવાનુપ્રિય! અમે આ અર્થને જાણતા કે સમજતા નથી. હે દેવાનુપ્રિય ! જો તમે તે અર્થને કહેતા ગ્લાનિ ન પામતા હો તો, હું આપની પાસે તે અર્થને સાંભળવા, અવધારવા અને જાણવા ઇચ્છું છું.

ત્યારે નિર્ગ્રન્થીપુત્ર અણગારે નારદપુત્ર અણગારને આમ કહ્યું – હે આર્ય ! મારા મતે દ્રવ્યાદેશથી સર્વે પુદ્ગલો સપ્રદેશ પણ છે અને અપ્રદેશ પણ છે, તેઓ અનંત છે.

ક્ષેત્રાદેશથી પણ એમ જ છે, કાલાદેશથી પણ એમ જ છે, ભાવાદેશથી પણ એમ જ છે.

જે પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ અપ્રદેશ છે, તે ક્ષેત્ર અપેક્ષાએ નિયમા અપ્રદેશ છે. તે પુદ્ગલ કાળની અપેક્ષાએ કદાચિત્ સપ્રદેશ–કદાચિત્ અપ્રદેશ છે, ભાવથી પણ કોઈ સપ્રદેશ હોય અને કોઈ અપ્રદેશ હોય છે.

જે પુદ્ગલ ક્ષેત્ર અપેક્ષાએ અપ્રદેશ છે, તે દ્રવ્ય અપેક્ષાથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ છે. કાળ અને ભાવ અપેક્ષાએ પણ આ પ્રમાણે ભજના જાણવી. એ રીતે કાળ, ભાવ જાણવા.

જે પુદ્ગલ દ્રવ્યથી સપ્રદેશ છે, તે ક્ષેત્રથી કદાચ સપ્રદેશ, કદાચ અપ્રદેશ હોય. એ રીતે કાળ અને ભાવથી પણ જાણવું. જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ છે, તે દ્રવ્યથી નિયમા સપ્રદેશ છે. પરંતુ કાળથી અને ભાવથી ભજના.

જેમ દ્રવ્યથી સપ્રદેશી પુદ્ગલમાં કહ્યું, તેમજ કાળથી અને ભાવની અપેક્ષાએ પણ જાણવું.

ભગવન્ ! દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અપેક્ષાથી સપ્રદેશ અને અપ્રદેશમાં પુદ્ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

હે નારદપુત્ર ! સર્વથી થોડા અપ્રદેશ પુદ્ગલો ભાવાદેશથી છે, તેનાથી કાલાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તેનાથી દ્રવ્યાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે, તેનાથી ક્ષેત્રાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તેનાથી દ્રવ્યાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે, તેનાથી કાલાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે, તેનાથી ભાવાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે.

ત્યારપછી તે નારદપુત્ર અણગાર, નિર્ગ્રન્થીપુત્ર મુનિને વાંદી, નમી, પોતે કહેલ અર્થને માટે વિનયપૂર્વક સારી રીતે વારંવાર ખમાવીને, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.

## સૂત્ર–૨૬૩

ભગવન્ ! એમ કહી, ગૌતમસ્વામીએ યાવત્ એમ કહ્યું – ભગવન્ ! જીવો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? ગૌતમ ! જીવો વધતા કે ઘટતા નથી, પણ અવસ્થિત રહે છે.

ભગવન્ ! નૈરયિકો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? ગૌતમ ! નૈરયિકો વધે છે, ઘટે છે અને અવસ્થિત પણ રહે છે. નૈરયિકની માફક વૈમાનિક સુધી જાણવું.

સિદ્ધો વિશે પ્રશ્ન. ગૌતમ ! સિદ્ધો વધે કે અવસ્થિત પણ રહે છે. પરંતુ ઘટતા નથી.

ભગવન્ ! જીવો કેટલા કાળ અવસ્થિત રહે ? ગૌતમ ! સર્વકાળ અવસ્થિત રહે છે .

ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી વધે ? ગૌતમ ! નૈરયિક જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી વધે. જે રીતે વધવાનો કાલ કહ્યો, તેમજ ઘટવાનો કાલ પણ કહેવો.

ભગવન્ ! નૈરયિકો કેટલો કાળ અવસ્થિત રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૨૪–મુહૂર્ત્ત સુધી અવસ્થિત રહે છે. એ રીતે સાતે નરક પૃથ્વીમાં વધ–ઘટ કહેવી. વિશેષ એ કે – અવસ્થિત રહેવાના કાળમાં આ ભેદ છે – જેમ કે રત્નપ્રભામાં ૪૮–મુહૂર્ત્ત, શર્કરાપ્રભામાં ૧૪ અહોરાત્ર, વાલુકાપ્રભામાં એક માસ, પંકપ્રભામાં બે માસ, ધૂમપ્રભામાં ૪–માસ, તમપ્રભામાં ૮–માસ, તમતમાપ્રભામાં ૧૨–માસનો અવસ્થિત કાળ છે.

અસુરકુમારો પણ નૈરયિક માફક વધે, ઘટે છે. અસુરકુમાર જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૪૮–મુહૂર્ત્ત સુધી અવસ્થિત રહે છે.. એ રીતે દશે પ્રકારના ભવનપતિ દેવોને કહેવા.

એકેન્દ્રિયો વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે. એ ત્રણેનો કાળ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યા ભાગ કહેવો.

બેઈન્દ્રિયો તે જ પ્રમાણે વધે, ઘટે છે. તેમનું અવસ્થાન જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ બે અંતર્મુહૂર્ત્ત. એ રીતે ચઉરિન્દ્રિય સુધી જાણવું.

બાકીના બધા જીવો તે જ રીતે વધે, ઘટે છે. પણ તેમના અવસ્થાન કાળમાં ભેદ છે. તે આ – સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોનો અવસ્થાનકાળ બે અંતર્મુહૂર્ત્ત. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોનો અવસ્થાનકાળ ૨૪–મુહૂર્ત્ત, સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ૪૮–મુહૂર્ત્ત છે. ગર્ભજ મનુષ્યોનો ૨૪ મુહૂર્તોનો છે. વ્યંતર–જ્યોતિષ–સુધર્મ–ઈશાનમાં ૪૮ –મુહૂર્ત્ત, સનત્કુમાર ૧૮–અહોરાત્ર અને ૪૦–મુહૂર્ત્ત. માહેન્દ્રમાં ૨૪–અહોરાત્ર અને ૨૦–મુહૂર્ત્ત, બ્રહ્મલોકમાં ૪૫– અહોરાત્ર, લાંતકમાં ૯૦–અહોરાત્ર, મહાશુક્રે ૧૬૦–અહોરાત્રનો, સહસ્રારે ૨૦૦–અહોરાત્રનો, આનત–પ્રાણતે સંખ્યાત માસનો, આરણ–અચ્યુતે સંખ્યાત વર્ષનો, ગ્રૈવેયકનો અવસ્થાનનો કાળ આરણ–અચ્યુત દેવ સમાન જાણવો. વિજય-વૈજયંત-જયંત-અપરાજિતે અસંખ્ય હજાર વર્ષ, સર્વાર્થસિદ્ધે પલ્યોપમનો અસંખ્યેય ભાગ કહેવો. તેઓ જઘન્યે એક સમય, ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ સુધી વધે, ઘટે અને અવસ્થાનકાળ હમણા કહ્યો.

ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ વધે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ.

ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ અવસ્થિત રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ.

ભગવન્ ! જીવો સોપચય છે, સાપચય છે, સોપચય–સાપચય છે કે નિરુપચય નિરવચય છે ?

ગૌતમ ! જીવો સોપચય, સાપચય કે સોપચય–સાપચય નથી, પણ નિરુપચય–નિરપચય છે. એકેન્દ્રિયો ત્રીજા પદે છે, બાકીના જીવો ચારે પદમાં કહેવા.

સિદ્ધ વિશે પ્રશ્ન. ગૌતમ ! સિદ્ધો સોપચય છે અને નિરુપચય–નિરપચય છે.

ભગવન્ ! જીવો કેટલો કાળ નિરુપચય નિરપચય છે ? ગૌતમ ! જીવ સર્વકાળ નિરુપચય નિરપચય રહે છે.

ભગવન્ ! નૈરયિકો કેટલો કાળ સોપચય રહે છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યેય ભાગ. કેટલો કાળ સાપચય છે ? એ પ્રમાણે જ કહેવું.. કેટલો કાળ સોપચય–સાપચય છે ? એ પ્રમાણે જ કહેવું. કેટલો કાળ નિરુપચય–નિરપચય રહે છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૧૨–મુહૂર્ત્ત રહે છે.

એકેન્દ્રિયો સર્વે સર્વકાળ સોપચય–સાપચય છે, બાકી સર્વે જીવો સોપચયાદિ ચારે પણ છે. જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્ય ભાગ છે. અવસ્થાનમાં વ્યુત્ક્રાંતિકાળ કહેવો.

ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ સોપચય રહે છે ? ગૌતમ ! જઘન્યે એક સમય, ઉત્કૃષ્ટે આઠ સમય. કેટલો કાળ નિરુપચય–નિરપચય રહે છે ? જઘન્યે એક સમય, ઉત્કૃષ્ટે છ માસ. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે

## શતક–૫, ઉદ્દેશા–૮નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૫, ઉદ્દેશો–૯ 'રાજગૃહ'

સૂત્ર–૨૬૪

તે કાળે, તે સમયે ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને વંદના કરી એમ કહ્યું – આ નગરને ભગવન્ ! રાજગૃહ કેમ કહે છે ? શું રાજગૃહનગર પૃથ્વી કહેવાય ? શું તે જળ કહેવાય ? શું તે તેઉ, વાયુ, વનસ્પતિ રાજગૃહનગર કહેવાય? શું તે પર્વતખંડ, કૂટ વગેરે રાજગૃહ નગર કહેવાય છે ? યાવત્ શું સચિત, અચિત, મિશ્ર દ્રવ્ય રાજગૃહ કહેવાય ?

ગૌતમ ! પૃથ્વી પણ રાજગૃહનગર કહેવાય છે યાવત્ સચિત્તાદિ દ્રવ્ય પણ રાજગૃહનગર કહેવાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વી જીવરૂપ છે, અજીવરૂપ છે, માટે તે રાજગૃહનગર કહેવાય. યાવત્ સચિત્તાદિ દ્રવ્યો જીવ પણ છે, અજીવ પણ છે. માટે તે દ્રવ્યો મળીને રાજગૃહનગર કહેવાય છે.

સૂત્ર–૨૬૫

ભગવન્ ! દિવસે ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય ? ગૌતમ ! હા, હોય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! દિવસે શુભ પુદ્‌ગલ, શુભ પુદ્‌ગલ–પરિણામ હોય, રાત્રે અશુભ પુદ્‌ગલ અને અશુભ પુદ્‌ગલ પરિણામ હોય છે. તેથી હે ગૌતમ ! દિવસે પ્રકાશ અને રાત્રે અંધકાર હોય છે.

ભગવન્ ! નૈરયિકને ઉદ્યોત હોય કે અંધકાર ? ગૌતમ ! તેમને ઉદ્યોત નહીં અંધકાર છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકોને અશુભ પુદ્‌ગલ, અશુભ પુદ્‌ગલ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું કે હે ગૌતમ ! તેઓને પ્રકાશ નથી પણ અંધકાર છે.

ભગવન્ ! અસુરકુમારોને ઉદ્યોત હોય કે અંધકાર ? ગૌતમ ! તેઓને ઉદ્યોત હોય છે, અંધકાર નથી.

ભગવન્ ! એમ શામાટે કહ્યું ? ગૌતમ ! અસુરકુમારોને શુભ પુદ્‌ગલ અને શુભ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું કે ગૌતમ ! અસુરકુમારોને ઉદ્યોત હોય છે, અંધકાર નથી. એ રીતે યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું.

નૈરાયિક જીવોના વિષયમાં કહ્યું તે પ્રમાણે પૃથ્વીકાયથી તેઇન્દ્રિય સુધીના જીવો માટે કહેવું.

ભગવન્ ! ચઉરિન્દ્રિયને ઉદ્યોત હોય કે અંધકાર ? ગૌતમ ! બંને હોય. ભગવન્ ! એમ કેમ કહ્યું ચઉરિન્દ્રિયને ઉદ્યોત અને અંધકાર બંને હોય? ગૌતમ ! ચઉરિન્દ્રિયને શુભાશુભ પુદ્‌ગલ અને શુભાશુભ પુદ્‌ગલ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું. એ રીતે તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોના સંબંધમાં પણ કહેવું જોઈએ.

વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો ને અસુરકુમારની જેમ જાણવા.

સૂત્ર–૨૬૬

ભગવન્ ! નરક ક્ષેત્રમાં ગયેલા નૈરયિકો એમ જાણે કે આ સમય છે, આવલિકા છે યાવત્ ઉત્સર્પિણી છે કે અવસર્પિણી કાળ છે ? ગૌતમ ! ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું તેમને આવું જ્ઞાન નથી હોતું ?

ગૌતમ ! અહીં મનુષ્ય લોકમાં જ સમય આદિનું માન છે, પ્રમાણ છે, તેથી મનુષ્યક્ષેત્રમાં એવું વિશિષ્ટ જ્ઞાન થાય છે કે સમય છે યાવત્ ઉત્સર્પિણી કાળ છે. પણ નૈરયિકોમાં સમયાદિ જણાતા નથી માટે એમ કહ્યું છે.

નૈરાયિકોના વિષયમાં કહ્યું તે પ્રમાણે ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવો સુધી જાણવું.

ભગવન્ ! અહીં મનુષ્યલોકમાં સમય યાવત્ ઉત્સર્પિણી એવું પ્રજ્ઞાન છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અહીં સમયાદિનું માન, પ્રમાણ અને એવું જ્ઞાન છે. તેથી એમ કહ્યું.

વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને સમય આદિના જ્ઞાનના વિષયમાં નૈરયિકોની માફક જાણવા.

સૂત્ર–૨૬૭

તે કાળે, તે સમયે ભગવંત પાર્શ્વના પ્રશિષ્ય, સ્થવિર ભગવંત, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભગવંત મહાવીરની થોડી નજીક યથાયોગ્ય સ્થાને રહીને એમ કહ્યું –

ભગવન્ ! અસંખ્યેય લોકમાં અનંતા રાત્રિ–દિવસ ઉત્પન્ન થયા છે – થાય છે – થશે ? નષ્ટ થયા છે – થાય છે – થશે ? અથવા પરિમિત રાત્રી–દિવસ ઉત્પન્ન થયા છે – થાય છે – થશે ? નષ્ટ થયા છે – થાય છે – થશે ?

હા, આર્ય ! તે પ્રમાણે જ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? હે આર્ય ! નિશ્ચયથી પુરુષાદાનીય અરહંત પાર્શ્વે, લોકને શાશ્વત કહ્યો છે. લોક. અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્ત, નીચે વિસ્તીર્ણ, મધ્યે સાંકડો, ઉપર વિશાળ, નીચે પલ્યંક આકારે, વચ્ચે ઉત્તમ વજ્રાકારે, ઉપર ઊભા મૃદંગાકારે કહ્યો છે..

તે પ્રકારનાં શાશ્વત, અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્તાદિ, નીચે વિસ્તૃત, મધ્યે સંક્ષિપ્ત અને ઉપર વિશાલ તથા નીચે પલ્યંક આકારે, મધ્યે વજ્ર આકારે, ઉપર મૃદંગ આકારે સંસ્થિત લોકમાં અનંત જીવરાશિ ઉત્પન્ન થઇ–થઈને નષ્ટ થાય છે અને પરિત જીવ રાશિ પણ ઉત્પન્ન થઈને વિનષ્ટ થાય છે. તથા તે જીવો અજીવના માધ્યમે દેખાય છે.

જે અવલોકિત થાય તેને લોક કહેવાય ? સ્થવીરોએ કહ્યું– હા ભગવંત, આપે કહ્યું તે પ્રમાણે જ છે. ત્યારે ભગવંતે કહ્યું કે– તેથી જ એમ કહ્યું કે અસંખ્ય લોકમાં અનંત રાત્રી–દિવસ થયા છે યાવત્ પરિમિત રાત્રી–દિવસ ઉત્પન્ન અને વિનષ્ટ થાય છે ઇત્યાદિ.

ત્યારથી લઈને તે ભગવંત પાર્શ્વના શિષ્ય, સ્થવિર ભગવંતો શ્રમણ ભગવંત મહાવીરને 'સર્વજ્ઞ, સર્વદર્શી' જાણે છે. પછી તે સ્થવિરો ભગવંતને વાંદી, નમીને એમ કહ્યું – ભગવન્ ! અમે તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચ મહાપ્રતિક ધર્મ સ્વીકારીને વિહરવા ઇચ્છીએ છીએ. હે દેવાનુપ્રિયો ! સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્થવિરો યાવત્ છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી ક્ષીણ થયા અને કેટલાક, દેવલોકમાં દેવ થયા.

સૂત્ર–૨૬૮

ભગવન્ ! દેવલોક કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ચાર પ્રકારે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક ભેદથી. ભવનવાસી ૧૦ ભેદે, વ્યંતર ૮–ભેદે, જ્યોતિષ્ક–૫ ભેદે, વૈમાનિક–૨ ભેદે છે.

સૂત્ર–૨૬૯, ૨૭૦

**૨૬૯.** રાજગૃહ શું છે ?, ઉદ્યોત–અંધકાર, સમય, ભ૦ પાર્શ્વના શિષ્યોની રાત્રિ–દિવસના પ્રશ્નો, દેવલોક આ ઉદ્દેશામાં આ વિષયો છે..

**૨૭૦.** ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

શતક–૫, ઉદ્દેશા–૯ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૫, ઉદ્દેશો–૧૦ 'ચંદ્ર'

સૂત્ર–૨૭૧

તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. ઉદ્દેશા–૧ ની જેમ આ ઉદ્દેશો સમજવો. વિશેષ એ કે – ચંદ્રો કહેવા.

શતક–૫, ઉદ્દેશા–૧૦ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

શતક–૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૬

સૂત્ર–૨૭૨

શતક–૬માં દશ ઉદ્દેશા છે – વેદના, આહાર, મહાશ્રવ, સપ્રદેશ, તમસ્કાય, ભવ્ય, શાલી, પૃથ્વી, કર્મ, અન્યતીર્થિક

## શતક–૬, ઉદ્દેશો–૧ 'વેદના'

સૂત્ર–૨૭૩

ભગવન્ ! જે મહાવેદનાવાળો હોય, તે મહાનિર્જરાવાળો હોય, જે મહાનિર્જરાવાળો હોય તે મહાવેદનાવાળો હોય તથા મહાવેદનાવાળા અને અલ્પવેદનાવાળામાં જે પ્રશસ્ત નિર્જરાવાળો છે, તે ઉત્તમ છે ?

હા, ગૌતમ ! તે એ પ્રમાણે જ જાણવું.

ભગવન્ ! છઠ્ઠી, સાતમી પૃથ્વીમાં નૈરયિકો મહાવેદના યુક્ત છે ? હા,ગૌતમ ! તેઓ મહાવેદનાવાલા છે.

તેઓ શ્રમણ નિર્ગ્રન્થ કરતા મહાનિર્જરા વાળા છે ? ગૌતમ ! તેમ શક્ય નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? મહાવેદનાવાળો હોય, મહાનિર્જરાવાળો હોય યાવત્ પ્રશસ્ત નિર્જરાવાળો ઉત્તમ છે?

ગૌતમ ! જેમ કે કોઈ બે વસ્ત્રો હોય, એક કર્દમ રાગરક્ત, એક ખંજન રાગરક્ત. ગૌતમ ! આ બે વસ્ત્રોમાં કયું વસ્ત્ર–મુશ્કેલીથી ધોઈ શકાય, મુશ્કેલીથી ડાઘ કાઢી શકાય અને મુશ્કેલીથી ચમક લાવી શકાય તેવું છે ? સરળતાથી ધોઈ શકાય, સરળતાથી ડાઘ કાઢી શકાય અને છે અને, સરળતાથી ચમક લાવી શકાય તેવું છે ?

ભગવન્ ! તેમાં જે વસ્ત્ર કર્દમરાગરક્ત છે, તે મુશ્કેલીથી ધોઈ શકાય, મુશ્કેલીથી ડાઘ કાઢી શકાય અને મુશ્કેલીથી ચમક લાવી શકાય તેવું છે.

હે ગૌતમ ! એ જ પ્રમાણે નૈરયિકોના પાપકર્મ ગાઢીકૃત, ચીક્કણા કરેલા, શ્લિષ્ટ કરેલા, ખિલીભૂત હોય છે. માટે તેઓ સંપ્રગાઢ પણ વેદના વેદતા મોટી નિર્જરા કે મોટા પર્યવસાનવાળા હોતા નથી. – અથવા –

જેમ કોઈ પુરુષ જોરદાર અવાજ સાથે મહાઘોષ કરતો, લગાતાર જોર–જોરથી ચોંટ મારી એરણને કૂટતો પણ તે એરણના સ્થૂલ પુદ્‌ગલોનો નાશ કરવા સમર્થ થતો નથી, એ પ્રકારે હે ગૌતમ ! નૈરયિકો પાપકર્મો ગાઢ કરીને યાવત્ પ્રગાઢ વેદના ભોગવવા છતાં મહા નિર્જરા કે મહાપર્યવસાનવાળો થતો નથી.

ભગવન્ ! તેમાં જે વસ્ત્રો ખંજનરાગરક્ત છે, તે સરળતાથી ધોઈ શકાય, સરળતાથી ડાઘ કાઢી શકાય અને છે અને, સરળતાથી ચમક લાવી શકાય તેવું છે – હે ગૌતમ ! એ જ પ્રમાણે શ્રમણ નિર્ગ્રન્થોના યથાબાદર કર્મો શિથિલીકૃત, નિષ્ઠીત કર્મો, વિપરિણામિત છે, તેથી શીઘ્ર જ વિધ્વસ્ત થાય છે. જેટલી–તેટલી પણ વેદના વેદતા મહાનિર્જરા, મહાપર્યવસાનવાળા થાય છે.

જેમ કોઈ પુરુષ ઘાસના સૂકા પૂળાને જ્વલંત અગ્નિમાં ફેંકે છે તો શું તે ઘાસનો પૂળો ગૌતમ ! જલદીથી બળી જાય? હા, ભગવાન !, બળી જાય. હે ગૌતમ ! એ પ્રમાણે શ્રમણ નિર્ગ્રન્થોના યથાબાદર કર્મો યાવત્ મહાપર્યવસાન વાળા થાય છે. જેમ કોઈ પુરુષ અતિતપ્ત લોઢાના ગોળા ઉપર પાણીનું ટીપું મૂકે યાવત્ તે નાશ પામે, એ રીતે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રન્થોને યાવત્ મહાપર્યવસાન વાળા થાય. તેથી જે મહાવેદનાવાળો તે મહાનિર્જરાવાળો થાય.

સૂત્ર–૨૭૪

ભગવન્ ! કરણ કેટલા પ્રકારે છે? ગૌતમ ! ચાર. તે આ – મનકરણ, વચનકરણ, કાયકરણ, કર્મકરણ.

ભગવન્ ! નૈરયિકોને કેટલા કરણ છે ? ચાર. મનકરણ આદિ ચાર. સર્વે પંચેન્દ્રિયોને ચાર કરણ છે. એકેન્દ્રિયોને બે છે – કાયકરણ અને કર્મકરણ. વિકલેન્દ્રિયોને ત્રણ – વચનકરણ, કાયકરણ, કર્મકરણ.

ભગવન્ ! નૈરયિકો કરણથી અશાતા વેદના વેદે કે અકરણથી વેદે ? ગૌતમ ! નૈરયિક કરણથી અશાતા વેદના

વેદે છે, અકરણથી નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! નૈરયિકોને ચાર ભેદે કરણ કહ્યા – મન, વચન, કાય, કર્મ. આ ચારે અશુભ કરણો હોવાથી નૈરયિકો કરણથી અશાતા વેદના વેદે છે, અકરણથી નહીં. તેથી એમ કહ્યું કે નૈરયિક કરણથી અશાતા વેદના વેદે છે.

અસુરકુમારો કરણથી શાતા વેદના વેદે કે અકરણથી ? ગૌતમ ! કરણથી શાતા વેદના વેદે, અકરણથી નહીં.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે અસુરકુમારો કરણથી શાતા વેદના વેદે ? ગૌતમ ! અસુરકુમારને ચાર ભેદે કરણ છે – મનકરણ, વચનકરણ,કાયકરણ અને કર્મકરણ. આ ચારે શુભ કરણથી અસુરકુમારો શાતા વેદના વેદે, અકરણથી નહીં. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું.

પૃથ્વીકાયિક વિશે પ્રશ્ન. હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો કરણ દ્વારા વેદના વેદે છે, પણ અકરણ દ્વારા નહી. વિશેષતા એ કે – શુભાશુભ કરણ હોવાથી પૃથ્વીકાયિકો કરણથી વિમાત્રાએ વેદના વેદે છે. અકરણથી નહીં. ઔદારિક શરીરી બધા જીવો શુભાશુભ કરણથી વિમાત્રાએ ક્યારેક શાતા અને ક્યારેક અશાતા વેદના વેદે છે.

ચારે પ્રકારના દેવો શુભ કરણથી સાતા વેદના વેદે છે.

સૂત્ર–૨૭૫ થી ૨૭૬

**૨૭૫.** ભગવન્ ! જીવો શું ૧. મહાવેદના, મહાનિર્જરાવાળા છે. ૨. મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે. ૩. અલ્પ–વેદના, મહાનિર્જરાવાળા છે. ૪. અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ?

ગૌતમ! ૧. કેટલાક જીવો મહાવેદના, મહાનિર્જરાવાળા છે. ૨. કેટલાક જીવો મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે. ૩. કેટલાક જીવો અલ્પ–વેદના, મહાનિર્જરાવાળા છે. ૪. કેટલાક જીવો અલ્પ વેદના–અલ્પનિર્જરાવાળા છે

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! ૧. પ્રતિમા પ્રાપ્ત સાધુ મહાવેદના–મહાનિર્જરાવાળા છે. ૨. છટ્ઠી–સાતમી નરકના નૈરયિકો મહાવેદના અને અલ્પ નિર્જરાવાળા છે. ૩.શૈલેશી પ્રાપ્ત સાધુ અલ્પવેદના–મહાનિર્જરાવાળા છે. અનુત્તરોપપાતિક દેવો અલ્પવેદના–અલ્પ નિર્જરાવાળા છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**૨૭૬.** એક ગાથા વડે સૂત્રકારશ્રી કહે છે આ ઉદ્દેશામાં– મહાવેદના–મહાનિર્જરા, કર્દમ અને ખંજનમય વસ્ત્ર, એરણ, તૃણનો પૂળો, લોઢાનો ગોળો, કરણ, મહાવેદનાવાળા જીવો. આટલું વર્ણન અહીં છે.

શતક–૬, ઉદ્દેશા–૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૨ 'આહાર'

સૂત્ર–૨૭૭

રાજગૃહનગરમાં ભગવંત મહાવીરે યાવત્ એમ કહ્યું – પન્નવણા સૂત્રમાં ૨૮માં પદમાં કહેલ 'આહાર' ઉદ્દેશો આખો અહીં કહેવો. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

શતક–૬, ઉદ્દેશા–૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૩ 'મહાશ્રવ'

સૂત્ર–૨૭૮, ૨૭૯

**૨૭૮.** બહુકર્મ અને અલ્પકર્મને, વસ્ત્ર અને પુદ્ગલના દષ્ટાંતથી કહ્યું છે. પ્રયોગ અને વીસ્રસા તથા આદિ–અનાદિ વિકલ્પે , વસ્ત્ર અને પુદ્ગલ વર્ણન છે. કર્મસ્થિતિ, સ્ત્રી, સંયત, સમ્યગ્દષ્ટિ, સંજ્ઞીનું વર્ણન છે.

**૨૭૯.**ભવ્ય, દર્શન, પર્યાપ્ત, ભાષક, પરિત્ત, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહારક, સૂક્ષ્મ, ચરમ, બંધ અને અલ્પબહુત્વ દ્વારોનું કથન છે.

સૂત્ર–૨૮૦

ભગવન્ ! જે જીવ મહાકર્મ–મહાક્રિયા–મહાશ્રવ–મહાવેદનાથી યુક્ત હોય છે તે શું સર્વ દિશાઓથી કર્મ પુદ્‌ગલોનો–બંધ કરે છે ? ચય કરે છે ? ઉપચય કરે છે ? શું નિરંતર કર્મ પુદ્‌ગલોનો બંધ, ચય કે ઉપચય કરે છે ? તેનો આત્મા, શું હંમેશા દુરૂપ–દુવર્ણ–દુર્ગંધ–દુરસ–દુસ્પર્શપણે, સંપૂર્ણતયા અનિષ્ટપણે, અકાંતપણે, અમનોજ્ઞપણે, અમનામપણે, અનીપ્સિતપણે, અભિધ્યિતપણે, અધોપણે પણ ઉર્ધ્વપણે નહીં, દુ:ખપણે પણ સુખપણે નહીં એ રીએ કર્મ પુદ્ગલોને વારંવાર પરિણમે છે ?

હા, ગૌતમ ! તેમ જ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

હે ગૌતમ ! જેમ કોઈ નવું, ઉપયોગમાં ન આવેલું, ધોયેલું, તંતુગત વસ્ત્ર હોય, તે વસ્ત્રને અનુક્રમે વાપરતા તે વસ્ત્ર મલિન થતું જાય છે, બધી દિશાઓમાંથી પુદ્‌ગલો તેને ચોંટે છે, ચય થાયછે યાવત્ અનિષ્ટરૂપે પરિણમે છે, હે ગૌતમ ! તે રીતે જ મહાકર્મ આદિથી યુક્ત જીવના વિષયમાં પૂર્વોક્ત કથન કરેલ છે.

ભગવન્! અલ્પાશ્રવ–અલ્પકર્મ–અલ્પક્રિય–અલ્પ વેદનાવાળાને જીવના કર્મ પુદ્‌ગલો શું સર્વ દિશાઓમાંથી ભેદાય–છેદાય–વિધ્વંસ–પરિવિધ્વંસ પામે ? હંમેશા નિરંતર શું તેના કર્મ પુદ્‌ગલો ભેદાય–છેદાય–વિધ્વંસ–પરિવિધ્વંસ પામે ? શું હંમેશા તેનો આત્મા(શરીર) સદા સમિત સુરૂપપણે, પ્રશસ્ત જાણવું યાવત્ પ્રશસ્ત ભાવે સુખપણે પણ દુ:ખપણે નહીં, વારંવાર પરિણમે ?

હા, ગૌતમ ! યાવત્ પરિણમે. ભગવન્ ! એમ શામાટે કહ્યું ?

ગૌતમ ! જેમ કોઈ વસ્ત્ર પરસેવા, કાદવ, મેલ અને રજયુક્ત હોય, તે વસ્ત્રને અનુક્રમે સાફ કરતા, શુદ્ધ પાણીથી ધોતા તેના બધા મલીન પુદ્‌ગલો ભેદાય યાવત્ પરિણામ પામે છે, તે રીતે, અલ્પકારમી જીવના કર્મ પુદ્ગલો પણ ક્રમશ: છિન્ન, ભિન્ન અને નાશ પામે છે, યાવત્ સુખ રૂપે પરિણામે છે, માટે હે ગૌતમ ! આમ કહ્યું છે.

### સૂત્ર–૨૮૧

ભગવન્ ! વસ્ત્રમાં જે પુદ્‌ગલોનો ઉપચય થાય તે પ્રયોગથી કે સ્વાભાવિક થાય ? ગૌતમ ! બંને રીતે.

ભગવન્ ! જેમ વસ્ત્રને બંને રીતે ઉપચય થાય, તેમ જીવને કર્મનો ઉપચય પ્રયોગથી થાય કે સ્વાભાવિક?

ગૌતમ ! જીવોને કર્મ પુદ્ગલોનો ઉપચય પ્રયોગ(પુરુષના પ્રયત્નો)થી જ થાય, સ્વાભાવિક ન થાય .

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવોને ત્રણ પ્રકારે પ્રયોગ કહ્યા છે – મનપ્રયોગ, વચનપ્રયોગ, કાયપ્રયોગ. આ ત્રણે પ્રયોગથી જીવોને કર્મનો ઉપચય થાય છે, સ્વાભાવિક રીતે ન થાય.

આ પ્રમાણે બધા પંચેન્દ્રિયોને ત્રણ પ્રકારે પ્રયોગ કહેવો. પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક સુધી માત્ર એક કાયપ્રયોગ કહેવો. વિકલેન્દ્રિયને બે પ્રયોગ હોય – વચન અને કાય. આ બે પ્રયોગથી કર્મપુદ્ગલનો ઉપચય કરે છે, સ્વાભાવિક નહીં. તેથી કહ્યું કે હે ગૌતમ ! સર્વે જીવોને કર્મોપચય પ્રયોગથી થાય, સ્વાભાવિક નહીં. એ રીતે જેને જે પ્રયોગ હોય તે યાવત્ વૈમાનિક સુધી કહેવો.

### સૂત્ર–૨૮૨

ભગવન્ ! વસ્ત્રને જે પુદ્‌ગલનો ઉપચય થયો તે શું ૧. સાદિ સાંત છે, ૨. સાદિ અનંત છે, ૩. અનાદિ સાંત છે કે, ૪. અનાદિ અનંત છે? ગૌતમ ! વસ્ત્રમાં જે પુદ્ગલોનો ઉપચય થાય તે સાદિ સાંત છે. અન્ય ત્રણ ભંગ નથી.

ભગવન્ ! જેમ વસ્ત્રનો પુદ્‌ગલોપચય સાદિ સાંત છે, પણ અન્ય ત્રણ ભંગે નથી, તેમ જીવોનો કર્મોપચય સાદિ સાંત છે, કે યાવત્ અનાદિ અનંત છે ?

ગૌતમ ! કેટલાક જીવોનો કર્મોપચય સાદિ સાંત છે. કેટલાકનો અનાદિ–સાંત છે, કેટલાકનો અનાદિ અનંત છે, પણ કોઈ જીવનો કર્મોપચય સાદિ અનંત નથી – ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગૌતમ ! ઐર્યાપથિક બંધકનો કર્મોપચય સાદિ સાંત છે. ભવસિદ્ધિક જીવોનો કર્મોપચય અનાદિ સાંત છે, અભવસિદ્ધિક જીવોનો અનાદિ અનંત છે. તેથી હે ગૌતમ ! ઉપર મુજબ કહ્યું છે.

ભગવન્ ! શું વસ્ત્ર સાદિ સાંત છે ? ઈત્યાદિ ચઉભંગી કહેવી.

ગૌતમ ! વસ્ત્ર સાદિ સાંત છે. બીજા ત્રણ ભંગનો વસ્ત્રમાં નિષેધ કરવો જોઈએ.

ભગવન્ ! જેમ વસ્ત્ર સાદિ સાંત છે, બીજા ત્રણ ભંગે નથી, તેમ જીવ સાદિ સાંત છે? આદિ ચતુર્ભંગીનો પ્રશ્ન.

ગૌતમ ! ૧. કેટલાક જીવો સાદિ સાંત છે. ૨. કેટલાક જીવો સાદિ અનંત છે. ૩. કેટલાક જીવો અનાદિ–સાંત છે, ૪. કેટલાક જીવો અનાદિ અનંત છે,

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકાદિ બધા જીવો ૧. ગતિ, આગતિને આશ્રીને સાદિ સાંત છે,૨. સિદ્ધિગતિને આશ્રીને સાદિ અનંત છે, ૩. ભવસિદ્ધિક જીવલબ્ધિની અપેક્ષાએ અનાદિ સાંત છે. ૪. અભવસિદ્ધિક જીવ સંસાર–ભ્રમણની અપેક્ષાએ અનાદિ અનંત છે. તેથી ઉપર મુજબ કહ્યું છે..

સૂત્ર–૨૮૩

ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ છે. તે આ – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, નામ, ગોત્ર, વેદનીય અને આયુ.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની બંધસ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ, ૩૦૦૦ વર્ષ અબાધાકાળ, અબાધાકાળ પછીની જે કર્મસ્થિતિછે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે. એ જ રીતે દર્શનાવરણીયની કર્મની બંધસ્થિતિ જાણવી.

વેદનીયકર્મની બંધસ્થિતિ જઘન્યથી બે સમય, ઉત્કૃષ્ટથી જ્ઞાનાવરણીયકર્મ સમાન છે.

મોહનીય કર્મની બંધસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ છે. ૭૦૦૦ વર્ષ અબાધાકાળ છે. પછીની જે કર્મસ્થિતિછે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે.

આયુકર્મની બંધસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટિના ત્રીજા ભાગથી અધિક ૩૩–સાગરોપમ છે. પછીની જે કર્મસ્થિતિછે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે.

નામ અને ગોત્રકર્મની બંધસ્થિતિ જઘન્યથી આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૦ કોડાકોડી સાગરોપમ છે, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ છે. પછીની જે કર્મસ્થિતિછે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે.

અંતરાયકર્મને જ્ઞાનાવરણીય કર્મની માફક જાણવું.

સૂત્ર–૨૮૪

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ સ્ત્રી બાંધે કે પુરુષ કે નપુંસક ? અથવા નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક બાંધે ?

ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ, સ્ત્રી પણ બાંધે, પુરુષ પણ બાંધે, નપુંસક પણ બાંધે પરંતુ નોસ્ત્રી, નોપુરુષ નોનપુંસક કદાચ બાંધે અને કદાચ ન બાંધે. એ પ્રમાણે આયુકર્મ સિવાયની સાતે કર્મપ્રકૃતિ જાણવી.

*ભગવન્ ! આયુકર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે કે નપુંસક બાંધે ? ગૌતમ ! આયુષ્ય કર્મ સ્ત્રી કદાચિતબાંધે, કદાચિત ન બાંધે. પુરુષ કદાચિતબાંધે, કદાચિત ન બાંધે. નપુંસક કદાચિત બાંધે, કદાચિત ન બાંધે. પણ નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક આયુકર્મ ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંયત બાંધે, અસંયત બાંધે, સંયતાસંયત બાંધે કે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત બાંધે ? ગૌતમ ! સંયત કદાચિત બાંધે કે ન બાંધે. અસંયત નિયમા બાંધે. સંયતાસંયત નિયમાબાંધે. પણ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત ન જ બાંધે.

એ રીતે આયુ સિવાયની સાતે કર્મપ્રકૃતિમાં જાણવું. આયુ કર્મમાં સંયત, અસંયત, સંયતાસંયત ત્રણેને ભજના નોસંયત નોઅસંયત નોસંયતાસંયત ન બાંધે.

*ભગવન્! જ્ઞાનાવરણીયકર્મ, સમ્યગ્દૃષ્ટિજીવ બાંધે, મિથ્યાદષ્ટિજીવ બાંધે કે સમ્યગ્મિથ્યાદષ્ટિજીવ બાંધે ?

ગૌતમ ! જ્ઞાનાવરણીયકર્મ સમ્યગ્દૃષ્ટિ જીવ કદાચ બાંધે કે ન બાંધે. મિથ્યાદષ્ટિજીવ અને સમ્યગ્મિથ્યા–

દૃષ્ટિજીવ નિયમા બાંધે. એ રીતે આયુ સિવાય સાતે કર્મપ્રકૃતિમાં જાણવું. આયુકર્મમાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવને ભજના. પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંજ્ઞીજીવ બાંધે, અસંજ્ઞીજીવ બાંધે કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞીજીવ બાંધે ?

ગૌતમ !જ્ઞાનાવરણીયકર્મ, સંજ્ઞીજીવ કદાચિત બાંધે, કદાચિ ન બાંધે. અસંજ્ઞીજીવ નિયમા બાંધે. નોસંજ્ઞી–નોઅસંજ્ઞીજીવ ન બાંધે. આ રીતે વેદનીય અને આયુષ્યને છોડીને બાકીની છ કર્મપ્રકૃતીઓમાં જાણવું.

વેદનીયકર્મ સંજ્ઞી, અસંજ્ઞીજીવ નિયમા બાંધે, નોસંજ્ઞી–નોઅસંજ્ઞીજીવ કદાચિત બાંધે, કદાચિત ન બાંધે.

આયુકર્મ સંજ્ઞી અને અસંજ્ઞીજીવ ભજનાએ બાંધે. નોસંજ્ઞી–નોઅસંજ્ઞીજીવ ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ભવસિદ્ધિક બાંધે, અભવસિદ્ધિક બાંધે કે નો ભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક બાંધે ? ગૌતમ !જ્ઞાનાવરણીયકર્મ ભવસિદ્ધિક ભજનાએ બાંધે, અભવસિદ્ધિક નિયમા બાંધે અને નો ભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો ન બાંધે. આ જ પ્રમાણે આયુકર્મને છોડીને સાતે કર્મપ્રકૃતિમાં કહેવું.

આયુકર્મ ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક ભજનાએ બાંધે પણ સિદ્ધજીવો બાંધતા નથી.

* ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ચક્ષુદર્શની બાંધે, અચક્ષુદર્શની બાંધે, અવધિદર્શની બાંધે કે કેવલદર્શની બાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ, ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની ભજનાએ બાંધે પણ કેવલદર્શની ન બાંધે. આ પ્રમાણે વેદનીયને છોડીને સાતે કર્મપ્રકૃતિઓમા સમજવું. વેદનીય કર્મને ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની નિયમા બાંધે પણ કેવલદર્શની ભજનાએ બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું પર્યાપ્તો બાંધે, અપર્યાપ્તો બાંધે કે નોપર્યાપ્ત–નોઅપર્યાપ્તા બાંધે ?

ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ પર્યાપ્તા ભજનાએ બાંધે, અપર્યાપ્તો નિયમા બાંધે, નોપર્યાપ્તો–નોઅપર્યાપ્તો ન બાંધે. એ રીતે આયુ વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ જાણવી. આયકર્મ, પહેલા બે ભજનાએ બાંધે, સિદ્ધો ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ભાષક બાંધે કે અભાષક બાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ ભાષક અને અભાષક જીવ ભજનાએ બાંધે. એ રીતે વેદનીય વર્જીને સાતે કર્મપ્રકૃતિમાં કહેવું. વેદનીયકર્મ, ભાષક નિયમા બાંધે, અભાષક જીવ ભજનાએ બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ શું પરિત્ત બાંધે, અપરિત્ત બાંધે કે નોપરિત્તનો અપરિત્ત જીવબાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીયકર્મ પરિત્તજીવ ભજનાએ બાંધે, અપરિત્ત નિયમા બાંધે, નોપરિત્ત નોઅપરિત્ત ન બાંધે. એ રીતે આયુને વર્જીને સાતે કર્મપ્રકૃતિ જાણવી. આયુકર્મમાં પહેલા બે ને ભજના, ત્રીજા ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું મતિજ્ઞાની બાંધે કે યાવત્ કેવલજ્ઞાનીમાં બાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મને મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવજ્ઞાની ભજનાએ બાંધે. કેવલજ્ઞાની ન બાંધે. એ રીતે વેદનીય વર્જીને સાતે પ્રકૃતિ જાણવી. પહેલા ચાર નિયમા વેદનીયકર્મ બાંધે, પાંચમાને ભજના.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ, મતિ અજ્ઞાની બાંધે, શ્રુત અજ્ઞાની બાંધે કે વિભંગજ્ઞાની બાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ એ ત્રણે બાંધે. આયુકર્મ વર્જીને સાતે પ્રકૃતિમાં એમ જાણવું. આયુકર્મમાં ભજના.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ, શું મનોયોગી બાંધે, વચનયોગી બાંધે, કાયયોગી બાંધે કે અયોગી બાંધે? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મબંધમાં પહેલા ત્રણને ભજના, અયોગી ન બાંધે. એ રીતે વેદનીય વર્જીને સાતે પ્રકુતિઓમાં કહેવું. વેદનીય પહેલા ત્રણ બાંધે પણ અયોગી ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સાકારોપયુક્ત બાંધે કે અનાકારોપયુક્ત બાંધે ? ગૌતમ ! બંને પ્રકારના જીવો આઠે કર્મ ભજનાએ બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું આહારક જીવ બાંધે કે અણાહારક જીવ બાંધે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ બંને પ્રકારના જીવો ભજનાએ બાંધે. વેદનીય અને આયુકર્મને છોડીને છ કર્મ પ્રકૃતિ માટે તેમજ જાણવું. વેદનીય કર્મ

આહારક જીવ નિયમા બાંધે, અનાહારાકને ભજના. આયુકર્મ આહારક જીવ ભજનાએ બાંધે. અનાહારક જીવ ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સૂક્ષ્મ જીવ બાંધે, બાદર જીવ બાંધે કે નોસૂક્ષ્મ નોબાદર જીવ બાંધે ? ગૌતમ ! સૂક્ષ્મજીવ નિયમા બાંધે, બાદરજીવ ભજનાએ બાંધે, નોસૂક્ષ્મ નોબાદર જીવ ન બાંધે. એ રીતે આયુ વર્જીને સાતે કર્મપ્રકૃતિમાં સમજવું. આયુકર્મ સૂક્ષ્મ અને બાદરને ભજનાએ બાંધે,, નોસૂક્ષ્મ–નોબાદર જીવ ન બાંધે.

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ચરિમજીવ બાંધે કે અચરિમ જીવ બાંધે ? ગૌતમ ! બંને પ્રકારના જીવો આઠે કર્મ પ્રકૃતિઓને કદાચિત બાંધે, કદાચિત ન બાંધે.

સૂત્ર–૨૮૫

ભગવન્ ! સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, અવેદક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ અધિક છે ? ગૌતમ ! સૌથી થોડા પુરુષવેદકો છે, સ્ત્રીવેદક સંખ્યાતગુણા છે, અવેદક તેનાથી અનંતગણા, નપુંસક વેદક તેનાથી અનંતગણા છે.

એ બધા પદોનું અલ્પબહુત્વ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર કહેવું. યાવત્ સૌથી થોડા અચરિમ છે, ચરિમ તેનાથી અનંતગણા છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૬, ઉદ્દેશા–૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૪ 'સપ્રદેશક'

સૂત્ર–૨૮૬ / ૨૮૭

૨૮૬. ભગવન્ ! શું જીવ કાલાદેશથી સપ્રદેશ કે અપ્રદેશ ? ગૌતમ ! કાલાદેશથી નિયમા સપ્રદેશ છે.

ભગવન્ ! શું નૈરયિક, કાલાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ? ગૌતમ ! નૈરયિક, કાલાદેશથી કદાચ સપ્રદેશ છે. કદાચ અપ્રદેશ છે. એ જ રીતે સિદ્ધ જીવ પર્યન્ત કહેવું જોઈએ.

ભગવન્ ! અનેક જીવો કાલાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ ? ગૌતમ ! અનેક જીવો નિયમા સપ્રદેશ છે

ભગવન્ ! અનેક નૈરયિકો કાલાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ ? ગૌતમ ! કાલાદેશથી કોઈ સમયે ૧. સર્વે નૈરયિકો સપ્રદેશ હોય. ૨. ઘણા સપ્રદેશ અને એક અપ્રદેશ હોય. ૩. ઘણા સપ્રદેશ, અને ઘણા અપ્રદેશ હોય. એમ સ્તનિતકુમાર સુધી જાણવુ.

ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો સપ્રદેશ છે કે અપ્રદેશ ? ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો સપ્રદેશ પણ હોય, અપ્રદેશ પણ હોય. એ રીતે વનસ્પતિકાયિક સુધી જાણવું. બાકીના નૈરયિકો માફક જાણવા યાવત્ સિદ્ધ સુધી કહેવું.

જીવ અને એકેન્દ્રિયો સિવાય બાકીના સર્વ આહારક જીવોમાં ત્રણ ભંગ પૂર્વવત કહેવા જોઈએ. જીવ, અને એકેન્દ્રિયો સિવાય અનાહારક માટે છ ભંગ કહેવા – ૧. સર્વ સપ્રદેશ, ૨. સર્વ અપ્રદેશ, ૩.એક સપ્રદેશ, એક અપ્રદેશ, ૪. એક સપ્રદેશ, ઘણા અપ્રદેશ, ૫. ઘણા સપ્રદેશ, એક અપ્રદેશ, ૬. ઘણા સપ્રદેશ, ઘણા અપ્રદેશ.

સિદ્ધો માટે ત્રણ ભંગ પૂર્વવત કહેવા.

ભવસિદ્ધિક, અભવસિદ્ધિક સામાન્ય જીવો જેવા જાણવા. નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક – સિદ્ધોમાં ત્રણ ભંગ જાણવા. સંજ્ઞીજીવોમાં જીવાદિકમાં ત્રણ ભંગ, અસંજ્ઞીજીવોમાં એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ.એકેન્દ્રિયમાં અભંગ. નૈરયિક, દેવ, મનુષ્યમાં છ ભંગ. નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભંગ કહેવા.

લેશ્યાવાળા જીવોનું કથન સામાન્ય જીવની માફક કરવું જોઈએ. આહારક જીવો માફક કૃષ્ણ–નીલ–કાપોતલેશ્યાવાળા જાણવા. પરંતુ વિશેષ એ કે જેને જે લેશ્યા હોય તે કહેવી જોઈએ.

તેજોલેશ્યામાં જીવાદિ ત્રણ ભંગ કહેવા. વિશેષ એ કે પૃથ્વી–અપ્–વનસ્પતિકાય જીવોમાં છ ભંગ છે. પદ્મ–શુક્લ લેશ્યામાં જીવાદિમાં ઔઘિક ત્રણ ભંગ છે. અલેશીમાં–જીવ અને સિદ્ધોમાં ત્રણ ભંગ છે. અલેશી મનુષ્યોમાં છ

ભંગ કહેવા.

સમ્યગ્દૃષ્ટિ જીવાદિકમાં ત્રણ ભંગ છે. સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિયોમાં છ ભંગ છે. મિથ્યાદષ્ટિમાં એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ છે. સમ્યગ્મિથ્યાદષ્ટિમાં છ ભંગ છે.

સંયત જીવાદિક્માં ત્રણ ભંગ છે. અસંયતમાં એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ છે. સંયતાસંયત જીવાદિકમાં ત્રણ ભંગ છે. નોસંયત નોઅસંયત નોસંયતાસંયત–જીવ અને સિદ્ધોમાં ત્રણ ભંગ કહ્યા છે.

સકષાયી જીવાદિકમાં ત્રણ ભંગ છે. એકેન્દ્રિયો સકષાયીમાં અભંગક કહ્યા છે. ક્રોધકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. દેવોમાં છ ભંગ. માન અને માયાકષાયીમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. નૈરયિક, દેવોમાં છ ભંગ. લોભકષાયીમાં જીવ, એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ. નૈરયિકોમાં છ ભંગ. અકષાયીજીવોમાં જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભંગ.

ઔધિક જ્ઞાનમાં, મતિ અને શ્રુતજ્ઞાનીજીવોમાં જીવાદિકમાં ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં છ ભંગ. અવધિ–મનઃપર્યવ–કેવલજ્ઞાની જીવોમાં જીવાદિ ત્રણ ભંગ. ઔધિક અજ્ઞાન, મતિ–શ્રુતઅજ્ઞાનમાં એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ, વિભંગ જ્ઞાનમાં જીવાદિક ત્રણ ભંગ હોય છે.

સયોગી જીવોને ઔધિક જીવવત્ જાણવા. મન–વચન–કાય યોગીમાં જીવાદિ પદોમાં ત્રણ ભંગ છે, વિશેષ એ કે એકેન્દ્રિયો કાયયોગી છે, તે અભંગક છે. અયોગી જીવોને, અલેશી જીવ સમાન જાણવા.

સાકાર–અનાકાર ઉપયોગવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ કહ્યા,

સવેદક જીવોને સકષાયી જીવો સમાન જાણવા. સ્ત્રી–પુરુષ–નપુંસક વેદક જીવાદિ પદોમાં ત્રણ ભંગ છે, વિશેષ એ કે નપુંસકવેદમાં એકેન્દ્રિયો અભંગક છે. અવેદકને અકષાયીવત્ જાણવા.

સશરીરી જીવોને ઔધિક જીવ સમાન જાણવા. ઔદારિક અને વૈક્રિયશરીરી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ કહેવા. આહારક શરીરી જીવોમાં જીવ અને મનુષ્યમાં છ ભંગ કહેવા. તૈજસ અને કાર્મણ શરીરી જીવોનું કથન ઔધિક જીવ સમાન જાણવું. અશરીરી, જીવ અને સિદ્ધ માટે ત્રણ ભંગ કહેવા.

આહારપર્યાપ્તિ–શરીરપર્યાપ્તિ–ઇન્દ્રિયપર્યાપ્તિ અને આનપ્રાણપર્યાપ્તિવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ જાણવા. ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિવાળા જીવોને સંજ્ઞીજીવો સમાન જાણવા.

આહારક પર્યાપ્તિરહિત જીવોને અનાહારક જીવો સમાન જાણવા. શરીર–ઇન્દ્રિય–આનપ્રાણ પર્યાપ્તિવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ છે. નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભંગ છે. ભાષા અને મન અપર્યાપ્તિવાળા જીવોમાં જીવાદિક પદોમાં ત્રણ ભંગ છે. નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા જાણવા.

**૨૮૭.** ઉપર ૧૪ દ્વારોનું કથન અહી એક ગાથામાં કરેલ છે– સપ્રદેશી જીવાદિ, આહારક, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ.

## સૂત્ર–૨૮૮ થી ૨૯૦

**૨૮૮.** ભગવન્ ! જીવો પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે કે પ્રત્યાખ્યાન–અપ્રત્યાખ્યાની છે ? ગૌતમ ! જીવો પ્રત્યાખ્યાની પણ હોય, અપ્રત્યાખ્યાની પણ હોય અને પ્રત્યાખ્યાન–અપ્રત્યાખ્યાની પણ હોય –

સર્વજીવો માટે પૃચ્છા–ગૌતમ! નૈરયિકો અપ્રત્યાખ્યાની છે, એમ ચતુરિન્દ્રિય સુધીના જીવો અપ્રત્યાખ્યાની . જાણવા. તે જીવોમાં પ્રત્યાખ્યાની અને પ્ર્ત્યાખ્યાનાપ્રત્યાખ્યાનીનો નિષેધ કરવો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પ્રત્યાખ્યાની નથી પણ બીજા બે ભંગ હોય. મનુષ્યોને ત્રણે ભંગ હોય. બાકીના જીવો નૈરયિક સમાન કહેવા.

ભગવન્ ! જીવો પ્રત્યાખ્યાનને જાણે? અપ્રત્યાખ્યાનને જાણે? પ્રત્યાખ્યાના–પ્રત્યાખ્યાનને જાણે? ગૌતમ ! પંચેન્દ્રિયો ત્રણેને જાણે. બાકીના પચ્ચક્ખાણાદિ ત્રણેને ન જાણે.

ભગવન્ ! જીવો શું પ્રત્યાખ્યાન કરે ? અપ્રત્યાખ્યાન કરે ? પ્રત્યાખ્યાના–પ્રત્યાખ્યાન કરે ? ગૌતમ !ઔધિક

પ્રમાણે પ્રત્યાખ્યાનના વિષયમાં જાણવું.

ભગવન્ ! જીવો પ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુવાળા છે ? અપ્રત્યાખ્યાન નિર્વર્તિત આયુવાળા છે ? કે પ્રત્યાખ્યાના–પ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુવાળા છે ? ગૌતમ ! જીવો અને વૈમાનિકો પ્રત્યાખ્યાન નિર્વર્તિત આદિ ત્રણે આયુવાળા છે, બાકી સર્વે જીવો અપ્રત્યાખ્યાન નિર્વર્તિતાયુવાળા છે.

૨૮૯. અહી એક ગાથા દ્વારા પૂર્વ વર્ણિત ચાર આલાપકોનું કથન કરેલ છે, તે આ–

૧.પ્રત્યાખ્યાન. ૨. પ્રત્યાખ્યાન આદિને જાણે, ૩. પ્રત્યાખ્યાન આદિ કરવા. ૪. ત્રણે દ્વારા આયુષ્યની નિર્વૃત્તિ, સપ્રદેશ ઉદ્દેશામાં આ ચાર દંડકો છે –

૨૯૦. ભગવન્ ! આપ કહો છો તે એમ જ છે, એમ જ છે.

## શતક–૬, ઉદ્દેશા–૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૫ 'તમસ્કાય'

### સૂત્ર–૨૯૧

ભગવન્ ! આ તમસ્કાય શું છે ? શું પૃથ્વી કે પ્રાણી તમસ્કાય કહેવાય ? ગૌતમ ! પૃથ્વી તમસ્કાય ન કહેવાય, પણ પાણી 'તમસ્કાય' કહેવાય. ભગવન્ ! એમ શામાટે કહ્યું ? ગૌતમ ! કેટલોક પૃથ્વીકાય શુભ છે, તે અમુક ક્ષેત્રને પ્રકાશિત કરે છે, કેટલોક પૃથ્વીકાય એવો છે કે જે ક્ષેત્રના એક ભાગને પ્રકાશિત નથી કરતો, તેથી એમ કહ્યું.

ભગવન્ ! તમસ્કાયના આદિ અને અંત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપની બહાર તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્ર પછી અરુણવર દ્વીપની બાહ્ય વેદિકાનાં અંતથી અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી જળની ઉપરની સપાટીથી સમાન પ્રદેશ શ્રેણીએ આ તમસ્કાય ઉત્પન્ન થઈ, ૧૭૨૧ યોજન ઊંચો જઈ, ત્યાંથી તિર્છો વિસ્તાર પામતો સૌધર્માદિ ચાર કલ્પોને આચ્છાદિત કરીને ઊંચે પાંચમાં બ્રહ્મલોક કલ્પે રિષ્ટ વિમાનના પ્રસ્તટ સુધી વ્યાપ્ત થાય છે, ત્યાં જ તે તમસ્કાયનો અંત થાય છે.

ભગવન્ ! તમસ્કાય કેવા આકારે છે ? ગૌતમ ! નીચે કોડીયા આકારે, ઉપર કૂકડાના પાંજરાના આકારે સંસ્થિત છે.

ભગવન્ ! તમસ્કાયનો વિષ્કંભ(વિસ્તાર) અને પરિક્ષેપ(ઘેરાવો) કેટલો છે ? ગૌતમ ! તમસ્કાય બે ભેદે – સંખ્યાત વિસ્તૃત, અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે સંખ્યાતવિસ્તૃત છે તે વિસ્તારથી સંખ્યાત હજાર યોજન છે અને, પરિક્ષેપ(ઘેરાવા)થી અસંખ્યાત હજાર યોજન છે. અને અસંખ્યાત હજારવિસ્તૃત છે, તે બંનેથી અસંખ્યાત યોજન છે.

ભગવન્ ! તમસ્કાય કેટલો મોટો છે ? ગૌતમ ! સર્વદ્વીપ–સમુદ્રોની મધ્યે–સર્વાભ્યંતર જંબૂદ્વીપ નામે દ્વીપ યાવત્ પરિક્ષેપ વડે લાખ યોજન લાંબો–પહોળો કહ્યો છે તેની પરિધિ સાધિક ત્રણ ગણી છે.

કોઈ મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ દેવ 'આ ચાલ્યો' એમ કરીને ત્રણ ચપટી વગાડતા ૨૧–વાર તે સંપૂર્ણ જંબૂદ્વીપને ફરીને શીઘ્ર આવે, તે દેવ, તેની ઉત્કૃષ્ટ અને ત્વરાવાળી યાવત્ દેવગતિ વડે જતો જતો યાવત્ એક, બે કે ત્રણ દિન ચાલે, ઉત્કૃષ્ટ છ માસ ચાલે, તો કોઈ તમસ્કાય સુધી પહોંચે અને કોઈ તમસ્કાય સુધી ન પહોંચે, હે ગૌતમ ! તમસ્કાય એટલો મોટો છે.

ભગવન્ ! તમસ્કાયમાં ઘર કે દુકાન છે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. ભગવન્ ! તમસ્કાયમાં ગામ યાવત્ સંનિવેશ છે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી.

ભગવન્ ! તમસ્કાયમાં ઉદાર મેઘ સંસ્વેદે, સંમૂર્છે કે સંવર્ષે છે ? હા, ગૌતમ ! હા, તેમ થાય છે.. ભગવન્ ! શું તે વરસાદ વગેરેને શું દેવ કે અસુર કે નાગકુમાર કરે છે ? હા, ગૌતમ ! તેને દેવ પણ કરે, અસુર પણ કરે કે નાગકુમાર પણ કરે છે.

ભગવન્ ! તમસ્કાયમાં બાદર સ્તનિત (વિશાળ મેઘગર્જન) શબ્દ કે બાદર વિજળી થાય છે ? હા, ગૌતમ !તે તમસ્કાયમાં વિશાળ ગાજ–વીજ થાય છે. ભગવન્ ! શું તેને દેવ–અસુર–નાગ કરે છે? હા, ગૌતમ ત્રણે પણ કરે છે.

ભગવન્ ! શું તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય કે અગ્નિકાય છે? ના,ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી, પણ વિગ્રહગતિ સમાપન્ન બાદર પૃથ્વી અને બાદર અગ્નિ હોઈ શકે છે

ભગવન્ ! શું તમસ્કાયમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારા છે ? તે અર્થ યોગ્ય નથી, પરંતુ તમસ્કાયની આસપાસમાં ચંદ્ર આદિ બધા હોય છે. ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્રપ્રભા કે સૂર્યપ્રભા છે ? તે અર્થ યોગ્ય નથી. પણ ચંદ્ર આદિની પ્રભા તેમાં જાય છે, તે તેના અંધકારમાં દૂષિત કે નિષ્પ્રભ થઇ જાય છે.

ભગવન્ ! તમસ્કાયનો વર્ણ કેવો છે ? ગૌતમ ! કાળો, કાળી કાંતિવાળો, ભારે રૂંવાટી ઉભી કરી દે તેવો, ભયંકર, ઉત્રાસજનક, પરમકૃષ્ણ વર્ણનો કહ્યો છે. કેટલાક દેવ પણ તેને જોઈને ક્ષોભ પામે છે. કદાચ કોઈ તેમાં પ્રવેશે, તો પછી શીઘ્ર, ત્વરિત, જલદી તેને ઉલ્લંઘી જાય છે.

ભગવન્ ! તમસ્કાયના કેટલા નામ છે ? ગૌતમ ! ૧૩, તે આ – તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર, લોકાંધકાર, લોકતમિસ્ર, દેવાંધકાર, દેવતમિસ્ર, દેવારણ્ય, દેવવ્યૂહ, દેવપરિઘ, દેવપ્રતિક્ષોભ, અરુણોદસમુદ્ર.

ભગવન્ ! તમસ્કાય, પૃથ્વી–પાણી–જીવ કે પુદ્‌ગલ પરિણામરૂપ છે ? ગૌતમ ! તે પૃથ્વી પરિણામરૂપ નથી. પાણી–જીવ–પુદ્‌ગલ ત્રણે પરિણામરૂપ છે.

ભગવન્ ! તમસ્કાયમાં સર્વે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એ પૃથ્વીકાયિકપણે યાવત્ ત્રસકાયિકપણે પૂર્વે ઉપજ્યા છે ? હા, ગૌતમ ! અનેક વાર કે અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે. પણ બાદર–પૃથ્વીકાયિકપણે અથવા બાદર અગ્નિકાયિકપણે ઉત્પન્ન થયા નથી.

## સૂત્ર–૨૯૨ થી ૨૯૪

**૨૯૨.** ભગવન્ ! કૃષ્ણરાજિ કેટલી છે ? ગૌતમ ! આઠ.

ભગવન્ ! તે! કૃષ્ણરાજિ ક્યાં છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર, બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાન પ્રસ્તટની નીચે છે. અખાડાની માફક સમચતુરસ્ર આકારે રહેલ આઠ કૃષ્ણરાજિ છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તરમાં બબ્બે છે. પૂર્વાભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણ બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે. દક્ષિણાભ્યંતર, પશ્ચિમ બાહ્યને સ્પર્શેલી છે. પશ્ચિમાભ્યંતર, ઉત્તર બાહ્યને સ્પર્શેલી છે. ઉત્તરાભ્યંતર, પૂર્વબાહ્યને સ્પર્શેલી છે.

પૂર્વ–પશ્ચિમની બે બાહ્ય કૃષ્ણરાજિ છ ખૂણી છે. ઉત્તર–દક્ષિણની બાહ્ય બે કૃષ્ણરાજિ ત્રિકોણ છે. પૂર્વ–પશ્ચિમની બે અભ્યંતર, તે ચોરસ છે. ઉત્તર–દક્ષિણની બે અભ્યંતર કૃષ્ણરાજિઓ ચોરસ છે.

**૨૯૩.** એક ગાથા દ્વારા ઉપરોક્ત વાતને કહે છે– પૂર્વ–પશ્ચિમની છ ખૂણી, દક્ષિણ–ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિ ત્રિખૂણી, બીજી બધી અભ્યંતર કૃષ્ણરાજિ ચોરસ છે.

૨૯૪. ભગવન્ ! કૃષ્ણરાજિઓની લંબાઈ, પહોળાઈ, પરિધિથી કેવડી છે ? ગૌતમ ! કૃષ્ણરાજિઓની લંબાઈ અસંખ્યાત હજાર યોજન છે. પહોળાઈ સંખ્યાત હજાર યોજન છે,પરિધિ અસંખ્યાત હજાર યોજન છે

ભગવન્ ! કૃષ્ણરાજિ કેટલી મોટી છે ? ગૌતમ ! ત્રણ ચપટી વગાડે એટલા સમયમાં કોઈ દેવ જમ્બૂદ્વીપને ૨૧ વખત પરિકમ્મા કરીને આવે, તેવી શીઘ્ર દિવ્યગતિથી દેવ લગાતાર એક–બે દિવસ યાવત્ અર્ધમાસ ચાલે, ત્યારે ક્યાંક કૃષ્ણરાજિને પાર કરી શકે છે, ક્યાંક કૃષ્ણરાજિને પાર કરી શકતા નથી. ગૌતમ ! કૃષ્ણરાજિ આટલી મોટી છે.

ભગવન્ ! શું કૃષ્ણરાજિમાં ઘર કે દુકાન છે? ના,ગૌતમ! ત્યાં ઘર આદિ નથી. ભગવન્ ! શું કૃષ્ણરાજિમાં ગામાદિ છે ? ના,ગૌતમ ! નથી. ભગવન્ ! શું કૃષ્ણરાજિમાં ઉદાર મેઘ સંમૂર્ચ્છે છે ? હા,ગૌતમ ! છે. તે કોણ દેવો, અસુર કે નાગકુમારો કરે છે ? ગૌતમ ! દેવો કરે છે. અસુર કે નાગકુમાર કરતા નથી.

ભગવન્ ! શું કૃષ્ણરાજિમાં બાદર સ્તનિત શબ્દો છે ? ઉદાર મેઘવત્ જાણવું. ભગવન્ ! શું કૃષ્ણરાજિમાં

બાદર અપ્કાય–અગ્નિકાય–વનસ્પતિકાય છે ? ના,ગૌતમ ! નથી. સિવાય કે વિગ્રહગતિ સમાપન્નક. ભગવન્ ! શું તેમાં ચંદ્ર, સૂર્યાદિ છે? ના, ગૌતમ ! નથી. ભગવન્ ! શું તેમાં ચંદ્રાભાસાદિ છે ? ના, ગૌતમ !નથી.

ભગવન્ ! કૃષ્ણરાજિ કેવા વર્ણની છે ? ગૌતમ ! કાળી યાવત્ દેવ. જલદીથી બહાર નીકળી જાય છે.

ભગવન્ ! કૃષ્ણરાજિના કેટલા નામ છે? આઠ. કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘાવતી, માઘવતી, વાતપરિઘા, વાતપરિક્ષોભા, દેવપરિઘા, દેવપરિક્ષોભા.

ભગવન્! કૃષ્ણરાજિ પૃથ્વી પરિણામરૂપ છે, અપ્ પરિણામરૂપ છે –જીવ પરિણામરૂપ છે કે પુદ્‌ગલ પરિણામ રૂપ છે ? ગૌતમ ! અપ્–પરિણામ સિવાય ત્રણે પરિણામરૂપ છે.

ભગવન્ ! કૃષ્ણરાજિમાં સર્વે પ્રાણો, ભૂતો, જીવો, સત્ત્વો પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયા છે. પણ બાદર અપ્કાય–અગ્નિકાય–વનસ્પતિકાયપણે ઉત્પન્ન થયાનથી.

### સૂત્ર–૨૯૫ થી ૨૯૯

૨૯૫. આ આઠ કૃષ્ણરાજિના આઠ અવકાશાંતરમાં આઠ લોકાંતિક વિમાનો કહ્યા છે – અર્ચી, અર્ચીમાલી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂર્યાભ, શુક્રાભ, સુપ્રતિષ્ઠાભ અને આ બધાની મધ્યે રિષ્ટાભ વિમાન છે.

ભગવન્ ! અર્ચિવિમાન ક્યાં છે ? ગૌતમ ! ઈશાન ખૂણામાં. અર્ચિમાલી વિમાન ક્યાં છે ? ગૌતમ ! પૂર્વમાં. આ પરિપાટીએ યાવત્ વિમાનોના વિષયમાં જાણવું. ભગવન્ ! રિષ્ટ વિમાન ક્યાં છે ? ગૌતમ ! આઠ વિમાનોના બહુ મધ્યદેશ ભાગે છે.

આ આઠ લોકાંતિક વિમાનમાં આઠ લોકાંતિક દેવો રહે છે, તે આ–

**૨૯૬.** સારસ્વત, આદિત્ય, વણ્હી, વરુણ, ગર્દતોય, તૃષિત અવ્યાબાધ, આગ્નેય તથા મધ્યમાં નવમાં રિષ્ટ.

**૨૯૭.** ભગવન્ ! સારસ્વત દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! અર્ચિ વિમાનમાં રહે છે. ભગવન્ !આદિત્ય દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! તે અર્ચિમાલિ વિમાનમાં રહે છે. એ રીતે અનુક્રમે જાણવું યાવત્ રિષ્ટ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! રિષ્ટ દેવો, રિષ્ટ વિમાનમાં રહે છે..

ભગવન્ ! સારસ્વત અને આદિત્ય, બે દેવોના કેટલા દેવો, કેટલા સો દેવ પરિવાર છે ? ગૌતમ ! ૭ સ્વામી દેવ અને ૭૦૦ દેવોનો પરિવાર છે. વણ્હી–વરુણ દેવોના ૧૪ દેવો,અને ૧૪,૦૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય–તૃષિતના ૭ દેવો, ૭૦૦૦ દેવોનો પરિવાર છે. બાકીનાને ૯–દેવો, અને૯૦૦ દેવોનો પરિવાર છે.

**૨૯૮.** પહેલા યુગલમાં ૭૦૦, બીજામાં ૧૪,૦૦૦, ત્રીજામાં ૭,૦૦૦, બાકીનાનો ૯૦૦ દેવોનો પરિવાર છે.

**૨૯૯.** લોકાંતિક વિમાનો, ભગવન્ ! ક્યાં પ્રતિષ્ઠિત છે ? ગૌતમ ! વાયુને આધારે પ્રતિષ્ઠિત છે, એ પ્રમાણે વિમાનોનું પ્રતિષ્ઠાન, બાહલ્ય, ઉચ્ચત્વ, સંસ્થાન–જીવાભિગમના દેવ ઉદ્દેશકમાં કહેલ બ્રહ્મલોકની વક્તવ્યતા મુજબ જાણવું. યાવત્ હે ગૌતમ ! અનેકવાર કે અનંતવાર જીવ અહીં ઉત્પન્ન થયા છે. પણ લોકાંતિક વિમાનમાં દેવીપણે નહીં કારણ કે ત્યાં દેવીઓ હોતી નથી.

ભગવન્ ! લોકાંતિક વિમાનોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! તેમની સ્થિતિઆઠ સાગરોપમ છે.

લોકાંતિક વિમાનોથી કેટલે અંતરે લોકાંત છે ? ગૌતમ ! અસંખ્ય હજાર યોજનના અંતરે લોકાંત છે.

ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે

## શતક–૬, ઉદ્દેશા–૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૬ 'ભવ્ય'

### સૂત્ર–૩૦૦

ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ગૌતમ ! પૃથ્વીઓ સાત કહી છે, તે આ પ્રમાણે– રત્નપ્રભા યાવત્ તમસ્તમા.

રત્નપ્રભાથી અધઃસપ્તમી પૃથ્વી સુધીના આવાસો કહેવા. એ રીતે જેના જેટલા આવાસો, તે કહેવા. તે જ રીતે ભવનપતિ, સ્થાવરો, વિકલેન્દ્રિયો, તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક, દેવલોકનાં આવાસો કહેવા.

ભગવન્ ! અનુત્તર વિમાનો કેટલા છે ? ગૌતમ ! પાંચ. વિજય, વૈજયંત યાવત્ સર્વાર્થસિદ્ધ.

સૂત્ર–૩૦૧

ભગવન્ ! જે જીવ મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થાય, થઈને આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકા–વાસોમાંના કોઈ એક નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તો હે ભગવન્ ! ત્યાં જઈને આહાર કરે ? આહારને પરિણમાવે ? શરીરને બાંધે ?

ગૌતમ ! કેટલાક ત્યાં જઈને કરે અને કેટલાક ત્યાં જઈ, અહીં આવીને ફરી વાર મારણાંતિક સમુદ્‌ઘાત વડે સમવહત થઈને, આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસમાંથી કોઈ એકમાં નૈરયિકપણે ઉપજી, પછી આહાર કરે, પરિણમાવે અને શરીરને બાંધે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી જાણવું.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત જીવ અસુરકુમારોના ૬૪ લાખ આવાસોમાંના કોઈ એક અસુરકુમારાવાસે ઉત્પન્ન થવાને યોગ્ય છે ? નૈરયિક માફક કહેવું. સ્તનિતકુમાર સુધી આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત જીવ અસંખ્ય લાખ પૃથ્વીકાયના આવાસોમાંના કોઈ એકમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય તો હે ભગવાન ! તે જીવ મેરુપર્વતની પૂર્વે કેટલું જાય, કેટલા દૂરના પ્રદેશને પામે ?

ગૌતમ ! તે લોકાંત સુધી જઈ શકે, લોકાંતને પામી શકે.

ભગવન્ ! તે પૃથ્વીકાયિક જીવ ત્યાં જઈને આહાર કરે ? આહારને પરિણમાવે ? શરીરને બાંધે ?

ગૌતમ ! કેટલાક ત્યાં જઈને આહાર કરે, આહારને પરિણમાવે, શરીરને બાંધે. કેટલાક ત્યાં જઈ, અહીં આવીને, બીજી વખત પણ મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને, મેરુ પર્વતના પૂર્વ ભાગે અંગુલનો અસંખ્યભાગ માત્ર, સંખ્યેય ભાગ માત્ર, વાલાગ્ર, વાલાગ્ર પૃથક્ત્વ, એ રીતે યૂકા, લિક્ષા, યવ, અંગુલ યાવત્ કોડી યોજન, કોડાકોડી યોજન, સંખ્યાત હજાર યોજન, અસંખ્યાત હજાર યોજન અથવા લોકાંતમાં એક પ્રદેશિક શ્રેણીને છોડીને અસંખ્યેય લાખ પૃથ્વીકાયિકના આવાસમાના કોઈ પૃથ્વીકાયમાં પૃથ્વીકાયિકપણે ઉપજે પછી આહાર કરે, આહારને પરિણામે અને શરીરને બાંધે. જેમ મેરુ પર્વતની પૂર્વનો આલાવો કહ્યો, એ રીતે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉર્ધ્વ, અધો માટે જાણવું.

પૃથ્વીકાયિકની માફક બધા એકેન્દ્રિયો માટે પ્રત્યેકના છ આલાવા કહેવા.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈ જે જીવ અસંખ્યેય લાખ બેઇન્દ્રિયોના આવાસમાના કોઈ એકમાં બેઇન્દ્રિયપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે જીવ ત્યાં જઈને ઇત્યાદિ નૈરયિકવત્ કહેવું. એ પ્રમાણે યાવત્ અનુત્તરોપપાતિકને જાણવા.

ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈ જે જીવ મોટા મહાવિમાનરૂપ પાંચ અનુત્તર વિમાનોમાંના કોઈ એકમાં દેવપણે ઉત્પન્ન થાય તો હે ભગવન્ ! તે ત્યાં જઈને આહાર કરે, આહાર પરિણમાવે, શરીર બાંધે?

હા. ગૌતમ ! તેમજ કહેવું જોઈએ. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

### શતક–૬, ઉદ્દેશા–૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૭ 'શાલી'

સૂત્ર–૩૦૨

હે ભગવન્ ! શાલી, વ્રીહિ, ઘઉં, જવ, જુવાર, આ ધાન્યો કોઠામાં, પાલામાં, માંચામાં, માળામાં રાખ્યા હોય, ઉલ્લિપ્ત(છાણ થી તેનું મુખ લીપ્યું) હોય, લિપ્ત(ચોતરફથી લીપ્યું) હોય, ઢાંકેલ હોય, મુદ્રિત–લાંછિત હોય, તો તેની યોનિ–સચિત્ત કેટલા કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ. પછી તેની યોનિ મ્લાન થાય,

પ્રતિધ્વંસ પામે, તે બીજ અબીજ થાય, પછી યોનિ (સચીતાતા) સંપૂર્ણવિચ્છેદ પામે.

ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર, પલિમંથક–ચણા. એ બધા ધાન્યો, સાલીમાં કહેલ વિશેષણવાળા હોય તો તેમજ જાણવું. વિશેષ એ – પાંચ વર્ષ સુધી તે યોનીભૂત(સચિત) રહે.

ભગવન્ ! અળસી, કુસુંભ, કોદ્રવ, કાંગ, બંટી, રાલ, સણ, સરસવ, મૂલક બીજ આદિ ધાન્યો શેષ શાલી જેમ જ કહેવું. વિશેષ એ કે – સાત વર્ષે અબીજ થાય.

## સૂત્ર–૩૦૩ થી ૩૧૨

**૩૦૩.** ભગવન્ ! એક એક મુહૂર્ત કેટલા ઉચ્છ્વાસ કાળ કહ્યા છે ? ગૌતમ ! અસંખ્યેય સમય મળીને જેટલો કાળ થાય, તેને એક આવલિકા કહે. સંખ્યાત આવલિકાથી એક ઉચ્છ્વાસ થાય, અને સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ થાય.

**૩૦૪.** હૃષ્ટ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ રહિત પ્રાણીનો એક શ્વાસોચ્છ્વાસ તે એક પ્રાણ કહેવાય છે.

**૩૦૫.** સાત પ્રાણે એક સ્તોક, સાત સ્તોકે એક લવ, ૭૭ લવે એક મુહૂર્ત થાય.

**૩૦૬.** અથવા ૩૭૭૩ ઉચ્છ્વાસે એક મુહૂર્ત થાય તેમ અનંત જ્ઞાનીએ કહ્યું છે.

**૩૦૭.** આ મુહૂર્ત પ્રમાણથી ૩૦ મુહૂર્તે એક અહોરાત્ર. ૧૫–અહોરાત્રનો એક પક્ષ, બે પક્ષે એક માસ, બે માસે એક ઋતુ, ત્રણ ઋતુએ એક અયન. બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ૨૦ યુગે ૧૦૦ વર્ષ,

દશ સો વર્ષે–૧૦૦૦, સો હજારે એક લાખ, ૮૪ લાખ વર્ષે ૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગે એક પૂર્વ થાય. એ પ્રમાણે ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂઆંગ, હૂહૂઅ, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નાલિનાંગ, નલીન, અર્થનુપૂરાંગ, અર્થનુપૂર, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નાયુત, ચૂલીકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા સૂત્રપાઠ મુજબ જાણવા. અહીં સુધી જ ગણિત છે પછી ઔપમ્ય કાળ છે.

ભગવન્ ! તે ઔપમિક શું છે ? ગૌતમ! ઔપમિક કાળ બે પ્રકારે છે–, પલ્યોપમ અને સાગરોપમ.

તે પલ્યોપમ અને સાગરોપમ શું છે?

**૩૦૮.** સુતીક્ષ્ણ શસ્ત્ર વડે જેને છેદી, ભેદી જ ન શકાય, તેવા પરમાણુને કેવલી ભગવંતોએ સમસ્ત પ્રમાણોનું આદિ પ્રમાણ કહેલું છે.

**૩૦૯.** અનંત પરમાણુના પુદ્ગલોના સમૂહરૂપ સમુદાયના સમાગમથી એક ઉચ્છલક્ષ્ણશ્લક્ષ્ણિકા, શ્લક્ષ્ણ–શ્લક્ષ્ણિકા, ઉર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લિક્ષા, યૂકા, યવમધ્ય અને અંગુલ થાય છે. જેમ કે–

જ્યારે આઠ ઉચ્છલક્ષ્ણશ્લક્ષ્ણિકા મળે ત્યારે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય. આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાનો એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુનો ત્રસરેણુ, આઠ ત્રસરેણુનો એક રથરેણુ, આઠ રથરેણુનો દેવકુરુ–ઉત્તરકુરુનો મનુષ્યનો એક વાલાગ્ર, દેવકુરુ–ઉત્તરકુરુનો મનુષ્યના આઠ વાલાગ્રે– હરિવર્ષ–રમ્યક્ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર.

હરિવર્ષ–રમ્યક્ ક્ષેત્રના મનુષ્યોનો આઠ વાલાગ્રે– હેમવત–ઐરણ્યવત્ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર. હેમવત–ઐરણ્યવત્ ક્ષેત્રના મનુષ્યોનો આઠ વાલાગ્રે– પૂર્વવિદેહના મનુષ્યોનો આઠ વાલાગ્ર.

પૂર્વવિદેહના મનુષ્યના આઠ વાલાગ્રે, એક લિક્ષા, આઠ લિક્ષાએ એક જૂ, આઠ જૂએ એક યવમધ્ય, આઠ યવ મધ્યે એક અંગુલ, છ અંગુલે એક પાદ, બાર અંગુલે એક વેંત, ૨૪ અંગુલે એક રત્નિ, ૪૮ અંગુલે એક કુક્ષિ, ૯૬ અંગુલે એક દંડ, ધનુષ, યુગ, નાલિકા, અક્ષ કે મુસલ. ૨૦૦૦ ધનુષનો એક ગાઉ, ચાર ગાઉએ એક યોજન.

યોજન પ્રમાણ જે પલ્ય તે આયામ અને વિષ્કંભ વડે એક યોજન હોય, ઊંચાઈ એક યોજન હોય. પરિધિ સવિશેષ ત્રણ યોજન હોય.

તે પલ્યમાં એક, બે, ત્રણ કે મહત્તમ સાત દિવસના ઊગેલા ક્રોડો વાલાગ્રો કાંઠા સુધી ભર્યા હોય, સંનિચિત કર્યા હોય, ખૂબ ભર્યા હોય. તે વાલાગ્રો એવી રીતે ભર્યા હોય કે જેને અગ્નિ ન બાળે, વાયુ ન હરે, કોહવાય નહીં, નાશ ન

પામે, સડે નહીં, તેવા ભરેલ વાલાગ્રના પલ્યમાંથી સો સો વર્ષે એક વાલાગ્રને કાઢવામાં આવે, એ રીતે જેટલે કાળે તે પલ્ય ક્ષીણ, નિરજ, નિર્મલ, નિષ્ઠિત, નિર્લેપ, અપહૃત અને વિશુદ્ધ થાય. ત્યારે તે કાળે એક પલ્યોપમ–કાળ કહેવાય.

**૩૧૦.** ઉક્ત કોડાકોડી પલ્યોપમને દશગણા કરીએ ત્યારે તે કાળનું પ્રમાણ એક સાગરોપમ કાળ થાય.

**૩૧૧.**ઉક્ત સાગરોપમ મુજબના ચાર કોડાકોડી સાગરોપમે એક સુષમસુષમા કાળ થાય, ત્રણ કોડાકોડી સાગરોપમે સુષમા કાળ થાય, બે કોડાકોડીએ સુષમદુષમા, એક સાગરોપમ કોડાકોડીમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂને દુષમસુષમા ૨૧,૦૦૦ વર્ષ દૂષમ, ૨૧,૦૦૦ વર્ષે દુષમ દુષમા કાળ થાય.

ફરી ઉત્સર્પિણીમાં ૨૧,૦૦૦ વર્ષે દુષમ દુષમા, યાવત્ ચાર કોડાકોડી સાગરોપમે સુષમ સુષમા.

દશ–દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી–એક ઉત્સર્પિણી. ૨૦ કોડાકોડી સાગરોપમે કાલચક્ર થાય.

**૩૧૨.** ભગવન્ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં આ અવસર્પિણીમાં સુષમસુષમા કાળમાં ઉત્તમાર્થ પ્રાપ્ત ભરત–ક્ષેત્રના આકાર, ભાવપ્રત્યાવતાર કેવા હતા ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગમાં, જેમ કે આલિંગપુષ્કર, એવો ભૂમિભાગ હતો. એ પ્રમાણે ઉત્તરકુરુ વક્તવ્યતા સમાન જાણવું યાવત્ બેસે છે, સૂવે છે.

તે અવસર્પિણી કાળમાં ભરત ક્ષેત્રમાં તે તે દેશમાં ત્યાં ત્યાં ઘણા ઉદાર ઉદ્દાલક યાવત્ કુશ–વિકુશથી વૃક્ષમૂલો યાવત્ છ પ્રકારના માણસો હતા. જેમ કે – પદ્મગંધી, મૃગગંધી, મમત્વરહિત, તેજસ્વી, સહનશીલ અને દહીને ધીમે ચાલનારા. – ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

## શતક–૬, ઉદ્દેશા–૭નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૬, ઉદ્દેશો–૮ 'પૃથ્વી'

### સૂત્ર–૩૧૩, ૩૧૪

**૩૧૩.** ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! આઠ છે. તે આ – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, ધૂમપ્રભા, પંકપ્રભા, તમ:પ્રભા, તમ:તમાપ્રભા અને ઈષત્પ્રાગ્ભારા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નીચે ગૃહો કે દુકાનો છે ? ગૌતમ ! ના ત્યાં ઘર, દુકાન નથી.

ભગવન્ ! આ રત્નપ્રભા નીચે ગામ યાવત્ સંનિવેશ છે ? ના, ત્યાં ગ્રામાદિ નથી.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નીચે ઉદાર મેઘો સંસ્વેદે છે ? સંમૂર્છે છે ? વર્ષા વરસે છે ? હા,ગૌતમ ! આ ત્રણે છે. તેને દેવો, અસુરકુમારો અને નાગકુમારો ત્રણે પણ કરે છે.

ભગવન્ ! આ રત્નપ્રભામાં બાદર સ્તનિત શબ્દો છે ? હા,ગૌતમ ! છે. તે શબ્દોને પણ ત્રણે દેવો કરે છે.

ભગવન્ !આ રત્નપ્રભાની નીચે બાદર અગ્નિકાય છે ? ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ વિગ્રહગતિ સમાપન્નક અગ્નિકાયના જીવો છે.

ભગવન્ ! આ રત્નપ્રભા નીચે ચંદ્ર યાવત્ તારા છે ? ના, ગૌતમ ! તેમ નથી.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નીચે ચંદ્રાભા આદિ છે ? ના, ગૌતમ તેમ નથી. એ પ્રમાણે બીજી પૃથ્વીમાં કહેવું, એ પ્રમાણે ત્રીજી પૃથ્વીમાં કહેવું, વિશેષ એ કે – દેવ અને અસુરકુમાર વર્ષા આદિ કરે, પણ નાગકુમાર ન કરે.

ચોથી નરકમાં પણ એમ જ છે. પરંતુ માત્ર દેવો ત્યાં વર્ષા આદિ કરે છે. અસુરકુમાર અને નાગકુમાર ન કરે. એ પ્રમાણે નીચેની બધી (પાંચમી, છટ્ઠી, સાતમી) પૃથ્વીમાં માત્ર દેવ વર્ષા આદિ કરે છે.

ભગવન્ ! શું સૌધર્મ–ઈશાન કલ્પની નીચે ઘર વગેરે છે ? ના, ગૌતમ! તેમ નથી. ભગવન્ ! શું સૌધર્મ–ઈશાન કલ્પની નીચે ગ્રામ આદિ છે ? ગૌતમ ! ત્યાં ગ્રામ આદિ નથી.

ભગવન્ ! શું ઉદાર મેઘો છે ? હા, ગૌતમ ! છે. ત્યાં વર્ષા આડી કાર્યો વૈમાનિક દેવ પણ કરે, અસુરકુમાર પણ કરે. પણ નાગકુમાર ન કરે. એ પ્રમાણે સ્તનિત(મેઘગર્જના) શબ્દમાં પણ જાણવું.

ભગવન્ ! ત્યાં બાદર પૃથ્વીકાય, બાદર અગ્નિકાય છે ? ના, ગૌતમ ! તેમ નથી. સિવાય કે વિગ્રહગતિ સમાપન્નક અગ્નિ જીવો હોય.

ભગવન્ ! ત્યાં ચંદ્રાદિ છે ? ના, ગૌતમ ! તેમ નથી.

ભગવન્ ! ત્યાં ચંદ્રાભા આદિ છે ? ગૌતમ ! ના, તેમ નથી.

એ પ્રમાણે સંપૂર્ણ વક્તવ્યતા સનતકુમાર અને માહેન્દ્ર કલ્પમાં જાણવી. વિશેષ એ કે– ત્યાં વર્ષા આદિ કાર્યો દેવો, એકલા જ કરે છે.

એ રીતે બ્રહ્મલોકમાં પણ જાણવું. એ રીતે બ્રહ્મલોકની ઉપર બાર દેવલોક સુધી સર્વ સ્થાને પૂર્વોક્ત કથન કરવું. આ સર્વ સ્થાને વર્ષા આદિ કાર્યો માત્ર વૈમાનિક દેવો કરે છે. તથા બધે બાદર – પૃથ્વી, અપ્, વનસ્પતિકાયનો પ્રશ્ન કરવો. તેના ઉત્તર આદિ બધું જ પૂર્વવત્ જાણવું.

૩૧૪. તમસ્કાયમાં અને પાંચમા કલ્પમાં અગ્નિકાય અને, પૃથ્વીકાય સંબંધે પ્રશ્ન કરવા.

રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં અગ્નિકાય સંબંધે પ્રશ્ન કરવા.

પાંચ કલ્પની ઉપર, સર્વ સ્થાનોમાં તથા કૃષ્ણરાજિમાં અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય સંબંધે પ્રશ્ન કરવા.

## સૂત્ર–૩૧૫

ભગવન્ ! આયુબંધ કેટલા પ્રકારે છે? ગૌતમ ! છ પ્રકારે. તે આ – જાતિનામનિધત્તાયુ, ગતિનામનિધત્તાયુ , સ્થિતિનામનિધત્તાયુ, અવગાહનાનામનિધત્તાયુ, પ્રદેશનામનિધત્તાયુ, અનુભાગનામનિધત્તાયુ. વૈમાનિકો સુધી ૨૪ દંડકોમાં આયુબંધ સંબંધે આ આલાવો કહેવો.

ભગવન્ ! શું જીવ, જાતિનામનિધત્ત યાવત્ અનુભાગનામનિધત્ત છે ? ગૌતમ! જીવ જાતિનામનિધત્ત રૂપ પણ છે યાવત્ અનુભાગનામનિધત્ત રૂપ પણછે. આ પ્રમાણે વૈમાનિક સુધી દંડક કહેવો.

ભગવન્ ! જીવો જાતિનામનિધત્તાયુ, યાવત્ અનુભાગનામ નિધત્તાયુ છે ? ગૌતમ ! તે છ એ છે. આ પ્રમાણે વૈમાનિક સુધી આ દંડક કહેવો.

ભગવન્ ! શું જીવો જાતિનામ નિધત્ત છે ? જાતિનામ, નિધત્ત આયુ છે ? જાતિનામ નિયુક્ત છે ? જાતિનામ નિયુક્તાયુ છે ? જાતિ ગોત્ર નિધત્ત છે ? જાતિગોત્ર નિધત્તાયુ છે ? જાતિગોત્ર નિયુક્ત છે ? જાતિગોત્ર નિયુક્તાયુ છે ? જાતિનામ ગોત્ર નિધત્ત છે ? જાતિનામ ગોત્ર નિધત્તાયુ છે ? જાતિનામ ગોત્ર નિયુક્ત છે ? જાતિનામ ગોત્ર નિયુક્તાયુ છે ? યાવત્ અનુભાગ નામ ગોત્ર નિયુક્તાયુ છે ?

હા, ગૌતમ ! જાતિનામ ગોત્ર નિયુક્તાયુ યાવત્ અનુભાગ નામ ગોત્ર નિયુક્તાયુ છે. આ પમાણે વૈમાનિક સુધી દંડક કહેવો.

## સૂત્ર–૩૧૬

ભગવન્ ! શું લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક, પત્થડોદક, ક્ષુભિતજળ, અક્ષુભિતજળ છે ? ગૌતમ ! લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક(ઉછળતા પાણીવાળો) છે, પત્થડોદક(સમતલ જળવાળો નહીં). ક્ષુભિતજળ છે, અક્ષુભિતજળ નથી. અહીંથી આરંભી જીવાજીવાભિગમ સૂત્રાનુસાર જાણવું યાવત્ તે હેતુથી.....

હે ગૌતમ ! બાહ્ય દ્વીપ સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા, છલોછલ ભરેલા, છલકતા, પરિપૂર્ણ ભરેલા ઘટપણે રહે છે. સંસ્થાનથી એકાકાર, વિસ્તારથી અનેકવિધિ વિધાના, બમણા બમણા પ્રમાણવાળા યાવત્ તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્રો, સ્વયંભૂરમણ પર્યવસાનવાળા હે શ્રમણાયુષો ! કહ્યા છે.

ભગવન્ ! દ્વીપ સમુદ્રો કેટલા નામધેય કહ્યા છે ? ગૌતમ ! લોકમાં જેટલા શુભ નામ– શુભ રૂપ– શુભ ગંધ– શુભ રસ– શુભ સ્પર્શ છે, એટલા દ્વીપસમુદ્રોના નામ કહ્યા છે. એ પ્રમાણે શુભ નામ, તેનો ઉદ્ધાર, પરિણમન જાણવા. સર્વે જીવોનો ત્યાં ઉત્પાદ જાણવો.. ભગવન્ ! આપ ખો છો, તે એમ જ છે, તે એમ જ છે.

## શતક-૬, ઉદ્દેશા-૮નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૬, ઉદ્દેશો-૯ 'કર્મ'

સૂત્ર-૩૧૭

ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મ પ્રકૃતિને બાંધે છે ? ગૌતમ ! સાત, આઠ કે છ કર્મ પ્રકૃતિઓ બાંધે. અહી પન્નવણાસૂત્રના બંધ ઉદ્દેશક અનુસાર વર્ણન જાણવું.

સૂત્ર-૩૧૮

ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના એક વર્ણ, એકરૂપ વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! તેમ ન થાય.

ભગવન્ ! બાહ્ય પુદ્ગલ ગ્રહીને તેમ કરી શકે છે? હા, ગૌતમ !તેમ કરી શકે.

ભગવન્ ! તે અહીં રહેલ પુદ્ગલો ગ્રહીને વિકુર્વે કે, ત્યાં રહેલ પુદ્ગલ ગ્રહીને વિકુર્વે કે અન્યત્ર રહેલ પુદ્ગલો ગ્રહીને ? ગૌતમ ! ત્યાં રહેલ પુદ્ગલો ગ્રહીને વિકુર્વે, અહીંના કે અન્યત્રના ગ્રહીને નહીં. આ પ્રમાણે આ આલાવા વડે યાવત્ એકવર્ણ-એકરૂપ, એકવર્ણ-અનેકરૂપ, અનેકવર્ણ-એકરૂપ, અનેકવર્ણ-અનેકરૂપને વિકુર્વે.

ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા વિના કાળ પુદ્ગલોને નીલ પુદ્ગલરૂપે અને નીલ પુદ્ગલો કાળા પુદ્ગલરૂપે ગ્રહણ કરવા સમર્થ છે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. પણ બહારના પુદ્ગલો ગ્રહીને તે પ્રમાણે કરવા સમર્થ છે.

ભગવન્ ! તે અહીં રહેલા પુદ્ગલો, ત્યાં રહેલ પુદ્ગલ કે અન્યત્ર રહેલ પુદ્ગલોમાંથી ક્યા પુદ્ગલોને ગ્રહણ કરીને તે પ્રમાણે કરવા સમર્થ છે ? ગૌતમ ! અહીં રહેલા પુદ્ગલો કે અન્યત્ર રહેલ પુદ્ગલ ગ્રહણ કરીને પરિણમન ન કરી શકે પરંતુ ત્યાં રહેલ પુદ્ગલોને ગ્રહણ કરી કાળા પુદ્ગલને નીલારૂપે પરિણમન કરી શકે છે.

એ રીતે કાળા પુદ્ગલ લાલ પુદ્ગલપણે, એ રીતે કાળાને યાવત્ સફેદ, એ રીતે નીલને યાવત્ સફેદ, એ રીતે લાલને યાવત્ સફેદ, એ રીતે પીળાને યાવત્ સફેદ વર્ણપણે પરિણત કરી શકે છે.

આ ક્રમે ગંધ, રસ, સ્પર્શમાં સમજવું યાવત્ કર્કશસ્પર્શવાળા પુદ્ગલને મૃદુસ્પર્શવાળા પુદ્ગલપણે પરિણમાવે. એ પ્રમાણે ગુરુ-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ, વર્ણાદિને સર્વત્ર પરિણમાવે છે. અહીં બબ્બે આલાવા કહેવા.

સૂત્ર-૩૧૯

ભગવન્ ! શું અવિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયોગ રહિત આત્મા વડે ૧. અવિશુદ્ધલેશ્યી દેવને, દેવીને કે અણગાર આદિ કોઈને જાણે કે જુએ ના, ગૌતમ ! તેમ શક્ય નથી. એ પ્રમાણે ૨. અવિશુદ્ધલેશ્યી દેવ, અનુપયુક્ત આત્મા વડે વિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે – જુએ ? ૩.અવિશુદ્ધલેશ્યી દેવ ઉપયુક્ત આત્મા વડે અવિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે – જુએ? ૪.અવિશુદ્ધલેશ્યી દેવ ઉપયુક્ત આત્મા વડે વિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે – જુએ?

૫.અવિશુદ્ધલેશ્ય દેવ ઉપયુક્ત-અનુપયુક્ત આત્મા વડે અવિશુદ્ધ લેશ્યી દેવાદિને જાણે-જુએ ? ૬.અવિશુદ્ધ લેશ્યી ઉપયુક્તાનુપયુક્ત દેવ લેશ્યા વડે વિશુદ્ધલેશ્યીને જાણે-જુએ ? ૭.વિશુદ્ધલેશ્ય અનુપયુક્ત દેવ અવિશુદ્ધલેશ્ય દેવ આદિને જાણે-જુએ ? ૮. વિશુદ્ધલેશ્ય અનુપયુક્ત દેવ વિશુદ્ધલેશ્ય દેવ આદિને જાણે-જુએ?

ગૌતમ ! આઠે ભંગોમાં ન જાણે-ન જુએ.

ભગવન્ ! વિશુદ્ધલેશ્યી દેવ શું ઉપયુક્ત આત્માથી અવિશુદ્ધલેશ્યી દેવને, દેવીને કે અણગાર આદિ કોઈને જાણે-જુએ ? હા, ગૌતમ ! આવો દેવ જાણી-જોઈ શકે છે. એ પ્રમાણે વિશુદ્ધo ઉપયુક્તo વિશુદ્ધ લેશ્ય દેવને જાણે-જુએ? હા જાણે-જુએ. વિશુદ્ધ લેશ્ય ઉપયુક્તાનુપયુક્ત અવિશુદ્ધલેશ્ય દેવને ? વિશુદ્ધલેશ્ય ઉપયુક્તાનુપયુક્ત વિશુદ્ધ લેશ્ય દેવને ? હા, ગૌતમ ! જાણે અને જુએ.

એ પ્રમાણે નીચેના આઠ ન જાણે – ન જુએ. ઉપરના ચાર જાણે–જુએ. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૬, ઉદ્દેશા–૯નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬, ઉદ્દેશો–૧૦ 'અન્યતીર્થિકો'

**સૂત્ર–૩૨૦**

ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્–પ્રરૂપે છે, જેટલા જીવો રાજગૃહનગરમાં છે, તે સર્વેના સુખ અથવા દુઃખને કોઈ બોરના ઠળીયા–વાળ–વટાણા–અડદ કે મગ પ્રમાણ તેમજ જૂ કે લીખ પ્રમાણ જેટલું પણ બહાર કાઢીને દેખાડવા સમર્થ નથી. ભગવન્ ! એમ કહ્યું તેનું શું કારણ ?

ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે યાવત્ પ્રરૂપે છે, તે મિથ્યા કહે છે. હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે સર્વલોકમાં સર્વ જીવોને કોઈ સુખ કે દુઃખ યાવત્ દેખાડી ન શકે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! આ જંબૂદ્વીપ યાવત્ પરિક્ષેપ વડે વિશેષ અધિક કહ્યો છે. કોઈ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ, એક મોટો વિલેપનવાળો ગંધનો ડાબલો લઈને, ઉઘાડીને, યાવત્ 'આ જાઉં છું' કહી આખા જંબૂદ્વીપને ત્રણ ચપટીમાં ૨૧ વખત ફરી શીઘ્ર પાછો આવે.

હે ગૌતમ ! તે સંપૂર્ણ જંબૂદ્વીપ. તે ગંધ પુદ્‌ગલોથી સ્પૃષ્ટ થાય ? હા, થાય. ગૌતમ ! તે ગંધ–પુદ્‌ગલોને બોરના ઠળીયા જેટલાં પણ યાવત્ દર્શાવવા સમર્થ છે ? ના, ભગવન્ ! તેમ ન થાય. તે હેતુથી કહ્યું કે યાવત્ જીવોનાં સુખ–દુઃખને બહાર કાઢીને કોઈને દેખાડવા સમર્થ નથી.

**સૂત્ર–૩૨૧**

ભગવન્ ! શું જીવ ચૈતન્ય છે કે ચૈતન્ય જીવ છે ? ગૌતમ ! જીવ નિયમા ચૈતન્ય છે, ચૈતન્ય નિયમા જીવ છે.

ભગવન્ ! શું નૈરયિક જીવ છે કે જીવ નૈરયિક છે ? નૈરયિક નિયમા જીવ છે. જીવ નૈરયિક પણ હોય કે અનૈરયિક પણ હોય.

ભગવન્ ! શું જીવ અસુરકુમારરૂપ છે કે અસુરકુમાર જીવરૂપ છે ? ગૌતમ ! અસુરકુમાર તો નિયમા જીવ છે. જીવ અસુરકુમાર હોય કે અસુરકુમાર ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી સર્વ દંડક કહેવો.

ભગવન્ ! જીવે(પ્રાણ ધારણ કરે) તે જીવ કહેવાય કે જે જીવ હોય તે જીવે (પ્રાણ ધારણ કરે) ? ગૌતમ ! જીવે તે નિયમા જીવ છે. જીવ જીવે કે ન પણ જીવે.

ભગવન્! જીવે તે નૈરયિક હોય કે નૈરયિક હોય તે જીવે ? ગૌતમ ! નૈરયિક નિયમા જીવે. જીવે તે નૈરયિક હોય કે ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

ભગવન્ ! ભવ્ય, નૈરયિક હોય કે નૈરયિક હોય તે ભવ્ય હોય? ગૌતમ ! ભવ્ય, નૈરયિક હોય કે ન પણ હોય. નૈરયિક પણ ભવ્ય હોય કે ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

**સૂત્ર–૩૨૨**

ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે એમ નિશ્ચિત છે કે સર્વ પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વ એકાંતે દુઃખરૂપ વેદનાને વેદે છે,

હે ભગવન્ ! તે કેવી રીતે બને ? ગૌતમ ! તે અન્યતીર્થિકો યાવત્ એમ મિથ્યા કહે છે.

હે ગૌતમ ! હું એમ કહું છું, યાવત્ પ્રરૂપું છું કે કેટલાક પ્રાણો–ભૂતો–જીવો–સત્ત્વો એકાંત દુઃખરૂપ વેદના વેદે છે અને કદાચ સુખને વેદે છે.

કેટલાક પ્રાણો–ભૂતો–જીવો–સત્વો એકાંત શાતા વેદનાને વેદે છે અને કદાચિત્ દુઃખને વેદે છે.

કેટલાક પ્રાણો–ભૂતો–જીવો–સત્વો વિવિધરૂપે વેદના વેદે છે. કદાચિત્ સુખને કે દુઃખને વેદે છે

એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો એકાંત દુઃખરૂપ વેદના વેદે છે, કદાચ સુખને વેદે છે. ભવનપત્યાદિ દેવો એકાંત સુખરૂપ વેદના વેદે છે, કદાચ અસાતા વેદે છે. પૃથ્વીકાયિક યાવત્ મનુષ્યો વિવિધ પ્રકારે વેદના વેદે છે. કદાચ સુખ કે દુઃખને વેદે છે, તેથી પૂર્વવત્ કહ્યું.

સૂત્ર–૩૨૩ થી ૩૨૬

**૩૨૩.** ભગવન્ ! નૈરયિકો આત્મા દ્વારા ગ્રહણ કરી જે પુદ્‌ગલો આહારે, તે શું આત્મશરીર ક્ષેત્રાવગાઢ પુદ્‌ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરી આહારે છે કે અનંતર ક્ષેત્રાવગાઢ પુદ્‌ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરી આહારે છે કે પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્‌ગલોને આત્માથી ગ્રહણ કરી આહારે છે ?

ગૌતમ ! આત્મશરીર ક્ષેત્રાવગાઢ પુદ્‌ગલોને આત્માથી ગ્રહણ કરી આહારે છે. અનંતર કે પરંપર ક્ષેત્રાવગાઢને નહીં. આ પ્રમાણે વૈમાનિક સુધી છે.

**૩૨૪.** ભગવન્ ! કેવલીઓ ઇન્દ્રિયો દ્વારા જાણે–જુએ ? ગૌતમ ! તેમ નથી. એમ કેમ કહ્યું ? હે ગૌતમ ! કેવલી પૂર્વ દિશામાં પરિમિતને પણ જાણે, અપરિમિતને પણ જાણે યાવત્ કેવલીનું જ્ઞાન અને દર્શન નિર્વૃત્ત હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું.

**૩૨૫.** એક ગાથા દ્વારા અહી જણાવે છે કે– જીવોનું સુખ–દુઃખ, જીવનું પ્રાણધારણ, ભવ્યો, એકાંત દુઃખ વેદના, આત્માથી પુદ્‌ગલ ગ્રહણ, કેવલી આટલા વિષયો છે.

**૩૨૬.** ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

## શતક–૬, ઉદ્દેશા–૧૦નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૭

**સૂત્ર–૩૨૭**

૧–આહાર, ૨–વિરતિ, ૩–સ્થાવર, ૪–જીવ, ૫–પક્ષી, ૬–આયુ, ૭–અણગાર, ૮–છદ્મસ્થ, ૯–અસંવૃત્ત, ૧૦–અન્યતીર્થિક. આ શતકમાં આ દશ ઉદ્દેશા છે.

## શતક–૭, ઉદ્દેશો–૧ 'આહાર'

**સૂત્ર–૩૨૮**

તે કાળે, તે સમયે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! પરભવમાં જતો જીવ કયા સમયે અનાહારક હોય ?

ગૌતમ ! પરભવમાં જતો જીવ પહેલા સમયે કદાચ આહારક હોય કદાચ અનાહારક હોય, બીજે સમયે કદાચ આહારક હોય કદાચ અનાહારક હોય. ત્રીજે સમયે કદાચ આહારક, કદાચ અનાહારક પણ ચોથા સમયે નિયમા આહારક હોય.

આ રીતે ૨૪ દંડક કહેવા. સામાન્ય જીવ અને એકેન્દ્રિયો ચોથા સમયે, બાકીના ત્રીજા સમયે આહારક હોય.

ભગવન્ ! જીવ કયા સમયે બધાથી અલ્પાહારી હોય ? ગૌતમ ! ઉત્પત્તિના પ્રથમ સમયે અથવા ભવના અંતિમ સમયે જીવ સર્વથી અલ્પાહારી હોય. આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત ૨૪ દંડકમાં કહેવું.

**સૂત્ર–૩૨૯**

ભગવન્ ! લોકનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક (શકોરા)આકારે છે. તે નીચે વિસ્તીર્ણ યાવત્ ઉપર ઉર્ધ્વ મૃદંગાકાર સંસ્થિત. એવા આ શાશ્વત લોકમાં ઉત્પન્ન કેવલ જ્ઞાન–દર્શનધર અરહંત, જિન, કેવલી, જીવોને જાણે છે અને જુએ છે અને અજીવોને પણ જાણે છે અને જુએ છે. ત્યારપછી તેઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

**સૂત્ર–૩૩૦**

ભગવન્ ! શ્રમણની સમીપ આશ્રયે રહેલ શ્રાવકને ભગવન્ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ? ગૌતમ શ્રમણના સમીપ આશ્રયે રહેલ, સામાયિક કરતા શ્રાવકનો આત્મા અધિકરણી હોય છે. આત્માધિકરણ નિમિત્તે તેને ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, સાંપરાયિકી ક્રિયા લાગે. તે હેતુથી કહ્યું કે યાવત્ સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**સૂત્ર–૩૩૧**

ભગવન્ ! જે શ્રાવકને પહેલાથી જ ત્રસ–પ્રાણની હિંસાના પચ્ચક્ખાણ હોય, પરંતુ પૃથ્વીકાય હિંસાના પ્રત્યાખ્યાન ન કર્યા હોય, તે શ્રાવકથી પૃથ્વીને ખોદતા જો કોઈ ત્રસ જીવની હિંસા કરે તો ભગવન્ ! તેને વ્રત ઉલ્લંઘન થાય ? ના, ગૌતમ ! વ્રતનું ઉલ્લંઘન ન થાય. કેમ કે તે શ્રાવકને તે પ્રવૃત્તિમાં ત્રસ જીવની હિંસાનો સંકલ્પ હોતો નથી.

ભગવન્ ! શ્રાવકને પૂર્વેથી વનસ્પતિ હિંસાનું પચ્ચક્ખાણ હોય અને પૃથ્વી ખોદતા તેના હાથે તે કોઈ વૃક્ષનું મૂળ છેદી નાંખે તો તેને વ્રતનું ઉલ્લંઘન થાય ? ગૌતમ ! તેમ ન થાય. કેમ કે તે શ્રાવકને તે પ્રવૃત્તિમાં વનસ્પતિ જીવની હિંસાનો સંકલ્પ હોતો નથી

**સૂત્ર–૩૩૨**

ભગવન્ ! તથારૂપ અહિંસક શ્રમણ કે બ્રાહ્મણને પ્રાસુક(અચિત) અને એષણીય(દોષરહિત) અશન–પાન–ખાદિમ–સ્વાદિમથી પ્રતિલાભતા શ્રાવકને શું લાભ થાય ? ગૌતમ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને યાવત્ પ્રતિલાભતો શ્રાવક તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને સમાધિ પમાડે છે. સમાધિને કારણે તે પણ સમાધિ પામે છે.

ભગવન્ ! તથારૂપ અહિંસક શ્રમણને, ચારે પ્રકારે આહાર વડે પ્રતિલાભતો શ્રાવક શું તજે છે ? ગૌતમ ! જીવિતનો અને દુસ્ત્યાજ્યનો ત્યાગ કરે છે. દુષ્કર કાર્ય કરે છે, દુર્લભ એવા સુપાત્ર દાનના લાભને પામે છે, બોધિને

પામે છે, સિદ્ધ થાય છે,, યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

સૂત્ર–૩૩૩

ભગવન્ ! શું કર્મરહિત જીવની ગતિ થાય ? હા, ગૌતમ !થાય.

ભગવન્ ! અકર્મની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! નિસ્સંગતા–નિરાગતા–ગતિ પરિણામ–બંધન છેદનતા–નિરિંધનતા–પૂર્વ પ્રયોગથી અકર્મની ગતિ કહી છે.

ભગવન્ ! નિસ્સંગતા, નિરાગતા, ગતિપરિણામથી કર્મ રહિત જીવની ગતિ કઈ રીતે કહી ?

જેમ કોઈ પુરુષ નિશ્છિદ્ર, નિરુપહત, સૂકા તુંબડાને ક્રમપૂર્વક સંસ્કાર કરી, દર્ભ અને કુશ વડે વીંટે. પછી માટીના આઠ લેપથી લીંપે, પછી તાપમાં સૂકવે, સૂકાયા પછી અથાગ–અતાર પુરુષ પ્રમાણ પાણીમાં નાંખે, તો હે ગૌતમ ! તે તુંબડું, તે માટીના આઠ લેપની ગુરુતાથી, ભારથી, ગુરુતા અને ભારથી, પાણીના તળને ઉલ્લંઘીને નીચે ભૂમિ પર સ્થિત થાય ? હા, ભગવન્ ! તે તુંબડું તળિયે સ્થિત થાય.

હવે તે તુંબડું માટીના આઠ લેપનો ક્ષય થતા ભૂમિતળને છોડીને જળના ઉપરના તટે આવીને સ્થિર થાય? હા, ભગવન્ ! તે પાણીની સપાટીએ સ્થિર થાય. એ પ્રમાણે ગૌતમ ! નિસ્સંગતાથી (કર્મનો સંગ દૂર થવાથી), નિરાગતાથી(આસક્તિ દૂર થતા) અને ગતિ પરિણામ(સ્વાભાવિક ગતિ સ્વભાવ)થી કર્મરહિત જીવની ગતિ કહી છે.

ભગવન્ ! બંધન છેદત્વથી કર્મરહિત જીવની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! જેમ કોઈ વટાણા–મગ–અડદ–સિંબલીની શિંગ કે એરંડાનું બીજ તડકે મૂક્યા હોય અને સૂકાઈને ફૂટે અને એક બાજુ ઊડે. તેમ હે ગૌતમ ! કર્મરૂપ બંધનનો છેદ થઈ જવાથી કર્મરહિત જીવની ગતિ થાય છે.

ભગવન્ ! નિરિંધનત્વથી કર્મરહિત જીવની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! જેમ ઇંધણથી છૂટેલ ધૂમ્રની ગતિ સ્વાભાવિક રીતે, નિર્વ્યાઘાતપણે ઉપર જાય, તેમ હે ગૌતમ ! કર્મરૂપી ઇંધણથી રહિત થતાં તેમજ શરીરથી મુક્ત થતા કર્મરહિત જીવની ઉર્ધ્વ ગતિ થાય છે.

ભગવન્ ! પૂર્વ પ્રયોગથી કર્મરહિતની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! જેમ ધનુષથી છૂટેલ બાણની ગતિ કોઇ પણ પ્રકારના વ્યાઘાત વિના લક્ષ્યને અભિમુખ થાય, તેમ હે ગૌતમ ! કર્મરહિત જીવની ગતિ થાય.

સૂત્ર–૩૩૪

ભગવન્ ! શું દુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ છે કે અદુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય ? ગૌતમ ! દુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય છે, અદુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય નહીં.

ભગવન્ ! દુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે કે અદુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! દુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે, અદુઃખી નૈરયિક નહીં. એ પ્રમાણે વૈમાનિક સુધી ૨૪ દંડકમાં કહેવું.

આ પ્રમાણે પાંચ દંડક જાણવા. ૧.દુઃખી દુઃખથી સ્પૃષ્ટ, ૨.દુઃખી દુઃખનું ગ્રહણ કરે, ૩.દુઃખી દુઃખને ઉદીરે, ૪.દુઃખી દુઃખને વેદે, ૫.દુઃખી દુઃખને નિર્જરે.

સૂત્ર–૩૩૫

ભગવન્ ! અનુપયુક્ત અણગાર ચાલતા, ઊભતા, બેસતા, સૂતા, અનુપયુક્ત વસ્ત્ર–પાત્ર–કંબલ–રજોહરણ લેતા કે મૂકતા, તેને હે ભગવન્ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ? ગૌતમ ! ઉક્ત પ્રવૃત્તિથી તે અણગારને ઐર્યાપથિકી ક્રિયા ન લાગે પણ સાંપરાયિકી ક્રિયા લાગે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા, લોભ વ્યુચ્છિન્ન થયા છે, તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા ન લાગે. પરંતુ જેના ક્રોધાદિ વ્યુચ્છિન્ન થયા નથી, તેને સાંપરાયિકી ક્રિયા લાગે, ઐર્યાપથિકી નહીં. સૂત્ર અનુસાર ચાલનારને ઐર્યાપથિકી ક્રિયા લાગે, ઉત્સૂત્રથી ચાલનારને સાંપરાયિકી ક્રિયા લાગે. ઉપયોગરહિત ગમન આદિ કરનાર અણગાર, સૂત્ર વિરુદ્ધ જ વર્તે છે, માટે હે ગૌતમ ! પૂર્વવત્ કહ્યું.

સૂત્ર–૩૩૬

ભગવન્ ! અંગાર, ધૂમ, સંયોજના દોષથી દૂષિત પાન–ભોજનનો શો અર્થ કહ્યો છે ?

ગૌતમ ! જે સાધુ કે સાધ્વી પ્રાસુક અને એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને, તેમાં મૂર્છિત–ગૃદ્ધ–ગ્રથિત–અધ્યુપપન્ન થઇ તે આહાર આહારે છે, તો હે ગૌતમ ! તે આહાર–પાણી અંગાર દોષયુક્ત પાન, ભોજન છે.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને અત્યંત અપ્રીતિ વડે, ક્રોધથી, ખિન્નતાથી આહારને આહારે, તો હે ગૌતમ ! ધૂમ દોષયુક્ત પાન–ભોજન છે.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને, તેને સ્વાદિષ્ટ બનાવવા અન્ય દ્રવ્ય સાથે સંયોજીને આહાર કરે, તે હે ગૌતમ ! સંયોજના દોષ દુષ્ટ પાન–ભોજન છે. હે ગૌતમ ! આ તેનો અર્થ કહ્યો.

ભગવન્ ! અંગાર–ધૂમ–સંયોજના દોષરહિત પાન–ભોજનનો શો અર્થ કહ્યો છે ?

ગૌતમ ! જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને અમૂર્છિત થઈ અનાસક્ત ભાવે આહાર કરે છે, તો હે ગૌતમ ! અંગાર દોષરહિત પાન–ભોજન કહેવાય.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને અત્યંત અપ્રીતિ ન કરતો આહાર કરે, તે ધૂમદોષરહિત પાન–ભોજન કહેવાય.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશન–પાન આદિ ગ્રહણ કરીને જેવું પ્રાપ્ત થાય તેવું જ આહારે, તે સંયોજના દોષથી મુક્ત પાન–ભોજન છે. હે ગૌતમ ! આ તેનો અર્થ કહ્યો.

સૂત્ર–૩૩૭

ભગવન્ ! ક્ષેત્ર–કાળ–માર્ગ–પ્રમાણથી અતિક્રાંત પાન–ભોજનનો શો અર્થ કહ્યો ?

ગૌતમ ! જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિને સૂર્ય ઊગ્યા પહેલા ગ્રહણ કરીને, સૂર્ય ઊગ્યા પછી તે આહાર કરે, તે હે ગૌતમ ! ક્ષેત્રાતિક્રાંત પાન ભોજન છે.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિને પહેલી પોરીસીએ ગ્રહણ કરીને છેલ્લી પોરીસી સુધી રાખીને પછી તે આહાર કરે, તે કાલાતિક્રાંત પાન–ભોજન છે.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિને ગ્રહણ કરીને અર્ધ યોજન મર્યાદા ઓળંગીને તે આહાર કરે, તે માર્ગાતિક્રાંત પાન–ભોજન છે.

જે સાધુ–સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિ ગ્રહણ કરીને, કુકડીના ઇંડા પ્રમાણ માત્ર એવો ૩૨ કોળીયાથી અધિક આહાર કરે તે પ્રમાણાતિક્રાંત પાન–ભોજન કહેવાય. આઠ કોળીયા પ્રમાણ આહાર લે તો તે અલ્પાહારી છે, ૧૨ કોળીયા પ્રમાણ લે તો અપાર્દ્ધ અવમોદરિકા છે, ૧૬–કોળીયા પ્રમાણ લે તો દ્વિભાગ પ્રાપ્ત કહેવાય, ૨૪ કોળીયા લે તો તે ઉણોદરિકા વાળો આહાર કરે છે, ૩૨ કોળીયા પ્રમાણ લે તો પ્રમાણ પ્રાપ્ત આહાર કહેવાય.

તેનાથી એક પણ કોળીયો ઓછો આહાર કરે તો તે શ્રમણ નિર્ગ્રન્થ ભરપેટ ખાનાર કહેવાતો નથી. હે ગૌતમ ! ક્ષેત્રાતિક્રાંત, કાલાતિક્રાંત આદિ આહાર–પાણી નો અર્થ છે.

સૂત્ર–૩૩૮

ભગવન્ ! શસ્ત્રાતીત, શસ્ત્રપરિણામિત, એષિત, વ્યેષિત, સામુદાનિક પાન–ભોજનનો શો અર્થ કહ્યો છે?

ગૌતમ ! જે સાધુ–સાધ્વી શસ્ત્ર–મુસલાદિનો ત્યાગ કરેલ છે, માળા–વર્ણક–વિલેપનરહિત છે, તેઓ જો એવા આહારને કરે જે કૃમિ આદિથી રહિત, જીવચ્યુત અને જીવમુક્ત છે, જે સાધુ માટે કરેલ–કરાવેલ નથી, જે અસંકલ્પિત–અનાહૂત–અક્રીતકૃત–અનુદ્દિષ્ટ છે, નવકોટિ પરિશુદ્ધ છે, દશ દોષથી મુક્ત છે. ઉદ્ગમ–ઉત્પાદન–એષણા દોષોથી રહિત છે, અંગાર–ધૂમ–સંયોજના દોષરહિત છે, સુરસુર–ચવચવ શબ્દરહિત છે, અદ્રુત–અવિલંબિત છે, અપરિશાટી(છાંડ્યા અને ઢોળ્યા વિના), ગાડીની ધૂરીના અંજન કે અનુલેપનરૂપ છે, સંયમયાત્રા માત્રા નિમિત્ત છે

સંયમભાર વહનાર્થે, બિલમાં પ્રવેશતા સર્પ માફક આત્માર્થે આહાર કરે છે, તે હે ગૌતમ ! શસ્ત્રાતીત, શસ્ત્ર પરિણામિત યાવત્ પાનભોજન છે. તેવો અર્થ કહેલ છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે

શતક–૭, ઉદ્દેશા–૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૨ 'વિરતિ'

### સૂત્ર–૩૩૯

ભગવન્ ! મેં સર્વે પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વના પ્રત્યાખ્યાન કરેલ છે, એમ કહેનારાને સુપ્રત્યાખ્યાન થાય છે કે દુષ્પ્રત્યાખ્યાન ? ગૌતમ ! સર્વે પ્રાણ યાવત્ સત્ત્વની હિંસાનું મેં પચ્ચક્‌ખાણ કર્યું છે, તેમ કહેનારને કદાચિત્ સુપ્રત્યાખ્યાન થાય અને કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન થાય ? ગૌતમ !

જેણે સર્વે પ્રાણ યાવત્ સત્ત્વોની હિંસાના પચ્ચક્‌ખાણ કર્યા છે, એમ કહેનારને એવું જ્ઞાન હોતું નથી કે આ જીવ છે–આ અજીવ છે, આ ત્રસ છે–આ સ્થાવર છે, તેથી તેને સુપ્રત્યાખ્યાન ન થાય, પણ દુષ્પ્રત્યાખ્યાન થાય છે.

સર્વે પ્રાણ યાવત્ સત્ત્વોની હિંસાના પચ્ચક્‌ખાણ મેં કર્યા છે, તેમ કહેનાર તે દુષ્પ્રત્યાખ્યાની પુરુષ સત્ય નહીં, જૂઠુ વચન બોલે છે. એ રીતે તે મૃષાવાદી સર્વે પ્રાણ યાવત્ સત્ત્વો પ્રતિ ત્રણ કરણ, ત્રણ યોગથી અસંયત, અવિરત, પાપકર્મથી અપ્રતિહત, પાપકર્મની અપ્રત્યાખ્યાની ક્રિયા વડે યુક્ત, અસંવૃત્ત(સંવર રહિત), એકાંત દંડ(હિંસાકારક), એકાંતબાલ(અજ્ઞાની) થાય છે.

મેં સર્વે પ્રાણ યાવત્ સત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે, એમ કહેનારને જો એ જ્ઞાત હોય કે આ જીવ છે–આ અજીવ છે, આ ત્રસ છે–આ સ્થાવર છે. તે પુરુષને સુપ્રત્યાખ્યાન છે, દુષ્પ્રત્યાખ્યાન નથી.

એ રીતે તે સુપ્રત્યાખ્યાની, 'મેં સર્વે પ્રાણો યાવત્ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે' એવી સત્યભાષા બોલે છે, મૃષાભાષા બોલતો નથી. એ રીતે તે સત્યવાદી સર્વે પ્રાણો યાવત્ સત્ત્વો પ્રતિ ત્રિવિધે ત્રિવિધે સંયત–વિરત–પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મી, અક્રિય, સંવૃત્ત અને એકાંતપંડિત થાય છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ ક્યારેક સુપ્રત્યાખ્યાન થાય અને ક્યારેક દુષ્પ્રત્યાખ્યાન થાય.

### સૂત્ર–૩૪૦ થી ૩૪૨

**૩૪૦.** ભગવન્ ! પચ્ચક્‌ખાણ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ – ૧. મૂલગુણ પ્રત્યાખ્યાન, અને ૨. ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

ભગવન્ ! મૂલગુણ પ્રત્યાખ્યાન કેટલા ભેદે છે ? ગૌતમ ! તે બે ભેદે છે. ૧. સર્વમૂલગુણ પચ્ચક્‌ખાણ, અને ૨. દેશમૂલગુણ પચ્ચક્‌ખાણ.

ભગવન્ ! સર્વ મૂલગુણ પચ્ચક્‌ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! પાંચ ભેદેછે. તે આ– ૧.સર્વથા પ્રાણાતિપાતથી વિરમણ, ૨. સર્વથા મૃષાવાદથી વિરમણ, ૩. સર્વથા અદત્તાદાનથી વિરમણ, ૪. સર્વથા મૈથુનથી વિરમણ, ૫. સર્વથા પરિગ્રહથી વિરમણ.

ભગવન્ ! દેશમૂલગુણ પચ્ચક્‌ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! પાંચ. તે આ – સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ યાવત્ સ્થૂલ પરિગ્રહ વિરમણ.

ભગવન્ ! ઉત્તરગુણ પચ્ચક્‌ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! બે. તે આ – સર્વ ઉત્તરગુણ પચ્ચક્‌ખાણ, દેશ ઉત્તર ગુણ પચ્ચક્‌ખાણ.

ભગવન્ ! સર્વ ઉત્તરગુણ પચ્ચક્‌ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! દશ. તે આ પ્રમાણે–

**૩૪૧.** અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિણામકૃત, નિરવશેષ, સંકેત અને

અદ્ધા–પ્રત્યાખ્યાન.

**૩૪૨.**ભગવન્ ! દેશઉત્તરગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે ? સાત– દિગ્વ્રત, ઉપભોગ–પરિભોગ પરિમાણ, અનર્થદંડ વિરમણ, સામાયિક, દેશાવકાસિક, પૌષધોપવાસ, અતિથિસંવિભાગ – તથા – અપશ્ચિમ મારણાંતિક સંલેખના જોષણા–આરાધના.

સૂત્ર–૩૪૩

ભગવન્ ! શું જીવો મૂલગુણપચ્ચક્ખાણી છે, ઉત્તરગુણપચ્ચક્ખાણી છે કે અપચ્ચક્ખાણી છે ? ગૌતમ ! જીવો આ ત્રણે પચ્ચક્ખાણી છે.

ભગવન્ ! નૈરયિકો, મૂલગુણ પચ્ચક્ખાણી છે આદિ પૃચ્છા. ગૌતમ ! નૈરયિકો મૂલગુણ કે ઉત્તરગુણ પચ્ચક્ખાણી નથી, પણ અપચ્ચક્ખાણી છે. એ પ્રમાણે ચતુરિન્દ્રિય જીવો પર્યન્ત કહેવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોને જીવોની જેમ જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકો જેવા જાણવા.

ભગવન્ ! આ મૂલગુણ પચ્ચક્ખાણી, ઉત્તરગુણ પચ્ચક્ખાણી અને અપચ્ચક્ખાણીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી ઓછા મૂલગુણ પચ્ચક્ખાણી છે, તેનાથી ઉત્તરગુણ પચ્ચક્ખાણી અસંખ્યાતા, તેનાથી અપચ્ચક્ખાણી અનંતગુણા છે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકનો પ્રશ્ન, ગૌતમ ! મૂલગુણ પચ્ચક્ખાણી પંચેન્દ્રિય તિર્યંચ જીવો સૌથી થોડા, ઉત્તરગુણ પચ્ચક્ખાણી તેનાથી અસંખ્યગુણા, અપ્રત્યાખ્યાની તેનાથી અસંખ્યગુણા છે.

ભગવન્ ! આ મનુષ્યોમાં મૂલગુણ પચ્ચક્ખાણી આદિ પૃચ્છા. ગૌતમ ! મૂલગુણ પચ્ચક્ખાણી મનુષ્યો સૌથી થોડા, તેનાથી ઉત્તરગુણ પચ્ચક્ખાણી સંખ્યાત ગુણા, તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા છે.

ભગવન્ ! શું જીવો, સર્વમૂલગુણ પચ્ચક્ખાણી છે, દેશમૂલગુણ પચ્ચક્ખાણી છે કે અપચ્ચક્ખાણી છે ? ગૌતમ ! જીવો આ ત્રણે પચ્ચક્ખાણી છે.

નૈરયિક જીવો વિશે પૃચ્છા – ગૌતમ ! નૈરયિકો સર્વ મૂલગુણ પચ્ચક્ખાણી નથી કે દેશ મૂલગુણ પચ્ચક્ખાણી નથી, પરંતુ અપચ્ચક્ખાણી છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા – ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો સર્વમૂલગુણ પચ્ચક્ખાણી નથી, દેશ મૂલગુણ પચ્ચક્ખાણી છે અને અપચ્ચક્ખાણી પણ છે..

મનુષ્યને સામાન્ય જીવો સમાન કહેવા, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિક સમાન કહેવા.

ભગવન્ ! આ જીવોમાં સર્વમૂલગુણ પચ્ચક્ખાણી, દેશમૂલગુણ પચ્ચક્ખાણી, અપચ્ચક્ખાણી જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા મૂલગુણ પચ્ચક્ખાણી જીવ છે, દેશમૂલગુણ પચ્ચક્ખાણી તેનાથી અસંખ્ય ગુણા, અપચ્ચક્ખાણી તેનાથી અનંતગુણા છે. એ પ્રમાણે ત્રણેનું અલ્પબહુત્વ પહેલા દંડક મુજબ કહેવું. વિશેષ એ કે– સૌથી થોડા દેશમૂલગુણ પ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચો છે અને તેનાથી અપ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યગુણા છે.

ભગવન્ ! જીવો સર્વ ઉત્તરગુણ પચ્ચક્ખાણી છે, દેશ ઉત્તરગુણ પચ્ચક્ખાણી છે કે અપચ્ચક્ખાણી છે? ગૌતમ! તે ત્રણે છે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો પણ એમ જ છે. બાકીના વૈમાનિક સુધી જીવોઅપચ્ચક્ખાણી છે.

ભગવન્ ! આ સર્વ ઉત્તર ગુણ પચ્ચક્ખાણી, દેશ ઉત્તરગુણ પચ્ચક્ખાણી, અપચ્ચક્ખાણી જીવોમાં અલ્પબહુત્વ પહેલા દંડકમાં કહ્યા મુજબ, મનુષ્યો સુધી જાણવું.

ભગવન્ ! જીવો સંયત છે, અસંયત છે કે સંયતાસંયત ? ગૌતમ ! તે ત્રણે છે. એ પ્રમાણે જેમ પન્નવણા સૂત્રના પદ– ૩૨ માં કહ્યા પ્રમાણે, વૈમાનિક સુધી કહેવું. ત્રણેનું અલ્પબહુત્વ પણ પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! જીવો પચ્ચક્ખાણી છે, અપચ્ચક્ખાણી છે કે પચ્ચક્ખાણા–પચ્ચક્ખાણી છે ? ગૌતમ ! ત્રણે છે.

એ પ્રમાણે મનુષ્યો પણ ત્રણે છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવો પહેલા વિકલ્પથી રહિત છે. બાકીના બધા વૈમાનિક સુધીના જીવો અપચ્ચક્ખાણી છે.

ભગવન્! પ્રત્યાખ્યાની આદિ જીવોમાં યાવત્ કોણ વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડા જીવો પચ્ચક્ખાણી છે, પચ્ચક્ખાણા–પચ્ચક્ખાણી જીવો તેનાથી અસંખ્યાતગણા છે, અપચ્ચક્ખાણી જીવો તેનાથી અનંતગુણા છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકજીવોમાં સૌથી થોડા પચ્ચક્ખાણા–પચ્ચક્ખાણી જીવો છે, તેનાથી, અપચ્ચક્ખાણી અસંખ્યાતગણા છે. મનુષ્યોમાં સૌથી થોડા પચ્ચક્ખાણી જીવો છે,, પચ્ચક્ખાણા–પચ્ચક્ખાણી જીવો તેનાથી સંખ્યાતગુણા છે,, અપચ્ચક્ખાણી જીવો તેનાથી અસંખ્યાતગણા છે.

સૂત્ર–૩૪૪

ભગવન્ ! શું જીવો શાશ્વત છે કે અશાશ્વત છે ? ગૌતમ ! કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્ય દૃષ્ટિએ જીવો શાશ્વત છે, અને ભાવ(પર્યાય)દૃષ્ટિએ અશાશ્વત છે, માટે હે ગૌતમ ! એમ કહ્યું. કે જીવો કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.

ભગવન્ ! નૈરયિકો શાશ્વત કે અશાશ્વત ? સામાન્ય જીવની જેમ નૈરયિક પણ કહેવા. એ જ રીતે વૈમાનિક સુધી ૨૪ દંડકમાં કહેવું કે જીવ કથંચિત્ શાશ્વત, કથંચિત્ અશાશ્વત છે. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.

## શતક–૭, ઉદ્દેશા–૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૭, ઉદ્દેશો–૩ 'સ્થાવર'

સૂત્ર–૩૪૫

ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ કયા સમયે સર્વ અલ્પહારી અને કયા કાળે સર્વ મહાહારી હોય છે ? ગૌતમ ! પ્રાવૃટ્ (વર્ષા)ઋતુમાં અર્થાત શ્રાવણ અને ભાદરવામાં તથા વર્ષાઋતુ(આસો અને કારતક)માં વનસ્પતિકાયિક જીવ સર્વ મહાહારી હોય છે. પછી શરદઋતુમાં, પછી હેમંતઋતુમાં, પછી વસંતઋતુમાં, પછી ગ્રીષ્મઋતુમાં વનસ્પતિકાયિક જીવ ક્રમશ: અલ્પાહારી હોય છે, ગ્રીષ્મઋતુમાં તે સર્વ અલ્પાહારી હોય છે.

ભગવન્ ! જ્યારે ગ્રીષ્મમાં વનસ્પતિકાયિક સર્વાલ્પહારી હોય છે, તો ગ્રીષ્મમાં ઘણા વનસ્પતિકાયો પત્ર, પુષ્પ, ફળો, હરિયાળીથી દેદીપ્યમાન અને શોભાથી અતિ શોભતા કેમ હોય છે ? ગૌતમ ! ગ્રીષ્મમાં ઘણા ઉષ્ણયોનિક જીવો અને પુદ્‌ગલો વનસ્પતિકાયરૂપે ઉત્પન્ન થાય છે, વિશેષે ઉત્પન્ન થાય છે, ચય(વૃદ્ધિ)–ઉપચય(વિશેષ વૃદ્ધિ) પામે છે, એ રીતે હે ગૌતમ ! ગ્રીષ્મઋતુમાં ઘણા વનસ્પતિકાય(પત્ર, પુષ્પ) યાવત્ શોભે છે.

સૂત્ર–૩૪૬

ભગવન્ ! શું વનસ્પતિકાયિકના મૂલ, મૂલ જીવોથી સ્પૃષ્ટ હોય છે ?, કંદ, કંદ જીવોથી સ્પૃષ્ટ હોય છે ? યાવત્ બીજો, બીજ જીવોથી સ્પૃષ્ટ હોય છે ? હા, ગૌતમ ! તેમ જ છે.

ભગવન્ ! જો મૂલ, મૂલના જીવોથી સ્પૃષ્ટ(વ્યાપ્ત)હોય યાવત્ બીજ, બીજના જીવોથી સ્પૃષ્ટ હોય, તો ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ કઈ રીતે આહાર કરે ?, કઈ રીતે પરિણમાવે છે ?

ગૌતમ ! મૂલ, મૂલના જીવોથી સ્પૃષ્ટછે અને તે પૃથ્વીના જીવો સાથે પ્રતિબદ્ધ છે, તેથી તે પૃથ્વીમાંથી આહાર લે છે અને પરિણમાવે છે. એ રીતે કંદ, કંદના જીવોથી સ્પૃષ્ટ છે અને મૂલના જીવ સાથેપ્રતિબદ્ધ હોય છે, તેથી તે મૂળના જીવો દ્વારા પરિણમાવેલ આહારને ગ્રહણ કરે છે અને પરિણમાવે છે. એ રીતે યાવત્ બીજ, બીજ જીવ સ્પૃષ્ટ, ફલ જીવ પ્રતિબદ્ધ છે. આહારને ગ્રહણ કરે છે અને પરિણમાવે છે.

સૂત્ર–૩૪૭

ભગવન્ ! આલુ, મૂળા, આદુ, હિરિણી, સિરિલી, સિસ્સિરિલી, કિટ્ટિકા, ક્ષીરિકા, ક્ષીરવિદારિકા, કૃષ્ણકંદ,

વજ્રકંદ, સૂરણકંદ, ખિલુડા, આર્દ્ર ભદ્ર મોથા, પિંડહરિદ્રા, લોહી, નીહૂ, થીહૂ, થિરૂગા, મુદ્‌ગપર્ણી, અશ્વકર્ણી, સિંહંડી, મુસુંડી આ અને આવા પ્રકારના સર્વે અનંત જીવવાળી, વિવિધ જીવવાળી છે ? હા, ગૌતમ ! તેમ જ છે.

સૂત્ર–૩૪૮

ભગવન્ ! શું કૃષ્ણલેશ્યાવાળા નૈરયિક કદાચિત્ અલ્પ કર્મવાળા અને નીલલેશ્યાવાળા નૈરયિક મહાકર્મવાળા હોય ? હા, ગૌતમ !કદાચ હોય – એમ કેમ કહ્યું ? ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ હોય. તેથી ગૌતમ ! પૂર્વવત્ કહ્યું. ભગવન્ ! શું નીલલેશ્યી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને કાપોતલેશ્યી નૈરયિક મહાકર્મી હોય. હા,ગૌતમ ! કદાચ હોય. એમ કેમ કહ્યું ગૌતમ ! સ્થિતિની અપેક્ષા યાવત્ તેમ હોય.

એ પ્રમાણે અસુરકુમારમાં પણ જાણવું. વિશેષ એ કે તેમાં – તેજોલેશ્યા અધિક હોય. એ રીતે વૈમાનિક સુધી કહેવું. જેને જેટલી લેશ્યા હોય તેને તેટલી કહેવી. પણ જ્યોતિષ્કદેવો ન કહેવા કેમ કે તેમાં એક તેજોલેશ્યા જ હોય છે.

ભગવન્ ! પદ્મલેશ્યી વૈમાનિક કદાચિત્ અલ્પકર્મી અને શુક્લલેશ્યી વૈમાનિક મહાકર્મી હોય ? હા, ગૌતમ ! કદાચ હોય – એમ કેમ કહ્યું ? બાકી બધું નૈરયિકવત્ કહેવું યાવત્ મહાકર્મી હોય છે.

સૂત્ર–૩૪૯

ભગવન્ ! શું જે વેદના છે તે નિર્જરા છે અને નિર્જરા છે તે વેદના છે ? ગૌતમ ! ના, તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું? જે વેદના છે તે નિર્જરા નથી અને નિર્જરા છે તે વેદના નથી ? ગૌતમ ! વેદના કર્મ છે, નિર્જરા નોકર્મ છે. તેથી એમ કહ્યું. વેદના છે તે નિર્જરા નથી અને નિર્જરા છે તે વેદના નથી

ભગવન્ ! શું નૈરયિકોની વેદના તે નિર્જરા છે અને નિર્જરા તે વેદના છે કહેવાય ? ગૌતમ ! ના, તેમ ન કહેવાય. એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિકોની વેદના તે કર્મ છે, નિર્જરા નોકર્મ છે. તેથી ગૌતમ ! એમ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! શું જે કર્મો વેદાયા(ભોગવાયા) તે નિર્જર્યા, જે કર્મો નિર્જર્યા તે વેદાયા છે એમ કહેવાય? ગૌતમ !ના, તેમ ન કહેવાય. ભગવન્ ! એમ કેમ કહ્યું– જે કર્મો વેદાયા તે નિર્જર્યા નથી જે કર્મો નિર્જર્યા તે વેદાયા નથી? ગૌતમ ! કર્મોનું વેદન કર્યું હતું અને નોકર્મની નિર્જરા કરી હતી, તેથી હે ગૌતમ ! એમ કહ્યું.

ભગવન્ ! નૈરયિકોને જે કર્મ વેદાયુ તે નિર્જર્યુ એમ કહેવાય ? ગૌતમ ! જેમ સામાન્ય જીવોના વિષયમાં કહ્યું તેમ નૈરયિકોથી વૈમાનિક સુધી ૨૪ દંડકમાં જાણવું.

ભગવન્ ! શું જે કર્મને વેદે છે, તેને નિર્જરે છે, જેને નિર્જરે છે, તેને વેદે છે ? ગૌતમ ! તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? જે કર્મને વેદે છે, તેને નિર્જરતા નથી અને જેને નિર્જરે છે, તેનું વેદન કરતા નથી. ગૌતમ ! કર્મને વેદે છે, નોકર્મને નિર્જરે છે. માટે હે ગૌતમ !એમ કહ્યું. એ રીતે નૈરયિકોથી વૈમાનિક સુધી કથન કરવું..

ભગવન્ ! શું જે કર્મોને વેદશે તે નિર્જરશે, જે કર્મોને નિર્જરશે તે વેદશે એમ કહેવાય? ગૌતમ ! તેમ ન કહેવાય. એમ કેમ કહ્યું – જે કર્મોને વેદશે તે નિર્જરશે નહી અને, જે કર્મોને નિર્જરશે તે વેદશે નહી ? ગૌતમ ! કર્મને વેદશે, નોકર્મને નિર્જરશે, માટે એમ કહ્યું. એ રીતે નૈરયિકથી વૈમાનિક સુધી કથન કરવું.

ભગવન્ ! જે વેદનાનો સમય છે તે નિર્જરાનો સમયછે અને જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય છે, એમ કહેવાય ? ના, તેમ ન કહેવાય. એમ કેમ કહ્યું કે જે વેદનાનો સમય છે તે નિર્જરાનો સમય નથી અને જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય નથી?

ગૌતમ ! જે સમયે વેદે છે, તે સમયે નિર્જરા નથી કરતા, જે સમયે નિર્જરા કરે છે. તે સમયે વેદતા નથી. અન્ય સમયે વેદે છે. અન્ય સમયે નિર્જરે છે. વેદના સમય અન્ય છે, નિર્જરા સમય અન્ય છે. તેથી એમ કહ્યું છે.

ભગવન્ ! નૈરયિકોને જે વેદના સમય છે, તે નિર્જરા સમય અને જે નિર્જરા સમય, તે વેદના સમય છે? ગૌતમ ! તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો, જે સમયે વેદે છે, તે સમયે નિર્જરતા નથી, જે સમયે નિર્જરે છે,

તે સમયે વેદતા નથી. અન્ય સમયે વેદે છે, અન્ય સમયે નિર્જરે છે. વેદના સમય અલગ છે, નિર્જરા સમય અલગ છે. તેથી એમ કહ્યું છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

સૂત્ર–૩૫૦

ભગવન્ ! નૈરયિક જીવો શાશ્વત કે અશાશ્વત ? ગૌતમ ! કથંચિત શાશ્વત, કથંચિત અશાશ્વત. ભગવન્ ! એમ કેમ કહ્યું કે નૈરયિક જીવો કથંચિત શાશ્વત, કથંચિત અશાશ્વત છે ? ગૌતમ ! અવ્યુચ્છિતિનયની અપેક્ષાએ અર્થાત દ્રવ્યથી શાશ્વત છે. વ્યુચ્છિત્તિનય અપેક્ષાએ અર્થાત પર્યાયથી અશાશ્વત છે, તેથી એમ કહ્યું છે.

એ રીતે વૈમાનિક સુધી જાણવું. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.

શતક–૭, ઉદ્દેશા–૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૪ 'જીવ'

સૂત્ર–૩૫૧, ૩૫૨

**૩૫૧.** રાજગૃહનગરે યાવત્ એમ કહ્યું – સંસારી જીવના કેટલા ભેદ છે ? ગૌતમ ! છ ભેદ છે. તે આ પ્રમાણે– પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક. જે પ્રમાણે જીવાભિગમ સૂત્રમાં તિર્યંચ સંબંધી ઉદ્દેશામાં કહ્યું છે તેમ સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા સુધી તે કહેવું. હે ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.

**૩૫૨.** એક ગાથા દ્વારા અહી સમાવેલ વિષયોને કહે છે– જીવોના છ ભેદ, પૃથ્વી આદિ જીવોની સ્થિતિ, ભવસ્થિતિ, કાયસ્થિતિ, નિર્લેપન, અણગારક્રિયા, સમ્યક્ત્વ મિથ્યાત્વ ક્રિયા.

શતક–૭, ઉદ્દેશા–૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૫ 'પક્ષી'

સૂત્ર–૩૫૩, ૩૫૪

**૩૫૩.** રાજગૃહમાં યાવત્ એમ કહે છે – ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો યોનિસંગ્રહ, ભગવન્ ! કેટલા ભેદે છે? ગૌતમ ! ત્રણ પ્રકારે છે, તે આ – અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ. એ પ્રમાણે જીવાભિગમ સૂત્રાનુસાર કહેવું. યાવત્ તે વિમાનોનું ઉલ્લંઘન ન કરવું. હે ગૌતમ ! વિમાનો એટલા મોટા કહ્યા છે. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

**૩૫૪.** એક ગાથામાં અહી સમાવેલા વિષયોને જણાવે છે– યોનિસંગ્રહ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, જાતિ–કુલકોટિ.

શતક–૭, ઉદ્દેશા–૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૬ 'આયુ'

સૂત્ર–૩૫૫ થી ૩૫૮

૩૫૫. રાજગૃહિમાં ગૌતમસ્વામીએ પૂછ્યું કે– ભગવન્ !જે જીવ નરકમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તે આ ભવમાં રહીને નૈરયિકાયુ બાંધે કે નરકમાં ઉત્પન્ન થતો નૈરયિકાયુ બાંધે કે ત્યાં ઉત્પન્ન થઈને પછી નૈરયિકાયુ બાંધે?

ગૌતમ ! તે આ ભવમાં રહીને નૈરયિકાયુ બાંધે,, ત્યાં ઉત્પન્ન થતો કે ઉત્પન્ન થઈને નૈરયિકાયુ ન બાંધે.

આ પ્રમાણે અસુર કુમારોનાં આયુના બંધમાં પણ કહેવું – યાવત્ – વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જે જીવ નારકોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે અહીં રહીને નૈરયિકાયુ વેદે કે ત્યાં ઉત્પન્ન થતો નૈરયિકાયુ વેદે કે ત્યાં ઉત્પન્ન થયા પછી નારકનું આયુ વેદે છે ? ગૌતમ ! તે અહીં રહીને નૈરયિકાયુ ન વેદે. પણ ત્યાં

ઉત્પન્ન થતો કે ઉત્પન્ન થઈને પછી નૈરયિકાયુનું વેદન કરે છે. આ પ્રમાણે વૈમાનિક સુધી કહેવુ.

ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવને અહીં રહીને મહાવેદના હોય કે નરકમાં ઉત્પન્ન થતા મહાવેદના હોય કે નરકમાં ઉત્પન્નન થયા પછી મહાવેદના હોય ? ગૌતમ ! તેને અહીં રહીને કદાચ મહાવેદના, કદાચ અલ્પવેદના હોય. નરકમાં ઉત્પન્ન થવા જતા પણ તેમજ હોય, પણ નરકમાં ઉત્પન્ન થયા પછી એકાંત દુઃખરૂપ વેદના હોય છે, અને ક્યારેક સાતા વેદનાનું વેદન કરે છે.

ભગવન્ ! અસુરકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવો વિશે વેદનાના વિષયમાં પ્રશ્ન – ગૌતમ ! અસુરકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવોમાંથી કોઈને આ ભવમાં કદાચ મહાવેદના કે કદાચ અલ્પવેદના હોય. ઉત્પન્ન થતો હોય ત્યારે પણ કદાચ મહાવેદના કે કદાચ અલ્પવેદના હોય. પણ ઉત્પન્ન થયા પછી એકાંત સાતા વેદના હોય, ક્યારેક અશાતા વેદના હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

ભગવન્ ! જે જીવ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તેનો વેદના સંબંધી પ્રશ્ન. ગૌતમ ! પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવોમાંથી કોઈને મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય.પૃથ્વીકાયમાં ઉત્પન્ન થતો હોય ત્યારે પણ તેમજ હોય. ઉત્પન્ન થયા પછી વિવિધ પ્રકારે વેદના થાય છે. એ રીતે યાવત્ મનુષ્યમાં જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં અસુરકુમારની જેમ કથન કરવું.

**૩૫૬**. ભગવન્ ! જીવો આભોગ(જાણીને) નિર્વર્તિતાયુ છે કે અનાભોગ(અજાણતા) નિર્વર્તિતાયુ ? ગૌતમ ! જીવ જાણીને આયુનો બંધ કરનાર નથી,પણ અજાણતા આયુનો બંધ કરનારા છે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિક સુધી જાણવું.

**૩૫૭**. ભગવન્ ! શું જીવો કર્કશવેદનીય(અતિ દુઃખથી ભોગવાય તેવા કર્મો કરે છે ? હા, ગૌતમ ! તેવા કર્મો કરે છે. ભગવન્ ! જીવો કર્કશ વેદનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યથી બાંધે.

ભગવન્ ! નૈરયિકો કર્કશ વેદનીય કર્મ બાંધે ? હા, પૂર્વવત્. એ રીતે વૈમાનિક સુધી જાણવું.

ભગવન્ ! જીવો અકર્કશ વેદનીય(સુખે ભોગવાય તેવા) કર્મ બાંધે? હા, ગૌતમ ! બાંધે. ભગવન્ ! જીવો અકર્કશ વેદનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શન શલ્ય વિવેકથી જીવો અકર્કશ વેદનીય કર્મો બાંધે.

ભગવન્ ! નૈરયિકો, અકર્કશ વેદનીય કર્મ બાંધે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. એ રીતે વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે – મનુષ્યોને જીવની જેમ જાણવા.

૩૫૮. ભગવન્ ! જીવો સાતા વેદનીય કર્મ બાંધે ? હા, બાંધે. ભગવન્ ! જીવો સાતા વેદનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રાણ–ભૂત–જીવ–સત્વોની અનુકંપાથી, તથા ઘણા પ્રાણ યાવત્ સત્વોને દુઃખ–શોક–જૂરણ–તિપ્પણ–પિટ્ટણ–પરિતાપન ન આપીને, એ રીતે સાતા વેદનીય કર્મ બાંધે.

એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકો સુધી કથન કરવું.

ભગવન્ ! જીવો અસાતા વેદનીય કર્મ બાંધે ? હા, બાંધે. ભગવન્ ! જીવો અસાતા વેદનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! બીજા જીવોને દુઃખ–શોક–જૂરણ–તિપ્પણ–પિટ્ટણ–પરિતાપ આપીને, ઘણા પ્રાણ યાવત્ સત્વોને દુઃખ આપીને યાવત્ પરિતાપ ઉપજાવીને અસાતા વેદનીય કર્મ બાંધે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિક સુધી જાણવું.

## સૂત્ર–૩૫૯

ભગવન્ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં દૂષમ દૂષમકાળમાં, ઉત્કટ અવસ્થા પ્રાપ્ત થશે ત્યારે ભરતક્ષેત્રના કેવા આકાર–ભાવ પ્રત્યાવતાર થશે ? ગૌતમ ! તે કાળ આવો. થશે –

હાહાભૂત, ભંભાભૂત, કોલાહલભૂત, સમયના અનુભાવથી અતિ ખર–કઠોર ધૂળથી મલિન, અસહ્ય, વ્યાકુળ ભયંકર વાયુ, સંવર્તક વાયુ વાશે. અહીં વારંવાર ધૂળ ઊડવાથી ચારે દિશા રજવાળી, રેતથી કલુષિત, અંધકાર

પટલયુક્ત નિરાલોક થશે. સમયની રૂક્ષતાથી ચંદ્ર અતિ શીતતા ફેંકશે, સૂર્ય અધિક તપશે, પછી વારંવાર ઘણો અરસ–વિરસ–ખાર–ખટ્ટ–અગ્નિ–વિદ્યુત–વિષ–અશનિ મેઘ, ન પીવા યોગ્ય જળ, વ્યાધિ–રોગ–વેદના ઉત્પાદક પરિણામી જળ, અમનોજ્ઞ જળ, પ્રચંડ વાયુના આઘાત થકી તીક્ષ્ણ ધારાથી પડતી પ્રચુર વર્ષા થશે. જેનાથી ભરત ક્ષેત્રના –

ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, આશ્રમ આદિમાં રહેનાર જનસમૂહ, ચતુષ્પદ ગવેલગ, ખેચર પક્ષી સંઘ, ગામ અને જંગલમાં સંચાર રત ત્રસ પ્રાણી, અનેક પ્રકારના વૃક્ષ, ગુલ્મ, લતા, વેલ, ઘાસ, પર્વક, હરિત, ઔષધિ, અંકુરાદિ તૃણ વનસ્પતિ વિનષ્ટ થશે. વૈતાઢ્યગિરિને છોડીને બધા પર્વત, નાના પહાડ, ટીલા, ડુંગર, સ્થળ, રેગિસ્તાનાદિ બધાનો વિનાશ થશે. ગંગા અને સિંધુ નદી છોડીને બધી નદી, ઝરણા આદિ નષ્ટ થશે. દુર્ગમ અને વિષમ ભૂમિમાં રહેલ બધા સ્થળ સમતલ ક્ષેત્ર થઈ જશે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રની ભૂમિનો આકાર, ભાવોનો આવિર્ભાવ કેવો થશે?

ગૌતમ ! તેની ભૂમિ અંગાર–છારિય–મુર્મુર–તપ્તક વેલક–તપ્ત સમ જ્યોતિરૂપ, ઘણી જ ધૂળ–રેતી–કાદવ–શેવાળ–ચલણી–ધરણી ગોચર થઈ જશે. જીવોને ચાલવું દુષ્કર થઈ જશે.

સૂત્ર–૩૬૦

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના મનુષ્યોના આકાર, ભાવપ્રત્યાવતાર કેવા હશે ?

ગૌતમ ! મનુષ્યો કુરૂપ, કુવર્ણ, દુર્ગંધી, કુરસ, કુસ્પર્શવાળા, અનિષ્ટ, અકાંત યાવત્ અમણામ, હીન–દીન–અનિષ્ટ યાવત્ અમણામ સ્વરવાળા, અનાદેય–અપ્રીતિયુક્ત વચનવાળા, નિર્લજ્જ, કૂડ–કપટ–કલહ–વધ–બંધ–વૈરમાં રત, મર્યાદા ઉલ્લંઘવામાં પ્રધાન, અકાર્યમાં ઉદ્યત, ગુરુ–નિયોગ વિનયરહિત, વિકલ રૂપવાળા, વધેલા નખ–કેશ–શ્મશ્રૂ–રોમવાળા, કાળા, કઠોર–ખર–શ્યામવર્ણા, ફુટ્ટ શિરા, પીળા–સફેદ વાળ વાળા, ઘણી નસોથી સંપન્ન દુર્દર્શનીય રૂપવાળા, સંકુચિત વલી તરંગોથી પરિવેષ્ટિત, જરા પરિણત વૃદ્ધ જેવા, પ્રવિરલ, પરિશટિત દંત શ્રેણી, ઉદ્ભટ ઘટ મુખવાળા, વિષમચક્ષુ, વાંકુ નાક, વાંકા વળેલા વિગત ભેસણ મુખવાળા, ભયંકર ખુજલીવાળા, (તથા)

કઠોર–તીક્ષ્ણ નખો વડે ખણવાને કારણે વિકૃત બનેલ શરીરી, દાદ–કોઢ–સિધ્મ, ફાટેલ, કઠોર ચામડી વાળા, વિચિત્ર અંગવાળા, ઊંટ ગતિ, વિષમ સંધિ બંધન, ઊંચી–નીચી હડ્ડી, વિભક્ત–દુર્બળ–કુસંઘયણ–કુપ્રમાણ–કુસંસ્થિત–કુરૂપ–કુસ્થાનાસન–કુશય્યા–કુભોજી–અશુચિ–અનેક વ્યાધિથી પીડિત અંગ, સ્ખલિત–વેજ્ઝલ ગતિ, નિરુત્સાહી, સત્ત્વરહિત, વિકૃત ચેષ્ટાવાળા, નષ્ટતેજા, વારંવાર શીત–ઉષ્ણ–ખર–કઠોર–વાત વ્યાપ્ત, મલિન–રજાદિ યુક્ત અંગવાળા, અતિ ક્રોધ–માન–માયા–લોભવાળા અશુભ દુઃખ ભોગી, (તથા)

પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ, ઉત્કૃષ્ટ એક હાથ માત્ર, ૧૬ થી ૨૦ વર્ષના અધિકાયુવાળા, ઘણા પુત્ર પૌત્રાદિ પરિવારવાળા, તેના પર સ્નેહવાળા હશે. તેના ૭૨ કુટુંબો બીજભૂત, બીજમાત્ર હશે. તેઓ ગંગા, સિંધુ નદીના બિલોમાં અને વૈતાઢ્ય પર્વતની ગુફાઓમાં આશ્રય લઈને નિવાસ કરશે.

ભગવન્ ! તે મનુષ્યો કેવો આહાર કરશે?

ગૌતમ ! તે કાળે, તે સમયે ગંગા, સિંધુ મહાનદી રથ–પથ વિસ્તારવાળી હશે. તેમાં રથની ધૂરીના પ્રવેશવાના છિદ્ર જેટલા ભાગમાં આવી શકે તેટલું પાણી વહેશે. તે પાણીમાં ઘણા મત્સ્ય, કાચબાદિ હશે. પાણી વધુ નહીં હોય. તે મનુષ્યો સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે એક મુહૂર્ત બિલની બહાર નીકળશે. નીકળીને માછલી, કાચબાદિ પકડીને જમીનમાં ગાડશે. એવા મચ્છ–કચ્છપ ઠંડી અને ગરમીથી સૂકાઈ જશે. એ રીતે તેઓ ૨૧,૦૦૦ વર્ષ સુધી આજીવિકા ચલાવતા વિચરશે.

ભગવન્ ! તે મનુષ્યો નિઃશીલ, નિર્ગુણ, નિર્મર્યાદ, પ્રત્યાખ્યાન પૌષધોપવાસ રહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી, કુણિમાહારી, કાળ માસે કાળ કરીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?

ગૌતમ ! પ્રાયઃ નરક, તિર્યંચ યોનિમાં ઉપજશે.

ભગવન્ ! સિંહ, વાઘ, વૃક, દ્વીપિક, રીંઝ, તરક્ષ, શરભાદિ હિંસકપશુ પણ તે પ્રમાણે યાવત્ ક્યાં ઉત્પન્ન થશે?

ગૌતમ ! પ્રાયઃ નરક, તિર્યંચ યોનિમાં ઉપજશે.

ભગવન્ ! તે કાળે ઢંક, કંક, વિલક, મદુક, શિખી પણ તે જ પ્રમાણે પ્રાયઃ નરક, તિર્યંચ ગતિમાં ઉપજશે.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૭, ઉદ્દેશા–૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૭ 'અણગાર'

### સૂત્ર–૩૬૧, ૩૬૨

**૩૬૧.** ભગવન્ ! ઉપયોગપૂર્વક ચાલતા, ઉભા રહેતા, બેસતા, સૂતા, ઉપયોગપૂર્વક વસ્ત્ર–પાત્ર–કંબલ–રજોહરણને લેતા–મૂકતા એવા સંવૃત્ત અણગારને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે?

ગૌતમ ! સંવૃત્ત અણગારને ઉપયોગપૂર્વક ચાલવું આદિ ક્રિયા કરતા યાવત્ ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા ન લાગે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ઐર્યાપથિકી ક્રિયા લાગે સાંપરાયિકી ક્રિયા ન લાગે. ?

ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા, લોભ ઉપશાંત કે ક્ષીણ થયા છે તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, તેમજ જેમ ઉત્સૂત્રે વર્તનારને સાંપરાયિકી ક્રિયા લાગે, તેમ સૂત્રાનુસાર વર્તનારને હે ગૌતમ ! યાવત્ સાંપરાયિકી ક્રિયા ન લાગે.

**૩૬૨.** ભગવન્ ! કામ રૂપી છે કે અરૂપી છે ? ગૌતમ ! કામ રૂપી છે અરૂપી નથી,

ભગવન્ ! કામ સચિત્ત છે કે અચિત્ત છે ? ગૌતમ ! કામ સચિત્ત પણ છે, અચિત્ત પણ છે.

ભગવન્ ! કામ જીવ છે કે અજીવ છે? ગૌતમ ! કામ જીવ પણ છે, અજીવ પણ છે.

ભગવન્ ! કામ જીવોને હોય કે અજીવોને હોય? ગૌતમ ! કામ જીવોને હોય, અજીવોને નહીં.

ભગવન્ ! કામ કેટલા પ્રકારે છે? ગૌતમ ! કામ બે પ્રકારે છે – શબ્દ અને રૂપ.

ભગવન્ ! ભોગો રૂપી છે કે અરૂપી ? ગૌતમ ! ભોગો રૂપી છે, અરૂપી નથી.

ભગવન્ ! ભોગો સચિત્ત છે કે અચિત્ત ? ગૌતમ ! ભોગો સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે.

ભગવન્ ! ભોગો જીવ છે કે અજીવ છે ? ગૌતમ ! ભોગો જીવ પણ છે અને અજીવ પણ છે.

ભગવન્ ! ભોગો જીવને હોય કે અજીવને ? ગૌતમ ! ભોગ જીવને હોય, અજીવને નહીં.

ભગવન્ ! ભોગો કેટલા છે ? ગૌતમ ! ભોગો ત્રણ પકારે છે – ગંધ, રસ, સ્પર્શ.

ભગવન્ ! કામ ભોગો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે – શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

ભગવન્ ! જીવો કામી છે કે ભોગી છે ? ગૌતમ ! જીવો કામી પણ છે, ભોગી પણ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે જીવો કામી પણ છે, ભોગી પણ છે?

ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયને આશ્રીને કામી છે, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે.

ભગવન્ ! નૈરયિકો કામી છે કે ભોગી છે ? એ પ્રમાણે જ સ્તનિતકુમાર સુધી કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કામી છે કે ભોગી છે ? ગૌતમ ! પૃથ્વીકાયિકો કામી નથી, ભોગી છે. ભગવાન! એમ કેમ કહ્યું ? ગૌતમ ! સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું.

બેઇન્દ્રિયો પણ એમ જ છે. વિશેષ એ કે – તે જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. તેઇન્દ્રિય પણ એમ જ છે. વિશેષ એ કે – ઘ્રાણ–જીભ–સ્પર્શ ઇન્દ્રિયો આશ્રીને ભોગી છે.

ચતુરિન્દ્રિય જીવો કામી છે કે ભોગી છે ? ગૌતમ ! ચતુરિન્દ્રિયો કામી પણ છે અને ભોગી પણ છે. ભગવન્ !એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેઓ ચક્ષુરિન્દ્રિય આશ્રીને કામી છે, ઘ્રાણ–જિહ્વા–સ્પર્શન ઈન્દ્રિયોને આશ્રીને ભોગી છે, તેથી એ પ્રમાણે કહ્યું. શેષ વૈમાનિક સુધીના જીવોને સામાન્ય જીવ માફક જાણવા.

ભગવન્ ! આ કામી–ભોગી, નોકામી–નોભોગી અનેભોગી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો કામી–ભોગી છે. નોકામી–નોભોગી જીવ તેનાથી અનંતગુણ છે, ભોગી જીવો તેનાથી અનંતગુણ છે.

સૂત્ર–૩૬૩

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય જે કોઈપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, હે ભગવન્ ! તે ક્ષીણ ભોગી હોય, ઉત્થાન–કર્મ–બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમથી વિપુલ ભોગોપભોગ ભોગવતો વિચરવા સમર્થ છે ? ભગવન્ ! આપ આ અર્થને આમ જ કહો છો? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી, કેમ કે તે ઉત્થાન–કર્મ–બલ–વીર્ય–પુરુષકાર પરાક્રમ દ્વારા કોઈપણ વિપુલ ભોગ ભોગવતો વિચરવાને સમર્થ છે. તેથી તે ભોગી ભોગનો ત્યાગ કરતો મહાનિર્જરા, મહાપર્યવસાનવાળો(કર્મોનો સર્વથા અંત કરનારો) થાય છે.

ભગવન્ ! અધોવધિક(અધો અવધિજ્ઞાની) મનુષ્ય જે કોઈ તુરંતમાં દેવલોકમાં ઉત્પન્ન થવાના હોય, શું તે ક્ષીણભોગી હોય ? ગૌતમ ! એ જ બધું જેમ છદ્મસ્થમાં કહ્યું તેમ કહેવું યાવત્ મહાપર્યવસાનવાળો થાય છે.

ભગવન્ ! પરમ અવધિજ્ઞાની મનુષ્ય જે તે જ ભવગ્રહણથી તુરંતમાં સિદ્ધ–બુદ્ધ–મુક્ત થવા યોગ્ય અને સર્વ દુખોનો અંત કરવાના હોય, શું તે ક્ષીણ–ભોગી છે, વગેરે બધું છદ્મસ્થ માફક પૂછવું.હા ગૌતમ ! તે પરમ અવધિજ્ઞાની અણગાર ક્ષીણભોગી છે, ઉત્થાનાદિ દ્વારા ભોગ ભોગવતા નથી માટે તે જ ભવે સિદ્ધ થઈ સર્વ દુખોનો અંત કરે.

ભગવન્ ! કેવલી મનુષ્ય, જે તે જ ભવગ્રહણથી તુરંત સિદ્ધ, બુદ્ધ, મુક્ત યાવત્ સર્વ દુખોનો અંતકર થવાના હોય, શું તે ક્ષીણભોગી યાવત્ ભોગ ભોગવવામાં સમર્થ ન હોય? ગૌતમ ! બધું પરમ અવધિજ્ઞાની મુજબ જાણવું.

સૂત્ર–૩૬૪

ભગવન્ ! જે આ અસંજ્ઞી પ્રાણી છે, જેમ કે – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, છટ્ઠા કોઈ ત્રસ જીવ, જે અંધ છે, મૂઢ છે–તમપ્રવિષ્ટ છે–તમઃપટલ અને મોહજાલથી આચ્છાદિત છે, તેઓ અકામનિકરણ(અજાણપણે કે અનિચ્છાએ) વેદના વેદે છે, એવું કહી શકાય ? હા, ગૌતમ ! એવું કહી શકાય.

ભગવન્ ! શું તે સમર્થ હોવા છતાં અકામનિકરણ વેદના વેદે છે ? હા, ગૌતમ ! વેદે છે.

ભગવન્ ! તે સમર્થ હોવા છતાં અકામ નિકરણ વેદના કઈ રીતે વેદે? ગૌતમ ! ૧. જેમ જીવ સમર્થ હોવા છતાં અંધકારમાં રૂપોને જોવા સમર્થ નથી, ૨. જે અવલોકન કર્યા સિવાય સન્મુખ રહેલા રૂપોને જોવા સમર્થ નથી, ૩. અવેક્ષણ–નજર કર્યા વિના પાછળના ભાગે જોઈ ન શકે ૪ થી ૬. જેમ આલોચન કર્યા સિવાય આજુ–બાજુના રૂપોને કે ઉપરના કે નીચેના રૂપો ન જોઈ શકે, તેમ ગૌતમ ! આ જીવો સમર્થ હોવા છતાં અકામનિકરણ વેદના વેદે છે.

ભગવન્ ! શું સમર્થ હોવા છતાં, જીવ પ્રકામનિકરણ(તીવ્ર ઈચ્છાપૂર્વક) વેદના વેદે છે ? હા, ગૌતમ !વેદે છે. ભગવન્ ! સમર્થ હોવા છતાં જીવ પ્રકામ નિકરણ વેદના કઈ રીતે વેદે છે ? ગૌતમ ! ૧. જેમ કોઈ સમુદ્રને પાર જવા સમર્થ નથી, ૨. જે સમુદ્રની પારના રૂપો જોવાને સમર્થ નથી, ૩. જે દેવલોકમાં જવા સમર્થ નથી, ૪. જે દેવલોકગત રૂપોને જોવા સમર્થ નથી. એ રીતે હે ગૌતમ ! સમર્થ હોવા છતાં પ્રકામ નિકરણ વેદનાને વેદે છે.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

શતક–૭, ઉદ્દેશા–૭નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૮ 'છદ્મસ્થ'

સૂત્ર–૩૬૫, ૩૬૬

**૩૬૫.** ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય અતીત અનંત શાશ્વતકાળમાં કેવલ સંયમથી, સંવરથી, કેવળ બ્રહ્મ–ચર્યથી, કેવળ અષ્ટપ્રવચન માતાના પાલનથી સિદ્ધ–બુદ્ધ–મુક્ત–સર્વ દુખાંતકર થાય? ગૌતમ ! તેમ શક્ય નથી.એ વિષયમાં જેમ શતક–૧, ઉદ્દેશા–૪ માં કહ્યું, તેમ અહીં કહેવું યાવત્ 'અલમત્થુ'.

**૩૬૬.** ભગવન્ ! હાથી અને કુંથુનો જીવ સમાન છે ? હા, ગૌતમ ! સમાન છે, એ પ્રમાણે જેમ રાયપ્પસેણીયમાં કહ્યું તેમ 'ખુડ્ડિયં વા મહાલિયં વા' સુધી કહેવું. હે ગૌતમ ! તે કારણથી યાવત્ કહ્યું કે હાથી અને કુંથું બંનેનો જીવ સમાન છે.

સૂત્ર–૩૬૭, ૩૬૮

**૩૬૭.** ભગવન્ ! નૈરયિકોએ જે પાપકર્મ કર્યા – કરે છે – કરશે, શું તે બધું દુઃખરૂપ છે અને જેની નિર્જરા કરાઈ છે, તે સુખરૂપ છે ? હા, ગૌતમ ! એમ જ છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

**૩૬૮.** ભગવન્ ! સંજ્ઞા કેટલી કહી છે ? ગૌતમ ! સંજ્ઞાઓ દશ છે, તે આ – આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક, ઓઘ. એ પ્રમાણે આ દશે સંજ્ઞાઓ વૈમાનિક સુધી જાણવી.

નૈરયિકો દશ પ્રકારે વેદનીયને અનુભવ કરતા રહે છે. તે આ – શીત, ઉષ્ણ, ક્ષુધા, પીપાસા, કંડૂ, પરાધીનતા, જ્વર, દાહ, ભય, શોક.

સૂત્ર–૩૬૯, ૩૭૦

**૩૬૯.** ભગવન્ ! હાથી અને કુંથુને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન હોય ? હા, ગૌતમ ! હોય. ભગવન્ ! એમ કેમ કહ્યું કે– હાથી અને કુંથુને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન હોય ? ગૌતમ ! અવિરતિને આશ્રીને તેમ કહ્યું, તે કારણથી એમ કહ્યું. ગૌતમ ! હાથી અને કુંથુને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન હોય.

**૩૭૦.** ભગવન્ ! આધાકર્મને ભોગવતો સાધુ શું બાંધે ? શું કરે ? શેનો ચય કે ઉપચય કરે ?

ગૌતમ ! એ પ્રમાણે જેમ શતક–૧, ઉદ્દેશા–૯માં કહ્યું તેમ કહેવું. યાવત્ પંડિત શાશ્વત છે, પંડિતત્વ અશાશ્વત છે. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

## શતક–૭, ઉદ્દેશા–૮નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૯ 'અસંવૃત્ત'

સૂત્ર–૩૭૧

ભગવન્ ! અસંવૃત્ત અણગાર બાહ્ય પુદ્‌ગલના ગ્રહણ કર્યા વિના એક વર્ણવાળા, એકરૂપની વિકુર્વણા કરવાને સમર્થ છે ? ના,ગૌતમ ! તે શક્ય નથી.

ભગવન્ ! અસંવૃત્ત અણગાર બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને એક વર્ણવાળા, એકરૂપને વિકુર્વવા સમર્થ છે ? હા, ગૌતમ ! તે સમર્થ છે.

ભગવન્ ! શું તે અહીં મનુષ્યલોકમાં રહેલા પુદ્‌ગલ ગ્રહણ કરીને વિકુર્વે કે ત્યાં રહેલ પુદ્‌ગલ ગ્રહીને વિકુર્વે કે અન્યત્ર રહેલ પુદ્‌ગલો ને ગ્રહણ કરીને વિકુર્વે ? ગૌતમ ! અહીં રહેલ પુદ્‌ગલો ગ્રહણ કરીને વિકુર્વે છે. ત્યાં કે અન્યત્ર રહેલ પુદ્‌ગલ ગ્રહણ કરીને યાવત્ વિકુર્વણા ન કરે.

એ પ્રમાણે ૨.એકવર્ણ - અનેકરૂપ, ૩.અનેકવર્ણ–એક રૂપ, ૪. અનેક વર્ણ–અનેક રૂપની વિકુર્વણારૂપ ચતુર્ભંગી જેમ શતક–૬ના ઉદ્દેશા–૯માં કહી છે, તેમ અહીં પણ કહેવી. વિશેષ એ કે – અણગાર અહીં રહીને અહીં રહેલ પુદ્‌ગલો ગ્રહણ કરીને વિકુર્વે છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ રૂક્ષ પુદ્‌ગલોને સ્નિગ્ધ પુદ્‌ગલપણે પરિણમાવે? હા, પરિણમાવે. ભગવન્ ! તે અહીં રહેલ પુદ્‌ગલોને સ્વીકારીને વિકુર્વણા કરે ? યાવત્ અન્યત્ર રહેલ પુદ્‌ગલને સ્વીકારીને

વિકુર્વણા કરતા નથી.

સૂત્ર–૩૭૨

અર્હંતે જાણ્યુ છે, અર્હંતે પ્રત્યક્ષ કર્યું છે, અર્હંતે જાણ્યુ છે, અર્હંતે વિશેષ જાણ્યુ છે કે – મહાશિલાકંટક નામે સંગ્રામ છે. ... ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ ચાલતો હતો, તેમાં કોણ જય પામ્યુ?

ગૌતમ ! વજ્રી(શક્રેન્દ્ર) અનેવિદેહપુત્ર કોણિક. જય પામ્યા અને નવમલ્લકી, નવ લેચ્છકી જાતિના જે કાશી કોશલ ૧૮–ગણ રાજાઓ હતા તેનો પરાજય પામ્યા.

ત્યારે તે સમયે કોણિક રાજા મહાશિલાકંટક સંગ્રામ ઉપસ્થિત થયેલો જાણીને કૌટુંબિક પુરુષને બોલાવીને એમ કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે જલદીથી ઉદાયી હસ્તિરાજને તૈયાર કરો, ઘોડા–હાથી–રથ–યોદ્ધા સહિતની ચતુરંગિણી સેના તૈયાર કરો, કરીને મારી આ આજ્ઞા જલદી પાછી આપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો, કોણિક રાજાએ એમ કહેતા હર્ષિત–તુષ્ટ થઈને યાવત્ અંજલી કરીને બોલ્યા, હે સ્વામી! 'જેવી આજ્ઞા' કહી, તેમની આજ્ઞા વચનોને વિનયપૂર્વક સ્વીકારીને, નિપુણ આચાર્યોના ઉપદેશથી પ્રશિક્ષિત અને તીક્ષ્ણ બુદ્ધિના સુનિપુણ વિકલ્પોથી યુક્ત તથા જેમ 'ઉવવાઈ' સૂત્રમાં ભીમ સંગ્રામને યોગ્ય ઉદાયી હસ્તિરાજને સુસજ્જિત કર્યો, કરીને જ્યાં કૂણિક રાજા હતો, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ કૂણિક રાજાની તે આજ્ઞા પાછી સોંપે છે. આજ્ઞાનુસાર કાર્ય થયાનું જણાવે છે..

ત્યારપછી તે કૂણિક રાજા જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવ્યો. આવીને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. પ્રવેશીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા, સર્વાલંકારથી વિભૂષિત થઈ, લોહકવચ ધારણ કર્યું, વળેલા ધનુર્દંડને લીધું, ડોકમાં આભૂષણ પહેરી, ઉત્તમોત્તમ ચિહ્નપટ્ટ બાંધી, આયુધ–પ્રહરણ ધારણ કરી, કોરંટક પુષ્પોની માળા સહિતનું છત્ર ધારણ કરીને, તેની ચાર તરફ ચાર ચામર ઢોળવા લાગ્યા. લોકોએ મંગલ–જય શબ્દો કર્યા, એ પ્રમાણે જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ ઉદાયી હાથ પર બેઠો.

ત્યારે તે કોણિક રાજા, હારથી આચ્છાદિત વક્ષઃસ્થળવાળો, 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ શ્વેત ચામર વડે વીંઝાતો–વીંઝાતો, ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સાથે પરિવરેલો, મહાન સુભટોના વિસ્તીર્ણ સમૂહથી વ્યાપ્ત. જ્યાં મહાશિલાકંટક સંગ્રામ હતો, ત્યાં આવ્યો. આવીને મહાશિલાકંટક સંગ્રામમાં ઊતર્યો. આગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર એક મહા અભેદ કવચ–વજ્ર પ્રતિરૂપક વિકુર્વીને ઊભો રહ્યો. એ પ્રમાણે બે ઇન્દ્રો સંગ્રામ કરવા લાગ્યા – દેવેન્દ્ર અને મનુજેન્દ્ર. કૂણિકરાજા કેવલ એક હાથી વડે પણ શત્રુસેનાને. પરાજિત કરવા સમર્થ થયો.

ત્યાર પછી તે કૂણિક રાજા મહાશિલાકંટક સંગ્રામ કરતો એવો નવમલ્લકી, નવ લેચ્છવિ, કાશી–કોશલના ૧૮ ગણરાજા. તેમના પ્રવરવીરા યોદ્ધાઓને હાથમથિત કર્યા, નષ્ટ કર્યા, તેમના ચિહ્ન, ધ્વજપતાકા પાડી દીધી, તેમના પ્રાણ સંકટમાં પડી ગયા, દશે દિશામાં ભાગી ગયા.

ભગવન્ ! તે મહાશિલાકંટક સંગ્રામ કેમ કહેવાય છે ? ગૌતમ ! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે, તેમાં જે હાથી, ઘોડા, યોદ્ધા, સારથિઓ, તૃણ, પત્ર, કાષ્ઠ, કંકરથી આહત થતા હતા, તે બધા એવું અનુભવતા હતા કે અમે મહાશિલાથી હણાઈ રહ્યા છીએ. તેથી તે મહાશિલાકંટક કહેવાય છે.

ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તેમાં કેટલા લાખ મનુષ્ય માર્યા ગયા ? ગૌતમ ! ૮૪ લાખ મનુષ્યો માર્યા ગયા.

ભગવન્ ! તે મનુષ્યો શીલરહિત યાવત્ પ્રત્યાખ્યાન–પૌષધોપવાસ રહિત, રોષિત, પરિકુપિત, યુદ્ધમાં ઘાયલ, અનુપશાંત, કાળ માસે કાળ કરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ? ગૌતમ ! પ્રાયઃ નરક અને તિર્યંચગતિમાં.

સૂત્ર–૩૭૩ થી ૩૭૬

**૩૭૩.** અરહંતોએ આ જાણ્યું છે, પ્રત્યક્ષ કર્યું છે, વિશેષથી જ્ઞાન કર્યું છે કે આ રથમુસલ સંગ્રામ છે. તો હે

ભગવન્ ! રથમુસલ સંગ્રામ જ્યારે થતો હતો ત્યારે કોણ જીત્યુ, કોણ હાર્યુ ?

હે ગૌતમ ! ઈન્દ્ર, કોણિક અને અસુરેન્દ્ર અસુરકુમાર ચમર જીત્યા અને નવ મલ્લકી અને નવ લેચ્છકી રાજા હાર્યા. ત્યારે રથમુસલ સંગ્રામ ઉપસ્થિત થયો જાણીને, કોણિક રાજાએપોતાના સેવકપુરુષોને બોલાવ્યા વગેરે સંપૂર્ણ વર્ણન મહાશિલાકંટક મુજબ જાણવું. વિશેષ એ કે– હસ્તિરાજ 'ભૂતાનંદ' નામે હતો. યાવત્ કોણિક રાજા રથમુસલ સંગ્રામમાં ઊતર્યો. તેની આગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર એ પ્રમાણે પૂર્વવત્ યાવત્ જાણવું જોઈએ.

પાછળ અસુરેન્દ્ર અસુર રાજ ચમર લોઢાના બનેલા એક મહાન કિઠિન પ્રતિરૂપ કવચ વિકુર્વીને રહ્યો. એ પ્રમાણે ત્રણ ઈન્દ્રો સંગ્રામમાં પ્રવૃત્ત થયેલા – દેવેન્દ્ર, મનુજેન્દ્ર, અસુરેન્દ્ર. એ પ્રમાણે એક હાથી વડે પણ કોણિક રાજા જીતવા માટે સમર્થ હતો. યાવત્ બાકી બધું પૂર્વવત્ કહેવું. યાવત્ શત્રુઓ દશે દિશામાં ભાગી ગયા.

ભગવન્ ! રથમુસલ સંગ્રામને રથમુસલ સંગ્રામ કેમ કહે છે ? ગૌતમ ! રથમુસલ સંગ્રામ વર્તતો હતો ત્યારે એક રથ અશ્વરહિત, સારથિ રહિત, યોદ્ધાઓ રહિત, માત્ર મુસલ સહિત મોટો જનક્ષય, જનવધ, જનપ્રમર્દન, જનપ્રલય સમાન, લોહીરૂપી કીચડ કરતો ચારે તરફ દોડતો હતો. તેથી તેને યાવત્ રથમુસલ સંગ્રામ કહે છે.

ભગવન્ ! જ્યારે રથમુસલ સંગ્રામ થયો, ત્યારે કેટલા લાખ લોકો માર્યા ગયા ? ગૌતમ ! ૯૬ લાખ લોકો માર્યા ગયા. ભગવન્ ! તે શીલ રહિત આદિ વિશેષણયુક્ત તે મનુષ્યો મૃત્યુ સમયે મરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા?

ગૌતમ ! તેમાના ૧૦,૦૦૦ મનુષ્યો એક માછલીની કુક્ષીમાં ઉત્પન્ન થયા, એક મનુષ્ય દેવલોકે ઉત્પન્ન થયો, એક મનુષ્ય સુકુલમાં જન્મ્યો, બાકીના નરક–તિર્યંચગતિમાં ઉપજ્યા.

**૩૭૪.** ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રે અને અસુરેન્દ્ર અસુરકુમાર ચમરે કોણિક રાજાને કેમ સહાય કરી ? ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર તેનો પૂર્વ સંગતિક હતો, અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમર પર્યાય સંગતિક હતો. એ પ્રમાણે હે ગૌતમ ! શક્ર અને ચમરે કોણિક રાજાને સહાય આપી.

**૩૭૫.** ભગવન્ ! ઘણા લોકો પરસ્પર એમ કહે છે કે યાવત્ પ્રરૂપે છે, એ પ્રમાણે ઘણા મનુષ્યો કોઈપણ મોટા–નાના સંગ્રામમાં અભિમુખ રહીને લડતા એવા કાળ માસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉપજે છે, હે ભગવન્ ! તે કઈ રીતે ? ગૌતમ ! જે ઘણા મનુષ્યો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ ઉપજે છે, તે એ પ્રમાણે અસત્ય કહે છે. ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપું છું. (આ સંદર્ભમાં ભગવંત એક દ્દષ્ટાંત કહે છે.)

હે ગૌતમ ! તે કાળે, તે સમયે વૈશાલી નામે નગરી હતી–તેનું વર્ણન ઉવાવાઈ સૂત્રાનુસાર કરવું. તે વૈશાલી નગરીમાં વરુણ નામે નાગનપ્તૃક રહેતો હતો. તે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો. જીવાજીવને જાણતો શ્રાવક હતો યાવત્ તે આહાર આદિ દ્વારા શ્રમણને પ્રતિલાભતો એવો નિરંતર છઠ્ઠ–છઠ્ઠની તપસ્યા દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો એવો વિચરતો હતો.

ત્યારે તે નાગનપ્તૃકને અન્યદા ક્યારેય રાજાનાં આદેશથી, ગણના આદેશથી, બલાભિયોગથી રથમુસલ સંગ્રામમાં જવાની આજ્ઞા થતા તેણે છઠ્ઠ તપને વધારીને અઠ્ઠમનો તપ કર્યો. અઠ્ઠમ તપ કરીને કૌટુંબિક પુરુષને બોલાવ્યા. બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! જલદીથી ચાતુર્ઘંટ અશ્વરથને તૈયાર કરી, શીઘ્ર ઉપસ્થિત કરો સાથે અશ્વ, હાથી, રથ, પ્રવર યોદ્ધાને યાવત્ સજ્જ કરો. યાવત્ મારી આ આજ્ઞાને મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તેની આજ્ઞા સ્વીકારી યાવત્ આજ્ઞા સાંભળીને જલદીથી છત્ર અને ઘ્વજ સહિત યાવત્ ચાર ઘંટવાળો અશ્વરથ લાવ્યા, અશ્વાદિ સેનાને સજ્જ કરીને જ્યાં વરુણ નાગપૌત્ર હતો યાવત્ તેની આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે નાગપૌત્ર જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવીને કોણિકની રાજાની માફક યાવત્ પ્રાયશ્ચિત્ત કરીને, સર્વાલંકાર વિભૂષિત થઈ, કવચ પહેરી, કોરંટપુષ્પની માળાથી યાવત્ ધારણ કરીને, અનેકગણ નાયક યાવત્ દૂત–સંધિપાલ સાથે સંપરિવરીને સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી. જ્યાં ચોર ઘંટાવાળો

રથ હતો, ત્યાં આવ્યો. આવીને ચાતુર્ઘંટ અશ્વરથે આરૂઢ થયો. અશ્વ, હાથી, રથથી યાવત્ સંપરિવૃત્ત, મોટા ભટ્ટ, ચડગર૦ થી યાવત્ ઘેરાઈને જ્યાં રથમુસલ સંગ્રામ હતો, ત્યાં આવીને રથમુસલ સંગ્રામમાં ઊતર્યો.

ત્યારે તે વરુણ નાગનપ્તૃક રથમુસલ સંગ્રામમાં ઊતર્યો ત્યારે આવો અભિગ્રહ ગ્રહણ કર્યો – મારે રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરતા, જે મારા ઉપર પહેલો પ્રહાર કરે, તેને જ મારવો કલ્પે, બીજાને નહીં. આવો અભિગ્રહ ગ્રહણ કરીને તે રથમુસલ સંગ્રામે પ્રવૃત્ત થયો. ત્યારે તે વરુણ નાગપોત્રને રથમુસલ સંગ્રામમાં લડતા, એક પુરુષ, તેના રથ સામે રથ લઈને શીઘ્ર આવ્યો. તે તેના જેવો જ, સમાન ત્વચાવાળો, સમાન વયવાળો, સમાન શસ્ત્ર યુક્ત હતો.

ત્યારે તે પુરુષે વરુણ નાગપૌત્રને આમ કહ્યું કે – હે વરુણ નાગપૌત્ર ! પ્રહાર કર – પ્રહાર કર. ત્યારે વરુણ નાગપૌત્રએ તે પુરુષને આમ કહ્યું – હે દેવાનુપ્રિય! જે પહેલાં મારા ઉપર પ્રહાર ન કરે, તેના ઉપર પ્રહાર કરવાનું મને કલ્પતુ નથી, પહેલા તું જ પ્રહાર કર. ત્યારે તે પુરુષે વરુણ નાગપૌત્રને આમ કહેતો સાંભળી, તે ક્રોધિત થયો યાવત્ લાલ–પીળો થઈને પોતાનું ધનુષ લીધું. ધનુષ લઈને, યથાસ્થાને બાણ ચડાવ્યું. અમુક આસને સ્થિર થયો. ધનુષને કાન સુધી ખેંચ્યું, એ રીતે ખેંચીને તે પુરુષે ગાઢ પ્રહાર કર્યો.

ત્યારે તે વરુણ નાગપૌત્ર તે પુરુષ દ્વારા ગાઢ પ્રહાર થવાથી ક્રોધિત થઈ યાવત્ દાંત પીસતો, ધનુષ્યને લે છે, લઈને બાણ ચડાવે છે, બાણ ચડાવીને ધનુષને કાન સુધી ખેંચે છે, ખેંચીને તે પુરુષને એક ઘાએ પથ્થરના ટુકડા થાય તેમ જીવનથી રહિત કરી દીધો.

ત્યારપછી તે વરુણ નાગપૌત્ર, તે પુરુષથી ગાઢ પ્રહાર કરાયેલો અશક્ત, અબલ, અવીર્ય, પુરુષાર્થ–પરાક્રમથી રહિત થઈ ગયો. હવે મારું શરીર ટકી નહીં શકે, એમ સમજીને ઘોડાને રોક્યા, રોકીને રથને પાછો વાળ્યો, પાછો વાળીને રથમુસલ સંગ્રામથી બહાર નીકળ્યો, નીકળીને એકાંતમાં ગયો, જઈને ઘોડાને રોક્યા. રોકીને રથને ઊભો રાખ્યો, રાખીને રથની નીચે ઊતર્યો. ઊતરીને ઘોડાને મુક્ત કર્યા, કરીને વિસર્જિત કર્યા. પછી ઘાસનો સંથારો પાથર્યો. પાથરીને પૂર્વ દિશા તરફ મુખ કર્યું. પછી પર્યંકાસને બેસી, બે હાથ જોડી યાવત્ આ પ્રમાણે કહ્યું –

અરિહંતોને નમસ્કાર થાઓ યાવત્ સિદ્ધિગતિને સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, આદિકર શ્રમણ ભગવંત મહાવીર, જે સિદ્ધિગતિ પ્રાપ્ત કરનારા છે, તેઓને નમસ્કાર થાઓ. અહીં રહેલો હું, ત્યાં રહેલ ભગવંતને નમસ્કાર કરુ છું, ત્યાં રહેલ ભગવંત મને જુએ. એમ કહીને વંદન–નમસ્કાર કર્યા. કરીને આ પ્રમાણે કહ્યું –

પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે જાવજ્જીવને માટે સ્થૂળ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યા હતા. એ રીતે યાવત્ જાવજ્જીવને માટે સ્થૂળ પરિગ્રહના પચ્ચક્ખાણ કર્યા હતા. અત્યારે પણ હું તે અરિહંત, ભગવંત મહાવીરની સાક્ષીએ સર્વે પ્રાણાતિપાતના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરું છું, એ પ્રમાણે સ્કંદકની માફક યાવત્ સર્વથા પચ્ચક્ખાણ કર્યા, આ શરીરને તેના છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસીરાવું છું. એમ કહીને સન્નાહપટ્ટને છોડે છે, છોડીને શલ્યને ઉદ્ધરે છે, ઉદ્ધરીને આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિ પામી કાલગત થયા.

ત્યારે તે વરુણ નાગપૌત્રનો એક પ્રિય બાલમિત્ર રથમુસલ સંગ્રામમાં સંગ્રામ કરતો, એક પુરુષ વડે ગાઢ પ્રહાર કરાયેલ અશક્ત, અબલ યાવત્ શરીરને ટકાવી નહીં શકું એમ કરીને વરુણ નાગપૌત્રને રથમુસલ સંગ્રામથી બહાર નીકળતા જુએ છે, જોઈને પોતાના ઘોડાને અટકાવે છે, પછી વરુણની માફક યાવત્ ઘોડાને વિસર્જિત કરે છે. સંથારો પાથરે છે, પાથરીને ત્યાં આરૂઢ થઈ પૂર્વાભિમુખ થઈ યાવત્ અંજલિ કરી આમ કહે છે –

ભગવન ! જે પ્રમાણે મારા પ્રિય બાલમિત્ર વરૂણનાગપૌત્રને જે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ છે, તે મને પણ થાઓ. એમ કરીને સન્નાહપટ્ટ છોડીને, શલ્યોદ્ધાર કરે છે. કરીને અનુક્રમે સમાધિયુક્ત થઈને મૃત્યુ (કાળધર્મ) પામ્યો.

ત્યારે વરુણ નાગપૌત્રને કાલગત જાણીને, નીકટ રહેલા વ્યંતર દેવોએ દિવ્ય સુરભિ–ગંધોદક વાસની વૃષ્ટિ કરી, પંચવર્ણી પુષ્પોને વરસાવ્યા, દિવ્ય ગીત–ગંધર્વ–નિનાદ કર્યો. ત્યારે તે વરુણ નાગપૌત્રના, તે દિવ્ય દેવઋદ્ધિ,

દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ સાંભળીને અને જોઈને, ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે – ઘણા મનુષ્યો યાવત્ દેવ થાય છે.

**૩૭૬.** ભગવન્ ! વરુણ નાગપૌત્ર કાળ માસે કાળ કરી ક્યાં ગયો, ક્યાં ઉપજ્યો ? ગૌતમ ! સૌધર્મકલ્પમાં અરુણાભ વિમાને દેવ થયો. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે, ત્યાં વરુણ દેવની પણ ચાર પલ્યોપમ સ્થિતિ કહી. તે વરુણદેવ, તે દેવલોકથી આયુષ્યનો, ભવનો, સ્થિતિનો ક્ષય થતા મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ દુખોનો અંત કરશે.

ભગવન્ ! વરુણ નાગપૌત્રનો પ્રિય બાલમિત્ર કાળ માસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉપજ્યો ? ગૌતમ ! સુકુલમાં જન્મ્યો.

ભગવન્ ! તે ત્યાંથી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખનો અંત કરશે. ભગવન્ ! આપ કહો છો તે એમ જ છે, તે એમ જ છે

શતક–૭, ઉદ્દેશા–૯નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭, ઉદ્દેશો–૧૦ 'અન્યતીર્થિક'

સૂત્ર–૩૭૭

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. (વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર કરવું). ત્યાં ગુણશીલ ચૈત્ય હતું. (વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર) યાવત્ ત્યાં પૃથ્વીશીલા પટ્ટક હતો. (વર્ણન) તે ગુણશીલ ચૈત્યની થોડે દૂર ઘણા અન્ય–તીર્થિકો રહેતા હતા. તે આ – કાલોદાયી, શૈલોદાયી, શૈવાલોદાયી, ઉદક, નામોદક, નર્મોદક, અન્નપાલક, શૈલપાલક, શંખપાલક, સુહસ્તી ગાથાપતિ.

ત્યારે તે અન્યતીર્થિકો હે ભગવંત! અન્ય કોઈ દિવસે એક સ્થાને આવ્યા, એકઠા થયા અને સુખપૂર્વક બેઠા.

તેઓમાં પરસ્પર આવો વાર્તાલાપ આરંભ થયો. એ પ્રમાણે શ્રમણ જ્ઞાતપુત્ર મહાવીર પાંચ અસ્તિકાય પ્રરૂપે છે. તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય.

તેમાં શ્રમણ જ્ઞાતપુત્ર મહાવીરે ચાર અસ્તિકાયોને અજીવકાય કહ્યા છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. શ્રમણ જ્ઞાતપુત્ર એક જીવાસ્તિકાયને અરૂપીકાય, જીવકાય કહે છે. તેમાં શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાયને અરૂપીકાય કહે છે – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય. કેવળ એક પુદ્ગલાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર રૂપીકાય અજીવકાય કહે છે. તે વાત કઈ રીતે માનવી?

તે કાળે, તે સમયે શ્રમણ ભગવન મહાવીર યાવત્ ગુણશીલ ચૈત્યે પધાર્યા. યાવત્ પર્ષદા ધર્મ શ્રવણ કરી પાછી ગઈ. તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ નામે અણગાર જે ગૌતમ ગોત્રના હતા, એ રીતે જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યા મુજબ ભિક્ષાચરીમાં ફરતા યથાપર્યાપ્ત ભોજનપાન ગ્રહણ કરીને રાજગૃહથી યાવત્ અત્વરિત, અચપળ, અસંભ્રાંત યાવત્ ઈર્યાપથ શોધતા શોધતા, તે અન્યતીર્થિકના આશ્રમ પાસેથી નીકળ્યા.

ત્યારે તે અન્યતીર્થિકોએ ભગવાન ગૌતમને નજીકથી જતા જોયા, જોઈને તેઓએ પરસ્પર એકબીજાને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! આપણે પંચાસ્તિકાય સંબંધી વાત સમજાતી નથી. આ ગૌતમ આપણી થોડે દૂરથી જઈ રહ્યા છે. તેથી હે દેવાનુપ્રિયો! આપણે માટે ગૌતમ પાસે આ અર્થ પૂછવો શ્રેયસ્કર છે. એમ વિચારીને તેઓએ પરસ્પર આ સંબંધે પરામર્શ કર્યો પછી જ્યાં ગૌતમસ્વામી હતા, ત્યાં આવ્યા.

આવીને તેઓએ ગૌતમ સ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રે પાંચ અસ્તિકાય કહ્યા છે, ધર્માસ્તિકાય યાવત્ આકાશાસ્તિકાય. તે પ્રમાણે યાવત્ રૂપી અજીવકાય કહ્યું છે. ગૌતમ !

તે કથન કેવી રીતે સત્ય છે ? ત્યારે ગૌતમસ્વામીએ તે અન્યતીર્થિકોને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો! અમે અસ્તિભાવને નાસ્તિ કે નાસ્તિભાવને અસ્તિ એમ કહેતા નથી. હે દેવાનુપ્રિયો! અમે સર્વે અસ્તિભાવને અસ્તિ અને નાસ્તિભાવને નાસ્તિ એમ કહીએ છીએ. તેથી હે દેવાનુપ્રિયો ! આપ સ્વયં આ અર્થનું ચિંતન કરો. એમ કહીને તે અન્યતીર્થિકને આમ કહ્યું – તે તેમ પૂર્વોક્ત જ છે.

એમ કહીને ગૌતમસ્વામી, જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ઇત્યાદિ જેમ 'નિર્ગ્રન્થ' ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્ ભોજન–પાન દેખાડે છે, દેખાડીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને દૂર નહીં, તેમ નીકટ નહીં એવા સ્થાને બેસીને યાવત્ પર્યુપાસે છે.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ધર્મોપદેશે પ્રવૃત્ત હતા. ત્યાર પછી તે કાલોદાયી તે સ્થાને જલદીથી આવ્યો. હે કાલોદાયી! એમ સંબોધન કરીને ભગવંત મહાવીરે કાલોદાયીને આમ કહ્યું –

હે કાલોદાયી! કોઈ દિવસે એક સ્થાને, સાથે મળેલા અને એક સ્થાને સુખપૂર્વક બેઠેલા, તમે બધા પંચાસ્તિકાયના વિષયમાં આમ વિચાર કરેલો યાવત્ જ્ઞાતપુત્ર શ્રમણનો પંચાસ્તિકાય સંબંધી આ વિચાર કઈ રીતે માનવો ? હે કાલોદાયી! શું આ વાત યોગ્ય છે? ... હા, તે વાત યથાર્થ છે.

હે કાલોદાયી! એ વાત સત્ય છે કે હું પંચાસ્તિકાયને કહું છું તે આ – ધર્માસ્તિકાય યાવત્ પુદ્‌ગલાસ્તિકાય. તેમાં હું ચાર અસ્તિકાયના અજીવાસ્તિકાયોને અજીવરૂપે કહું છું. તે પ્રમાણે યાવત્ એક પુદ્‌ગલાસ્તિકાયને રૂપીકાય કહું છું. ત્યારે તે કાલોદાયીએ ભગવંતને આમ કહ્યું –

ભગવન્ ! આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ અરૂપી અજીવકાયો ઉપર કોઈ બેસવા, સૂવા, ઊભવા, નિષદ્યા કરવા કે ત્વગ્વર્તના કરવા સમર્થ છે ? હે કાલોદાયી ! ના, કોઈ તેમ કરી શકે નહીં. એક પુદ્‌ગલાસ્તિકાય જ રૂપી અજીવકાય છે, તેના પર કોઈ બેસવા, સૂવા આદિ ક્રિયા કરવા સમર્થ છે.

ભગવન્ ! જીવોને પાપકર્મ ફલવિપાકથી સંયુક્ત કરનાર પાપકર્મ શું આ પુદ્‌ગલાસ્તિકાય રૂપી અજીવકાય વડે લાગે?, હે કાલોદાયી ! ના, તેમ શક્ય નથી. આ અરૂપી કાયરૂપ જીવાસ્તિકાયથી જ જીવોને પાપફળવિપાકયુક્ત પાપકર્મ લાગે છે. ભગવંત પાસેથી સમાધાન પ્રાપ્ત કરીને તે કાલોદાયી બોધ પામ્યો.

તેણે ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવન્ ! હું આપની પાસે ધર્મ શ્રવણ કરવા ઇચ્છું છું. એ રીતે સ્કંદકની જેમ દીક્ષા લીધી, તેમજ ૧૧–અંગ ભણી યાવત્ વિચરે છે.

સૂત્ર–૩૭૮

ત્યારપછી શ્રમણ ભગવન્ મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહના ગુણશીલચૈત્યથી નીકળ્યા. નીકળીને બાહ્ય જનપદમાં વિચરવા લાગ્યા.

તે કાળે, તે સમયે રાજગૃહનગરે, ગુણશીલ ચૈત્ય હતું. ત્યારે કોઈ દિવસે ભગવંત મહાવીર યાવત્ પધાર્યા. પર્ષદા ધર્મોપદેશ સાંભળીને પાછી ગઈ.

ત્યારે તે કાલોદાયી અણગાર અન્ય કોઈ દિવસે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને વાંદી નમીને આમ કહ્યું – ભગવન્ ! જીવોને પાપકર્મ ફળ વિપાકથી યુક્ત પાપકર્મ લાગે છે ? હા, કાલોદાયોલાગે છે.

ભગવન્ ! જીવોને પાપકર્મફળ વિપાક યુક્ત પાપકર્મ કઈ રીતે લાગે ?

હે કાલોદાયી! – જેમ કોઈ પુરુષ મનોજ્ઞ થાળી પાકશુદ્ધ ૧૮–વ્યંજનોથી યુક્ત વિષમિશ્રિત ભોજન ખાય, તે ભોજન તેને આરંભે સારું લાગે છે ત્યારપછી પરિણમન થતા–થતા દુરૂપપણે, દુર્ગંધપણે યાવત્ શતક–૬ના 'મહાશ્રવ' ઉદ્દેશા મુજબ યાવત્ વારંવાર તે અશુભપણે પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી ! જીવોને પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્ય આરંભે સારા લાગે છે, ત્યારપછી વિપરિણમતા દુરૂપપણે યાવત્ વારંવાર પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી ! જીવોને પાપકર્મ પાપફળ વિપાકયુક્ત થાય છે.

ભગવન્ ! જીવોને શુભ કર્મ, શુભ ફળ વિપાક યુક્ત હોય છે ? હા, કાલોદાયી હોય છે.

ભગવન્ ! જીવોને શુભ કર્મો કઈ રીતે યાવત્ થાય છે ? હે કાલોદાયી ! જેમ કોઈ પુરુષ મનોજ્ઞ થાલીપાકશુદ્ધ ૧૮–વ્યંજનથી યુક્ત ઔષધિ મિશ્રિત ભોજન કરે, તો તે ભોજન આરંભે સારું ન લાગે. તો પણ પછી પરિણમતા–પરિણમતા સુરૂપપણે, સુવર્ણપણે યાવત્ સુખપણે પણ દુઃખપણે નહીં, તેમ વારંવાર પરિણમે છે. તેમ હે કાલોદાયી! જીવો પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેકથી આરંભે તે સારા ન લાગે તો પણ પછી પરિણત થતા–થતા સુરૂપપણે યાવત્ દુઃખ રૂપે નહીં. તેમ વારંવાર પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી ! જીવ શુભ કર્મોને યાવત્ કરે છે.

સૂત્ર–૩૭૯

ભગવન્ ! બે પુરુષ સમાન યાવત્ સમાન ભાંડ, પાત્ર અને ઉપકરણવાળા હોય, તે પરસ્પર સાથે અગ્નિકાયનો સમારંભ કરે, તેમાં એક પુરુષ અગ્નિકાયને સળગાવે અને બીજો અગ્નિકાયને બુઝાવે, તો હે ભગવન્ ! આ બે પુરુષોમાં કયો પુરુષ મહાકર્મવાળો, મહાક્રિયાવાળો, મહાઆશ્રવવાળો અને મહાવેદનાવાળો થાય ? અને કયો પુરુષ અલ્પકર્મી, યાવત્ અલ્પવેદના વાળો થાય ? જે પુરુષ અગ્નિકાયને સળગાવે છે, તે કે જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે? –

હે કાલોદાયી ! તેમાં જે પુરુષ અગ્નિકાય સળગાવે છે, તે મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો થાય છે અને જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે અલ્પકર્મવાળો યાવત્ અલ્પવેદના વાળો થાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું? - × -

હે કાલોદાયી ! તેમાં જે પુરુષ અગ્નિકાય સળગાવે છે, તે પુરુષ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો ઘણો જ સમારંભ કરે છે. તેમાં જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે, તે પુરુષ પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો અલ્પતર સમારંભ કરે છે, કેવળ તેઉકાયનો બહુ સમારંભ કરે છે. તેથી હે કાલોદાયી ! એમ કહ્યું કે યાવત્ અલ્પવેદના વાળો થાય છે.

સૂત્ર–૩૮૦

ભગવન્ ! અચિત પુદ્‌ગલો પણ પ્રકાશે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે ? હા, કાલોદાયી ! તેમ છે. ભગવન્ ! કયા અચિત પુદ્‌ગલો પ્રકાશે છે યાવત્ પ્રભાસે છે ? હે કાલોદાયી! ક્રુદ્ધ અણગારની તેજોલેશ્યા નીકળ્યા પછી દૂર જઈને દૂર દેશમાં પડે છે, જવા યોગ્ય દેશે જઈને તે દેશમાં પડે છે જ્યાં જ્યાં તે પડે છે, ત્યાં ત્યાં તે અચિત્ત પુદ્‌ગલો પણ પ્રકાશ–યુક્ત હોય છે યાવત્ પ્રભાસે છે.

ત્યારે તે કાલોદાયી અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા.વાંદી, નમીને, ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ વગેરે તપ દ્વારા યાવત્ પોતાના આત્માને ભાવિત કરતા, જેમ પહેલા શતકમાં કાલસ્યવેષીપુત્ર અણગારને કહ્યા, યાવત્ તેમ સર્વ દુઃખથી મુક્ત થયા. ભગવન્ ! આપ કહો છો, તેમ જ છે, તેમ જ છે

## શતક–૭, ઉદ્દેશા–૧૦નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮

**સૂત્ર–૩૮૧**

આઠમા શતકમાં આ દશ ઉદ્દેશા કહેલા છે– પુદ્‌ગલ, આશીવિષ, વૃક્ષ, ક્રિયા, આજીવ, પ્રાસુક, અદત્ત, પ્રત્યનીક, બંધ અને આરાધના,

**સૂત્ર–૩૮૨**

રાજગૃહ નગરમાં ગૌતમસ્વામીએ યાવત્ એ પ્રમાણે કહ્યું – ભગવન્ ! પુદ્‌ગલો કેટલા પ્રકારે કહ્યા છે ? ગૌતમ ! પુદ્‌ગલો ત્રણ પ્રકારે કહ્યા છે – પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિસ્રસા પરિણત.

**સૂત્ર–૩૮૩**

ભગવન્ ! પ્રયોગપરિણત પુદ્‌ગલો કેટલા પ્રકારે કહ્યા? ગૌતમ! પાંચ પ્રકારે કહ્યા– એકેન્દ્રિય પ્રયોગપરિણત, બેઇન્દ્રિય પ્રયોગપરિણત, તેઇન્દ્રિય પ્રયોગપરિણત, ચઉરિન્દ્રિય પ્રયોગપરિણત, પંચેન્દ્રિય પ્રયોગપરિણત.

ભગવન્ ! એકેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્‌ગલો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે. પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત, અપ્કાય એકેન્દ્રિય પ્રયોગપરિણત યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત.

ભગવન્ ! પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણ પુદ્‌ગલો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે પ્રકારે – સૂક્ષ્મપૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત, બાદર પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત. ભગવન્ ! અપ્કાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત એ પ્રમાણે જ જાણવા. એ રીતે વનસ્પતિકાય સુધી કહેવું.

ભગવન્ ! બેઇન્દ્રિય પ્રયોગપરિણત પુદ્‌ગલો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! તે અનેક પ્રકારે છે. આ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય પ્રયોગપરિણતોને પણ જાણવા.

ભગવન! પંચેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્‌ગલો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! તે ચાર ભેદે છે – નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણત, તિર્યંચ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત, મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત, દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત.

ભગવન્ ! નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગપરિણતની પૃચ્છા – ગૌતમ તે સાત પ્રકારે છે – રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પ્રયોગપરિણત યાવત્ અધઃસપ્તમપૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગપરિણત.

ભગવન્ ! તિર્યંચયોનિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણતની પૃચ્છા. ગૌતમ ! તે ત્રણ ભેદે છે – જલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક પરિણત પુદ્‌ગલ, સ્થલચર પંચેન્દ્રિય પ્રયોગ પરિણત, ખેચર પંચેન્દ્રિય પ્રયોગ પરિણત.

જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણતની પૃચ્છા – ગૌતમ ! બે ભેદે છે – સંમૂર્ચ્છિમ જલચર૦ ગર્ભ વ્યુત્ક્રાંતિક જલચર૦ સ્થલચર તિર્યંચનો પંચેન્દ્રિય પ્રયોગ પરિણતનો પ્રશ્ન– ગૌતમ ! બે ભેદે – ચતુષ્પદ સ્થલચર૦, પરિસર્પ સ્થલચર૦, ચતુષ્પદ સ્થલચર૦નો પ્રશ્ન – ગૌતમ ! તે બે ભેદે– સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર૦, ગર્ભવ્યુત્ક્રાંતિક ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ.

એ પ્રમાણે આ આલાવાથી પરિસર્પ બે ભેદે – ઉર પરિસર્પ, ભુજગ પરિસર્પ કહેવા. ઉરપરિસર્પ બે ભેદે – સંમૂર્ચ્છિમ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક. એ પ્રમાણે ભુજપરિસર્પ અને ખેચરના પણ બબ્બે જાણવા.

ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલોનો કેટલા પ્રકાર છે ? ગૌતમ ! મનુષ્ય પંચેન્દ્રિય૦ બે ભેદે છે – સંમૂર્ચ્છિમ મનુષ્ય૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ.

ભગવન્ ! દેવ પંચેન્દ્રિય પ્રયોગ પ્રયોગપરિણત પુદ્‌ગલો કેટલા પ્રકારે છે? ગૌતમ ! ચાર ભેદે છે – ભવનવાસી દેવ પંચેન્દ્રિય પ્રયોગ પ્રયોગપરિણત પુદ્‌ગલ યાવત્ વૈમાનિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પ્રયોગપરિણત પુદ્‌ગલ.

ભગવન્ ! ભવનવાસી દેવ પંચેન્દ્રિય પ્રયોગ પ્રયોગ પરિણત પુદ્‌ગલ વિષે પૃચ્છા– ગૌતમ ! તે દશ ભેદે છે– અસુર કુમાર૦ યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્‌ગલ

એ રીતે આ જ આલાવાથી આઠ ભેદે વ્યંતર કહેવા– પિશાચ યાવત્ ગંધર્વ દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત.

જ્યોતિષ્ક પાંચ ભેદે છે – ચંદ્ર વિમાન જ્યોતિષ્ક૦ યાવત્ તારા વિમાન જ્યોતિષ્ક દેવ પ્રયોગપરિણત.

વૈમાનિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પ્રયોગપરિણત પુદ્‌ગલો બે ભેદે છે– કલ્પોપપન્નક૦ અને કલ્પાતીત વૈમાનિક દેવ પ્રયોગ પરિણત પુદ્ગલ. કલ્પોપપન્નક દેવ બાર ભેદે છે – સૌધર્મ યાવત્ અચ્યુત કલ્પોપપન્નક વૈમાનિક દેવ૦ કલ્પાતીત વૈમાનિક દેવ૦ ગૌતમ ! બે ભેદે છે – ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક૦, અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પ્રયોગ પરિણત પુદ્‌ગલો.

ગ્રૈવેયક૦ નવ ભેદે છે – હેટ્ઠિમહેટ્ઠિમ ગ્રૈવેયક કલ્પાતીત૦ યાવત્ ઉપરિમ–ઉપરિમ ગ્રૈવેયક કલ્પાતીત૦

અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્‌ગલ, ભગવન્ ! કેટલા પ્રકારે છે? ગૌતમ ! પાંચ પ્રકારે. વિજય યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્‌ગલો.

ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્‌ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – પર્યાપ્ત૦ અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક પ્રયોગ પરિણત પુદ્ગલ. એ જ રીતે બાદર પૃથ્વીકાયિક એકે૦ ના પણ બે ભેદ છે. તે વનસ્પતિકાયિક સુધી બધાના બબ્બે ભેદ કહેવા– સૂક્ષ્મ અને બાદર તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા કહેવા.

ભગવન્ ! બેઇન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલનાં કેટલા ભેદ છે ? ગૌતમ ! તેના બે ભેદ છે – પર્યાપ્ત૦ અને, અપર્યાપ્ત બેઇન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય૦ પુદ્ગલના વિષયમાં પણ કહેવું.

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પ્રયોગ પરિણત પુદ્ગલનાં કેટલા ભેદ છે ? ગૌતમ ! બે ભેદ– પર્યાપ્તા૦ અને અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વી પ્રયોગ પરિણત પુદ્ગલ. એ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી પ્રયોગપરિણત પુદ્ગલ સુધી બબ્બે ભેદ કહેવા– પર્યાપ્ત અને અપર્યાપ્ત.

ભગવન્ ! સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલોના કેટલા પ્રકાર છે ?– ગૌતમ ! બે પ્રકાર છે. – પર્યાપ્તા૦, અપર્યાપ્તા૦. એ રીતે ગર્ભવ્યુત્ક્રાંતિક જલચર તિર્યંચ પંચેન્દ્રિય૦ પણ કહેવા.

એ જ રીતે સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક૦ કહેવા. સંમૂર્ચ્છિમ ખેચર ગર્ભવ્યુત્ક્રાંતિક સુધી એમ જ જાણવું. દરેકના પર્યાપ્તા, અપર્યાપ્તા બબ્બે ભેદ કહેવા.

ભગવન્ !સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલોના કેટલા ભેદ છે? ગૌતમ ! એક જ ભેદ છે – અપર્યાપ્તક સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ. ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય વિશે પૃચ્છા. ગૌતમ ! તેના બે ભેદ છે – પર્યાપ્તા૦ અનેઅપર્યાપ્તા ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય મનુષ્ય પ્રયોગ પરિણત પુદ્ગલ.

ભગવન્ ! અસુરકુમાર ભવનવાસી દેવ પ્રયોગ પરિણત પુદ્ગલોના કેટલા ભેદ છે ? ગૌતમ ! બે ભેદ. પર્યાપ્તા૦, અને અપર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પ્રયોગ પરિણત પુદ્ગલ. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું.

આ આલાવા વડે બબ્બે ભેદે પિશાચથી ગંધર્વ સુધીના આઠ વ્યંતર દેવો કહેવા. ચંદ્રથી તારા સુધી પાંચ જ્યોતિષ્ક દેવો કહેવા. સૌધર્મ કલ્પોપપન્નકથી અચ્યુત સુધીના ૧૨ ભેદે વૈમાનિકો કહ્યા. હેટ્ઠિમ–હેટ્ઠિમ ગ્રૈવેયકથી ઉપરિમ–ઉપરિમ ગ્રૈવેયક સુધી નવ ભેદ કહેવા. વિજયથી અપરાજિત સુધી પાંચ અનુત્તરોપપાતિક ભેદ કહેવા.

ભગવન્ ! સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીતદેવ પ્રયોગ પરિણત પુદ્ગલોના કેટલા ભેદ છે ? ગૌતમ ! બે ભેદ છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીતદેવ પ્રયોગ પરિણત પુદ્ગલ.

જે પુદ્ગલ અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર પ્રયોગ પરિણત છે. જે પુદ્ગલ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે પણ ઔદારિક આદિ ત્રણે શરીરપ્રયોગ પરિણત છે. એ પ્રમાણે ચતુરિન્દ્રિય પર્યાપ્તા સુધી કહેવું. વિશેષ એ કે – પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે ઔદારિક–વૈક્રિય–તૈજસ–કાર્મણ શરીર પ્રયોગ પરિણત છે. બાકી પૂર્વવત્ કહેવું.

જે પુદ્ગલ અપર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે વૈક્રિય–તૈજસ–કાર્મણશરીર પ્રયોગ પરિણત છે, એ પ્રમાણે પર્યાપ્તા પણ જાણવા. એ રીતે અધઃસપ્તમી પૃથ્વી પ્રયોગ **પરિણત પુદ્ગલ** સુધી જાણવું.

જે પુદ્ગલ અપર્યાપ્તક સંમૂર્ચ્છિમ જલચર પ્રયોગ પરિણત છે, તે ઔદારિક–તૈજસ–કાર્મણશરીર પ્રયોગ પરિણત છે. એ પ્રમાણે પર્યાપ્તા પણ જાણવા. ગર્ભવ્યુત્ક્રાંતિક પર્યાપ્તા, અપર્યાપ્તા બંને એ પ્રમાણે જ જાણવા. વિશેષ એ કે – પર્યાપ્તા બાદર વાયુકાયિકની જેમ પર્યાપ્તાના ચાર શરીર પ્રયોગ પરિણત કહેવા. એ પ્રમાણે જેમ જલચરોમાં ચાર આલાવા કહ્યા તેમ ચતુષ્પદ ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરોમાં પણ ચાર આલાવા કહેવા.

જે પુદ્ગલ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર પ્રયોગપરિણત છે. એ પ્રમાણે ગર્ભવ્યુત્ક્રાંતિક અપર્યાપ્તક, પર્યાપ્તક પણ જાણવા. વિશેષ એ કે – શરીર પાંચ કહેવા.

અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી, નૈરયિકની જેમ જાણવા. એ રીતે પર્યાપ્તા પણ કહેવા. એ પ્રમાણે બબ્બે ભેદથી સ્તનિતકુમાર સુધી ભવનવાસીદેવોના સંબંધમાં કહેવું. એ પ્રમાણે પિશાચથી ગંધર્વ સુધી,ચંદ્રથી તારાવિમાન સુધી જ્યોતિષ્કદેવ, સૌધર્મકલ્પથી અચ્યુત સુધી વૈમાનિક દેવ, હેટ્ઠિમહેટ્ઠિમ ગ્રૈવેયકથી ઉપરિમ ઉપરિમ ગ્રૈવેયક, તથા વિજયથી સર્વાર્થસિદ્ધ સુધી પ્રત્યેકના બબ્બે ભેદો જાણવા. તેમાં બંને ભેદોમાં વૈક્રિય, તૈજસ અને કાર્મણ શરીર પ્રયોગ પરિણત પુદ્ગલ કહેવા જોઈએ.

જે પુદ્ગલ અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, જે પુદ્ગલ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ છે, તે પણ સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત જ છે. જે અપર્યાપ્તા બાદરપૃથ્વીકાયિક છે, તે અને પર્યાપ્તા પણ એમ જ છે. એ રીતે ચાર ભેદ(સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત) થી વનસ્પતિકાયિક સુધી જાણવું. તે સર્વે સ્પર્શનેન્દ્રીય પ્રયોગ પરિણત છે.

જે પુદ્ગલ અપર્યાપ્તા બેઇન્દ્રિય પ્રયોગપરિણત છે, તે જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, પર્યાપ્તા બેઇન્દ્રિય એ પ્રમાણે જ છે. એ રીતે ચાર ઇન્દ્રિય સુધી જાણવું. વિશેષ એ કે– તેમાં એક–એક ઇન્દ્રિયની વૃદ્ધિ કહેવી.

જે પુદ્ગલ અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીનૈરયિક પાંચ ઇન્દ્રિય પ્રયોગ પરિણત છે તે શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જીહ્વા અને સ્પર્શ ઇન્દ્રિય પ્રયોગ પરિણત કહેવા. એ જ રીતે પર્યાપ્તા કહેવા. એ પ્રમાણે સાતે નરક સંબંધી કથન કરવું

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવો એ સર્વેના વિષયમાં પણ એમજ કહેવું યાવત્ જે પુદ્ગલ પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત દેવ પ્રયોગ પરિણત છે તેઓ પાંચે ઇન્દ્રિયોથી૦ પરિણત છે, ત્યાં સુધી કથન કરવું.

જે પુદ્ગલ અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક–તૈજસ–કાર્મણ શરીરપ્રયોગ પરિણત છે. તે સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, જે પુદ્ગલ પર્યાપ્ત સૂક્ષ્મ૦ છે તે અને બાદર અપર્યાપ્તા–પર્યાપ્તા છે, તે બધાં એ પ્રમાણે જ જાણવા. એ રીતે આ આલાવાથી જેની જેટલી ઇન્દ્રિયો અને શરીરો છે, તે તેને કહેવા. યાવત્ જે પુદ્ગલ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત દેવ પંચેન્દ્રિય વૈક્રિય–તૈજસ–કાર્મણ શરીર પ્રયોગ પરિણત છે, તે શ્રોત્ર યાવત્ સ્પર્શ ઇન્દ્રિય પ્રયોગપરિણત છે.

જે પુદ્ગલ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગપરિણત છે તે વર્ણથી કાળો–નીલો–રાતો–પીળો–સફેદ વર્ણ પરિણત છે. ગંધથી સુરભિ–દુરભિગંધ પરિણત છે, રસથી તિક્ત–કડુચ–કસાય–અંબિલ–મધુર રસ પરિણત છે, સ્પર્શથી કર્કશ યાવત્ રૂક્ષ પરિણત, સંસ્થાનથી પરિમંડલ–વૃત્ત–ત્ર્યસ્ર–ચતુરસ્ર–આયત સંસ્થાન પરિણત છે. જે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ એ જ પ્રમાણે છે.

એ પ્રમાણે અનુક્રમે જાણવું કે જેના જેટલા શરીરો યાવત્ જે પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય–તૈજસ–કાર્મણશરીરી યાવત્ પરિણત છે, તે વર્ણથી કાળા યાવત્ આયત સંસ્થાન પરિણત છે.

જે પુદ્ગલ અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય સ્પર્શનેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે વર્ણથી કાળા યાવત્ આયત–સંસ્થાન પરિણત છે. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ એમ જ છે. એ રીતે અનુક્રમે જેને જેટલી ઇન્દ્રિયો છે, તેને તેટલી કહેવી, યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તર યાવત્ શ્રોત્રથી સ્પર્શ સુધી પરિણત છે, વર્ણથી કાળા યાવત્ આયત સંસ્થાન પરિણત છે.

જે પુદ્ગલ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક તૈજસ–કાર્મણ સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ યાવત્ આયત સંસ્થાન પરિણત છે, જે સૂક્ષ્મ પૃથ્વી૦ તેમજ છે. એ રીતે અનુક્રમે જેને જેટલા શરીર અને ઇન્દ્રિયો છે, તેને તેટલા કહેવા. યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય–તૈજસ–કાર્મણ૦ તે શ્રોત્ર યાવત્ સ્પર્શનેન્દ્રિય પ્રયોગ પરિણત૦ વર્ણથી કાળ વર્ણ પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત છે. એ રીતે નવ દંડકો થયા.

સૂત્ર–૩૮૪, ૩૮૫

૩૮૪. ભગવન્ ! મિશ્ર પરિણત પુદ્ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. એકેન્દ્રિય મિશ્ર પરિણત યાવત્ પંચેન્દ્રિય મિશ્ર પરિણત.

ભગવન્ ! એકેન્દ્રિય મિશ્ર પરિણત પુદ્ગલ, કેટલા ભેદે છે ? ગૌતમ ! જેમ પ્રયોગ પરિણતના નવ દંડકો કહ્યા, તેમ મિશ્રપરિણતના પણ નવ દંડકો બધા સંપૂર્ણ કહેવા. વિશેષ એ કે– આલાવો મિશ્ર પરિણતનો કહેવો. બાકી બધું તેમજ છે. યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક પ્રયોગ પરિણત પુદ્ગલ છે તેઆયત સંસ્થાનરૂપે પરિણત છે.

૩૮૫. ભગવન્ ! વિસ્રસા પરિણત, પુદ્ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન પરિણત. જે પુદ્ગલ વર્ણ પરિણત છે, તે પાંચ ભેદે છે – કાળવર્ણ યાવત્ શુક્લવર્ણ પરિણત,

જે પુદ્ગલ ગંધ પરિણત છે, તે બે ભેદે – સુરભિગંધ, દુરભિગંધ પરિણત. જે પુદ્ગલ રસ પરિણત છે તે પાંચ ભેદે છે– તિક્ત રસ પરિણત યાવત મધુર રસ પરિણત.

જે પુદ્ગલ સ્પર્શ પરિણત છે તે આઠ ભેદે છે– કર્કશ સ્પર્શ પરિણત યાવત રુક્ષ સ્પર્શ પરિણત. જે પુદ્ગલ સંસ્થાન પરિણત છે, તેના પાંચ ભેદ છે–પરિમંડળ સંસ્થાન પરિણત યાવત આયત સંસ્થાન પરિણત.

એ રીતે જેમ પન્નવણા સૂત્રના પહેલા પદમાં છે, તેમ સંપૂર્ણ વર્ણન અહી કરવું.

સૂત્ર–૩૮૬

ભગવન્ ! શું એક દ્રવ્ય, પ્રયોગ પરિણત, મિશ્ર પરિણત કે વિસ્રસા પરિણત હોય ? ગૌતમ ! પ્રયોગ કે મિશ્ર કે વિસ્રસા ત્રણે પરિણત હોય.

ભગવન્ ! જો એક દ્રવ્ય પ્રયોગ પરિણત હોય, તો મનપ્રયોગ પરિણત હોય, વચન પ્રયોગ પરિણત કે કાય પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! મન કે વચન કે કાય ત્રણે પ્રયોગ પરિણત હોય.

ભગવન્ ! જો તે મન પ્રયોગ પરિણત હોય તો શું સત્યમન પ્રયોગ પરિણત હોય, મૃષા મન પ્રયોગ પરિણત, સત્યામૃષા મન પ્રયોગ પરિણત કે અસત્યામૃષા મન પ્રયોગ પરિણત હોય? ગૌતમ ! તે સત્ય૦ કે મૃષા૦ કે સત્યામૃષા૦ કે અસત્યામૃષા ચારે મનપ્રયોગ પરિણત હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય સત્ય મન પ્રયોગ પરિણત હોય તો શું આરંભ સત્યમન પ્રયોગ પરિણત હોય, અનારંભ સત્યમન પ્રયોગ પરિણત હોય, સંરંભ સત્યમન પ્રયોગ પરિણત હોય કે અસંરંભ સત્યમન પ્રયોગ પરિણત હોય સમારંભ સંરંભ સત્યમન પ્રયોગ પરિણત હોય કે અસમારંભ સત્ય મન પ્રયોગ પરિણત હોય? ગૌતમ ! તે છ એ હોય.

જો તે દ્રવ્ય મૃષામન પ્રયોગ પરિણત હોય, તો શું આરંભ મૃષા મન પ્રયોગ પરિણત હોય કે, એ પ્રમાણે સત્યમન પ્રયોગ પરિણત ની જેમ મૃષા મન પ્રયોગ પરિણતના વિષયમાં પણ કહેવું.

એ રીતે સત્યામૃષા અને અસત્યામૃષા મનપ્રયોગ પણ કહેવો.

ભગવન્ ! જો વચન પ્રયોગ પરિણત હોય તો શું સત્યવચન પ્રયોગ પરિણત હોય કે યાવત અસત્યામૃષા વચન પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! એ રીતે મનપ્રયોગ પરિણત માફક વચનપ્રયોગ પરિણત પણ યાવત્ અસમારંભ વચનપ્રયોગ પરિણત સુધી કહેવું.

ભગવન્ ! જો કાય પ્રયોગ પરિણત હોય તો શું ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય, ઔદારિક મિશ્ર૦, વૈક્રિય૦, વૈક્રિય–મિશ્ર૦, આહારક૦, આહારક–મિશ્ર૦ કે કાર્મણ શરીર કાય પ્રયોગ પરિણત છે ? ગૌતમ ! ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત કે યાવત્ કાર્મણ શરીરકાય પ્રયોગ પરિણત પણ હોય છે.

ભગવન્ ! જો તે દ્રવ્ય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય તો શું એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિય શરીર કાય પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! તે પાંચે પણ હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય એકેન્દ્રિય ઔદારિક શરીરકાય પ્રયોગ પરિણત હોય, તો શું પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીરકાય પ્રયોગ પરિણત હોય કે યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય ગૌતમ ! પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીકાયપ્રયોગ પરિણત હોય કે યાવત્ વનસ્પતિકાય૦ પરિણત હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય, તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય કે યાવત્ બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક૦ હોય કે યાવત્ બાદર પૃથ્વીકાયિક૦ હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય તો શું પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦ પરિણત હોય કે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ પરિણત હોય?

ગૌતમ ! પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ હોય કે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ હોય. એ પ્રમાણે બાદર પણ જાણવું. યાવત્ વનસ્પતિકાયના ચાર ભેદો જાણવા. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળાના બે ભેદો જાણવા – પર્યાપ્ત, અપર્યાપ્ત.

ભગવન્ ! જો તે દ્રવ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય કે મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! તિર્યંચયોનિક યાવત્ પરિણત હોય કે મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય તો શું જલચર તિર્યંચયોનિક૦ પરિણત હોય કે સ્થલચર૦ કે ખેચર૦ હોય? ગૌતમ ! તે જલચર૦, સ્થલચર૦ કે ખેચર૦ ત્રણે તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય એ પ્રમાણે જ ચાર ચાર ભેદ ખેચર સુધી કહેવા.

ભગવન્ ! જો તે દ્રવ્ય મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય કે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! બંને.

ભગવન્ ! જો તે દ્રવ્ય ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત છે, તો શું પર્યાપ્ત ગર્ભવ્યુત્ક્રાંતિક યાવત્ પરિણત છે કે અપર્યાપ્ત ગર્ભવ્યુત્ક્રાંતિક૦? ગૌતમ ! તે પર્યાપ્ત ગર્ભવ્યુત્ક્રાંતિક કે અપર્યાપ્ત ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણત બંને હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ પરિણત છે, તો શું એકેન્દ્રિય ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ પરિણત છે, બેઇન્દ્રિય૦ પરિણત છે યાવત્ પંચેન્દ્રિય૦ પરિણત છે? ગૌતમ ! એકેન્દ્રિય ઔદારિક૦માં જેમ ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણતનો આલાવો કહ્યો, તેમ ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ પરિણતનો આલાવો કહેવો. વિશેષ એ કે – બાદર વાયુકાયિક, ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો, આ ત્રણમાં પર્યાપ્તા-અપર્યાપ્તા કહેવા, બાકીનામાં અપર્યાપ્તા કહેવા.

ભગવન્ ! જો તે દ્રવ્ય વૈક્રિય શરીર કાયપ્રયોગ પરિણત છે, તો શું એકેન્દ્રિય૦ યાવત્ પંચેન્દ્રિય વૈક્રિયશરીર કાયપ્રયોગ પરિણત છે ? ગૌતમ ! તે એકેન્દ્રિય૦ અથવા યાવત્ પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય.

ભગવન્ ! જો તે દ્રવ્ય એકેન્દ્રિય વૈક્રિય શરીર કાયપ્રયોગ પરિણત હોય તો શું વાયુકાયિક૦ હોય, અવાયુકાયિક એકેન્દ્રિય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! વાયુકાયિક૦ કે અવાયુકાયિક૦ બંને હોય. એ રીતે આ આલાવા વડે જેમ અવગાહના સંસ્થાનમાં વૈક્રિયશરીર કહ્યું તેમ અહીં પણ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક

કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કાયપ્રયોગ પરિણત કે અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કાયપ્રયોગ પરિણત કહેવું.

ભગવન્ ! જો તે દ્રવ્ય વૈક્રિયમિશ્ર શરીર કાયપ્રયોગ પરિણત હોય, તો એકેન્દ્રિય મિશ્ર શરીર કાયપ્રયોગ પરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિય૦ હોય ? એ પ્રમાણે જેમ વૈક્રિય શરીર કાય પ્રયોગમાં કહ્યું તેમ વૈક્રિય મિશ્ર૦માં પણ કહેવું વિશેષ એ કે – દેવ,અને નૈરયિકના અપર્યાપ્ત, અને બાકીના સર્વ જીવોના પર્યાપ્તામાં, તે પ્રમાણે જ યાવત્ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ યાવત્ પરિણત ન હોય, અપર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ પરિણત હોય, ત્યાં સુધી કહેવું.

ભગવન્ ! જો તે દ્રવ્ય આહારક શરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું મનુષ્ય આહારક શરીર કાયપ્રયોગ પરિણત હોય, અમનુષ્ય આહારક૦ પરિણત હોય? એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપાનાસૂત્રના પદ–૨૧ અવગાહના સંસ્થાનમાં કહ્યું તે રીતે યાવત્ ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુક્ત૦ પરિણત હોય, અનૃદ્ધિ પ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ યાવત્ પરિણત ન હોય કહેવું..

ભગવન્ ! જો એક દ્રવ્ય આહારક મિશ્રશરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું મનુષ્યાહારક મિશ્ર શરીર૦? ગૌતમ ! જેમ 'આહારક' માં કહ્યું તેમ 'આહારક મિશ્રમાં બધું કહેવું.

ભગવન્ ! જો એક દ્રવ્ય કાર્મણ શરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું એકેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ પરિણત હોય યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર૦? ગૌતમ ! એકેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ૦ એ રીતે જેમ 'અવગાહના સંસ્થાનમાં' કાર્મણના ભેદો કહ્યા તેમ અહીં પણ કહેવા, તે પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ પરિણત હોય અથવા અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ૦ પરિણત હોય ત્યાં સુધી કહેવું .

ભગવન્ ! જો એક દ્રવ્ય મિશ્ર પરિણત હોય, તો શું મન૦ વચન૦ કે કાયમિશ્ર પરિણત હોય ? ગૌતમ ! મન કે વચન કે કાયમિશ્ર પરિણત હોય.

ભગવન્ ! જે એક દ્રવ્ય મન મિશ્ર પરિણત હોય તો શું સત્યમન૦ કે મૃષામનમિશ્ર પરિણત હોય? જેમ પ્રયોગ પરિણત, તેમ મિશ્રપરિણત પણ કહેવું. તે પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય કાર્મણ શરીર મિશ્ર પરિણત કે અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ યાવત્ કાર્મણ શરીરમિશ્ર પરિણત સુધી કહેવું.

ભગવન્ ! જે એક દ્રવ્ય વિસ્રસા(સ્વભાવથી) પરિણત હોય, તો શું વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–સંસ્થાન પરિણત હોય ? ગૌતમ ! વર્ણ કે ગંધ કે રસ કે સ્પર્શ કે સંસ્થાન પરિણત હોય.

ભગવન્ ! જે એક દ્રવ્ય વર્ણ પરિણત હોય, તો શું કાળા વર્ણ પરિણત હોય કે યાવત્ શુક્લ વર્ણ૦ ? ગૌતમ ! કાળા૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત હોય

ભગવન્ ! જે એક દ્રવ્ય ગંધ પરિણત હોય, તો શું સુરભિગંધ પરિણત કે દુરભિગંધ ? ગૌતમ ! સુરભિગંધમાં કે દુરભિગંધમાં બંનેમાં પરિણત હોય.

ભગવન્ ! જે એક દ્રવ્ય રસ પરિણત હોય, તો શું તિક્તરસ પરિણત હોય૦ પ્રશ્ન. ગૌતમ ! તિક્ત યાવત્ મધુર રસ પરિણત હોય.

ભગવન્ ! જે એક દ્રવ્ય સ્પર્શ પરિણત હોય, તો શું કર્કશ સ્પર્શ પરિણત હોય યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત ? ગૌતમ ! કર્કશ૦ કે યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત હોય.

ભગવન્ ! જે એક દ્રવ્ય સંસ્થાન પરિણત હોય૦ પ્રશ્ન. ગૌતમ ! પરિમંડલ સંસ્થાન પરિણત હોય કે યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

સૂત્ર–૩૮૭

ભગવન્ ! બે દ્રવ્યો(અનંત પ્રદેશી બે સ્કંધો) શું પ્રયોગ પરિણત હોય, મિશ્રપરિણત હોય કે વિસ્રસા પરિણત હોય ?ગૌતમ ! તે બંને દ્રવ્યો – ૧. પ્રયોગ પરિણત હોય કે ૨. મિશ્રપરિણત કે ૩. વીસ્રસા પરિણત કે ૪. એક પ્રયોગ

પરિણત, એક મિશ્ર પરિણત કે ૫. એક પ્રયોગ પરિણત, એક વિસ્રસા પરિણત કે ૬. એક મિશ્ર પરિણત, એક વીસ્રસા પરિણત હોય.

ભગવન્ !જે બે દ્રવ્યો પ્રયોગ પરિણત હોય, તે શું મનપ્રયોગ પરિણત હોય, વચન૦ કાયપ્રયોગ પરિણત હોય? ગૌતમ ! ૧. મનપ્રયોગ પરિણત, કે ૨. વચનપ્રયોગ પરિણત, કે ૩.કાય પ્રયોગ પરિણત, ૪. એક મન પ્રયોગ૦ એકવચન પ્રયોગ૦ કે ૫. એક મન પ્રયોગ૦ એક કાય પ્રયોગ૦ એકવચન૦ એક કાયપ્રયોગ હોય.

ભગવન્ ! જે બે દ્રવ્યો મનપ્રયોગ પરિણત હોય તો શું તે સત્ય મનપ્રયોગ પરિણત હોય, ઈત્યાદિ પ્રશ્ન? ગૌતમ ! ૧ થી ૪. સત્ય૦ કે યાવત્ અસત્યામૃષા મનઃપ્રયોગ અથવા ૫. એક સત્ય૦ એક મૃષામન પ્રયોગ પરિણત. અથવા ૬. એક સત્ય૦ એક સત્યામૃષામનપ્રયોગ પરિણત. અથવા ૭. એક સત્ય૦ એક અસત્યામૃષા મનપ્રયોગ પરિણત. અથવા ૮. એક મૃષા૦ એક સત્યામૃષામનપ્રયોગ પરિણત અથવા ૯. એક મૃષા૦ એક અસત્યામૃષામન પ્રયોગ પરિણત. અથવા ૧૦. એક સત્યામૃષા૦ એક અસત્યામૃષા મનપ્રયોગ પરિણત હોય.

ભગવન્ ! જે બે દ્રવ્યો સત્યમનપ્રયોગ પરિણત હોય તો શું આરંભ સત્ય૦ યાવત્ અસમારંભ સત્ય મનઃપ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! આરંભ સત્ય૦ કે યાવત્ અસમારંભ સત્ય મનઃપ્રયોગ પરિણત હોય. અથવા એક આરંભ સત્ય૦ એક અનારંભ સત્યમનઃપ્રયોગ પરિણત હોય. એ રીતે આ ગમ વડે દ્વિકસંયોગ જાણવા. સર્વે સંયોગો જ્યાં જેટલા દ્વિકસંયોગ થાય તેટલા કહેવા યાવત્ સર્વાર્થસિદ્ધ ગતિ.

ભગવન્ ! જે બે દ્રવ્યો મિશ્ર પરિણત હોય તો, શું મનોમિશ્ર પરિણત હોય ઈત્યાદિ પ્રશ્ન પ્રયોગ પરિણતવત કરવા. ગૌતમ ! પ્રયોગ પરિણતનાં વિષયમાં કહ્યું, તેમ મિશ્ર પરિણતના વિષયમાં બધું કહેવું.

ભગવન્ !જો વિસ્રસા પરિણત હોય તો શું વર્ણ પરિણત, ગંધ પરિણત હોય યાવત સંસ્થાન પરિણત હોય ? ગૌતમ !જે રીતે પહેલા કથન કર્યું તે રીતે વિસ્રસા પરિણતમાં પણ કહેવું યાવત્ એક દ્રવ્ય ચતુરસ્ર સંસ્થાનરૂપે પરિણત કે એક દ્રવ્ય આયત સંસ્થાનરૂપે પરિણત હોય.

ભગવન્ ! ત્રણ દ્રવ્યો (અનંતપ્રદેશી ત્રણ સ્કંધો)શું પ્રયોગપરિણત હોય કે , મિશ્ર૦, વિસ્રસા પરિણત હોય? ગૌતમ ! ત્રણ દ્રવ્યો – ૧ થી ૩. પ્રયોગ૦ કે મિશ્ર૦, કે વીસ્રસા પરિણત હોય અથવા ૪. એક પ્રયોગ૦, બે મિશ્ર પરિણત હોય, અથવા ૫. એક પ્રયોગ૦, બે વીસ્રસા પરિણત હોય અથવા ૬ અથવા બે પ્રયોગ૦ એક મિશ્ર૦ અથવા ૭. બે પ્રયોગ૦ એક વીસ્રસા૦ ૮. અથવા એક મિશ્ર૦ બે વીસ્રસા૦ અથવા ૯. બે મિશ્ર૦ એક વિસ્રસા૦ ૧૦. અથવા એક પ્રયોગ૦ એક મિશ્ર૦ એક વીસ્રસા પરિણત હોય.

ભગવન્ ! જે ત્રણ દ્રવ્ય પ્રયોગ પરિણત હોય તો શું મન૦, વચન૦, કાયપ્રયોગ પરિણત હોય? ગૌતમ ! તે ત્રણ દ્રવ્ય મનઃ–વચન–કાયપ્રયોગ પરિણત વગેરે, એ પ્રમાણે એક સંયોગ, દ્વિકસંયોગ, ત્રિકસંયોગ કહેવા.

ભગવન્ ! જે ત્રણ દ્રવ્ય મનઃપ્રયોગ પરિણત હોય તો શું સત્યમન આદિ પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! સત્ય૦ કે યાવત્ અસત્યામૃષા મનપ્રયોગ પરિણત અથવા એક સત્ય૦ બે મૃષા૦ એ પ્રમાણે દ્વિકસંયોગ, ત્રિકસંયોગ કહેવા. એ પ્રમાણે યાવત્ એક ત્રસ સંસ્થાન પરિણત કે એક ચતુરસ્ર૦ કે એક આયત સંસ્થાન પરિણત.

ભગવન્ ! ચાર દ્રવ્યો(અનંતપ્રદેશી ચાર સ્કંધો) હોય, તો શું પ્રયોગ પરિણતાદિ હોય? ગૌતમ ! ૧ થી ૩. પ્રયોગ કે મિશ્ર કે વીસ્રસા પરિણતહોય. અથવા ૪. એક પ્રયોગ૦ ત્રણ મિશ્ર પરિણત. અથવા ૫. એક પ્રયોગ૦ ત્રણ વીસ્રસા પરિણત અથવા ૬. બે પ્રયોગ૦ બે મિશ્ર પરિણત. અથવા ૭. બે પ્રયોગ૦ બે વીસ્રસા પરિણત. અથવા

૮. ત્રણ પ્રયોગ૦ એક મિશ્ર પરિણત અથવા ૯. ત્રણ પ્રયોગ૦ એક વીસ્રસા પરિણત. અથવા ૧૦. એક મિશ્ર૦ ત્રણ વીસ્રસા પરિણત અથવા ૧૧. બે મિશ્ર૦ બે વીસ્રસા પરિણત અથવા ૧૨.ત્રણ મિશ્ર૦ એક વીસ્રસા પરિણત અથવા ૧૩. એક પ્રયોગ૦ બે વીસ્રસા૦ એક મિશ્ર પરિણત. અથવા ૧૪. એક પ્રયોગ૦ બે મિશ્ર૦ એક વીસ્રસા૦ અથવા ૧૫. બે પ્રયોગ૦ એક મિશ્ર૦ એક વીસ્રસા૦

ભગવન્ ! જો ચાર દ્રવ્ય પ્રયોગ પરિણત હોય તો શું મન આદિ પ્રયોગ પરિણત છે ?

ગૌતમ ! આ સર્વ ભંગ પૂર્વવત કહેવા. એ ક્રમથી પાંચ, છ, સાત યાવત્ દશ, યાવત સંખ્યાત, અસંખ્યાત, અને અનંતા દ્રવ્યોના વિષયમાં કહેવું. એક સંયોગથી કહેવા. બે–ત્રણ યાવત્ દશ–બાર સંયોગથી જ્યાં જેના જેટલા સંયોગ થાય, તે સર્વે કહેવા. આ બધાં ફરીથી જેમ નવમા શતકમાં 'પ્રવેશનક' ઉદ્દેશામાં કહીશું તેમ કહેવા. યાવત્ અસંખ્યાત, અનંત, વિશેષ આ – એક પદ અધિક કહેવું યાવત્ અથવા અનંતા પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ અનંત દ્રવ્ય આયત સંસ્થાનરૂપે પરિણત થાય છે.

સૂત્ર–૩૮૮

ભગવન્ ! આ પ્રયોગ પરિણત, મિશ્રપરિણત, વીસ્રસા પરિણત પુદ્‌ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી થોડા પુદ્‌ગલ પ્રયોગ પરિણત છે, મિશ્રપરિણત અનંતગુણા છે. વીસ્રસા પરિણત તેથી અનંતગુણા છે. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૮, ઉદ્દેશો–૨ 'આશીવિષ'

સૂત્ર–૩૮૯

ભગવન્ ! આશીવિષ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – જાતિ આશીવિષ, કર્મ આશીવિષ.

ભગવન્ ! જાતિ આશીવિષ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે – વૃશ્ચિક(વીંછી), મંડુક (દેડકો), ઉરગ(સર્પ), મનુષ્ય–જાતિ આશીવિષ.

ભગવન્ ! વૃશ્ચિક જાતિ આશીવિષનો કેટલો વિષય કહ્યો છે ? ગૌતમ ! વૃશ્ચિક જાતિ આશીવિષ અર્ધભરત પ્રમાણ ક્ષેત્ર શરીરને વિષ વડે વિષવ્યાપ્ત કે વિનાશ કરવા સમર્થ છે. આ વિષ તેનો વિષય માત્ર છે, સંપ્રાપ્તિ વડે તેણે આમ કર્યુ નથી – કરતા નથી – કરશે નહીં.

મંડુક્ક જાતિ આશીવિષનો કેટલો વિષય કહ્યો છે ? ગૌતમ ! તે ભરતક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિષવ્યાપ્ત કરી શકે, બાકી પૂર્વવત્ યાવત્ કરશે નહીં.

એ પ્રમાણે – ઉરગ જાતિ આશીવિષને જાણવા. વિશેષ એ કે – જંબૂદ્વીપ ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિષવ્યાપ્ત કરી શકે, બાકી પૂર્વવત્ યાવત્ તે કરશે નહીં.

મનુષ્ય જાતિ આશીવિષ એમ જ છે. વિશેષ એ – સમય ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિષ વ્યાપ્ત કરી શકે બાકી પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! જો કર્મ આશીવિષ છે, તો શું તે નૈરયિક કર્મ આશીવિષ છે ? તિર્યંચ, મનુષ્ય કે દેવકર્માશીવિષ છે ? ગૌતમ ! તે નૈરયિક કર્માશીવિષ નથી, પણ તિર્યંચ કર્માશીવિષ છે–મનુષ્ય કર્માશીવિષ છે–દેવકર્માશીવિષ છે.

ભગવન્ ! જો તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે તો શું તે એકેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે ? ગૌતમ ! તે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય તિર્યંચ કર્માશીવિષ નથી પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે.

ભગવન્ ! જો તે પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે તો શું સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે કે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે ? ગૌતમ ! જેમ પ્રજ્ઞાપનાસૂત્રનાં પદ–૨૧ શરીરમાં વૈક્રિય શરીરના ભેદો કહ્યા છે, તેમ અહી કહેવું. યાવત્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ હોય, પણ અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ કર્માશીવિષ ન હોય સુધી કથન કરવું.

ભગવન્ ! જો મનુષ્ય કર્માશીવિષ છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્ય કર્માશીવિષ છે કે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય

કર્માશીવિષ? ગૌતમ ! જેમ પ્રજ્ઞાપનાસૂત્રનાં પદ–૨૧ માં વૈક્રિયશરીરમાં કહ્યું તેમ યાવત્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય કર્માશીવિષ છે, પણ અપર્યાપ્તા૦ કર્માશીવિષ નથી.

ભગવન્ ! જો દેવ કર્માશીવિષ છે તો ભવનપતિ કર્માશીવિષ છે કે યાવત્ વૈમાનિક દેવ કર્માશીવિષ? ગૌતમ ! ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક એ ચારે ભેદે દેવ કર્માશીવિષ છે.

ભગવન્ ! જો ભવનપતિ દેવ કર્માશીવિષ છે, તો શું અસુરકુમાર દેવ કર્માશીવિષ છે કે યાવત્ સ્તનિતકુમાર દેવ કર્માશીવિષ ? ગૌતમ ! તે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર સર્વે ભવનપતિ દેવ કર્માશીવિષ છે.

ભગવન્ ! જો અસુરકુમાર૦ કર્માશીવિષ છે, તો પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે કે અપર્યાપ્ત૦ ગૌતમ ! તે પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ નથી પણ અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! જો વ્યંતર દેવ કર્માશીવિષ છે તો શું પિશાચ વ્યંતર દેવ કર્માશીવિષ છે? ગૌતમ ! એ પ્રમાણે બધે અપર્યાપ્તાને જાણવા. જ્યોતિષ્ક દેવોમાં પણ અપર્યાપ્તાને. કર્માશીવિષ કહેવા.

ભગવન્ ! જો વૈમાનિક દેવ કર્માશીવિષ છે, તો શું કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે કે કલ્પાતીત૦? ગૌતમ ! કલ્પો પપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ હોય છે. કલ્પાતીત વૈમાનિક દેવ યાવત્ કર્માશીવિષ નથી.

ભગવન્ ! જો કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે, તો શું સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે કે યાવત્ અચ્યુત કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ ? ગૌતમ ! સૌધર્મ કલ્પોપપન્નક દેવ પણ કર્માશીવિષ છે. યાવત્ સહસ્રાર કલ્પવાળા વૈમાનિક દેવ પણ કર્માશીવિષ છે. આનતથી અચ્યુત કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ નથી.

ભગવન્ ! જો સૌધર્મ કલ્પોપપન્નક યાવત્ કર્માશીવિષ છે, તો શું પર્યાપ્તા સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક૦ કે અપર્યાપ્તા સૌધર્મ૦? ગૌતમ ! પર્યાપ્તા સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક નહીં, પણ અપર્યાપ્તા સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે. એ પ્રમાણે યાવત્ પર્યાપ્તા સહસ્રાર કલ્પોપપન્નક વૈમાનિક યાવત્ કર્માશીવિષ નથી, પણ અપર્યાપ્તા સહસ્રાર કલ્પોપપન્નક યાવત્ કર્માશીવિષ છે.

### સૂત્ર–૩૯૦

દશ સ્થાન વસ્તુને છદ્મસ્થ સર્વ ભાવથી જાણતા કે જોતા નથી. તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ પુદ્‌ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જિન થશે કે નહીં, આ બધા દુઃખનો અંત કરશે કે નહીં કરે.

આ દશ સ્થાનોને ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત, જિન, કેવલી સર્વભાવથી જાણે, જુએ – ધર્માસ્તિકાય યાવત્ આ જીવ સર્વ દુઃખોનો. અંત કરશે કે નહીં.

### સૂત્ર–૩૯૧

ભગવન્ ! જ્ઞાન કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન.

ભગવન્ ! તે આભિનિબોધિક જ્ઞાન શું છે ? તે ચાર ભેદે છે – અવગ્રહ, ઈહા, અપાય, ધારણા. એ રીતે જેમ રાયપ્પસેણઈયમાં જ્ઞાનના ભેદો કહ્યા છે, તેમ અહીં પણ કહેવા. તે કેવલજ્ઞાન સુધી કથન કરવું.

ભગવન્ ! અજ્ઞાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન.

ભગવન્ ! તે મતિઅજ્ઞાન શું છે ? ગૌતમ ! ચાર ભેદે છે – અવગ્રહ, ઈહા, અવાય, ધારણા.

ભગવન્ ! તે અવગ્રહ શું છે ? બે ભેદે છે – અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ. એ પ્રમાણે જેમ આભિનિબોધિક જ્ઞાનના વિષયમાં કહ્યુ છે, તે પ્રમાણે અહીં જાણવું. વિશેષ એ કે – અવગ્રહ આદિના એકાર્થિક શબ્દોને છોડીને આ

નોઇન્દ્રિય ધારણા છે, આ ધારણાનું સ્વરૂપ છે ત્યાં સુધી કહેવું., તે આ મતિઅજ્ઞાન છે.

ભગવન્ ! તે શ્રુત અજ્ઞાન શું છે ? જે રીતે નંદીસૂત્રમાં કહ્યું કે– જે અજ્ઞાની મિથ્યાદષ્ટિ દ્વારા સ્વચ્છંદ બુદ્ધિ–મતિ થી પ્રરૂપિત છે, તે શ્રુત અજ્ઞાન છે.

ભગવન્ ! તે વિભંગજ્ઞાન શું છે ? તે અનેક ભેદે છે – ગામ સંસ્થિત, નગર સંસ્થિત યાવત્ સંનિવેશ સંસ્થિત, દ્વીપ–સમુદ્ર–વર્ષ–વર્ષધર–પર્વત–વૃક્ષ–સ્તૂપ–અશ્વ–હાથી–નર–કિંનર–કિંપુરિષ–મહોરગ ગંધર્વ–વૃષભસંસ્થિત તથા પશુ–પશય–પક્ષી–વાનર સંસ્થાન સંસ્થિત. આ રીતે વિભંગજ્ઞાન વિવિધ આકારોથી યુક્ત છે.

ભગવન્ ! જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! જીવો જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તેમાં કોઈ બે જ્ઞાનવાળા છે, કોઈ ત્રણ, કોઈ ચાર, કોઈ એક જ્ઞાનવાળા છે. જે બે જ્ઞાનવાળા – તે આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા – તે આભિનિબોધિક, શ્રુત, અવધિ જ્ઞાની છે અથવા આભિનિબોધિક, શ્રુત, મનઃપર્યવજ્ઞાની છે. જે ચતુર્જ્ઞાની છે તે આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાની છે. જે એક જ્ઞાની છે તે નિયમા કેવલજ્ઞાની છે.

જે અજ્ઞાની છે. તે કોઈ બે અજ્ઞાનવાળા છે, કોઈ ત્રણ અજ્ઞાનવાળા છે. બે અજ્ઞાનવાળા તે મતિ–શ્રુત અજ્ઞાની. ત્રણ વાળા તે મતિ અજ્ઞાની,, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની.

ભગવન્ ! નૈરયિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બંને. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાનવાળા છે – આભિનિબોધિક, શ્રુત અને અવધિ. જે અજ્ઞાની છે, તે કોઈ બે અજ્ઞાનવાળા છે, કોઈ ત્રણ અજ્ઞાનવાળા છે. એ રીતે ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! અસુરકુમારો જ્ઞાની છે કે અજ્ઞાની ? નૈરયિકની માફક જાણવા. ત્રણ જ્ઞાનો નિયમા હોય, ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવા.

ભગવન્ ! પૃથ્વીકાયિક જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે. જે અજ્ઞાની છે તેને નિયમથી બે અજ્ઞાન હોય છે– મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું.

ભગવન્ ! બેઇન્દ્રિય જીવ જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને. જ્ઞાની હોય તે નિયમા મતિ–શ્રુતજ્ઞાની. અજ્ઞાની હોય તે નિયમા બે અજ્ઞાની છે– મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની. એ રીતે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય પણ જાણવા. ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ?

ગૌતમ ! તે જ્ઞાની અને અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે તેમાં કોઈ બે, કોઈ ત્રણ જ્ઞાનવાળા છે. એ રીતે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. મનુષ્યોને જીવની માફક પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે.

વ્યંતરો, નૈરયિક માફક જાણવા. જ્યોતિષ્ક અને વૈમાનિકોને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા હોય. સિદ્ધો વિશે પ્રશ્ન – તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેઓ નિયમા કેવળજ્ઞાન–એક જ્ઞાનવાળા છે.

### સૂત્ર–૩૯૨

ભગવન્ ! નિરયગતિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તે નિયમા ત્રણ જ્ઞાનવાળા છે. જે અજ્ઞાની છે, તેને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.

ભગવન્ ! તિર્યંચગતિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમા હોય છે.

ભગવન્ ! મનુષ્યગતિક જીવો જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ ! ત્રણ જ્ઞાન ભજનાએ, બે અજ્ઞાન નિયમા.

ભગવન્ ! દેવગતિક જીવો, નિરયગતિક માફક જાણવા. સિદ્ધિગતિક જીવો સિદ્ધની જેમ જાણવા.

ભગવન્ ! ઇન્દ્રિયવાળા જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે.

ભગવન્ ! એકેન્દ્રિય જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! પૃથ્વીકાયિકની જેમ કહેવા. બે થી ચાર ઇન્દ્રિયવાળા બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમા હોય છે. પંચેન્દ્રિયો જીવનું કથન ઇન્દ્રિયવાળા જીવો માફક જાણવા.

ભગવન્ ! અનિન્દ્રિયો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેનું કથન સિદ્ધની જેમ જાણવું.

ભગવન્ ! સકાયિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. પૃથ્વી યાવત્ વનસ્પતિકાયિક જીવો નિયમા અજ્ઞાની હોય. તેઓ મતિ, શ્રુત અજ્ઞાનવાળા છે. ત્રસકાયિક જીવોનું કથન સકાયિક જીવો માફક કરવું. ભગવન્ ! અકાયિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? તેને સિદ્ધવત્ જાણવા.

ભગવન્ ! સૂક્ષ્મ જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને પૃથ્વીકાયિકવત્ જાણવા.

ભગવન્ ! બાદર જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ! તેમને સકાયિકવત્ જાણવા.

ભગવન્ ! નોસૂક્ષ્મ–નોબાદર જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને સિદ્ધ માફક જાણવા.

ભગવન્ ! પર્યાપ્તા જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને સકાયિક માફક જાણવા.

પર્યાપ્તા નૈરયિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન નિયમા હોય, જેમ પર્યાપ્ત નૈરયિક છે, તેમ સ્તનિતકુમાર સુધી જાણવા. પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવોને , એકેન્દ્રિય જીવો માફક જાણવા.એ રીતે પર્યાપ્ત ચઉરિન્દ્રિય સુધી જાણવું.

ભગવન્ ! પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. મનુષ્યોને સકાયિક જીવો સમાન જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકવત્ જાણવા.

ભગવન્ ! અપર્યાપ્તા જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેને ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે.

ભગવન્ ! અપર્યાપ્તા નૈરયિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેને ત્રણ જ્ઞાન નિયમા હોય છે, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. નૈરયિકોની માફક અપર્યાપ્ત સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વીકાયિક થી વનસ્પતિકાયિક, સુધીના જીવોને એકેન્દ્રિયવત્ જાણવા.

ભગવન્ ! અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને નિયમા બે જ્ઞાન, બે અજ્ઞાન હોય. એ રીતે અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી કહેવું.

ભગવન્ ! અપર્યાપ્તા મનુષ્યો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને ત્રણ જ્ઞાન ભજનાએ હોય અને બે અજ્ઞાન નિયમા હોય.અપર્યાપ્ત વ્યંતર જીવોને નૈરયિક માફક કહેવા. અપર્યાપ્તા જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા હોય છે. ભગવન ! નોપર્યાપ્ત–નોઅપર્યાપ્તા જીવો ? ગૌતમ ! તેમને સિદ્ધની માફક જાણવા.

ભગવન્ ! નિરયભવસ્થ જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેને નિરયગતિક માફક જાણવા.

ભગવન્ ! તિર્યંચભવસ્થ જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય.

ભગવન્ ! મનુષ્યભવસ્થ, સકાયિક વત જાણવા. દેવભવસ્થ, નિરયભવસ્થ માફક જાણવા. અભવસ્થોને સિદ્ધની માફક જાણવા.

ભગવન્ ! ભવસિદ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમેને સકાયિક જીવોની જેમ જાણવા.

ભગવન્ ! અભવસિદ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ જ્ઞાની નથી, ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ? તેમને સિદ્ધની માફક જાણવા.

ભગવન્ ! સંજ્ઞી જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને સઇન્દ્રિય જીવો સમાન જાણવા. અસંજ્ઞીજીવોને બેઇન્દ્રિયવત્ જાણવા. નોસંજ્ઞી–નોઅસંજ્ઞીને સિદ્ધનાં જીવોની માફક જાણવા.

સૂત્ર–૩૯૩

ભગવન્ ! લબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે છે– જ્ઞાનલબ્ધિ, દર્શનલબ્ધિ, ચારિત્રલબ્ધિ, ચારિત્રા–ચારિત્રલબ્ધિ, દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ, વીર્યલબ્ધિ, ઇન્દ્રિયલબ્ધિ.

ભગવન્ ! જ્ઞાનલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે – આભિનિબોધિક યાવત્ કેવળજ્ઞાન લબ્ધિ.

ભગવન્ ! અજ્ઞાન લબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. મતિ અજ્ઞાનલબ્ધિ, શ્રુત અજ્ઞાનલબ્ધિ

તથા વિભંગજ્ઞાન લબ્ધિ.

ભગવન્ ! દર્શનલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે – સમ્યગ્દર્શન લબ્ધિ, મિથ્યાદર્શન લબ્ધિ, અને સમ્યગ્મિથ્યા–દર્શન લબ્ધિ.

ભગવન્ ! ચારિત્રલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે.–સામાયિક ચારિત્રલબ્ધિ, છેદોપસ્થાપનીય ચારિત્રલબ્ધિ, પરિહારવિશુદ્ધ ચારિત્રલબ્ધિ, સૂક્ષ્મ–સંપરાય ચારિત્રલબ્ધિ અને યથાખ્યાત ચારિત્રલબ્ધિ.

ભગવન્ ! ચારિત્રાચારિત્ર લબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે છે. એ પ્રમાણે દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધી, ઉપભોગલબ્ધિ તે સર્વે એક–એક પ્રકારે કહી છે.

ભગવન્ ! વીર્યલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે.– બાલવીર્યલબ્ધિ, પંડિતવીર્યલબ્ધિ, બાલ–પંડિતવીર્યલબ્ધિ.

ભગવન્ !ઇન્દ્રિયલબ્ધિ કેટલા ભેદે છે? ગૌતમ! પાંચ ભેદે છે. તે આ– શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય લબ્ધિ.

ભગવન્ ! જ્ઞાનલબ્ધિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નહીં. તેઓને બે થી પાંચ જ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! અલબ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની નથી, અજ્ઞાની છે. તેઓને બે કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે.

ભગવન્ ! આભિનિબોધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેમાંથી કેટલાક જીવોને બે જ્ઞાન, કેટલાકને ત્રણ જ્ઞાન અને કેટલાકને ચાર જ્ઞાન વિકલ્પે હોય છે.

ભગવન્ ! તે જ્ઞાનલબ્ધિ વગરના જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બંને. જે જ્ઞાની છે તે નિયમા એક કેવલજ્ઞાની, જે અજ્ઞાની છે તે બે કે ત્રણ અજ્ઞાનવાળા વિકલ્પે જાણવા. શ્રુતજ્ઞાનલબ્ધિક જીવોને આભિનિબોધિક જ્ઞાનલબ્ધિક સમાન જાણવા. શ્રુતજ્ઞાનલબ્ધિ રહિત જીવો, આભિનિબોધિક અલબ્ધિકવત જાણવા.

ભગવન્ ! અવધિજ્ઞાન લબ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ જ્ઞાની છે, અજ્ઞાની નહીં. કેટલાક ત્રણ જ્ઞાનવાળા, કેટલાક ચાર જ્ઞાનવાળા છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે આભિનિબોધિક–શ્રુત–અવધિજ્ઞાની છે. જે ચાર જ્ઞાની છે, તે મનઃપર્યવજ્ઞાની પણ છે. અવધિજ્ઞાન લબ્ધિરહિત છે, તે જીવો? ગૌતમ ! તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. તેમને અવધિજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે.

મનઃપર્યવજ્ઞાનીની પૃચ્છા– ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નહીં. કેટલાક ત્રણ જ્ઞાની છે , કેટલાક ચાર જ્ઞાની છે, જે ત્રિજ્ઞાની છે તે આભિનિબોધિક, શ્રુત મનઃપર્યવજ્ઞાની છે, જે ચતુર્જ્ઞાની છે તેને મનઃપર્યવજ્ઞાન પણ છે.મનઃપર્યવ–જ્ઞાનીની લબ્ધિ રહિતની પૃચ્છા. ગૌતમ ! તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. મનઃપર્યવ જ્ઞાન સિવાયના ચાર જ્ઞાન છે. અને ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! કેવલજ્ઞાનલબ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેઓ નિયમા એક કેવલજ્ઞાની જ હોયછે. તેના કેવલજ્ઞાનલબ્ધિ રહિતની પૃચ્છા– ગૌતમ ! તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અથવા ત્રણે અજ્ઞાન વિકલ્પે જાણવા.

અજ્ઞાનલબ્ધિકની પૃચ્છા. ગૌતમ! તેઓ જ્ઞાની નથી, અજ્ઞાની છે. તેમને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. અજ્ઞાન લબ્ધિરહિતની પૃચ્છા. ગૌતમ ! તેઓ જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેમનેપાંચ જ્ઞાન ભજનાએ હોય. જેમ અજ્ઞાનલબ્ધિક અને અલબ્ધિક કહ્યા, તેમ મતિ અજ્ઞાનલબ્ધિક, શ્રુત અજ્ઞાનલબ્ધિક પણ કહેવા. વિભંગ જ્ઞાનલબ્ધિકને ત્રણ અજ્ઞાન નિયમા હોય. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ, બે અજ્ઞાન નિયમા જાણવા.

ભગવન્ ! દર્શનલબ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ બંને હોય. તેમને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. દર્શનલબ્ધિરહિત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! દર્શનલબ્ધિરહિતજીવ કોઈ નથી.

સમ્યગ્દર્શનલબ્ધિયુક્ત જીવોને પાંચ જ્ઞાન ભજનાએ હોય, સમ્યગ્દર્શનલબ્ધિરહિતને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. મિથ્યાદર્શનલબ્ધિયુક્તની પૃચ્છા. તેમને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. મિથ્યાદર્શનલબ્ધિરહીતને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. સમ્યક્ત્વમિથ્યાદર્શનલબ્ધિક અને અલબ્ધિક બંને જીવોને મિથ્યાદર્શન લબ્ધિક અને તેના અલબ્ધિક માફક જાણવા.

ભગવન્ ! ચારિત્રલબ્ધિક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની? ગૌતમ ! તેમને પાંચ જ્ઞાન ભજનાએ હોય. ચારિત્ર લબ્ધિરહિત જીવને મનઃપર્યવજ્ઞાન વર્જીને ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ હોય.

ભગવન્ ! સામાયિક ચારિત્રલબ્ધિયુક્ત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તે જ્ઞાની છે, કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન ભજનાએ છે. સામાયિક ચારિત્રલબ્ધિરહિતને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ છે. સામાયિક ચારિત્રના લબ્ધિક અને અલબ્ધિકની જેમ યાવત્ યથાખ્યાત ચારિત્રલબ્ધિક અને અલબ્ધિકને કહેવા. વિશેષ એ કે – યથાખ્યાત ચારિત્ર લબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! ચારિત્રાચારિત્ર(દેશવિરતિ ચારિત્ર)લબ્ધિયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેમાંના કેટલાક બે જ્ઞાનવાળા છે, આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની. કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે – આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાની. ચારિત્રાચારિત્ર લબ્ધિરહીતને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ જાણવા.

દાનલબ્ધિયુક્તને પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. દાનલબ્ધિરહિત જીવ નિયમા એક–કેવલજ્ઞાની હોય. એ પ્રમાણે યાવત્ વીર્યલબ્ધિયુક્ત અને વીર્યલબ્ધિરહિતને કહેવા.

બાળવીર્ય લબ્ધિયુક્ત જીવને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. બાળવીર્ય લબ્ધિરહિતને પાંચ જ્ઞાન ભજનાએ હોય. પંડિતવીર્ય લબ્ધિયુક્ત જીવને પાંચ જ્ઞાન ભજનાએ હોય. પંડિતવીર્ય લબ્ધિરહિતને મનઃપર્યવજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. બાલપંડિતવીર્યલબ્ધિયુક્ત જીવને ત્રણ જ્ઞાન ભજનાએ હોય. બાલપંડિતવીર્યલબ્ધિરહિત જીવને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય.

ભગવન્ ! ઇન્દ્રિયલબ્ધિયુક્ત જીવો જ્ઞાનીછે કે અજ્ઞાની ? ગૌતમ ! તેમને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. ઇન્દ્રિયલબ્ધિરહિત જીવની પૃચ્છા. ગૌતમ ! તેઓ જ્ઞાની છે, અજ્ઞાની નથી. નિયમા કેવલજ્ઞાની. શ્રોત્રેન્દ્રિયલબ્ધિયુક્ત જીવોને ઇન્દ્રિયલબ્ધિયુક્ત સમાન જાણવા. શ્રોત્રેન્દ્રિયલબ્ધિરહિત જીવોની પૃચ્છા. ગૌતમ ! તેઓ જ્ઞાની અને અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે, તેમાં કેટલાક દ્વિર્જ્ઞાની, કેટલાક એક જ્ઞાની છે. જે દ્વિર્જ્ઞાની છે તે આભિનિબોધિક, શ્રુતજ્ઞાની છે. જે એક જ્ઞાની છે, તે કેવલજ્ઞાની છે. જે અજ્ઞાની છે, તે નિયમા દ્વિઅજ્ઞાની છે – મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની.

ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયમાં લબ્ધિયુક્ત, લબ્ધિરહિત જીવોને શ્રોત્રેન્દ્રિય લબ્ધિવાળા માફક જાણવા. જિહ્વેન્દ્રિયલબ્ધિયુક્તને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય. જિહ્વેન્દ્રિયલબ્ધિરહિતની પૃચ્છા. ગૌતમ ! તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે તે નિયમા એક–કેવલજ્ઞાની છે. જે અજ્ઞાની છે, તે નિયમા મતિ, શ્રુત અજ્ઞાની છે. સ્પર્શનેન્દ્રિય લબ્ધિક, અલબ્ધિક જીવોને ઇન્દ્રિયલબ્ધિકવત્ જાણવા.

સૂત્ર–૩૯૪

ભગવન્ ! સાકારોપયુક્ત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તેને પાંચ જ્ઞાન ભજનાએ હોય અને જે અજ્ઞાની છે તેને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય.

ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાન સાકાર ઉપયુક્ત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેને ચાર જ્ઞાન ભજનાએ હોય. એ પ્રમાણે શ્રુતજ્ઞાન સાકારોપયુક્ત જીવો પણ કહેવા. અવધિજ્ઞાન સાકાર ઉપયુક્ત જીવો અવધિજ્ઞાનલબ્ધિક માફક જાણવા. મનઃપર્યવજ્ઞાન સાકારોપયુક્ત જીવોને, મનઃપર્યવજ્ઞાનલબ્ધિક માફક જાણવા. કેવલજ્ઞાન સાકારોપયુક્ત જીવો કેવલજ્ઞાન લબ્ધિકવત્ જાણવા. મતિઅજ્ઞાન સાકારોપયુક્ત જીવોને ત્રણ

અજ્ઞાન ભજનાએ હોય છે. એ જ પ્રમાણે શ્રુતઅજ્ઞાન સાકારોપયુક્ત, વિભંગજ્ઞાન સાકારોપયુક્ત જાણવા.

ભગવન્ ! અનાકારોપયુક્ત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. તેને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ છે. એ રીતે ચક્ષુદર્શન–અચક્ષુદર્શન અનાકારોપયુક્ત પણ જાણવા. વિશેષ એ કે – ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ હોય.

અવધિદર્શન અનાકારોપયુક્તની પૃચ્છા – ગૌતમ ! તે જ્ઞાની અને અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે તેમાં કોઈ ત્રિજ્ઞાની, કોઈ ચતુર્જ્ઞાની છે, જે ત્રિજ્ઞાની છે તે પહેલા ત્રણ જ્ઞાનવાળા છે અને ચતુર્જ્ઞાની છે તે પહેલા ચાર જ્ઞાનવાળા છે. અજ્ઞાની છે તે નિયમા ત્રણે અજ્ઞાનવાળા છે. કેવલદર્શન અનાકારોપયુક્ત કેવળજ્ઞાન લબ્ધિકવત્ જાણવા.

ભગવન્ ! સયોગી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! સયોગી જીવને સકાયિકજીવો સમાન જાણવા. એ પ્રમાણે મન–વચન–કાયયોગી પણ જાણવા. અયોગીજીવો સિદ્ધવત જાણવા.

ભગવન્ ! લેશ્યાવાળા જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! લેશ્યાવાળા જીવોને સકાયિકજીવો સમાન જાણવા. ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળા જીવોને સઈન્દ્રીય જીવો સમાન જાણવા. એ જ રીતે નીલ, કાપોત, તેજો અને પદ્મલેશી જીવો સુધીનું કથન કરવું જોઈએ.શુક્લલેશી જીવોનું કથન સલેશી જીવો સમાન જાણવું. અલેશી જીવોનું કથન સિદ્ધો સમાન જાણવું.

ભગવન્ ! સકષાયી જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! સકષાયી જીવોને સઈન્દ્રિયજીવો સમાન જાણવા, એ જ રીતે ક્રોધ કષાયી યાવત લોભ કષાયી જીવોના વિષયમાં જાણવું.

ભગવન્ ! અકષાયી જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! અકષાયી જીવો જ્ઞાની હોય, અજ્ઞાની નહીં. તેને પાંચ જ્ઞાન ભજનાએ હોય.

ભગવન્ ! સવેદી જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! સવેદી જીવોને સઈન્દ્રિય જીવો સમાન જાણવું . એ રીતે સ્ત્રી–પુરુષ–નપુંસક વેદી પણ જાણવા. અવેદક જીવોને અકષાયી જીવો સમાન જાણવા.

ભગવન્ ! આહારક જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! આહારક જીવોને સકષાયીજીવ સમાન જાણવા – વિશેષ એ કે તેમાં કેવલજ્ઞાની પણ હોય.

ભગવન્ ! અણાહારક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! અણાહારક જીવો જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેમાં મનઃપર્યવ સિવાયના ચાર જ્ઞાનો અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે.

## સૂત્ર–૩૯૫, ૩૯૬

**૩૯૫.** ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી આભિનિબોધિક જ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્યોને જાણે અને જુએ. ક્ષેત્રથી તે સર્વક્ષેત્રને જાણે અને જુએ. એ પ્રમાણે કાળથી અને ભાવથી પણ જાણવું.

ભગવન્ ! શ્રુતજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે છે – દ્રવ્યથી ઉપયુક્ત શ્રુતજ્ઞાની સર્વે દ્રવ્યો જાણે અને જુએ. એ રીતે ક્ષેત્ર અને કાળથી પણ જાણવું. ભાવથી ઉપયુક્ત જ્ઞાની સર્વ ભાવ જાણે અને જુએ.

ભગવન્ ! અવધિજ્ઞાનીનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે – દ્રવ્યથી અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જાણે અને જુએ એ પ્રમાણે નંદીસૂત્રમાં કહ્યા મુજબ ક્ષેત્ર, કાલ અને 'ભાવ' સુધીનું વર્ણન જાણવું.

ભગવન્ ! મન:પર્યવજ્ઞાનીનો વિષય કેટલો છે ? ગૌતમ ! દ્રવ્યથી ઋજુમતિ મન:પર્યવજ્ઞાની મનરૂપે પરિણત અનંત પ્રદેશિક અનંત સ્કંધોને જાણે–જુએ. ઇત્યાદિ નંદીસૂત્ર મુજબ 'ભાવ' સુધી જાણવું.

ભગવન્ ! કેવળજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર ભેદે છે દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વે દ્રવ્યોને જાણે, જુએ. એ પ્રમાણે કાળ, ક્ષેત્ર, ભાવથી જાણવું.

ભગવન્ ! મતિઅજ્ઞાનીનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર ભેદે – દ્રવ્યથી તે મતિઅજ્ઞાન પરિણત

દ્રવ્યોને જાણે છે–જુએ છે. એ પ્રમાણે યાવત્ ભાવથી જાણે, ત્યાં સુધીનું કથન કરવું.

ભગવન્ ! શ્રુત અજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર ભેદે છે. દ્રવ્યથી શ્રુતઅજ્ઞાની શ્રુત અજ્ઞાન પરિણત દ્રવ્યોને કહે છે, બતાવે છે, પ્રરૂપે છે. એ પ્રમાણે ક્ષેત્રથી, કાળથી, ભાવથી પણ કહેવું.

ભગવન્ ! વિભંગજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારે છે – દ્રવ્યથી વિભંગજ્ઞાની વિભંગજ્ઞાન પરિણત દ્રવ્યોને જાણે, જુએ છે. એ પ્રમાણે કાળથી, ક્ષેત્રથી, ભાવથી જાણવું.

**૩૯૬.** ભગવન્ ! જ્ઞાની, 'જ્ઞાની'રૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જ્ઞાની, બે ભેદે કહ્યા. સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત(સાંત) છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬–સાગરોપમ સુધી જ્ઞાની રહે.

ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જ્ઞાની, આભિનિ–બોધિક જ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, અજ્ઞાની, મતિજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, આ દશનો કાળ 'કાયસ્થિતિ' પદમાં કહ્યા મુજબ જાણવો તે બધાનું અંતર 'જીવાભિગમ'માં કહ્યા મુજબ જાણવું. બધાનું અલ્પબહુત્વ પ્રજ્ઞાપનાસૂત્રના પદ–૩ 'બહુવક્તવ્યતા' પદ મુજબ જાણવું.

ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાનનાં પર્યાયો કેટલા છે ? ગૌતમ ! આભિનિબોધિક જ્ઞાનનાં અનંત પર્યાય છે, એ જ પ્રમાણે શ્રુત યાવત્ કેવલજ્ઞાન પર્યાયો છે. એ પ્રમાણે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના પર્યાયો જાણવા.

ભગવન્ ! આ આભિનિબોધિકજ્ઞાન પર્યાયો યાવત્ કેવલ જ્ઞાનપર્યાયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાન પર્યાયો છે, તેથી અવધિજ્ઞાનના પર્યાય અનંતગુણા, તેથી શ્રુતજ્ઞાનના પર્યાય અનંતગુણા, તેથી આભિનિબોધિકજ્ઞાનના પર્યાયો અનંતગુણા છે, તેનાથી કેવળજ્ઞાનના પર્યાયો અનંતગુણા છે.

ભગવન્ ! આ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના પર્યાયોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા વિભંગજ્ઞાનના પર્યાયો છે, શ્રુતઅજ્ઞાનના પર્યાયો તેથી અનંતગુણા છે, મતિઅજ્ઞાનના પર્યાયો તેથી અનંતગુણા છે.

ભગવન્ ! આ આભિનિબોધિક વિભંગજ્ઞાનના પર્યાયોમાં કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાનના પર્યાયો છે, તેથી વિભંગજ્ઞાન પર્યાયો અનંતગુણા, તેથી અવધિજ્ઞાન પર્યાયો અનંતગુણા, તેથી શ્રુત અજ્ઞાનના પર્યાયો અનંતગુણા, તેથી શ્રુતજ્ઞાનના પર્યાયો વિશેષાધિક, તેથી મતિઅજ્ઞાનના પર્યાયો અનંતગુણા, તેથી આભિનિબોધિક જ્ઞાનના પર્યાયો વિશેષાધિક. તેથી કેવલજ્ઞાનપર્યાયો અનંતગુણા છે.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે. તે એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮, ઉદ્દેશો–૩ 'વૃક્ષ'

સૂત્ર–૩૯૭

વૃક્ષો કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે છે – સંખ્યાત જીવવાળા, અસંખ્યાત જીવવાળા, અનંત જીવવાળા.

ભગવન્ ! તે સંખ્યાત જીવવાળા વૃક્ષ કયા છે ? અનેકવિધ છે – તાડ, તમાલ, તક્કલિ, તેતલિ આદિ 'પન્નવણા' સૂત્રમાં પહેલા પદમાં કહ્યા મુજબ નારિયેલ સુધી જાણવા. તે સિવાય જે આવા પ્રકારના છે તે બધા જ વૃક્ષ વિશેષને, સંખ્યાત જીવવાળા જાણવા. આ સંખ્યાત જીવવાળા વૃક્ષોનું વર્ણન છે.

ભગવન્ ! તે અસંખ્યાત જીવા વૃક્ષ કયા છે ? ગૌતમ ! તે બે પ્રકારે છે – એકાસ્થિક અને બહુબીજક.

ભગવન્ ! તે એકાસ્થિક વૃક્ષ કયા છે ? અનેકવિધ છે. જેમ કે – લીંબડો, આંબો,, જાંબુ આદિ, એ પ્રમાણે

'પન્નવણા સૂત્ર પદ–૧' મુજબ બહુબીજ કે ફળો સુધી જાણવું. તે બહુબીજક કહ્યા. તે અસંખ્યાતજીવા કહ્યા.

તે અનંતજીવા વૃક્ષો કયા છે ? અનેક પ્રકારે છે. જેમ કે આલુ, મૂળા, આદુ એ પ્રમાણે જેમ સાતમા શતકમાં કહ્યું, તેમ સિઉંડી, મુસુંઢી સુધી કહેવું. જે આવા પ્રકારના બીજા વૃક્ષો હોય તે પણ અનંત જીવિક જાણવા. તે આ અનંતજીવવાળા વૃક્ષો કહ્યા.

સૂત્ર–૩૯૮

ભગવન્ ! કાચબા–કાચબાની શ્રેણી, ગોધા–ગોધાની શ્રેણી, ગાય–ગાયની શ્રેણી, મનુષ્ય–મનુષ્યની શ્રેણી, ભેંસ–ભેંસોની શ્રેણી, આ બધાના બે કે ત્રણ કે સંખ્યાત ખંડ કરવામાં આવે તો તેની વચ્ચેનો ભાગ શું જીવપ્રદેશોમાં સ્પૃષ્ટ થાય છે ? હા, ગૌતમ ! થાય છે.

ભગવન્ ! કોઈ પુરુષ, તે કાચબા આદિના ખંડોના વચ્ચેના ભાગને હાથથી, પગથી, આંગળીથી, શલાકાથી, કાષ્ઠથી, લાકડીના ટુકડાથી થોડો કે વધુ સ્પર્શ કરે, થોડું કે વધુ ખેંચે અથવા કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી થોડું કે વધુ છેદે કે અગ્નિકાય વડે તેને સળગાવે તો શું તે જીવપ્રદેશોની થોડી કે વધુ બાધા ઉત્પન્ન કરી શકે અથવા તેના શરીરનો છેદ કરી શકે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. તેમાં શસ્ત્ર સંક્રમી શકે નહીં.

સૂત્ર–૩૯૯

ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! પૃથ્વી આઠ કહી છે. તે આ – રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી, અને ઈષત્પ્રાગ્ભારા.

ભગવન્ ! તેમાં આ રત્નપ્રભા પૃથ્વી શું ચરિમ કે અચરિમ ? ગૌતમ ! અહીં પ્રજ્ઞાપના સૂત્રનું દશમું સંપૂર્ણ ચરિમપદ કહેવું – યાવત્ – ભગવન્ ! વૈમાનિક સ્પર્શ ચરમથી ચરમ કે અચરમ ? ગૌતમ ! ચરમ પણ છે, અચરમ પણ છે. ભગવન્ !આપ કહો છો, તે એમ જ છે તે. એમ જ છે.

શતક–૮, ઉદ્દેશા–૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૮, ઉદ્દેશો–૪ 'ક્રિયા'

સૂત્ર–૪૦૦

રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! ક્રિયાઓ કેટલી કહી છે ? ગૌતમ ! પાંચ. તે આ – કાયિકી, અધિકરણિકી,પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી. એ રીતે આખું 'ક્રિયા' પદ યાવત્ 'માયાપ્રત્યયિક ક્રિયા વિશેષાધિક છે.' સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ ગૌતમ વિચરે છે.

શતક–૮, ઉદ્દેશા–૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૮, ઉદ્દેશો–૫ 'આજીવિક'

સૂત્ર–૪૦૧

રાજગૃહમાં ગૌતમસ્વામીએ આ પ્રમાણે પૂછ્યું – ભગવન્ ! આજીવિકોએ સ્થવિર ભગવંતોને આમ કહ્યું – ભગવન્ ! સામયિક કરીને શ્રમણના ઉપાશ્રયમાં બેઠેલ શ્રાવકના ઉપકરણ કોઈ હરી જાય, તો હે ભગવન્ ! તે ઉપકરણને શોધે તો શું પોતાના ઉપકરણ શોધે કે બીજાના શોધે ? ગૌતમ ! તે પોતાના ઉપકરણ શોધે, બીજાના ઉપકરણ ન શોધે.

ભગવન્ ! તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ ગ્રહણ કરેલ શ્રાવકના તે અપહૃત ભાંડ તેને અભાંડ થાય (તેના પોતાના ન કહેવાય)? હા, ગૌતમ ! તે તેના પોતાના ન કહેવાય. ભગવન્ ! તો આપ એમ કેમ કહો છો કે, તે તેના ભાંડ શોધે છે, બીજાના નહીં.

ગૌતમ ! તે શ્રાવકના મનમાં એવું હોય છે કે – આ હિરણ્ય–સુવર્ણ–કાંસ–વસ્ત્ર–વિપુલ ધન કનક રત્ન મણિ મોતી શંખ પ્રવાલ શિલ રક્તરત્ન ઈત્યાદિ વિદ્યમાન સારભૂત દ્રવ્ય મારું નથી, પણ મમત્વભાવનું તેણે પ્રત્યાખ્યાન કર્યું નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે પોતાના ભાંડ–ઉપકરણ શોધે છે, બીજાના નહીં.

ભગવન્ ! સામાયિક કરીને શ્રમણની વસતીમાં બેસેલ શ્રાવકની પત્ની સાથે કોઈ વ્યભિચાર કરે તો ભગવન્! શ્રાવક પત્નીને તે ભોગવે છે કે બીજી સ્ત્રીને ? ગૌતમ ! તે શ્રાવકપત્નીને ભોગવે છે, બીજીને નહીં.

ભગવન્ ! તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પૌષધોપવાસ કરવાથી શું શ્રાવકની પત્ની 'અપત્ની' થઈ જાય ? હા, થઈ જાય. તો ભગવન્ ! કયા હેતુથી કહ્યું કે – તે શ્રાવકપત્ની સાથે વ્યભિચરે છે, બીજી સ્ત્રી સાથે નહીં ? ગૌતમ ! તે શ્રાવકને એમ થાય છે કે – મારે માતા–પિતા–ભાઈ–બહેન–સ્ત્રી–પુત્ર–પુત્રી–પુત્રવધૂ નથી, પણ તેનું પ્રેમબંધન તૂટ્યું હોતું નથી, તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ બીજી સ્ત્રી ભોગવતો નથી.

## સૂત્ર–૪૦૨ થી ૪૦૪

૪૦૨. ભગવન્ ! જે શ્રાવકે પૂર્વે સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરેલ નથી, હે ભગવન્ ! તે પછી તેનું પચ્ચક્ખાણ કરતા શું કરે ? ગૌતમ ! તે અતીતનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર, ભાવિનું પચ્ચક્ખાણ કરે.

ભગવન્ ! અતીતનું પ્રતિક્રમણ કરતા શું તે ૧. ત્રિવિધ–ત્રિવિધે(ત્રણ કરણ અને ત્રણ યોગથી) પ્રતિક્રમે ? ૨. ત્રિવિધ–દ્વિવિધે પ્રતિક્રમે ? ૩. ત્રિવિધ–એકવિધે પ્રતિક્રમે ? ૪. દ્વિવિધ–ત્રિવિધે પ્રતિક્રમે ? ૫. દ્વિવિધ–દ્વિવિધે પ્રતિક્રમે ? ૬. દ્વિવિધ–એકવિધે પ્રતિક્રમે ? ૭. એકવિધ–ત્રિવિધે પ્રતિક્રમે ? ૮. એકવિધ–દ્વિવિધે પ્રતિક્રમે ? ૯. એકવિધ–એકવિધે પ્રતિક્રમે?

ગૌતમ ! ત્રિવિધ ત્રિવિધે પ્રતિક્રમે કે ત્રિવિધ–દ્વિવિધે પ્રતિક્રમે એ રીતે યાવત્ એકવિધ–એકવિધે પ્રતિક્રમે .

૧. જો ત્રિવિધ–ત્રિવિધે પ્રતિક્રમે તો ૧. મન–વચન–કાયાથી સ્વયં ન કરે – ન કરાવે – ન અનુમોદે.

૨. ત્રિવિધ–દ્વિવિધે પ્રતિક્રમે તો મન–વચનથી કરે – કરાવે – અનુમોદે નહીં. અથવા મન, કાયાથી ન કરે – ન કરાવે – ન અનુમોદે અથવા વચન, કાયાથી ન કરે – ન કરાવે – ન અનુમોદે.

૩. ત્રિવિધ–એકવિધે પ્રતિક્રમે તો મનથી કે વચનથી કે કાયાથી ન કરે – ન કરાવે – અનુમોદે નહીં.

૪. દ્વિવિધ–ત્રિવિધે પ્રતિક્રમે તો મન–વચન–કાયાથી ન કરે, ન કરાવે અથવા ન કરે, ન અનુમોદે અથવા ન કરાવે, ન અનુમોદે.

૫. દ્વિવિધે–દ્વિવિધે પ્રતિક્રમે તો– ન કરે, ન કરાવેમાં ત્રણ ભેદે મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા. પછી ન કરે, ન અનુમોદેમાં ત્રણ ભેદ – મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા. પછી ન કરાવે, ન અનુમોદેમાં ત્રણ ભેદ – મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા.

૬. દ્વિવિધ એકવિધે પ્રતિક્રમે તો નવ ભેદ. ન કરે, ન કરાવે સાથે ત્રણ ભેદ મનથી કે વચનથી કે કાયાથી. પછી ન કરે, ન અનુમોદે સાથે ત્રણ ભેદ – મનથી કે વચનથી કે કાયાથી. પછી ન કરાવે, ન અનુમોદે સાથે ત્રણ ભેદ – મનથી કે વચનથી કે કાયાથી.

૭. એકવિધ ત્રિવિધે પ્રતિક્રમતા ત્રણ ભેદ. મનથી ૧. ન કરે, ૨. ન કરાવે, ૩. ન અનુમોદે., વચનથી ૧. ન કરે, ૨. ન કરાવે, ૩. ન અનુમોદે., કાયા થકી – ૧. ન કરે, ૨. ન કરાવે, ૩. ન અનુમોદે.

૮. એકવિધ દ્વિવિધે પ્રતિક્રમતા નવ ભેદ. ન કરે' સાથે ત્રણ ભેદ – મનથી, વચનથી અથવા મનથી, કાયાથી અથવા વચનથી, કાયાથી. પછી 'ન કરાવે' સાથે ત્રણ ભેદ–મનથી, વચનથી અથવા મનથી, કાયાથી અથવા વચનથી, કાયાથી. પછી 'ન અનુમોદે' સાથે ત્રણ ભેદ – મનથી, વચનથી અથવા વચનથી, કાયાથી અથવા મનથી, કાયાથી.

એકવિધ એકવિધે પ્રતિક્રમતા નવ ભેદ. 'ન કરે' સાથે ત્રણ ભેદ – મન કે વચન કે કાયાથી, આ જ ત્રણ ભેદ 'ન

કરાવે'માં અને આ જ ત્રણ ભેદ 'ન અનુમોદે'માં જોડતા નવ ભેદ થશે.... ઉક્ત રીતે કુલ ૪૯ ભેદે પ્રતિક્રમતો થઈ શકે.

ભગવન્ ! પ્રત્યુત્પન્નને સંવરતા શું ત્રિવિધ ત્રિવિધે સંવરે ? એ પ્રમાણે જેમ પ્રતિક્રમતામાં ૪૯ ભાંગા કહ્યા, તેમ અહીં પણ કહેવા.

ભગવન્ ! અનાગતનું પચ્ચક્ખાણ કરતા શું ત્રિવિધ–ત્રિવિધે પચ્ચક્ખાણ કરે ? ઉપર મુજબ જ ૪૯ ભાંગા કહેવા યાવત્ અથવા કાયા વડે કરતાની અનુમોદના ન કરે. (એ રીતે ૪૯ × ૩ = ૧૪૭ ભંગ થયા)..

ભગવન્ ! જે શ્રાવકે પૂર્વે સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરેલ નથી, પણ પછી હે ભગવન્ ! પચ્ચક્ખાણ કરે ઇત્યાદિ. પ્રાણાતિપાતની જેમ ૧૪૭ ભાંગા મૃષાવાદના પણ કહેવા. એ પ્રમાણે સ્થૂળ. અદત્તાદાનના, સ્થૂળ મૈથુનના, સ્થૂળ પરિગ્રહના પણ યાવત્ કાયા વડે કરનારને ન અનુમોદે સુધી કહેવા. શ્રમણોપાસક આવા પ્રકારે હોય છે, પણ આજીવિકોપાસક આ પ્રમાણે હોતા નથી.

૪૦૩. આજીવિક સિદ્ધાંતનો આ અર્થ છે કે – સર્વે જીવ અક્ષીણ પરિભોજી(સચિત્ત આહારી) હોય છે, તેથી તેમને હણીને, છેદીને, ભેદીને, લુપ્ત કરીને, વિલુપ્ત–નષ્ટ કરીને, મારીને આહાર કરે છે.

તેમાં આ બાર આજીવિક–ઉપાસકો હોય છે. તે આ – તાલ, તાલપ્રલંબ, ઉદ્ભિધ, સંવિધ, અવવિધ, ઉદય, નામોદય, નર્મોદય, અનુપાલક, શંખપાલક, અયંબુલ, કાતરક.

આ બાર આજીવિકોપાસકો છે, તેના દેવ અરિહંત(ગોશાલાકે કલ્પેલા અર્હત્વથી) છે. તે માતા–પિતાની સેવા કરે છે, તેઓ પાંચ પ્રકારના ફળ ખાતા નથી. તે આ – ઉદુંબર, વડ, બોર, સત્તર, પીપલના ફળ તથા ડુંગળી, લસણ અને કંદ અને મૂળને પણ વર્જે છે. તથા અનિર્લાંછિત અને નાક નહીં નાથેલ બળદોથી ત્રસ પ્રાણીની હિંસાથી રહિત આજીવિકા કરતા વિચરે છે.

જ્યારે આ આજીવિકોપાસકો પણ આમ ઇચ્છે છે, તો પછી જે આ શ્રાવકો છે, તેના વિશે તો કહેવાનું જ શું હોય? શ્રાવકોને આ ૧૫–કર્માદાન સ્વયં કરવા, કરાવવા કે કરનારને અનુમોદવા કલ્પતા નથી. તે આ – અંગારકર્મ, વનકર્મ, શાકટિકકર્મ, ભાટીકર્મ, સ્ફોટકકર્મ, દંત વાણિજ્ય, લાખ વાણિજ્ય, રસ વાણિજ્ય, કેશ વાણિજ્ય, વિષ વાણિજ્ય, યંત્ર પીલણ કર્મ, નિર્લાંછન કર્મ, દાવાગ્નિદાપનતા, સર–દ્રહ–તળાવશોષણતા, અસીતપોષણતા. આ શ્રાવકો પવિત્ર અને પરમ પવિત્ર, થઈને કાળ માસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

૪૦૪. દેવલોક કેટલા પ્રકારે છે ? ચાર પ્રકારે છે. તે આ – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક,

ભગવન્ ! આપ ખો છો, તે એમ જ છે. તે એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮, ઉદ્દેશો–૬ 'પ્રાસુક'

### સૂત્ર–૪૦૫

ભગવન્ ! તથારૂપ શ્રમણ કે માહણને પ્રાસુક, એષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમથી પ્રતિલાભતા શ્રાવકને શું મળે ? ગૌતમ ! એકાંતે નિર્જરા થાય અને પાપકર્મનો કોઈ બંધ ન થાય.

ભગવન્ ! તથારૂપ શ્રમણ કે માહણને અપ્રાસુક અને અનેષણીય અશન–પાન યાવત્ પ્રતિલાભતા શ્રાવકને શું મળે ? ગૌતમ ! તે ઘણી નિર્જરા કરે અને અલ્પકર્મબંધ કરે.

ભગવન્ ! તથારૂપ અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મીને પ્રાસુક કે અપ્રાસુક, એષણીય કે અનેષણીય અશન–પાન વડે વહોરાવતા તે શ્રાવકને શું મળે ? ગૌતમ ! એકાંતે તેને પાપકર્મ બંધ થાય, જરા પણ નિર્જરા તેને ન થાય.

### સૂત્ર–૪૦૬

ગૃહસ્થના ઘેર આહાર ગ્રહણ કરવાને પ્રવેશેલ નિર્ગ્રન્થને કોઈ ગૃહસ્થ બે પિંડ આહાર વડે નિમંત્રણ કરે કે – હે આયુષ્યમાન્ ! એક પિંડ તમે વાપરજો અને એક સ્થવિરને આપજો, તે એ બંને પિંડને ગ્રહણ કરે. સ્થવિરની ગવેષણા કરે, ગવેષણા કરતા, સ્થવિરને જ્યાં દેખે ત્યાં તેમને તે પિંડ આપી દે, કદાચ ગવષેણા કરતા પણ સ્થવિરને ન જુએ, તો તે પિંડ ન પોતે ખાય, ન બીજાને આપે, પરંતુ એકાંત, આવાગમન રહિત, અચિત્ત, બહુપ્રાસુક સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન કરી, પ્રમાર્જી પરઠવે.

ગૃહસ્થના ઘેર આહાર ગ્રહણ કરવાને પ્રવેશેલ નિર્ગ્રન્થને કોઈ ગૃહસ્થ ત્રણ પિંડ વડે નિમંત્રણ કરે કે – હે આયુષ્યમાન્ ! એક પિંડ તમે વાપરજો અને બે સ્થવિરને આપજો, તે પણ તે પિંડ ગ્રહણ કરે, તે સ્થવિરને શોધે. બાકી બધું પૂર્વવત્ યાવત્ તે પરઠવી દે.

એ પ્રમાણે યાવત્ દસ પિંડ વડે નિમંત્રણા કરે. વિશેષ આ – હે આયુષ્યમાન્! એક તમે વાપરજો અને નવ સ્થવિરોને આપજો. બાકી પૂર્વવત્ જાણવું.

ગૃહસ્થના ઘેર નિર્ગ્રન્થને કોઈ યાવત્ બે પાત્ર માટે નિમંત્રણા કરે કે – હે આયુષ્યમાન્ ! એક પાત્ર તમે વાપરજો, એક સ્થવિરને આપજો. તે પણ તેને ગ્રહણ કરે. પૂર્વવત્ યાવત્ તે પોતે ન વાપરે કે ન બીજાને આપે, બાકી પૂર્વવત્ યાવત્ પરઠવી દે. એ પ્રમાણે યાવત્ દશ પાત્રો માટે સમજવું.

એ પ્રમાણે જેમ પાત્રના સંબંધમાં કહ્યું, તેમ ગુચ્છા, રજોહરણ, ચોલપટ્ટો, કંબલ, દંડ, સંસ્થારક વિશેની વક્તવ્યતા કહેવી. યાવત્ દશ સંથારા વડે નિમંત્રણા કરે યાવત્ સ્થ્વીર ન મળે તો પરઠવી દે.

સૂત્ર–૪૦૭

ગૃહસ્થને ઘેર આહાર ગ્રહણાર્થે પ્રવેશેલ નિર્ગ્રન્થ વડે કોઈ અકૃત્ય સ્થાન(મૂળ ગુણાદિ દોષનું) સેવન થયું હોય, તેને એમ થાય કે – હું અહીં જ પહેલા આ સ્થાનને આલોચું, પ્રતિક્રમુ, નિંદુ, ગર્હુ, છેદુ, વિશોધુ, અકૃત્ય ન કરવા અભ્યુદ્યત થાઉં, યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત, તપોકર્મ સ્વીકારું, ત્યાર પછી સ્થવિરો પાસે આલોચીશ યાવત્ તપકર્મ સ્વીકારીશ. એમ વિચારી.......

૧.તે જવાને રવાના થાય, સ્થવિર પાસે પહોંચતા પહેલા તે સ્થવિર 'મૂક' થઈ જાય, તો તે નિર્ગ્રન્થ આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

૨. તે નિર્ગ્રન્થ નીકળે, પહોંચ્યા પહેલા, તે પોતે જ 'મૂક' થઈ જાય, તો ભગવન્ ! તે આરાધક કે વિરાધક? ગૌતમ ! તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

૩. ઉક્ત નિર્ગ્રન્થ, નીકળે, તે પોતે પહોંચે તે પહેલા સ્થવિર કાળ કરી જાય, તો ભગવન્ ! તે નિર્ગ્રન્થ આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

૪. ઉક્ત નિર્ગ્રન્થ, આલોચનાર્થે નીકળે, ત્યાં પહોંચતા પહેલા તે નિર્ગ્રન્થ પોતે કાળ કરી જાય તો આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

૫. ઉક્ત નિર્ગ્રન્થ નીકળે, પહોંચી જાય, પછી સ્થવિર મુંગા થઈ જાય તો, તે નિર્ગ્રન્થ આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

૬ થી ૮. ઉક્ત નિર્ગ્રન્થ નીકળે, પહોંચ્યા પછી પોતે જ મુંગો થઈ જાય, ઇત્યાદિ ચાર આલાવા 'અસંપ્રાપ્ત'ની જેમ અહીં પણ કહેવા.

બહાર વિચારભૂમિ કે વિહારભૂમિ માટે નીકળેલ નિર્ગ્રન્થ વડે કોઈ અકૃત્યસ્થાનનું સેવન થઈ જાય, તેને એમ થાય કે પહેલા હું જાતે જ આ સ્થાન આલોચું ઇત્યાદિ આઠ આલાવા ઉપર કહ્યા મુજબ કહેવા.

ગ્રામાનુગ્રામ વિચરતા નિર્ગ્રન્થ દ્વારા કોઈ અકૃત્ય સ્થાનનું સેવન થઈ જાય, તેને એમ થાય કે હું અહીં જ તે સ્થાનને આલોચું ઇત્યાદિ ઉપર કહ્યા મુજબ તેના આઠ આલાવા યાવત્ વિરાધક નથી, સુધી કહેવા.

ગૃહસ્થના કુળમાં આહાર ગ્રહણને માટે પ્રવેશેલ કોઈ સાધ્વી કોઈ અકૃત્ય સ્થાન સેવે, તેણીને એમ થાય કે હું અહીં જ આ સ્થાનને આલોચું યાવત્ તપકર્મ અંગીકાર કરું, પછી પ્રવર્તિની પાસે આલોચીશ યાવત્ સ્વીકરીશ, તે નીકળે, પહોંચે તે પહેલા પ્રવર્તિની મુંગા થઈ જાય, તો હે ભગવન્ ! તે સાધ્વી આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે સાધ્વી આરાધક છે. તેણી નીકળે, ઈત્યાદિ નિર્ગ્રન્થમાં કહ્યું તેમ બીજા ત્રણ આલાવા સાધ્વી સંબંધે પણ કહેવા. યાવત્ તેણી આરાધક છે, વિરાધક નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો કે – આરાધક છે, વિરાધક નહીં ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ, એક મોટા ઘેટાનાં વાળ, હાથીનાં વાળ, સણ કે કપાસના તંતુ, ઘાસના અગ્રભાગના બે, ત્રણ કે સંખ્યાત ટુકડા કરીને અગ્નિકાયમાં નાંખે, તો હે ગૌતમ ! તે ટુકડા છેદાતા છેદ્યા, ફેંકાતા ફેંક્યા, બળતા બળ્યા એમ કહેવાય ? હા, ભગવન્ ! તેમ કહેવાય.

જો કોઈ પુરુષ નવા કે ધોયેલા કે તંતુગત વસ્ત્રને મજીઠના પાત્રમાં નાંખે તો હે ગૌતમ ! તે વસ્ત્ર તે ઉઠાવતો હોય ત્યારે ઉઠાવ્યુ, નાંખતા નાંખ્યુ, રંગાતા રંગ્યુ એમ કહેવાય ? હા, ભગવન્ ! કહેવાય.

તે પ્રમાણે હે ગૌતમ ! એમ કહ્યું કે – તે આરાધક થાય છે, વિરાધક થતા નથી.

સૂત્ર–૪૦૮

ભગવન્ ! બળતા દીવામાં શું બળે છે? દીવો બળે છે, દીવી બળે છે, વાટ બળે છે, તેલ બળે છે, દીપ–ઢાંકણ બળે છે, કે જ્યોતિ બળે છે? ગૌતમ ! દીવો યાવત્ દીપ–ઢાંકણ નહીં, પણ જ્યોતિ બળે છે.

ભગવન્ ! બળતા ઘરમાં શું બળે છે? ઘર, ભીંત, ડાભનું છાદન, ધારણ, બલહરણ, વાંસ, મલ્લ, વર્ગ, છપ્પર, છાદન કે જ્યોતિ બળે છે? ગૌતમ ! ઘર નથી બળતુ, ભીંતો નથી બળતી યાવત્ છાદન પણ નથી બળતું, કેવળ જ્યોતિ બળે છે.

સૂત્ર–૪૦૯

ભગવન્ ! જીવ ઔદારિક શરીરને આશ્રીને કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળા છે અને કોઈ અક્રિય છે.

ભગવન્ ! નૈરયિક બીજાના. ઔદારિક શરીરને આશ્રીને કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળા છે.

ભગવન્ ! અસુરકુમાર બીજાના. ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! અસુરકુમારને નૈરયિક સમાન જાણવા. વૈમાનિક દેવો સુધી તે પ્રમાણે જ કહેવું. માત્ર મનુષ્યને સામાન્ય જીવોની સમાન જાણવા.

ભગવન્ ! એક જીવ, ઔદારિક શરીરોથી કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચ ચાર ક્રિયાવાળા, કદાચ પાંચ ક્રિયાવાળા અને કદાચ અક્રિય હોય.

ભગવન્ ! એક નૈરયિક જીવ, ઔદારિક શરીરોથી કેટલી ક્રિયાવાળા છે? એ પ્રમાણે જેમ પ્રથમ દંડકમાં કહ્યું, તેમ અહીં પણ બધું જ વૈમાનિક પર્યન્ત કહેવું. વિશેષ એ કે મનુષ્યોનું કથન, સામાન્ય જીવ સમાન છે.

ભગવન્ ! ઘણા જીવો, ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા યાવત્ અક્રિય. ભગવન્ ! ઘણા નૈરયિકો, ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? એ પ્રમાણે અહીં પણ પહેલા દંડકની જેમ વૈમાનિક સુધી કહેવું. ફક્ત મનુષ્યોને સામાન્ય જીવો સમાન જાણવા.

ભગવન્ ! ઘણા જીવોને બીજાના ઘણા ઔદારિક શરીરોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા થાય ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા અથવા અક્રિય પણ હોય.

ભગવન્ ! ઘણા નૈરયિકો બીજાના. ઘણા ઔદારિક શરીરોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળા, એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. વિશેષ આ – મનુષ્યો, જીવો સમાન જાણવા.

ભગવન્ ! એક જીવ અન્ય એક જીવના વૈક્રિય શરીરને આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ

ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો કે અક્રિય હોય.

ભગવન્ ! એક નૈરયિક, અન્ય એક જીવના વૈક્રિય શરીર આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક. વિશેષ આ – મનુષ્ય, જીવવત્ જાણવા. એ રીતે ઔદારિક શરીર માફક અહીં પણ ચાર દંડકો કહેવા. વિશેષ આ – પાંચમી ક્રિયા ન કહેવી, બાકી પૂર્વવત્.

એ રીતે વૈક્રિય માફક આહારક, તૈજસ, કાર્મણ પણ કહેવા. એક–એકના ચાર દંડકો કહેવા. યાવત્ ભગવન્ ! વૈમાનિક કાર્મણશરીર વડે કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! ત્રણ કે ચાર. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮, ઉદ્દેશો–૭ 'અદત્તાદાન'

સૂત્ર–૪૧૦

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું – (વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર) . ગુણશીલ ચૈત્ય હતું – (વર્ણન) યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્ય સમીપે ઘણા અન્યતીર્થિકો રહેતા હતા.

તે કાળે, તે સમયે આદિકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા, યાવત્ પર્ષદા પાછી ગઈ.

તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના ઘણા શિષ્ય સ્થવિરો જાતિસંપન્ન, કુળસંપન્ન આદિ જેમ બીજા શતકમાં કહ્યું તેમ યાવત્ જીવિતાશા–મરણ ભયથી મુક્ત, ભગવંત મહાવીર સમીપે ઉર્ધ્વજાનુ, અધોશિર થઇ, ધ્યાનરૂપી કોઠામાં રહીને સંયમ અને તપથી આત્માને ભાવતા યાવત્ વિચરતા હતા.

ત્યારે તે અન્યતીર્થિકો, જ્યાં સ્થવિર ભગવંતો હતા ત્યાં આવ્યા, આવીને સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો ! તમે ત્રણ કરણ અને ત્રણ યોગથીઅસંયત, અવિરત, અપ્રતિહતાદિ પાપકર્મા વગેરે જેમ સાતમા શતકમાં બીજા ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ એકાંત બાલ છો.

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકને આમ કહ્યું – હે આર્યો ! કયા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંત બાલ છીએ ?

ત્યારે તે અન્યતીર્થિકોએ તેમને આમ કહ્યું – હે આર્યો! તમે અદત્તાદાન લો છો, અદત્તાદાન વાપરો છો, અદત્તાદાનને સ્વાદો છો. એ રીતે ત્રિવિધ, ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંત બાલ છો.

ત્યારે તે સ્થવિરોએ તેમને આમ પૂછ્યું – હે આર્યો! કયા કારણથી અમે અદત્ત લઈએ છીએ, ખાઈએ છીએ, સ્વાદીએ છીએ ? કે જેથી અમે અદત્ત લેનાર યાવત્ સ્વાદતા ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ ?

ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો! તમારા મતમાં દેવાતુ – ન દેવાયુ, ગ્રહણ કરાતુ – ન ગ્રહણ કરાયુ, પાત્રમા નંખાતુ – ન નંખાયુ, એવું કથન છે. હે આર્યો ! તમને અપાતો પદાર્થ, પાત્રમાં ન પડે તે પહેલા વચ્ચે જ કોઈ તેને હરી લે, તો તમે કહો છો કે, તે ગૃહપતિના પદાર્થનું અપહરણ થયું, તમારા નહીં. તેથી તમે અદત્ત ગ્રહણ કરો છો યાવત્ અદત્તની અનુમતિ આપો છો. તેથી તમે અદત્ત ગ્રહણ કરતા એકાંતબાલ છો.

ત્યારે તે સ્થવિરોએ તે અન્યતીર્થિકને આમ કહ્યું – હે આર્યો! અમે અદત્ત લેતા નથી, ખાતા નથી, અનુમોદતા નથી. હે આર્યો ! અમે દીધેલું જ લઈએ–ખાઈએ–અનુમોદીએ છીએ. તેથી અમે દીધેલું લેનાર, દીધેલું ખાનાર, દીધેલું સ્વાદનાર ત્રિવિધ ત્રિવિધે સંયત, વિરત, પ્રતિહત એમ જે શતક–૭માં કહ્યું તેમ યાવત્ એકાંત પંડિત છીએ.

ત્યારે તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને આમ કહ્યું – કયા કારણથી હે આર્ય ! તમે દીધેલું ગ્રહણ કરો છો યાવત્ અનુમોદો છો, તેથી તમે યાવત્ એકાંત પંડિત છો તેમ કહો છો ?

ત્યારે તે સ્થવિર ભગવંતોએ, તેઓને આમ કહ્યું કે – હે આર્યો ! દેવાતુ–દીધુ, ગ્રહણ કરાતુ–ગ્રહ્યુ, પાત્રમાં મૂકાતુ–મૂકાયુ એ અમારો મત છે. તેથી હે આર્યો ! અમે દીધેલુ ગ્રહણ કરતા, પાત્રમાં પડેલ નથી, તેની વચ્ચે કોઈ તેને

હરી લે, તો તે પદાર્થ અમારો હરાયો કહેવાય છે, ગૃહસ્થનો નહીં, તેથી અમે દીધેલું ગ્રહણ કરતા–ખાતા–અનુમોદતા એવા – યાવત્ – ત્રિવિધ ત્રિવિધે સંયત યાવત્ એકાંત પંડિત છીએ.

ખરેખર તો હે આર્યો ! તમે પોતે જ ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છો.

ત્યારે તે અન્યતીર્થિકોએ, તે સ્થવિરોને પૂછ્યું – હે આર્યો ! કયા કારણે અમે ત્રિવિધ યાવત્ એકાંતબાલ છીએ.

ત્યારે સ્થવિર ભગવંતે તેમને કહ્યું – હે આર્યો ! તમે અદત્ત ગ્રહણ કરો છો આદિ. માટે હે આર્યો ! તમે એકાંતબાલ છો

ત્યારે અન્યતીર્થિકોએ, તે સ્થવિરોને પૂછ્યું – કયા કારણે અમે અદત્ત ગ્રહણ કરતા યાવત્ એકાંતબાલ છીએ?

ત્યારે તે સ્થવિરોએ તેમને કહ્યું – હે આર્યો ! તમારા મતે દેવાતુ – ન દેવાયુ, યાવત્ તે ગાથાપતિનું છે, તમારું નહીં, તેથી તમારા મતે અદત્ત લો છો. તેમજ પૂર્વવત્ તમે એકાંતબાલ છો.

ત્યારે અન્યતીર્થિકે તેમને કહ્યું – હે આર્યો ! તમે જ ત્રિવિધ–ત્રિવિધ અસંયત યાવત્ એકાંતબાલ છો.

ત્યારે સ્થવિરોએ, તે અન્યતીર્થિકને પૂછ્યું – કયા કારણે અમે ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ?

ત્યારે તેઓએ સ્થવિરોને કહ્યું – હે આર્યો ! ગમન કરતા એવા તમે, પૃથ્વીકાયિકોને દબાવો છો, હણો છો, પગથી લાત મારો છો, સંઘાત કરો છો, સંઘટ્ટો છો, પરિતાપના–કીલામણા –ઉપદ્રાવિત કરો છો, આ કારણથી તમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંતબાલ છો.

ત્યારે તે સ્થવિરોએ તેમને આમ કહ્યું – હે આર્યો ! અમે ચાલતી વખતે પૃથ્વીકાયિકોને દબાવતા નથી યાવત્ ઉપદ્રવિત કરતા નથી. હે આર્યો ! અમે ગમન કરતી વેળા કાયને, જોગને કે સંયમઋતુ.ને આશ્રીને દેશથી દેશ, પ્રદેશથી પ્રદેશ જઈએ છીએ. અમે તે દેશથી દેશ, પ્રદેશથી પ્રદેશ જતા પૃથ્વીકાયિકને દબાવતા યાવત્ ઉપદ્રવિત કરતા નથી. તેથી અમે પૃથ્વીકાયિકને ન દબાવતા, ન હણતા યાવત્ ઉપદ્રવિત ન કરતા ત્રિવિધ ત્રિવિધે સંયત યાવત્ એકાંત પંડિત છીએ, હે આર્યો! તમે પોતે જ ત્રિવિધ ત્રિવિધેન અસંયત યાવત્ બાલ છો.

ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતને એમ કહ્યું – હે આર્યો ! કયા કારણથી, અમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છીએ ? ત્યારે તે સ્થવિરોએ તેમને કહ્યું – હે આર્યો! તમે જ ગમન કરતી વેળાએ પૃથ્વીકાયિકોને દબાવો યાવત્ ઉપદ્રવિત કરતા ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો.

ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિરોને એમ કહ્યું – તમારા મતે જાતો એવો – ન ગયો, ઉલ્લંઘતાને ન ઉલ્લંઘતો, રાજગૃહનગર પહોંચવાની ઈચ્છાવાળાને અસંપ્રાપ્ત કહો છો૦

ત્યારે સ્થવિરોએ કહ્યું. હે આર્યો! અમારા મતે જતા એવાને – ગયો, ઉલ્લંઘતાને ઉલ્લંઘ્યો, રાજગૃહનગર પહોંચવાની ઈચ્છા વાળાને સંપ્રાપ્ત થયો જ કહેવાય છે. પરંતુ તમારા મતે જ જતો એવો – ન ગયો, ઉલ્લંઘતો એવો ન ઉલ્લંઘ્યો યાવત્ રાજગૃહનગર અસંપ્રાપ્ત કહો છો.

પછી તે સ્થવિર ભગવંતોએ, તે અન્યતીર્થિકોને એ રીતે નિરુત્તર કર્યા, કરી ગતિપ્રવાદ નામે અધ્યયન પ્રરૂપ્યુ.

સૂત્ર–૪૧૧

ભગવન્ ! ગતિપ્રવાદ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે. તે આ – પ્રયોગગતિ, તતગતિ, બંધન–છેદનગતિ, ઉપપાતગતિ, વિહાયગતિ. અહીંથી આરંભી આખું પ્રયોગપદ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

### શતક–૮, ઉદ્દેશા–૭નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૮, ઉદ્દેશો–૮ 'પ્રત્યનીક'

સૂત્ર–૪૧૨

રાજગૃહનગરે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! ગુરુને આશ્રીને કેટલા પ્રત્યનીકો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. તે આ

– આચાર્ય પ્રત્યનીક, ઉપાધ્યાય પ્રત્યનીક, સ્થવિર પ્રત્યનીક.

ભગવન્ ! ગતિને આશ્રીને કેટલા પ્રત્યનીક કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. તે આ – આલોક પ્રત્યનીક, પરલોક પ્રત્યનીક, ઉભયલોક પ્રત્યનીક.

ભગવન્ ! સમૂહને આશ્રીને કેટલા પ્રત્યનીક કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. તે આ – કુલ પ્રત્યનીક, ગણ પ્રત્યનીક, સંઘ પ્રત્યનીક.

ભગવન્ !અનુકંપાને આશ્રીને કેટલા પ્રત્યનીક કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. તપસ્વી પ્રત્યનીક, ગ્લાન પ્રત્યનીક, શૈક્ષ પ્રત્યનીક.

ભગવન્ ! શ્રુતને આશ્રીને કેટલા પ્રત્યનીક છે ? ગૌતમ ! ત્રણ. સૂત્ર, અર્થ, તદુભય.

ભગવન્ ! ભાવને આશ્રીને ? ત્રણ. જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રત્યનીક.

સૂત્ર–૪૧૩

ભગવન્! વ્યવહાર કેટલા ભેદે છે? ગૌતમ ! પાંચ ભેદે. તે આ – આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત–વ્યવહાર.

આ પાંચ વ્યવહારોમાંથી જ્યારે, જ્યાં આગમ વ્યવહાર હોય ત્યારે ત્યાં તેને આગમથી વ્યવહાર કરવો જોઈએ. જેની પાસે આગમ વ્યવહાર ન હોય, તેણે જેની પાસે જે શ્રુત હોય, તેનાથી વ્યવહાર કરવો.

જો શ્રુત ન હોય તો, જેની પાસે જે આજ્ઞા હોય, તેણે આજ્ઞાથી વ્યવહાર કરવો. જેની પાસે આજ્ઞા ન હોય, તેની પાસે જે ધારણા હોય, તે ધારણાથી વ્યવહાર કરવો, જેની પાસે તે ધારણા ન હોય, તેની પાસે જે જીત હોય, તે જીતથી વ્યવહાર કરવો. આ પાંચથી વ્યવહાર કરવો જોઈએ. તે આ – આગમથી, શ્રુતથી, આજ્ઞાથી, ધારણાથી, જીતથી.

જેની પાસે જે આગમ–શ્રુત–આજ્ઞા–ધારણા–જીત હોય, તેને તે પ્રમાણે વ્યવહાર ચલાવવો જોઈએ.

ભગવન્ ! આગમબલિક શ્રમણ નિર્ગ્રન્થ આ પાંચનું ફળ શું કહે છે ? આ પાંચ પ્રકારના વ્યવહારોમાં જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જે સંભવ હોય ત્યારે ત્યારે, ત્યાં ત્યાં રાગ–દ્વેષથી રહિત, સમ્યક્ વ્યવહાર કરતા શ્રમણ નિર્ગ્રન્થ, આજ્ઞાના આરાધક થાય છે.

સૂત્ર–૪૧૪

ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. ઐર્યાપથિકબંધ, સાંપરાયિક બંધ.

ભગવન્ ! ઐર્યાપથિક કર્મ, શું નૈરયિક બાંધે, તિર્યંચ બાંધે, તિર્યંચિણી બાંધે, મનુષ્ય બાંધે –માનુષી સ્ત્રી બાંધે, દેવો બાંધે, કે દેવી બાંધે ?

ગૌતમ ! નૈરયિક, તિર્યંચ, તિર્યંચિણી, દેવ કે દેવીમાં કોઈ ન બાંધે, પણ પૂર્વ પ્રતિપન્નક(પૂર્વે વિતરાગી થયેલા)ની અપેક્ષાએ મનુષ્ય અને મનુષ્ય સ્ત્રી બાંધે. પ્રતિપદ્યમાન(વર્તમાનમાં વિતરાગી થતા)ની અપેક્ષાએ ક્યારેક ૧. એક મનુષ્ય બાંધે, ૨. એક માનુષી બાંધે, ૩. ઘણા મનુષ્યો બાંધે ૪. ઘણી માનુષી સ્ત્રી બાંધે, ૫.એક મનુષ્ય અને એક માનુષી સ્ત્રી બાંધે, ૬. એક મનુષ્ય અને અનેક માનુષી સ્ત્રી બાંધે, ૭.ઘણા મનુષ્ય અને એક માનુષી બાંધે, ૮.ઘણા મનુષ્યો અને ઘણી માનુષી બાંધે. આ રીતે આઠ ભાંગા જાણવા.

ભગવન્ ! ઐર્યાપથિક કર્મ શું ૧.સ્ત્રી બાંધે, ૨.પુરુષ બાંધે, ૩.નપુંસક બાંધે, ૪. સ્ત્રીઓ બાંધે, ૫.પુરુષો બાંધે, ૬.નપુંસકો બાંધે કે ૭. નોસ્ત્રી–નોપુરુષ–નો નપુંસક બાંધે ? ગૌતમ ! સ્ત્રી યાવત્ નપુંસકો ન બાંધે, પણ પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાએ વેદરહિત ઘણા જીવો બાંધે. પ્રતિપદ્યમાનની અપેક્ષાએ વેદરહિત એક જીવ બાંધે કે વેદરહિત ઘણા જીવો બાંધે.

ભગવન્ ! જો વેદરહિત એક જીવ અથવા વેદરહિત ઘણા જીવો ઐર્યાપથિક કર્મ બાંધે, તો હે ભગવન્ ! ૧.એક પશ્ચાત્ કૃત સ્ત્રી જીવ બાંધે, ૨. પુરુષ પશ્ચાત્ કૃત જીવ બાંધે, ૩. એક પશ્ચાત્ કૃત નપુંસક જીવ બાંધે, ૪.અનેક પશ્ચાત્ કૃત સ્ત્રી જીવો બાંધે, ૫. અનેક પશ્ચાત્ કૃત પુરુષ જીવો બાંધે, ૬ અનેક પશ્ચાત્ કૃત .નપુંસક જીવ બાંધે.

અથવા ૭ થી૧૦. એક પશ્ચાત્ કૃત સ્ત્રી અને એક પશ્ચાત્ કૃત પુરુષ જીવની ચતુર્ભંગી,

અથવા ૧૧ થી ૧૪. એક પશ્ચાત્ કૃત સ્ત્રી અને એક પશ્ચાત્ કૃત નપુંસક જીવની ચતુર્ભંગી,

અથવા ૧૫ થી ૧૮ એક પશ્ચાત્ કૃત પુરુષ અને એક પશ્ચાત્ કૃત નપુંસક જીવની ચતુર્ભંગી

અથવા ૧૯ થી ૨૬ અનેક પશ્ચાત્ કૃત સ્ત્રી અનેક પશ્ચાત્ કૃત પુરુષ અનેક પશ્ચાત્ કૃત નપુંસક ની અષ્ટભંગી

ગૌતમ ! ૧.એક પશ્ચાત્ કૃત સ્ત્રી પણ બાંધે, ૨. એક પશ્ચાત્ કૃત પુરુષ પણ બાંધે, ૩. એક પશ્ચાત્ કૃત નપુંસક પણ બાંધે – યાવત્ – અથવા અનેક પશ્ચાત્ કૃત સ્ત્રી અનેક પશ્ચાત્ કૃત પુરુષ અનેક પશ્ચાત્ કૃત નપુંસક પણ ઐર્યાપથિક કર્મ બાંધે. અહીં આ ૨૬ ભાંગા કહેવા.

ભગવન્ ! શું જીવે ઐર્યાપથિક કર્મ– ૧. બાંધ્યુ છે, બાંધે છે કે બાંધશે ૨. બાંધ્યુ હતું, બાંધે છે, નહીં બાંધે ૩. બાંધ્યુ હતું નથી બાંધતો, બાંધશે ૪. બાંધ્યુ હતું, બાંધતો નથી, બાંધશે નહીં ૫. બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે. ૬. બાંધ્યુ નથી,બાંધે છે,બાંધશે નહીં ૭. બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે ૮. બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે નહીં?

ગૌતમ ! ભવાકર્ષની અપેક્ષાએ કેટલાક જીવે ૧. બાંધ્યુ હતું, બાંધે છે, બાંધશે નહીં. કેટલાકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. એ પ્રમાણે યાવત્ કેટલાક જીવે બાંધ્યુ નથી, બાંધતા નથી, બાંધશે નહીં એ આઠે ભંગ કહેવા.

ગ્રહણાકર્ષની અપેક્ષાએ કેટલાક જીવે ઐર્યાપથિક કર્મ બાંધ્યુ, બાંધે છે, બાંધશે એ પ્રમાણે યાવત્ કેટલાકે બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે. એ પાંચ ભંગ કહેવા. બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે નહીં ભંગ ન કહેવો. કેટલાકે બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે, કેટલાકે બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે નહીં.

ભગવન્ ! જીવ ઐર્યાપથિક કર્મ શું સાદિ સપર્યવસિત બાંધે, સાદિ અપર્યવસિત બાંધે, અનાદિ સપર્યવસિત બાંધે કે અનાદિ અપર્યવસિત બાંધે ? ગૌતમ ! સાદિ સપર્યવસિત બાંધે, સાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, અનાદિ અપર્યવસિત ત્રણે ન બાંધે.

ભગવન્ ! જીવ ઐર્યાપથિક કર્મ શું દેશથી દેશને બાંધે, દેશથી સર્વને બાંધે, સર્વથી દેશને બાંધે, કે સર્વથી સર્વને બાંધે છે ? ગૌતમ ! દેશથી દેશને, દેશથી સર્વને કે સર્વથી દેશને ન બાંધે તે સર્વથી સર્વને બાંધે છે.

### સૂત્ર–૪૧૫

ભગવન્ ! સાંપરાયિક કર્મ શું નૈરયિક બાંધે, તિર્યંચયોનિક બાંધે યાવત્ દેવી બાંધે?

ગૌતમ! સાંપરાયિક કર્મ, નૈરયિક પણ બાંધે, તિર્યંચ, તિર્યંચ સ્ત્રી પણ બાંધે, મનુષ્ય–મનુષ્ય સ્ત્રી પણ બાંધે. દેવ–દેવી પણ બાંધે.

ભગવન્ ! જો વેદરહિત એક જીવ અને વેદ રહિત અનેક જીવ, સાંપરાયિક કર્મ બાંધે છે, તો શું સ્ત્રી પશ્ચાત્કૃત બાંધે છે, પુરુષ પશ્ચાત્કૃત બાંધે છે ઈત્યાદિ પ્રશ્ન ? ગૌતમ ! જેમ ઐર્યાપથિક કર્મબંધમાં ૨૬ ભંગ કહ્યા, તેમ અહી પણ કહેવા યાવત અથવા અનેક સ્ત્રી પશ્ચાત્કૃત બાંધે, અનેક પુરુષ પશ્ચાત્કૃત અને અનેક નપુંસક પશ્ચાત્કૃત બાંધે.

ભગવન્ ! શું જીવે સાંપરાયિક કર્મ– ૧. બાંધ્યુ, બાંધે છે, બાંધશે ? ૨. બાંધ્યુ હતું,, બાંધે છે, બાંધશે નહીં ? ૩. બાંધ્યુ હતું, બાંધતા નથી, બાંધશે ? ૪. બાંધ્યુ હતું, બાંધતા નથી અને બાંધશે નહીં ?

ગૌતમ ! કેટલાક જીવોએ બાંધ્યુ, બાંધે છે, બાંધશે. ઈત્યાદિ ચારે ભંગ જાણવા.

ભગવન્ ! તે શું સાંપરાયિક કર્મ ૧. સાદિ સપર્યવસિત બાંધે છે? ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્. ગૌતમ ! સાદિ સપર્યવસિત બાંધે, અનાદિ સપર્યવસિત બાંધે કે અનાદિ અપર્યવસિત બાંધે પણ સાદિ અપર્યવસિત ન બાંધે.

ભગવન્ ! સાંપરાયિક કર્મને તે– દેશથી દેશને બાંધે ? ઈત્યાદિ પ્રશ્ન, ગૌતમ ! એ પ્રમાણે જેમ ઐર્યાપથિક કર્મ બંધ વિષયમાં કહ્યું તેમ યાવત્ સર્વથી સર્વ બાંધે.

### સૂત્ર–૪૧૬

ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ છે. તે આ – જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય.

સૂત્ર-૪૧૭

ભગવન્ ! પરીષહો કેટલા કહ્યા છે ? ગૌતમ ! બાવીશ પરીષહો છે. તે આ – ક્ષુધા, તૃષા યાવત્ દર્શન પરીષહ.

ભગવન્ ! આ ૨૨–પરીષહોમાં કેટલી કર્મપ્રકૃતિઓનો સમાવેશ થાય ? ગૌતમ ! ચાર કર્મપ્રકૃતિમાં સમાવેશ થાય, તે આ પ્રમાણે– જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મમાં કેટલા પરીષહોનો સમાવેશ થાય ? ગૌતમ ! બે પરીષહો નો સમાવેશ થાય છે, તે આ – પ્રજ્ઞા પરીષહ અને અજ્ઞાન પરીષહ.

ભગવન્ ! વેદનીય કર્મમાં કેટલા પરીષહોનો સમાવેશ થાય ? ગૌતમ ! ૧૧–પરીષહો. તે આ– ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મેલ પરિષહ.

સૂત્ર-૪૧૮ થી ૪૨૦

૪૧૮. ભગવન્ ! દર્શન મોહનીય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! એક દર્શન પરીષહ.

ભગવન્ ! ચારિત્રમોહનીય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! સાત પરીષહો. તે આ –

૪૧૯. અરતી, અચેલ, સ્ત્રી, નૈષેધિકી, યાચના, આક્રોશ અને સત્કાર–પુરસ્કાર પરિષહ.

૪૨૦. ભગવન્ ! અંતરાય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! એક, અલાભ પરીષહ.

ભગવન્ ! સાત પ્રકારના કર્મના બંધકને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૨૨–પરીષહો છે. તેમાં જીવ એક સાથે ૨૦– પરીષહોને વેદે છે. જે સમયે શીતપરીષહ વેદે, તે સમયે ઉષ્ણપરીષહ ન વેદે, જે સમયે ઉષ્ણ પરીષહ વેદે તે સમયે શીત પરીષહ ન વેદે. જે સમયે ચર્યા પરીષહ વેદે તે સમયે નિષદ્યા પરીષહ ન વેદે. જે સમયે નિષદ્યા પરીષહ વેદે તે સમયે ચર્યા પરીષહ ન વેદે.

ભગવન્ ! આઠ પ્રકારના કર્મના બંધકને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૨૨–પરીષહ છે. તે આ – ક્ષુધા, તૃષ્ણા, શીત, દંશમસગ, યાવત્ અલાભ. સપ્તવિધ બંધકમાં કહ્યું. તેમ અષ્ટવિધમાં કહેવું.

ભગવન્ ! ષડ્‌વિધ બંધક સરાગ છદ્મસ્થને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૧૪–પરીષહો છે. તેમાં ૧૨–વેદે છે. જે સમયે શીત પરીષહ વેદે ત્યારે ઉષ્ણ ન વેદે, જે સમયે ઉષ્ણ પરીષહ વેદે ત્યારે શીત ન વેદે. જે સમયે ચર્યાપરીષહ વેદે ત્યારે શય્યા ન વેદે, જે સમયે શય્યા પરીષહ વેદે તે સમયે ચર્યાપરીષહ ન વેદે.

ભગવન્ ! એકવિધ બંધક (ફક્ત શાતા વેદનીય બાંધનાર) વીતરાગ છદ્મસ્થને કેટલા પરીષહ છે ? ગૌતમ ! જેમ ષડ્‌વિધ બંધકને કહ્યા તેમ ૧૪ પરીષહ જાણવા. તેમાં ૧૨ પરીષહ વેદે છે

ભગવન્ ! એકવિધબંધક સયોગી ભવસ્થ કેવલીને કેટલા પરીષહ છે ? ગૌતમ ! ૧૧–પરીષહો છે. તેમાં નવ પરીષહ વેદે છે. બાકી ષડ્‌વિધ બંધકની માફક જાણવું.

ભગવન્ ! અબંધક અયોગી ભવસ્થ કેવલીને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૧૧–પરીષહો છે. તેમાં નવને વેદે છે, બાકી ષડ્‌વિધ બંધક માફક જાણવું. યાવત્ ચર્યા પરીષહને ન વેદે.

સૂત્ર-૪૨૧

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો ઊગવાના સમયે દૂર હોવા છતાં નીકટ દેખાય છે ? મધ્યાહ્ન મુહૂર્ત્તે નજીક છતાં દૂર દેખાય છે ? અને અસ્ત થવાના મુહૂર્ત્તે દૂર છતાં નજીક દેખાય છે ?

હા, ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્યો ઊગવાના સમયે દૂર છતાં યાવત્ અસ્ત સમયે નજીક દેખાય છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો ઊગવાના, મધ્યાહ્નના અને અસ્ત થવાના સમયે સર્વત્ર ઊંચાઈમાં સમ છે ? હા, ગૌતમ ! તેમજ છે.

ભગવન્ ! જો જંબૂદ્વીપમાં બંને સૂર્યો ઊગવાના, મધ્યાહ્નના, અસ્તના સમયે સર્વત્ર ઊંચાઈમાં સમાન હોય તો, એમ કેમ કહ્યું કે – જંબૂદ્વીપમાં બે સૂર્યો ઊગવાના અને આથમવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય ?

ગૌતમ ! લેશ્યાના પ્રતિઘાતથી ઊગવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય છે, મધ્યાહ્ન મુહૂર્તે નજીક હોવા છતાં લેશ્યાના અભિતાપથી દૂર દેખાય છે અને લેશ્યાપ્રતિઘાતથી આથમવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય છે, તેથી આમ કહ્યું છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રમાં જાય છે, વર્તમાન ક્ષેત્રમાં જાય છે કે અનાગત ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રમાં જતા નથી, પણ વર્તમાન ક્ષેત્રમાં જાય છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને પ્રકાશે છે, વર્તમાન ક્ષેત્રને પ્રકાશે છે કે અનાગત ક્ષેત્રને પ્રકાશે છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રને પ્રકાશિત નથી કરતા, પણ વર્તમાન ક્ષેત્રને પ્રકાશિત કરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપના બે સૂર્યો સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશે છે ? ગૌતમ ! તે સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશે છે, અસ્પૃષ્ટને નહીં યાવત્ નિયમા છ દિશાઓને પ્રકાશિત કરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને ઉદ્યોતીત કરે છે ? ઈત્યાદિ પ્રશ્ન. ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ નિયમા છ દિશાને ઉદ્યોતિત કરે છે, એ જ રીતે તપાવે છે. સુશોભિત કરે છે. યાવત નિયમા છ દિશા.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રમાં ક્રિયા કરે છે, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે, અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરતો નથી, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે, તે શું સ્પૃષ્ટ ક્રિયા કરે કે અસ્પૃષ્ટમાં ? ગૌતમ ! સ્પૃષ્ટમાં ક્રિયા કરે, અસ્પૃષ્ટમાં નહીં યાવત્ નિયમા છ દિશામાં કરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો કેટલા ઊંચા ક્ષેત્રને તપાવે છે, કેટલા અધો ક્ષેત્રને તપાવે છે, કેટલા તીર્છા ક્ષેત્રને તપાવે છે ? ગૌતમ ! ૧૦૦ યોજન ઉર્ધ્વ ક્ષેત્રને તપાવે છે, ૧૮૦૦ યોજન અધો ક્ષેત્રને તપાવે છે, ૪૭૨૬૩–૨૧/૬૦ યોજન તીર્છા ક્ષેત્રને તપાવે છે.

ભગવન્ ! માનુષોત્તર પર્વતની અંદર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ દેવ છે, હે ભગવન્ ! તે દેવો, શું ઉર્ધ્વોપપન્નક છે ? જેમ જીવાભિગમમાં ત્રીજી પ્રતીપત્તિમાં કહ્યું તેમ બધુ સંપૂર્ણ કહેવું. યાવત હે ભગવન ! ઈન્દ્રસ્થાનનો ઉપપાત વિરહ કાળ કેટલો છે ? ગૌતમ ! ઉપપાત વિરહકાળ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.

ભગવન્ ! માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્ર આદિ દેવ છે, તે ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન થયા છે ઈત્યાદિ પ્રશ્ન? ગૌતમ ! જીવાભિગમ અનુસાર કહેવું. ..... ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૮નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮, ઉદ્દેશો–૯ 'પ્રયોગબંધ'

### સૂત્ર–૪૨૨, ૪૨૩

**૪૨૨.** ભગવન્ ! બંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! બંધ બે ભેદે કહ્યો છે. તે આ – પ્રયોગબંધ, વીસ્રસાબંધ.

**૪૨૩.** વીસ્રસાબંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! બે ભેદે છે.– સાદિક વીસ્રસાબંધ, અનાદિક વીસ્રસા બંધ.

ભગવન્ ! અનાદિક વીસ્રસાબંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે છે, તે આ – ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વીસ્રસા બંધ, અધર્માસ્તિકાયનો અન્યોન્ય વીસ્રસા બંધ, આકાશાસ્તિકાયનો અન્યોન્ય વીસ્રસાબંધ.

ભગવન્ ! ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વીસ્રસા બંધ શું દેશ બંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વીસ્રસાબંધ પણ જાણવો. એ પ્રમાણે આકાશા–સ્તિકાયનો અન્યોન્ય અનાદિક વીસ્રસાબંધ પણ જાણવો.

ભગવન્ ! ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિ વીસ્રસાબંધ કાળથી કેટલો હોય ? ગૌતમ ! સર્વકાળ રહે છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો અન્યોન્ય વિસ્રસાબંધ પણ સર્વકાળ જાણવો.

ભગવન્ ! સાદિક વીસ્રસાબંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! ત્રણ ભેદે કહ્યો છે. તે આ – બંધનપ્રત્યયિક,

ભાજનપ્રત્યયિક, પરિણામપ્રત્યયિક

તે બંધનપ્રત્યયિક સાદિક વીસ્રસાબંધ શું છે ? પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક યાવત્ દશપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક, અનંતપ્રદેશિક પુદ્‌ગલ સ્કંધોની, ભગવન્ ! વિમાત્રાએ સ્નિગ્ધતાથી, વિમાત્રાએ ઋક્ષતાથી, વિમાત્રાએ સ્નિગ્ધતા–રૂક્ષતાથી બંધનપ્રત્યયિક બંધ સમુત્પન્ન થાય છે. જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ.

ભગવન્ ! ભાજન પ્રત્યયિક વીસ્રસાબંધ શું છે ? ગૌતમ ! જૂનો દારુ, જૂનો ગોળ, જૂના ચોખાનો ભાજન પ્રત્યયિક સાદિ વીસ્રસા બંધ સમુત્પન્ન થાય છે. તે જઘન્યથી અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ રહે.

તે પરિણામ પ્રત્યયિક શું છે ? જે વાદળ, આમ્રવૃક્ષનું શતક–૩–માં યાવત્ અમોઘનો પરિણામ પ્રત્યયિક બંધ સમુત્પન્ન થાય. તે જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ હોય છે.

આ પરિણામ પ્રત્યયિક છે, આ સાદિક વીસ્રસાબંધ છે, આ વીસ્રસાબંધ છે.

સૂત્ર–૪૨૪

ભગવન્ ! પ્રયોગબંધ શું છે? પ્રયોગબંધ ત્રણ ભેદે કહ્યો છે, તે આ – અનાદિ અપર્યવસિત, સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે અનાદિ અપર્યવસિત છે, તે જીવના આઠ મધ્યપ્રદેશોનો હોય છે. તે આઠ પ્રદેશોમાં પણ ત્રણ ત્રણ અનાદિ અપર્યવસિત બંધ છે, બાકીના સાદિ બંધ છે. તેમાં જે સાદિ અપર્યવસિત છે તે સિદ્ધોને હોય છે. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે ચાર ભેદે છે, તે – આલાપન બંધ, અલ્લિકાપન બંધ, શરીર બંધ, શરીરપ્રયોગ બંધ.

ભગવન્ ! આલાપન બંધ શું છે ? ગૌતમ ! જે તૃણનો, કાષ્ઠનો, પાંદડાનો, પલાલનો, વેલનો ભાર છે તેને વેલલતા, છાલ, વસ્ત્રા, રજ્જુ, વેલ, કુશ અને ડાભ આદિથી બાંધવાથી આલાપનબંધ સમુત્પન્ન થાય છે. આ બંધ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યેયકાળ સુધી રહે છે.

ભગવન્ ! આલીનબંધ શું છે ? ગૌતમ ! આલીન બંધ ચાર ભેદે છે. તે આ – શ્લેસણા બંધ, ઉચ્ચય બંધ, સમુચ્ચય બંધ અને સંહનન બંધ.

ભગવન્ ! શ્લેષણા બંધ શું છે ? ગૌતમ ! જે ભીંતોનો, કુટ્ટિઓનો, સ્તંભોનો, પ્રાસાદોનો, કાષ્ઠોનો, ચર્મોનો, ઘડોનો, વસ્ત્રોનો, ચટાઈઓનો ચૂડા, કાદવ, શ્લેષ, લાખ, મીણ આદિ શ્લેષ્ણ દ્રવ્યોથી બંધ સંપન્ન થાય છે તે શ્લેષણા બંધ. જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ છે.

ભગવન્ ! ઉચ્ચય બંધ શું છે ? ગૌતમ ! તૃણનો ઢગલો, કાષ્ઠનો ઢગલો, પત્રનો ઢગલો, તુષનો ઢગલો, ભૂસુંનો ઢગલો, છાણનો ઢગલો, કચરાનો ઢગલો આ બધાના ઊંચા ઢગલાને ઉચ્ચયબંધ કહે છે. તે જઘન્ય અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ પર્યંત રહે છે.

ભગવન્ ! તે સમુચ્ચય બંધ શું છે ? જે કૂવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સર, સરપંક્તિ, સરસર પંક્તિ, બિલપંક્તિ, દેવકુલ, સભા, પરબ, સ્તૂપ, ખાઈ, પરિખા, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા દ્વાર, ગોપુર, તોરણ, પ્રાસાદ, ઘર, શરણસ્થાન, લયન, આપણ, શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ આદિના ચૂના, માટી અને વજ્ર લેપ આદિ દ્વારા સમુચ્ચયરૂપે જે બંધ થાય છે તેને, સમુચ્ચયબંધ કહે છે. જે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળનો છે. તે સમુચ્ચયબંધ છે.

ભગવન્ ! સંહનન બંધ શું છે ? સંહનન બંધ બે ભેદે કહ્યો છે – દેશ સંહનન બંધ, સર્વ સંહનન બંધ.

ભગવન્ ! તે દેશ સંહનન બંધ શું છે ? જે શકટ, રથ, યાન, યુગ્ય, ત્રિલ્લિ, થિલ્લિ, સીય, સ્યંદમાનીય, લોઢી, લોઢીની કડાઈ, કડછો, આસન, શયન, સ્તંભ, ભાંડ–માત્ર ઉપકરણાદિ વડે દેશ સંહનન બંધ ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ હોય છે. તે આ દેશ સંહનન બંધ છે.

ભગવન્ ! તે સર્વ સંહનન બંધ શું છે ? તે દૂધ–પાણીની જેમ એકમેક થઈ જવું તે. તે સર્વ સંહનન બંધ કહ્યો,

તે આલીન બંધ કહ્યો.

ભગવન્ ! તે શરીરબંધ શું છે ? શરીર બંધ બે ભેદે.– પૂર્વ પ્રયોગ પ્રત્યયિક અને પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યયિક.

ભગવન્ ! તે પૂર્વ પ્રયોગ પ્રત્યયિક શું છે ? ગૌતમ ! તે તે ક્ષેત્રમાં, તે તે કારણોથીતે તે શરીરને પ્રાપ્ત નૈરાયિક આદિ સર્વે સંસારી જીવોના જીવ પ્રદેશોનો જે બંધ થાય છે, તેને પૂર્વ પ્રયોગ પ્રત્યયિક બંધ કહે છે.

ભગવન્ ! પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યય શું છે ? જે કેવલી અણગાર, કેવલી સમુદ્‌ઘાત દ્વારા સમુદ્‌ઘાત કરતા અને તેનાથી પ્રતિનિવૃત્ત થતા વચ્ચેના માર્ગે રહેલ કેવલજ્ઞાની અણગારના તૈજસ અને કાર્મણ શરીરનો જે બંધ સંપન્ન થાય છે, તેને પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યયિક બંધ કહે છે. તે સમયે આત્મ પ્રદેશો એકત્રીકૃત થાય છે, જેનાથી તૈજસ–કાર્મણ શરીરનો બંધ થાય છે, તે આ વર્તમાન પ્રયોગ પ્રત્યયિક બંધ છે. આ શરીર બંધનું સ્વરૂપ છે.

ભગવન્ ! તે શરીરપ્રયોગ બંધ શું છે ? શરીરપ્રયોગ બંધ પાંચ ભેદે કહ્યો છે. તે આ – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ–શરીરપ્રયોગ બંધ.

ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે કહ્યો છે? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ – એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ.

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! પાંચ ભેદે કહ્યો છે. તે આ – પૃથ્વીકાયિક એકેન્દ્રિય૦ એ પ્રમાણે આ આલાવા વડે જેમ 'અવગાહના સંસ્થાન'માં ઔદારિક શરીરના ભેદો કહ્યા, તેમ અહીં પણ કહેવા – યાવત્ – પર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ અને અપર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય૦ યાવત્ બંધ સુધી કહેવું..

ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગ બંધ, કયા કર્મના ઉદયથી થાય છે? ગૌતમ ! વીર્ય, સંયોગ, સદ્દ્રવ્યતા પ્રમાદને કારણે કર્મ, યોગ, ભવ, આયુને આશ્રીને ઔદારિક શરીરપ્રયોગ નામકર્મના ઉદયથી ઔદારિક શરીરપ્રયોગ બંધ થાય છે.

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ, કયા કર્મના ઉદયથી થાય છે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવુ. એ જ રીતે પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ સુધી જાણવું.,

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઔદારિક શરીર પ્રયોગ બંધ ક્યા કર્મના ઉદયથી થાય છે ? ગૌતમ ! તેને પૂર્વ કથન અનુસાર જાણવા.

ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય ? ગૌતમ ! વીર્ય, સંયોગ, સદ્દ્રવ્યતા તથા પ્રમાદને કારણે યાવત્ આયુની અપેક્ષાએ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ નામકર્મ ના ઉદયથી ઔદારિક શરીરપ્રયોગ બંધ થાય છે.

ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ પણ છે, સર્વબંધ પણ છે.

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ એ દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ પણ થાય અને સર્વબંધ પણ થાય. એ પ્રમાણે પૃથ્વીકાયિકથી મનુષ્ય પંચેન્દ્રિય સુધી શરીરપ્રયોગ બંધમાં દેશબંધ અને , સર્વબંધ બંને થાય છે.

ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગ બંધ કાલથી કેટલો હોય ? ગૌતમ ! સર્વબંધ એક સમય, દેશબંધ, જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ત્રણપલ્યોપમ. .

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ કાળથી કેટલો હોય ? ગૌતમ ! સર્વબંધ એક સમય. દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ.

ભગવન્ ! પૃથ્વીકાય એકેન્દ્રિયની પૃચ્છા. ગૌતમ ! સર્વબંધ એક સમય. દેશબંધ જઘન્ય ક્ષુલ્લક ભવગ્રહણમાં

ત્રણ સમય ન્યૂન, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. એ પ્રમાણે બધાનો સર્વબંધ એક સમય, દેશબંધ જેને વૈક્રિય શરીર નથી તેને ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ હોય, તેમાં એક સમય ન્યૂન રહે છે, જેને વૈક્રિયશરીર છે તેને દેશબંધ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ હોય, તેમાં એક સમય ન્યૂન કહેવો. યાવત્ મનુષ્યનો દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સમય ન્યૂન ત્રણ પલ્યોપમ.

ભગવન્ ! ઔદારિક શરીરના બંધનો અંતરકાળ કેટલો છે ? ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી ક્ષુલ્લક ભવ–ગ્રહણમાં ત્રણ સમય ન્યૂન અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અને સમયાધિક પૂર્વ કોડી છે. દેશબંધ અંતર. જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ત્રણ સમય અધિક ૩૩–સાગરોપમ છે.

એકેન્દ્રિય ઔદારિક પૃચ્છા. ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી સમયાધિક ૨૨,૦૦૦ વર્ષ. દેશબંધનું અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

પૃથ્વીકાય એકેન્દ્રિય પૃચ્છા. ગૌતમ ! સર્વબંધનું અંતર, એકેન્દ્રિયવત્ કહેવું. દેશબંધનું અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ત્રણ સમય. જેમ પૃથ્વીકાયનું તેમ યાવત્ ચઉરિન્દ્રિયનું કથન વાયુકાયને વર્જીને કહેવું. વિશેષ એ કે – સર્વબંધનું અંતર ઉત્કૃષ્ટથી જેની જેવી સ્થિતિ, તેનાથી સમયાધિક કહેવી.

વાયુકાયનું સર્વબંધનું અંતર જઘન્યથી ત્રિસમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સમયાધિક ૩૦૦૦ વર્ષ, દેશબંધનું અંતર, જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઔદારિક પૃચ્છા, સર્વબંધનું અંતર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સમયાધિક પૂર્વકોડી, દેશબંધનું અંતર જેમ એકેન્દ્રિયનું છે, તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકનું કહ્યું. એ પ્રમાણે મનુષ્યનું પણ સંપૂર્ણ કહેવું યાવત્ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. ત્યાં સુધી બધુ કહેવું..

ભગવન્ ! એકેન્દ્રિયત્વ જીવ નોએકેન્દ્રિયત્વમાં રહીને ફરી એકેન્દ્રિયત્વમાં આવે, તો એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ અંતર કાળથી કેટલું થાય? ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી ત્રિસમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ અને સંખ્યાત વર્ષાધિક. દેશબંધનું અંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષાધિક બે હજાર સાગરોપમ.

ભગવન્ ! પૃથ્વીકાયિકત્વ સ્થિત જીવ નોપૃથ્વીકાયિકત્વમાં રહીને ફરી પૃથ્વીકાયિકત્વમાં આવે તો પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ અંતર કાળથી કેટલું થાય ? ગૌતમ ! સર્વબંધ અંતર જઘન્યથી ત્રિસમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી અનંતકાળ, અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત છે. તે પુદ્ગલ પરાવર્ત આવલિકાના અસંખ્યાત ભાગ છે.

દેશબંધનું અંતર જઘન્યથી એક સમય અધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી અનંતકાળ યાવત્ આવલિકાનો અસંખ્યાત ભાગ સમય પ્રમાણ અસંખ્ય પુદ્ગલ પરાવર્તન છે.

પૃથ્વીકાયિકની માફક વનસ્પતિકાયિકને વર્જીને યાવત્ મનુષ્ય સુધી કહેવું. વનસ્પતિકાયજીવોનાં સર્વબંધનું ઉત્કૃષ્ટ અંતર કાળની અપેક્ષાએ અસંખ્યકાળ પ્રમાણ છે. ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્ય લોક પ્રમાણ છે. આ જ રીતે દેશ બંધનું ઉત્કૃષ્ટ અંતર કહેવું.

ભગવન્ ! ઔદારિક શરીરના આ દેશબંધક, સર્વબંધક અને અબંધક જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો ઔદારિક શરીરના સર્વબંધક છે, અબંધક જીવ તેથી વિશેષાધિક છે, દેશબંધક જીવ તેનાથી અસંખ્યાતગુણા છે.

### સૂત્ર–૪૨૫

ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગબંધ અને પંચેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગબંધ.

ભગવન્ !જો એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગબંધ છે, તો શું વાયુકાયિક એકેન્દ્રિય૦ છે કે અવાયુકાયિક એકેન્દ્રિય૦ ? ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના ૨૧માં પદ અવગાહના સંસ્થાન'માં વૈક્રિય શરીર ભેદ છે, તેમ અહી કહેવા યાવત્ પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગબંધ અને અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગબંધ છે.

ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી ? ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતા યાવત્ આયુ કે લબ્ધિને આશ્રીને વૈક્રિયશરીર પ્રયોગ નામકર્મના ઉદયથી વૈક્રિયશરીર પ્રયોગબંધ થાય.

ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગ બંધ પૃચ્છા. ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ લબ્ધિને આશ્રીને પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય? ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતા યાવત્ આયુને આશ્રીને યાવત્ બંધ થાય. એ રીતે અધઃસપ્તમી નરક પૃથ્વી સુધી જાણવું.

ભગવન્ ! તિર્યંચયોનિક પંચેન્દ્રિય વૈક્રિયશરીર પૃચ્છા. ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતા વાયુકાયિક મુજબ જાણવું. એ જ રીતે મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય૦ નાં વિષયમાં કહેવું.

અસુરકુમાર ભવનપતિ દેવ પંચેન્દ્રિય વૈક્રિય૦નું વર્ણન રત્નપ્રભા પૃથ્વી નૈરયિકવત્ જાણવુ. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવુ. એ રીતે વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક યાવત્ અચ્યુત, ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક, અનુત્તરોપપાતિક જાણવા.

ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધ, દેશબંધ કે સર્વબંધ છે ? ગૌતમ ! બંને બંધ છે. વાયુકાયિક એકેન્દ્રિય, રત્નપ્રભા પૃથ્વી નૈરયિક યાવત્ અનુત્તરોપપાતિક એ પ્રમાણે જ જાણવા.

ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધ કાળથી કેટલા છે ? ગૌતમ ! સર્વબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી બે સમય. દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સમય ન્યૂન ૩૩–સાગરોપમ.

વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર પયોગ બંધ પૃચ્છા. ગૌતમ ! વાયુકાયિકનો સર્વબંધ એક સમય અને દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યંત રહે છે.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પૃચ્છા. ગૌતમ ! સર્વબંધ એક સમય, દેશબંધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સમય ન્યૂન સાગરોપમ. એ રીતે યાવત્ અધઃસપ્તમી. વિશેષ એ કે – દેશબંધ જેની જે જઘન્યા સ્થિતિ તે સમય ન્યૂન કરવી અને સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોનું કથન વાયુકાયિક સમાન જાણવું. અસુરકુમાર, નાગકુમારથી યાવત્ અનુત્તરોપપાતિક સુધી નૈરયિક માફક કહેવા. વિશેષ એ– જેની જે સ્થિતિ હોય, તે કહેવી યાવત્ અનુત્તરોપપાતિકનો સર્વબંધ એક સમય, દેશબંધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ૩૧–સાગરોપમ, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૩૩–સાગરોપમ છે.

ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધનું અંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંત કાળ અનંતી યાવત્ આવલિકાનો અસંખ્યાત ભાગ, એમ દેશબંધનું અંતર પણ જાણવું.

ભગવન્ ! વાયુકાયિક વૈક્રિયશરીર પૃચ્છા. ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ. એ પ્રમાણે દેશબંધનું અંતર જાણવુ

ભગવન્! તિર્યંચયોનિક પંચેન્દ્રિય વૈક્રિય શરીરપ્રયોગ બંધ અંતર પૃચ્છા. ગૌતમ ! સર્વબંધનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ, એ પ્રમાણે દેશબંધંતર જાણવુ, એ જ રીતે મનુષ્યનુ પણ જાણવુ.

ભગવન્ ! કોઈ જીવ, વાયુકાયિક અવસ્થામાં હોય, ત્યાંથી મરીને નોવાયુકાયિકમાં જઈને ફરી વાયુકાયિકપણે ઉત્પન્ન થાય તો વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગબંધની પૃચ્છા. ગૌતમ ! સર્વ બંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટથી અનંતકાળ–વનસ્પતિકાળ. એ પ્રમાણે દેશબંધંતર પણ જાણવુ.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, નોરત્નપ્રભાપૃથ્વી૦ પૃચ્છા. ગૌતમ ! સર્વ બંધંતર જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્તાધિક. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. દેશબંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું. વિશેષ એ – જેની જે જઘન્ય સ્થિતિ છે, તેમાં અંતર્મુહૂર્ત અધિક સર્વ બંધંતર કહેવું, બાકી પૂર્વવત્. પંચે૦તિ૦યો૦, મનુષ્યો વાયુકાયવત્.

અસુરકુમારાદિ યાવત્ સહસ્રારદેવોને રત્નપ્રભા પૃથ્વી નૈરયિકવત્ કહેવા. વિશેષ આ – સર્વ બંધંતર જેની જે જઘન્ય સ્થિતિ તેમાં અંતર્મુહૂર્ત અધિક કહેવું. બાકી પૂર્વવત્.

ભગવન્ ! આનતદેવપણે ઉત્પન્ન નોઆણત્તદેવ૦ પૃચ્છા. ગૌતમ ! સર્વબંધંતર જઘન્યથી વર્ષપૃથક્ત્વ અધિક ૧૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ. દેશબંધંતર જઘન્ય થી વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ, એ રીતે યાવત્ અચ્યુત કહેવું, વિશેષ જેની જે સ્થિતિ હોય૦ આદિ પૂર્વવત્ કહેવું.

ભગવન્ ! ગ્રૈવેયક, કલ્પાતીત પૃચ્છા – ગૌતમ ! સર્વબંધંતર જઘન્યે ૨૨–સાગરોપમ વર્ષ પૃથક્ત્વ અધિક, ઉત્કૃષ્ટથી અનંતકાળ–વનસ્પતિકાળ. દેશ બંધંતર જઘન્ય વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! અનુત્તરોપપાતિક સંબંધે પૃચ્છા. ગૌતમ! સર્વબંધ અંતર જઘન્ય અનેક વર્ષ અધિક ૩૧ સાગરોપમ, ઉત્કૃષ્ટ સંખ્યાત સાગરોપમ. દેશ બંધંતર જઘન્ય વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ સંખ્યાત સાગરોપમનું છે.

ભગવન્ ! આ વૈક્રિયશરીરી જીવોના દેશબંધક, સર્વબંધક અને અબંધકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો વૈક્રિય શરીરના સર્વબંધક છે, દેશબંધક અસંખ્યાતગણા, અબંધક અનંતગણા છે.

ભગવન્ ! આહારક શરીરપ્રયોગ બંધ કેટલા ભેદ છે ? ગૌતમ! એક ભેદે છે.

ભગવન્ !જો તે એક ભેદે છે તો તે આહાર્ક શરીર પ્રયોગબંધ શું મનુષ્યોને હોય કે અમનુષ્યોને ? ગૌતમ ! મનુષ્યને આહારક શરીરપ્રયોગ બંધ હોય છે. અમનુષ્યને આહારક૦ નહીં. આ આલાવાથી 'અવગાહના સંસ્થાન' મુજબ યાવત્ ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિજ ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યાહારક શરીરપ્રયોગ બંધ હોય છે પણ અનૃદ્ધિપ્રાપ્ત પ્રમત્ત યાવત્ આહારક શરીરપ્રયોગ બંધ નહીં.

ભગવન્ ! આહારક શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય ? ગૌતમ ! વીર્ય સયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ લબ્ધિને આશ્રીને આહારક શરીરપ્રયોગ નામકર્મના ઉદયથી છે.

ભગવન્ ! આહારક શરીરપ્રયોગ બંધ દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! બંને.

ભગવન્ ! આહારક શરીરપ્રયોગ બંધ કાળથી કેટલો હોય ? ગૌતમ ! સર્વબંધ એક સમયનો, દેશબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત.

ભગવન્ ! આહારક શરીરપ્રયોગ બંધનું અંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! સર્વ બંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ થી અનંતકાળ–અનંતીઅવસર્પિણી–ઉત્સર્પિણીકાળથી, ક્ષેત્રથી અનંતલોક દેશન્યૂન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્તન કાળ. એ પ્રમાણે દેશબંધંતર પણ જાણવું.

ભગવન્ ! આહારક શરીરી જીવોના દેશબંધક, સર્વબંધક અને અબંધકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડા સર્વબંધકો, દેશબંધક સંખ્યાતગુણા, અબંધક અનંતગુણા છે.

સૂત્ર–૪૨૬

ભગવન્ ! તૈજસ શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર પ્રયોગ બંધ. ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે છે ? આ આલાવા વડે પ્રજ્ઞાપનાસૂત્ર પદ–૨૧ 'અવગાહના–સંસ્થાન' મુજબ સર્વ ભેદો કહેવા. પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય તૈજસ શરીરપ્રયોગ બંધ અને અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ બંધ સુધી કહેવા.

ભગવન્ ! તૈજસ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય ? ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ આયુને આશ્રીને તૈજસ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી આ બંધ થાય.

ભગવન્ ! તૈજસ શરીરપ્રયોગ બંધ, દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી.

ભગવન્ ! તૈજસ શરીરપ્રયોગબંધ કાળથી કેટલો હોય ? ગૌતમ ! તૈજસ શરીરપ્રયોગબંધના બે ભેદ છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. ભગવન્ ! તૈજસ શરીરપ્રયોગ બંધનું અંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! અનાદિ અપર્યવસિત કે અનાદિ સપર્યવસિત ને અંતર નથી.

ભગવન્ ! આ તૈજસ શરીરના બંધકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડા જીવો તૈજસ શરીરના અબંધક છે, દેશબંધક અનંતગણા છે.

સૂત્ર–૪૨૭

ભગવન્ ! કાર્મણ શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! આઠ ભેદે. જ્ઞાનાવરણીય કાર્મણ શરીરપ્રયોગ બંધ યાવત્ અંતરાયિક કાર્મણ શરીરપ્રયોગ બંધ.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! જ્ઞાનની –૧. પ્રત્યનીકતા, ૨. નિહ્નવતા, ૩. અંતરાય, ૪. પ્રદ્વેષ, ૫. આશાતના, ૬. વિસંવાદન યોગથી અને ૭. જ્ઞાનાવરણીય કાર્મણ શરીરપ્રયોગ નામકર્મના ઉદયથી આ બંધ થાય છે.

ભગવન્ ! દર્શનાવરણીય કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! દર્શન પ્રત્યનીકતાદિ, જ્ઞાનાવરણીય કર્મમાં કહ્યું તેમ જાણવુ. વિશેષ આ – 'દર્શન' શબ્દ કહેવો યાવત્ દર્શનાવરણીય કાર્મણ શરીરપ્રયોગ નામકર્મના ઉદયથી આ બંધ થાય.

ભગવન્ ! શાતા વેદનીય કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! પ્રાણ,ભૂત, જીવ અને સત્ત્વોની અનુકંપાથી જેમ શતક-૭, ઉદ્દેશા-૧૦માં કહ્યું તેમ યાવત્ અપરિતાપનાથી, સાતા વેદનીય કાર્મણ શરીર પ્રયોગ નામકર્મથી આ બંધ થાય.

ભગવન્ ! અશાતા વેદનીય કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! બીજાને દુઃખ દેવાથી, બીજાને શોક કરાવવાથી આદિ શતક–૭, ઉદ્દેશા–૧૦માં કહ્યા મુજબ બધું પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! મોહનીય કાર્મણ શરીરપ્રયોગબંધ કયા કર્મના ઉદયથી છે? ગૌતમ ! તીવ્રક્રોધ, તીવ્રમાન, તીવ્રમાયા, તીવ્ર લોભ, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય વડે મોહનીય કાર્મણ શરીર પ્રયોગબંધ થાય છે.

ભગવન્ ! નૈરયિકાયુ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! મહા આરંભ, મહાપરિગ્રહ, માંસાહાર અને પંચેન્દ્રિયના વધથી તથા નૈરયિકાયુ કાર્મણ શરીરપ્રયોગ નામ કર્મોદયથી આ બંધ થાય.

તિર્યંચયોનિકાયુ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! માયા, ગૂઢમાયા, અસત્યવચન, કૂડતુલ–કૂડમાનથી તિર્યંચ યોનિક કાર્મણ શરીર યાવત્ પ્રયોગબંધ થાય.

મનુષ્યાયુ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! પ્રકૃતિભદ્રકતા, પ્રકૃતિ વિનીતતા, દયાળુતા અને અમત્સરતાથી મનુષ્યાયુ કાર્મણ શરીર યાવત્ પ્રયોગબંધ થાય.

દેવાયુ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! સરાગસંયમ, સંયમાસંયમ, બાળતપોકર્મ, અને અકામનિર્જરાથી દેવાયુષ્ કાર્મણશરીર યાવત્ પ્રયોગબંધ થાય છે.

શુભ નામ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! કાયાની સરળતાથી, ભાવની સરળતાથી, ભાષાની સરળતાથી, અવિસંવાદન યોગથી તેમજ શુભનામ કાર્મણશરીર પ્રયોગ નામકર્મના ઉદયથી૦

અશુભનામ કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! કાય વક્રતાથી, ભાવ વક્રતાથી, ભાષા વક્રતાથી, વિસંવાદના યોગથી, અશુભ નામ કાર્મણશરીર પ્રયોગ નામકર્મના યાવત્ પ્રયોગબંધ થાય છે.

ઉચ્ચગોત્ર કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ, અને ઐશ્વર્યનો મદ ન કરવાથી ઉચ્ચ ગોત્ર કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના યાવત્ પ્રયોગબંધ થાય.

નીચગોત્ર કાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! જાતિ, કુળ યાવત્ ઐશ્વર્યના મદથી અને નીચ ગોત્ર કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના યાવત્ પ્રયોગબંધ થાય.

અંતરાયિકકાર્મણ શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે? ગૌતમ! દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના અંતરાયથી અને અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગબંધ થાય.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ શું દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી. એ પ્રમાણે યાવત્ અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગબંધ જાણવો.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ કાળથી કેટલું હોય ? ગૌતમ ! તે બે ભેદે છે – અનાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત. એ પ્રમાણે જેમ તૈજસનો સ્થિતિકાળ કહ્યો તેમજ અહીં યાવત્ અંતરાયિક કર્મનો કાળ કહેવો.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ અંતર કાળથી કેટલું હોય ? અનાદિ અનંત હોવાથી તેનું અંતર હોતું નથી. આ પ્રમાણે તૈજસ શરીરના અંતર માફક કહેવું, એ પ્રમાણે યાવત્ અંતરાય કાર્મણ૦નું કહેવું.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના દેશબંધક આદિમાં કોણ કોનાથી યાવત્ વિશેષ છે ? તૈજસ શરીરવત્ અલ્પબહુત્વ જાણવું. એ પ્રમાણે આયુને વર્જીને યાવત્ અંતરાયનું કહેવું.

આયુનો પ્રશ્ન. ગૌતમ ! સૌથી થોડા જીવો આયુના દેશબંધક, છે, અબંધક તેનાથી સંખ્યાતગણા છે.

સૂત્ર-૪૨૮

ભગવન્ ! જે જીવને ઔદારિક શરીરનો સર્વબંધ છે, તે હે ભગવન્ ! વૈક્રિય શરીરનો બંધક છે કે અબંધક? આહારક શરીરનો બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે.

તે તૈજસ શરીરનો બંધક છે કે અબંધક? ગૌતમ ! બંધક છે, અબંધક નથી. જો બંધક છે, તો દેશબંધક કે સર્વબંધક ? ગૌતમ ! દેશબંધક છે, સર્વબંધક નથી. કાર્મણ શરીરનો બંધક કે અબંધક ? તૈજસ૦ મુજબ જાણવુ.

ભગવન્ ! જેને ઔદારિક શરીરનો દેશબંધ છે, તે હે ભગવન્ ! વૈક્રિય શરીરનો બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે સર્વબંધ માફક દેશબંધ પણ કહેવો યાવત્ કાર્મણ.

ભગવન્ ! જે વૈક્રિયશરીરનો સર્વબંધક છે. તે ભગવન્ ! ઔદારિક શરીરનો બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. આહારક શરીર પણ એમ જ છે. તૈજસ અને કાર્મણમાં ઔદારિકમાં કહ્યા મુજબ અહીં કહેવું. યાવત્ દેશબંધક છે, સર્વબંધક નથી.

ભગવન્ ! જે વૈક્રિયશરીરનો દેશબંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરનો બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે જેમ સર્વબંધ કહ્યો, તેમજ દેશબંધ પણ કાર્મણ સુધી કહેવો.

ભગવન્ ! જે આહારક શરીરનો સર્વબંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરના બંધક છે કે અબંધક? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે વૈક્રિય પણ કહેવું. તૈજસ, કાર્મણમાં ઔદારિકવત્ કહેવું.

ભગવન્ ! જે આહારક શરીરના દેશબંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરના બંધક છે કે અબંધક ? ગૌતમ ! આહારક શરીરના સર્વબંધક માફક કહેવું

ભગવન્ ! જે તૈજસ શરીરના દેશબંધક છે, તે ઔદારિક શરીરના બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક કે અબંધક હોય. જો બંધક હોય તો દેશબંધક કે સર્વબંધક ? ગૌતમ ! બંને હોય. વૈક્રિય શરીરના બંધક કે અબંધક ? એ પ્રમાણે જ. એ રીતે આહારક શરીરમાં પણ છે.

ભગવન્ !કાર્મણ શરીરના બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક, અબંધક નહીં. જો બંધક હોય તો દેશબંધક કે

સર્વબંધક ? ગૌતમ ! દેશબંધક છે, સર્વબંધક નથી.

ભગવન્ ! જે કાર્મણ શરીરના દેશબંધક છે, તે ઔદારિક શરીરના? તૈજસની માફક જ કાર્મણની વક્તવ્યતા કહેવી. યાવત્ તૈજસ શરીરના યાવત્ દેશબંધક, સર્વબંધક નહીં.

સૂત્ર–૪૨૯

ભગવન્ ! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ શરીરના દેશબંધક, સર્વબંધક, અબંધકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! ૧. સૌથી થોડા જીવો આહારક શરીરના સર્વબંધક છે, ૨.તેનાથી આહારક શરીરના દેશબંધક સંખ્યાતગણા છે, ૩. તેનાથી વૈક્રિય શરીરી સર્વબંધક અસંખ્યાતગણા, ૪. તેના જ દેશબંધકો અસંખ્યાતગણા, ૫.તૈજસ–કાર્મણ બંનેના તુલ્ય, અબંધક અનંતગણા, ૬ તેનાથી ઔદારિકશરીરી સર્વબંધક અનંતગુણા, ૭.તેના જ ઔદારિકશરીરી અબંધક વિશેષાધિક, ૮.તેના જ દેશબંધક અસંખ્યાતગણા, ૯.તેનાથી તૈજસ–કાર્મણના દેશબંધક વિશેષાધિક, ૧૦. વૈક્રિય શરીરી અબંધક વિશેષાધિક,૧૧. આહારકશરીરી અબંધક વિશેષાધિક છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૯નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક–૮, ઉદ્દેશો–૧૦ 'આરાધના'

સૂત્ર–૪૩૦

રાજગૃહનગરમાં ગૌતમસ્વામીએ યાવત્ આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! અન્યતીર્થિકો યાવત્ આ પ્રમાણે કહે છે યાવત પ્રરૂપે છે – ૧. શીલ જ શ્રેય છે, ૨. શ્રુત જ શ્રેય છે, ૩. શ્રુત શ્રેય છે કે શીલ શ્રેય છે.

ભગવન્ ! આ કઈ રીતે સંભવે? હે ગૌતમ ! જે તે અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ તેઓ મિથ્યા કહે છે, હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપણા કરું છું કે – એ પ્રમાણે મેં ચાર પુરુષો કહ્યા. તે આ –

૧. એક શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં, ૨. શ્રુતસંપન્ન પણ શીલસંપન્ન નહીં, ૩. શીલસંપન્ન અને શ્રુતસંપન્ન, ૪. શીલસંપન્ન નહીં અને શ્રુતસંપન્ન નહીં. તેમાં જે પહેલો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન્ છે, પણ શ્રુતવાન્ નથી, તે પાપ આદિથી નિવૃત્ત છે, પણ ધર્મને જાણતા નથી. તેને ગૌતમ ! હું દેશ આરાધક કહું છું.

૨. તેમાં જે બીજો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન નથી, પણ શ્રુતવાન છે. તે પાપ આદિમાં પ્રવૃત્ત છે, પણ ધર્મને જાણે છે. ગૌતમ ! તેને મેં દેશવિરાધક કહ્યો છે.

૩. તેમાં જે ત્રીજો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન અને શ્રુતવાન છે. તે પાપ આદિથી નિવૃત્ત છે અને ધર્મને પણ જાણે છે.. હે ગૌતમ ! એ પુરુષને મેં સર્વારાધક કહ્યો છે.

૪.તેમાં જે ચોથો પુરુષજાત છે, તે શીલવાન નથી, શ્રુતવાન નથી. તે પાપ આદિમાં પ્રવૃત્ત છે અને ધર્મને પણ જાણતા નથી. ગૌતમ ! આ પુરુષને મેં સર્વવિરાધક કહ્યો છે.

સૂત્ર–૪૩૧

ભગવન્ ! આરાધના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદ. તે આ – જ્ઞાનારાધના, દર્શનારાધના, ચારિત્રારાધના.

ભગવન્ ! જ્ઞાનારાધના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ – ઉત્કૃષ્ટા, મધ્યમા, જઘન્યા.

ભગવન્ ! દર્શનારાધના કેટલા ભેદે છે ? એ રીતે ત્રણ ભેદે જ છે. ચારિત્રારાધના પણ એ પ્રમાણે જ છે.

ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના હોય તેને ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય અને જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય તેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના છે ? ગૌતમ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના છે, તેને દર્શનારાધના ઉત્કૃષ્ટા કે મધ્યમા છે અને જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના, તેને જ્ઞાનારાધના ઉત્કૃષ્ટા કે મધ્યમા છે.

ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના તેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના હોય. જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના હોય તેને

ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના હોય? જેમ ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના અને દર્શનારાધના કહી, તેમ ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના અને ચારિત્રારાધના કહેવી.

ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય તેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધનાહોય અને જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના તેને ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય? ગૌતમ ! જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય તેને ચારિત્રારાધના ઉત્કૃષ્ટા, મધ્યમા કે જઘન્યા હોય. જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના હોય તેને દર્શનારાધના નિયમા ઉત્કૃષ્ટા હોય.

ભગવન્ ! જે જીવ જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના કરે છે તે જીવ કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! કેટલાક તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે, કેટલાક બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે. કેટલાક કલ્પોપપન્નક કે કલ્પાતીતમાં જાય.

ભગવન્ ! જે જીવ દર્શનની ઉત્કૃષ્ટ આરાધના કરે છે તે કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! કેટલાક તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે, કેટલાક બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે. કેટલાક કલ્પોપપન્નક કે કલ્પાતીતમાં જાય.

ભગવન્ ! જે જીવ ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના કરે છે તે કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના મુજબ જાણવું. વિશેષ એ કે કેટલાક કલ્પાતીતમાં ઉપજે છે.

ભગવન્ ! મધ્યમા જ્ઞાન આરાધના આરાધીને કેટલા ભવગ્રહણ થકી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાક બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે. ફરી ત્રીજો ભવ અતિક્રમતા નથી.

ભગવન્ ! મધ્યમા દર્શનારાધના આરાધીને ? પૂર્વવત્. એ પ્રમાણે મધ્યમા ચારિત્રારાધનામાં પણ જાણવું.

ભગવન્ ! જઘન્યા જ્ઞાનારાધના આરાધીને કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાક ત્રણ ભવગ્રહણ થકી સિદ્ધ થાય યાવત્ અંત કરે. પણ સાત–આઠ ભવગ્રહણને અતિક્રમતા નથી. એ પ્રમાણે જઘન્યા દર્શનારાધના અને જઘન્યા ચારિત્રારાધના જાણવી.

### સૂત્ર–૪૩૨

ભગવન્ ! પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે? ગૌતમ ! પાંચ ભેદે છે – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન પરિણામ.

ભગવન્ ! વર્ણ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે – કાળા યાવત્ શુક્લ વર્ણ પરિણામ. આ આલાવા વડે ગંધપરિણામ બે ભેદે, રસ પરિણામ પાંચ ભેદે, સ્પર્શ પરિણામ આઠ ભેદે છે.

ભગવન્ ! સંસ્થાન પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ – પરિમંડલ સંસ્થાન પરિણામ યાવત્ આયત સંસ્થાન પરિણામ.

### સૂત્ર–૪૩૩

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયનો એક પ્રદેશ શું દ્રવ્ય છે, દ્રવ્યદેશ છે, દ્રવ્યો છે, દ્રવ્યદેશો છે, અથવા દ્રવ્ય અને દ્રવ્યદેશ છે, દ્રવ્યો અને દ્રવ્યદેશ છે, દ્રવ્યો અને દ્રવ્યદેશો છે, દ્રવ્ય અને દ્રવ્યદેશો છે ?

ગૌતમ ! કથંચિત દ્રવ્ય છે, કથંચિત દ્રવ્ય દેશ છે, પણ દ્રવ્યો, દ્રવ્યદેશો, યાવત્ દ્રવ્યો–દ્રવ્યદેશો નથી.

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશો શું દ્રવ્ય છે ? દ્રવ્ય દેશ છે ? પ્રશ્ન–પૂર્વવત્. ગૌતમ ! કથંચિત દ્રવ્ય, કથંચિત દ્રવ્યદેશ, કથંચિત દ્રવ્યો, કથંચિત દ્રવ્યદેશો છે, કથંચિત દ્રવ્ય અને દ્રવ્યદેશ છે. એ રીતે પાંચ ભંગો કહેવા. છઠ્ઠો નથી.(છેલ્લા ત્રણ ભંગો નથી).

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો શું દ્રવ્ય છે ? દ્રવ્યદેશ છે ? પ્રશ્ન. ગૌતમ ! કથંચિત દ્રવ્ય છે. આદિ સાત ભંગ કહેવા. યાવત્ કથંચિત દ્રવ્યો અને દ્રવ્ય દેશ છે. આઠમો ભંગ નથી.

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના ચાર પ્રદેશો શું દ્રવ્ય છે ? ગૌતમ ! કથંચિત દ્રવ્ય છે, આદિ આઠે ભાંગા કહેવા. યાવત્ કથંચિત દ્રવ્યો અને દ્રવ્યદેશો. જે રીતે ચાર કહ્યા, એ રીતે પાંચ, છ, સાત યાવત્ અસંખ્ય કહેવા.

ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાય ના અનંત પ્રદેશો શું દ્રવ્ય છે ? પૂર્વવત્ યાવત્ આઠે ભંગો કહેવા.

સૂત્ર-૪૩૪

ભગવન્ ! લોકાકાશના પ્રદેશો કેટલા કહ્યા છે ? ગૌતમ ! અસંખ્યાત પ્રદેશો કહ્યા છે.

ભગવન્ ! એક–એક જીવના કેટલા જીવપ્રદેશો કહ્યા છે ? ગૌતમ ! જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેટલા પ્રમાણમાં એક–એક જીવના જીવપ્રદેશો કહ્યા છે.

સૂત્ર-૪૩૫

ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ. તે આ જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય.

ભગવન્ ! નૈરયિકોની કેટલી કર્મપ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ. એ રીતે બધા જીવોની આઠ કર્મપ્રકૃતિ વૈમાનિક પર્યંત કહેવી.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદો છે ? ગૌતમ ! અનંતા.

ભગવન્ ! નૈરયિકોના જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદો છે ? ગૌતમ ! અનંતા. એ પ્રમાણે બધા જીવોના જાણવા. વૈમાનિકની પૃચ્છા. ગૌતમ! અનંત અવિભાગ પરિચ્છેદો છે. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણીયના અવિભાગ પરિચ્છેદો કહ્યા, તેમ આઠે કર્મપ્રકૃતિના અંતરાય પર્યન્ત વૈમાનિક સુધી કહેવા.

ભગવન્ ! એક એક જીવના એક એક જીવપ્રદેશે જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદ આવેષ્ટિત–પરિવેષ્ટિત છે ? ગૌતમ ! કથંચિત આવેષ્ટિત–પરિવેષ્ટિત છે, કથંચિત નથી. જો આવેષ્ટિત–પરિવેષ્ટિત હોય તો નિયમા અનંત અવિભાગ વડે હોય.

ભગવન્ ! એક–એક નૈરયિકના એક–એક જીવપ્રદેશે જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ–પરિચ્છેદ આવેષ્ટિત–પરિવેષ્ટિત છે ? ગૌતમ ! નિયમા અનંતા. જેમ નૈરયિક કહ્યા તેમ યાવત્ વૈમાનિક કહેવા. વિશેષ એ કે – મનુષ્યોને જીવની માફક જાણવા.

ભગવન્ ! એક એક જીવને એક એક જીવપ્રદેશે દર્શનાવરણીય કર્મના કેટલા અવિભાગ–પરિચ્છેદ આવેષ્ટિત–પરિવેષ્ટિત છે ? ગૌતમ !જ્ઞાનાવરણીય માફક દંડક કહેવો યાવત્ વૈમાનિક. એ પ્રમાણે અંતરાયના૦ સુધી કહેવું. વિશેષ આ – વેદનીય, આયુ, નામ, ગોત્ર આ ચાર કર્મોના વિષયમાં નૈરયિકવત મનુષ્યો કહેવા.

સૂત્ર-૪૩૬

ભગવન્ ! જેના જ્ઞાનાવરણીય કર્મ છે, તેના દર્શનાવરણીય પણ છે અને જેના દર્શનાવરણીય કર્મ છે, તેના જ્ઞાનાવરણીય પણ છે ? ગૌતમ ! નિયમા આ બંને હોય.

ભગવન્ ! જેના જ્ઞાનાવરણીય કર્મ છે, તેના વેદનીય છે, જેના વેદનીય કર્મ છે તેના જ્ઞાનાવરણીય પણ છે? ગૌતમ ! જેના જ્ઞાનાવરણીય છે, તેના વેદનીય નિયમા છે, પણ જેના વેદનીય છે, તેને જ્ઞાનાવરણીય કદાચ હોય, કદાચ ન હોય.

ભગવન્ ! જેના જ્ઞાનાવરણીય કર્મ છે, તેના મોહનીય છે, જેના મોહનીય કર્મ છે, તેના જ્ઞાનાવરણીય છે? ગૌતમ ! જેના જ્ઞાનાવરણીય કર્મ છે તેના મોહનીય કદાચ હોય, કદાચ ન હોય. જેના મોહનીય કર્મ હોય, તેના જ્ઞાનાવરણીય નિયમા હોય.

ભગવન્ ! જેના જ્ઞાનાવરણીય કર્મ છે, તેને આયુ કર્મ છે, એ પ્રમાણે જેમ વેદનીય કર્મમાં કહ્યું, તેમ આયુ કર્મમાં પણ કહેવુ. એ પ્રમાણે નામ કર્મમાં, ગોત્રકર્મમાં પણ કહેવું. જે રીતે દર્શનાવરણીય સાથે કહ્યું, તે પ્રમાણે અંતરાયમાં પણ નિયમથી પરસ્પર સહભાવ છે.

ભગવન્ ! જેને દર્શનાવરણીય કર્મ છે, તેને વેદનીય છે, જેને વેદનીય કર્મ છે તેને દર્શનાવરણીય છે ? જે પ્રમાણે જ્ઞાનાવરણીયનું કથન ઉપર સાત કર્મો સાથે કર્યું, એ જ પ્રકારે દર્શનાવરણીય કર્મનું પણ અંતરાયકર્મ સુધી છ

કર્મો સાથે કથન કરવું.

ભગવન્ ! જેને વેદનીય કર્મ છે, તેને મોહનીય છે અને જેને મોહનીય કર્મ છે, તેને વેદનીય છે? ગૌતમ ! જેને વેદનીય કર્મ છે, તેને મોહનીય કર્મ કદાચ હોય, કદાચ ન હોય. જેને મોહનીય કર્મ છે, તેને વેદનીય નિયમા હોય.

ભગવન્ ! જેને વેદનીય કર્મ છે, તેને આયુ કર્મ? આ બંને નિયમા પરસ્પર સાથે હોય. જેમ આયુની સાથે વેદનીય કહ્યું, તેમ નામ સાથે અને ગોત્ર સાથે પણ કહેવું.

ભગવન્ ! જેને વેદનીય કર્મ હોય, તેને અંતરાય કર્મ હોય? પૃચ્છા. ગૌતમ ! જેને વેદનીય કર્મ હોય, તેને અંતરાય કર્મ કદાચ હોય, કદાચ ન હોય. પણ જેને અંતરાય હોય તેને વેદનીય નિયમા હોય.

ભગવન્ ! જેને મોહનીય કર્મ હોય તેને આયુકર્મ હોય અને જેને આયુ કર્મ હોય તેને મોહનીય કર્મ છે? ગૌતમ ! જેને મોહનીય કર્મ છે તેને આયુ કર્મ નિયમા છે, જેને આયુકર્મ છે, તેને મોહનીયકર્મ કદાચ હોય, કદાચ ન હોય. આ પ્રમાણે નામ, ગોત્ર અને અંતરાય પણ કહેવું.

ભગવન્ ! જેને આયુકર્મ હોય તેને નામકર્મ હોય? પૃચ્છા. બંને પરસ્પર નિયમા હોય. આ પ્રમાણે ગોત્રકર્મ સાથે પણ કહેવું.

ભગવન્ ! જેને આયુકર્મ હોય તેને અંતરાય ? પૃચ્છા. ગૌતમ ! જેને આયુકર્મ હોય, તેને અંતરાયકર્મ કદાચ હોય, કદાચ ન હોય. પણ જેને અંતરાયકર્મ હોય તેને આયુકર્મ નિયમા હોય.

ભગવન્ ! જેને નામકર્મ હોય, તેને ગોત્રકર્મ હોય ? પૃચ્છા. ગૌતમ ! બંને પરસ્પર નિયમા હોય.

ભગવન્ ! જેને નામકર્મ હોય તેને અંતરાય કર્મ હોય? પૃચ્છા. ગૌતમ ! જેને નામકર્મ હોય, તેને અંતરાય કર્મ કદાચ હોય, કદાચ ન હોય. જેને અંતરાય કર્મ હોય, તેને નિયમા નામ હોય.

ભગવન્ ! જેને ગોત્રકર્મ હોય, તેને અંતરાયકર્મ હોય? પૃચ્છા. ગૌતમ ! જેને ગોત્રકર્મ છે, તેને અંતરાય કર્મ હોય કે ન હોય, અંતરાય કર્મવાળાને ગોત્ર કર્મ નિયમા હોય.

સૂત્ર– ૪૩૭

ભગવન્ ! જીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ? ગૌતમ ! જીવ બંને છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેમ કોઈ પાસે છત્ર હોય તો છત્રી, દંડથી દંડી, ઘટથી ઘટી, પટથી પટી, કરથી કરી કહેવાય છે, એમ જ હે ગૌતમ ! જીવ પણ શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–જીભ–સ્પર્શ ઇન્દ્રિયોને આશ્રીને પુદ્‌ગલી કહેવાય. જીવને આશ્રીને પુદ્‌ગલ કહેવાય. તેથી પૂર્વવત્ કહ્યું.

ભગવન્ ! નૈરયિક પુદ્‌ગલી કે પુદ્‌ગલ ? એ પ્રમાણે જ વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે – જેને જેટલી ઇન્દ્રિયો છે, તેને તેટલી કહેવી.

ભગવન્ ! સિદ્ધો પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ ? ગૌતમ ! પુદ્‌ગલી નથી, પુદ્‌ગલ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું? ગૌતમ ! જીવને આશ્રીને. તેથી હે ગૌતમ ! એમ કહ્યું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક–૮, ઉદ્દેશા–૧૦નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક–૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૯

સૂત્ર–૪૩૮

આ ગાથા દ્વારા આ શતકમાં રહેલા ઉદ્દેશાની સંખ્યા બતાવે છે– ૧. જંબૂદ્વીપ, ૨. જ્યોતિષ્ક, ૩ થી ૩૦ અંતર્દ્વીપ, ૩૧. અશ્રુત્વા, ૩૨. ગાંગેય, ૩૩. કુંડગ્રામ, ૩૪ પુરુષ. નવમાં શતકમાં ૩૪ ઉદ્દેશા છે.

## શતક-૯, ઉદ્દેશો-૧ 'જંબૂદ્વીપ'

સૂત્ર–૪૩૯

તે કાળે, તે સમયે મિથિલા નામે નગરી હતી–માણિભદ્ર ચૈત્ય હતુંવર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર .. ભગવંત મહાવીર સ્વામી પધાર્યા, પર્ષદા ધર્મશ્રવણ માટેનીકળી યાવત્ ગૌતમસ્વામી પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા –

ભગવન્ ! જંબૂદ્વીપ નામક દ્વીપ ક્યાં છે ? ભગવન્ ! જંબૂદ્વીપ કયા આકારે છે ? એ પ્રમાણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ કહેવી યાવત્ એ પ્રમાણે જ પૂર્વ–પશ્ચિમ, જંબૂદ્વીપમાં ૧૪,૫૬,૦૦૦ નદીઓ કહેલી છે.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે. તે એમ જ છે.

શતક-૯, ઉદ્દેશા-૧ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૯, ઉદ્દેશો-૨ 'જ્યોતિષ્ક'

સૂત્ર–૪૪૦ થી ૪૪૩

**૪૪૦.** રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા છે, પ્રકાશે છે, પ્રકાશશે ? એ પ્રમાણે જીવાભિગમસૂત્ર પ્રતિપત્તિ–૩, ઉદ્દેશક–૨ મુજબ જાણવું યાવત્,...

**૪૪૧.** ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ,

**૪૪૨.** શોભ્યો, શોભે છે, શોભશે.

**૪૪૩.** ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? જીવાભિગમસૂત્રની પ્રતિપત્તિ–૩, ઉદ્દેશક–૨ મુજબ તારા પર્યન્ત કહેવું.

ધાતકીખંડે, કાલોદસમુદ્ર, પુષ્કરવરદ્વીપમાં અભ્યંતર પુષ્કરવરાર્ધ અનેમનુષ્ય ક્ષેત્ર આ બધામાં જીવાભિગમ સૂત્ર મુજબ જ્યોતિષ્ક દેવ વર્ણન જાણવું. એક ચંદ્રનો પરિવાર ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ સહિત હોય છે. ત્યાં સુધી જાણવુ.

ભગવન્ ! પુષ્કરાર્ધ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા છે?૦ એ પ્રમાણે સર્વે દ્વીપ સમુદ્રોમાં જ્યોતિષ્કનું જે વર્ણન છે, તે પ્રમાણે જ સ્વયંભૂરમણ સમુદ્રમાં યાવત્ શોભ્યા, શોભે છે અને શોભશે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

શતક-૯, ઉદ્દેશા-૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૯, ઉદ્દેશો-3 થી ૩૦ 'અંતર્દ્વીપ'

સૂત્ર–૪૪૪

રાજગૃહનગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આમ કહ્યું – ભગવન ! દક્ષિણ દિશાના એકોરુક મનુષ્યોનો એકોરુક દ્વીપ ક્યાં કહ્યો છે?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ચુલ્લ હિમવંત વર્ષધર પર્વતની પૂર્વ દિશાના ચરમાંતથી, લવણસમુદ્રમાં ઈશાન ખૂણામાં ૩૦૦ યોજન ગયા પછી તેની દક્ષિણ દિશાએ એકોરુક મનુષ્યોનો એકોરુક દ્વીપ

નામનો દ્વીપ કહ્યો છે.

ગૌતમ ! તે ૩૦૦ યોજન લંબાઈ–પહોળાઈથી છે, કિંચિત્ વિશેષ ન્યૂન ૯૪૯ યોજન પરિક્ષેપથી છે. તે એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચારે તરફથી વીંટાયેલ છે. આ બંનેનું પ્રમાણ અને વર્ણન, એ પ્રમાણે આ ક્રમથી જેમ જીવાભિગમ પ્રતિપત્તિમાં યાવત્ શુદ્ધદંતદ્વીપ યાવત્ તે મનુષ્યો દેવલોકે જનારા કહ્યા છે.

હે આયુષ્યમાન્ શ્રમણ! આ પ્રમાણે ૨૮–અંતર્દ્વીપ પોત–પોતાની લંબાઈ–પહોળાઈથી કહેવા. વિશેષ એ કે એક–એક દ્વીપનો અલગ–અલગ એક–એક ઉદ્દેશો છે, એ પ્રમાણે બધા મળીને ૨૮–ઉદ્દેશકો કહેવા.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, તે એમ જ છે.

## શતક-૯, ઉદ્દેશા-૩ થી ૩૦નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૯, ઉદ્દેશો-૩૧ 'અશ્રુત્વા'

### સૂત્ર–૪૪૫

રાજગૃહનગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આમ કહ્યું – ભગવન્ ! કેવલી, કેવલીના શ્રાવક, કેવલીની શ્રાવિકા, કેવલીના ઉપાસક, કેવલીની ઉપાસિકા, કેવલી પાક્ષિક, કેવલી પાક્ષિકના શ્રાવક–શ્રાવિકા–ઉપાસક–ઉપાસિકા આમાંથી કોઈ પાસે ઉપદેશ સાંભળ્યા વિના કેવલિપ્રજ્ઞપ્ત ધર્મશ્રવણનો લાભ થાય ?

ગૌતમ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકા, એ કોઈ પાસેથી ઉપદેશ સાંભળ્યા વિના કોઈને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મશ્રવણનો લાભ થાય છે અને કોઈને કેવલીપ્રજ્ઞપ્ત ધર્મશ્રવણ લાભ ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ ધર્મનો લાભ ન થાય ? ગૌતમ ! જેણે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે, તેને કેવલી યાવત્ કેવલી પાક્ષિકની ઉપાસિકા પાસે સાંભળ્યા વિના કેવલી પ્રજ્ઞપ્ત ધર્મના શ્રવણનો લાભ થાય, જેણે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, તેને કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના લાભ ન થાય. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ ધર્મશ્રવણનો લાભ ન થાય.

ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ શુદ્ધ બોધિ પામે ? ગૌતમ ! તેમ સાંભળ્યા વિના યાવત્ કોઈ શુદ્ધ બોધિ પામે, કોઈ શુદ્ધ બોધિ ન પામે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ કોઈ શુદ્ધ બોધિ પામે, કોઈ શુદ્ધ બોધિ ન પામે ?

ગૌતમ! જેણે દર્શનાવરણીયદર્શનમોહનીય. કર્મોનો ક્ષયોપશમ કર્યો છે, તે સાંભળ્યા વિના યાવત્ શુદ્ધબોધિ પામે. જેણે દર્શનાવરણીયકર્મોનો ક્ષય કર્યો નથી, તે ન પામે માટે ગૌતમ ! આમ કહ્યું કે યાવત્ શુદ્ધ બોધી પામે.

ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ મુંડ થઈને, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લે ? ગૌતમ ! એ રીતે સાંભળ્યા વિના કોઈ મુંડ થઈને, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લે અને કોઈ એ રીતે પ્રવ્રજ્યા ન લે. ભગવન્ !એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જેણે **ધર્માંતરાય કર્મોનો** ક્ષયોપશમ કરેલો છે, તે સાંભળ્યા વિના યાવત્ મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લે. જેણે ધર્માંતરાય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો તે ન લે, તે માટે આમ કહ્યું.

ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકાથી સાંભળ્યા વિના શું કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે ? ગૌતમ ! એ રીતે સાંભળ્યા વિના કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે અને કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ ન કરે?

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેણે ચારિત્રાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ હોય, તે સાંભળ્યા વિના ધારણ કરે. જેણે ચારિત્રાવરણીય કર્મનો ક્ષયોપશમ ન કર્યો હોય તે ધારણ ન કરે.

ભગવન્ ! કેવલી આદિથી સાંભળ્યા વિના શું કોઈ શુદ્ધ સંયમથી સંયમિત થાય ? ગૌતમ ! સાંભળ્યા વિના કેટલાક શુદ્ધ સંયમથી સંયમિત થાય, કેટલાક ન થાય. ભગવન્ ! એમ કેમ કહ્યું યાવત્ ન થાય?

ગૌતમ ! જેણે **યતનાવરણીય કર્મોનો** ક્ષયોપશમ કરેલ છે, તે કેવલી આદિ પાસેથી સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ સંયમથી સંયમિત થાય, જેણે યતનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ નથી, તે સાંભળ્યા વિના યાવત્ સંયમિત ન થાય. તેથી હે ગૌતમ ! આમ કહ્યું.

ભગવન્ ! કેવલી યાવત્ ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય? ગૌતમ ! સાંભળ્યા વિના યાવત્ કેટલાક શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય અને કેટલાક ન થાય. એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જેણે **અધ્યવસાનાવરણીય કર્મોનો** ક્ષયોપશમ કર્યો છે, તે કેવલી આદિથી સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય, જેણે અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમકર્યો નથી તે સાંભળ્યા વિના સંવૃત્ત ન થાય.

ભગવન્ ! કેવલી આદિથી સાંભળ્યા વિના કોઈ આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે ? ગૌતમ ! કેટલાક સાંભળ્યા વિના આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે, કેટલાક આભિનિબોધિક જ્ઞાન ન ઉપાર્જે. એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જેના આભિનિબોધિક જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયેલ હોય તે યાવત્ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે. જેના આભિનિબોધિક જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ ન થયો હોય, તે ન ઉપાર્જે, તેથી આમ કહ્યું.

ભગવન્ ! કેવળી પાસેથી યાવત્ સાંભળ્યા વિના જ કોઈ જીવ શુદ્ધ શ્રુતજ્ઞાન ઉપાર્જે ?. આભિનિબોધિક માફક શ્રુતજ્ઞાનનું કથન કરવું. વિશેષ એ કે –શ્રુતજ્ઞાનમાં શ્રુતજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો. એ પ્રમાણે શુદ્ધ અવધિજ્ઞાન કહેવું. ત્યાં પણ અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહેવો. એ રીતે શુદ્ધ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે. વિશેષ એ કે – મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો.

ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જે ?, ગૌતમ ! કેટલાક જીવોને થાય અને કેટલાક જીવોને ન થાય. યાવત્ વિશેષ એ કે – કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થયો હોય તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય ન થયો હોય તેને કેવળજ્ઞાન ન થાય. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે કેવળજ્ઞાન ઉપાર્જે.

ભગવન્! કેવલી યાવત્ ઉપાસિકા પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે? શુદ્ધ બોધિ પામે?, મુંડ થઈને, ઘર છોડીને અણગારિકા પ્રવ્રજ્યા લે? શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે ? શુદ્ધ સંયમથી સંયમિત થાય ? શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય ? શુદ્ધ આભિનિબોધિક યાવત્ શુદ્ધ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે ? કેવળજ્ઞાન ઉપાર્જે?

ગૌતમ ! કેવલી યાવત્ ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણને પામે અને કોઈ ન પામે. કોઈ શુદ્ધ બોધિલાભ પામે અને કોઈ ન પામે, કોઈ મુંડ થઈને, ઘર છોડીને અણગારિકા પ્રવ્રજ્યા પામે અને કોઈ ન પામે, કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે અને કોઈ ન કરે, કોઈ શુદ્ધ સંયમથી સંયમિત થાય અને કોઈ ન થાય, કોઈ શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય અને કોઈ ન થાય, કોઈ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન ઉપાર્જે અને કોઈ ન ઉપાર્જે, એ પ્રમાણે યાવત્ મનઃપર્યવજ્ઞાન જાણવુ. કોઈ કેવળજ્ઞાન ઉપાર્જે અને કોઈ ન ઉપાર્જે.

ભગવન્ ! એ પ્રમાણે ક્યા કારણે કહ્યું?

ગૌતમ ! જેણે જ્ઞાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે દર્શનાવરણીયકર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે ધર્માંતરાયિક કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી એ પ્રમાણે ચારિત્રાવરણીય, યતનાવરણીય, અધ્યવસાનાવરણીય, આભિનિબોધિકજ્ઞાનાવરણીય કર્મોનો યાવત્ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે કેવળ–જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરેલ નથી. તે કેવલી આદિ પાસેથી ધર્મ સાંભળ્યા વિના યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મશ્રવણ ન પામે, શુદ્ધ બોધિ ન પામે યાવત્ કેવળજ્ઞાન ન ઉપાર્જે.

જે જીવોએ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ છે, જેણે દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે એ પ્રમાણે યાવત્ જેણે કેવળજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરેલો છે તે કેવળી આદિ પાસેથી ધર્મશ્રવણ વિના યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે, શુદ્ધ બોધિ પામે યાવત્ કેવળજ્ઞાન ઉપાર્જે.

સૂત્ર-૪૪૬

ભગવન્ ! તેને નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપકર્મ કરતા, સૂર્યની સન્મુખ બાહુઓ ઊંચા કરીને, આતાપના ભૂમિમાં આતાપના લેતા પ્રકૃતિ ભદ્રક, પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પાતળા ક્રોધ–માન–માયા–લોભથી, માર્દવ સંપન્નતા, ભોગોની અનાસક્તિ, ભદ્રકતા, વિનીતતાથી અન્ય કોઈ શુભ અધ્યવયસાય, શુભ પરિણામ, વિશુદ્ધ થતી લેશ્યા વડે, **તદાવરણીય કર્મોના** ક્ષયોપશમથી ઇહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા વિભંગ નામક અજ્ઞાન તેને ઉત્પન્ન થયું.

તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી જઘન્ય અંગુલના અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી અસંખ્યાત હજાર યોજન સુધી જાણે છે–જુએ છે. તે – તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી જીવ અને અજીવને પણ જાણે છે, તે પાખંડી, સારંભી, સપરીગ્રહ, સંક્લેશ પામતા જીવોને પણ જાણે છે–જુએ છે.

તે સર્વ પ્રથમ સમ્યક્ત્વ પામે છે, સમ્યક્ત્વ પામીને શ્રમણધર્મની રુચિ કરે છે, શ્રમણ ધર્મની રુચિથી ચારિત્ર સ્વીકારે છે. ચારિત્ર સ્વીકારી વેશને સ્વીકારે છે. ત્યારે તેના મિથ્યાત્વ પર્યાય ક્ષીણ થતા–થતા અને સમ્યગ્ દર્શનના પર્યાય વધતા–વધતા તે વિભંગ અજ્ઞાન સમ્યક્ત્વયુક્ત થતા જલદી અવધિજ્ઞાન રૂપે પરાવર્તન પામે છે.

સૂત્ર-૪૪૭ થી ૪૪૯

૪૪૭. ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાનીને કેટલી લેશ્યાઓ હોય ? ગૌતમ ! ત્રણ વિશુદ્ધ લેશ્યામાં થાય. તે આ – તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાનીને કેટલા જ્ઞાનો હોય? ગૌતમ ! ત્રણ જ્ઞાન હોય– આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન.

ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાની સયોગી હોય કે અયોગી ? ગૌતમ ! તે સયોગી હોય, અયોગી નહીં.

ભગવન્ !જો તે (અસોચ્ચા)અવધિજ્ઞાની સયોગી હોય તો શું મનોયોગી હોય, વચનયોગી હોય કે કાયયોગી હોય ? ગૌતમ! મનોયોગાદિ ત્રણે પણ હોય.

ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાની તે શું સાકારોપયોગયુક્ત હોય કે અનાકારોપયોગયુક્ત હોય ? ગૌતમ ! તે સાકારોપયુક્ત((જ્ઞાનોપયોગી) હોય, અનાકારોપયુક્ત(દર્શનોપયોગી) હોય.

ભગવન્ ! તે કયા સંઘયણમાં હોય ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણમાં હોય.

ભગવન્ ! તે કયા સંસ્થાને હોય ? ગૌતમ ! છ સંસ્થાનમાંના કોઈપણ સંસ્થાનમાં હોય.

ભગવન્ ! તે અવધિજ્ઞાની કેટલી ઊંચાઈવાળો હોય ? ગૌતમ ! જઘન્યથી સાત હાથ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ.

ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાની કેટલા આયુવાળો હોય ? ગૌતમ ! જઘન્યથી સાતિરેક આઠ વર્ષાયુષ્ક, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી આયુષ્ય હોય.

ભગવન્ ! તે શું સવેદક હોય કે અવેદક ? ગૌતમ ! સવેદક હોય, અવેદક નહીં.

ભગવન્ ! સવેદક હોય તો શું સ્ત્રીવેદક હોય, પુરુષવેદક હોય, નપુંસકવેદક હોય કે પુરુષનપુંસકવેદક હોય ? ગૌતમ ! સ્ત્રીવેદક કે નપુંસકવેદક ન હોય પણ પુરુષવેદક કે પુરુષ–નપુંસકવેદક હોય.

ભગવન્ ! તે(અસોચ્ચા)અવધિજ્ઞાની શું સકષાયી હોય કે અકષાયી? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી નહીં.

જો સકષાયી હોય તો ભગવન્! તે કેટલા કષાયમાં હોય? ગૌતમ! ચારે – સંજ્વલન ક્રોધ–માન–માયા–લોભ.

ભગવન્ ! તેને કેટલા અધ્યવસાય હોય ? ગૌતમ ! તેને અસંખ્યાત અધ્યવસાય હોય.

ભગવન્ ! તે અધ્યવસાય પ્રશસ્ત કે અપ્રશસ્ત ? ગૌતમ ! પ્રશસ્ત હોય, અપ્રશસ્ત નહીં.

ભગવન્ ! તે (અસોચ્ચા)અવધિજ્ઞાની પ્રશસ્ત અધ્યવસાયમાં વર્તતો અનંતા નૈરયિક ભવગ્રહણથી પોતાને વિમુક્ત કરે છે અનંત તિર્યંચયોનિક – મનુષ્યભવગ્રહણ – દેવભવગ્રહણથી પોતાને વિમુક્ત કરે છે. જે આ નરક–તિર્યંચ–મનુષ્ય–દેવગતિ નામક ચાર ઉત્તરપ્રકૃતિઓના આધારભૂત અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભનો ક્ષય

કરે. કરીને પછી અપ્રત્યાખ્યાન કષાય ક્રોધાદિ ખપાવે, પછી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ખપાવે, પછી સંજવલન ક્રોધાદિ ખપાવે. પછી પંચવિધ જ્ઞાનાવરણીય, નવવિધ દર્શનાવરણીય, પંચવિધ અંતરાયિક અને મોહનીય કર્મને કપાયેલ તાલવૃક્ષ સમાન કરીને, કર્મરજને વિખેરનાર અપૂર્વકરણમાં પ્રવેશી તેને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, ઉત્તમ કેવળજ્ઞાન અને દર્શન ઉત્પન્ન થાય.

૪૪૮. ભગવન્ ! તે (અસોચ્ચા)કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે, બતાવે છે અને પ્રરૂપે છે ? તે અર્થ સમર્થ નથી. તેઓ એક જ્ઞાત (ઉદાહરણ) કે એક વ્યાકરણ(પ્રશ્નના ઉત્તર) સિવાય અન્ય ઉપદેશ ન કરે.

ભગવન્ ! તે (અસોચ્ચા કેવલી)કોઈને. પ્રવ્રજિત કે મુંડિત કરે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. પરંતુ તે પ્રવ્રજ્યાનો ઉપદેશ કરે.

ભગવન્ ! તે (અસોચ્ચા કેવલી)સિદ્ધ થાય યાવત્ સમસ્ત દુખોનો અંત કરે ? હા, તે સિદ્ધ થાય યાવત્ સમસ્ત દુખોનો અંત કરે.

૪૪૯. ભગવન્ ! તે (અસોચ્ચા કેવલી)શું ઉર્ધ્વ–અધો–તિર્છાલોકમાં હોય ? ગૌતમ ! તે ત્રણે લોકમાં હોય. જો ઉર્ધ્વલોકમાં હોય તો શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાવતી, માલ્યવંત નામક વૃત્તવૈતાઢ્ય પર્વતોમાં હોય, સંહરણને આશ્રીને સોમનસ કે પંડકવન માં હોય. જો અધોલોકમાં હોય તો ગર્તા કે ગુફામાં હોય. સંહરણને આશ્રીને પાતાળ કે ભવનમાં હોય. તિર્છાલોકમાં હોય તો ૧૫–કર્મભૂમિમાં હોય, સંહરણને આશ્રી અઢી દ્વીપસમુદ્રના એક દેશ ભાગે હોય.

ભગવન્ ! તે(અસોચ્ચા કેવલી)એક સમયે કેટલા થાય ? ગૌતમ ! જઘન્યથી એક–બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી દશ. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે કેવલી આદિ પાસેથી સાંભળીને કેટલાક કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે અને કેટલાક ન પામે યાવત્ કેટલાક કેવળજ્ઞાન પામે, કેટલાક ન પામે.

સૂત્ર–૪૫૦

ભગવન્ ! કેવલી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસકથી ધર્મ સાંભળીને,કોઈ જીવ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે ? ગૌતમ ! કેવલી આદિ પાસેથી સાંભળીને યાવત્ કેટલાક કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ પામે, એ પ્રમાણે જેમ 'અશ્રુત્વા'ની વક્તવ્યતા છે, તે અહીં 'શ્રુત્વા'ની પણ કહેવી. વિશેષ એ કે – આલાવો 'શ્રુત્વા'નો કહેવો. બાકી બધુ સંપૂર્ણ તેમજ કહેવું. – યાવત્ – જેણે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ હોય, જેણે કેવળ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કર્યો હોય, તે જીવને કેવલી યાવત્ ઉપાસિકા પાસેથી ધર્મ સાંભળીને, કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે, શુદ્ધ બોધિ પામે યાવત્ કેવળજ્ઞાન ઉપાર્જે.

તે જીવને નિરંતર અઠ્ઠમ–અઠ્ઠમ તપોકર્મથી આત્માને ભાવિત કરતા પ્રકૃતિ ભદ્રકતાથી, એ જ પ્રમાણે યાવત્ ગવેષણા કરતા અવધિજ્ઞાન સમુત્પન્ન થાય, તે સમુત્પન્ન અવધિજ્ઞાનથી જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી અલોકમાં અસંખ્યાત લોક પ્રમાણ ખંડોને જાણે અને જુએ.

ભગવન્! તે(શ્રુત્વા અવધિજ્ઞાની)કેટલી લેશ્યામાં હોય? ગૌતમ ! છ એ લેશ્યામાં– કૃષ્ણ યાવત્ શુક્લલેશ્યા.

ભગવન્ ! તે (શ્રુત્વા અવધિજ્ઞાની) કેટલા જ્ઞાનોમાં હોય ? ગૌતમ ! ત્રણ કે ચાર જ્ઞાનોમાં હોય. ત્રણ હોય તો આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાનમાં હોય, ચાર હોય તો આભિનિબોધિક–શ્રુત–અવધિ–મનઃપર્યવજ્ઞાનમાં હોય.

ભગવન્ ! તે (શ્રુત્વા અવધિજ્ઞાની)શું સયોગી હોય કે અયોગી ? ગૌતમ !આ પ્રમાણે યોગ, ઉપયોગ, સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ આ બધુ જેમ 'અશ્રુત્વા'માં કહ્યું, તેમજ અહીં કહેવુ.

ભગવન્ ! તે (શ્રુત્વા અવધિજ્ઞાની) શું સવેદક હોય ? પૃચ્છા. ગૌતમ ! સવેદક હોય કે અવેદક હોય.

ભગવન્ !જો અવેદક હોય તો શું ઉપશાંત વેદક હોય કે ક્ષીણવેદક હોય ? ગૌતમ ! ઉપશાંતવેદક ન હોય, ક્ષીણવેદક હોય.

ભગવન્ ! જો સવેદક હોય તો શું સ્ત્રીવેદક હોય, પુરુષવેદક હોય, નપુંસક વેદક હોય કે પુરુષ–નપુંસક વેદક?

ગૌતમ ! સ્ત્રી કે પુરુષ કે પુરુષ–નપુંસક વેદક હોય.

ભગવન્ ! તે(શ્રુત્વા અવધિજ્ઞાની)સકષાયી હોય કે અકષાયી? ગૌતમ! સકષાયી હોય કે અકષાયી પણ હોય.

ભગવન્ ! જો તે અકષાયી હોય તો શું ઉપશાંત કષાયી હોય કે ક્ષીણકષાયી હોય ? ગૌતમ ! ઉપશાંતકષાયી ન હોય, ક્ષીણકષાયી હોય.

જો સકષાયી હોય તો હે ભગવન્ ! તે કેટલા કષાયમાં હોય ? ગૌતમ ! ચારમાં, ત્રણમાં, બેમાં કે એક કષાયમાં હોય. જો ચારમાં હોય તો સંજ્વલન ક્રોધ–માન–માયા–લોભ ચારેમાં હોય. ત્રણમાં હોય તો સંજ્વલન માન–માયા–લોભમાં હોય, બેમાં હોય તો સંજ્વલન માયા–લોભમાં હોય. એકમાં હોય તો સંજ્વલન લોભમાં હોય.

ભગવન્ ! તે (શ્રુત્વા અવધિજ્ઞાની)ને કેટલા અધ્યવસાનો કહ્યા છે ? ગૌતમ ! અસંખ્ય. એ પ્રમાણે જેમ 'અશ્રુત્વા'માં કહ્યું તેમ યાવત્ ઉત્તમ કેવળ જ્ઞાન, દર્શન સમુત્પન્ન થાય.

ભગવન્ ! તે (શ્રુત્વા કેવળી)કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ કહે, બતાવે કે પ્રરૂપે? હા, ગૌતમ ! કહે – બતાવે અને પ્રરૂપે.

ભગવન્ ! તે (શ્રુત્વા કેવળી)કોઈને પ્રવ્રજિત કે મુંડિત કરે ? હા, ગૌતમ ! પ્રવ્રજિત, મુંડિત કરે.

ભગવન્ ! તે(શ્રુત્વા કેવળી)ના શિષ્યો પણ પ્રવ્રજિત, મુંડિત કરે ? હા, કરે.

ભગવન્ ! તે(શ્રુત્વા કેવળી)ના પ્રશિષ્યો પણ પ્રવ્રજિત, મુંડિત કરે ? હા, કરે.

ભગવન્ ! તે (શ્રુત્વા કેવળી)સિદ્ધ, બુદ્ધ યાવત્ સમસ્ત દુઃખોનાઅંતકર થાય ? હા, થાય.

ભગવન્ ! તેના શિષ્યો પણ સિદ્ધ યાવત્ અંતકર થાય ? હા, થાય.

ભગવન્ ! તેના પ્રશિષ્યો પણ સિદ્ધ યાવત્ અંતકર થાય? હા, એ પ્રમાણે જ યાવત્ અંત કરે છે.

ભગવન્ ! શું તે(શ્રુત્વા કેવળી)ઉર્ધ્વલોકમાં હોય ઇત્યાદિ. અશ્રુત્વા માફક યાવત્ તેના એકદેશ ભાગમાં હોય.

ભગવન્ ! તે (શ્રુત્વા કેવળી)એક સમયમાં કેટલા હોય ? ગૌતમ ! જઘન્યથી એક–બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી ૧૦૮. હે ગૌતમ ! તેથી એમ કહ્યું કે – કેવલી યાવત્ કેવલી ઉપાસિકાથી ધર્મ સાંભળીને યાવત્ કેટલાક કેવળજ્ઞાન ઉપાર્જે, કેટલાક ન ઉપાર્જે, હે ભગવન્ ! તે એમજ છે.

## શતક–૯ ઉદ્દેશા–૧ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૯, ઉદ્દેશો-૩૨ 'ગાંગેય'

### સૂત્ર–૪૫૧

તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નગર હતું (વર્ણન ઉવાવાઈ સૂત્રાનુસાર જાણવું). દૂતિપલાશ ચૈત્ય હતું, ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. ધર્મશ્રવણ માટે પર્ષદા નીકળી, ભગવંતેધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ.

તે કાળે, તે સમયે પાર્શ્વાપત્યીય ગાંગેય નામે અણગાર જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીર ન દૂર – ન નીકટ રહીને ભગવંતને આમ કહ્યું –

ભગવન્ ! નૈરયિકો સ–અંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! નૈરયિકો સ–અંતર ઉપજે, નિરંતર પણ ઉપજે.

ભગવન્ ! અસુરકુમારો સ–અંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! અસુરકુમારો સાંતર પણ ઉપજે, નિરંતર પણ ઉપજે. એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિક સાંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! પૃથ્વીકાયિકો સાંતર ન ઉપજે, નિરંતર ઉપજે છે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક જીવો સુધી કહેવું. બેઇન્દ્રિયોથી વૈમાનિક સુધી નૈરયિક સમાન જાણવું.

### સૂત્ર–૪૫૨

ભગવન્ ! નૈરયિકો સાંતર ઉદ્વર્તે(મરે)કે નિરંતર ? ગાંગેય ! નૈરયિકો સાંતર ઉદ્વર્તે, નિરંતર પણ ઉદ્વર્તે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

ભગવન્ ! પૃથ્વીકાયિક સાંતર ઉદ્‌વર્તે(મરે)કે નિરંતર ?. ગાંગેય ! પૃથ્વીકાયિક સાંતર નહીં, નિરંતર ઉદ્ધર્તે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સાંતર નહીં, નિરંતર ઉદ્ધર્તે.

ભગવન્ ! બેઇન્દ્રિયો સાંતર ઉદ્ધર્તે કે નિરંતર ? ગાંગેય ! બેઇન્દ્રિયો સાંતર પણ ઉદ્ધર્તે નિરંતર પણ. એ પ્રમાણે વ્યંતર સુધી કહેવું. ભગવન્ ! જ્યોતિષ્કો સાંતર ચ્યવે, પૃચ્છા. ગાંગેય! બંને. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

સૂત્ર–૪૫૩

ભગવન્ ! પ્રવેશનક(ઉત્પત્તિ) કેટલા ભેદે છે ? ગાંગેય ! પ્રવેશનકના ચાર ભેદ છે. તે આ – નૈરયિક પ્રવેશનક, તિર્યંચયોનિક પ્રવેશનક, મનુષ્ય પ્રવેશનક અને દેવ–પ્રવેશનક.

ભગવન્ ! નૈરયિક પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! સાત ભેદે. તે આ – રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પ્રવેશનક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક–પ્રવેશનક.

ભગવન્ ! એક નૈરયિક જીવ, નૈરયિકપ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભા પૃથ્વીમાં હોય, શર્કરાપ્રભા પૃથ્વીમાં યાવત્ અધઃ સપ્તમીમાં હોય ? ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય.

*ભગવન્ ! બે નૈરયિક જીવો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભાપૃથ્વીમાં ઉત્પન્ન થાય છે કે યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પન્ન થાય ? ગાંગેય ! ૧. બંને જીવ રત્નપ્રભામાં હોય યાવત્ ૭. બંને જીવ અધઃસપ્તમીમાં હોય,

અથવા દ્વિ સંયોગીભંગ કહીએ તો

૧.એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય – અથવા – ૨.એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ ૬. એક રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય.

અથવા – ૭. એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા ૧૧. એક શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય.

અથવા –૧૨.એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય યાવત્ અથવા ૧૫.એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. આ પ્રમાણે એક–એક પૃથ્વીને છોડતા યાવત્ અથવા એક ૨૧. તમામાં અને એક અધઃસપ્તમીમાં હોય.

*ભગવન્ ! ત્રણ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા તે ત્રણ નૈરયિક શું રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પન્ન થાય ? ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા – એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા એક રત્નપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય ૬.. અથવા – બે રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા બે રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૨.. અથવા એક શર્કરાપ્રભામાં, બે વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા – એક શર્કરાપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય. ૧૭.

અથવા – બે શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ – અથવા – બે શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમી માં હોય ૨૨. એ પ્રમાણે જેમ શર્કરાપ્રભામાં કથન કર્યું તેમ સર્વે પૃથ્વીમાં કહેવું યાવત્ – અથવા – બે તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૪,૪,૩,૩,૨,૨,૧,૧ – કુલ ૪૨ ભંગ થાય.

અથવા (ત્રિસંયોગી ભંગ કરીએ તો)એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય – અથવા – એક રત્નપ્રભા, એક શર્કરાપ્રભા, એક પંકપ્રભામાં હોય, યાવત્ – અથવા – એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. ૫

- અથવા – એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય. – અથવા – એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય. એ રીતે યાવત્ – અથવા – એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃ સપ્તમીમાં હોય ૯..

અથવા – એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય, યાવત્ – અથવા – એક રત્નપ્રભામાં,

એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૨.

અથવા – એક રત્નપ્રભામાં એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય – અથવા – એક રત્નપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૪..

અથવા – એક રત્નપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. ૧૫. – અથવા – એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય – અથવા એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય, યાવત્ – અથવા – એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૯..

અથવા – એક શર્કરાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય યાવત્ એક શર્કરાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૨૨. અથવા – એક શર્કરાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામા હોય – અથવા – એક શર્કરાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૨૪. અથવા  એક શર્કરાપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૨૫.

અથવા – એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય. અથવા  એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક તમામા હોય અથવા – એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૨૮.

અથવા – એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામા હોય  અથવા – એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃ સપ્તમીમાં હોય ૩૦. અથવા  એક વાલુકાપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૩૧.

અથવા એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય  અથવા – એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૩૩. અથવા – એક પંકપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૩૪. અથવા – એક ધૂમપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૩૫..

*ભગવન્ ! ચાર નૈરયિક નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઈત્યાદિ પૃચ્છા. ગાંગેય! તે ચારે રત્નપ્રભામાં હોય યાવત્ ચારે અધઃસપ્તમીમાં હોય ૭.

**હવે દ્વિસંયોગી ભંગ**– એક રત્નપ્રભામાં. ત્રણ શર્કરાપ્રભામાં હોય યાવત્ – અથવા – એક રત્નપ્રભામાં, ત્રણ અધઃસપ્તમીમાં હોય ૬. **અથવા** બે રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં હોય યાવત્ બે રત્નપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય. ૧૨. **અથવા** ત્રણ રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા ત્રણ રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૮ **અથવા**  એક શર્કરાપ્રભામાં, ત્રણ વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે રત્નપ્રભા માફક શર્કરાપ્રભામાં પણ કહેવુ ૫. એ રીતે એક–એક સાથે યોગ કરી યાવત્ – અથવા – ત્રણ તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૮,૧૫,૧૨, ૯, ૬, ૩ – કુલ ૬૩ ભંગ થયા..

**હવે ત્રિસંયોગી ભંગ**– એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, બે વાલુકાપ્રભામાં ઉત્પન્ન થાય. યાવત્ – અથવા – એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં યાવત્ બે અધઃસપ્તમીમાં હોય ૫..

અથવા એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૦. અથવા બે રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ બે રત્ન૦ એક શર્કરા૦ એક અધઃસપ્તમીમાં ૧૫. અથવા એક રત્ન૦ એક વાલુકા૦ બે પંક૦ યાવત્  એક રત્ન૦ એક વાલુકા૦ બે અધઃસપ્તમી૦ આ આલાવા મુજબ કહેવું યાવત્ બે ધૂમ૦ એક તમા, એક અધઃસપ્તમીમાં હોય ૧૦૫.

**હવે ચતુઃસંયોગી ભંગ**– અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં ઉત્પન્ન થાય યાવત્  અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. ૪. **અથવા** એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ એક ધૂમપ્રભામાં અથવા એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ એક અધઃસપ્તમીમાં હોય ૭. – **અથવા** એક રત્ન૦ એક શર્કરા૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૯. **અથવા** એક રત્ન૦ એક શર્કરા૦ એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૧૦.

અથવા એક રત્ન૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦માં હોય. યાવત્ – અથવા એક રત્ન૦ એક વાલુકા૦ એક પંક૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૩. – **અથવા** એક રત્ન૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમામાં હોય – અથવા એક રત્ન૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૫. – **અથવા** એક રત્ન૦ એક વાલુકા૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં ૧૬.

**અથવા** એક રત્ન૦ એક પંક૦ એક ધૂમ૦ એક તમામાં હોય અથવા – એક રત્ન૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૮. અથવા – એક રત્ન૦ એક પંક૦ એક તમામાં એક અધઃસપ્તમીમાં હોય ૧૯ અથવા એક રત્ન૦ એક ધૂમ૦ એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય ૨૦. **અથવા** એક શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ પ્રભામાં હોય એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં ઉપરની પૃથ્વી સાથે કહ્યું તેમ શર્કરાપ્રભામાં જાણવુ યાવત્ એક શર્કરા૦ એક ધૂમ૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય ૩૦. અથવા એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક તમામાં હોય

અથવા – એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૩૨. – અથવા એક વાલુકા૦ એક પંક૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય ૩૩. – અથવા – એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમા એક અધઃ સપ્તમીમાં હોય ૩૪. – અથવા એક પંક૦ એક ધૂમ૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય ૩૫.

*ભગવન્ ! પાંચ નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? પૃચ્છા.

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય.(એ રીતે **અસંયોગીના સાત ભંગ** થાય). અથવા

**હવે દ્વિસંયોગી ભંગ**– એક રત્નપ્રભામાં, ચાર શર્કરાપ્રભામાં હોય યાવત્ – અથવા – એક રત્ન૦ ચાર અધઃસપ્તમીમાં હોય. – અથવા – બે રત્ન૦, ત્રણ શર્કરા૦માં હોય યાવત્ અથવા બે રત્ન૦ ત્રણ અધઃસપ્તમીમાં હોય – અથવા – ત્રણ રત્ન૦ બે શર્કરા૦ હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. – અથવા – ચાર રત્ન૦ એક શર્કરા૦ હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. – અથવા – એક શર્કરા૦ ચાર વાલુકા૦માં હોય એ પ્રમાણે રત્નપ્રભા સાથે ઉપરની પૃથ્વીનો સંયોગ કર્યો, તેમ શર્કરાપ્રભામાં કહેવો યાવત્ ચાર શર્કરા૦ એક અધઃસપ્તમીમાં હોય.આ પ્રમાણે એક–એક સાથે યોગ કરવો યાવત્ ચાર તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. અથવા

**હવે ત્રિસંયોગી ભંગ**– એક રત્ન૦ એક શર્કરા૦ ત્રણ વાલુકામાં હોય. એ રીતે યાવત્ અથવા એક રત્ન૦ એક શર્કરા૦ ત્રણ અધઃસપ્તમીમાં હોય. – અથવા – એક રત્ન૦ બે શર્કરા૦ બે વાલુકા૦ હોય, એ પ્રમાણે યાવત્ એક રત્ન૦ બે શર્કરા૦ બે અધઃસપ્તમીમાં હોય. – અથવા બે રત્ન૦, એક શર્કરા૦ બે વાલુકા૦માં હોય યાવત્ બે રત્ન૦ એક શર્કરા૦ બે અધઃસપ્તમીમાં હોય.

અથવા એક રત્ન૦ ત્રણ શર્કરા૦ એક વાલુકામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્ન૦ ત્રણ શર્કરા૦ એક અધઃસપ્તમીમાં હોય – અથવા – બે રત્ન૦ બે શર્કરા૦ એક વાલુકા૦માં હોય એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમીમાં હોય. – અથવા ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ હોય એ પ્રમાણે યાવત્ અથવા ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક અધઃ સપ્તમીમાં હોય. – અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ ત્રણ પંક૦માં હોય. એ પ્રમાણે આ ક્રમથી ચતુષ્ક સંયોગોમાં કહ્યા મુજબ પાંચમાં પણ ત્રિકસંયોગ કહેવા. વિશેષ એ કે – એક અધિકનો સંયોગ કરવો જોઈએ. એ પ્રમાણે યાવત્ બે પંક૦ એક ધૂમ૦ એક તમઃ એક અધઃસપ્તમીમાં હોય.– અથવા–

**હવે ચતુ:સંયોગી ભંગ**– એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ બે પંક૦ હોય. એ રીતે યાવત્ બે અધઃસપ્તમીમાં હોય. ૪. અથવા એક રત્ન૦ એક શર્કરા૦ બે વાલુકા૦ એક પંક૦ હોય, એ રીતે યાવત્ અધઃસપ્તમીમાં હોય ૮. અથવા એક રત્ન૦ બે શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦માં હોય, એ રીતે યાવત્ એક અધઃસપ્તમીમાં હોય ૧૨. અથવા બે રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦માં હોય એ રીતે યાવત્ એક અધઃસપ્તમી ૧૬. અથવા એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ બે ધૂમ૦માં હોય, એ રીતે જેમ ચાર ચતુષ્ક સંયોગ કહ્યા, તેમ પાંચમાં પણ ચતુષ્ક સંયોગ કહેવા.વિશેષ–એક સંયોગ અધિક કહેવો. એ રીતે યાવત્ બે પંક૦ એક ધૂમ૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં.

**હવે પાંચ સંયોગી ભંગ**– એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમપ્રભામાં હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક તમામાં હોય અથવા– એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક અધઃસપ્તમીમાં હોય ૩. અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમામાં હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૫.. એક શર્કરા, એક પંક૦ એક ધૂમ૦ એક તમામાં હોય. અથવા એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૭.

અથવા એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૮. અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ એક તમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૯. અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક ધૂમ૦ એક તમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૧૦. અથવા એક રત્ન૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક તમામાં હોય. અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૧૨. અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૩. અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૪. અથવા એક રત્ન૦ એક પંક૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય ૧૫.

અથવા એક શર્કરા૦ એક વાલુકા યાવત્ એક તમામાં હોય અથવા – એક શર્કરા૦ યાવત્ એક પંક૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય. ૧૭. અથવા – એક શર્કરા યાવત્ એક પંક, એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય. ૧૮. અથવા એક શર્કરા૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય ૧૯. અથવા – એક શર્કરા૦ એક પંક૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય ૨૦. અથવા – એક વાલુકાપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમીમાં હોય ૨૧..

*ભગવન્ ! છ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? પૃચ્છા.

ગાંગેય! રત્નપ્રભામાં યાવત્ અધઃસપ્તમીમાં હોય. ૭. અથવા એક રત્ન૦ પાંચ શર્કરા૦માં હોય યાવત્ અથવા – એક રત્ન૦ પાંચ અધઃસપ્તમી માં હોય અથવા – ત્રણ રત્ન૦ ત્રણ શર્કરા૦માં હોય. આ પ્રમાણે આ ક્રમથી જેમ પાંચના દ્વિકસંયોગો કહ્યા, તેમ છના પણ કહેવા. વિશેષ એ – એક ભંગ અધિક કહેવો યાવત્ અથવા – પાંચ તમા૦ એક અધઃસપ્તમીમાં હોય. અથવા – એક રત્ન૦ એક શર્કરા ચાર વાલુકા૦માં હોય. યાવત્ – અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ ચાર અધઃસપ્તમીમાં હોય. – અથવા – એક રત્ન૦ બે શર્કરા૦ ત્રણ વાલુકા૦માં હોય. એ રીતે આ ક્રમ વડે જેમ પાંચના ત્રિક સંયોગ કહ્યા, તેમ છ ના પણ કહેવા. વિશેષ આ – એક ભંગ અધિક કહેવો. બાકી પૂર્વવત્ ૩૪..

ચતુષ્ક સંયોગ પણ એ જ પ્રમાણે છે, પંચક સંયોગ પણ એમ જ છે. વિશેષ એ કે એક ભંગ અધિક કહેવો. યાવત્ છેલ્લો ભંગ બે વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક તમ૦ એક અધઃસપ્તમી હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક તમામાં હોય ૧. અથવા – એક રત્ન૦ યાવત્ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય ૨. અથવા – એક રત્ન૦ યાવત્ એક પંક૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ યાવત્ એક વાલુકા૦ એક ધૂમ૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક શર્કરાપ્રભામાં, એક વાલુકા– પ્રભામાં યાવત્ એક અધઃસપ્તમીમાં હોય ૭..

*ભગવન્ ! સાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા.

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય ૭. અથવા એક રત્ન૦ છ શર્કરા૦ હોય. એ રીતે આ ક્રમથી જેમ છ ના દ્વિકસંયોગમાં કહ્યું તેમ અહીં કહેવુ. વિશેષ એ કે – એક ભંગ અધિક સંયોજવો. બાકી પૂર્વવત્. ત્રિકસંયોગમાં, ચાર–પાંચ–છ સંયોગમાં જેમ છ ના કહ્યા, તેમ સાતના પણ કહેવા. વિશેષ એ – એક ભંગ અધિક કહેવો યાવત્ ષટ્કસંયોગ – અથવા – બે શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃ સપ્તમીમાં હોય.

*ભગવન્ ! આઠ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા – એક રત્ન૦ સાત શર્કરા૦માં એ પ્રમાણે દ્વિક યાવત્ ષટ્ક સંયોગમાં જેમ સાતમાં કહ્યું તેમ આઠમાં પણ કહેવું. વિશેષ એ કે – એક–એક અધિક સંયોગ કરવો. બાકી પૂર્વવત્ યાવત્ ષટ્ક સંયોગ અથવા ત્રણ શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ યાવત્ એક તમા૦ બે અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ યાવત્ બે તમા૦ એક અધઃસપ્તમીમાં હોય. એ પ્રમાણે સંયોગ કરતા યાવત્ અથવા – બે રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃસપ્તમી.

*ભગવન્ ! નવ નૈરયિક નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા એક રત્ન૦ આઠ શર્કરા૦ હોય. એ પ્રમાણે દ્વિકસંયોગ યાવત્ સપ્તકસંયોગ, જેમ આઠમાં કહ્યો, તેમ નવમાં પણ કહેવો. વિશેષ એ – એક એક અધિક સંયોગ કરવો. બાકી પૂર્વવત્. છેલ્લો આલાવો અથવા ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય

*ભગવન્ ! દશ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા પૃચ્છા. ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય ૭. – અથવા – એક રત્ન૦ નવ શર્કરા૦માં હોય. એ પ્રમાણે દ્વિકસંયોગમાં યાવત્ સપ્તસંયોગમાં જેમ નવમાં કહ્યું તેમ જાણવુ. વિશેષ આ – એક, એક સંયોગ અધિક કરવો. બાકી પૂર્વવત્. તેનો છેલ્લો આલાવો આ છે – અથવા – ચાર રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય.

*ભગવન્ ! સંખ્યાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા, શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમી માં હોય ૭. અથવા – એક રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ હોય, એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી હોય.અથવા – બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય. એ પ્રમાણે યાવત્ બે રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય અથવા ત્રણ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય. એ પ્રમાણે આ ક્રમથી એક એકનો સંયોગ વધારતા યાવત્ અથવા દશ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ હોય. એમ યાવત્ અથવા દશ રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય

અથવા સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય યાવત્ અથવા સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય. અથવા એક શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦માં હોય. એ રીતે રત્નપ્રભા માફક ઉપરની પૃથ્વી સાથે સંયોગ કરવો. એ રીતે એક એક પૃથ્વીનો ઉપર પૃથ્વી સાથે સંયોગ કરવો. યાવત્ અથવા સંખ્યાતા તમામાં, સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. અથવા – એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા પંક૦ હોય. યાવત્ એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.

અથવા – એક રત્ન૦ બે શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. – અથવા – એક રત્ન૦ બે શર્કરા૦ સંખ્યાતા અધઃ સપ્તમીમાં હોય. અથવા – એક રત્ન૦ ત્રણ શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. એ પ્રમાણે આ ક્રમથી એક–એક સંયોગ વધારવો – અથવા – એક રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય યાવત્ અથવા એક રત્ન૦ સંખ્યાતા વાલુકા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય. અથવા – બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. યાવત્ અથવા બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય – અથવા – ત્રણ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય.

એ પ્રમાણે આ ક્રમથી એક એક રત્નપ્રભા સાથે સંયોગ કરવા યાવત્ અથવા સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય યાવત્ અથવા સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય – અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ સંખ્યાતા પંક૦માં હોય. યાવત્ – અથવા – એક રત્ન૦ એક વાલુકા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય – અથવા – એક રત્ન૦ બે વાલુકા૦ સંખ્યાતા પંકપ્રભામાં હોય. એ પ્રમાણે આ ક્રમથી ત્રિક સંયોગ, ચતુષ્ક સંયોગ યાવત્ સપ્ત સંયોગ જેમ દશમામાં કહ્યો, તેમ કહેવો. છેલ્લો આલાવો સપ્તસંયોગે – અથવા – સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ યાવત્ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.

*ભગવન્ ! અસંખ્યાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા.

ગાંગેય! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા – એક રત્ન૦ અસંખ્યાત શર્કરાપ્રભામાં હોય. એ રીતે દ્વિકસંયોગ યાવત્ સપ્તસંયોગ, સંખ્યાતની જેમ કહેવો. વિશેષ એ કે – અસંખ્યાત અધિક કહેવા. બાકી પૂર્વવત્. યાવત્ સપ્ત સંયોગનો છેલ્લો આલાવો અથવા – અસંખ્યાત રત્નપ્રભામાં, અસંખ્યાત શર્કરાપ્રભામાં યાવત્ અસંખ્યાત અધઃસપ્તમીમાં હોય.

*ભગવન્ ! ઉત્કૃષ્ટથી નૈરયિક નૈરયિક પ્રવેશનકથી શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પૃચ્છા.

ગાંગેય! બધાં રત્નપ્રભામાં હોય અથવા રત્નપ્રભા અને શર્કરાપ્રભામાં હોય અથવા રત્નપ્રભા અને વાલુકા–પ્રભા માં હોય યાવત્ - અથવા - રત્નપ્રભા અને અધઃસપ્તમીમાં હોય.

અથવા – રત્ન૦ શર્કરા૦ અને વાલુકા૦માં હોય. એ રીતે યાવત્ અથવા રત્ન૦ શર્કરા૦ અને અધઃસપ્તમી માં હોય ૫. અથવા – રત્ન૦ વાલુકા૦ પંક૦માં હોયયાવત્ અથવા રત્ન૦ વાલુકા૦ અધઃસપ્તમીમાં હોય ૪. અથવા – રત્ન૦ પંક૦ ધૂમ૦માં હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા વિના જેમ ત્રણના ત્રિકસંયોગ કહ્યા તેમ કહેવા યાવત્ અથવા – રત્ન૦ તમા૦ અધઃસપ્તમીમાં હોય ૧૫. અથવા – રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ પંક૦માં હોય અથવા – રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦માં હોય. યાવત્ અથવા – રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ અધઃસપ્તમીમાં હોય ૪..

અથવા – રત્ન૦ શર્કરા૦ પંક૦ ધૂમ૦ હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા વિના જેમ ચારનો ચતુષ્કસંયોગ કહ્યો તેમ કહેવું. યાવત્ – અથવા – રત્ન૦ ધૂમ૦ તમા૦ અધઃસપ્તમીમાં હોય.

અથવા રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ પંક૦ ધૂમપ્રભામાં હોય અથવા – રત્ન૦ યાવત્ પંક૦ તમામાં હોય અથવા રત્ન૦ યાવત્ પંક૦ અધઃસપ્તમીમાં હોય. અથવા રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦ તમા૦માં હોય. એમ રત્નપ્રભાને છોડ્યા વિના જેમ પાંચના પંચકસંયોગ કહ્યો તેમ કહેવું. યાવત્ રત્નપ્રભા પંકપ્રભા યાવત્ અધઃસપ્તમીમાં હોય

અથવા રત્ન૦ શર્કરા૦ યાવત્ ધૂમપ્રભા અને તમામાં હોય અથવા – રત્ન૦ યાવત્ ધૂમ૦ અધઃસપ્તમીમાં હોય. અથવા – રત્ન૦ શર્કરા૦ યાવત્ પંક૦ તમા. અધઃસપ્તમીમાં હોય – અથવા – રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦ તમા૦ અધઃસપ્તમીમાં હોય. અથવા – રત્ન૦ શર્કરા૦ પંક૦ યાવત્ અધઃ સપ્તમીમાં હોયઅથવા – રત્ન૦ વાલુકા૦ યાવત્ અધઃસપ્તમીમાં હોય. – અથવા – રત્ન૦ શર્કરા૦ યાવત્ અધઃસપ્તમીમાં ૭..

૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પ્રવેશનક, શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક પ્રવેશનક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક પ્રવેશનકના કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે?

ગાંગેય! સૌથી થોડા અધઃસપ્તમીપૃથ્વી નૈરયિક પ્રવેશનક છે, તેનાથી તમ:પ્રભા પૃથ્વી નૈરયિક પ્રવશેનક અસંખ્યાતગણા છે એ રીતે ઉલટા ક્રમમાં યાવત્ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા છે.

સૂત્ર–૪૫૪

ભગવન્ ! તિર્યંચયોનિક પ્રવેશનક (ઉત્પત્તિ)કેટલા ભેદે છે ? ગાંગેય ! પાંચ ભેદે છે. તે આ – એકેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક.

ભગવન્ ! એક તિર્યંચયોનિક, તિર્યંચ પ્રવેશનકથી પ્રવેશતા શું એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય કે યાવત્ પંચેન્દ્રિય માં ઉત્પન્ન થાય ? ગાંગેય ! એકેન્દ્રિયમાં થાય યાવત્ પંચેન્દ્રિયમાં પણ થાય.

ભગવન્ ! બે તિર્યંચયોનિકની પૃચ્છા. ગાંગેય! એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. અથવા એક એકેન્દ્રિયમાં હોય, એક બેઇન્દ્રિયમાં હોય, એ રીતે જેમ નૈરયિક પ્રવેશનકમાં કહ્યું, તેમ તિર્યંચયોનિક પ્રવેશનકમાં પણ કહેવું. અસંખ્યાતા સુધી તે પ્રમાણે જાણવું.

ભગવન્ ! ઉત્કૃષ્ટા તિર્યંચયોનિકની પૃચ્છા. ગાંગેય! બધા જ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય અથવા એકેન્દ્રિયમાં અને બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થાય. એ રીતે જેમ નૈરયિકમાં કથન કર્યું, તેમ તિર્યંચયોનિકમાં પણ બધું જ કહેવું. એકેન્દ્રિયોની સાથે દ્વિક સંયોગ, ત્રિકસંયોગ, ચતુષ્કસંયોગ, પંચસંયોગ ઉપયોગપૂર્વક કહેવા. યાવત્ અથવા

એકેન્દ્રિયમાં, બેઇન્દ્રિયમાં યાવત્ પંચેન્દ્રિયમાં હોય.

ભગવન્ ! આ એકેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગાંગેય! સૌથી થોડા પંચેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક છે. ચઉરિન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક તેનાથી વિશેષાધિક છે. તેઇન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક તેનાથી વિશેષાધિક, બેઇન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક તેનાથી વિશેષાધિક, તેનાથી એકેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક વિશેષાધિક છે.

સૂત્ર–૪૫૫

ભગવન્ ! મનુષ્ય પ્રવેશનક (ઉત્પતિ)કેટલા ભેદે છે ? ગાંગેય ! બે ભેદે છે – સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રવેશનક, ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પ્રવેશનક

ભગવન્ ! એક મનુષ્ય, મનુષ્ય પ્રવેશનકથી પ્રવેશતો શું સંમૂર્ચ્છિમ મનુષ્યમાં હોય, ગર્ભવ્યુત્ક્રાંતિકમાં મનુષ્યમાં હોય ? ગાંગેય! સંમૂર્ચ્છિમમાં હોય કે ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય ?

ભગવન્ ! બે મનુષ્યોની પૃચ્છા. ગાંગેય! સંમૂર્ચ્છિમમાં હોય કે ગર્ભ વ્યુત્ક્રાંતિકમાં હોય – અથવા – એક સંમૂર્ચ્છિમમાં હોય, એક ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય. એ પ્રમાણે આ ક્રમથી નૈરયિક પ્રવેશનક માફક, મનુષ્ય પ્રવેશનક પણ દશ સુધી કહેવો.

ભગવન્ ! સંખ્યાતા મનુષ્યોની પૃચ્છા. ગાંગેય! સંમૂર્ચ્છિમમાં પણ હોય, ગર્ભવ્યુત્ક્રાંતિકમાં પણ હોય. અથવા – એક સંમૂર્ચ્છિમમાં, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય અથવા – બે સંમૂર્ચ્છિમમાં, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય. આ રીતે એક–એકને વધારતા યાવત્ અથવા – સંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં હોય, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોમાં હોય.

ભગવન્ ! અસંખ્યાતા મનુષ્યો ? ગાંગેય ! બધા જ સંમૂર્ચ્છિમમાં હોય. અથવા – અસંખ્યાતા સંમૂર્ચ્છિમમાં, એક ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય અથવા – અસંખ્યાતા સંમૂર્ચ્છિમમાં, બે ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય, એ પ્રમાણે યાવત્ અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય.

ભગવન્ ! ઉત્કૃષ્ટા મનુષ્ય મનુષ્ય પ્રવેશનકથી પ્રવેશતો શું સંમૂર્ચ્છિમ મનુષ્યમાં હોય, ગર્ભવ્યુત્ક્રાંતિકમાં મનુષ્યમાં હોય ? ગાંગેય ! તે બધા સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં હોય અથવા સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં અને, ગર્ભ–વ્યુત્ક્રાંતિક મનુષ્યોમાં હોય.

ભગવન્ ! આ સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રવેશનક, ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પ્રવેશનકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગાંગેય! સૌથી થોડા ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પ્રવેશનક છે તેનાથી સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રવેશનક અસંખ્યાતા હોય છે.

સૂત્ર–૪૫૬

ભગવન્ ! દેવ પ્રવેશનક(ઉત્પત્તિ) કેટલા ભેદે છે ? ગાંગેય! ચાર ભેદે છે– ભવનવાસી દેવ પ્રવેશનક, વ્યંતર દેવ પ્રવેશનક, જ્યોતિષ્ક દેવ પ્રવેશનક, વૈમાનિક દેવ પ્રવેશનક.

ભગવન્ ! એક જીવ દેવ પ્રવેશનકથી પ્રવેશતા શું ભવનવાસી દેવોમાં ઉત્પન્ન થાય,, વ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય, જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થાય કે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય ? ગાંગેય ! તે ભવનવાસી દેવોમાં ઉત્પન્ન થાય યાવત્ વૈમાનિકમાં દેવોમાં પણ ઉત્પન્ન થાય.

ભગવન્ ! બે દેવ, દેવ પ્રવેશનકમાં પૃચ્છા. ગાંગેય ! ભવનવાસીમાં, વ્યંતરમાં, જ્યોતિષ્કમાં કે વૈમાનિકમાં ઉત્પન્ન થાય અથવા એક ભવનવાસીમાં, એક વ્યંતરમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે તિર્યંચયોનિક પ્રવેશનક માફક અહીં કહેવું યાવત્ અસંખ્યાત દેવ પ્રવેશનક સુધી કહેવું.

ભગવન્ ! દેવના ઉત્કૃષ્ટા પ્રવેશનક(ઉત્પત્તિ)અંગે પૃચ્છા ? ગાંગેય ! બધા જ જ્યોતિષ્કમાં હોય – અથવા –

જ્યોતિષ્ક, ભવનવાસીમાં હોય – અથવા – જ્યોતિષ્ક, વ્યંતરમાં હોય, અથવા જ્યોતિષ્ક, વૈમાનિકમાં હોય – અથવા – જ્યોતિષ્ક, વ્યંતર, વૈમાનિકમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વ્યંતરમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વૈમાનિકમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વ્યંતર, અને વૈમાનિકમાં હોય.

ભગવન્ ! આ ભવનવાસી દેવ પ્રવેશનક, વ્યંતર દેવ પ્રવેશનક, જ્યોતિષ્ક દેવ પ્રવેશનક, વૈમાનિક દેવ પ્રવેશનકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડા વૈમાનિક દેવ પ્રવેશનક છે, ભવનવાસી દેવ પ્રવેશનક તેનાથી અસંખ્યાતગણા, વ્યંતર દેવ પ્રવેશનક તેનાથી અસંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવ પ્રવેશનક તેનાથી સંખ્યાતગણા છે.

સૂત્ર– ૪૫૭

ભગવન્ ! આ નૈરયિક પ્રવેશનક તિર્યંચ પ્રવેશનક મનુષ્ય પ્રવેશનક અને દેવ પ્રવેશનકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? ગાંગેય! સૌથી થોડા મનુષ્ય પ્રવેશનક છે, તેનાથી, નૈરયિક પ્રવેશનક અસંખ્યાતગણા છે, દેવ પ્રવેશનક તેનાથી અસંખ્યાતગણા છે, તિર્યંચયોનિક પ્રવેશનક તેનાથી અસંખ્યાતગણા છે.

સૂત્ર–૪૫૮

ભગવન્ ! નૈરયિકો સાંતર ઉત્પન્ન થાય કે નિરંતર ? અસુરકુમાર સાંતર ઉપજે કે નિરંતર ? યાવત્ વૈમાનિક સાંતર ઉપજે કે નિરંતર? નૈરયિક સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? યાવત્ વ્યંતર સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? જ્યોતિષ્કો સાંતર ચ્યવે કે નિરંતર ? વૈમાનિકો સાંતર ચ્યવે કે નિરંતર ?

ગાંગેય ! નૈરયિક સાંતર પણ ઉપજે, નિરંતર પણ. યાવત્ સ્તનિતકુમાર સાંતર પણ ઉપજે નિરંતર પણ.

પૃથ્વીકાયિકો સાંતર ન ઉપજે, નિરંતર ઉપજે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સુધી કહેવું. બાકીના વૈમાનિક સુધીના જીવો નૈરયિકની સમાન સાંતર પણ ઉપજે, નિરંતર પણ ઉપજે.

નૈરયિકો સાંતર પણ ઉદ્વર્તે, નિરંતર પણ ઉદ્વર્તે. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિક જીવો સાંતર ન ઉદ્વર્તે, નિરંતર ઉદ્વર્તે. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું. બાકીના નૈરયિકવત્ છે. વિશેષ એ કે – જ્યોતિષ્ક, વૈમાનિકમાં ઉદ્વર્તેને બદલે ચ્યવે છે, એમ કહેવું. યાવત્ વૈમાનિક સાંતર પણ ચ્યાવે અને નિરંતર પણ ચ્યવે.

ભગવન્ ! નૈરયિકો, સત્ (નરકાયુના ઉદયવાળા) ઉત્પન્ન થાય કે અસત્ (નરકાયુનો ઉદય ન થયો હોય તેવા) ઉત્પન્ન થાય ? ગાંગેય! નૈરયિકો સત્ ઉત્પન્ન થાય, અસત્ નહીં. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.

ભગવન્ ! નૈરયિકો સત્ ઉદ્વર્તે કે અસત્ ? ગાંગેય ! સત્ નૈરયિક ઉદ્વર્તે, અસત્ નહીં. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે – જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો ચ્યવે છે, તેમ કહેવું.

ભગવન્ ! શું નૈરયિક જીવ, સત્ નૈરયિકોમાં (નૈરયિક ભાવયુક્ત નરક સ્થાનમાં) ઉપજે કે અસત્ નૈરયિકોમાં (નૈરયિક ભાવરહિત નરક સ્થાનમાં) ઉપજે છે ?

અસુરકુમાર દેવ સત્ અસુરકુમારોમાં ઉપજે કે અસત્ અસુરકુમારોમાં ઉપજે ? એ જ રીતે યાવત્ વૈમાનિક દેવ સત્ વૈમાનિકોમા ઉપજે કે અસત્ વૈમાનિકોમા ઉપજે ?

સત્ નૈરયિકોમાંથી ઉદ્વર્તે છે કે અસત્ નૈરયિકોમાંથી ઉદ્વર્તે ? સત્ અસુરકુમારોમાંથી ઉદ્વર્તે છે કે અસત્ અસુર કુમારોમાંથી ઉદ્વર્તે, યાવત્ સત્ વૈમાનિકોમાંથી ચ્યવે કે અસત્ વૈમાનિકોમાંથી ચ્યવે ?

ગાંગેય ! નૈરયિક જીવ, સત્ નૈરયિકોમાં ઉપજે અસત્ નૈરયિકોમાં નહીં. અસુરકુમારદેવ, સત્ અસુરકુમારમાં ઉપજે, અસત્ અસુરકુમારમાં નહીં. યાવત્ સત્ વૈમાનિકોમાં ઉપજે, અસત્ વૈમાનિક નહીં.

સત્ નૈરયિકોમાંથી ઉદ્વર્તે, અસત્ નૈરયિકોમાંથી નહીં યાવત્ વૈમાનિક, સત્ વૈમાનિકોમાંથી ચ્યવે, અસત્ વૈમાનિકોમાંથી ચ્યવતા નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું કે સત્ નૈરયિકોમાંથી ઉપજે, અસત્ નૈરયિકોમાંથી નહીં

યાવત્ સત્ વૈમાનિકોમાંથી ચ્યવે, અસત્ વૈમાનિકોમાંથી નહીં ?

ગાંગેય ! નિશ્ચિતપણે પુરુષાદાનીય પાર્શ્વ અરહંતે લોકને શાશ્વત, અનાદિ, અનંત કહ્યો છે, જેમ પાંચમાં શતકમાં કહ્યું તેમ જાણવું યાવત્ જે અવલોકાય તે લોક, તેથી ગાંગેય! એમ કહેવાય છે કે યાવત્ સત્ વૈમાનિકોમાંથી ચ્યવે છે, અસત્ વૈમાનિકોમાંથી ચ્યવતો નથી.

ભગવન્ ! આપ સ્વયં આ પ્રમાણે જાણો છો કે અસ્વયં જાણો છો ? સાંભળ્યા વિના જાણો છો કે સાંભળીને જાણો છો ? કે સત્ નૈરયિકો ઉપજે છે, અસત્ નહીં યાવત્ સત્ વૈમાનિકો ચ્યવે છે, અસત્ નહીં ?

ગાંગેય! આ હું સ્વયં જાણુ છું, અસ્વયં નહીં. સાંભળ્યા વિના આ જાણુ છું, સાંભળીને નહીં કે સત્ નૈરયિકો ઉપજે છે, અસત્ નહીં. યાવત્ સત્ વૈમાનિક ચ્યવે છે, અસત્ નહીં. ભગવન્ ! આમ કેમ કહો છો?

ગાંગેય ! કેવલજ્ઞાની પૂર્વમાં માર્યાદિત પણ જાણે છે, અમર્યાદિત પણ જાણે છે. એ જ રીતે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર આડી દિશામાં પણ જાણે છે. એ પ્રમાણે સંપૂર્ણ કથન જેમ શતક– ૬ 'શબ્દ ઉદ્દેશક'માં કહ્યું તેમ જાણવું યાવત્ કેવળીનું જ્ઞાન નિરાવરણ હોય છે, તેથી હે ગાંગેય ! એમ કહ્યું કે હું સ્વયં જાણું છું ઈત્યાદિ.

ભગવન્ ! નૈરયિકો, નૈરયિકમાં શું સ્વયં ઉપજે કે અસ્વયં ઉપજે ? ગાંગેય ! નૈરયિકો, નૈરયિકમાં સ્વયં ઉપજે, અસ્વયં નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ?

ગાંગેય! કર્મના ઉદયથી, કર્મના ગુરુપણાથી, કર્મના ભારેપણાથી, કર્મોના અતિ ગુરુપણાઅને ભારેપણાથી, અશુભ કર્મોના ઉદયથી, અશુભ કર્મોના વિપાકથી, અશુભ કર્મોના ફળવિપાકથી નૈરયિકો, નૈરયિકમાં સ્વયં ઉપજે છે – અસ્વયં ઉપજતા નહીં, તેથી એ પ્રમાણે કહ્યું.

ભગવન્ ! અસુરકુમારો શું સ્વયં ઉપજે કે અસ્વયં ઉપજે ? ગાંગેય! અસુરકુમારો સ્વયં ઉપજે છે, અસ્વયં યાવત્ ઉપજતા નથી. ભગવન્! એમ કેમ કહ્યું ? ગાંગેય ! કર્મના ઉદયથી, અશુભ કર્મોના ઉપશમથી, અશુભ કર્મોના અભાવથી, કર્મોની વિશોધિથી, કર્મોની વિશુદ્ધિથી, શુભકર્મોના ઉદયથી, શુભકર્મોના વિપાકથી, શુભકર્મોના ફળ વિપાકથી અસુરકુમારો, અસુરકુમારપણામાં સ્વયં ઉપજે છે, અસ્વયં ઉપજતા નથી. તેથી આ પ્રમાણે કહ્યું છે. સ્તનિત કુમાર સુધી આ પ્રમાણે જાણવું .

ભગવન્ ! શું પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકોમાં સ્વયં ઉપજે છે કે અસ્વયં? ગાંગેય ! પૃથ્વીકાયિકો સ્વયં યાવત્ ઉપજે છે, અસ્વયં ઉપજતા નથી. તેથી આ પ્રમાણે કહ્યું છે.

એ પ્રમાણે યાવત્ મનુષ્યો જાણવા. વ્યંતર, જ્યોતિષ્કો, વૈમાનિકો અસુરકુમાર માફક કહેવા. તેથી હે ગાંગેય! એમ કહ્યું કે વૈમાનિકો યાવત્ સ્વયં ઉપજે છે, અસ્વયં યાવત્ ઉપજતા નથી.

સૂત્ર–૪૫૯

ત્યાર પછી, તે ગાંગેય અણગારે શ્રમણ ભગવાન મહાવીરને સર્વજ્ઞ, સર્વદર્શી રૂપે જાણ્યા. પછી તેણે શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વદન– નમસ્કાર કર્યા. વંડી–નમીને પછી આમ કહ્યું – ભગવન્ ! હું તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે પાંચ મહાવ્રત અને સપ્રતિક્રમણ ધર્મ અંગીકાર કરવા ઇચ્છું છું. ઈત્યાદિ સર્વ વર્ણન શતક–૧ માં જેમ કાલાસ્યવૈશિક પુત્રમાં કહ્યું તેમ કહેવું યાવત્ તે સર્વ દુઃખથી મુક્ત થયા.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

## શતક-૯, ઉદ્દેશા-૩૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૯, ઉદ્દેશો-૩૩ 'કુંડગ્રામ'

સૂત્ર–૪૬૦ થી ૪૬૨

૪૬૦. તે કાળે, તે સમયે બ્રાહ્મણકુંડગ્રામ નગર હતું. વર્ણન. બહુશાલ ચૈત્ય હતું. ( બંનેનું વર્ણન ઉવવાઈ

સૂત્ર અનુસાર જાણવું) તે બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો. તે ઋદ્ધિવાન, તેજસ્વી, ધનવાન યાવત્ અનેક પુરુષો દ્વારા અપરિભૂત હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ આદિમાં નિપુણ હતો. શતક–૨ માં કહેલ સ્કંદક યાવત્ બીજા ઘણા બ્રાહ્મણોના અનેક નય શાસ્ત્રોમાં સુપરિનિષ્ઠિત હતો.

તે શ્રાવક, જીવાજીવનો જ્ઞાતા, પુણ્ય–પાપ તત્ત્વ ઉપલબ્ધ યાવત્ આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

તે ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનંદા નામે બ્રાહ્મણી પત્ની. હતી. તેણી સુકુમાલ હાથ–પગવાળી યાવત્ પ્રિયદર્શના, સુરૂપા, શ્રાવિકા, જીવાજીવની જ્ઞાતા, પુણ્ય–પાપ તત્વોપલબ્ધા હતી.

તે કાળે, તે સમયે ભગવંત મહાવીરસ્વામી પધાર્યા, પર્ષદા યાવત્ પર્યુપાસે છે.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ આ વૃત્તાંતને જાણીને હર્ષિત યાવત્ આનંદિત હૃદય થયો. જ્યાં દેવાનંદા બ્રાહ્મણી હતી ત્યાં આવીને દેવાનંદા બ્રાહ્મણીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયા ! આદિકર, શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્રથી યાવત્ સુખે સુખે વિચરતા બહુશાલ ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને સ્વીકારીને, યાવત્ વિચરી રહ્યા છે.

હે દેવાનુપ્રિયા! તથારૂપ અરિહંત ભગવંતના નામ–ગોત્રનું શ્રવણ પણ મહાફળને દેનારૂ છે , તો પછી તેમની સન્મુખ જવું, વંદન–નમસ્કાર કરવા, પ્રતિપૃચ્છના અને પર્યુપાસના કરવી આદિના ફળનું તો કહેવું જ શું ?

એક પણ આર્ય ધાર્મિક સુવચનની શ્રવણતા થી મહાફળ થાય. તો વિપુલ અર્થની ગ્રહણતાથી કેટલો લાભ થાય ? આપણે ત્યાં જઈએ. ભગવન્ મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસીએ. તે આ ભવ અને પરભવના હિત–સુખ–ક્ષેમ–નિઃશ્રેયસ–આનુગામિકપણે થશે.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી, ઋષભદત્ત બ્રાહ્મણ પાસે આ પ્રમાણે સાંભળી હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદય થઈ, બે હાથ જોડી યાવત્ ઋષભદત્ત બ્રાહ્મણની આ વાતને વિનયથી સ્વીકારે છે.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે, કૌટુંબિક પુરુષોને બોલાવીને તેઓને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી જ શીઘ્ર ચાલનાર, પ્રશસ્ત, સદશરૂપવાળા, સમાન ખુર અને પૂંછવાળા, સમાન શીંગડાવાળા, સ્વર્ણ નિર્મિત કલાપોથી યુક્ત, ઉત્તમગતિક, ચાંદીની ઘંટડી યુક્ત, સ્વર્ણમય નાથ દ્વારા નાથેલ, નીલકમલની કલગીવાળા, બે ઉત્તમ–યુવા બળદોથી યુક્ત, અનેક મણિમય ઘંટીથી યુક્ત, ઉત્તમ કાષ્ઠમય યુગ અને જોતની ઉત્તમ બે દોરીથી યુક્ત, પ્રવરલક્ષણોપેત ધાર્મિક યાન પ્રવર તૈયાર કરીને ઉપસ્થિત કરો અને મારી આ આજ્ઞા પાછી આપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો, ઋષભદત્ત બ્રાહ્મણે આમ કહેતા, હર્ષિત યાવત્ સંતુષ્ટ હૃદયી થઈને, બે હાથ જોડી, એ પ્રમાણે સ્વામી ! તહત્તિ કહી, વિનયપૂર્વક આજ્ઞા વચનને યાવત્ સ્વીકારીને, જલદીથી શીઘ્રગામી યાવત્ ધાર્મિક યાનપ્રવર જોડીને ઉપસ્થિત કર્યું યાવત્ તેમની આજ્ઞા પાલન થયાની સૂચના આપી.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ સ્નાન કરીને યાવત્ અલ્પ, મહાર્ઘ આભરણથી શરીર અલંકારીને પોતાના ઘેરથી નીકળી યાવત્ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા, જ્યાં ધાર્મિક યાન પ્રવર હતું ત્યાં આવે છે. ત્યાં આવીને ધાર્મિક યાન પ્રવર ઉપર આરૂઢ થયો.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીએ પણ અંતઃપુરમાં સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા. ઉત્તમ પદને પ્રાપ્ત નેપૂર, મણિ, મેખલા, હાર વિરચિત, ઉચિત કડગ, ખુડ્ડા, એકાવલી, કંઠસૂત્ર, હૃદયસ્થ ગ્રૈવેયક, શ્રોણિસૂત્ર, વિવિધ મણિરત્ન ભૂષણ વિરાજિત શરીરી, ચીનાંશુક ઉત્તમ વસ્ત્ર પરિહિત, દુકુલ સુકુમાલ ઉત્તરીય, સર્વઋતુક સુરભિ કુસુમથી વેણી, ઉત્તમ ચંદન, ઉત્તમ આભરણથી ભૂષિત શરીરવાળી, કાલાગરુ–ધૂપ–ધૂપિત શ્રી સમાન વેશવાળી યાવત્ અલ્પ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઇ.

ત્યારે અનેક કુબ્જા–ચિલાતી–વામની–વડભી–બર્બરી–ઈસીગણિતા, ચારુગણિતા, પલ્લવિતા, લ્હાસિકી, લકુશી, આરબી, દમિલી, સિંઘલી, પુલીંદી, પુષ્કલી, મુરુંડી, શબરી, પારસી, વિવિધ દેશની, વિદેશપરિપંડિતા, ઇંગિત–

ચિંતિત–પ્રાર્થિતને જાણનારી, પોતાના દેશ–નેપથ્યના વેશને ગ્રહણ કરેલી, કુશલ, વિનીત, દાસીઓથી પરીવરેલ, વૃદ્ધ કંચુકીઓ, માન્ય પુરુષોના વૃંદ સાથે પોતાના અંતઃપુરથી નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં ધાર્મિક યાન પ્રવર છે, ત્યાં આવીને, ધાર્મિક યાનમાં બેઠી.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદા બ્રાહ્મણી સાથે ધાર્મિક યાન પ્રવરમાં આરૂઢ થઈને, પોતાના નિજક, પરિવારથી સંપરિવૃત્ત થઈ બ્રાહ્મણકુંડગ્રામ નગરની ઠીક મધ્યમાં થઈને નીકળે છે. નીકળીને બહુશાલ ચૈત્યે આવે છે. ત્યાં આવીને છત્ર આદિ તીર્થંકર ભગવંતના અતીશય જોઈને ધાર્મિક યાન પ્રવર રોકે છે, રોકીને, ધાર્મિક યાન પ્રવરથી ઊતરીને ભગવંત મહાવીરની પાસે પંચવિધ અભિગમથી જાય છે. તે આ – ૧.સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, એ પ્રમાણે જેમ બીજા શતકમાં છે તેમ કહેવું યાવત્ ત્રણ પ્રકારની પર્યુપાસનાથી સેવે છે.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી ધાર્મિક યાન પ્રવરથી ઉતરીને અનેક કુબ્જા યાવત્ મહત્તરકના વૃંદથી પરિવૃત્ત થઈને ભગવાન મહાવીરની પાસે પંચવિધ અભિગમથી જાય છે. તે આ – ૧. સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, ૨. અચિત્ત દ્રવ્યને ન છોડીને, ૩. વિનયથી શરીર નમાવીને, ૪. ભગવંતને જોતા જ બે હાથની અંજલી જોડીને, ૫. મનને એકાગ્ર કરીને. આ પાંચ અભિગમપૂર્વક શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને, ઋષભદત્ત બ્રાહ્મણને આગળ કરીને ઊભી. સપરિવાર શુશ્રૂષા કરતી એવી નમન કરતી એવી, વિનયથી અંજલી જોડીને સન્મુખ રહી યાવત્ પર્યુપાસે છે.

**૪૬૧.** ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીને પાનો ચઢ્યો – સ્તનથી દૂધની ધારા છૂટી, લોચનો વિકસિત થયા, હર્ષથી ફૂલતી બાહાને કડાએ રોકી, કંચૂક વિસ્તીર્ણ થયો, મેઘની ધારાથી વિકસિત કદંબ પુષ્પવત્ તેના રોમકૂપ વિકસિત થયા, ભગવંતને અનિમેષ દૃષ્ટિથી જોતી–જોતી ઊભી રહી.

ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને, આમ કહ્યું – ભગવન્ ! આ દેવાનંદા બ્રાહ્મણીને કેમ સ્તનથી દૂધની ધારા છૂટી યાવત્ રોમકૂપ વિસ્કવર થયા, આપને અનિમેષ દૃષ્ટિએ જોતી–જોતી ઊભી છે ?

ભગવંતે ગૌતમને આમ કહ્યું – ગૌતમ ! નિશ્ચે દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે. હું દેવાનંદા બ્રાહ્મણીનો આત્મજ છું. ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીને તે પૂર્વના પુત્રના સ્નેહાનુરાગથી સ્તનથી દૂધની ધારા છૂટી યાવત્ તેણીના રોમકૂપ વિકસ્વર થયા અને મને અનિમેષ દૃષ્ટિએ જોતા–જોતા ઊભા છે.

**૪૬૨.** ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઋષભદત્ત બ્રાહ્મણ, દેવાનંદા બ્રાહ્મણી અને તે મહામોટી ઋષિ પર્ષદા આદિને ધર્મ કહ્યો. યાવત્ પર્ષદા પાછી ફરી.

ત્યારે ઋષભદત્ત બ્રાહ્મણે ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત–સંતુષ્ટ થઈને ઊભો થયો, પછી ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ વંદન–નમસ્કાર કરીને આમ કહ્યું – ભગવન્ ! તે એમ જ છે, તે એ પ્રમાણે છે, શતક–૨ માં સ્કંદકની માફક યાવત્ જેમ આપ કહો છો, તે એ જ પ્રકારે છે, એમ કહીને ઈશાન ખૂણામાં જઈને, સ્વયં જ આભરણ અલંકાર ઊતાર્યા, ઊતારીને જાતે જ પંચમુષ્ટી લોચ કર્યો. કરીને ભગવંત મહાવીર પાસે આવીને, ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું –

ભગવન્ ! આલોક ચોતરફથી સળગી રહ્યો છે, ભગવન્ ! આ લોક પ્રદીપ્ત છે, ભગવન્ ! આ લોક આલિત્ત–પ્રદીપ્ત છે, ભગવન્ ! આલોક જરામરણથી યુક્ત છે. એ પ્રમાણે એ ક્રમથી જેમ સ્કંદકમાં કહ્યું, તેમ પ્રવ્રજિત થઈને યાવત્ સામાયિક આદિ ૧૧ અંગને ભણ્યો યાવત્ ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ યાવત્ વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત કરતા ઘણા વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે ભેદીને જે હેતુથી નગ્ન ભાગ સ્વીકારેલ, તે અર્થને આરાધે છે. યાવત્ તે અર્થને આરાધીને તેઓ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

તે દેવાનંદા બ્રાહ્મણીએ પણ ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારીને હર્ષિત, તુષ્ટિત થઈ, ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને, આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! આપ જે કહો છો તે એમ જ છે, તેમ જ છે. એ રીતે ઋષભદત્ત બ્રાહ્મણ માફક યાવત્ ધર્મ સાંભળ્યો પછી નિવેદન કર્યું કે–

ભગવન્ ! હું પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું. પછી ભગવંતે સ્વયં જ દેવાનંદા બ્રાહ્મણીને પ્રવ્રજિત કર્યા, પોતે જ આર્યા ચંદનાને શિષ્યારૂપે આપ્યા. પછી આર્યા ચંદનાએ, આર્યા દેવાનંદાને આ આવા પ્રકારનો ધર્મોપદેશ સારી રીતે સ્વીકારાવ્યો, તેમની આજ્ઞાથી જ તેણી જાય છે યાવત્ સંયમથી સંયમિત રહે છે. આર્યા ચંદના પાસે આર્યા દેવાનંદા ૧૧–અંગોનો અભ્યાસ કરી યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

## સૂત્ર–૪૬૩

તે બ્રાહ્મણકુંડગ્રામ નગરની પશ્ચિમમાં ક્ષત્રિયકુંડગ્રામ નામે નગર હતું, (વર્ણન). તે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં જમાલિ નામે ક્ષત્રિયકુમાર વસતો હતો, તે ઋદ્ધિમાન્, તેજસ્વી આદી ગુણસંપન્ન હતો યાવત્ અનેક મનુષ્યથી અપરિભૂત હતો. તે પોતાના ઉત્તમ ભવનમાં રહેતો હતો.

તે ભવનમાં મૃદંગવાદ્યનો સ્પષ્ટ ધ્વનિ થઈ રહ્યો છે, બત્રીસ પ્રકારના નાટકોના અભિનય અને નૃત્ય થઈ રહ્યા છે, અનેક પ્રકારની સુંદર તરુણીઓ દ્વારા નૃત્ય અને ગુણગાન કરાઈ રહ્યા છે, તેની પ્રશંસાથી ભવન ગૂંજી રહેલ છે, ખુશી મનાવાઈ રહી હતી. તેવા પોતાના ઊંચા, શ્રેષ્ઠ પ્રાસાદ–ભવનમાં પ્રાવૃટ્ વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ આ છ ઋતુઓમાં પોતાના વૈભવ મુજબ આનંદ મનાવતો, સમય વિતાવતો, મનુષ્યસંબંધી પાંચ પ્રકારના ઈષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધવાળા કામભોગોને અનુભવતો રહ્યો છે.

ત્યારે ક્ષત્રિયકુંડગ્રામ નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર યાવત્ ઘણા લોકોના શબ્દોથી જેમ 'ઉવવાઈ' સૂત્રમાં છે તેમ યાવત્ આ પ્રમાણે પ્રજ્ઞાપના, પ્રરૂપણા કરી.

હે દેવાનુપ્રિયો ! આદિકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર બહુશાલ ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે.

હે દેવાનુપ્રિયો! તથારૂપ અરહંત ભગવંતના નામ–ગોત્રાદિ શ્રવણથી મહાફળ થાય છે. એ રીતે જેમ 'ઉવવાઈ' સૂત્રમાં છે તેમ યાવત્ ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચથી એકાભિમુખ થઈને નીકળે છે, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડ ગ્રામ નગર છે, જ્યાં બહુશાલ ચૈત્ય છે, એ પ્રમાણે યાવત્ 'ઉવવાઈ' સૂત્ર મુજબ યાવત્ ત્રિવિધે પર્યુપાસનાથી સેવે છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર, તે મહાજન શબ્દને યાવત્ લોકસન્નિવાતને સાંભળીને–જોઈને આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ સમુત્પન્ન થયો. શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઈન્દ્ર–સ્કંદ–મુકુંદ–નાગ–યક્ષ–ભૂત–કૂપ–તડાગ–નદી–દ્રહ–પર્વત–વૃક્ષ–ચૈત્ય કે સ્તૂપ સંબંધ મહોત્સવ છે શું ? કે જેથી આ ઘણા ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય, ક્ષત્રિય–ક્ષત્રિયપુત્રો, ભટ–ભટપુત્રો, જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યું તેમ યાવત્ સાર્થવાહ આદિ સ્નાન કરીને, બલિકર્મ કરીને જેમ 'ઉવવાઈ'માં છે યાવત્ જઈ રહ્યા છે ?

એ પ્રમાણે વિચારીને કંચૂકી પુરુષોને બોલાવે છે, તેઓને પૂછે છે કે – હે દેવાનુપ્રિય! ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં શું આજે ઈન્દ્ર મહોત્સવ છે ? યાવત્ લોકો બહાર જઈ રહ્યા છે ? ત્યારે તે કંચૂકી પુરુષે જમાલિ ક્ષત્રિયકુમારે આ પ્રમાણે પૂછતા હર્ષિત, તુષ્ટિત થઈને, શ્રમણ ભગવંત મહાવીરનું આગમન જાણીને, નિશ્ચય કરીને, બે હાથ જોડી, જમાલિકુમારને જય–વિજય વડે વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઈન્દ્રમહોત્સવ નથી, યાવત્ તે માટે લોકો બહાર જતા નથી, પણ હે દેવાનુપ્રિય ! આજે સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવંત મહાવીર યાવત્ બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર બહુશાલ ચૈત્યમાં યથા પ્રતિરૂપ અવગ્રહ લઈને યાવત્ વિચરી રહ્યા છે. તે કારણથી આ ઘણા ઉગ્ર, ભોગ યાવત્ કેટલાક વંદનના હેતુથી યાવત્ બહાર જઈ રહ્યા છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે કંચૂકી પુરુષો પાસે આ વાત સાંભળી, અવધારી, હર્ષિત, તુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! જલદીથી ચાતુર્ઘંટ અશ્વરથને જોડીને ઉપસ્થાપિત કરો, ઉપ–સ્થાપિત કરીને મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો જમાલિ ક્ષત્રિયકુમારે આમ કહેતા યાવત્ તેમની આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું. જેમ 'ઉવવાઈ'માં પર્ષદા વર્ણન છે, તેમ કહેવું યાવત્ શરીર ઉપર ચંદનનું વિલેપન કર્યું, સર્વાલંકારથી વિભૂષિત થઈ સ્નાનગૃહથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને, ચાતુર્ઘંટ અશ્વરથ ઉપર આરૂઢ થયો. થઈને કોરંટપુષ્પની માળાથી યુક્ત છત્રને ધારણ કર્યુ, મોટા–મોટા સુભટ, દાસ, પથદર્શકાદિના વૃંદથી પરીવરીને ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની વચ્ચોવચ્ચથી નીકળ્યો. નીકળીને બ્રાહ્મણકુંડગ્રામ નગરે જ્યાં બહુશાલ ચૈત્ય છે, ત્યાં આવ્યો–આવીને ઘોડાને રોક્યા, રોકીને ત્યાં રથને સ્થાપન કર્યો, રથથી ઊતર્યો.

ત્યારપછી પુષ્પ, તંબોલ, આયુધ આદિ, તથા ઉપાનહનો ત્યાગ કર્યો, કરીને એકશાટિક ઉત્તરાસંગ કર્યું, ચોખ્ખો થયો, પરમ શૂચિભૂત થઈને મસ્તકે બે હાથની અંજલિ કરીને, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો. આવીને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ ત્રિવિધ પર્યુપાસનાથી પર્યુપાસે છે.

ત્યારે તે શ્રમણ ભગવંત મહાવીરે જમાલિ ક્ષત્રિયકુમાર અને તે મોટી–મોટી ઋષિ પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી. ત્યારે તે જમાલિએ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત થઈ યાવત્ ઉત્થાનથી ઊભા થઈને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની હું શ્રદ્ધા કરું છું, હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની રુચિ કરું છું, હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની પ્રતીતિ કરું છું, હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનને માટે અભ્યુદ્યત થયો છું,

ભગવન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, તે પ્રમાણે છે, સત્ય છે, તથ્ય છે, અવિતથ છે, અસંદિગ્ધ છે, યાવત્ જે પ્રમાણે તમે કહો છો તે પ્રમાણે જ છે. પરંતુ હે દેવાનુપ્રિય! હું મારા માતા–પિતાને પૂછીને, પછી આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેવા ઈચ્છું છું.

હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો(ધર્મકાર્યમાં સમય માત્રનો પ્રમાદ–વિલંબ ન કરો).

સૂત્ર–૪૬૪

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર શ્રમણ ભગવંત મહાવીર વડે એ પ્રમાણે કહેવાતા હર્ષિત અને સંતુષ્ટ થઈને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી. યાવત્ વંદન નમસ્કાર કરીને, તે જ ચાતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થઈને શ્રમણ ભગવંત મહાવીરની પાસે બહુશાલક ચૈત્યથી નીકળે છે, નીકળીને કોરંટ પુષ્પની માળાયુક્ત છત્રને ધારણ કરીને મહાન ભટ્ટ, ચડગર યાવત્ પરીવરીને જ્યાં ક્ષત્રિયકુંડગ્રામ નગર છે, ત્યાં આવે છે. આવીને ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચથી જ્યાં પોતાનું ઘર છે, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે. આવીને ઘોડાને રોકે છે. રોકીને રથને સ્થાપે છે. સ્થાપીને રથમાંથી ઊતરે છે, ઊતરીને જ્યાં અભ્યંતર ઉપસ્થાન શાળા છે, જ્યાં માતાપિતા છે, ત્યાં આવે છે.

ત્યાં આવીને માતા–પિતાને જય–વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું – નિશ્ચયથી હે માતા–પિતા ! મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને ઈષ્ટ, પ્રતિષ્ટ, અભિરુચિકર લાગ્યો છે. ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના માતા–પિતા આમ બોલ્યા – હે પુત્ર ! તું ધન્ય છે, તું કૃતાર્થ છે, તું કૃતપુન્ય છે, તું કૃતલક્ષણ છે, જે તે શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ તને ઈષ્ટ, પ્રતિષ્ટ, રુચિકર લાગ્યો છે.

ત્યારે જમાલિ ક્ષત્રિયકુમાર, માતાપિતાને બીજી વખત પણ આમ કહ્યું કે – નિશ્ચયથી મેં ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, તે ધર્મ મને ઈષ્ટ, પ્રતિષ્ટ, અભિરુચિકર લાગ્યો છે. હે માતાપિતા ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન

થયો છું, જન્મ–જરા–મરણથી ભયભીત થયો છું, તેથી હે માતા–પિતા ! હું તમારી અનુજ્ઞા પામીને શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈને, ઘરથી નીકળી(ગૃહવાસનો ત્યાગ કરી), અણગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની માતા, તેની ઉપરોક્ત અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ, અશ્રુતપૂર્વ વાણી સાંભળી, સમજીને, રોમ–કૂપથી વહેતા પસીનાથી તેણીનું શરીર ભીંજાઈ ગયું, શોકના ભારથી તેણીના અંગે અંગ કાંપવા લાગ્યા, નિસ્તેજ, દીન–વિમનસ્ક વચના, હથેળીથી મસળેલ કમળની માળાની જેમ તેનું શરીર મુરઝાઈ ગયું, દુર્બળ થઈ ગયું, તેણી લાવણ્ય શૂન્ય, કાંતિરહિત, શોભાહીન થઈ ગઈ. આભૂષણ ઢીલા થઈ ગયા, હાથની શ્વેત ચૂડીઓ નીચે પડી ભાંગી ગઈ, ઉત્તરીય વસ્ત્ર શરીરથી હટી ગયું. મૂર્છાવશ તેણીની ચેતના નાશ પામી, તેણીનો સુકોમળ કેશરાશિ વિખરાઈ ગયો, કુહાડીથી છેદેલ ચંપકલતા માફક અને મહોત્સવ પૂરો થયા પછીના ઇન્દ્રદંડની માફક શોભાહીન થઈ. તેણીના સંબંધિજન ઢીલા થઈ ગયા, ધસ કરતી સર્વાંગસહિત પડી.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની માતા સંભ્રતાપૂર્વક અહીં–તહીં પડતી એવી માતા ઉપર દાસીઓએ જલદી સ્વર્ણ કળશના મુખતી નીકળતી શીતળ, નિર્મલ જલધારા સિંચીને શરીરને સ્વસ્થ કર્યું. પછી પંખા અને તાલપત્રના બનેલા પંખાથી જલકણ સહિત હવા નાંખી પછી અંતઃપુરના પરિજનોએ તેણીને આશ્વસ્ત કરી. તેણી રોતી–ક્રંદન કરતી–શોક કરતી– વિલાપ કરતી જમાલિ ક્ષત્રિયકુમારને આમ બોલી –

હે પુત્ર! તું અમારો એકમાત્ર પુત્ર છે. ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, આધારભૂત, વિશ્વાસ્ય, સંમત, બહુમત, અનુમત, આભૂષણોના પટારા સમાન, રત્ન, રત્નભૂત, જીવિત સમાન, હૃદયને આનંદ દેનાર, ઉંબરના પુષ્પ સમાન, તારું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન દુર્લભ હોય એમાં શું કહેવાનું ?

તેથી હે પુત્ર ! અમે તારો ક્ષણમાત્ર વિયોગ પણ ઇચ્છતા નથી. તેથી જ્યાં સુધી અમે જીવીએ છીએ, ત્યાં સુધી તું અહીં જ રહે. ત્યારપછી અમારા મૃત્યુ બાદ, પરિપક્વ વયે, કુલવંશ કાર્યની વૃદ્ધિ થયા પછી, નિરપેક્ષ થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ, ઘરથી નીકળી દીક્ષા લેજે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા–પિતાને આ પ્રમાણે કહ્યું – હે માતાપિતા! હમણા જે તમે કહ્યું કે – હે પુત્ર! તું અમારો એકમાત્ર પુત્ર છે. ઇષ્ટ છે યાવત્ દીક્ષા લેજે. પણ હે માતાપિતા! આ મનુષ્યભવ, અનેક જાતિ–જરા–મરણ–રોગ –શારીરિક માનસિક અનેક દુઃખોની વેદના, સેંકડો ઉપદ્રવોથી વ્યાપ્ત છે. અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સંધ્યાના રાગ સદશ, પાણીના કણીયા સમાન, તૃણના અગ્રભાગે રહેલા જળબિંદુ સમાન, સ્વપ્નદર્શનની ઉપમાવાળુ, વિદ્યુતલતા જેમ ચંચળ, અનિત્ય, સડણ–પડણ–વિધ્વંસણ ધર્મા, પૂર્વે કે પછી તેને અવશ્ય છોડવું પડશે.

વળી હે માતા–પિતા! કોણ જાણે છે કે પહેલાં કોણ જશે, પછી કોણ જશે ? તેથી હે માતાપિતા ! હું આપની અનુજ્ઞા પામીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લેવા ઇચ્છું છું.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના માતાપિતાએ કહ્યું – હે પુત્ર ! તારું શરીર વિશિષ્ટ રૂપ, લક્ષણ, વ્યંજન, ગુણથી યુક્ત છે. ઉત્તમ બળ, વીર્ય, સત્વ યુક્ત છે, વિજ્ઞાનમાં વિચક્ષણ, સૌભાગ્ય ગુણથી ઉન્નત, કુલીન, મહાસમર્થ, વિવિધ વ્યાધિરોગ રહિત, નિરુપહત ઉદાત્ત, લષ્ટ, પંચેન્દ્રિય પટુ, પ્રથમ યૌવનસ્થ, અનેક ઉત્તમ ગુણથી સંયુક્ત છે.

તેથી હે પુત્ર! જ્યાં સુધી તું તેને અનુભવ. પછી અમારા મૃત્યુ બાદ, તું પરીપક્વ થઈને, કુલવંશની વૃદ્ધિ કરીને, નિરપેક્ષ થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ, ઘરથી નીકળી દીક્ષા સ્વીકાર.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા–પિતાને આમ કહ્યું – હે માતાપિતા! તમે જે મને એમ કહો છો કે – હે પુત્ર! તારું આ શરીર ઉત્તમ છે યાવત્ પ્રવ્રજ્યા લેજે. (પરંતુ)

નિશ્ચયથી હે માતાપિતા ! મનુષ્યનું શરીર દુઃખના આયતનરૂપ, વિવિક સેંકડો વ્યાધિના નિકેતરૂપ, અસ્થિરૂપ કાષ્ઠ ઉપર રહેલ છે, નાડી–સ્નાયુના જાળથી વેષ્ટિત છે, માટીના વાસણ જેવું દુર્બળ છે, અશુચિથી સંક્લિષ્ટ છે, તેને ટકાવી રાખવા, હંમેશા તેની સંભાળ રાખવી પડે છે. આ સડેલા મડદાની સમાન, જીર્ણ ઘર સરખું છે, સડવું–પડવું–

ગળવું તે તેનો સ્વભાવ છે. પહેલાં કે પછી અવશ્ય છોડવાનું છે.

હે માતાપિતા ! કોણ જાણે છે કે પહેલા કોણ જવાનું અને પછી કોણ જવાનું છે? યાવત્ હું દીક્ષા લેવા ઇચ્છું છું

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારને માતાપિતાએ આમ કહ્યું – હે પુત્ર! આ તારી ગુણ વલ્લભા, નિત્ય તારામાં ભાવાનુરક્ત, સર્વાંગ સુંદરી આઠ પત્નીઓ છે, જે વિશાળ કુળમાં ઉત્પન્ન નવયૌવન, સદૃશ ત્વચા–વય–લાવણ્ય–રૂપ–યૌવન –ગુણોથી યુક્ત છે. ઉત્તમ સદૃશ કુળમાંથી આણેલી છે. કળા–કુશળ–સર્વકાળ લાલિત્ય સુખ ઉચિત, માર્દવગુણ યુક્ત, નિપુણ, વિનય–ઉપચારમાં કુશળ, વિલક્ષણ છે. મંજુલ–મિત–મધુર–રમણીય–વિપ્રેક્ષિત ગતિ–વિશાળ ચેષ્ટા વિશારદ છે. નિર્દોષ કુળ, શીલથી શોભિત છે, વિશુદ્ધ કુળ–વંશ–સંતાન તંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ અને પૂર્ણ યૌવનવાળી છે, મનોનુકૂલ અને હૃદયને ઇષ્ટ છે.

હે પુત્ર! તું તેને ભોગવ. આમની સાથે વિપુલ માનુષ્ય કામભોગ ભોગવી, પછી ભુક્ત ભોગી થઈ, વિષય–વિકારમાં તારું કુતૂહલ સમાપ્ત થઈ જાય, અમે મૃત્યુ પામીએ પછી યાવત્ દીક્ષા સ્વીકાર.

ત્યારે જમાલિ ક્ષત્રિયકુમારે માતા–પિતાને આમ કહ્યું કે – હે માતાપિતા ! તમે જે મને એમ કહો છો કે આ તારી પત્નીઓ વિપુલ કુલની છે યાવત્ પછી દીક્ષા લે.

હે માતા–પિતા! આ માનુષી કામભોગો અશુચિ, અશાશ્વત, વમન–પિત્ત–કફ–શુક્ર–લોહીથી ઉત્પન્ન છે, મળ–મૂત્ર–શ્લેષ્મ–નાકનો મેલ–વમન–પિત્ત–શુક્ર–શોણિત યુક્ત છે. અમનોજ્ઞ, દુરૂપ, મૂત્ર–મળ આદિથી પૂર્ણ, મૃતક સમાન ગંધવાળા ઉચ્છ્વાસ અને અશુભ નિઃશ્વાસથી યુક્ત હોવાથી ઉદ્વેગજનક, બિભત્સ, અલ્પ–કાલિક, તુચ્છ સ્વભાવી, કલમલના સ્થાનરૂપ, દુઃખરૂપ, બહુજન સાધારણ, પરિક્લેશ યુક્ત દુઃખ સંજ્ઞા, અજ્ઞાની લોકો દ્વારા સેવિત, સદા સાધુઓ દ્વારા નિંદ્ય, અનંત સંસાર વર્ધક, કટુ ફળ વિપાક દેનાર, આગ સમાન, ન મૂકી શકાય તેવું અને દુઃખાનુબંધી, સિદ્ધિગમનમાં વિઘ્નરૂપ છે.

હે માતાપિતા! કોણ જાણે છે કે કોણ પહેલા જશે અને કોણ પછી જશે? તેથી હે માતા–પિતા! યાવત્ હું દીક્ષા લેવા ઇચ્છું છું.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારને માતા–પિતાએ આમ કહ્યું – હે પુત્ર! તારા પિતા, દાદા, દાદામહથી પ્રાપ્ત ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, વિપુલ ધન કનક યાવત્ સારરૂપ દ્રવ્ય છે. આટલું દ્રવ્ય યાવત્ સાત પેઢી સુધી પ્રચૂરપણે દેતા – ભોગવતા–ભાગ કરતા પણ ખતમ થાય તેમ નથી.

હે પુત્ર! વિપુલ માનુષ્ય ઋદ્ધિ સત્કાર સમુદયને અનુભવીને પછી કલ્યાણ પામીને, કુલતંતુની વૃદ્ધિ કરીને યાવત્ દીક્ષા સ્વીકાર.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતાપિતાને આમ કહ્યું – હે માતા–પિતા! જે તમે મને એમ કહો છો કે હે પુત્ર! આ પિતા, દાદા આદિની સંપત્તિ ભોગવી. યાવત્ દીક્ષા લે.

હે માતાપિતા! આ હિરણ્ય, સુવર્ણ યાવત્ દ્રવ્ય, અગ્નિ–ચોર–રાજા–મૃત્યુ–દાયાદ–અગ્નિ આદિને સ્વાધીન છે, વળી તે અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે. પૂર્વે કે પછી અવશ્ય છોડવાનું જ છે.

કોણ જાણે છે કે પહેલા કોણ જશે? યાવત્ દીક્ષા લેવી છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના માતા–પિતા જ્યારે વિષયને અનુકૂળ ઘણી યુક્તિઓ, વિજ્ઞપ્તિ(વિનંતી), પ્રજ્ઞપ્તિ(વિશેષ કથન), સંજ્ઞપ્તિ(સંબોધન), વિનવણી વડે કહેવા, બતાડવા, સમજાવવા કે વિનવવામાં સફળ ન થયા, ત્યારે વિષય પ્રતિકૂળ, સંયમ પ્રતિ ભય અને ઉદ્વેગજનક પ્રજ્ઞાપનાથી પ્રજ્ઞાપના કરતા આ પ્રમાણે કહ્યું –

હે પુત્ર! નિશ્ચયથી નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે, અનુત્તર છે, અદ્વિતીય છે, સંપૂર્ણ જેમ આવશ્યકમાં કહ્યું છે તેમ સંપૂર્ણપણે કહેવું. તે આ–એ પરિપૂર્ણ, ન્યાયયુક્ત, શુદ્ધ, શલ્યને કાપનાર, સિદ્ધિમાર્ગ, મુક્તિમાર્ગ, સર્વ દુઃખનો અંત કરનાર છે. પણ તે સર્પની માફક એકાંતદૃષ્ટિ, અસ્ત્રા જેવું એક ધારવાળુ, લોઢાના ચણા ચાવવા જેવું, રેતીના કોળીયા

જેવું સ્વાદરહિત, ગંગા મહાનદીના પ્રતિસ્રોતમાં ગમન કરવા જેવું, મહાસમુદ્રને ભૂજાથી તરવા સમાન, તીક્ષ્ણ ધાર ઉપર ચાલવા જેવું, મહાશીલા ઉપાડવા જેવું, તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે.

હે પુત્ર ! વળી નિર્ગ્રન્થ શ્રમણોને આટલી બાબત અકલ્પ્ય છે – ૧.આધાકર્મિક, ૨.ઔદ્દેશિક, ૩.મિશ્રજાત, ૪.અધ્યવપૂરક, ૫.પૂતિકર્મ, ૬.ક્રીત, ૭.પ્રામીત્ય, ૮.આચ્છેદ્ય, ૯.અનિસૃષ્ટ, ૧૦.અભ્યાહૃત, ૧૧.કાંતારભક્ત, ૧૨.દુર્ભિક્ષભક્ત, ૧૩.ગ્લાનભક્ત, ૧૪.વર્દલિકાભક્ત, ૧૫.પ્રાઘુર્ણકભક્ત, ૧૬.શય્યાતરપિંડ, ૧૭.રાજપિંડ, તેમજ ૧૮. મૂળભોજન, ૧૯.કંદભોજન, ૨૦.ફળભોજન, ૨૧.બીજભોજન, ૨૨.હરિતભોજન, ખાવું કે પીવું કલ્પતું નથી.

હે પુત્ર! તું સુખ ભોગવવા યોગ્ય છે, દુઃખ ભોગવવા યોગ્ય નથી.

તું ૧.શીત, ૨.ઉષ્ણ, ૩.ક્ષુધા, ૪.તૃષા, ૫.ચોર, ૬.વ્યાલ, ૭.દંસ–મસગ, ૮.વાત–પિત્ત–કફ–સંનિપાત, સંબંધી વિવિધ પ્રકારના રોગાંતક રૂપ ઉદીર્ણ પરીષહ–ઉપસર્ગ સહન કરવાને સમર્થ નથી,

તેથી હે પુત્ર! અમે ઇચ્છતા નથી કે તારો વિયોગ ક્ષણને માટે પણ થાય, માટે હે પુત્ર ! યાવત્ અમે જીવીએ છીએ ત્યાં સુધી તું ઘેર રહે. પછીથી યાવત્ તું પ્રવ્રજ્યા લેજે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતાપિતાને આમ કહ્યું – હે માતા–પિતા! તમે જે મને એમ કહ્યું કે હે પુત્ર! નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર છે, કેવલી પ્રરૂપિત છે યાવત્ ત્યાર પછી દીક્ષા લેજે.

પરંતુ હે માતા–પિતા! નિર્ગ્રન્થ પ્રવચન, મંદ શક્તિવાળાકલીબ, કાયર, કાપુરુષ(ડરપોક),આલોક પ્રતિબદ્ધ, પરલોકથી પરાંઙ્મુખ, વિષયભોગોની તૃષ્ણાવાળા, સાધારણ લોકોને માટે આચરવું દુષ્કર છે. પરંતુ ધીર, કૃત નિશ્ચયી, ઉપાયમાં પ્રવૃત્તને ખરેખર આમાનું કંઈપણ કરવું દુષ્કર નથી.

તેથી હે માતા–પિતા! હું આપની આજ્ઞાથી શ્રમણ ભગવંત મહાવીરની પાસે યાવત્ દીક્ષા લેવાને ઇચ્છું છું.

ત્યારે જમાલિ ક્ષત્રિયકુમારના માતાપિતા જ્યારે તેને વિષય અનુકૂળ કે વિષય પ્રતિકૂળ એવી ઘણી યુક્તિ, પ્રજ્ઞપ્તિ, સંજ્ઞપ્તિ અને વિજ્ઞપ્તિઓ વડે સમજાવવામાં યાવત્ વિનવણીમાં સફળ ન થયા, ત્યારે અનિચ્છાએ જમાલિ ક્ષત્રિયકુમારને દીક્ષા માટે અનુમતિ આપી.

સૂત્ર–૪૬૫

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે– હે દેવાનુપ્રિયો ! જલદીથી ક્ષત્રિયકુંડગ્રામ નગરને અંદર અને બહારથી સિંચીત, સંમાર્જિત અને ઉપલિપ્ત કરો. આદિ ઉવવાઈ સૂત્ર મુજબ યાવત્ કાર્ય કરીને તે પુરુષોએ આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ બીજી વખત કૌટુંબિક પુરુષને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી આ જમાલિ ક્ષત્રિયકુમારના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ વિપુલ એવા નિષ્ક્રમણ અભિષેકની તૈયારી કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે કર્યુ યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી જમાલિ ક્ષત્રિયકુમારના માતા–પિતાએ તે જમાલીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ કરી બેસાડ્યો, બેસાડીને ૧૦૮ સુવર્ણના કળશ ઇત્યાદિ જેમ રાયપ્પસેણઈય સૂત્રમાં છે તે મુજબ યાવત્ ૧૦૮ માટીના કળશોમાં સર્વ ઋદ્ધિ સાથે યાવત્ મહાશબ્દ સાથે નિષ્ક્રમણાભિષેક વડે અભિસિંચિત કર્યો, કરીને બે હાથ જોડી યાવત્ જય–વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું –

હે પુત્ર ! શું આપીએ ? શું સહયોગ દઈએ ? તમારે શાનું પ્રયોજન છે ?

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા–પિતાને આ પ્રમાણે કહ્યું – હે માતાપિતા! હું કૃત્રિકાપણમાંથી રજોહરણ અને પાત્ર મંગાવવા ઇચ્છું છું, તથા કાશ્યપ (વાણંદ)ને બોલાવવા ઇચ્છું છું.

ત્યારે જમાલિના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદીથી શ્રીગૃહથી ત્રણ લાખ મુદ્રા લાવીને, બે લાખ સુવર્ણમુદ્રા વડે કૃત્રિકાપણથી રજોહરણ અને પાત્ર લાવો તથા

એક લાખ સુવર્ણમુદ્રાથી વાણંદને બોલાવી લાવો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોને જમાલિકુમારના પિતાએ આ પ્રમાણે કહેતા તેઓ હર્ષિત, સંતુષ્ટ થયા. બે હાથ જોડી યાવત્ વચન સ્વીકારીને જલદીથી શ્રીગૃહથી ત્રણ લાખ સુવર્ણમુદ્રા લાવી કૃત્રિકાપણથી રજોહરણ અને પાત્ર મંગાવ્યા તથા વાણંદને બોલાવ્યો.

ત્યારે તે વાણંદ, જમાલિના પિતાના કૌટુંબિક પુરુષોએ બોલાવતા હર્ષિત, સંતુષ્ટ થઈને સ્નાન કર્યું, બલિકર્મ કર્યુ યાવત્ શરીરને અલંકારીને જ્યાં જમાલિના પિતા હતા, ત્યાં આવ્યો, આવીને, બે હાથ જોડી જમાલિના પિતાને જય–વિજય વડે વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય! જે મારે કરવા યોગ્ય છે, તેનો આદેશ આપો.

ત્યારે જમાલિના પિતાએ તે વાણંદને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! જમાલિ ક્ષત્રિયકુમારના નિષ્ક્રમણને યોગ્ય અગ્રકેશને ચાર આંગળ છોડીને અતિ પ્રયત્નપૂર્વક કાપી દે.

ત્યારે તે વાણંદ, જમાલિ ક્ષત્રિયકુમારના પિતા પાસે આ પ્રમાણે સાંભળીને હર્ષિત, સંતુષ્ટ થઈને, બે હાથ જોડીને યાવત્ બોલ્યો – હે સ્વામી! આપની આજ્ઞા શિરોધાર્ય છે. તેમના આજ્ઞા વચન વિનયપૂર્વક સ્વીકારીને સુગંધી ગંધોદક વડે હાથ–પગ ધોયા, પછી આઠ પડવાળા શુદ્ધ વસ્ત્રથી મુખ બાંધ્યુ, મુખ બાંધીને જમાલિ ક્ષત્રિયકુમારના નિષ્ક્રમણયોગ્ય અગ્રકેશ અતિ પ્રયત્નપૂર્વક ચાર અંગુલ છોડીને કાપ્યા.

ત્યારે તે જમાલિકુમારની માતાએ હંસલક્ષણ પટશાટકમાં તે અગ્રકેશને ગ્રહણ કર્યા, કરીને સુગંધી ગંધોદક વડે ધોયા. ધોઈને પ્રધાન અને શ્રેષ્ઠ ગંધ અને માળા દ્વારા તેની પૂજા કરી. કરીને શુદ્ધ વસ્ત્ર વડે બાંધ્યા, બાંધીને રત્નકરંડકમાં રાખ્યા.

ત્યારપછી જમાલિકુમારની માતા હાર, જલધારા, સિંદુવારના પુષ્પો અને ટૂટેલા મોતીની માળા સમાન, પુત્રના દુઃસહ વિયોગને કારણે આંસુ વહાવતી એવી આ પ્રમાણે કહે છે – આ વાળ. અમારા માટે ઘણી તિથિઓ, પર્વો, ઉત્સવો, યજ્ઞો અને ક્ષણોમાં અંતિમ દર્શન રૂપ થશે. એમ વિચારીને તે વાળને પોતાના ઓશીકાની નીચે મૂક્યા.

ત્યારપછી તે જમાલિકુમારના માતા–પિતા બીજી વખત ઉત્તર દિશાભિમુખ સિંહાસન રખાવ્યુ, રખાવીને બીજી વખત જમાલિ ક્ષત્રિયકુમારને શ્વેત–પિત ચાંદી–સોના.ના કળશોથી સ્નાન કરાવ્યુ. કરાવીને પદ્મ જેવા સુકોમળ સુગંધી કાષાયિક વસ્ત્રથી જમાલિના શરીરને લૂછ્યુ, લૂછીને સરસ ગોશીર્ષ ચંદન વડે શરીરને અનુલેપન કર્યું, કરીને નાકના નિઃશ્વાસના વાયુથી ઊડી જાય તેવા બારીક, નયનરમ્ય, વર્ણ અને સ્પર્શથી યુક્ત, ઘોડાની લાળથી પણ કોમળ, શ્વેત, સોનાના તારથી જોડેલ, મહાર્હ(મહા મૂલ્યવાન) અને હંસલક્ષણ પટશાટક પહેરાવ્યું. પહેરાવીને હાર અને અર્ધહાર પહેરાવ્યો. એ પ્રમાણે જેમ રાયપ્પસેણઈય સૂત્રમાં સૂર્યાભદેવના અલંકારોનું વર્ણન છે, તેવું અહીં પણ જાણવુ યાવત્ વિચિત્ર રત્નોથી જડિત મુગટ પહેરાવ્યો.

કેટલું વર્ણન કરીએ ? ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ અને સંઘાતિમ એવી ચાર પ્રકારની માળાઓથી કલ્પવૃક્ષ સમાન તે જમાલિ અલંકૃત અને વિભૂષિત કરાયો.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતા કૌટુંબિક પુરુષને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! જલ્દીથી, સેંકડો સ્તંભો વડે રચાયેલ, લીલા કરતી શાલભંજિકાથી યુક્ત ઇત્યાદિ જેમ રાયપ્પસેણઇય સૂત્રમાં વિમાનનું વર્ણન યાવત્ મણિરત્ન ઘંટિકાજાલથી ઘેરાયેલી, હજાર પુરુષો વડે વહન કરાતી શિબિકાને ઉપસ્થાપિત કરો, કરીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ યાવત્ તેમ કર્યું.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર કેશ–અલંકારથી, વસ્ત્રાલંકારથી, માલ્યાલંકાર અને આભરણાલંકારથી એમ ચતુર્વિધ અલંકારથી અલંકૃત કરાયેલા, પ્રતિપૂર્ણાલંકારથી સિંહાસનથી ઊભા થયા, થઈને શિબિકાને અનુપ્રદક્ષિણા કરતા શિબિકામાં આરૂઢ થયા. થઈને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની માતાએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, યાવત્ શરીરે હંસલક્ષણ પડશાટક ધારણ કરીને શિબિકાને પ્રદક્ષિણા કરતા શિબિકામાં આરૂઢ થઈ, થઈને જમાલીની જમણી બાજુ ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની ધાવમાતા સ્નાન કરીને યાવત્ અલંકૃત શરીરને રજોહરણ, પાત્ર લઈને શિબિકાને પ્રદક્ષિણા કરતા શિબિકા ઉપર આરૂઢ થઈ, આરૂઢ થઈને જમાલિના ડાબે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી –

ત્યારપછી જમાલિના પાછળના ભાગે શૃંગારના ઘર સમાન, સુંદર વેષવાળી, સુંદર ગતિવાળી યાવત્ રૂપ–યૌવન–વિલાસ યુક્ત, સુંદર સ્તન, જઘન આદિ યુક્ત હિમ, રજત, કુમુદ, કુંદપુષ્પ અને ચંદ્રમા સમાન, કોરંટક પુષ્પની માળાથી યુક્ત, શ્વેત છત્ર હાથમાં લઈને લીલાપૂર્વક ધારણ કરતી એવી ઊભી.

ત્યારે તે જમાલિના બંને પડખે બે સુંદર તરુણીઓ શૃંગારના ગૃહ સમાન, સુંદર યાવત્ યૌવનયુક્ત હતી, તે વિવિધ મણિકનક–રત્ન, વિમલ મહાર્હ સુવર્ણના ઉજ્જવલ વિચિત્ર દંડવાળા ચમચમતા અને શંખ–અંક–કુંદ–ચંદ્ર–જલબિંદુ–મથિત અમૃતના ફીણ સમાન શ્વેત ચામર લઈને લીલા સહિત વીંઝતી–વીંઝતી ઊભી રહી.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારની ઈશાન દિશામાં એક સુંદર તરુણી શૃંગારગૃહ સમાન યાવત્ યૌવનયુક્ત, પવિત્ર જળથી પરિપૂર્ણ, ઉન્મત્ત હાથીના મહામુખના આકાર સમાન શ્વેત રજતનિર્મિત કળશને હાથમાં લઈને ઊભી.

ત્યારપછી તે જમાલિની અગ્નિ દિશામાં એક સુંદર તરુણી શૃંગારના ઘર સમાન યાવત્ યૌવનથી યુક્ત હતી, તે વિચિત્ર સુવર્ણ દંડવાળા વીંઝણાને લઈને ઊભી રહી.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! સમાન વય–સમાન ત્વચા– સમાન દેખાવ– સમાન લાવણ્ય, રૂપ, યૌવન, ગુણોથી યુક્ત એવા, એક સમાન આભરણ–વસ્ત્ર–પરીકર ધારણ કરેલા ૧૦૦૦ શ્રેષ્ઠ કૌટુંબિક તરુણોને બોલાવો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ યાવત્ તે સ્વીકારીને જલદીથી એકસરખા દેખાતા, સમાન ત્વચાવાળા યાવત્ તરુણોને બોલાવ્યા.

જમાલિ ક્ષત્રિયકુમારના પિતાના આદેશથી કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવાયેલ ૧૦૦૦ તરુણો. હર્ષિત, તુષ્ટિત થયેલા, સ્નાન કરીને, બલિકર્મ કરીને, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરીને એક સમાન આભરણ, વસ્ત્ર, પરિકર યુક્ત થઈને જ્યાં જમાલિ ક્ષત્રિયકુમારના પિતા હતા ત્યાં આવ્યા, આવીને બે હાથ જોડી યાવત્ વધાવીને આ પ્રમાણે બોલ્યા – હે દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો કે જે અમારે કરવા યોગ્ય હોય.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ તે કૌટુંબિક સુંદર તરુણ હજાર પુરુષોને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ નિયોગને ગ્રહણ કરીને જમાલિ ક્ષત્રિયકુમારની શિબિકાનું પરિવહન કરો. ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની સહસ્રપુરુષવાહિની શિબિકાને વહન કરે છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની સહસ્ર પુરુષવાહિની શિબિકામાં આરૂઢ થયા ત્યારે તે શિબિકાની આગળ સર્વ પ્રથમ આ આઠ મંગલો અનુક્રમથી ચાલ્યા. તે આ – ૧.સ્વસ્તિક, ૨.શ્રીવત્સ, ૩.નન્દ્યાવર્ત, ૪.વર્ધમાનક, ૫.ભદ્રાસન, ૬.કળશ, ૭. મત્સ્યયુગલ, ૮.દર્પણ.

ત્યારપછી આ અષ્ટ મંગળની પાછળ પૂર્ણ કળશ–ભૃંગાર ચાલ્યો, ઇત્યાદિ જે પ્રમાણે 'ઉવવાઈ' સૂત્રમાં છે તે મુજબ યાવત્ ગગનતલચુંબિની ધજા આગળ અનુક્રમથી ચાલી. એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'સૂત્રમાં છે, તે પ્રમાણે કહેવું યાવત્ આલોક કરતા, જય–જય શબ્દનું ઉચ્ચારણ કરતા અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યાર પછી ઘણા ઉગ્રો, ભોગો ઇત્યાદિ જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યું તેમ યાવત્ મહાપુરુષોના વર્ગથી પરિવૃત્ત જમાલિ ક્ષત્રિયકુમારની આગળ, પાછળ, આસપાસ અનુક્રમે ચાલવા લાગ્યા.

ત્યારપછી જમાલિ ક્ષત્રિયકુમારના પિતા સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈને ઉત્તમ હાથીના સ્કંધ ઉપર ચડ્યા, કોરંટ પુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરી, શ્વેત ચામર વડે વીંઝાતા–વીંઝાતા,

ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાથી યુક્ત એવી ચાતુરંગિણી સેના સંપરિવૃત્ત મહા સુભટ, ચડગર યાવત્ પરિવૃત્ત થઈને જમાલિ ક્ષત્રિયકુમારની પાછળ–પાછળ ચાલ્યા.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારની આગળ મોટા–મોટા અશ્વો અને અસવારો તેમની આગળ, બંને પડખે હાથી અને મહાવતો, પાછળ રથ અને રથસમૂહ ચાલ્યા.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમાર સર્વ ઋદ્ધિ સહિત યાવત્ વાદ્ય આદિની સાથે ચાલ્યા, તેમની આગળ કળશ અને તાડપત્રના પંખા લીધેલા પુરુષો ચાલતા હતા. તેના મસ્તકે શ્વેતછત્ર ધારણ કરેલ હતું, તેમની બંને બાજુ શ્વેત ચામર અને પંખા વીંઝાતા હતા. તેમની પાછળ ઘણા લાઠીધારી, ભાલાધારી યાવત્ પુસ્તકધારી યાવત્ વીણાધારી, તેમની પાછળ ૧૦૮ હાથી, ૧૦૮ ઘોડા, ૧૦૮ રથ, તેમની પાછળ હાથમાં લાઠી–તલવાર કે ભાલાને લીધેલા ઘણા પદાતીઓ આગળ ચાલ્યા.

ત્યારપછી ઘણા રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિ આગળ ચાલ્યા યાવત્ વાજિંત્રાદિના અવાજો સાથે ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની વચ્ચોવચ્ચથી જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નગર, જ્યાં બહુશાલ ચૈત્ય, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં તે તરફ જવાને લાગ્યા.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર, ક્ષત્રિયકુંડગ્રામ નગરના મધ્યમાંથી થઈને જઈ રહ્યા હતા. ત્યારે શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, યાવત્ પથમાં ઘણા અર્થાર્થી ઈત્યાદિ જેમ 'ઉવવાઈ'માં કહ્યું છે તેમ યાવત્ અભિનંદતા, અભિસ્તવતા આ પ્રમાણે બોલ્યા –

હે નંદ! ધર્મ દ્વારા તમારો જય થાઓ – જય થાઓ, હે નંદ! તપ દ્વારા તમારો જય થાઓ, જય થાઓ, હે નંદ! તમારું કલ્યાણ થાઓ. તમે અભગ્ન એવા ઉત્તમ જ્ઞાન–દર્શન–ચારિત્ર વડે ન જિતેલાને જીતો, ઈન્દ્રિયોને જીતો, શ્રમણ ધર્મનું પાલન કરો, વિઘ્નોને પણ જીતો અને સિદ્ધિમાં જઈને વસો.

હે દેવ! તપ વડે ધૈર્યરૂપી કચ્છને અત્યંત દઢતાપૂર્વક બાંધીને, રાગ–દ્વેષરૂપી મલ્લને પછાડો. ઉત્તમ શુક્લધ્યાન દ્વારા આઠ કર્મશત્રુઓનું મર્દન કરો. હે ધીર! અપ્રમત્ત થઈને ત્રૈલોક્યના રંગમંચમાં આરાધનારૂપી પતાકાને ગ્રહણ કરો અને ફરકાવો. અંધકાર રહિત અનુત્તર કેવળજ્ઞાનને પ્રાપ્ત કરો. તથા જિનવર ઉપદિષ્ટ સરળ સિદ્ધિ માર્ગ ઉપર ચાલીને પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કરો, પરીષહ સેનાને નષ્ટ કરો, ઈન્દ્રિય ગ્રામના કંટકરૂપ ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરો. તમારું ધર્માચરણ નિર્વિઘ્ન થાઓ. આ પ્રમાણે અભિનંદતા, અભિસ્તવતા હતા.

ત્યારે તે ક્ષત્રિયકુમાર જમાલિ હજારો નયનમાલા વડે જોવાતા-જોવાતા, ઈત્યાદિ જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કૂણિક રાજામાં કહ્યું તેમ યાવત્ નીકળે છે, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નગર, જ્યાં બહુશાલ ચૈત્ય છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકરના છત્ર આદિ અતિશયને જુએ છે, જોઈને સહસ્રપુરુષવાહિની શિબિકાને સ્થાપે છે, સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકાથી ઊતરે છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા–પિતા આગળ કરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્ ! જમાલિ અમારો એકમાત્ર પુત્ર છે, અમને ઈષ્ટ, કાંત યાવત્ તેનું દર્શન દુર્લભ હોય, તેમાં કહેવાનું જ શું હોય? જેમ કોઈ કમલ, પદ્મ યાવત્ સહસ્ર દલકમલ કીચડમાં ઉત્પન્ન થઈને અને જળમાં વૃદ્ધિ પામીને પણ પંકરજથી લિપ્ત થતું નથી કે જલકણથી લિપ્ત થતું નથી, તેમ જમાલી ક્ષત્રિયકુમાર કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો, પરંતુ કામરજથી લેપાયો નહીં, ભોગરજથી લેપાયો નહીં, મિત્ર–જ્ઞાતિ–નિજક–સ્વજન–સંબંધી–પરિજનથી લેપાયો નહીં.

હે દેવાનુપ્રિય ! આ સંસાર ભયથી તે ઉદ્વિગ્ન થયો છે, આ જન્મ–મરણના ભયથી ભયભીત થયો છે. તેથી હે દેવાનુપ્રિય ! આપની પાસે મુંડિત થઈને ગૃહવાસથી નીકળી અનગાર ધર્મમાં પ્રવ્રજિત થઈ રહ્યો છે. તેથી અમે આપ

દેવાનુપ્રિયને આ શિષ્યભિક્ષા આપીએ છીએ. આપ દેવાનુપ્રિય ! આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે જમાલિ–ક્ષત્રિયકુમાર શ્રમણ ભગવંત મહાવીરે આવું કહ્યું ત્યારે હર્ષિત, સંતુષ્ટ થઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરીને ઈશાન દિશા ભાગમાં ગયો, જઈને પોતાની મેળે જ આભરણ અલંકાર ઊતાર્યા.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારની માતાએ હંસલક્ષણ પટશાટકમાં આભરણ અલંકારને ગ્રહણ કર્યા, કરીને હાર, જલધારા ઇત્યાદિ સમાન આંસુ પાડતી જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે બોલી – હે પુત્ર ! સંયમમાં પ્રવૃત્તિ કરજે, હે પુત્ર ! સંયમમાં યત્ન કરજે, સંયમમાં પરાક્રમ કરજે. આ વિષયમાં જરાપણ પ્રમાદ કરતો નહીં.

આ પ્રમાણે કહીને જમાલિ ક્ષત્રિયકુમારના માતાપિતાએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, કરીને જે દિશાથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા.

ત્યાર પછી જમાલિ ક્ષત્રિયકુમારે સ્વયં જ પંચમુષ્ટી લોચ કર્યો, કરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો, આવીને જે પ્રમાણે ઋષભદત્ત બ્રાહ્મણની દીક્ષાના વિષયમાં કહ્યું, તે પ્રમાણે જમાલિકુમારે દીક્ષા લીધી. વિશેષ એ કે – જમાલિકુમારે ૫૦૦ પુરુષો સાથે દીક્ષા લીધી. ત્યાર પછી ઋષભદત્ત ની માફક જ જમાલી અણગારે સામાયિક આદિ અગિયાર અંગો ભણ્યો. ભણીને ઘણા ચતુર્થ–છઠ્ઠ–અઠ્ઠમ યાવત્ માસક્ષમણ, અર્ધ માસક્ષમણ આદિ વિવિધ તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

### સૂત્ર–૪૬૬, ૪૬૭

૪૬૬. ત્યારપછી કોઈ દિવસે જમાલિ અણગાર જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવે છે, ત્યાં આવીને શ્રમણ ભગવન્ મહાવીરને વંદન–નમસ્કાર કરે છે, કરીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું ૫૦૦ અણગારો સાથે બહારના જનપદ વિહારમાં વિચરવા ઇચ્છુ છું. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે, જમાલિ અણગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો અને મૌન રહ્યા.

ત્યારે તે જમાલિ અણગારે શ્રમણ ભગવંત મહાવીરને બે વખત, ત્રણ વખત આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને ૫૦૦ અણગાર સાથે યાવત્ વિચરવા ઇચ્છુ છું.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે, જમાલિ અણગારના આ કથનને બીજી વાર, ત્રીજી વાર સાંભળીને પણ આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો અને મૌન રહ્યા.

ત્યારે તે જમાલિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર્યુ, નમન કર્યુ. વંદન–નમન કરીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી, બહુશાલ ચૈત્યથી નીકળ્યા, નીકળીને ૫૦૦ અણગારોની સાથે બહારના જનપદ વિહારથી વિચરવા લાગ્યા.

તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. તેમાં એક વનખંડ હતો. (અહી નગરી, ચૈત્ય, વનખાંડનું વર્ણન ઉવાવાઈ સૂત્ર અનુસાર જાણવું).

તે કાળે અને તે સમયે ચંપા નામક નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો. (અહી નગરી, ચૈત્ય, વનખાંડનું વર્ણન ઉવાવાઈ સૂત્ર અનુસાર જાણવું).

ત્યારે તે જમાલિ અણગાર અન્ય કોઈ દિવસે ૫૦૦ અણગારો સાથે સંપરિવૃત્ત થઈને, પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા, જ્યાં શ્રાવસ્તી નગરી હતી, જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, ત્યાં આવ્યા. ત્યાં આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ, અવગ્રહે છે. અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી વિચરતા યાવત્ સુખે સુખે વિહાર કરતા જ્યાં

ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં આવે છે, ત્યાં આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને સંયમ, તપથી આત્માને ભાવતા રહે છે.

ત્યારે તે જમાલિ અણગારને તેવા અરસ, વિરસ, અંત, પ્રાંત, રૂક્ષ, તુચ્છ, કાલાતિક્રાંત, પ્રમાણાતિક્રાંત, શીત પાન–ભોજન વડે અન્ય કોઈ દિવસે શરીરમાં વિપુલ રોગાંતક પ્રાદુર્ભાવ પામ્યો. તે રાગ ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, ચંડ, દુઃખરૂપ, દુર્ગ, તીવ્ર અને દુઃસહ હતો. તેમનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી દાહજ્વર વાળુ થયુ.

ત્યારે તે જમાલિ અણગારે વેદનાથી અભિભૂત થઈને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – દેવાનુપ્રિયો! તમે મારા માટે શય્યા–સંસ્તારક પાથરો. તૈયાર કરો..

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અણગારના આ કથનને વિનય વડે સ્વીકાર્યું, સ્વીકારીને જમાલિ અણગારનો શય્યા–સંસ્તારક તૈયાર કરવા લાગ્યા. ત્યારે તે જમાલિ અણગાર પ્રબલતર વેદનાથી પીડાતા હતા, તેથી બીજી વખત પણ શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવીને બીજી વખત પણ આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો! મારે માટે શય્યા–સંસ્તારક શું તૈયાર કર્યો કે તૈયાર કરી રહ્યા છો?

આ પ્રમાણે તેમને. કહેતા જાણીને, શ્રમણ નિર્ગ્રન્થોએ કહ્યું –સ્વામી! તૈયાર કરાય છે. ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અણગારને આ પ્રમાણે કહ્યું – આપ દેવાનુપ્રિયને માટે શય્યા–સંસ્તારક તૈયાર કરાયો નથી, પણ કરાઈ રહ્યો છે.

ત્યારે તે જમાલિ અણગારને આ વાત સાંભળીને. આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો કે – જે શ્રમણ ભગવંત મહાવીર આ પ્રમાણે કહે છે યાવત્ આ પ્રમાણે પ્રરૂપે છે કે નિશ્ચયથી ચાલતું–ચાલ્યું, ઉદીરાતુ–ઉદીરાયુ, યાવત્ નિર્જરાતુ–નિર્જર્યું, તે ખોટું છે. આ પ્રત્યક્ષ દેખાય છે કે શય્યા સંસ્તાર કરાતો હોય ત્યારે અકૃત છે, પથરાતો હોય ત્યાં સુધી ન પથરાયેલ છે, તેથી જે કારણથી શય્યા સંસ્તારક કરાતો હોય ત્યારે અકૃત, પથરાતો હોય ત્યારે ન પથરાયેલ કહેવાય, તેમ ચાલતું એવું અચલિત યાવત્ નિર્જરતુ એવું અનિર્જરિત છે. આ પ્રમાણે વિચારે છે, એમ વિચારીને શ્રમણ–નિર્ગ્રન્થોને બોલાવે છે, શ્રમણ–નિર્ગ્રન્થોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર જે એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે – ચાલતું ચાલ્યું યાવત્ નિર્જરતું ન નિર્જર્યુ સુધી બધું જ કહેવું. ત્યારે તે જમાલિ અણગારે આ પ્રમાણે કહેતા યાવત્ પ્રરૂપતા, કેટલાક શ્રમણોએ આ કથનની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ કરી, કેટલાક શ્રમણોએ આ અર્થની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ ન કરી.

પછી જે શ્રમણોએ જમાલિ અણગાર ના આ કથનની શ્રદ્ધાદિ કરી, તેઓ જમાલિ અણગારનો આશ્રય કરીને વિચરવા લાગ્યા.

તેમાં જેઓએ જમાલિ અણગારના આ કથનની શ્રદ્ધાદિ ન કરી, તેઓ જમાલિ અણગાર પાસેથી, કોષ્ઠક ચૈત્યથી નીકળી ગયા, નીકળીને પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા જ્યાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય અને શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વંદન–નમસ્કાર કર્યા, કરીને શ્રમણ ભગવંત મહાવીરનો આશ્રય કરીને વિચરવા લાગ્યા.

**૪૬૭.** ત્યારપછી તે જમાલિ અણગાર અન્ય કોઈ દિવસે રોગાંતકથી વિમુક્ત થયા, હૃષ્ટ–તુષ્ટ યાવત્ અરોગી અને બળવાન શરીરી થઈ, શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને પૂર્વાનુપૂર્વી ચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા, જે ચંપાનગરી, જે પૂર્ણભદ્ર ચૈત્ય, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીરથી ન દૂર – ન નિકટ રહીને શ્રમણ ભગવંત મહાવીરને આ પ્રમાણે કહ્યું –

જે પ્રમાણે આપ દેવાનુપ્રિયના ઘણા શિષ્યો – શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ રહીને છદ્મસ્થ અવસ્થામાં જ નીકળીને વિચરે છે, તે પ્રમાણે હું છદ્મસ્થ રહીને છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કરતા આવ્યો નથી. પરંતુ હું ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અરહંત, જિન, કેવલી થઈને, કેવલી અવસ્થામાં વિચરણ કરતા આવ્યો છું.

ત્યારે ગૌતમસ્વામીએ જમાલિ અણગારને આ પ્રમાણે કહ્યું – કેવલીનું જ્ઞાન–દર્શન પર્વત, સ્તંભ, સ્તુભાદિથી આવરાતુ નથી, રોકી શકાતુ નથી. હે જમાલિ! જો તું ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અરહંત, જિન, કેવલી થઈને કેવલી અવસ્થામાં વિચરણ કરી રહ્યો છે, તો આ બે પ્રશ્નોનો ઉત્તર આપ.

હે જમાલિ! લોક શાશ્વત છે કે અશાશ્વત ? હે જમાલિ! જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

ત્યારે તે જમાલિ અણગાર, ગૌતમસ્વામીએ આમ પૂછ્યું ત્યારે શંકિત, કાંક્ષિત યાવત્ ક્લેશયુક્ત પરિણામી યાવત્ થયો. તે ગૌતમસ્વામીને કંઈપણ ઉત્તર આપવા સમર્થ ન થયો. તે મૌન થઈને ઊભો રહ્યો.

જમાલિ, એમ સંબોધન કરી, શ્રમણ ભગવંત મહાવીરે જમાલિ અણગારને આ પ્રમાણે કહ્યું – મારા ઘણા શિષ્યો–શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ છે, જે આ પ્રશ્નનો ઉત્તર આપવામાં મારી જેમ જ સમર્થ છે. તો પણ તે આવા પ્રકારની ભાષા બોલતા નથી, જેમ તું બોલે છે કે– હું ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અરહંત, જિન, કેવલી થઈને, કેવલી અવસ્થામાં વિચરણ કરતા આવ્યો છું.

જમાલિ! લોક શાશ્વત છે, કેમ કે તે કદી ન હતો એમ નથી, કદી નથી તેમ પણ નથી, કદી નહીં હોય તેમ પણ નથી, લોક હતો, છે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.

હે જમાલિ! લોક અશાશ્વત પણ. છે. કેમ કે અવસર્પિણી કાળ પછી ઉત્સર્પિણી થાય છે, ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે.

હે જમાલિ! જીવ શાશ્વત છે. કેમ કે તે કદી ન હતો એમ નથી, યાવત્ નિત્ય છે –

હે જમાલિ! જીવ અશાશ્વત પણ. છે – કેમ કે તે નૈરયિક થઈને તિર્યંચયોનિક થાય છે, તિર્યંચયોનિક થઈને મનુષ્ય થાય છે, મનુષ્ય થઈને દેવ થાય છે.

ત્યારે તે જમાલિ અણગાર, શ્રમણ ભગવંત મહાવીરે આ પ્રમાણે કહેતા યાવત્ પ્રરૂપતા આ કથનની શ્રદ્ધા નથી કરતા, વિશ્વાસ નથી કરતા, રૂચિ નથી કરતા. આ કથનની અશ્રદ્ધા કરતા, અવિશ્વાસ કરતા, અરૂચિ કરતા, બીજી વખત પણ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી સ્વયં ચાલ્યા ગયા.

બીજી વખત પણ સ્વયં ચાલી જઈને ઘણા અસદ્ ભાવને પ્રગટ કરીને મિથ્યાત્વ અભિનિવેશથી પોતાને, પરને અને તદુભયને વ્યુદ્ગ્રાહિત કરતા, મિથ્યાજ્ઞાન યુક્ત કરતા ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને, છેલ્લે અર્ધમાસિક સંલેખના વડે આત્માને ઝોષિત કરી, ૩૦ ભક્તને અનશન વડે છેદીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને લાંતક કલ્પમાં ૧૩–સાગરોપમની સ્થિતિવાળા દેવમાં કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થયા.

### સૂત્ર–૪૬૮ થી ૪૭૦

૪૬૮. ત્યારે તે ગૌતમસ્વામીએ જમાલિ અણગારને કાલગત જાણીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું –

એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો અંતેવાસી જમાલિ નામક અણગાર નિશ્ચે કુશિષ્ય હતો. હે ભગવન્ ! તે જમાલિ અણગાર કાળમાસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ?

ગૌતમ આદિને આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું – મારો અંતેવાસી જમાલિ નામે નિશ્ચે કુશિષ્ય હતો. તે સમયે મારા દ્વારા કહેવાયા યાવત્ પ્રરૂપાયા છતા તેણે એ કથનની શ્રદ્ધા આદિ ન કર્યા, આ કથનને શ્રદ્ધાદિ ન કરતા, બીજી વખત પણ મારી પાસેથી, પોતાની મેળે ચાલ્યો ગયો. જઈને ઘણા અસત્ ભાવોને પ્રગટ કરતો યાવત્ તે કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થયો.

૪૬૯. ભગવન્ ! દેવ કિલ્બિષિક કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! કિલ્બિષિક દેવો ત્રણ ભેદે કહ્યા છે. તે આ રીતે – ત્રણ પલ્યોપમ સ્થિતિક, ત્રણ સાગરોપમ સ્થિતિક, તેર સાગરોપમ સ્થિતિક.

ભગવન્ ! ત્રિપલ્યોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ ક્યાં વસે છે ? ગૌતમ ! જ્યોતિષ્કની ઉપર અને સૌધર્મ–ઈશાન કલ્પની નીચે, આ ત્રિપલ્યોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ વસે છે.

ભગવન્ ! ત્રિસાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ ક્યાં વસે છે ? ગૌતમ ! સૌધર્મ–ઈશાન કલ્પની ઉપર અને સનત્કુમાર માહેન્દ્ર કલ્પની નીચે ત્રિસાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ વસે છે.

ભગવન્ ! તેર સાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ ક્યાં વસે છે ? ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર અને લાન્તક કલ્પની નીચે તેર સાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ વસે છે.

ભગવન્ ! ક્યા કર્મોના ગ્રહણથી કિલ્બિષિક દેવ, કિલ્બિષિક દેવપણામાં ઉત્પન્ન થાય છે ?

ગૌતમ ! જે આ જીવો આચાર્ય, ઉપાધ્યાય, કુલ, ગણ કે સંઘના પ્રત્યનીકો હોય છે. આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનારા, અવર્ણવાદ કરનારા, અકીર્તિ કરનારા, ઘણા અસત્ ભાવોનું ઉદ્‌ભાવન કરનારા, મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને–પરને–ઉભયને વ્યુદ્‌ગ્રાહિત કરનારા, દુર્બોધ કરનારા, ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને કોઈ એક કિલ્બિષિક દેવમાં કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે – ત્રિ પલ્યોપમ સ્થિતિકોમાં, ત્રિ સાગરોપમ સ્થિતિકોમાં અને તેર સાગરોપમ સ્થિતિકોમાં.

ભગવન્ ! કિલ્બિષિક દેવો, તે દેવલોકથી આયુનો ક્ષય થતા, ભવનો ક્ષય થતા, સ્થિતિનો ક્ષય થતા ચ્યવીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! યાવત્ કેટલાક દેવો. ચાર, પાંચ ભવ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવના ગ્રહણ કરીને એટલો સંસાર ભટકીને ત્યારપછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. કેટલાક કિલ્બિષિક અનાદિ–અનંત, દીર્ઘ માર્ગવાળા ચાતુરંત સંસારમાં ભટકે છે.

ભગવન્ ! શું જમાલિ અણગાર અરસ આહારી, વિરસ આહારી, અંત આહારી, પ્રાંત આહારી, રૂક્ષ આહારી, તુચ્છ આહારી અને અરસજીવી–વિરસજીવી યાવત્ તુચ્છ જીવી, ઉપશાંતજીવી, પ્રશાંતજીવી, વિવિક્તજીવી હતો ?

હા, ગૌતમ ! જમાલિ અણગાર અરસાહારી, વિરસાહારી યાવત્ વિવિક્તજીવી હતો.

ભગવન્ ! જો જમાલિ અણગાર અરસાહારી યાવત્ વિવિક્તજીવી હતો, તો ભગવન્ ! તે કાળમાસે કાળ કરીને લાંતક કલ્પમાં તેર સાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવમાં કિલ્બિષિકપણે કેમ ઉપજ્યો?

ગૌતમ ! તે જમાલિ અણગાર, આચાર્યનો પ્રત્યનીક, ઉપાધ્યાયનો પ્રત્યનીક, આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનાર યાવત્ અવર્ણવાદ કરનારો હતો યાવત્ તે મિથ્યાભિનિવેશ દ્વારા પોતાને, અન્યને અને ઉભયને ભ્રાંત અને મિથ્યાત્વી કરતા હતા. તેથી ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાયનું પાલન કરવા છતાં અર્ધમાસિક સંલેખના દ્વારા શરીરને કૃશ કરીને, ત્રીશ ભક્તને અનશન વડે છેદીને, પણ તે પાપસ્થાનની આલોચના અને પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરીને લાંતકકલ્પે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવપણે ઉપજ્યો.

૪૭૦. ભગવન્ ! જમાલિ દેવ, તે દેવલોકથી દેવના આયુનો ક્ષય કરીને યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ?

ગૌતમ ! ચાર–પાંચ ભવ તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ગ્રહણ કરી, એટલો કાળ સંસાર ભમીને, ત્યારપછી સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

### શતક-૯, ઉદ્દેશા-૩૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૯, ઉદ્દેશો-૩૪ 'પુરુષઘાતક'

સૂત્ર–૪૭૧

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ ત્યાં ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! કોઈ

પુરુષ, પુરુષને હણતા, શું પુરુષને હણે છે કે નોપુરુષને ? ગૌતમ ! પુરુષને પણ હણે, નોપુરુષને પણ હણે છે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જો તેને એમ થાય કે નિશ્ચે હું એક પુરુષને હણુ છું, પણ. તે એક પુરુષને મારતા, તે પુરુષને આશ્રીને રહેલા અનેક જીવોને હણે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે – પુરુષને પણ હણે છે, નોપુરુષને પણ હણે છે.

ભગવન્ ! કોઈ પુરુષ અશ્વને મારતા, શું અશ્વને હણે છે કે નોઅશ્વને પણ હણે છે. ગૌતમ ! અશ્વને પણ હણે, નોઅશ્વને પણ હણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? પૂર્વવત્ જાણવું.

આ પ્રમાણે હાથી, સિંહ, વાઘ યાવત્ ચિત્રલમાં પણ જાણવું. તે બધા માટે એક સમાન આલાવા છે

ભગવન્ ! કોઈ પુરુષ કોઈ એક ત્રસ પ્રાણીને હણતા, તે એક ત્રસ પ્રાણીને હણે છે કે અન્ય ત્રસ પ્રાણીને હણે છે ? ગૌતમ ! તે એક ત્રસ પ્રાણીને પણ હણે છે, અન્ય ત્રસ પ્રાણીને પણ હણે છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે અન્યતરને પણ હણે છે, નોઅન્યતરને પણ હણે છે ?

ગૌતમ ! તેના મનમાં એમ હોય છે કે – તે કોઈ એક ત્રસ પ્રાણીને જ હણે છે. પરંતુ તે, તે ત્રસ જીવને મારતો ત્રાસ જીવને આશ્રીને રહેલા બીજા અનેક જીવોને પણ મારે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું.

ભગવન્ ! કોઈ પુરુષ ઋષિને મારતા ઋષિને મારે છે કે નોઋષિને મારે છે ? ગૌતમ ! ઋષિને પણ હણે છે, નોઋષિને પણ હણે છે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! તેને એમ થાય છે કે નિશ્ચયથી હું એક ઋષિને હણુ છું, તે એક ઋષિને હણતા, અનંતા અન્ય જીવોને હણે છે, તેથી હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે જાણવું.

ભગવન્ ! કોઈ પુરુષ, પુરુષને હણતા, શું પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય કે નોપુરુષવૈરથી સ્પૃષ્ટ થાય ? ગૌતમ ! નિયમા, તે ૧. પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય અથવા ૨.પુરુષવૈર અને નોપુરુષવૈરથી સ્પૃષ્ટ થાય અથવા ૩.પુરુષવૈર અને અનેક નોપુરુષોના વૈરોથી સ્પૃષ્ટ થાય. એ પ્રમાણે અશ્વ યાવત્ ચિલ્લકમાં જાણવું યાવત્ અથવા ચિલ્લકવૈરથી સ્પૃષ્ટ થાય અને નોચિલ્લકોના વૈરોથી સ્પૃષ્ટ થાય.

ભગવન્ ! કોઈ પુરુષ ઋષિને હણતા ઋષિના વૈરથી સ્પૃષ્ટ થાય કે નોઋષિના વૈરથી ? ગૌતમ ! નિયમા ઋષિવૈરથી અને અનેક નોઋષિઓના વૈરોથી સ્પૃષ્ટ થાય છે.

## સૂત્ર–૪૭૨, ૪૭૩

**૪૭૨.** ભગવન્ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને આન–પ્રાણ, શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે ? હા, ગૌતમ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે

ભગવન્ ! પૃથ્વીકાયિક, અપ્કાયને શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે ? હા, ગૌતમ ! પૃથ્વીકાયિક, અપ્કાયને શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે. એ પ્રમાણે તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયને પણ શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે.

ભગવન્ ! અપ્કાય, પૃથ્વીકાયને શ્વાસોચ્છ્વાસ રૂપે લે અને મૂકે ? હા, પૂર્વવત્. એ પ્રમાણે તેઉ–વાયુ–વનસ્પતિ જાણવા.

ભગવન્ ! તેઉકાય, પૃથ્વીકાયને? એ પ્રમાણે યાવત્ ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયને, હા, પૂર્વવત્

ભગવન્ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને આન–પ્રાણ, શ્વાસ–ઉચ્છ્વાસરૂપે લેતા–મૂકતા કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો થાય.

ભગવન્ ! પૃથ્વીકાયિક, અપ્કાયને આન–પ્રાણ રૂપે લેતા–મૂકતા કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સુધી કહેવું.

એ પ્રમાણે અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક સાથે બધાને કહેવા. યાવત્ ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયિકને આન–પ્રાણરૂપે યાવત્ પૃચ્છા. ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો થાય.

૪૭૩. ભગવન્ ! વાયુકાયિક, વૃક્ષના મૂળને કંપાવતા અને પછાડતા કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો થાય. એ પ્રમાણે કંદને યાવત્ મૂલને વિશે જાણવું. બીજને કંપાવતા– પૃચ્છા. ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો થાય. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૯, ઉદ્દેશા-૩૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

**શતક-૯ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# શતક-૧૦

સૂત્ર–૪૭૪

અહીં એક ગાથા દ્વારા ૩૪ ઉદ્દેશાનું કથન કરે છે ૧. દિશા, ૨. સંવૃત્ત અણગાર, ૩. આત્મઋદ્ધિ, ૪. શ્યામહસ્તી, ૫. દેવી, ૬. સભા, ૭ થી ૩૪. ઉત્તરવર્તી ૨૮ અંતર્દ્વીપ. દશમાં શતકમાં આ ચોત્રીશ ઉદ્દેશાઓ છે.

## શતક-૧૦, ઉદ્દેશો-૧ 'દિશા'

સૂત્ર–૪૭૫

રાજગૃહ નગરમાં ગૌતમસ્વામીએ યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! આ પૂર્વદિશા શું કહેવાય છે ? ગૌતમ ! તે જીવરૂપ પણ છે, અજીવરૂપ પણ છે.

ભગવન્ ! આ પશ્ચિમ દિશા શું કહેવાય છે ? ગૌતમ ! પૂર્વ દિશા સમાન જાણવું.. આ જ પ્રમાણે દક્ષિણદિશા, ઉત્તરદિશા, ઉર્ધ્વદિશા અને અધોદિશાના વિષયમાં કથન કરવું.

ભગવન્ ! દિશાઓ કેટલી કહી છે ? ગૌતમ ! દશ દિશાઓ કહી છે. તે આ – પૂર્વ, પૂર્વ–દક્ષિણ, દક્ષિણ, દક્ષિણ–પશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમ–ઉત્તર, ઉત્તર, ઉત્તર–પૂર્વ, ઉર્ધ્વ અને અધો.

ભગવન્ ! આ દશ દિશાઓના કેટલા નામ કહ્યા છે ? ગૌતમ ! દશ નામ કહ્યા છે. તે આ – ૧.ઐન્દ્રી(પૂર્વ), ૨.આગ્નેયી, ૩.યમા(દક્ષિણ), ૪.નૈર્ઋતી, ૫.વારુણી(પશ્ચિમ), ૬.વાયવ્યા, ૭.સોમા(ઉત્તર), ૮.ઈશાની, ૯.વિમલા,(ઉર્ધ્વ) અને ૧૦.તમા(અધો).

ભગવન્ ! ઐન્દ્રી(પૂર્વ). દિશા જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ, શું છે ?

ગૌતમ ! તે જીવરૂપ પણ છે યાવત્ અજીવ પ્રદેશરૂપ પણ છે. જે જીવ છે તે નિયમા એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિય છે. જે જીવદેશ છે, તે નિયમા એકેન્દ્રિય દેશો યાવત્ અનિન્દ્રિય દેશો છે. જે જીવપ્રદેશ છે, તે એકેન્દ્રિય પ્રદેશો યાવત્ અનિન્દ્રિય પ્રદેશો છે.

જે અજીવો છે, તે બે ભેદે છે – રૂપી અજીવ, અરૂપી અજીવ. જે રૂપી અજીવ છે, તે ચાર ભેદે છે – સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ અને પરમાણુ પુદ્‌ગલો. જે અરૂપી અજીવ છે તે સાત ભેદે છે – નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના દેશ, ધર્માસ્તિકાય ના પ્રદેશ, નોઅધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના દેશો, અધર્માસ્તિકાયના પ્રદેશો, નોઆકાશાસ્તિકાય, આકાશાસ્તિકાયના દેશો, આકાશાસ્તિકાયના પ્રદેશો અને અદ્ધાસમય.

ભગવન્ ! આગ્નેયી દિશા શું જીવ છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે ઈત્યાદિ પૃચ્છા.

ગૌતમ ! તે જીવરૂપ નથી, જીવદેશરૂપ છે, જીવ પ્રદેશરૂપ પણ છે, અજીવરૂપ પણ છે, અજીવ દેશરૂપ પણ છે, અજીવ પ્રદેશરૂપ પણ છે.

જે જીવ દેશ છે તે નિયમા ૧. એકેન્દ્રિય દેશ છે,(આ **અસંયોગી ભંગ** કહ્યો).

હવે **દ્વિસંયોગી ભંગ** કહે છે – ૧.એકેન્દ્રિયોના બહુદેશો અને એક બેઇન્દ્રિયનાં બહુદેશો છે ૨. અથવા એકેન્દ્રિયના બહુ દેશો અને બેઇન્દ્રિયના બહુ દેશો છે. અથવા ૩. એકેન્દ્રિયના બહુ દેશો અને અનેક બેઇન્દ્રિયોના બહુ દેશો છે.

અથવા ૧. એકેન્દ્રિયના બહુદેશો અને એક તેઇન્દ્રિયના બહુ દેશ છે. આ પ્રમાણે ત્રણ ભંગ કહેવા. એ પ્રમાણે યાવત્ અનિન્દ્રિયોના ત્રણ ભંગો છે. જે જીવ પ્રદેશો છે, તે નિયમા ૧. એકેન્દ્રિયના પ્રદેશો અથવા એકેન્દ્રિયના પ્રદેશો અને બેઇન્દ્રિયના પ્રદેશો છે અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઇન્દ્રિયના પ્રદેશો છે. એ પ્રમાણે બધે પ્રથમ ભંગ છોડીને યાવત્ અનિન્દ્રિય જાણવું.

જે અજીવો છે, તે બે ભેદ છે – રૂપી અજીવ, અરૂપી અજીવ. તેમાં જે રૂપી અજીવ છે, તે ચાર ભેદે છે – સ્કંધ

યાવત્ પરમાણુ પુદ્ગલો. જે અરૂપી અજીવ છે, તે સાત ભેદે છે – નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ, ધર્માસ્તિકાય પ્રદેશો યાવત્ અદ્ધાસમય. ..... વિદિશામાં જીવો નથી. સર્વત્ર દેશભંગ જ જાણવો.

ભગવન્ ! યામ્યાદિશા શું જીવ છે ? ઐન્દ્રી દિશામાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું. નૈર્ઋતિ દિશાનું કથન આગ્નેયી દિશા સમાન છે. વારુણી દિશા, ઐન્દ્રી દિશા સમાન છે. વાયવ્યા દિશા આગ્નેયી દિશા સમાન છે. સોમા દિશા ઐન્દ્રી દિશા સમાન છે. ઈશાની દિશા આગ્નેયી દિશા સમાન છે. વિમલામાં જીવો, આગ્નેયીવત્ અને અજીવો ઐન્દ્રીવત્ જાણવા. તમા પણ એ રીતે જ જાણવી. વિશેષ આ – તમામાં અરૂપીના છ ભેદ જ કહેવા. અદ્ધા સમય ન કહેવો.

સૂત્ર–૪૭૬

ભગવન્ ! શરીરો કેટલા છે ? ગૌતમ ! પાંચ ભેદ છે–ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ,કાર્મણ.

ભગવન્ ! ઔદારિક શરીર કેટલા ભેદે છે ? અહીં પ્રજ્ઞાપના સૂત્રનું પદ–૨૧ "અવગાહના સંસ્થાન" પદ આખુ અલ્પબહુત્વ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧૦, ઉદ્દેશા-૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૧૦, ઉદ્દેશો-૨ 'સંવૃત્ત અણગાર'

સૂત્ર–૪૭૭

રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! સંવૃત્ત અણગાર વીચિપથ(કષાય ભાવ)માં સ્થિત રહીને સામેના રૂપોને જોતો, પાછળના રૂપોને જોતો, ઉર્ધ્વ અને અધો રૂપોને જોતો હોય. તેને ઐર્યાપથિકી ક્રિયા કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

ગૌતમ ! વીચિપથ(કષાય ભાવ)માં સ્થિત સંવૃત્ત અણગારને યાવત્ ઈર્યાપથ ક્રિયા ન લાગે, સાંપરાયિકી ક્રિયા લાગે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? યાવત્ ઈર્યાપથ ક્રિયા ન લાગે, સાંપરાયિકી ક્રિયા લાગે.

ગૌતમ ! જેને ક્રોધ, માન, માયા, લોભ હોય એ પ્રમાણે જેમ શતક–૭ ના ઉદ્દેશા–૧ માં કહ્યું યાવત્ તે ઉત્સૂત્ર આચરણ જ કરે છે, તેથી કહ્યું કે યાવત્ સાંપરાયિકી ક્રિયા લાગે.

ભગવન્ ! સંવૃત્ત અણગારને અવીચીપંથ(અકષાય ભાવ)માં રહીને આગળના રૂપોને જોતા યાવત્ શું તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે ? પૃચ્છા. ગૌતમ ! તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા ન લાગે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? જેમ શતક–૭, ઉદ્દેશા–૧માં કહ્યું, તેમ સૂત્રાનુસાર આચરણ કરતા, તેથી યાવત્ તેને સાંપરાયિક ન લાગે.

સૂત્ર–૪૭૮, ૪૭૯

૪૭૮. ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. તે આ – શીતા, ઉષ્ણા, શીતોષ્ણા. એ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રનું પદ–૯ 'યોનિપદ'– આખુ કહેવું.

૪૭૯. ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ – શીતા, ઉષ્ણા, શીતોષ્ણા. એ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રનું પદ–૩૫ 'વેદના પદ' સંપૂર્ણ કહેવું યાવત્ ભગવન્ ! નૈરયિકો શું દુઃખ વેદના વેદે ? સુખ વેદના વેદે ? અદુઃખ–અસુખ વેદના વેદે ? ગૌતમ ! ૧.દુઃખ, ૨.સુખ, ૩.અદુઃખ–સુખ ત્રણે વેદના વેદે છે.

સૂત્ર–૪૮૦, ૪૮૧

૪૮૦. ભગવન્ ! માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારેલ અનગારે, નિત્ય કાયાને વોસીરાવી છે,, દેહ મમત્ત્વ ત્યાગ કર્યો છે. તે દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ ભાવે સહન કરે છે. ઈત્યાદિ માસિકી ભિક્ષુપ્રતિમા સંપૂર્ણ કહેવી. યાવત્ દશાશ્રુતસ્કંધ મુજબ તેનું વર્ણન જાણવું યાવત્ તે આરાધિતા હોય છે.

૪૮૧. કોઈ ભિક્ષુ કોઈ અકૃત્ય સ્થાન સેવીને, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે, તેને આરાધના થતી નથી. જો તે, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કરીને કાળ કરે, તો તેને આરાધના છે.

ભિક્ષુને કોઈ અકૃત્ય સ્થાન સેવીને એમ થાય કે પછી હું ચરમ કાળ સમયે આ સ્થાનને આલોચીશ યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારીશ. તે, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ ન કરે, તો તેને આરાધના નથી. જો તે, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કરી કાળ કરે, તો તેને આલોચના છે.

ભિક્ષુને કોઈ અકૃત્ય સ્થાનને સેવીને એમ થાય કે જો શ્રાવક પણ કાળ માસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, તો હું શું અણપન્નિ દેવત્વ પણ પ્રાપ્ત નહીં કરી શકું ? એમ વિચારી તે, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે, તો તેને આરાધના નથી. જો તે, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ કરી કાળ કરે, તો તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧૦, ઉદ્દેશા-૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૦, ઉદ્દેશો-૩ 'આત્મઋદ્ધિ'

સૂત્ર–૪૮૨

રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! દેવ, આત્મઋદ્ધિ વડે યાવત્ ચાર, પાંચ દેવાવાસાંતરોનું ઉલ્લંઘન કરે છે અને પછી બીજી ઋદ્ધિથી ઉલ્લંઘન કરે છે ? હા, ગૌતમ ! તેમ છે. એ પ્રમાણે અસુરકુમારના વિષયમાં પણ જાણવું. વિશેષ એ – તે અસુરકુમાર આવાસો ઉલ્લંઘે છે, બાકી પૂર્વવત્. એ પ્રમાણે આ ક્રમથી સ્તનિતકુમાર સુધી કહેવું. એ પ્રમાણે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકનાં સંબંધમાં કહેવું. યાવત્ તેનાથી આગળ બીજી ઋદ્ધિ(અર્થાત વૈક્રિય શક્તિથી જાય છે.

ભગવન્ ! શું અલ્પઋદ્ધિક દેવ મહાઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચ થઈને જઈ શકે ? ના, તે અર્થ યોગ્ય નથી.

ભગવન્ ! સમઋદ્ધિક દેવ સમઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, આ અર્થ સમર્થ નથી. પણ જો તે સમઋદ્ધિક દેવ પ્રમત્ત હોય તો જઈ શકે.

ભગવન્ ! શું તે દેવ, સમઋદ્ધિક દેવને વિમોહિત કરીને જાય કે અવિમોહિત કરીને જાય ? ગૌતમ ! વિમોહિત કરીને જવા સમર્થ છે, વિમોહિત કર્યા સિવાય નહીં.

ભગવન્ ! શું તે દેવ, પૂર્વ વિમોહિત કરી પછી જાય કે પૂર્વે જઈને પછી વિમોહિત કરે ? ગૌતમ ! પૂર્વે વિમોહિત કરી પછી જાય, પરંતુ પહેલા જઈને, પછી વિમોહિત ન કરે.

ભગવન્ ! શું મહાઋદ્ધિક દેવ, અલ્પઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જઈ શકે.

ભગવન્ ! શું તે મહાઋદ્ધિક દેવ, અલ્પઋદ્ધિક દેવને વિમોહિત કરીને જાય કે વિમોહિત કર્યા વિના જવાને સમર્થ છે ? ગૌતમ ! વિમોહિત કરીને અને ન કરીને. બંને રીતે સમર્થ છે,

ભગવન્ ! તે પૂર્વે વિમોહિત કરી, પછી જાય કે પૂર્વે જઈને પછી વિમોહિત કરે ? ગૌતમ ! પૂર્વે વિમોહિત કરીને પછી પણ જાય, પૂર્વે જઈને પછી પણ વિમોહિત કરે.

ભગવન્ ! અલ્પઋદ્ધિક અસુરકુમાર મહાઋદ્ધિક અસુરકુમારની વચ્ચોવચ્ચથી જઈ શકે ? તે અર્થ સમર્થ નથી. આ પ્રમાણે અસુરકુમારમાં પણ ત્રણ આલાવા કહેવા, જેમ સામાન્યથી દેવમાં કહ્યા, એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવુ. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવોમાં પણ એમ જ છે.

ભગવન્ ! શું અલ્પઋદ્ધિક. દેવ, મહર્દ્ધિક દેવીની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! શું સમઋદ્ધિક દેવ સમઋદ્ધિકા દેવીની મધ્યેથી જઈ શકે ? પૂર્વવત્ દેવ સાથે દેવીનો દંડક પણ વૈમાનિક પર્યન્ત કહેવો.

ભગવન્ ! અલ્પઋદ્ધિકા દેવી, મહાઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. એ પ્રમાણે. એ રીતે અહીં ત્રીજો દંડક કહેવો. યાવત્ મહાઋદ્ધિકા વૈમાનિકી દેવી, અલ્પઋદ્ધિક વૈમાનિક દેવની

વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જઈ શકે.

ભગવન્ ! અલ્પઋદ્ધિકા દેવી, મહર્દ્ધિકા દેવીની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ સમર્થ નથી. એ પ્રમાણે સમ–ઋદ્ધિક દેવીની સાથે, તેમજ જાણવુ. મહર્દ્ધિક દેવીને અલ્પઋદ્ધિક દેવી સાથે પૂર્વવત્. એ રીતે એક–એકના ત્રણ–ત્રણ આલાવા કહેવા યાવત્

ભગવન્ ! મહર્દ્ધિક વૈમાનિકી, અલ્પઋદ્ધિક વૈમાનિકીની વચ્ચોવચ્ચથી નીકળી શકે ? હા, નીકળી શકે.

ભગવન્ ! શું તે મહર્દ્ધિકા દેવી, અલ્પઋદ્ધિકા દેવીને વિમોહિત કરીને જવા સમર્થ છે ? પૂર્વવત્ જાણવું યાવત્ પૂર્વે જઈને, પછી પણ વિમોહિત કરે. આ ચાર દંડકો(સૂત્ર આલાપકો) કહેવા.

સૂત્ર–૪૮૩

ભગવન્ ! દોડતો ઘોડો 'ખુ–ખુ' શબ્દ. કેમ કરે છે ? ગૌતમ ! દોડતા ઘોડાના હૃદય અને યકૃતની વચ્ચે આવો કર્કટ નામક વાયુ ઉત્પન્ન થાય છે, જેથી દોડતો ઘોડો 'ખુ–ખુ' શબ્દ કરે છે..

સૂત્ર–૪૮૪ થી ૪૮૬

૪૮૪. ભગવન્ ! અમે આ બાર પ્રકારની ભાષાનો. આશ્રય કરીશું, શયન કરીશું, ઊભા રહીશું, બેસીશું, આળોટીશું. ઈત્યાદિ ભાષા–

૪૮૫. આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છણી, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાનુલોમા ભાષાનો.

૪૮૬. અનભિગૃહિતા, અભિગૃહિતા, સંશયકરણી, વ્યાકૃતા અને અવ્યાકૃતા ભાષાનો.

શું આ ૧૨ પ્રકારની ભાષા પ્રજ્ઞાપની ભાષા છે ? આ ભાષા મૃષા નથી ? હા, ગૌતમ ! ઉપરોક્ત ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા ભાષા નથી. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

શતક-૧૦, ઉદ્દેશા-૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૦, ઉદ્દેશો-૪ 'શ્યામહસ્તી'

સૂત્ર–૪૮૭

તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતુ, ત્યાંન. દૂતિપલાશ ચૈત્ય હતુ,(બંનેનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવું) ત્યાં ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. યાવત્ પર્ષદા ધર્મ શ્રવણ કરી પાછી ફરી.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય શ્યામહસ્તી નામે અણગાર, રોહ અણગાર સમાન પ્રકૃતિભદ્રક આદિ ગુણયુક્ત હતા, યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

ત્યારે શ્યામહસ્તી અણગારને શ્રદ્ધા, સંશય, જિજ્ઞાસા આદિ ઉત્પન્ન થયા યાવત્ પોતાના સ્થાનેથી ઉઠ્યા. ઉઠીને ગૌતમસ્વામી હતા, ત્યાં આવ્યા. આવીને ગૌતમસ્વામીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસનાં કરતા આ પ્રમાણે કહ્યું –

ભગવન્ ! અસુરકુમાર અસુરેન્દ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, શ્યામહસ્તી ! છે.

ભગવન્ ! એમ કેમ કહો છો કે અસુરકુમારને ત્રાયસ્ત્રિંશક દેવો છે ?

હે શ્યામહસ્તી! નિશ્ચયથી તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કાકંદી નામે નગરી હતી, (વર્ણન). તે કાકંદી નગરીમાં પરસ્પર સહાયક તેત્રીશ ગૃહપતિ શ્રમણોપાસક રહેતા હતા. જે ઋદ્ધિ સંપન્ન યાવત્ અપરિભૂત હતા, તેઓ જીવાજીવના જ્ઞાતા, પાપ–પુન્ય તત્ત્વને પામીને વિચરતા હતા. યાવત્ તે સહાયક તેત્રીશ ગાથાપતિ શ્રાવકો પૂર્વે ઉગ્ર–ઉગ્રવિહારી, સંવિગ્ન–સંવિગ્ન વિહારી થઈને ત્યાર પછી પાર્શ્વસ્થ–પાર્શ્વસ્થવિહારી,

અવસન્ન–અવસન્નવિહારી, કુશીલ–કુશીલવિહારી, યથાછંદ–યથાછંદવિહારી થઈ ગયા.

ઘણા વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાય પાળીને અર્ધમાસિકી સંલેખના વડે આત્માને ઝોસિત કરીને, અર્થાત શરીરને કૃશ કરીને ત્રીશ ભક્તોનુંઅનશન વડે છેદન કરીને,, તે પ્રમાદ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ માસે કાળ કરીને અસુરેન્દ્ર, અસુરકુમાર રાજ ચમરના ત્રાયસ્ત્રિંશક દેવપણે ઉપજ્યા.

ભગવન્ ! જ્યારથી તે કાકંદીનિવાસી પરસ્પર સહાયક૩૩ ગાથાપતિ શ્રાવક અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવપણે ઉપજેલ છે, ત્યારથી ભગવન્ ! શું એવું કહેવાય છે કે – ચમરને ત્રાયસ્ત્રિંશક દેવ છે ?

ત્યારે ગૌતમસ્વામી, શ્યામહસ્તી અણગાર પાસેથી આ પ્રમાણે સાંભળીને શંકિત, કાંક્ષિત, વિચિકિત્સક થઈ ઉઠ્યા, પોતાના ઉત્થાનથી ઉઠીને શ્યામહસ્તી અણગાર સાથે ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું કે –

ભગવન્ ! શું અસુરેન્દ્ર અસુરરાજ ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે? હા, ગૌતમ છે. ભગવન્ ! એમ કેમ કહો છો? એ પ્રમાણે તે બધું જ કહેવુ યાવત્ ત્યારથી જ એમ કહેવાય છે કે ચમરને ત્રાયસ્ત્રિંશક દેવ છે ? તે પૂર્વે ન હતા ?

ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોના નામ શાશ્વત કહ્યા છે. જે કદી ન હતા તેમ નથી, કદી નથી તેમ નથી, કદી નહીં હોય તેમ પણ નથી. યાવત્ અવ્યુચ્છિન્ન નયની અપેક્ષાએ તે નિત્ય છે, એક ચ્યવે છે – બીજા ઉપજે છે.

ભગવન્ ! વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલીને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, ગૌતમ ! છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલીને ત્રાયસ્ત્રિંશક દેવો છે ?

ગૌતમ ! નિશ્ચયથી તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં બિભેલ નામે સંનિવેશ હતું–(વર્ણન). તે બિભેલ સંનિવેશમાં જેમ ચમરમાં કહ્યું તેમ પરસ્પર સહાયક તેત્રીશ ગૃહપતિ શ્રમણોપાસક રહેતા હતા. જે ઋદ્ધિ સંપન્ન યાવત્ અપરિભૂત હતા. ઈત્યાદિ પૂર્વવત જાણવું.

ભગવન્ ! જ્યારથી તે બિભેલકા પરસ્પર સહાયક ૩૩–ગૃહપતિ શ્રાવકો બલિન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ થયા છે શું ત્યારથી જ વૈરોચનેન્દ્ર બલિના ત્રાયસ્ત્રિંશક દેવ છે ?

ગૌતમ ! સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું. યાવત્ અવોચ્છિત્તિ(દ્રવ્ય) નયની અપેક્ષાએ તે નિત્ય છે. પર્યાય નયની અપેક્ષાએ એક ચ્યવે છે – બીજા નવા ઉપજે છે.

ભગવન્ ! શું નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. એમ કેમ કહો છો યાવત્ ત્રાય–સ્ત્રિંશક દેવો છે ?

ગૌતમ ! નાગકુમારરાજ ધરણેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ એ શાશ્વત નામ છે. જે કદી ન હતુ એમ નહીં, નહી હશે તેમ પણ નહીં યાવત્ પૂર્વના ચ્યવે છે અને નવા ઉપજે છે. – આ રીતે ભૂતાનંદને યાવત્ મહાઘોષને પણ જાણવા.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રને ત્રાયસ્ત્રિંશક દેવ છે ? પ્રશ્ન. હા, ગૌતમ ! છે. ભગવન્ ! એમ કેમ કહ્યું યાવત્ શક્રના ત્રાયસ્ત્રિંશક દેવ છે ?

ગૌતમ ! એ પ્રમાણે – તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પલાશક નામે સંનિવેશ હતું – (વર્ણન). તે પલાશક સંનિવેશમાં પરસ્પર. સહાયક ૩૩ ગાથાપતિ શ્રાવક જેમ ચમરેન્દ્રના કહ્યા, તેમ રહેતા હતા. તે સહાયક ૩૩ ગાથાપતિ શ્રાવક પૂર્વે અને પછી પણ ઉગ્ર–ઉગ્રવિહારી, સંવિગ્ન–સંવિગ્ન વિહારી આદિ થઈને, ઘણા વર્ષો શ્રાવક પર્યાય પાળીને માસિકી સંલેખનાથી આત્માને ઝોસિત કરીને અર્થાત શરીરને કૃશ કરીને, ૩૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પામીને અમાસે કાળ કરીને યાવત્ ઉત્પન્ન થયા.

ભગવન્ ! જ્યારથી આ પલાશ સંનિવેશવાસી પરસ્પર સહાયક તેત્રીશ ગાથાપતિ શ્રાવક દેવરૂપે ઉત્પન્ન થયા છે, ઇત્યાદિ ચમર માફક જાણવુ યાવત્ પૂર્વના ચ્યાવે છે અને નવા ઉપજે છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનને ત્રાયસ્ત્રિંશક દેવ છે ? પ્રશ્ન.

ગૌતમ ! શક્રેન્દ્ર સમાન ઈશાનેન્દ્રનું, વર્ણન કરવું. વિશેષ એ કે – શ્રાવકો ચંપાનગરીમાં રહેતા હતા. ઈત્યાદિ વર્ણન શક્રેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો સમાન જાણવું. ભગવન્ ! જ્યારથી ચંપિકા પરસ્પર સહાયક ૩૩–ગૃહપતિ૦ ઈત્યાદિ પૂર્વવત્ જાણવું યાવત્ બીજા નવા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની પૃચ્છા, હા,ગૌતમ ! છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે રીતે ધરણેન્દ્રના વિષયમાં કહ્યું તેમ જાણવું, એ રીતે યાવત્ પ્રાણતે, અચ્યુતે યાવત્ ઉપજે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧૦, ઉદ્દેશા-૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૧૦, ઉદ્દેશો-૫ 'દેવી'

સૂત્ર–૪૮૮

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું, ત્યાં ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં ભગવંત મહાવીર પધાર્યા, પ્રભુના સમવસરણ આદિનું વર્ણન ઉવાવાઈ સૂત્રાનુસાર જાણવું યાવત્ પર્ષદા ધર્મ શ્રવણ કરી, પાછી ગઈ.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના ઘણા અંતેવાસી સ્થવિર ભગવંતો જાતિસંપન્ન, કુલસંપન્નઆદિ હતા. તે આઠમા શતકના સાતમા ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે યાવત્ વિચરતા હતા.

ત્યારે તે સ્થવિર ભગવંતોને શ્રદ્ધા યાવત્ શંકા જન્મી. ગૌતમસ્વામીની જેમ યાવત્ પર્યુપાસતા ભગવંતને આ પ્રમાણે પૂછ્યું –

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો ! પાંચ. કાલી, રાજી, રજની, વિદ્યુત, મેઘા. તેમાં એક એક અગ્રમહિષીને આઠ–આઠ હજાર દેવીઓનો પરિવાર હોય છે. તે એક એક અગ્રમહિષી આઠ–આઠ હજાર દેવીનો પરિવાર વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે બધી મળી ૪૦ હજાર દેવીઓ છે, આ એક વર્ગ થયો

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમર, ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર સિંહાસન ઉપર બેસીને તે વર્ગ (દેવીઓના પરિવાર) સાથે દિવ્ય ભોગો ભોગવવાને સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો કે તે ચમર ત્યાં સુધર્મા સભામાં દિવ્ય ભોગ ભોગવવા સમર્થ નથી ?

હે આર્યો! અસુરેન્દ્ર ચમરની ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય ગોળ–વૃત્ત ડબ્બામાં જિનેશ્વરના ઘણા અસ્થિઓ રાખેલા છે. જે અસુરેન્દ્ર ચમર, અને બીજા ઘણા અસુરકુમાર દેવ–દેવીઓને માટે તે અર્ચનીય, વંદનીય, નમસ્કરણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ–મંગલ–ચૈત્ય–દેવરૂપ અને પર્યુપાસનીય છે. તે જિનઅસ્થિના કારણે યાવત્ અસુરેન્દ્ર ચમર, ભોગ ભોગવવા સમર્થ નથી, તેથી હે આર્યો ! એમ કહ્યું કે અસુરેન્દ્ર ચમર યાવત્ ચમરચંચામાં યાવત્ સમર્થ નથી.

પણ હે આર્યો! અસુરેન્દ્ર ચમર, ચમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમર સિંહાસને બેસીને ૬૪૦૦૦ સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો યાવત્ બીજા ઘણા અસુરકુમાર દેવ–દેવી સાથે પરિવરીને મહાનિનાદની સાથે નિરંતર નાટ્ય, ગીત, વાજિંત્રનાં શબ્દો દ્વારા યાવત્ ભોગ ભોગવતા વિચરવા સમર્થ છે. કેવળ પરિવાર ઋદ્ધિનો ઉપભોગ કરી શકે, પણ મૈથુન નિમિત્તક ભોગો ભોગવી ન શકે.

સૂત્ર–૪૮૯

ભગવન્ ! અસુરેન્દ્ર, અસુરકુમાર રાજ ચમરના સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ કહી છે ? હે આર્યો! ચાર. તે આ – કનકા, કનકલતા, ચિત્રગુપ્તા, વસુંધરા. તે પ્રત્યેક દેવીનો એક એક હજારનો પરિવાર છે. તે પ્રત્યેક દેવી, બીજી એક-એક હજાર દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. આ પ્રમાણે પૂર્વા-પર થઈને ૪૦૦૦ દેવી થાય. તે એક વર્ગ થયો.

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો સોમ લોકપાલ સોમા રાજધાનીમાં સુધર્માસભામાં સોમ સિંહાસને બેસીને આ દેવીવર્ગ સાથે ભોગ ભોગવવા સમર્થ છે ? બાકીનું ચમરની જેમ જાણવુ. વિશેષ આ – પરિવાર સૂર્યાભદેવની જેમ જાણવો. યાવત્ મૈથુનનિમિત્તક ભોગ ન ભોગવી શકે.

ભગવન્ ! અસુરેન્દ્ર ચમરના યમ લોકપાલને કેટલી અગ્રમહિષી છે ? પૂર્વવત્. વિશેષ આ – યમ લોકપાલની રાજધાની યમા જાણવી. બાકીનું બધું સોમ લોકપાલ મુજબ છે. એ પ્રમાણે વરુણનુ પણ જાણવુ. રાજધાની વરુણા કહેવી. એ પ્રમાણે વૈશ્રમણને પણ જાણવો. રાજધાની વૈશ્રમણા કહેવી. બાકી બધું પૂર્વવત્ જાણવું. યાવત્ તે દેવો સુધર્માસભામાં મૈથુન નિમિત્ત ભોગ ન ભોગવે.

ભગવન્ ! વૈરોચનેન્દ્ર બલીની પૃચ્છા. હે આર્યો ! વૈરોચનેન્દ્ર બલીની પાંચ અગ્રમહિષીઓ છે. તે આ – શુંભા, નિશુંભા, રંભા, નિરંભા, મદના. તેમાં પ્રત્યેક દેવીનો આઠ–આઠ હજાર દેવીનો પરિવાર છે. બાકી બધું ચમર મુજબ જાણવું. વિશેષ એ કે – તેની રાજધાની બલિચંચા છે. પરિવાર વર્ણન શતક–૩–'મોક' ઉદ્દેશક માફક જાણવુ. બાકી પૂર્વવત્ જાણવું. યાવત્ સુધર્માસભામાં મૈથુન નિમિત્તક ભોગ ન ભોગવે.

ભગવન્ વૈરોચનેન્દ્ર બલીના સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો! વૈરોચનેન્દ્ર બલીની ચાર અગ્રમહિષી છે– મેનકા, સુભદ્રા, વિજયા, અશની. તેમાં પ્રત્યેક દેવીનો એક હજારનો પરિવાર આદિ, ચમરેન્દ્રના સોમ લોકપાલની જેમ જાણવું. એ પ્રમાણે વૈશ્રમણ સુધી કહેવું.

ભગવન્ ! નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણને કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! છ અગ્રમહિષી છે– ઈલા, શુક્રા, સતારા, સૌદામિની, ઈન્દ્રા, ધનવિદ્યુત્. તે પ્રત્યેક દેવીનો છ–છ હજાર દેવીનો પરિવાર છે. તે પ્રત્યેક દેવી બીજી છ–છ હજાર દેવી પરિવારને વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે પૂર્વા–પર ૩૬,૦૦૦ દેવી થઈ. તે આ દેવી વર્ગ છે.

ભગવન્ ! ધરણ સુધર્મા સભામાં ભોગ ભોગવવા સમર્થ છે ? ગૌતમ ! સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે – ધરણા રાજધાનીમાં ધરણ સિંહાસન ઉપર સ્વપરિવાર ઈત્યાદિ, બધું વર્ણન પૂર્વવત્ જાણવુ.

ભગવન્ ! નાગકુમારેન્દ્ર ધરણના કાલપાલ લોકપાલને કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! કાલપાલ લોકપાલને ચાર અગ્રમહિષીઓ છે– અશોકા, વિમલા, સુપ્રભા, સુદર્શના. તે પ્રત્યેકને૦ ઈત્યાદિ ચમરેન્દ્રના લોકપાલ માફક કહેવું એ પ્રમાણે બાકીના ત્રણ લોકપાલ માટે પણ જાણવું.

ભગવન્ ! નાગકુમારેન્દ્ર ભૂતાનંદને કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! છ અગ્રમહિષી છે – રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપકાવતી, રૂપકાંતા, રૂપપ્રભા. તે પ્રત્યેક દેવીનો પરિવાર ઈત્યાદિ ધરણેન્દ્ર માફક જાણવુ.

ભગવન્ ! નાગકુમારેન્દ્ર ભૂતાનંદના લોકપાલ કાલવાલ વિશે પૃચ્છા. હે આર્યો! તેને ચાર અગ્રમહિષી છે – સુનંદા, સુભદ્રા, સુજાતા, સુમના. તેમાં પ્રત્યેક દેવીનો પરિવાર આદિ ચમરના લોકપાલની માફક કહેવું. એ પ્રમાણે બાકીના ત્રણ લોકપાલમાં પણ જાણવું.

જે દક્ષિણ દિશાવર્તી ઈન્દ્રો છે, તેનું કથન ધરણેન્દ્ર સમાન, લોકપાલોનું કથન પણ ધરણેન્દ્રના લોકપાલની જેમ છે. ઉત્તરના ઈન્દ્રોનું કથન ભૂતાનંદ માફક, તેના લોકપાલો, ભૂતાનંદના લોકપાલવત્ છે.

વિશેષ એ – બધા ઈન્દ્રોની રાજધાનીઓ, સિંહાસનોના નામ ઈન્દ્રના નામની સદશ જાણવા. પરિવાર ત્રીજા શતકના પહેલા ઉદ્દેશાવત છે. બધાના લોકપાલોની રાજધાની, સિંહાસન લોકપાલના નામ મુજબ જાણવા, પરિવાર ચમરના લોકપાલ કાલની માફક જાણવો.

ભગવન્ ! પિશાચેન્દ્ર પિશાચરાજ કાલની કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો! ચાર. તે આ – કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના. તેમાં પ્રત્યેક દેવીનો એક–એક હજાર દેવીનો પરિવાર છે, બાકીનું ચમરના લોકપાલ માફક જાણવું. પરિવાર તેમજ છે. વિશેષ એ કે – કાલા રાજધાની, કાલ સિંહાસન છે બાકી પૂર્વવત્. મહાકાળ પણ તેમજ છે.

ભગવન્ ! ભૂતેન્દ્ર ભૂતરાજ સુરૂપની કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો ! ચાર. રૂપવતી, બહુરૂપા, સુરૂપા,

સુભગા. તે પ્રત્યેકની દેવી ઇત્યાદિ બધું કાલેન્દ્રની માફક જાણવું. એ રીતે પ્રતિરૂપેન્દ્રના વિષયમાં જાણવું..

ભગવન્ ! યક્ષેન્દ્ર પૂર્ણભદ્ર ની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષીઓ છે – પૂર્ણા, બહુપુત્રિકા, ઉત્તમા, તારકા. તેની દેવી ઇત્યાદિ બધું કાલેન્દ્રની માફક જાણવું. એ પ્રમાણે માણિભદ્રના વિષયમાં પણ જાણવું.

ભગવન્ ! રાક્ષસેન્દ્ર ભીમની પૃચ્છા. હે આર્યો! તેને ચાર અગ્રમહિષીઓ છે– પદ્મા, પદ્માવતી, કનકા, રત્નપ્રભા. તે પ્રત્યેકને દેવીને ૧૦૦૦નો પરિવાર આદિ બધું 'વર્ણન કાલેન્દ્ર' માફક જાણવું. એ પ્રમાણે મહાભીમના વિષયમાં પણ જાણવું.

ભગવન્ ! કિન્નરેન્દ્રની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષી છે. અવતંસા, કેતુમતી, રતિસેના, રતિપ્રિયા. બાકી બધું પૂર્વવત્ જાણવું. કિંપુરુષેન્દ્રનાં વિષયમાં પણ તેમજ જાણવું.

ભગવન્ ! સત્પુરુષેન્દ્રની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષીઓ છે – રોહિણી, નવમિકા, હ્રી, પુષ્પવતી. તે પ્રત્યેકનો દેવી પરિવાર આદિ પૂર્વવત્ છે. એ પ્રમાણે મહાપુરુષેન્દ્રના વિષયમાં પણ જાણવું.

ભગવન્ ! અતિકાયેન્દ્રની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષી છે – ભુજંગા, ભુજંગવતી, મહાકચ્છા, સ્ફૂટા, બાકી પૂર્વવત્ જાણવું. મહાકાયેન્દ્રના વિષયમાં પણ તેમજ જાણવું.

ભગવન્ ! ગીતરતીન્દ્રની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષી છે – સુઘોષા, વિમલા, સુસ્વરા, સરસ્વતી. તેનો દેવી પરિવાર ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે ગીતયશસ્ ઇન્દ્રના વિષયમાં પણ જાણવું. આ સર્વ ઇન્દ્રોનું શેષ સર્વ વર્ણન 'કાલેન્દ્ર' માફક જાણવું. વિશેષ એ – રાજધાની, સિંહાસન સદશ નામવાળા જાણવા. બાકી પૂર્વવત્.

ભગવન્ ! જ્યોતિષેન્દ્ર ચંદ્રની પૃચ્છા. હે આર્યો ! તેને ચાર અગ્રમહિષી છે – ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા. એ પ્રમાણે જેમ જીવાભિગમમાં જ્યોતિષ્ક ઉદ્દેશામાં છે, તેમ કહેવું. સૂર્યની પણ સૂર્યપ્રભા, આતપાભા, અર્ચિમાલી, પ્રભંકરા અગ્રમહિષી છે. બાકી પૂર્વવત્. યાવત્ મૈથુનપ્રત્યય ભોગ ભોગવી ન શકે.

*ભગવન્ ! અંગાર નામક મહાગ્રહની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર અગ્રમહિષીઓ છે– વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા. તે પ્રત્યેકની દેવી ઇત્યાદિ ચંદ્ર માફક જાણવુ. વિશેષ આ – અંગારાવતંસક વિમાને અંગારક સિંહાસન છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વિકાલક પણ જાણવો. એ રીતે ૮૮ મહાગ્રહો ભાવકેતુ સુધી કહેવા. વિશેષ એ કે – અવતંસક, સિંહાસનો સદશ નામવાળા છે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર પૃચ્છા. હે આર્યો ! તેને આઠ અગ્રમહિષીઓ છે – પદ્મા, શિવા, શ્રેયા, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી. તે પ્રત્યેકને સોળ–સોળ હજારનો પરિવાર છે તે પ્રત્યેક દેવી બીજી ૧૬,૦૦૦ દેવીને વિકુર્વવા સમર્થ છે તે એક વર્ગ.

ભગવન્ ! દેવેન્દ્ર શક્ર સૌધર્મ કલ્પમાં – સૌધર્માવતંસક વિમાનમાં સુધર્માસભામાં શક્ર સિંહાસન પર બેસીને દેવી વર્ગ સાથે ભોગ ભોગવવા સમર્થ છે ?. બાકી બધું ચમરવત્ જાણવું. વિશેષ એ – પરિવાર મોકા ઉદ્દેશ મુજબ છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો તેને! ચાર અગ્રમહિષીઓ છે. રોહિણી, મદના, ચિત્રા, સોમા. બાકી બધું ચમરના લોકપાલ માફક જાણવુ. વિશેષ એ કે – સ્વયંપ્રભ વિમાનમાં, સુધર્માસભામાં સોમ સિંહાસન ઉપર, બેસીને, બાકી પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે વૈશ્રમણ સુધી ચારે લોક્પાલનું વર્ણન જાણવું. વિશેષ એ કે – વિમાન આદિ વર્ણન, ત્રીજા શતક મુજબ જાણવું.

ભગવન્ ! દેવેન્દ્ર ઈશાનની પૃચ્છા. હે આર્યો ! તેને આઠ અગ્રમહિષીઓ છે – કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા, રામરક્ષિતા, વસૂ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા. તે પ્રત્યેકની દેવી શક્રેન્દ્રની માફક જાણવી.

ભગવન્ ! દેવેન્દ્ર ઈશાનના સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર – પૃથ્વી, રાજી, રજની, વિદ્યુત. બાકી બધું શક્રના લોકપાલો મુજબ જાણવું. એ પ્રમાણે વરુણ પર્યન્ત જાણવું. વિશેષ એ કે – વિમાનો ચોથા શતક મુજબ કહેવા. બાકી બધું પૂર્વવત્. યાવત્ મૈથુન નિમિત્તક ભોગ ન ભોગવી શકે.

ભગવંત ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

શતક-૧૦, ઉદ્દેશા-૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૦, ઉદ્દેશો-૬ 'સભા'

સૂત્ર–૪૯૦ થી ૪૯૨

૪૯૦. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની સુધર્માસભા ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે, આ જ રત્નપ્રભાપૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી અનેક કોટાકોટી યોજન દૂર ઉંચે સૌધર્મ દેવલોકમાં સુધર્માસભા છે, ઈત્યાદિ રાયપ્પસેણઈય સૂત્ર મુજબ યાવત્ પાંચ અવતંસકો છે – અશોકાવતંસક યાવત્ મધ્યમાં સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાન લંબાઈ–પહોળાઈમાં સાડા બાર લાખ યોજન છે.

૪૯૧. એ પ્રમાણે જેમ સૂર્યાભમાં કહ્યું છે, તેમ માન, ઉપપાત, શક્રનો અભિષેક આદિ તે મુજબ કહેવું.

૪૯૨. અલંકાર, અર્ચનિકા તેમજ યાવત્ આત્મરક્ષક, બે સાગરોપમ સ્થિતિ.

ભગવન્ ! શક્રેન્દ્ર કેવી મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્યવાળો છે ? ગૌતમ ! તેને ૩૨ લાખ વિમાનાવાસ છે યાવત્ વિચરે છે. આવી મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્ય વાળો શક્રેન્દ્ર છે.

ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

શતક-૧૦, ઉદ્દેશા-૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૦, ઉદ્દેશો-૭ થી ૩૪ 'અંતર્દ્વીપો'

સૂત્ર–૪૯૩

ભગવન્ ! ઉત્તર દિશાવર્તી એકોરુક મનુષ્યોનો એકોરૂપ દ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? જેમ જીવાભિગમસૂત્રમાં કહ્યું તેમ સંપૂર્ણ કહેવું. એકોરુકદ્વીપથી લઈને શુદ્ધદંતદ્વીપ સુધીનો સમસ્ત અધિકાર કહેવો. આ રીતે ૨૮ દ્વીપોના ૨૮ ઉદ્દેશા કહેવા. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, તે એમ જ છે.

શતક-૧૦, ઉદ્દેશા-૭ થી ૩૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

**શતક-૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# શતક-૧૧

સૂત્ર–૪૯૪

એક ગાથા વડે અહી શતક– ૧૧ ના ૧૨ ઉદ્દેશાના નામો બતાવે છે– ઉત્પલ, શાલૂક, પલાશ, કુંભી, નાલિક, પદ્મ, કર્ણિકા, નલિન, શિવરાજર્ષિ, લોક, કાલ, આલભિક

## શતક-૧૧, ઉદ્દેશો-૧ 'ઉત્પલ'

સૂત્ર–૪૯૫ થી ૪૯૮

અહીં ત્રણ દ્વારગાથા વડે આ ઉદ્દેશાના ૩૩ દ્વારોના નામોનો ઉલ્લેખ છે. તે આ પ્રમાણે–

**૪૯૫.** ઉપપાત, પરિમાણ, અપહાર, ઉંચાઈ, બંધ, વેદ, ઉદય, ઉદીરણા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન.

**૪૯૬.** યોગ, ઉપયોગ, વર્ણ, રસાદિ, ઉચ્છ્વાસ, આહાર, વિરતિ, ક્રિયા, બંધ, સંજ્ઞા, કષાય, સ્ત્રીવેદ**,** બંધ.

**૪૯૭.** સંજ્ઞી, ઇન્દ્રિય, અનુબંધ, સંવેધ, આહાર, સ્થિતિ, સમુદ્‌ઘાત, ચ્યવન, મૂલાદિમાં સર્વ જીવોનો ઉપપાત.

**૪૯૮.** તે કાળે, તે સમયે, રાજગૃહ નગરમાં ગૌતમસ્વામીએ યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું –

૧. ભગવન્ ! એક પત્રવાળું ઉત્પલ એક જીવ છે કે અનેક જીવ ? ગૌતમ ! તે એક જીવવાળું છે, અનેક જીવવાળુ નથી. તેમાં જે બીજા જીવો ઉત્પન્ન થાય પછી તે એક જીવવાળું નથી, પણ અનેક જીવવાળું થાય છે.

ભગવન્ ! તે જીવો ઉત્પલમાં ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નૈરયિકથી, તિર્યંચથી, મનુષ્યથી કે દેવોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિકથી આવીને ઉપજતા નથી, તિર્યંચયોનિકમાં, મનુષ્ય અને દેવમાંથી આવીને ઉપજે છે. એ પ્રમાણે ઉપપાત કહેવા; જેમ પ્રજ્ઞાપના સૂત્રના 'વ્યુત્ક્રાંતિક પદ'માં કહ્યું છે, તે મુજબ વનસ્પતિકાયિક જીવોનો ઉપપાત કહેવો**,** યાવત્ તે ઉત્પલ જીવ ઈશાનકલ્પથી આવીને ઉત્પન્ન થાય છે.

૨. ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય.

૩. ભગવન્ ! તે જીવો સમયે સમયે કઢાતા–કઢાતા કેટલો કાળ થાય ? ગૌતમ ! ઉત્પલના અસંખ્ય જીવો સમયે સમયે કઢાતા અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી કાઢે તો પણ પૂરા ખાલી થતા નથી. જો કે કોઈએ આ રીતે કરેલ નથી અને કરતા પણ નથી.

૪. ભગવન્ ! તે ઉત્પલ જીવો શરીરની અવગાહનાથી કેટલા મોટા કહ્યા છે ? ગૌતમ ! તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ છે, ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ યોજન છે.

૫. ભગવન્ ! તે ઉત્પલ જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક ? ગૌતમ ! અબંધક નથી. બંધક કે બંધકો છે. એ પ્રમાણે આયુંને છોડીને અંતરાયકર્મ સુધી જાણવું.

ભગવન્ ! તે ઉત્પલ જીવો આયુકર્મનાં બંધક છે કે અબંધક ?. ગૌતમ ! ૧. બંધક કે ૨. અબંધક, ૩.બંધકો કે ૪.અબંધકો અથવા ૫.બંધક અને અબંધક અથવા ૬.બંધક અને અબંધકો અથવા ૭.બંધકો અને અબંધક અથવા ૮.બંધકો અને અબંધકો. આ આઠ ભંગ છે.

૬. ભગવન્ ! તે ઉત્પલજીવો જ્ઞાનાવરણીય કર્મના વેદક કે અવેદક ? ગૌતમ ! અવેદક નથી, વેદક છે અથવા વેદકો છે. અંતરાયકર્મ સુધી આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! તે ઉત્પલજીવો શાતાવેદક છે કે અશાતાવેદક ? ગૌતમ ! શાતાવેદક કે અશાતાવેદક હોય ઇત્યાદિ આઠ ભંગ બંધકવત્. જાણવા.

૭. ભગવન્ ! તે ઉત્પલજીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા છે કે અનુદયવાળા ? ગૌતમ ! અનુદયવાળા નથી, ઉદયવાળો કે ઉદયવાળા છે. એ પ્રમાણે અંતરાયકર્મ, સુધીજાણવું.

૮. ભગવન્ ! તે ઉત્પલજીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદીરક છે ? ગૌતમ ! અનુદીરક નથી, ઉદીરક કે ઉદીરકો છે. એ રીતે અંતરાયકર્મ સુધી જાણવું. વિશેષ એ કે – વેદનીય અને આયુ કર્મના આઠ ભંગો કહેવા.

૯. ભગવન્ ! તે ઉત્પલજીવો, કૃષ્ણલેશ્યાવાલા છે કે યાવત્ તેજોલેશ્યાવાળા છે ? ગૌતમ ! કૃષ્ણલેશ્યક યાવત્ તેજોલેશ્યક હોય અથવા અનેક જીવો કૃષ્ણલેશ્યા કે યાવત્ તેજોલેશ્યાવાળા છે, અથવા એક કૃષ્ણલેશ્યા અને એક નીલલેશ્યાવાળો છે. આ પ્રમાણે દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુષ્કસંયોગી, એ બધા મળીને ૮૦ ભંગો થાય.

૧૦. ભગવન્ ! તે ઉત્પલજીવો સમ્યક્દષ્ટિ, મિથ્યાદષ્ટિ કે સમ્યગ્ મિથ્યાદષ્ટિ છે ? ગૌતમ ! તે સમ્યક્ કે સમ્યક્મિથ્યા–દષ્ટિ નથી, પણ મિથ્યાદષ્ટિ જ છે.

૧૧. ભગવન્ ! તે ઉત્પલજીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? ગૌતમ ! જ્ઞાની નથી, અજ્ઞાની કે અજ્ઞાનીઓ છે.

૧૨. ભગવન્ ! તે ઉત્પલજીવો મનોયોગી છે, વચનયોગી છે કે કાયયોગી ? ગૌતમ ! મનયોગી કે વચનયોગી નથી, કાયયોગી કે કાયયોગીઓ છે.

૧૩. ભગવન્ ! તે ઉત્પલજીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? એક જીવ સાકારોપયુક્ત કે એક જીવ અનાકારોપયુક્ત આદિ આઠ ભંગો છે.

૧૪–૧૫. ભગવન્ ! તે ઉત્પલજીવોના શરીરો કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા કહ્યા છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળા હોય, ઉત્પલ જીવ સ્વયં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે.

૧૬. ભગવન્ ! તે ઉત્પલ જીવો ઉચ્છ્વાસ–નિઃશ્વાસ યુક્ત છે કે ઉચ્છ્વાસ–નિઃશ્વાસ રહિત છે ?

ગૌતમ ! ૧. ઉચ્છ્વાસક, ૨. નિઃશ્વાસક, ૩. નોઉચ્છ્વાસ–નિઃશ્વાસક, ૪. ઉચ્છ્વાસકો, ૫. નિઃશ્વાસકો, ૬. નોઉચ્છ્વાસકો–નિઃશ્વાસકો એ છ ભંગ – **અથવા** – ઉચ્છ્વાસક અને નિઃશ્વાસક ના ચાર ભંગ, **અથવા** ઉચ્છ્વાસક અને નોઉચ્છ્વાસ–નિઃશ્વાસકના ચાર ભંગ **અથવા** નિઃશ્વાસક અને નોઉચ્છ્વાસ–નિઃશ્વાસકના ચાર ભંગ **અથવા** ઉચ્છ્વાસક, નિઃશ્વાસક અને નોઉચ્છ્વાસ–નિઃશ્વાસકના આઠ ભંગ. એ રીતે ૨૬ ભંગો થાય છે.

૧૭. તે ઉત્પલ જીવો ભગવન્ ! આહારક છે કે અનાહારક ? ગૌતમ ! તે અણાહારક નથી. કોઈ આહારક કે કોઇ અણાહારક એ પ્રમાણે આઠ ભંગો છે.

૧૮. ભગવન્ ! તે ઉત્પલજીવો વિરત છે, અવિરત છે, વિરતાવિરત છે ? ગૌતમ ! વિરત કે વિરતાવિરત નથી, અવિરત કે અવિરતો છે.

૧૯. ભગવન્ ! તે ઉત્પલજીવો સ–ક્રિય છે કે અ–ક્રિય ? ગૌતમ ! તેઓ અ–ક્રિય નથી, સક્રિય કે સક્રિયો છે.

૨૦. ભગવન્ ! તે ઉત્પલજીવો સપ્તવિધબંધક છે કે અષ્ટવિધબંધક ? ગૌતમ ! તે સપ્તવિધબંધક છે કે અષ્ટવિધબંધક છે અહી પૂર્વોક્ત આઠ ભંગ કહેવા.

૨૧. ભગવન્ ! તે ઉત્પલજીવો આહારસંજ્ઞોપયુક્ત, ભયસંજ્ઞોપયુક્ત, મૈથુનસંજ્ઞોપયુક્ત કેપરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! આહારસંજ્ઞોપયુક્ત આદિ ૮૦ ભંગ કહેવા જોઈએ.

૨૨. ભગવન્ ! તે ઉત્પલજીવો ક્રોધકષાયી છે, માનકષાયી છે, માયાકષાયી છે કે લોભકષાયી ? ગૌતમ ! ક્રોધકષાય આદિ ચારે કષાય ભજનાએ હોય છે, તેથી તેમાં ૮૦ ભંગો કહેવા.

૨૩. ભગવન્ ! તે ઉત્પલજીવો સ્ત્રીવેદક છે, પુરુષવેદક છે કે નપુંસકવેદક છે ? ગૌતમ ! સ્ત્રી કે પુરુષવેદક નથી. નપુંસકવેદક કે નપુંસક–વેદકો છે.

૨૪. ભગવન્ ! તે ઉત્પલજીવો સ્ત્રીવેદ–પુરુષવેદ કે નપુંસકવેદ બંધક છે ? ગૌતમ ! સ્ત્રી–પુરુષ–નપુંસક વેદ બંધકના ૨૬ ભંગ.

૨૫. ભગવન્ ! તે ઉત્પલજીવો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ગૌતમ ! તે સંજ્ઞી નથી, અસંજ્ઞી કે અસંજ્ઞીઓ છે.

૨૬. ભગવન્ ! તે જીવો સ–ઇન્દ્રિય છે કે અનિન્દ્રિય? ગૌતમ ! અનિન્દ્રિય નથી, સઇન્દ્રિય કે સઇન્દ્રિયો છે.

૨૭. ભગવન્ ! તે જીવ, ઉત્પલપણે કાળથી કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ.

૨૮. ભગવન્ ! તે ઉત્પલ જીવ, પૃથ્વીજીવમાં જઈ ફરી ઉત્પલજીવ કેટલા કાળે થાય? કેટલા કાળે ગતિ–આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશે જઘન્યથી બે ભવ ગ્રહણ કરે, ઉત્કૃષ્ટથી અસંખ્ય ભવ ગ્રહણ કરે. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત–ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, આટલો કાળ રહે, આટલો કાળ ગતિ–આગતિ કરે.

ભગવન્ ! તે ઉત્પલ જીવ અપ્કાયપણે ઉત્પન્ન થઈને ફરી ઉત્પલજીવ કેટલા કાળે થાય? એ પ્રમાણે પૃથ્વી જીવમાં કહ્યા મુજબ કહેવું, યાવત્ વાયુજીવમાં પણ આ પ્રમાણે કહેવું.

ભગવન્ ! તે ઉત્પલ જીવ, વનસ્પતિ જીવરૂપે ઉત્પન્ન થઈ, ફરી ઉત્પલ જીવરૂપે કેટલો કાળ રહે, કેટલા કાળે ગતિ–આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્ય બે ભવ ગ્રહણ–ઉત્કૃષ્ટ અનંત ભવ ગ્રહણ. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ–તરુકાળ. આટલો કાળ રહે, આટલા કાળે ગતિ–આગતિ કરે છે.

ભગવન્ ! તે જીવ, બેઈન્દ્રિય જીવમાં જઈને ફરી ઉત્પલ જીવ રૂપે કેટલો કાળ રહે ? કેટલો કાળ ગતિ–આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્યે બે ભવ ગ્રહણ, ઉત્કૃષ્ટે સંખ્યાત–ભવગ્રહણ, કાલ આદેશથી જઘન્યે બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટે સંખ્યાતકાળ રહે, આટલો કાળ ગતિ–આગતિ કરે. એ પ્રમાણે તેઈન્દ્રિય જીવ, ચતુરિન્દ્રિય જીવમાં જાણવું.

ભગવન્ ! ઉત્પલજીવ પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં જઈને ફરી ઉત્પલ જીવમાં કેટલો કાળ રહે ? પૃચ્છા. ગૌતમ! ભવાદેશથી જઘન્યે બે ભવગ્રહણ, ઉત્કૃષ્ટે આઠ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યે બે અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટે પૂર્વ કોડિ પૃથક્ત્વ, આટલો કાળ રહે, આટલો કાળ ગતિ–આગતિ કરે.

એ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવુ યાવત્ આટલો કાળ ગતિ આગતિ કરે.

૨૯. ભગવન્ ! જીવ શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક દ્રવ્યોને, એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ પદમાં આહારોદ્દેશકમાં વનસ્પતિકાયિકનો આહાર કહ્યો તેમજ યાવત્ સર્વાત્મના આહાર કરે છે. વિશેષ – નિયમા છ દિશાથી આહાર કરે. બાકી પૂર્વવત્.

૩૦. ભગવન્ ! તે જીવોની કેટલી કાલ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ.

૩૧. ભગવન્ ! તે ઉત્પલજીવોને કેટલા સમુદ્ઘાત હોય ? ગૌતમ ! તેને ત્રણ સમુદ્ઘાત હોય છે– વેદના, કષાય અને મારણાંતિક સમુદ્ઘાત.

૩૨. ભગવન્ ! તે ઉત્પલજીવ મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે કે અસમવહત થઈને મરે છે ? ગૌતમ ! તે સમવહત થઈને પણ મરે કે અસમવહત થઈને પણ મરે છે

૩૩. ભગવન્ ! તે ઉત્પલજીવ ઉદ્વર્તીને (મરીને) તુરંત ક્યાં જાય, ક્યાં ઉત્પન્ન થાય છે ? તેઓ શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે તિર્યંચયોનિકમાં આદિ ? ગૌતમ ! એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપનાસૂત્રના 'વ્યુત્ક્રાંતિ' પદમાં ઉદ્વર્તના પ્રકરણમાં વનસ્પતિકાયિક જીવોમાં કહ્યું તે પ્રમાણે કહેવું.

૩૪. ભગવન્ ! હવે પ્રશ્ન છે કે –. સર્વે પ્રાણો–ભૂતો–જીવો–સત્વો શું ઉત્પલના મૂળપણે–કંદપણે–નાળપણે–પત્રપણે–કેસરપણે–કર્ણિકાપણે–સ્તિબુકના રૂપમાં પૂર્વે ઉત્પન્ન થયા છે ? ગૌતમ ! સર્વ પ્રાણ–ભૂત–જીવ–સત્વ અનેકવાર કે અનંતવાર પૂર્વોક્તરૂપે ઉત્પન્ન થયા છે. ભગવન્ ! આપ કહો છો, તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૨ 'શાલૂક'

**સૂત્ર–૪૯૯**

ભગવન્ ! એકપત્રક શાલૂક–વનસ્પતિ શુંએક જીવવાળું છે કે અનેક જીવવાળું ? ગૌતમ ! એક જીવવાળું છે, એ પ્રમાણે ઉત્પલ ઉદ્દેશક વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. યાવત્ અનંતવાર. વિશેષ આ – શરીરાવગાહના જઘન્યથી

અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથક્ત્વ. બાકી પૂર્વવત્. ..... ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૩ 'પલાશ'

**સૂત્ર–૫૦૦**

ભગવન્ ! એકપત્રક પલાશવૃક્ષ એકજીવક છે કે અનેકજીવક ? અહીં ઉત્પલ–ઉદ્દેશાની વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. વિશેષ આ – શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ગાઉપૃથક્ત્વ, તેમાં દેવો ન ઉપજે. લેશ્યામાં? – ભગવન્ ! તે જીવો, કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી કે કાપોતલેશ્યી છે ? ગૌતમ ! કૃષ્ણ–નીલ કે કાપોત લેશ્યીના ૨૬ ભંગો થાય. બાકી પૂર્વવત્. ..... ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૩નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૪ 'કુંભિક'

**સૂત્ર–૫૦૧**

ભગવન્ ! એકપત્રક કુંભિક જીવ, એકજીવક કે અનેકજીવક ? એ પ્રમાણે જેમ પલાશ–ઉદ્દેશમાં કહ્યું તેમ કહેવું. વિશેષ એ કે – સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વ. બાકી પૂર્વવત્.

ભગવન્ ! આપ કહો છો,તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૪નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૫ 'નાલિક'

**સૂત્ર–૫૦૨**

ભગવન્ ! એકપત્રક નાલિક, શું એકજીવક કે અનેકજીવક છે? ગૌતમ ! એ પ્રમાણે કુંભિક ઉદ્દેશની વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૫નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૬ 'પદ્મ'

**સૂત્ર–૫૦૩**

ભગવન્ ! એકપત્રક પદ્મ, એકજીવક કે અનેકજીવક છે ? ગૌતમ ! એ પ્રમાણે ઉત્પલ ઉદ્દેશક વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૬નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૭ 'કર્ણિક'

**સૂત્ર–૫૦૪**

ભગવન્ !એકપત્રક કર્ણિક શું એક જીવ છે? એ બધું સંપૂર્ણ પૂર્વવત્ કહેવું. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૭નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧, ઉદ્દેશો-૮ 'નલિન'

સૂત્ર–૫૦૫

ભગવન્ ! એકપત્રક નલિન એક જીવ છે? એ બધું સંપૂર્ણ પૂર્વવત્ યાવત્ અનંતવાર કહેવું. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.

### શતક-૧૧, ઉદ્દેશા-૮નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૧, ઉદ્દેશો-૯ 'શિવરાજર્ષિ'

સૂત્ર–૫૦૬ થી ૫૦૮

**૫૦૬.** તે કાળે, તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું – વર્ણન. તે હસ્તિનાપુર–નગરની બહાર ઈશાન ખૂણામાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું, તે સર્વઋતુના પુષ્પ–ફળથી સમૃદ્ધ હતું, તે રમ્ય, નંદનવન સમાન સુશોભિત, સુખદ–શીતલ છાયાવાળું, મનોરમ, સ્વાદુ ફળ યુક્ત, અકંટક, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતું.

તે હસ્તિનાપુર નગરમાં શિવ નામે રાજા હતો. તે હિમવંત પર્વત સમાન મહાન હતો૦ ઈત્યાદિ વર્ણન કરવું. તે શિવ રાજાને ધારિણી નામે દેવી રાણી. હતી. તેણી સુકુમાલ હાથ–પગવાળી હતી આદિ વર્ણન કરવું. તે શિવરાજાનો પુત્ર અને ધારિણીનો આત્મજ એવો શિવભદ્રક નામે કુમાર હતો. તે સુકુમાર હતો ઈત્યાદિ રાયપ્પસેણયમાં વર્ણવ્યા મુજબ સૂર્યકાંત સમાન કહેવું યાવત્ તે નિરીક્ષણ કરતો–કરતો વિચરતો હતો.

ત્યારે તે શિવ રાજાને અન્ય કોઈ દિવસે, પૂર્વ રાત્રિ અને અપર રાત્રિના મધ્યાહ્ન કાળ સમયમાં રાજ્યની ધૂરાને ચિંતવતા, આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો – આ મારા પૂર્વ પુન્યનો પ્રભાવ છે, ઈત્યાદિ તામલિના કથનાનુસાર જાણવું. યાવત્ હું પુત્રથી, પશુથી, રાજ્યથી, રાષ્ટ્રથી, બળસૈન્ય.થી, વાહનથી, કોશથી, કોષ્ઠા–ગારથી નગરથી, અંતઃપુરથી વૃદ્ધિ પામી રહ્યો છું. વિપુલ–ધન, કનક, રત્ન યાવત્ સારભૂત દ્રવ્ય દ્વારા અતી–અતી અભિવૃદ્ધિ પામી રહ્યો છું. તો શું હું પૂર્વ પુણ્યોના ફળ સ્વરૂપ યાવત્ એકાંતસુખનો ઉપયોગ કરતો વિચરું?

હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે જ્યાં સુધી હું હિરણ્યાદિથી વૃદ્ધિ પામી રહ્યો છું યાવત્ અભિવૃદ્ધિ પામી રહ્યો છું યાવત્ સામંતરાજાઓ પણ મને વશવર્તી રહ્યા છે, ત્યાં સુધીમાં કાલે પ્રભાત થતા યાવત્ જાજ્વલ્યમાન સૂર્યોદય થતા હું ઘણી લોઢી, લોહકડાઈ, કડછા, તાંબાના તાપસોચિત ભંડક ઘડાવીને શિવભદ્રકુમારને રાજ્યમાં સ્થાપીને, તે ઘણા લોઢી, લોહકડાઈ, કડછા, તાપસને ઉચિત તાંબાના ભંડક ગ્રહીને જે આ ગંગાકૂળે વાનપ્રસ્થ તાપસ છે –

જેવા કે – અગ્નિહોત્રિ, પોતિક, કોત્રિક, યાજ્ઞિક, શ્રાદ્ધિ, સ્થાલિક જે દંતપ્રક્ષાલક, ઉન્મજ્જક, સંમજ્જક, નિમજ્જક, સંપ્રક્ષાલક, ઉર્ધ્વકંડૂયક, અધોકંડૂયક, દક્ષિણકૂલક, ઉત્તરકૂલક, શંખધમક, કૂલધમક, મૃગલુબ્ધક, હસ્તિતાપસ, સ્નાન કર્યા વિના ભોજન ન કરનારા, પાણીમાં રહેનારા, વાયુમાં રહેનારા, જલવાસી, વસ્ત્ર મંડપ.વાસી, અંબૂભક્ષી, વાયુભક્ષી, શેવાળભક્ષી, મૂલાહારી, કંદાહારી, પત્રાહારી, પુષ્પાહારી, ફલાહારી, બીજાહારી, પરિસડિત કંદ–મૂલ–છાલ–પાન–પુષ્પ–ફલાહારી, ઉદ્દંડી, વૃક્ષમૂળ નિવાસી, વાલવાસી, વક્રપાસી, દિશાપ્રોક્ષિક, આતાપનાથી પંચાગ્નિ તાપથી તપનારા, અંગારાથી તપાવી શરીરને કાષ્ઠ બનાવી દેનારા, કંડુ સોંલ્લિય જેવા, કાષ્ઠ સોલ્લિય જેવા પોતાના આત્માને યાવત્ કરનારા વિચરે છે. જેમ 'ઉવવાઈ'માં કહ્યું તેમ યાવત્ વિચરે છે.

તેમાં જે દિશાપ્રોક્ષિક તાપસ છે, તેમની પાસે મુંડ થઈને દિશાપ્રોક્ષિક તાપસપણે પ્રવ્રજિત થઈશ, પ્રવ્રજિત થઈને આ આવા પ્રકારે અભિગ્રહને ગ્રહણ કરીશ. યાવજ્જીવન નિરંતર છટ્ઠ–છટ્ઠની તપસ્યાથી દિક્ચક્રવાલ તપોકર્મથી ઉર્ધ્વ બાહુ રાખીને યાવત્ વિહરીશ એમ વિચારે છે, એ પ્રમાણે વિચારીને બીજે દિવસે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતા, ઘણી લોઢી, લોહ કડાઈ યાવત્ ઘડાવીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે.

તેઓને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! હસ્તિનાગપુર નગરને અંદર અને બહારથી આસિક્ત યાવત્ સાફ કરાવીને જણાવો. ત્યારે તે શિવ રાજાએ બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી શિવભદ્રકુમારના મહાર્થ, મહાર્ધ, મહાર્હ, વિપુલ રાજ્યાભિષેકની સામગ્રી ઉપસ્થિત કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે ઉપસ્થાપિત કરી.

ત્યારે તે શિવ રાજાએ અનેક ગણનાયક, દંડનાયક યાવત્ સંધિપાલ સાથે પરીવરીને શિવભદ્રકુમારને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેસાડે છે. બેસાડીને ૧૦૮ સુવર્ણના કળશોથી યાવત્ ૧૦૮ માટીના કળશો વડે સર્વઋદ્ધિ વડે યાવત્ નાદ વડે મહાન–મહાન રાજાભિષ્ક વડે અભિસિંચિત કરો, કરીને પીંછા જેવા સુકુમાલ, સુરભિ ગંધ કાષાયિક વસ્ત્રથી શરીરને લૂંછો, લૂંછીને સરસ ગોશીર્ષ ચંદનથી લીંપો. એ પ્રમાણે જમાલિની માફક અલંકારિત કરો, યાવત્ કલ્પ વૃક્ષની સમાન અલંકૃત અને વિભૂષિત કર્યો. કરીને, બે હાથ જોડી યાવત્ શિવભદ્રકુમારને જય અને વિજય વડે વધાવે છે. જય–વિજય વડે વધાવીને, તેવી ઈષ્ટકાંત–પ્રિય વાણી વડે. જેમ 'ઉવવાઈ'માં કોણિકને કહ્યું તેમ અહીં કહેવુ યાવત્ પરમાયુ પાળનાર થાઓ, ઈષ્ટજનોથી સંપરિવૃત્ત થઈને હસ્તિનાપુર નગરના તથા બીજા ઘણા ગ્રામ–આકર–નગર યાવત્ વિચરો, એમ કહીને જય–જય શબ્દનો પ્રયોજે છે. ત્યારે તે શિવભદ્રકુમાર રાજા થયો, તે હિમવંત પર્વત જેવો મહાન થયો આદિ વર્ણન કરવું યાવત્ વિચરે છે.

ત્યારે તે શિવ રાજા અન્ય કોઈ દિવસે શોભન તિથિ–કરણ–દિવસ–મુહૂર્ત–નક્ષત્રમા વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરાવ્યા. કરાવીને મિત્ર–જ્ઞાતિ–નિજક યાવત્ પરિજનને, રાજાઓ તથા ક્ષત્રિયોને આમંત્રે છે. આમંત્રીને પછી સ્નાન કર્યુ યાવત્ શરીરે વિલેપન કર્યુ. ભોજન વેળાએ, ભોજન મંડપમાં ઉત્તમ સુખાસન પર બેઠો. તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન યાવત્ પરિજન, રાજા અને ક્ષત્રિયો સાથે વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ઈત્યાદિ તામલીની માફક કરીને યાવત્ સત્કાર, સન્માન કર્યા. સત્કારીને–સન્માનીને, તે મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજન, રાજા અને ક્ષત્રિયોને તથા શિવભદ્ર રાજાને પૂછે છે. પૂછીને ઘણા લોઢી, લોહકડાઈ, કડછા યાવત્ ભાંડ લઈને જે આ ગંગાકૂલકે વાનપ્રસ્થ તાપસો છે, તે બધું યાવત્ તેમની પાસે મુંડ થઈને દિશાપ્રોક્ષિક તાપસપણાએ પ્રવ્રજિત થયો, પ્રવ્રજિત ગ્રહણ કરતાં જ આ આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરે છે – મારે જાવજ્જીવ છઠ્ઠ કરવો ઈત્યાદિ પૂર્વવત્ કલ્પે યાવત્ અભિગ્રહ ગ્રહણ કરીને પહેલો છઠ્ઠતપ સ્વીકારીને વિચરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ પહેલા છઠ્ઠ તપના પારણામાં આતાપના ભૂમિથી ઉતરે છે, આતાપના ભૂમિથી ઉતરીને વલ્કલના વસ્ત્રો પહેરીને જ્યાં પોતાની કુટીર હતી, ત્યાં આવે છે. ત્યાં આવીને કિઢિણ અને કાવડ લે છે. લઈને પૂર્વ દિશાને પ્રોક્ષિત કરી, પૂર્વદિશાના સોમલોકપાલ ને સંબોધીને કહ્યું. પ્રસ્થાને પ્રસ્થિત એવા મને–શિવ રાજર્ષિની રક્ષા કરો – રક્ષા કરો. ત્યાં જે કંદ, મૂળ, ત્વચા, પત્ર, પુષ્પ, ફળ, બીજ, હરિત છે, તે લેવાની મને અનુજ્ઞા આપો. એમ કરીને પૂર્વ દિશામાં અવલોકન કર્યું, કરીને ત્યાં જે કંદ યાવત્ હરિત હતા, તેને ગ્રહણ કરે છે. કાવડની કિઢિણમાં ભરે છે. ભરીને દર્ભ, કુશ, સમિધા અને વૃક્ષની શાખા નમાવીને પત્ર લીધા.

ત્યારપછી જ્યાં પોતાની કુટીર છે, ત્યાં આવે છે, આવીને કિઢિણ–કાવડને રાખે છે. રાખીને વેદિકાને પ્રમાર્જે છે. પ્રમાર્જીને લિંપણ–સંમાર્જન કરે છે. કરીને દર્ભ અને કળશને હાથમાં લઈને જ્યાં ગંગા મહાનદી છે, ત્યાં આવે છે. ગંગા મહાનદીમાં અવગાહન કર્યુ, કરીને જળથી દેહશુદ્ધિ કરી, કરીને જળ ક્રીડા કરી, કરીને જળથી શરીરનો. અભિષેક કર્યો. કરીને આચમન આદિ કરી, સ્વચ્છ અને પરમ પવિત્ર થઈને દેવ અને પિતૃકાર્ય સંપન્ન કર્યું, દર્ભ અને કળશ હાથમાં લઈને ગંગા મહાનદીથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં પોતાની કુટીર હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને દર્ભ–કુશ–રેતી વડે વેદી બનાવી. વેદી બનાવીને શરક વડે અરણીને ઘસી, ઘસીને અગ્નિ પ્રગટાવ્યો. અગ્નિ સળગતા અગ્નિને સંધુક્યો, તેમાં કાષ્ઠની સમિધા નાંખી, કાષ્ઠસમિધા નાંખીને અગ્નિને પ્રજવલિત કર્યો, કરીને અગ્નિની જમણી બાજુ આ સાત વસ્તુઓ રાખી.

**૫૦૭.** સકથા, વલ્કલ, સ્થાન, શય્યા, ભાંડ, કમંડલ, દારુદંડ તથા પોતાનું શરીર. પછી મધુ, ઘી, ચોખાનો અગ્નિમાં હવન કર્યો અને ચરુમાં બલિદ્રવ્ય લઈને બલિ વૈશ્યદેવને અર્પણ કર્યા, અતિથિ પૂજા કરી. પૂજા કરીને પછી શિવ રાજર્ષિએ પોતે આહાર કર્યો.

**૫૦૮.** ત્યારપછી તે શિવરાજર્ષિએ બીજી વખત છઠ્ઠ તપ સ્વીકારીને વિચરી રહ્યા છે. ત્યારે તે શિવરાજર્ષિ બીજા છઠ્ઠ તપના પારણે આતાપના ભૂમિથી નીચે ઊતર્યા, ઉતરીને પહેલા પારણા માફક બધુ કહેવું. વિશેષ એ કે દક્ષિણ દિશાને પ્રોક્ષે(પૂજે) છે. પ્રોક્ષિત કરીને કહ્યું. કે હે દક્ષિણ દિશાના યમ લોકપાલ ! પ્રસ્થાને પ્રસ્થિત આદિ પૂર્વવત્. એ રીતે સ્વયં આહાર કરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ ત્રીજા છઠ્ઠ તપને સ્વીકારીને વિચરે છે, ત્યારે તે શિવરાજર્ષિ, આદિ પૂર્વવત્. વિશેષ આ – હે પશ્ચિમ દિશાના વરુણ લોકપાલ! પ્રસ્થાને પ્રસ્થિત આદિ પૂર્વવત્ યાવત્ આહાર કરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ ચોથા છઠ્ઠ તપને સ્વીકારીને વિચરે છે. ત્યારે તે શિવરાજર્ષિ, ચોથા છઠ્ઠ તપને આદિ પૂર્વવત્. વિશેષ આ – ઉત્તર દિશા પ્રોક્ષિત કરે છે, હે ઉત્તર દિશાના વૈશ્રમણ લોકપાલ! પ્રસ્થાને પ્રસ્થિત શિવની રક્ષા કરો, બાકી પૂર્વવત્ યાવત્ પછી આહાર કરે છે. એ રીતે દિશાપ્રોક્ષક તાપસચર્યાનું પાલન કરી રહ્યા છે.

ત્યારે તે શિવરાજર્ષિ છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપથી દિશાચક્રવાલ વડે યાવત્ આતાપના લેતા, પ્રકૃતિભદ્રતા યાવત્ વિનીતતાથી અન્ય કોઈ દિવસે તદ્ આવરક કર્મના ક્ષયોપશમથી ઇહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા વિભંગ નામક અજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓ તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી આ લોકમાં સાત દ્વીપ, સાત સમુદ્રને જોવા લાગ્યા. તેનાથી આગળ તે જાણતા અને દેખતા ન હતા.

ત્યારે તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો – મને અતિશય જ્ઞાન–દર્શન સમુત્પન્ન થયા છે, એ રીતે નિશ્ચયથી આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, ત્યારપછી દ્વીપ, સમુદ્રનો વિચ્છેદ છે. એવો વિચાર કર્યો, કરીને આતાપના ભૂમિથી ઊતર્યા, ઉતરીને વલ્કલ, વસ્ત્ર ધારણ કરીને પોતાની કુટીરે આવ્યા. આવીને ઘણા જ લોઢી, લોહકડાઈ, કડછા યાવત્ ભાંડ કિઢિણ–કાવડમાં લીધા. લઈને જ્યાં હસ્તિનાપુર નગર, જ્યાં તાપસોનો આશ્રમ હતો, ત્યાં આવ્યા. આવીને ઉપકરણાદિ મૂક્યા, હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક યાવત્ પથોમાં ઘણા લોકોને આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે – હે દેવાનુપ્રિયો! મને અતિશય જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા છે. નિશ્ચયથી આ લોકમાં યાવત્ સાત–સાત દ્વીપ અને સમુદ્રો છે.

ત્યારે તે શિવરાજર્ષિની પાસે આ વૃત્તાંત સાંભળીને, અવધારીને હસ્તિનાપુર નગરે શૃંગાટક, ત્રિક યાવત્ માર્ગમાં ઘણા લોકો પરસ્પર એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે. ખરેખર, હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે – હે દેવાનુપ્રિયો! મને અતિશય જ્ઞાન–દર્શન યાવત્ પછી દ્વીપ, સમુદ્રોનો વિચ્છેદ છે. તે કેમ માનવું ?

તે કાળે, તે સમયે ભગવંત મહાવીરસ્વામી પધાર્યા યાવત્ પર્ષદા ધર્મશ્રવણ કરીપાછી ગઈ.

તે કાળે, તે સમયે, ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યું તેમ યાવત્ ભ્રમણ કરતા ઘણા લોકોના શબ્દો સાંભળ્યા, ઘણા લોકો પરસ્પર આમ કહે છે યાવત્ પ્રરૂપે છે – ખરેખર, હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે – હે દેવાનુપ્રિયો ! યાવત્ પછી દ્વીપ, સમુદ્રનો વિચ્છેદ થાય છે, તે કેવી રીતે બને ?

ત્યારે ગૌતમસ્વામીએ ઘણા લોકો પાસે આ વૃત્તાંત સાંભળીને, સમજીને યાવત્ શ્રદ્ધાવાળા થઈને નિર્ગ્રન્થ ઉદ્દેશક માફક પૂછ્યું. યાવત્ પછી દ્વીપ–સમુદ્રનો વિચ્છેદ થાય છે, ભગવન્ ! એ કેવી રીતે માનવું?

ગૌતમ આદિને આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે, ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું – હે ગૌતમ ! જે ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે, ઇત્યાદિ બધું કહેવું યાવત્ દ્વીપ–સમુદ્રનો વિચ્છેદ થાય છે યાવત્ શિવરાજર્ષિ કહે છે તે મિથ્યા છે. હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું –

એ પ્રમાણે, જંબૂદ્વીપ આદિ દ્વીપો, લવણ આદિ સમુદ્રો એક સરખા વૃત્ત સંસ્થાનવાળા, વિસ્તારમાં અનેક પ્રકારે છે, એમ જે રીતે જીવાભિગમમાં સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત કહ્યું તેમ આ તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપસમુદ્રો છે.

ભગવન્ !જંબૂદ્વીપ દ્વીપમાં વર્ણસહિત અને વર્ણરહિત, ગંધ સહિત અને ગંધરહિત, રસસહિત અને રસરહિત, સ્પર્શસહિત અને સ્પર્શરહિત દ્રવ્યો પરસ્પર બદ્ધ, પરસ્પર સ્પૃષ્ટ યાવત્ પરસ્પર સંબદ્ધ છે ? હા, છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં વર્ણસહિત અને વર્ણરહિત, ગંધ સહિત અને ગંધરહિત, રસસહિત અને રસરહિત, સ્પર્શસહિત અને સ્પર્શરહિત દ્રવ્યો પરસ્પર સંબદ્ધ દ્રવ્યો છે ? હા,ગૌતમ ! છે

ભગવન્ ! ધાતકીખંડદ્વીપમાં વર્ણસહિત આદિ પૂર્વવત્ દ્રવ્યો યાવત્ સ્વયંભૂરમણસમુદ્રમાં દ્રવ્યો છે ? હા, છે.

ત્યારે તે મોટી–મહાન–મહત પર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે આ અર્થને સાંભળીને અવધારીને, હર્ષિત, સંતુષ્ટ થઈને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમીને, જે દિશામાંથી આવી હતી ત્યાં પાછી ગઈ.

ત્યારે હસ્તિનાપુર નગરમાં શૃંગાટક યાવત્ માર્ગોમાં ઘણા લોકો પરસ્પર એમ કહેવા યાવત્ પ્રરૂપવા લાગ્યા કે – હે દેવાનુપ્રિયો ! જે શિવરાજર્ષિ એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે તેને અતિશય જ્ઞાન–દર્શન ઉપજ્યા છે યાવત્ તે અર્થ, સમર્થ નથી. ભગવંત મહાવીર આમ કહે છે યાવત્ પ્રરૂપે છે – એ પ્રમાણે આ શિવરાજર્ષિને નિરંતર છટ્ઠ–છટ્ઠ તપ કરતા યાવત્ કહે છે,, તે મિથ્યા છે. ભગવંત મહાવીર કહે છે – જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણાદિ સમુદ્રો યાવત્ અસંખ્યાતા દ્વીપ–સમુદ્રો હે શ્રમણાયુષો ! કહ્યા છે.

ત્યારે તે શિવરાજર્ષિ ઘણા લોકો પાસેથી આ અર્થને સાંભળી, અવધારીને શંકિત, કાંક્ષિત, વિચિકિત્સક, ભેદ–સમાપન્ન, ક્લેશ સમાપન્નવાળો યાવત્ થયો. ત્યારે તે શિવરાજર્ષિ શંકિત, કાંક્ષિત યાવત્ ક્લેશવાળો થતા, તેનું વિભંગ અજ્ઞાન જલદીથી નષ્ટ થઈ ગયું.

ત્યારે તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉપજ્યો કે – આ પ્રમાણે આદિકર તીર્થંકર ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્ર વડે યાવત્ સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈ યાવત્ વિચરે છે – તથારૂપ અરહંત ભગવંતોનું નામ–ગોત્ર શ્રવણ પણ મહા ફળદાયી છે આદિ જેમ 'ઉવવાઈ'માં કહ્યું, હું જાઉં અને ભગવંત મહાવીરને વાંદુ યાવત્ પર્યુપાસના કરું. આ મને આ ભવ અને પરભવને પણ શ્રેયસ્કર થશે, આ પ્રમાણે વિચારે છે, વિચારીને જ્યાં તાપસાશ્રમ છે, ત્યાં આવે છે, ત્યાં આવીને તાપસાશ્રમમાં પ્રવેશે છે. પ્રવેશીને ઘણા લોઢી, લોહકડાઈ, યાવત્ કિઢિણ–કાવડ લે છે, લઈને તાપસાશ્રમથી નીકળે છે, નીકળીને વિભંગજ્ઞાન રહિત તે શિવરાજર્ષિ હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાનમાં શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમીને અતિ નિકટ નહીં – અતિ દૂર નહીં એવા સ્થાને યાવત્ અંજલિ જોડીને પર્યુપાસે છે.

ત્યારે ભગવંત મહાવીર શિવરાજર્ષિને અને મોટી પર્ષદાને ધર્મ કહે છે. યાવત્ આજ્ઞાના આરાધક થાય છે. ત્યારે તે શિવરાજર્ષિ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારીને સ્કંદકની માફક ઈશાન ખૂણામાં જઈને, ઘણા લોઢી, લોહકડાઈ યાવત્ કિઢિણ–કાવડને એકાંતમાં મૂકે છે, સ્વયં જ પંચમુષ્ટી લોચ કરે છે. ભગવંત મહાવીર પાસે ઋષભદત્તની માફક દીક્ષા લીધી. તેની જેમ જ અગિયાર અંગોને ભણ્યો. તેની જેમ જ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયો.

સૂત્ર–૫૦૯

ભગવન્ ! એમ આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! સિદ્ધ થનાર જીવ કયા સંઘયણમાં સિદ્ધ થાય છે ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણમાં સિદ્ધ થાય છે. એ પ્રમાણે ઉવવાઈમાં કહ્યા મુજબ સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ, પરિવહન, એ પ્રમાણે સંપૂર્ણ સિદ્ધિકંડિકા કહેવી, યાવત્ અવ્યાબાધ શાશ્વત સુખને સિદ્ધો અનુભવે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧૧, ઉદ્દેશા-૯નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શતક-૧૧, ઉદ્દેશો-૧૦ 'લોક'

સૂત્ર–૫૧૦

રાજગૃહનગરમાં ગૌતમસ્વામીએ યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! લોક કેટલા ભેદ છે ? ગૌતમ ! લોકના ચાર ભેદછે – દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક, ભાવલોક.

ભગવન્ ! ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! ક્ષેત્રલોક ત્રણ ભેદે છે. અધોલોક ક્ષેત્રલોક, તિર્છાલોક ક્ષેત્રલોક, ઉર્ધ્વલોક ક્ષેત્રલોક.

ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! સાત ભેદે છે – રત્નપ્રભા પૃથ્વી અધોલોક ક્ષેત્રલોક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી અધોલોક ક્ષેત્રલોક.

ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભેદે છે. જંબૂદ્વીપ તિર્છાલોક ક્ષેત્રલોક યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર તિર્છાલોક ક્ષેત્રલોક.

ભગવન્ ! ઉર્ધ્વલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! પંદર ભેદે – સૌધર્મ કલ્પ ઉર્ધ્વલોક ક્ષેત્રલોક યાવત્ અચ્યુત ઉર્ધ્વલોક ક્ષેત્રલોક, ગ્રૈવેયક વિમાન ઉર્ધ્વલોક ક્ષેત્રલોક, અનુત્તરવિમાન૦, ઈષત્પ્રાગ્ભારાપૃથ્વી૦

ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોક કયા સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! ત્રપા આકારે.

ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોક કયા આકારે રહેલ છે ? ગૌતમ ! ઝલ્લરી આકારે છે.

ભગવન્ ! ઉર્ધ્વલોક ક્ષેત્રલોક પૃચ્છા. ઉર્ધ્વમૃદંગાકારે રહેલ છે.

ભગવન્ ! લોક કયા આકારે રહેલ છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક આકારે છે. નીચે વિસ્તીર્ણ, વચ્ચે સંક્ષિપ્ત, જેમ શતક–૭ના ઉદ્દેશા–૧માં કહ્યું તેમ યાવત્ અંત કરે છે.

ભગવન્ ! અલોક કયા આકારે છે? ગૌતમ ! પોલા ગોળાના આકારે છે.

ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોકમાં શું જીવ છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે ? ગૌતમ ! જેમ ઐન્દ્રી દિશામાં કહ્યું, તેમ અદ્ધા સમય સુધી સંપૂર્ણ કહેવું.

ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોકમાં શું જીવ૦ આદિ છે ? એ જ પ્રમાણે કહેવું. એ રીતે ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ કહેવું. વિશેષ એ કે – અરૂપી અજીવ છ ભેદે છે, અદ્ધા સમય નથી.

ભગવન્ ! લોકમાં જીવો૦ છે ? જેમ બીજા શતકમાં, અસ્તિ ઉદ્દેશકમાં લોકાકાશમાં કહ્યું, તેમ કહેવું. વિશેષ આ – અરૂપીના સાતે ભેદ કહેવા યાવત્ અધર્માસ્તિકાયના પ્રદેશો છે, આકાશાસ્તિકાય નથી, આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ, અદ્ધા સમય. બાકી પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! અલોકમાં શું જીવા૦ જેમ અસ્તિકાય ઉદ્દેશકમાં અલોકાકાશમાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું. યાવત્ અનંતભાગ ન્યૂન.

ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોકમાં એક આકાશ પ્રદેશમાં શું જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવ પ્રદેશ છે ? ગૌતમ ! જીવ નથી, જીવ દેશ, જીવપ્રદેશ છે. અજીવ છે, અજીવદેશ છે, અજીવપ્રદેશ છે. જે જીવ દેશો છે તે ૧. નિયમા એકેન્દ્રિય દેશો છે, અથવા ૨. એકેન્દ્રિય દેશો અને બેઇન્દ્રિય દેશ છે. ૩. અથવા એકેન્દ્રિય દેશો, બેઇન્દ્રિય દેશો છે. એ પ્રમાણે મધ્યમ ભંગને છોડીને યાવત્ અથવા ૧. એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિય દેશોછે

જે જીવ પ્રદેશો છે, તે નિયમા એકેન્દ્રિય પ્રદેશો છે, અથવા ૨. એકેન્દ્રિય પ્રદેશો અને બેઇન્દ્રિય પ્રદેશો, ૩. અથવા એકેન્દ્રિયપ્રદેશો અને બેઇન્દ્રિયોના પ્રદેશો, એ પ્રમાણે પ્રથમ ભંગ છોડીને યાવત્ પંચેન્દ્રિય અનિન્દ્રિયોમાં ત્રણ ભંગ કહેવા.

જે અજીવો છે, તે બે ભેદે છે– રૂપી, અરૂપી. રૂપી પૂર્વવત્. અરૂપી અજીવ પાંચ ભેદે છે– ૧.નોધર્માસ્તિકાય, ૨. ધર્માસ્તિકાયના દેશ, ૩. ધર્માસ્તિકાયના પ્રદેશ, એ રીતે ૩–૪. અધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ. ૫. અદ્ધા સમય.

તિર્છાલોક ક્ષેત્રલોકના, ભગવન્ ! એક આકાશપ્રદેશમાં શું જીવો૦ છે ? અધોલોક ક્ષેત્રલોક મુજબ જાણવું. એ પ્રમાણે ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ જાણવુ. વિશેષ એ કે – તેમાં અદ્ધા સમય નથી. તે કારણે અરૂપી અજીવ. ચાર ભેદે કહ્યા. લોકમાં, જેમ અધોલોક ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં કહ્યું. તેમ કહેવું.

ભગવન્ ! અલોકના એક આકાશપ્રદેશની પૃચ્છા, ગૌતમ ! ત્યાં જીવ નથી, જીવ દેશ નથી, ઇત્યાદિ પૂર્વવત્. યાવત્ અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત સર્વાકાશના અનંતમાં ભાગ ન્યૂન છે.

દ્રવ્યથી અધોલોક ક્ષેત્રલોકમાં અનંત જીવ દ્રવ્યો, અનંત અજીવ દ્રવ્યો, અનંતા જીવાજીવ દ્રવ્યો છે, એ રીતે તિર્છાલોક ક્ષેત્રલોકમાં અને ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ જાણવું. દ્રવ્યથી અલોકમાં જીવદ્રવ્યો નથી, અજીવદ્રવ્યો નથી, જીવાજીવ દ્રવ્યો નથી, એ અજીવદ્રવ્ય દેશ છે યાવત્ સર્વાકાશના અનંતમાં ભાગ ન્યૂન છે.

કાળથી અધોલોક ક્ષેત્રલોક કદી ન હતો, તેમ નથી યાવત્ નિત્ય છે. એ પ્રમાણે અલોક સુધી જાણવું. ભાવથી અધોલોક–ક્ષેત્રલોકમાં અનંતા વર્ણ પર્યાય છે, ઇત્યાદિ જેમ 'સ્કંદક'માં કહ્યું, તેમ યાવત્ અનંતા અગુરુલઘુ પર્યાયો છે, એ પ્રમાણે યાવત્ લોકમાં છે. ભાવથી અલોકમાં વર્ણપર્યાય નથી યાવત્ યાવત્ અગુરુલઘુ પર્યાય નથી, પણ એક અજીવદ્રવ્યનો દેશ છે યાવત્ અનંત ભાગ ન્યૂન છે.

## સૂત્ર–૫૧૧ થી ૫૧૩

**૫૧૧.** ભગવન્ ! લોક કેટલો મોટો છે? ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ, સર્વે દ્વીપોથી યાવત્ પરિધિથી છે. તે કાળે, તે સમયે છ મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવો, જંબૂદ્વીપના મેરુ પર્વતની મેરુ ચૂલિકાની ચોતરફ ઊભા રહ્યા. નીચે ચાર દિક્–કુમારી મહત્તરિકાઓ ચાર બલિપિંડ લઈને જંબૂદ્વીપની ચારે દિશામાં બહારની તરફ મુખ રાખીને ઊભી રહી. તે ચારે બલિપિંડ યમક–શમકની બાહ્યાભિમુખ ફેંક્યા. હે ગૌતમ ! ત્યારે તે દેવોમાંથી એક–એક દેવ, ચારે બલિપિંડોને પૃથ્વીતલ ઉપર પહોંચ્યા પહેલા, જલદીથી ગ્રહણ કરવામાં સમર્થ હોય તેવા તે દેવોમાંથી એક દેવ, હે ગૌતમ ! તે ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી પૂર્વમાં જાય, એ પ્રમાણે એક દક્ષિણમાં, એક પશ્ચિમમાં, એક ઉત્તરમાં જાય, એ રીતે એક દેવ ઉર્ધ્વમાં અને એક દેવ અધોભિમુખ જાય.

તે જ કાળે, તે સમયે ૧૦૦૦ વર્ષની આયુવાળા એક બાળકે જન્મ લીધો. ત્યારે તે બાળકના માતાપિતા મૃત્યુ પામ્યા. તેટલા સમયમાં. તે દેવ, લોકના અંતને પ્રાપ્ત કરી શકતા નથી. ત્યારપછી તે બાળક પણ આયુ પૂર્ણ થતા મૃત્યુ પામ્યો. તેટલા સમયમાં પણ તે દેવ, લોકના અંતને પામી શકતો નથી. ત્યારપછી તે બાળકના હાડ–માંસ પણ ક્ષીણ થઈ જાય, તો પણ તે દેવો લોકના અંતને પામી શકતો નથી. તે બાળકની સાતમી પેઢી સુધીનો કુળ–વંશ ક્ષીણ થઈ ગયો, તો પણ તે દેવો લોકાંત પામી ન શક્યા, ત્યારપછી તે બાળકના નામગોત્ર પણ ક્ષીણ થઈ ગયા તો પણ તે દેવો લોકના અંતને પામી ન શક્યા.

ભગવન્ ! તે દેવોનું ગત(ઉલ્લંઘન કરેલ)ક્ષેત્ર અધિક છે કે, અગત(ઉલ્લંઘન ન કરેલ) ક્ષેત્ર ? ગૌતમ ! ગતક્ષેત્ર અધિક છે, અગતક્ષેત્ર બહુ નથી. અગત ક્ષેત્ર ગતક્ષેત્રના અસંખ્યાતમાં ભાગે છે, અગત ક્ષેત્રથી ગતક્ષેત્ર અસંખ્યાતગણુ છે. હે ગૌતમ ! લોક, આટલો વિશાળ કહેલ છે.

ભગવન્ ! અલોક કેટલો મોટો છે ? ગૌતમ ! આ સમયક્ષેત્ર ૪૫ લાખ યોજન લંબાઈ–પહોળાઈથી છે. એ પ્રમાણે સ્કંદકમાં કહ્યા મુજબ યાવત્ પરિધિથી છે. તે કાળે, તે સમયે મહર્દ્ધિક એવા દશ દેવો પૂર્વવત્ યાવત્ ચોતરફથી ઘેરીને ઊભા રહે. નીચે આઠ દિક્કુમારી મહત્તરિકાઓ આઠ બલિપિંડ લઈને માનુષોત્તર પર્વતની ચારે દિશામાં, ચારે વિદિશામાં બાહ્યાભિમુખ રહીને આઠ બલિપિંડ લઈને માનુષોત્તર પર્વતના બહારની તરફ એક સાથે ફેંકે, ત્યારે તે દેવોમાંથી પ્રત્યેક દેવ તે આઠ બલિપિંડને ધરણીતલે પહોંચ્યા પહેલા જલદીથી ગ્રહણ કરવાને સમર્થ થાય. એવી શીઘ્ર, ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી તે દશે દેવ, લોકના અંતમાં ઊભા રહીને, તેમાં એક દેવ પૂર્વ અભિમુખ જાય, એક દેવ દક્ષિણપૂર્વમાં જાય યાવત્ એક ઉત્તર–પૂર્વમાં જાય, એક દેવ ઉર્ધ્વમાં, એક દેવ નીચેની દિશામાં જાય.

તે કાળે, તે સમયે એક લાખ વર્ષના આયુવાળા બાળકનો જન્મ થાય, ત્યારપછી તે બાળકના માતા–પિતા મૃત્યુ પામે, તો દેવો અલોકના અંતને ન પામે. ઇત્યાદિ પૂર્વવત્. તે દેવોનું ગતક્ષેત્ર વધારે છે કે અગતક્ષેત્ર વધારે છે? ગૌતમ ! ગતક્ષેત્ર વધુ નથી, અગતક્ષેત્ર ઘણુ છે. ગતક્ષેત્રથી અગત ક્ષેત્ર અનંતગણું છે. અગત ક્ષેત્રથી ગત ક્ષેત્ર અનંત ભાગ છે. ગૌતમ ! અલોક આટલો મોટો કહ્યો છે.

**૫૧૨.** ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં એકેન્દ્રિય જીવોના જે પ્રદેશ છે યાવત્ પંચેન્દ્રિયના જે પ્રદેશ છે, અનિન્દ્રિય પ્રદેશો છે, શું તે બધા અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ? ભગવન્ ! શું તે પરસ્પર એકબીજાને આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરે છે ? અથવા શું તે તેના અવયવોનું છેદન કરે છે ?

ગૌતમ ! ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે લોકના એક આકાશપ્રદેશમાં એકેન્દ્રિયાદિ જીવપ્રદેશ યાવત્ પરસ્પર બાધા પહોંચાડતા નથી. ગૌતમ ! જેમ કોઈ નર્તકી હોય, તેણી શૃંગારના ગૃહ સમાન, સુંદર વેશવાળી યાવત્ સેંકડો–લાખો લોકોથી પરિપૂર્ણ રંગસ્થલીમાં બત્રીસ પ્રકારના નાટ્યમાંથી કોઈ એક નાટ્ય દેખાડતી હોય તો, હે ગૌતમ ! તે પ્રેક્ષકગણ, તે નર્તકીને અનિમેષ દૃષ્ટિથી ચોતરફથી જુએ છે કે નહીં ? હા, જુએ છે.

હે ગૌતમ ! તે દર્શકોની દૃષ્ટિ, તે નર્તકી પર ચોતરફથી પડે છે કે નહીં ? હા, પડે છે. હે ગૌતમ ! તે દૃષ્ટિઓ, તે નર્તકીને કંઈ પણ થોડી કે ઝાઝી પીડા પહોંચાડે છે ? કે તેણીના અવયવોનું છેદન કરે છે ? ના, તે અર્થ સમર્થ નથી. અથવા તે નર્તકી તે દૃષ્ટિને કંઈ થોડી કે ઝાઝી પીડા પહોંચાડી શકે કે તેના અવયવોનું છેદન કરે ? ના, તે અર્થ સમર્થ નથી. અથવા તે દૃષ્ટિઓ પરસ્પર દૃષ્ટિને થોડી કે વધુ પીડા પહોંચાડી શકે કે અવયવ છેદ કરી શકે ? ના, તે અર્થ સમર્થ નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે – પૂર્વવત્ યાવત્ અવયવોનું છેદન ન કરે.

**૫૧૩.** ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય પદમાં રહેલ જીવપ્રદેશો, ઉત્કૃષ્ટ પદમાં રહેલ જીવપ્રદેશ અને સમસ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય પદમાં રહેલ જીવપ્રદેશ છે. સર્વ જીવો તેથી અસંખ્યાતગણા છે, ઉત્કૃષ્ટ પદમાં રહેલ જીવપ્રદેશો વિશેષાધિક છે. ભગવન્ ! આપ કહો છો તેમજ છે, તે એમ જ છે, એમ જ છે.

### શતક-૧૧, ઉદ્દેશા-૧૦નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૧, ઉદ્દેશો-૧૧ 'કાલ'

સૂત્ર–૫૧૪

તે કાળે, તે સમયે વાણિજ્ય ગ્રામ નામે નગર હતું. દૂતિપલાશ ચૈત્ય હતું. યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો.

તે વાણિજ્યગ્રામ નગરમાં સુદર્શન નામે શ્રેષ્ઠી રહેતો હતો, તે ઋદ્ધિમાન્ યાવત્ અપરિભૂત હતો, શ્રાવક, જીવાજીવનો જ્ઞાતા હતો યાવત્ વિચરતો હતો. મહાવીર સ્વામી પધાર્યા. યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

ત્યારે તે સુદર્શન શ્રેષ્ઠી આ વૃત્તાંત જાણીને હર્ષિત, સંતુષ્ટ થઈને સ્નાન કર્યુ, યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને કોરંટ પુષ્પની માળાયુક્ત છત્રને ધારણ કરીને પગે ચાલીને, મહાપુરુષ વર્ગથી પરિવૃત્ત થયેલો વાણિજ્યગ્રામ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને જ્યાં દૂતિપલાશ ચૈત્ય છે, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરની પંચવિધ અભિગમથી સન્મુખ થાય છે. તે આ – સચિત્ત દ્રવ્યોનો ત્યાગ ઇત્યાદિ જેમ ઋષભદત્તમાં કહ્યું તેમ યાવત્ ત્રિવિધ એવી પર્યુપાસનાથી પર્યુપાસે છે.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર સુદર્શન શ્રેષ્ઠીને અને તે મહા–મોટી પર્ષદાને ધર્મ કહે છે યાવત્ તે આરાધક થયો. ત્યારે સુદર્શન શ્રેષ્ઠી ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળીને, અવધારીને, હર્ષિત, તુષ્ટિત થઈ ઉત્થાનથી ઊઠે છે, ઊઠીને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આમ કહે છે – ભગવન્ ! કાળ કેટલા ભેદે છે? હે

સુદર્શન ! કાળ ચાર ભેદે છે – પ્રમાણકાળ, યથાનિવૃત્તિકાળ, મરણકાળ, અદ્ધાકાળ.

તે પ્રમાણ કાળ શું છે ? બે ભેદે છે – દિવસ પ્રમાણકાળ અને રાત્રિ પ્રમાણકાળ. ચાર પ્રહરનો દિવસ હોય, ચાર પ્રહરની રાત્રિ હોય છે.દિવસ–રાત્રિની પોરસી ઉત્કૃષ્ટ સાડા ૪ મુહુર્ત અને જઘન્ય ૩ મુહૂર્તની થાય છે.

## સૂત્ર–૫૧૫

ભગવન્ ! જ્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની દિવસની કે રાત્રિની પોરિસી હોય, ત્યારે મુહૂર્ત્તના કેટલા ભાગ ઘટતા–ઘટતા જઘન્ય ત્રણ મુહૂર્તના દિવસ અને રાત્રિની પૌરુષી થાય છે? અને જ્યારે દિવસ અને રાત્રિની પોરિસી જઘન્ય ત્રણ મુહૂર્ત્તની હોય, ત્યારે મુહૂર્ત્તના કેટલા ભાગ વધતા વધતા ઉત્કૃષ્ટ સાડા ચાર મુહૂર્ત્તની પોરિસી થાય?

હે સુદર્શન! જ્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની દિવસ કે રાત્રિની પોરિસી હોય ત્યારે મુહૂર્ત્તનો ૧૨૨મો ભાગ ઘટતા ઘટતા જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી થાય અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી હોય ત્યારે મુહૂર્ત્તનો ૧૨૨મો ભાગ વધતા–વધતા ઉત્કૃષ્ટી સાડા ચાર મુહૂર્ત્તની દિવસ કે રાત્રિની પોરિસી થાય છે.

ભગવન્ ! દિવસ અને રાત્રિની ઉત્કૃષ્ટી સાડા ચાર મુહૂર્ત્તની પોરિસી ક્યારે હોય અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી ક્યારે હોય? હે સુદર્શન ! જ્યારે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તનો દિવસ હોય અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય, ત્યારે ઉત્કૃષ્ટી સાડા ચાર મુહૂર્ત્તની દિવસની અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની રાત્રિ પોરિસી હોય છે. જ્યારે ઉત્કૃષ્ટી ૧૮ મુહૂર્ત્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્કૃષ્ટી સાડા ચાર મુહૂર્ત્તની રાત્રિ પોરિસી હોય છે અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની દિવસની પોરિસી હોય છે.

ભગવન્ ! ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ ક્યારે હોય છે ? જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ ક્યારે હોય છે ? અથવા ઉત્કૃષ્ટી અઢાર મુહૂર્ત્તની રાત્રિ ક્યારે હોય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ ક્યારે હોય ?

હે સુદર્શન ! અષાઢ પૂર્ણિમાએ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે. પોષની પૂર્ણિમાએ ઉત્કૃષ્ટી અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે, જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ હોય છે.

ભગવન્ ! દિવસ અને રાત્રિ સમાન પણ હોય છે ? હા, હોય છે. ભગવન્ ! દિવસ અને રાત્રિ ક્યારે સમાન હોય છે ? હે સુદર્શન ! ચૈત્ર અને આસોની પૂનમે આ દિવસ અને રાત્રિ બંને સમાન જ હોય છે. પંદર મુહૂર્ત્તનો દિવસ અને પંદર મુહૂર્ત્તની રાત્રિ હોય છે અને દિવસ તથા રાત્રિની પોણા ચાર મુહૂર્ત્તની પોરિસી હોય. ... આ પ્રમાણકાળ કહ્યો.

## સૂત્ર–૫૧૬, ૫૧૭

**૫૧૬.** તે યથાનિર્વૃત્તિકાળ શું છે ? યથાનિર્વૃત્તિકાળ – જે કોઈ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય અથવા દેવ વડે જેવા પ્રકારનું આયુ કર્મ. બાંધેલ હોય, તેનું પાલન કરવું. તે યથાનિર્વૃત્તિકાળ છે.

તે મરણકાળ શું છે ? શરીરથી જીવનું કે જીવથી શરીરનું પૃથક્ થવાનો કાળ. તે મરણકાળ છે.

તે અદ્ધાકાળ શું છે ? અદ્ધાકાળ અનેક પ્રકારે કહ્યો છે. તે સમયપ્રમાણ, આવલિકાપ્રમાણ યાવત્ ઉત્સર્પિણી પ્રમાણ છે. હે સુદર્શન! જેનું બે ભાગમાં છેદન ન થઈ શકે તે સમય છે. કેમ કે તે સમય સમયાર્થતાથી અસંખ્યાત સમયોનો સમુદય સમિતિ સભાગતાથી તે એક આવલિકા. સંખ્યાત આવલિકાથી જેમ 'શાલિ' ઉદ્દેશકમાં કહ્યું તેમ યાવત્ એક સાગરોપમનું પરિમાણ થાય છે.

હે ભગવન્ ! આ પલ્યોપમ, સાગરોપમનું શું પ્રયોજન છે ? સુદર્શન ! આ પલ્યોપમ, સાગરોપમ વડે નૈરયિક, તિર્યંચ યોનિક, મનુષ્ય અને દેવોનું આયુષ્ય મપાય છે.

**૫૧૭.** ભગવન્ ! નૈરયિકોની કેટલી કાલ સ્થિતિ કહી છે ? સુદર્શન ! અહીં સંપૂર્ણ 'સ્થિતિ' પદ કહેવું યાવત્ અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ કહેલી છે.

## સૂત્ર–૫૧૮ થી ૫૨૦

**૫૧૮.** ભગવન્ ! શું આ પલ્યોપમ, સાગરોપમની સ્થિતિનો ક્ષય કે અપચય થાય છે ? હા થાય છે. ભગવન્ !

એમ કેમ કહો છો કે આ પલ્યોપમ અને સાગરોપમનો યાવત્ અપચય થાય છે?

એ પ્રમાણે ખરેખર હે સુદર્શન ! તે કાળે, તે સમયે હસ્તિનાગપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉદ્યાન હતું . તે હસ્તિનાગપુર નગરમાં બલ નામે રાજા હતો. તે બલ રાજાને પ્રભાવતી નામે દેવી (રાણી) હતી, તે સુકુમાલ ઇત્યાદિ હતી યાવત્ તે વિચરતી હતી. (નગર, ઉદ્યાન, રાજા, રાણી બધાનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર કહેવું)

ત્યારે તે પ્રભાવતી રાણીને અન્ય કોઈ દિવસે તેવી, તેવા પ્રકારે વાસગૃહની અંદર ચિત્રકર્મથી યુક્ત તથા બહારથી ધૃષ્ટ, મૃષ્ટ, વિચિત્ર ઉર્ધ્વ ભાગ, અધોભાગ–તલમાં મણિ અને રત્નોને કારણે જેનો અંધકાર નાશ થયો છે, તેવા બહુસમ સુવિભક્ત દેશ ભાગમાં પાંચ વર્ણ, સરસ અને સુગંધી પુષ્પપુંજોના ઉપચારથી યુક્ત, કાળો અગરુ–પ્રવર કુંદુરુક્ક – તુરુષ્ક–ધૂપ મઘમઘાયમાન થતા ગંધોધૃત અભિરામ, ઉત્તમ સુગંધથી ગંધિત, ગંધવર્તીભૂત તે, તેવા પ્રકારના શયનીયમાં બંને તરફ તકીયા હતા, તે શય્યા બંને તરફથી ઉન્નત અને મધ્યમાં ગંભીર હતી. ગંગા નદીની તટવર્તી રેતીની સમાન કોમળ. હતી. તે મુલાયમ ક્ષૌમિક દુકુલપટ્ટથી આચ્છાદિત હતી, તેને સુવિરચિત રજસ્ત્રાણ હતું, લાલરંગી સૂક્ષ્મ વસ્ત્રથી સંવૃત્ત હતી, તે સુરમ્ય, આજિનક રૂ–બૂર–નવનીત–અર્કતૂલ સમાન કોમળ સ્પર્શવાળી હતી તથા સુગંધી શ્રેષ્ઠ પુષ્પ, ચૂર્ણ અને શયનોપચાર વડે યુક્ત હતી.

અર્ધરાત્રિકાળ સમયમાં કંઈક સૂતી–જાગતી અર્ધનિદ્રાવસ્થામાં પ્રભાવતી રાણી હતી. તેણીને આ આવા પ્રકારના ઉદાર, કલ્યાણરૂપ, શિવ, ધન્ય, મંગલ, સશ્રિક, મહાસ્વપ્ન જોયું અને તેણી જાગી.

પ્રભાવતી રાણીએ સ્વપ્નમાં એક સિંહને જોયો. હાર, રજત, ક્ષીર સમુદ્ર, ચંદ્ર કિરણ, જલકણ, રજત મહાશૈલની સમાન શ્વેતવર્ણીય હતો તે વિશાલ, રમણીય, દર્શનીય હતો. તેના પ્રકોષ્ઠ સ્થિર અને સુંદર હતા. તે પોતાના ગોળ, પુષ્ટ, સુશ્લિષ્ટ, વિશિષ્ટ અને તીક્ષ્ણ દાઢાવાળા મુખને ફાડીને રહેલો. તેના હોઠ સંસ્કારિત, જાતિમાન કમળ સમાન કોમળ, પ્રમાણોપેત અને અત્યંત સુશોભિત હતા. તેનું તાલુ અને જીભ રક્ત કમળના પત્ર સમાન અત્યંત કોમળ હતા. તેના નેત્ર, ભૂસામાં રહેલ અને અગ્નિમાં તપાવેલ તથા આવર્ત્ત કરતા ઉત્તમ સ્વર્ણ સમાન વર્ણવાળા, ગોળ અને વિદ્યુત સમાન વિમલ હતા. તેની જાંઘ વિશાળ, પુષ્ટ હતી. તેના સ્કંધ પરિપૂર્ણ અને વિપુલ હતા. તે મૃદુ, વિશદ, સૂક્ષ્મ, પ્રશસ્ત લક્ષણા કેસરાથી શોભતો હતો. તે સિંહ પોતાની સુંદર, સુનિર્મિત, ઉન્નત પૂંછને પછાડતો, સૌમ્યાકૃતિ વાળો, લીલા કરતો, બગાસા ખાતો, ગગનતલથી ઉતરતો અને પોતાના મુખકમળ સરોવરમાં પ્રવેશ કરતો દેખાયો. આવા સિંહને સ્વપ્નમાં જોઈને પ્રભાવતી રાણી જાગી.

ત્યારે તે પ્રભાવતી રાણી આ આવા પ્રકારના ઉદાર યાવત્ સશ્રીક મહાસ્વપ્નને જોઈને જાગી.જાગીને હર્ષિત, સંતુષ્ટ યાવત્ વિકસિત હૃદયા થઈ, મેઘની ધારાથી સિંચિત કદમ્બના પુષ્પની જેમ તેણીની રોમરાજી વિકસ્વર થઈ, તે સ્વપ્નનું સ્મરણ કરવા લાગી, કરીને શય્યામાંથી ઊભી થઈ, થઈને અત્વરિત–અચપળ–અસંભ્રાંત–અવિલંબિત–રાજહંસ સદૃશ ગતિથી જ્યાં બળ રાજાની શય્યા હતી ત્યાં આવે છે, ત્યાં આવીને બલરાજાએ તેવી ઈષ્ટ–કાંત–પ્રિય–મનોજ્ઞ–મણામ–ઉદાર–કલ્યાણરૂપ–શિવ–ધન્ય–મંગલરૂપ–શોભાથી યુક્ત મિત–મધુર–મંજુલ વાણી વડે ધીમે ધીમે બોલતા જગાડે છે. જગાડીને બલ રાજાની અનુજ્ઞા મેળવ્યા પછી વિવિધ મણિ–રત્નની રચનાથી ચિત્રિત ભદ્રાસને બેસી, બેસીને પછી આશ્વસ્ત, વિશ્વસ્ત થઈને ઉત્તમ સુખાસન પર બેસીને બલરાજાને તેવી ઈષ્ટ–કાંત યાવત્ વાણી વડે ધીમે ધીમે બોલતા આમ કહ્યું –

એ પ્રમાણે ખરેખર, હે દેવાનુપ્રિય ! હું આજે તેવી, તેવા પ્રકારની શય્યામાં સૂતેલી આદિ પૂર્વવત્ યાવત્ મારા મુખમાં પ્રવેશતા એવા સિંહને સ્વપ્નમાં જોઈને હું જાગી. તો હે દેવાનુપ્રિય! આ ઉદાર યાવત્ મહાસ્વપ્નનું મને શું કલ્યાણકારી ફળ–વૃત્તિ વિશેષ થશે ?

ત્યારે તે બળરાજા, પ્રભાવતી રાણી પાસે આ વૃત્તાંતને સાંભળી, અવધારી, હર્ષિત–સંતુષ્ટ યાવત્ વિકસિત હૃદય થયો. મેઘની ધારાથી સિંચિત વિકસિત કદમ્બના સુગંધી પુષ્પની સમાન તેનું શરીર પુલકીત થયું. તેની

રોમરાજી વિકસ્વર થઈ, પછી તે સ્વપ્નનો અવગ્રહ અવગ્રહ્યો, ઈહામાં પ્રવેશ કર્યો, ઈહામાં પ્રવેશીને, પોતાની સ્વાભાવિક મતિપૂર્વક, બુદ્ધિ વિજ્ઞાનથી, તે સ્વપ્નનું અર્થગ્રહણ કર્યું, તેનું અર્થગ્રહણ કરીને પ્રભાવતી દેવીને, તેવી ઈષ્ટ, કાંત યાવત્ મંગલ સ્વરૂપ મિત, મધુર, સશ્રીક વાણીથી ધીમે ધીમે આ પ્રમાણે કહ્યું –

હે દેવી ! તમે ઉદાર સ્વપ્નને જોયું, કલ્યાણરૂપ સ્વપ્નને જોયું યાવત્ હે દેવી ! તમે સશ્રીક સ્વપ્નને જોયું. હે દેવી ! તમે આરોગ્ય તુષ્ટી–દીર્ઘાયુ–કલ્યાણકારી–મંગલકારી સ્વપ્નને જોયું. તમને આ સ્વપ્નના ફળરૂપે. હે દેવાનુપ્રિયા ! અર્થનો લાભ થશે, હે દેવાનુપ્રિયા ! ભોગનો લાભ થશે, હે દેવાનુપ્રિયા ! પુત્રનો લાભ થશે, દેવાનુપ્રિયા! રાજ્યનો લાભ થશે. એ પ્રમાણે નિશ્ચયથી હે દેવાનુપ્રિયા ! તમે નવ માસ પ્રતિપૂર્ણ અને સાડા સાત રાત્રિદિવસ પસાર થયા પછી, આપણા કુલમાં કેતુરૂપ, કુલદીપક, કુલપર્વત, કુલઅવતંસક, કુલતિલક, કુલકીર્તિકર, કુલનંદીકર, કુલયશકર, કુલાધાર, કુલપાદપ, કુલ વિવર્ધનકર એવા સુકુમાલ હાથ–પગવાળા, અહીન–પૂર્ણ પંચેન્દ્રિય શરીરી યાવત્ શશિસૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ, દેવકુમારની સમાન પ્રભાવાળા બાળકને જન્મ આપશો.

તે બાળક પણ બાલભાવથી મુક્ત થઈને વિજ્ઞ અને પરિપક્વ થશે, અનુક્રમે યૌવન પ્રાપ્ત થતા શૂર, વીર, વિક્રાંત, વિસ્તિર્ણ વિપુલ સૈન્ય અને વાહનવાળો રાજ્યાધિપતિ રાજા થશે.

હે દેવી ! તમે ઉદાર યાવત્ સ્વપ્નને જોયેલ છે, હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ યાવત્ મંગલકારક સ્વપ્નને જોયેલ છે. ઈત્યાદિ કહીને પ્રભાવતીદેવીને તેવી ઈષ્ટ યાવત્ મધુરવાણી વડે બે વખત, ત્રણ વખત અનુમોદના કરે છે.

ત્યારે તે પ્રભાવતી દેવી, બળ રાજા પાસે આ અર્થને સાંભળીને, અવધારીને હર્ષિત–સંતુષ્ટ થઈ, બે હાથ જોડી યાવત્ આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિય! **તમે જે કહ્યું તે યથાર્થ છે, હે દેવાનુપ્રિય! તે તથ્ય છે, હે દેવાનુપ્રિય! તે અવિતથ છે, હે દેવાનુપ્રિય! તે અસંદિગ્ધ છે, હે દેવાનુપ્રિય! તે મને ઈચ્છિત છે, હે દેવાનુપ્રિય! તે મને પ્રતિચ્છિત છે, હે દેવાનુપ્રિય! તે મને ઈચ્છિત–પ્રતિચ્છિત છે. તમે જે પ્રમાણે કહો છો** એમ કરીને તે સ્વપ્નને ફળને. સમ્યક્ પ્રકારે સ્વીકારીને બલ રાજાની અનુજ્ઞા પામ્યા પછી વિવિધ મણિરત્નોથી ચિત્રિત ભદ્રાસનથી ઉઠે છે, ઉઠીને અત્વરિત યાવત્ અચપલ ગતિથી જ્યાં પોતાની શય્યા છે, ત્યાં આવે છે, આવીને શય્યામાં બેસે છે, બેસીને આ પ્રમાણે બોલી–

મારા આ ઉત્તમ, પ્રધાન, મંગલરૂપ સ્વપ્નો, અન્ય પાપસ્વપ્નોથી પ્રતિહત ન થાઓ. એમ કરીને દેવ–ગુરુ–જન સંબંધી પ્રશસ્ત, મંગલરૂપ ધાર્મિક કથા વડે સ્વપ્ન જાગરિકાથી જાગતી એવી રહે છે.

ત્યારે તે બલરાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી આજે બાહ્ય ઉપસ્થાનશાળાને સવિશેષ ગંધોદક વડે સિંચીને શુદ્ધ કરો, સ્વચ્છ કરો, લીંપો, ઉત્તમ સુગંધી પંચવર્ણી પુષ્પોપચારથી યુક્ત કરો. કાલો અગરુ, પ્રવર કુંદુરુક્કથી યાવત્ ગંધવર્તીભૂત કરો અને કરાવો, કરીને–કરાવીને સિંહાસન રખાવો, રખાવીને મને યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ તે સાંભળીને જલદીથી સવિશેષ બાહ્ય ઉપસ્થાન શાળાને કરાવી યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે બળરાજા પ્રાતઃકાળ સમયમાં પોતાની શય્યાથી ઉઠ્યો, ઉઠીને પાદપીઠથી ઉતર્યો, ઉતરીને જ્યાં વ્યાયામ શાળા હતી, ત્યાં આવ્યો, આવીને વ્યાયામ શાળામાં પ્રવેશ્યો. યાવત્ ઉવવાઈ સૂત્રમાં કહ્યા મુજબ જાણવું. તે પ્રમાણે જ વ્યાયામશાળા, તે પ્રમાણે જ સ્નાનગૃહ યાવત્ ચંદ્રમા સમાન પ્રિયદર્શનવાળો રાજા સ્નાનગૃહથી નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે ત્યાં આવ્યો. આવીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. બેસીને પોતાની ઉત્તરપૂર્વ દિશામાં આઠ ભદ્રાસનો-શ્વેતવસ્ત્રથી આચ્છાદિત કર્યા, સરસવ આદિ માંગલિક ઉપચાર રચાવ્યા. રચાવીને પોતાની બહુ સમીપ નહીં - બહુ દૂર નહીં, તેમ વિવિધ રત્નમંડિત, અધિક પ્રેક્ષણીય, મહાર્ઘ-ઉત્તમ-પટ્ટણ ગત શ્લક્ષ્ણપટ્ટમાં સેંકડો ચિત્રોની રચના કરાવી–

તે પટ્ટમાં. ઈહામૃગ, વૃષભ યાવત્ પદ્મલતાના ચિત્રથી યુક્ત કરી શ્વેત વસ્ત્રની અન્યતર યવનિકા બંધાવી.

બંધાવીને વિવિધ મણિરત્નાદિથી વિચિત્ર, સ્વચ્છ–મૃદુ–શ્વેત વસ્ત્ર પથરાવી, શરીરને સુખદ સ્પર્શ દેનાર, અતિમૃદુ એવા ભદ્રાસન પદ્માવતી દેવી માટે રખાવીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી અષ્ટાંગ મહાનિમિત્ત સૂત્રાર્થધારક, વિવિધ શાસ્ત્રકુશળ સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવો, ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ રાજાની આજ્ઞા સાંભળી બલરાજાની પાસેથી નીકળ્યા. નીકળીને શીઘ્ર–ત્વરિત–ચપલ–ચંડ વેગવાળી ગતિથી હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી નીકળી જ્યાં તે સ્વપ્નલક્ષણ પાઠકોના ગૃહો હતા, ત્યાં આવ્યા, આવીને તે સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવે છે.

ત્યારે તે સ્વપ્નલક્ષણ પાઠકો બલરાજાના કૌટુંબિક પુરુષો વડે બોલાવાતા હર્ષિત તુષ્ટિત ઇત્યાદિ થઈને યાવત્ સ્નાન કર્યુ યાવત્ શરીરે મસ્તકે. સરસવ અને લીલી દુર્વાથી મંગલ કરીને પોત–પોતાના ઘેરથી નીકળ્યા, નીકળીને હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી જ્યાં બલરાજાનું ઉત્તમ ભવનાવતંસક હતું ત્યાં આવ્યા, આવીને ઉત્તમ ભવનાવતંસક ના દ્વાર ઉપર એકત્ર થયા, એકત્ર થઈને જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યા. આવીને બે હાથ જોડીને યાવત્ બલરાજાને જય–વિજય વડે વધાવે છે.

ત્યારે સ્વપ્નલક્ષણ પાઠકો, બલરાજા દ્વારા વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત કરાયા પછી પ્રત્યેક પૂર્વે રખાયેલા ભદ્રાસનો ઉપર બેસે છે. ત્યારપછી બલરાજા, પ્રભાવતી દેવીને જવનિકાની પાછળ બેસાડે છે, બેસાડીને પુષ્પ અને ફળ હાથોમાં ભરીને બલરાજાએ અત્યંત વિનયપૂર્વક તે સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહ્યું –

એ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિયો ! પ્રભાવતી દેવી આજ તેવા તેવા પ્રકારના વાસગૃહમાં યાવત્ સિંહનું સ્વપ્ન જોઈને જાગી, તો હે દેવાનુપ્રિયો ! આ ઉદાર યાવત્ સ્વપ્નનું શું કલ્યાણ ફળ–વૃત્તિ વિશેષ થશે ? ત્યારે તે સ્વપ્ન લક્ષણપાઠકો બલરાજાની પાસે આ વૃત્તાંત સાંભળીને, અવધારીને, હર્ષિત, તુષ્ટિત થઈને યાવત્ તે સ્વપ્ન અવગ્રહથી અવગ્રહે છે, પછી ઈહામાં અનુપ્રવેશે છે, પ્રવેશીને તે સ્વપ્નનું અર્થાવગ્રહણ કરે છે, કરીને પરસ્પર–એકબીજા સાથે વિચારણા કરે છે, કરીને તે સ્વપ્નના અર્થને સ્વયં જાણ્યો, બીજા પાસેથી ગ્રહણ કર્યો, પરસ્પર પૂછીને અર્થનો નિશ્ચય કર્યો, અર્થને અભિગત કર્યો. બલરાજાની પાસે સ્વપ્ન શાસ્ત્રને ઉચ્ચારતા આમ કહ્યું –

એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિય! અમારા સ્વપ્નશાસ્ત્રમાં ૪૨–સ્વપ્નો, ૩૦–મહાસ્વપ્નો એમ સર્વે ૭૨–સ્વપ્નો કહ્યા છે, તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકરની કે ચક્રવર્તીની માતા, તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે આ ૩૦ મહાસ્વપ્નોમાંથી ૧૪–મહાસ્વપ્નો જોઈને જાગે છે. તે આ પ્રમાણે છે –

**૫૧૯.** ગજ, વૃષભ, સિંહ, અભિષેક, માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ, સરોરવ, સાગર, વિમાનભવન, રત્ન રાશિ, અગ્નિ.

**૫૨૦.** વાસુદેવની માતા વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાં કોઈ સાત મહાસ્વપ્નો જોઈને જાગે છે, બલદેવની માતા બલદેવ ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ ચાર મહાસ્વપ્નોને જોઈને જાગે છે, માંડલિકની માતા માંડલિક ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાંના કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે છે. હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ એક મહાસ્વપ્ન જોયું છે.

હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે યાવત્ આરોગ્ય, તુષ્ટિ યાવત્ માંગલ્યકારક સ્વપ્ન પ્રભાવતી દેવીએ જોયેલ છે. હે દેવાનુપ્રિય ! તેના ફળ રૂપે. અર્થનો લાભ, ભોગનો લાભ, પુત્રનો લાભ, રાજ્યનો લાભ થશે. એ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિય ! દેવી પ્રભાવતી નવ માસ પ્રતિપૂર્ણ થતા, સાડા સાત દિવસ વ્યતિક્રાંત થતા તમારા કુલમાં કેતુ સમાન યાવત્ બાળકને જન્મ આપશે. તે બાળક પણ બાલભાવથી મુક્ત થઈને યાવત્ રાજ્યાધિપતિ રાજા થશે અથવા ભાવિતાત્મા અણગાર થશે. હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે, યાવત્ આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુ, કલ્યાણકારી યાવત્ સ્વપ્નને જોયેલ છે. ત્યારે તે બલરાજા સ્વપ્નલક્ષણ પાઠકની પાસે આ અર્થને સાંભળી, અવધારી, હર્ષિત–તુષ્ટિત થઈને, બે હાથ જોડી યાવત્ તે સ્વપ્નલક્ષણ પાઠકોને આમ કહ્યું

હે દેવાનુપ્રિયો ! તે એમ જ છે યાવત્ તમે જે કહો છો તે તેમ જ છે, તે સ્વપ્નના અર્થને સમ્યક્ સ્વીકારે છે, સ્વીકારીને સ્વપ્નલક્ષણ પાઠકોને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વડે સત્કારે છે, સન્માને છે. સત્કારી–સન્માનીને વિપુલ જીવિકા યોગ્ય પ્રીતિદાન આપે છે, આપીને વિસર્જિત કરે છે.

ત્યારપછી સિંહાસનથી ઊભો થાય છે, ઊભો થઈને જ્યાં પદ્માવતી દેવી છે, ત્યાં આવે છે, આવીને પ્રભાવતી દેવીને તેવી ઇષ્ટ, કાંત યાવત્ વાણીથી ધીમે ધીમે આ પ્રમાણે કહે છે –

એ પ્રમાણે ખરેખર, હે દેવાનુપ્રિયા ! સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨–સ્વપ્નો, ૩૦–મહાસ્વપ્નો એમ ૭૨ સર્વે સ્વપ્નો કહ્યા છે. તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકર કે ચક્રવર્તીની માતા૧૪ મહાસ્વપ્નોને જોઇને ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે છે. આમાંથી હે દેવાનુપ્રિયા ! તમે એક મહાસ્વપ્નને જોયું છે. હે દેવી! તમે ઉદાર સ્વપ્નને જોયું છે યાવત્ રાજ્યાધિપતિ રાજા થશે. અથવા ભાવિતાત્મા અણગાર થશે. હે દેવી! તમે ઉદાર સ્વપ્નને જોયું યાવત્ પ્રભાવતી દેવીને તેવી ઇષ્ટ, કાંત યાવત્ બીજી વખત, ત્રીજી વખત અનુમોદના કરી. ત્યારે તે પ્રભાવતી દેવી બળરાજાની પાસે આ પ્રમાણે સાંભળી, અવધારીને, હર્ષિત–સંતુષ્ટ થઈને, બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય! તમે જે કહ્યું, તેમ જ છે યાવત્ આ પ્રમાણે કહીને તેણીએ સ્વપ્નના અર્થને સારી રીતે સ્વીકાર્યો. બલરાજાની અનુમતિ લઈ વિવિધ મણિ, રત્નથી ચિત્રિત સિંહાસનેથી યાવત્ ઊભી થઈને અત્વરિત, અચપલ યાવત્ ગતિથી જ્યાં પોતાનું ભવન, ત્યાં ગઈ, જઈને પોતાના ભવનમાં પ્રવેશી.

ત્યારપછી તે પ્રભાવતી દેવીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ, તે ગર્ભને અતિ શીત નહીં, અતિ ઉષ્ણ નહીં, અતિ તિક્ત નહીં, અતિ કટુક નહીં, અતિ કષાયી કે ખાટા નહીં, અતિ મધુર નહીં, પણ ઋતુને યોગ્ય પણ સુખકારક ભોજન, આચ્છાદન, ગંધ, માલ્ય વડે તે ગર્ભના હિત, મિત, પથ્ય, ગર્ભપોષક પદાર્થો લેતી, તે દેશ, કાળ અનુસાર આહાર કરતી, વિવિક્ત–મૃદુ શયન–આસનથી એકાંત શુભ કે સુખદ મનોનુકૂલ વિહારભૂમિમાં રહેતી, પ્રશસ્ત દોહદ ઉત્પન્ન થયા, દોહ પૂર્ણ થયા, સન્માનિત થયા, કોઈએ દોહદની અવમાનના ન કરી, દોહદ સમાપ્ત થયા, રોગ–મોહ–ભય–પરિત્રાસાદિથી રહિત થઈને ગર્ભને સુખપૂર્વક વહન કરે છે.

ત્યારે તે પ્રભાવતી દેવીએ નવ માસ પ્રતિપૂર્ણ થયા બાદ સાડા સાત રાત્રિ દિવસ વ્યતિક્રાંત થતા સુકુમાલ હાથ–પગવાળા, અહીન–પૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળા, લક્ષણ–વ્યંજન ગુણયુક્ત યાવત્ શશિ સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપ્યો.

ત્યારે તે પ્રભાવતી દેવીની અંગપરિચારિકાઓએ પ્રભાવતી દેવીને પ્રસૂતા જાણીને જ્યાં બલરાજા હતો, ત્યાં ગઈ, ત્યાં જઈને બે હાથ જોડી યાવત્ બલરાજાને જય–વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું – એ પ્રમાણે હે દેવાનુપ્રિય ! પ્રભાવતીના પ્રિય સમાચારને આપની પ્રીતિ માટે નિવેદન કરીએ છીએ, તે તમને પ્રિય થાઓ.

ત્યારે તે બલરાજા અંગપરિચારિકા પાસે આ વૃત્તાંતને સાંભળીને, અવધારીને હર્ષિત–સંતુષ્ટ થઈને યાવત્ ધારાથી સિંચિત માફક યાવત્ વિકસિત રોમકૂપવાળા રાજાએ તે અંગપ્રતિચારિકાને મુગુટ સિવાયના બધા અલંકાર આપી દીધા, પછી સફેદ ચાંદીનો નિર્મળ જળથી ભરેલ કળશ લઈને તે દાસીઓના મસ્તક ધોયા, તેઓને વિપુલ જીવિતાર્થ પ્રીતિદાન દઈને સત્કાર, સન્માન કરી દાસીત્વથી મુક્ત કરી.

સૂત્ર–૫૨૧

ત્યારે તે બલ રાજા કૌટુંબિક પુરુષને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિયો ! જલદીથી હસ્તિનાપુર નગરને ચારકશોધન બંદીરહિત. કરો. કરીને માન–ઉન્માનમાં વૃદ્ધિ કરો. કરીને હસ્તિનાપુર નગરને અંદર અને બહારથી આસિક્ત કરો, સંમાર્જિત કરો, ઉપલિપ્ત કરો યાવત્ કરો – કરાવો, કરીને – કરાવીને યૂપસહસ્ર અને ચક્ર સહસ્રની પૂજા, મહિમા, સત્કારપૂર્વક ઉત્સવ કરો, મારી આ આજ્ઞાને મને પાછી સોંપો. અર્થાત્ તદનુસાર કાર્ય થયાનું નિવેદન કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષો બલ રાજાએ આ પ્રમાણે કહેતા યાવત્ તેમની આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે બલરાજા જ્યાં અટ્ટણશાળા હતી, ત્યાં આવે છે, ત્યાં આવીને પૂર્વવત્ યાવત્ મજ્જનગૃહથી નીકળે છે, નીકળીને શુલ્ક અને કર લેવાનું બંધ કર્યું, કૃષિ નિષેધ કર્યો, દેવાનો–માપતોલનો નિષેધ કર્યો. ભટોનો પ્રવેશ બંધ કર્યો, દંડ અને કુદંડ બંધ કર્યા, ઋણ મુક્ત કર્યા, ઉત્તમ ગણિકા તથા નાટ્ય સંબંધી પાત્રોથી યુક્ત થયો, અનેક તાલાનુચર વડે આચરિત, વાદકો દ્વારા સતત મૃદંગનાદ, મ્લાન ન થયેલ પુષ્પમાલા, પ્રમુદીત–પ્રક્રીડિત લોક, બધા નગરજન અને જનપદ નિવાસી. ઇત્યાદિ. રીતે દશ દિવસ સુધી સ્થિતિ પ્રતીત કરે છે.

ત્યારે તે બલરાજા દશ દિવસીય સ્થિતિ પતિતા વર્તતી હતી ત્યારે સેંકડો–હજારો–લાખો યાગ કાર્ય કરતો, દાન–ભાગ આપતો, અપાવતો, સેંકડો, હજારો, લાખો લાભોને સ્વીકારતો, સ્વીકારાવતો એ પ્રમાણે વિચરે છે.

ત્યારે તે બાળકના માતાપિતા પહેલા દિવસ સ્થિતિપતિતા કરી, ત્રીજે દિવસે ચંદ્ર–સૂર્ય દર્શન કરાવ્યા, છઠ્ઠે દિવસે જાગરિકા કરી, અગિયારમો દિવસ વીતી ગયા પછી, જાતક કર્મની નિવૃત્તિ કરી. અશુચિ જાતકર્મ કરણ સંપ્રાપ્ત થતા બારમે દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા. કરાવીને જેમ શિવરાજામાં કહ્યું, તેમ યાવત્ ક્ષત્રિયોને આમંત્ર્યા, આમંત્રીને, ત્યારપછી સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ સત્કાર–સન્માન કર્યા, કરીને તે જ મિત્ર, જ્ઞાતિજન, યાવત્ રાજા, ઈશ્વર યાવત્ ક્ષત્રિયોની આગળ પોતાના પિતામહ, પ્રપિતામહ, પિતાના પ્રપિતામહ આદિથી ચાલી આવતી અનેક પુરુષ પરંપરાથી રૂઢ, કુળને અનુરૂપ, કુલસદૃશ, કુલ સંતાનતંતુ વર્ધનકર, આ આવા પ્રકારનું ગૌણ ગુણ નિષ્પન્ન નામકરણ કર્યું –

જેથી અમારો આ બાળક, બલરાજાનો પુત્ર અને પ્રભાવતી દેવીનો આત્મજ છે, તેથી અમારા આ બાળકનું નામ 'મહાબલ' થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ નામકરણ કર્યું – 'મહાબલ'.

ત્યારે તે મહાબલ બાળક પાંચ ધાત્રીઓ વડે પરિગૃહીત થયો. તે આ – ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડનધાત્રી, અંકધાત્રી. વડે, એ પ્રમાણે રાયપ્પસેણઇય સૂત્રમાં વર્ણિત દૃઢપ્રતિજ્ઞ યાવત્ લાલન પાલન કરાતો સુખે સુખે વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યારે તે મહાબલ બાળકના માતા–પિતા અનુક્રમે સ્થિતિપ્રતિત, ચંદ્ર–સૂર્યદર્શન, જાગરિકા, નામકરણ, ઘુંટણીયે ચાલવુ, પગ વડે ચાલવુ, અન્નપ્રાશન, ગ્રાસવર્દ્ધન, સંભાષણ, કર્ણવેધન, સંવત્સર પ્રતિલેખન, ક્ષૌરકર્મ, ઉપનયન ઇત્યાદિ અન્ય ઘણા ગર્ભાધાન, જન્મ મહોત્સવાદિ કૌતુક કરે છે.

ત્યારે તે મહાબલકુમારના માતા–પિતા તેને સાતિરેક આઠ વર્ષનો જાણીને શોભન એવા તિથિ–કરણ–મુહૂર્ત્તમાં એ પ્રમાણે દૃઢપ્રતિજ્ઞની માફક યાવત્ તે ભોગ સમર્થ થયો.

ત્યારે તે મહાબલકુમાર બાલભાવથી મુક્ત થઈને યાવત્ ભોગ સમર્થ જાણીને, માતા–પિતાએ આઠ પ્રાસાદાવતંસક કરાવ્યા. કરાવીને અભ્યુદ્ગત–ઊંચા–પ્રહસિત એવા, તેનું વર્ણન રાયપ્પસેણઇય માફક કરવું યાવત્ તે પ્રતિરૂપ હતા. તે પ્રાસાદાવતંસકમાં બહુમધ્ય દેશભાગે આવા એક મોટા ભવનને કરાવ્યું, તે અનેક શત સ્તંભ ઉપર રહેલ હતું. તેનું વર્ણન રાયપ્પસેણઇયના પ્રેક્ષાગૃહ મંડપની જેમ કરવું, પ્રતિરૂપ હતું.

### સૂત્ર–૫૨૨

ત્યારપછી મહાબલકુમારના માતા–પિતા અન્ય કોઈ દિવસે તે શુભ તિથિ–કરણ–દિવસ–નક્ષત્ર–મુહૂર્ત્તમાં સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પછી સૌભાગ્યવંતી સ્ત્રીઓ દ્વારા અભ્યંગન, સ્નાન, ગીત, વાજિંત્ર, મંડન, આઠ અંગો પર તિલક, કંકણ, દહીં–અક્ષતાદિ મંગલ, મંગલગીત–માંગલિક કાર્ય કરાયા, ઉત્તમ કૌતુક અને મંગલોપચાર રૂપમાં શાંતિકર્મ કર્યું, પછી સદૃશ, સમાન ત્વચાવાળી, સદૃશ વયવાળી, સદૃશ લાવણ્ય–રૂપ–યૌવન–ગુણોપપેતા–વિનીતા–કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરેલી, સદૃશ રાજકૂળથી અણાયેલી આઠ ઉત્તમ રાજકન્યા સાથે એક દિવસે પાણીગ્રહણ કરાવ્યું.

ત્યારે તે મહાબલ કુમારના માતા–પિતાએ આ આવા પ્રકારનું પ્રીતિદાન આપ્યું – આઠ કોડી હિરણ્ય, આઠ કોડી સુવર્ણ, આઠ શ્રેષ્ઠ મુગટ, આઠ શ્રેષ્ઠ કુંડલયુગલ, શ્રેષ્ઠ એવા આઠ હાર, શ્રેષ્ઠ એવા આઠ અર્ધહાર, શ્રેષ્ઠ એવી

આઠ એકાવલી, એ પ્રમાણે મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, આઠ શ્રેષ્ઠ કડાની જોડી, એ રીતે ત્રુટિતની જોડી, આઠ શ્રેષ્ઠ ક્ષોમ યુગલ, એ રીતે વડગ યુગલ, પટ્ટ યુગલ, દુકુલ યુગલ, આઠ શ્રી–હ્રી–ધૃતિ–કીર્તિ–બુદ્ધિ–લક્ષ્મી દેવીઓ, આઠ નંદ–ભદ્ર–તલ–તલપ્રવર–સર્વરત્નમય નિજક વરભવન કેતુ, આઠ શ્રેષ્ઠ ધ્વજ, આઠ શ્રેષ્ઠ વજ્ર. ૧૦,૦૦૦ ગાયોનું એક એવા આઠ વજ્ર, આઠ શ્રેષ્ઠ નાટક – બત્રીશબદ્ધ નાટક, આઠ શ્રેષ્ઠ અશ્વો, આ બધું રત્નમય જાણવું. શ્રીગૃહપતિરૂપ આઠ શ્રેષ્ઠ હાથી, સર્વરત્નમય, શ્રીગૃહપ્રતિરૂપ એવા શ્રેષ્ઠ આઠ યાન, આઠ શ્રેષ્ઠ યુગ્ય, એ પ્રમાણે શિબિકા, સ્યંદમાનિકા, ગિલ્લિ, થિલ્લિ, આઠ શ્રેષ્ઠ વિકટયાન, આઠ પારિયાનિક રથ, આઠ સંગ્રામિક રથ, આઠ શ્રેષ્ઠ અશ્વો, આઠ શ્રેષ્ઠ હાથી, આઠ શ્રેષ્ઠ ગામો– ૧૦,૦૦૦ કૂળોનું એક ગામ થાય છે. આઠ શ્રેષ્ઠ દાસ, એ પ્રમાણે દાસી, કિંકર, કંચૂકી, વર્ષધર, મહત્તરક, –

આઠ સુવર્ણના અવલંબન દીપ, આઠ રૂપાના અવલંબન દીપ, આઠ સોના–રૂપાના અવલંબન દીપ, આઠ સોનાના ઉત્કંચન દીપ એ પ્રમાણે ત્રણે, આઠ સુવર્ણના થાળ, આઠ રૂપાના થાળ, આઠ સોના–રૂપાના થાળ, આઠ સુવર્ણની પાત્રી આદિ ત્રણ, આઠ સુવર્ણના સ્થાસક આદિ ત્રણ, આઠ સુવર્ણના મલ્લકત્રણ, આઠ સુવર્ણની તલિકા, આઠ સુવર્ણની અવએડક, આઠ સુવર્ણની અવયક્કા, આઠ સુવર્ણના પાદપીઠક, આઠ સુવર્ણની ભિષિકા, આઠ સુવર્ણની કરોટિકા, આઠ સોનાના પલ્યંક, આઠ સુવર્ણની પ્રતિશય્યા, આઠ હંસાસન, આઠ ક્રૌંચાસન, આઠ ગરુડાસન, એ રીતે ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, પક્ષાસન, મગરાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાસન, આઠ તેલસમુદ્ગક. ઇત્યાદિ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું તેમ યાવત્ આઠ સરસવ સમુદ્ગક, આઠ કુબ્જા દાસી આદિ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ આઠ પારસી દાસી, આઠ છત્ર, આઠ છત્રધારી ચેટીકા, આઠ કરોટિકા અને કરોટિકા ધારી ચેટીકા, આઠ ક્ષીરધાત્રી યાવત્ આઠ અંકધાત્રીઓ.

આઠ અંગમર્દિકા, આઠ ઉન્મર્દિકા, આઠ સ્નાન કરાવનારી, આઠ પ્રસાધિકા, આઠ વર્ણકપેસીકા, આઠ ચૂર્ણક–પેસીકા, આઠ કોષ્ઠાગારીકા, આઠ દર્પકારીકા, આઠ ઉપસ્થાપનિકા, આઠ નાટ્ય કરનારી, આઠ કૌટુંબિકિણી, આઠ મહાન સિકીણી, આઠ ભાંડાગારિણી, આઠ તરુણી, આઠ પુષ્પધારિણી, આઠ જલધારિણી, આઠ બલિકારિકા, આઠ શય્યાકારિણી, આઠ અભ્યંતરીક પ્રતિહારિણી, આઠ બાહ્ય પ્રતિહારિણી, આઠ માલાકારિણી, આઠ પ્રેષણકારિણી, બીજુ પણ ઘણુ બધુ–સોનુ, ચાંદી, કાંસુ, વસ્ત્ર, વિપુલ ધન–કનક–યાવત્ સારરૂપ દ્રવ્ય આપ્યું યાવત્ સાત કુલવંશ પેઢી સુધી પ્રકામ દેતા, પ્રકામ ભોગવતા, પ્રકામ પરિભાગ કરતા ખૂટે નહીં.

ત્યારે તે મહાબલકુમાર પ્રત્યેક ભાર્યાને એકએક સુવર્ણ કોટિ આપે છે, એક–એક હિરણ્યકોટિ આપે છે, એક એક શ્રેષ્ઠ મુગટ ઇત્યાદિ આપે છે. એ પ્રમાણે તે બધું જ કહેવું યાવત્ એક એક પ્રેષણકારી આપે છે, બીજું પણ ઘણુ સોનુ, રૂપુ યાવત્ ભાગ પાડતા પણ ન ખૂટે. ત્યારે તે મહાબલ કુમાર ઉપરના પ્રાસાદમાં રહીને જેમ જમાલિમાં કહ્યું તેમ યાવત્ વિચરે છે.

## સૂત્ર–૫૨૩, ૫૨૪

**૫૨૩.** તે કાળે, તે સમયે અરહંત વિમલના પ્રશિષ્ય ધર્મઘોષ નામક અણગાર, જાતિ સંપન્નાદિહતે**,** તેનું વર્ણન કેશીસ્વામીના વર્ણન સમાન કરવું યાવત્ ૫૦૦ અણગાર સાથે સંપરિવૃત્ત થઈને પૂર્વાનુપૂર્વી ચરતા, ગ્રામાનુગ્રામ વિચરતા જ્યાં હસ્તિનાગપુર, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું ત્યા આવ્યા, આવીને અવગ્રહ અવગ્રહ્યો, અવગ્રહીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક વગેરેમાં મુનીવારોના આગમને જાને છે યાવત્ પર્ષદા પર્યુપાસે છે. ત્યારે તે મહાબલકુમારે તે મહાજનશબ્દ કે જનવ્યૂહ એ પ્રમાણે જેમ જમાલિમાં કહ્યું તેમ વિચાર્યુ, તે પ્રમાણે જ કંચૂકી પુરુષોને બોલાવ્યા, કંચૂકીપુરુષો પણ તેમજ કહે છે. વિશેષ આ કે – ધર્મઘોષ અણગારના આગમનનો નિશ્ચય કરીને, બે હાથ જોડી યાવત્ નીકળે છે. એ પ્રમાણે હે દેવાનુપ્રિયો! અરહંત વિમલના પ્રશિષ્ય ધર્મઘોષ નામક અણગાર, બાકી

પૂર્વવત્ યાવત્ તે પણ ઉત્તમ રથથી નીકળે છે. ધર્મકથા જેમ કેશીસ્વામીએ કહી. તે પણ તેમજ માતા–પિતાને પૂછે છે. વિશેષ આ કે – ધર્મઘોષ અણગાર પાસે મુંડ થઈને ઘેરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું તે પ્રમાણે જ વૃત્ત–પ્રતિવૃત્ત છે. વિશેષ એ કે – આ તારી પત્નીઓ વિપુલરાજકુલની બાલિકાઓ છે, કલાકુશલ છે. બાકી પૂર્વવત્ યાવત્ તેઓ અનિચ્છાએ મહાબલકુમારને આમ કહે છે –

હે પુત્ર! અમે એક દિવસને માટે પણ તારી રાજ્યશ્રી જોવા ઇચ્છીએ છીએ. ત્યારે તે મહાબલકુમાર માતા–પિતાના વચન સાંભળીને મૌન રહ્યો. ત્યારે તે બલરાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે. એ પ્રમાણે જેમ શિવભદ્રમાં કહ્યું, તેમજ રાજ્યાભિષેક કહેવો યાવત્ અભિસિંચિત કરે છે. બે હાથ જોડી, જય–વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહે છે – હે પુત્ર! બોલ, અમે શું દઈએ, શું આપીએ, બાકી જમાલિ મુજબ કહેવું યાવત્

ત્યારે મહાબલ અણગારે, ધર્મઘોષ અણગાર પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વ ભણ્યા, ભણીને ચતુર્થભક્ત યાવત્ વિચિત્ર તપોકર્મથી આત્માને ભાવિત કરતા, બહુપ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળે છે, પાળીને માસિકી સંલેખના વડે સાઠ ભક્તોને અનશનથી છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પામીને, કાળ માસે કાળ કરીને ઉપર ચંદ્ર–સૂર્યથી પણ ઉંચે આદિ૦ જેમ અંબડમાં કહ્યું તેમ અહીં કહેવું યાવત્ બ્રહ્મલોક કલ્પે દેવપણે ઉત્પન્ન થયો, ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દશ સાગરોપમ કહેલી છે, ત્યાં મહાબલ મુનિની પણ દશ સાગરોપમ સ્થિતિ કહી છે

હે સુદર્શન! તે મહાબલનો જીવ. તું જ છે, બ્રહ્મલોક કલ્પમાં દશ સાગરોપમ દિવ્ય ભોગોપભોગ ભોગવીને તે દેવલોકથી આયુક્ષય આદિથી અનંતર ચ્યવીને આ જ વાણિજ્યગ્રામ નગરમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો છે.

**૫૨૪.** ત્યારપછી હે સુદર્શન! બાલભાવથી મુક્ત થઈને તું વિજ્ઞ અને પરિણત વયવાળો થયો. યૌવનાવસ્થાને પામીને તથારૂપ સ્થવિરો પાસે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળીને, તે જ ધર્મને ઈચ્છિત, પ્રતિચ્છિત, રુચિકર જાણ્યો. હે સુદર્શન! આ સમયે પણ તું જે કરી રહ્યો છે, તે પણ સારું કરે છે.

તેથી હે સુદર્શન! એમ કહેલ છે – આ પલ્યોપમ, સાગરોપમનો ક્ષય અને અપચય છે. ત્યારપછી તે સુદર્શન શ્રેષ્ઠી શ્રમણ ભગવાન મહાવીર પાસે આ અર્થને સાંભળીને, અવધારીને શુભ અધ્યવસાયથી, શુભ પરિણામથી, વિશુદ્ધયમાન થતી લેશ્યાથી, તદ્ આવરણીય કર્મોના ક્ષયોપશમથી ઈહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા સંજ્ઞીપૂર્વ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, આ અર્થને સમ્યક્રૂપે જાણવા લાગ્યો.

ત્યારપછી તે સુદર્શન શ્રેષ્ઠી શ્રમણ ભગવાન મહાવીર વડે સંભારેલ પૂર્વભવથી તેના હૃદયમાં બમણી શ્રદ્ધા–સંવેગ ઉત્પન્ન થયા. આનંદાશ્રુપૂર્ણ નયનથી શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા, પછી આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આપ જે કહો છો, તે તેમ જ છે, એમ કહી ઈશાન ખૂણામાં ગયો, બાકી ઋષભદત્ત પ્રમાણે જાણવું યાવત્ સર્વ દુઃખનો ક્ષય થયો. વિશેષ એ કે – ચૌદ પૂર્વો ભણ્યા, પ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રમણ પર્યાય પાળ્યો. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

## શતક-૧૧, ઉદ્દેશા-૧૧નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શતક-૧૧, ઉદ્દેશો-૧૨ 'આલભિકા'

### સૂત્ર–૫૨૫ થી ૫૨૮

**૫૨૫.** તે કાળે, તે સમયે આલભિકા નામે નગરી હતી. શંખવન ચૈત્ય હતું.(નગરી અને ચૈત્યનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું) તે આલભિકા નગરીમાં ઋષિભદ્રપુત્ર પ્રમુખ ઘણા શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ આઢ્ય યાવત્ અપરિભૂત હતા. જીવાજીવના જ્ઞાતા હતા, યાવત્ વિચરતા હતા.

ત્યારે તે શ્રાવકો અન્ય કોઈ દિવસે એક સાથે એકત્રિત થઈ બેઠેલા, તે શ્રાવકોમાં પરસ્પર આ આવા પ્રકારનો વાર્તાલાપ થયો. હે આર્યો ! દેવલોકમાં દેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

ત્યારે તે ઋષિભદ્ર શ્રમણોપાસક દેવસ્થિતિનો જ્ઞાતા હતો, તેણે તે શ્રાવકોને આમ કહ્યું – હે આર્યો ! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે, તેના પછી સમયાધિક, દ્વિસમયાધિક યાવત્ દશ સમયાધિક, સંખ્યાત સમયાધિક, અસંખ્યાત સમયાધિક, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ કહી, તેના પછી દેવ કે દેવલોક નથી.

ત્યારે તે શ્રાવકો ઋષિભદ્રપુત્ર શ્રાવકના આ પ્રમાણે આખ્યાનથી યાવત્ આ પ્રરૂપણાથી, આ અર્થની શ્રદ્ધા ન કરી, પ્રતીતિ ન કરી, રુચિ ન કરી. આ અર્થની અશ્રદ્ધા કરતા, અપ્રીતિ કરતા, અરુચિ કરતા જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

**૫૨૬.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે. ત્યારે તે શ્રાવકો આ વૃત્તાંત જાણીને હર્ષિત, તુષ્ટિત આદિ, જેમ 'તુંગિકા' ઉદ્દેશમાં છે તેમ જાણવું યાવત્ પર્યુપાસે છે. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રાવકોને અને તે મોટી પર્ષદાને ધર્મકથા કહી યાવત્ આજ્ઞાના આરાધક થયા.

ત્યારે તે શ્રાવકો શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત–તુષ્ટિત થઈ ઉત્થાનથી ઉઠ્યા, ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું પૂછ્યું–.

ભગવન્ ! એ પ્રમાણે ઋષિભદ્રપુત્ર શ્રાવકે અમને એમ કહ્યું યાવત્ પ્રરૂપ્યુ કે – હે આર્યો ! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે, તેના પછી સમયાધિક યાવત્ પછી દેવ કે દેવલોક નથી. હે ભગવન્ ! આમ કઈ રીતે હોય ? આર્યોને આમંત્રીને શ્રમણ ભગવાન મહાવીરે તે શ્રાવકોને આમ કહ્યું –

હે આર્યો ! જે ઋષિભદ્રપુત્ર શ્રાવકે તમને આ પ્રમાણે કહ્યું છે યાવત્ પ્રરૂપેલ છે – હે આર્યો ! દેવલોકમાં દેવોની જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ કહી છે, તેના પછી સમયાધિક સ્થિતિ કહી૦ યાવત્ તેના પછી દેવો, દેવલોક નથી, આ અર્થ સત્ય છે. હું પણ હે આર્યો ! આમ જ કહું છું યાવત્ પ્રરૂપું છું – હે આર્યો ! દેવલોકમાં દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની સ્થીતિ આદિ પૂર્વવત્ જાણવું, તેના પછી દેવ કે દેવલોક નથી, તે સત્ય છે.

ત્યારપછી તે શ્રાવકો શ્રમણ ભગવંત મહાવીરની પાસે આ અર્થને સાંભળીને, અવધારીને, ભગવન્‌ને વંદન–નમન કરીને જ્યાં ઋષિભદ્રપુત્ર શ્રાવક હતો ત્યાં ગયા, જઈને ઋષિભદ્રપુત્ર શ્રાવકને વંદન–નમસ્કાર કરીને આ અર્થને સારી રીતે વિનયથી વારંવાર ખમાવે છે.

ત્યારપછી શ્રાવકોએ ભગવંતને પ્રશ્નો પૂછ્યા, તેના અર્થો ગ્રહણ કર્યા, કરીને ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, પછી જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા.

**૫૨૭.** ભગવન્ ! એ રીતે આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવન મહાવીરને વાંદી–નમીને આમ પૂછ્યું – હે ભગવન્ ! ઋષિભદ્રપુત્ર શ્રાવક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેવા સમર્થ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

હે ગૌતમ ! ઋષિભદ્રપુત્ર શ્રાવક ઘણા શીલવ્રત–ગુણવ્રત–વેરમણ–પ્રત્યાખ્યાન–પૌષધોપવાસ–યથાપરિગૃહિત તપો કર્મથી આત્માને ભાવિત કરતા, ઘણા વર્ષોનો શ્રાવકપર્યાય પાળશે. પાળીને માસિકી સંલેખના વડે આત્માને ઝોસિત કરી, માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને સમાધિ પામીને, કાળ માસે કાળ કરી, સૌધર્મકલ્પમાં અરુણાભ વિમાને દેવપણે ઉપજશે, ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે, ત્યાં ઋષિભદ્રપુત્ર દેવની પણ ચાર પલ્યોપમ સ્થિતિ થશે.

ભગવન્ ! તે ઋષિભદ્રપુત્ર દેવ તે દેવલોકથી આયુ–ભવ–સ્થિતિનો ક્ષય થતા યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, એમ કહીને ગૌતમ સ્વામી યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે.

**૫૨૮.** ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે આલભિકા નગરીના શંખવન ચૈત્યથી નીકળે છે, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરતા વિચરે છે.

તે કાળે, તે સમયે આલભિકા નામક નગરી – વર્ણન. ત્યાં શંખવન ચૈત્ય હતું – (વર્ણન). તે શંખવન ચૈત્યથી દૂર નહીં, નિકટ નહીં તેવા સ્થાને, પુદ્‌ગલ નામે પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, યાવત્ નયોમાં સુપરિનિષ્ઠિત હતો. નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપોકર્મ વડે, ઉર્ધ્વ હાથ રાખી યાવત્ આતાપના લેતા વિચરે છે.

ત્યારે તે પુદ્‌ગલને છઠ્ઠ–છઠ્ઠના તપથી યાવત્ આતાપના લેતા, પ્રકૃતિભદ્રતાથી શિવરાજર્ષિની જેમ યાવત્ વિભંગ અજ્ઞાન સમુત્પન્ન થયું, તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી બ્રહ્મલોક કલ્પે રહેલ દેવોની સ્થિતિને જાણે છે, જુએ છે

ત્યારે તે પુદ્‌ગલ પરિવ્રાજકને આ–આવા સ્વરૂપનો મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો – મને અતિશય જ્ઞાન–દર્શન સમુત્પન્ન થયા છે, દેવલોકમાં દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ છે, તેની પછી સમયાધિક, દ્વિસમયાધિક યાવત્ ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમયાધિક, ઉત્કૃષ્ટથી દશ સાગરોપમ સ્થિતિ છે, તેની પછી દેવો અને દેવલોક નથી. આ પ્રમાણે વિચારીને આતાપના ભૂમિથી ઉતરે છે, ઉતરીને ત્રિદંડકુંડિકા યાવત્ ધાતુરક્ત વસ્ત્રોને ગ્રહણ કરે છે, કરીને જ્યાં આલભિકા નગરી છે, જ્યાં પરિવ્રાજકોનો મઠ છે, ત્યાં આવે છે, આવીને ભાંડોપગરણ મૂકે છે, પછી આલભિકા નગરીમાં શૃંગાટક યાવત્ માર્ગોમાં એકમેકને આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે –

હે દેવાનુપ્રિયો! મને અતિશય જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયેલ છે. દેવલોકે દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે ઇત્યાદિ પૂર્વવત્. પછી દેવલોક અને દેવ નથી. ત્યારે આલભિકા નગરીમાં આ આલાવાથી જેમ શિવ રાજામાં કહ્યું, તે પ્રમાણે કહેવું યાવત્ તે વાત કેમ માનવી ?

ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. યાવત્ ધર્મશ્રવણ કરીને પર્ષદા પાછી ફરી.

ગૌતમસ્વામી તે પ્રમાણે જ ભિક્ષાચર્યાએ નીકળ્યા, તે પ્રમાણે જ ઘણા લોકોના શબ્દો સાંભળ્યા. તે પ્રમાણે જ ઘણા લોકોના શબ્દો સાંભળીને તે પ્રમાણે જ બધુ કહેવું યાવત્ હે ગૌતમ ! હું વળી આ પ્રમાણે કહું છું, આ પ્રમાણે ભાખુ છું યાવત્ પ્રરૂપું છું કે – દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની કહી છે, તેના પછી સમયાધિક, બે સમયાધિક યાવત્ ઉત્કૃષ્ટથી તેંત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. તેના પછી દેવો અને દેવલોક વિચ્છિન્ન થાય છે અર્થાત્ દેવ–દેવલોક નથી.

ભગવન્ ! સૌધર્મ કલ્પમાં વર્ણ સહિત અને વર્ણરહિત દ્રવ્ય અન્યોન્યબદ્ધ છે ? ઇત્યાદિ પૂર્વવત્ કહેવુ. યાવત્ તેમ જ છે. આ પ્રમાણે જ ઈશાનમાં પણ યાવત્ અચ્યુતમાં કહેવું. આ પ્રમાણે જ ગ્રૈવેયક વિમાનોમાં અને અનુત્તર વિમાનમાં પણ કહેવું. ઈષત્ પ્રાગ્ભારામાં પણ યાવત્ તેમ જ છે.

ત્યારે આલભિકા નગરીના શૃંગાટક, ત્રિક, ઈત્યાદિ બધુ જેમ શિવરાજર્ષિમાં કહ્યું તેમ કહેવું યાવત્ પુદ્‌ગલ અણગાર સર્વ દુઃખોથી મુક્ત થયા. વિશેષ એ – ત્રિદંડકુંડિક યાવત્ ધાતુરક્ત વસ્ત્ર પહેર્યા હતા. વિભંગજ્ઞાન પડી ગયું

આલભિકા નગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે યાવત્ ઉત્તર–પૂર્વ દિશામાં જાય છે, જઈને ત્રિદંડકુંડિક આદિ જેમ સ્કંદકમાં કહ્યું તેમ યાવત્ પ્રવ્રજિત થયો. બાકીનું શિવરાજર્ષિ માફક કહેવું યાવત્ શાશ્વત અને અવ્યાબાધ સુખને અનુભવે છે, સિદ્ધ થાય છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

**શતક-૧૧, ઉદ્દેશા-૧૨નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શતક-૧૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# ભગવતી, અંગસૂત્ર-૫, ભાગ-૧ નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– (1) **www.jainelibrary.org** (2) **deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફૉરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India.** **[Pin- 36**1120**]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૫

# ભગવતી ભાગ-૧

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397